પૂજ્ય આચાર્ય શ્રી નેમિચંદ્રસૂરિજી કૃત

પ્રવચન સારોદ્ધાર

(ગુજરાતી ભાવાનુવાદ)

ભાગ પ્રથમ

: અનુવાદક :

પૂજ્ય આચાર્ય શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

મુનિરાજશ્રી અમિતયશવિજયજી મહારાજ

: સંપાદક :

પૂજ્ય આચાર્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજીના શિષ્યરત્ન

પંન્યાસશ્રી વજસેનવિજયજી ગણિવર્ય

: આર્થિક સહાયક :

શ્રી શિવ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ - શિવ

મુંબઈ-૨૨

ऐं नमः

शिवमस्तु सर्वजगतः

श्री विमलस्वामिने नमः

પ્રવચન સારોદ્ધાર

(ગુજરાતી ભાવાનુવાદ)

ભાગ–૧

: મૂળકર્તા :

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

卐

: ટીકાકાર :

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધસેનસૂરીશ્વરજી મહારાજા.

: ભાષાંતર કર્તા :

પરમ પૂજ્ય મુનિરાજશ્રી અમિતયશવિજયજી મહારાજ.

: સંપાદક :

પરમ પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય

: આર્થિક સહાયક :

શ્રી શિવ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ–શિવ

મું. શિવ, મુંબઈ–૨૨

: પ્રકાશક :

શ્રીમતી જયાબેન દેવસી પોપટ આંકુ
જ્ઞાનમંદિર
૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા પાસે,
શાહીબાગ, અમદાવાદ-૪

કિંમત
રૂ. ૭૫-૦૦

—: અનુવાદક :—

પરમ પૂજ્ય કવિકુલકિરીટ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયવિક્રમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન સરળસ્વભાવી આચાર્યદેવ શ્રીમદ્ વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન વિદ્વાન મુનિરાજ શ્રી અમિતયશવિજયજી મહારાજ

સં. ૨૦૪૯
કારતક સુદ ૧
(નૂતન વર્ષ)

—: સંપાદક—સંમાર્જક :—

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરુ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પરમ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકર-વિજયજી ગણિવર્યશ્રીના શિષ્યરત્ન પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પરમ પૂજ્ય પંન્યાસ શ્રીવજ્રસેનવિજયજી ગણિવર્ય...!!

વીર સં. ૨૫૧૯
તા. ૨૬-૧૦-૧૯૯૨
સોમવાર

卐

: મુદ્રક :

કાંતિલાલ ડી. શાહ
"ભરત પ્રિન્ટરી" ન્યુ માર્કેટ, પાંજરાપોળ,
રીલીફરોડ, અમદાવાદ-૧ ☎ ફોન : ૩૮૭૯૬૪

શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-ભદ્રંકર-મહોદય-પ્રદ્યોતન-કુંદકુંદસૂરીશ્વર સદ્ગુરુભ્યો નમઃ



પરમકૃપાળુ દેવાધિદેવતીર્થંકર પરમાત્માની અસીમ કૃપાદૃષ્ટિનાં પથ પર આપણા જેવા બાળજીવો આવ્યા અને એ કૃપાળુએ તત્ત્વરસધારાનો ધોધ વહેવડાવ્યો. એ તત્ત્વરૂપી ધારાને ઉપકારી ગણધર ભગવંતોએ સૂત્રરૂપે ગૂંથી તે આગમરૂપે ગ્રંથસ્થ કરાયા.

કાળના ઝપાટા લાગતા ક્ષયોપશમ ઉપર અસર થઈ, હવે એ તત્ત્વો બાળજીવો સુધી કેમ પહોંચાડવા ? તે માટે યુગપ્રધાન સમાન આચાર્ય ભગવંતોએ કરુણા કરીને પ્રકરણરૂપે એજ પદાર્થોને તૈયાર કર્યા અને અનેક ઉપકારક ગ્રંથોમાં એક અત્યંત મહત્ત્વનો ગ્રંથ એટલે પ્રવચન સારોદ્ધારની રચના કરી જેમાં ૨૭૬ દ્વારોમાં તત્ત્વોનો ખજાનો ભરી દીધો.

પ. પૂ. સકલાગમરહસ્યવેદી આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજા કે જેઓએ આ ગ્રંથને એવો રૂઢ કરેલો કે જેના બધાજ પદાર્થો હૈયામાં સંગ્રહિત થઈ ગયેલા અને તેથી આગમના રહસ્યોને બાળજીવો સુધી પહોંચાડવા સમર્થ બન્યા હતા. પ. પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા સંયમજીવનનાં ઘડવૈયા પૂજ્ય ગુરુભગવંત પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય તથા પરમ પૂજ્ય તપસ્વી મુનિરાજ શ્રી મહાભદ્રવિજયજી મહારાજ તથા પૂજ્ય ગુરુ ભગવંત આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય સંસારી પિતા મુનિરાજ શ્રી મહાસેનવિજયજી મહારાજની અમીભરી કૃપાદૃષ્ટિથી વર્તમાનમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને ઉપયોગી ગ્રંથોનું પ્રકાશન, અનુવાદન સંપાદન કરવાનું સુલભ બન્યું.

તેમાં વિશેષાવશ્યક ભાષ્ય, ઉત્તરાધ્યયન-લોકપ્રકાશ ૧ થી ૫ ભાગ, લઘુહેમ વ્યાકરણ ૧ થી ૩ ભાગ પ્રકરણ રત્નાવલી, સુલભચરિત્રાણિ, પ્રાકૃત વ્યાકરણ વિગેરેનું પ્રકાશન થતાં ગત વર્ષે સં. ૨૦૪૭માં શાસનરત્ન સુશ્રાવક રજનીભાઈ દેવડી પરિવાર આયોજિત શ્રી શત્રુંજય અભિષેક પ્રસંગે શ્રી સિદ્ધગિરિ જવાનું થયું ત્યારે અનેક સમુદાયોનાં મહાત્મા મળ્યા.

આ પ્રસંગે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયભદ્રસૂરીશ્વરજીમહારાજનાં શિષ્યરત્ન પરમ પૂજ્ય મુનિરાજ **શ્રી જિનચન્દ્રવિજયજી મહારાજ**નાં શિષ્યરત્ન અને **મુનિરાજ શ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ** પણ મળ્યા. તેમની સાથે અવસરે અવસરે ગ્રંથોના પ્રકાશન શુદ્ધિ અંગે વાતચીત થતી તેમાં તેઓએ વાત કરી કે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી **અરૂવિજયસ્થૂલભદ્રસૂરીશ્વરજી મહારાજ**ના શિષ્યરત્ન વિદ્વાન **મુનિરાજ શ્રી અમિતયશવિજયજી મહારાજે** પ્રવચન-સારોદ્ધારનું ભાષાંતર કર્યું છે, તો તેનું સંપાદન આપ કરો તો સારું.

સ્વાધ્યાયના રસથી હા પાડી અને આ ભાષાંતર કરેલ પ્રેસકૉપ્ટર મંગાવ્યું, જોતા લાગ્યું કે મુનિરાજશ્રીએ ભાષાંતર ખૂબ જ સુંદર કર્યું છે. હવે જો એમાં વ્યાકરણ વિષયક તથા શબ્દરચના વગેરેનું સંમાર્જન કરીને ગોઠવવામાં આવે તો ખૂબ જ ગ્રાહ્ય અને ઉપયોગી બને.

મારી નરમ-ગરમ રહેતી તબિયતના કારણે તુરત હિંમત થાય તેમ ન હતી. પણ મારા લઘુગુરુબંધુ **મુનિશ્રી હેમપ્રભવિજયજી**એ કહ્યું કે આપ હા પાડો, "હું પૂરો સહકાર આપીશ. આપની અનુકૂળતા પ્રમાણે બધું ગોઠવાઈ જશે" એટલે જે રીતે સુધારા-વધારા, સંમાર્જના કરવાનું લાગ્યું તે રીતે કરીને શ્લોક-શ્લોકાર્થ-ટીકાર્થ વિગેરે સેટ કર્યા. અને એ રીતે આ ગ્રંથનું કાર્ય પ્રેસમાં પ્રારંભાયું એક વર્ષના ટૂંકા સમયમાં પ્રથમ ભાગ પરિપૂર્ણ થઈ રહ્યો છે.

આ ગ્રંથના અધ્યયન દ્વારા આત્મોપયોગી તત્ત્વોને જાણીને-સમજીને જલ્દીથી શિવસુખનાં ભોક્તા બનીએ એ જ એકની એક અભિલાષા.

પં. વજ્રસેનવિજય.
જૈન ઉપાશ્રય,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર.

વિજયાદશમી
સંવત-૨૦૪૮

જયઉવીર સચ્ચઉરીમંડળ

શ્રીમતે ગોડીપાર્શ્વનાથસ્વામિને નમઃ

પૂજ્યપાદ સિદ્ધિ-વિનય-ભદ્ર-વિલાસ-ઓંકાર-ભદ્રંકરસૂરિભ્યો નમઃ

પ્ર...સ્તા...વ...ના



પ્રવચનસારોદ્ધારગ્રંથ અને એના ઉપર રચાયેલી વિસ્તૃત ટીકા તત્ત્વપ્રકાશિનીનો સંપૂર્ણ અનુવાદ પ્રગટ થતાં તત્ત્વજ્ઞાનપ્રેમી જિજ્ઞાસુઓ માટે પ્રવચનના સારને ગુજરાતી ભાષામાં માણવાની સોનેરી તક ઉપલબ્ધ થઈ છે.

વિ. સં. ૨૦૪૪મા અમદાવાદ મુકામે વિદ્વાન્ મુનિરાજશ્રી અમિતયશવિજયજીને અનુવાદ માટે પ્રેરણા કરી અને તેઓશ્રીએ ઉત્સાહપૂર્વક આ અતિશ્રમસાધ્ય કાર્ય ટુંક સમયમાં પૂર્ણ કર્યું.

અનુવાદને વ્યવસ્થિત સરળ અને પ્રવાહી બનાવવાનું કામ પૂ. પં. શ્રી વજ્રસેન-વિજયજી ગણિવર અને મુનિરાજશ્રી હેમપ્રભવિજયજીએ કર્યું છે.

પ્રવચનસારોદ્ધાર જેવા સટીક ગ્રંથને ગુજરાતી ભાષામાં રજૂ કરવાનું કામ ઘણું કઠીન છે જ. આવા ગ્રંથોનું પદાર્થનિરુપણ જ એવું હોય છે કે એને પ્રાસાદિક ભાષામાં પ્રસ્તુત કરવાનું ઘણું અટપટું બની રહે.

આમ છતાં અનુવાદક-સરુપાદકના પ્રયત્ન દ્વારા આ ગ્રંથ ટીકા સાથે રાખી વાચનારા અભ્યાસીઓ અને ટીકા વિના માત્ર તત્ત્વજ્ઞાન જાણવાના ઇચ્છુક જિજ્ઞાસુઓને ઘણો ઉપકારક બની રહશે એમાં શંકા નથી.

પ્રવચન સારોદ્ધાર :-

— ૧૬૦૦ ગાથાઓ અને ૨૭૬ દ્વારમાં વહેંચાયેલો પ્રવચન-સારોદ્ધાર ગ્રંથ અનેક વિષયોને પોતાનામાં સમાવતો હોવાથી "એંસાઇક્લોપિડિયા ઓફ જૈનિઝમ"ના બિરૂદ માટે સંપૂર્ણ યોગ્યતા ધરાવે છે.

— ગ્રંથમાં આવરી લેવાયેલા વિષયોની અનુક્રમણિકા ઉપર નજર નાંખતા લાગે છે કે, ગાગરમાં સાગર સમાયો છે.

— ચર્ચ્ય વિષયની ગાથાઓ ગ્રંથકારે સ્વયં ન બનાવતા મોટા ભાગે પ્રાચીન આગમાદિ ગ્રંથોમાંથી જ અવતરિત કરી છે.

— પ્રકરણગ્રંથોમાં પ્રવચનસારોદ્ધારનું સ્થાન મોખરે છે. અનેક ગ્રંથોમાં પ્રવચન સારોદ્ધારની સાક્ષીઓ આપવામાં આવી છે.

— જિનરત્નકોશમાં–પ્રવચન સારોદ્ધારનો પરિચય આપતાં વેલણકર લખે છે કે–
It is a detailed exposition of Jain Phyilosophy in 1599 Gathas.

ગ્રન્થકાર

મૂળ ગ્રંથ પ્રવચન સારોદ્ધારના રચયિતા આચાર્ય પ્રવર શ્રી નેમિચન્દ્રસૂરિજી મ. વડગચ્છમાં વિક્રમના બારમા–તેરમા શતકમાં થયા છે.

કુમારપાળના શાસનકાળ દરમિયાન ધોળકામાં વિ. સં. ૧૨૧૬માં તેઓશ્રીએ પ્રાકૃતભાષામાં ૧૨ હજાર શ્લોક પ્રમાણ શ્રી અનન્તજિનચરિતની રચના કરી છે.

શ્રી અનન્તજિનચરિતની પ્રશસ્તિ મુજબ તેઓશ્રીની ગુરુપરંપરા આ પ્રમાણે છે.



ગ્રંથકારશ્રીએ પ્રવચનસારોદ્ધારની રચના પહેલા જીવકુલકની રચના કરેલી. આ કુલકને તેઓશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં ૨૧૪ ક્રમાંકના દ્વારમાં મુક્યું છે.

ઉપદેશમાળાવૃત્તિની પ્રશસ્તિ (પ્રશસ્તિસંગ્રહ પૃ. ૨૬) મુજબ આચાર્ય નેમિચન્દ્ર-સૂરિએ શ્રી અનંતજિનચરિત ઉપરાંત પણ એક ચરિત્રની રચના કરી છે. પણ મળતું નથી.

तत्त्वप्रकाशिनी टीका

નામ પ્રમાણે ગુણ ધરાવતી આ ટીકા તત્ત્વો ઉપર પ્રકાશ ફેંકીને અજ્ઞાન અંધારાને દૂર દૂર ભગાડે છે.

પદાર્થનું વિશ્લેષણ એટલું વિસ્તૃત અને સુગમ બનાવ્યું છે કે સામાન્ય કક્ષાનો વાચક પણ સહેલાઇથી સમજી શકે.

વૃત્તિમાં સ્થળે સ્થળે શાસ્ત્રપાઠો આપીને પોતાની રજૂઆતને સબળ બનાવી છે. આવા સાક્ષી પાઠોની સંખ્યાનો પાંચસો ઉપર પહોંચતો આંક એમની બહુશ્રુતતાનો બોલતો પૂરાવો છે. ગ્રંથોના નામ સાથે અપાયેલા અવતરણોનો આંક ૯૦ ઉપર પહોંચે છે. સ્મૃતિ પણ ગજબની છે !

મૂળગાથાના અર્થને સ્પષ્ટ કરવામાં ટીકાકારશ્રીએ જરા પણ કસર નથી રાખી. શબ્દાર્થ કર્યા પછી જરૂર લાગે ત્યાં इदमत्र हृदयम् કહી ભાવાર્થ પણ આપ્યો છે. કેટલાક સ્થળે ननु કરીને શંકા ઉઠાવી છે અને પછી સમાધાન આપ્યું છે.

મૂળગાથાના પાઠમાં હકીકત ફેર જેવું જણાય. ત્યાં આ સ્થળે આમ પાઠ હોવો જોઇએ એમ પોતાનો અભિપ્રાય આપી શાસ્ત્રના આધારો પણ આપ્યા છે.

પ્રવચનસારોદ્ધાર ઉપરની કુલ પાંચ ટીકાઓમાં તત્ત્વપ્રકાશિની ટીકા સૌથી પ્રાચીન વિસ્તૃત અને સરળ છે. આ ટીકાનો સંપૂર્ણ અનુવાદ અહીં પ્રસ્તુત થઈ રહ્યો છે.

અન્ય ચાર ટીકાઓ

૧.	[1]વિષમપદ વ્યાખ્યા	આ. ઉદયપ્રભસૂરિકૃત	ગ્રંથાગ્ર.	૩૨૦૩
૨.	વિષમપદપર્યાય વ્યાખ્યા	અજ્ઞાન કર્તૃક	ગ્રંથાગ્ર.	૩૩૦૩
૩.	વૃત્તિ	,,		
૪.	બાલાવબોધ	પદ્મમંદિરગણિકૃત.		

ટીકાકાર

મૂળ ગ્રંથની રચના પછી ગણતરીના દશકાઓમાં જ વિક્રમના [2]તેરમા શતકમાં તત્ત્વપ્રકાશિની નામની વિસ્તૃત સરળ અને વિદ્વત્તાપૂર્ણ ટીકાના રચયિતા આ. શ્રી સિદ્ધસેનસૂરિજી ચન્દ્રગચ્છના છે.

---

૧. આ ટીકાનું પ્રકાશન તાજેતરમાં શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ ગોપીપુરા સંઘ સૂરત આચાર્ય ઓંકારસૂરિ આરાધના ભવન સુભાષચોકથી થયું છે.

૨. રચના સંવત कृतिलाभरविसंख्ये विक्रमनृपतिवत्सरे એટલે વિ. સં. ૧૨૪૨, ૧૨૪૮ અથવા ૧૨૭૮માં ટીકાની રચના થઈ છે.

તેઓની ગુરુપરંપરા આ પ્રમાણે છે.

આ. અભયદેવસૂરિ – આ. ધનેશ્વરસૂરિ – આ. અજિતસિંહસૂરિ–આ. વર્ધમાનસૂરિ – શ્રી ચન્દ્રપ્રભમુનિપતિ – આ. ભદ્રેશ્વરસૂરિ – આ. અજિતસિંહસૂરિ – આ. દેવપ્રભસૂરિ – આ. સિદ્ધસેનસૂરિ.

પ્રસ્તુત ટીકામાં જ ગ્રંથકારે પોતાના અન્ય ત્રણ ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. એટલે તેઓશ્રીએ સ્તુતિ [મા–૧/ પ. ૫૪૮] પદ્મપ્રભચરિત્ર [મા–૨ પત્ર ૬૫૦] અને સામાચારી [મા. ૨/પ. ૬૫૦] એ રચ્યાનું નિશ્ચિત છે. પણ તત્ત્વપ્રકાશિની ટીકા સિવાય એમની કોઈ રચના મળતી નથી.

પ્રવચનસારોદ્ધારનું સર્વપ્રથમ પ્રકાશન બાલાવબોધ સાથે પંડિત હીરાલાલ હંસરાજે કરાવેલું. ત્યારપછી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા સૂરત દ્વારા અને ત્યારપછી ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ પિંડવાડા દ્વારા વિ. સં. ૨૦૩૬ અને ૨૦૩૯માં મોટી ટીકા તત્ત્વપ્રકાશિની સાથે પ્રકાશન થયું છે.

આ. શ્રી ઉદયપ્રભસૂરિકૃત વિષમપદ ટિપ્પણ સાથે પ્રવચનસારોદ્ધારનું પ્રકાશન તાજેતરમાં.

પૂ. આ. ભ. ઓંકારસૂરિ આરાધના ભવન સૂરત તરફથી થયું છે.

હમણાં હમણાં સમાચાર મળ્યા છે કે. પ્રવચન–સારોદ્ધારનું હિંદી ભાષાંતર ખરતરગચ્છના વિદુષી સાધ્વીશ્રી હેમપ્રભાશ્રીજીએ કર્યું છે. અને તેમની સંસ્થા તરફથી ટુંક સમયમાં પ્રગટ થનાર છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન સાથે ગુજરાતી ભાષાના જાણકારો માટે તત્ત્વજ્ઞાનનો બહોળો ખુલ્લો થાય છે. સ્વાધ્યાય પ્રેમીઓ લાભ ઉઠાવે.

સાંચોર (સત્યપુર)
જૈન ઉપાશ્રય, તપાવાસ,
શ્રા. સુ. ૬,
વિ. સં. ૨૦૪૮

પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયભદ્રસૂરીશ્વરજી
મહારાજાના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી
જિનચન્દ્રવિજયજી મ. સા. ના શિષ્ય
મુનિ મુનિચન્દ્રવિજય

પ્રવચન સારોદ્ધાર ભાગ–૧

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પ્રજ્ઞા. નં	પૃષ્ઠ
૧.	જિનશાસનની સ્તુતિ	ગાથા	૧
૨.	શ્રી વર્ધમાનસ્વામીની સ્તુતિ	ગાથા	૧
૩.	ભાવમંગલ, અભિધેયાદિ...	૧	૩
૪.	ચૈત્યવંદનાદિ દ્વારોના નામો	૨	૫
૫.	તીર્થંકરોના વર્ણનના ૩૩ દ્વારોના નામો	૪	૬
૬.	અરિહંતોના ચોત્રીસ અતિશયાદિ દ્વારોના નામો	૯	૯
૭.	જિનકલ્પી, સ્થવિરકલ્પી મુનિઓના દ્વારોના નામ	૧૫	૧૦
૮.	પાંચ પ્રકારના ચૈત્યો, પુસ્તકો, દાંડા આદિ દ્વારોનાં નામો	૧૯	૧૧
૯.	સાધુઓના વિહાર, દીક્ષાને અયોગ્ય સ્ત્રી, પુરુષાદિ દ્વારોના નામો	૨૪	૧૩
૧૦.	ગુરુ વિગેરેની વૈયાવચ્ચાદિ દ્વારોના નામ	૩૦	૧૪
૧૧.	જીવોની કુલકોટી, યોનિ આદિ દ્વારોના નામો	૩૬	૧૬
૧૨.	નારકોના આવાસો, વેદના આદિ દ્વારોના નામો	૪૧	૧૭
૧૩.	જીવોની કાયસ્થિતિ આદિ દ્વારોના નામો	૪૩	૧૮
૧૪.	દેવોની સ્થિતિ, ભવનો આદિ દ્વારોના નામો	૪૫	૧૮
૧૫.	આઠ કર્માદિ દ્વારોના નામો	૪૯	૨૦
૧૬.	ગૃહસ્થના વ્રતના ભાંગાદિ દ્વારોના નામો	૫૪	૨૧
૧૭.	તમસ્કાય, છ અનંતાદિ દ્વારોના નામો	૬૦	૨૨
૧૮.	લબ્ધિઓ, આર્ય, અનાર્ય દેશાદિ દ્વારોના નામો	૬૪	૨૩
	ચૈત્યવંદન દ્વાર		
૧૯.	દશત્રિકનું સ્વરૂપ	૬૬	૨૪
૨૦.	નિસિહી ત્રિકનું વર્ણન	૬૭	૨૬
૨૧.	પૂજાત્રિકનું વર્ણન	૬૯	૨૭
૨૨.	અવસ્થાત્રિકનું વર્ણન	૭૦	૨૮
૨૩.	વર્ણ, મુદ્રાદિત્રિકનું વર્ણન	૭૧	૨૯
૨૪.	અવગ્રહ, સંપદા	૭૭	૩૦
૨૫.	પંચમંગલ, ઇરિયાવહિની સંપદા	૭૯	૩૧
૨૬.	નમુત્થુણંની સંપદા	૮૧	૩૨
૨૭.	અરિહંત ચેઈઆણં નામસ્તવ આદિની સંપદા.	૮૨	૩૪
૨૮.	ચૈત્યવંદનના બાર અધિકાર	૮૪	૩૫
૨૯.	કયા અધિકારમાં કયા જિનેશ્વરને વંદન તે બાબત	૮૭	૩૭
૩૦.	સાધુ તથા શ્રાવકને અહોરાત્ર દરમ્યાન કેટલા ચૈત્યવંદન?	૮૯	૩૯
૩૧.	ત્રણ પ્રકારના ચૈત્યવંદન	૯૨	૩૯
	વંદન દ્વાર		
૩૨.	વંદનના કેટલા સ્થાનો	૯૩	૪૧
૩૩.	મુહપત્તી દેહની પડિલેહણા	૯૬	૪૧

ક્રમ	વિષય	શ્લો. નં	પૃષ્ઠ
૩૪.	પચ્ચીસ આવશ્યક	૯૮	૪૨
૩૫.	છ સ્થાન	૯૯	૪૪
૩૬.	વંદનથી થતાં છ ગુણ	૧૦૦	૪૫
૩૭.	વંદનના વિષયમાં ગુરુના છ વચન	૧૦૧	૪૬
૩૮.	વંદનના પાંચ અધિકારી	૧૦૨	૪૭
૩૯.	વંદનના પાંચ અનધિકારીમાં પાસત્થા	૧૦૩	૪૮
૪૦.	અવસન્ન અનધિકારી	૧૦૬	૪૮
૪૧.	કુશીલ અનધિકારી	૧૦૮	૫૦
૪૨.	સંસક્ત અનધિકારી	૧૧૬	૫૨
૪૩.	યથાછંદિક અનધિકારી	૧૨૧	૫૩
૪૪.	વંદન માટે યોગ્ય, અયોગ્યકાળ	૧૨૪	૫૪
૪૫.	ગુરુનો અવગ્રહ તથા વંદનના નામો	૧૨૬	૫૫
૪૬.	વંદનના પાંચ ઉદાહરણ	૧૨૮	૫૬
૪૭.	વંદન કર્મમાં શીતલાચાર્યનું દૃષ્ટાંત	૧૨૮	૫૭
૪૮.	ચિતિકર્મમાં ક્ષુલ્લક આચાર્યનું દૃષ્ટાંત		૫૮
૪૯.	કૃતિકર્મમાં કૃષ્ણમહારાજાનું દૃષ્ટાંત		૫૯
૫૦.	પૂજાકર્મમાં બે સેવકનું ઉદાહરણ		૬૧
૫૧.	વિનયકર્મમાં પાલકનું ઉદાહરણ		૬૧
૫૨.	ગુરુ સંબંધી તેત્રીસ આશાતના	૧૨૯	૬૧
૫૩.	વંદનના દોષ	૧૫૦	૬૭

પ્રતિક્રમણ દ્વાર

૫૪.	દેવસિ પ્રતિક્રમણની વિધિ	૧૭૫	૭૭
૫૫.	રાઈઅ પ્રતિક્રમણની વિધિ	૧૭૭	૭૮
૫૬.	પક્ખિ આદિ ત્રણ પ્રતિક્રમણની વિધિ	૧૮૧	૮૦
૫૭.	પાંચ પ્રતિક્રમણમાં શ્લોક પ્રમાણ કાઉસ્સગ્ગ	૧૮૪	૮૧
૫૮.	દેવસિ આદિ પ્રતિક્રમણમાં ખામણા	૧૮૬	૮૨

પ્રત્યાખ્યાન દ્વાર

૫૯.	દશ પ્રકારે પચ્ચક્ખાણ	૧૮૭	૮૩
૬૦.	અદ્ધા પચ્ચક્ખાણના પ્રકાર	૨૦૨	૮૮
૬૧.	અશન પાનાદિ વિષે	૨૦૭	૯૮
૬૨.	વિશુદ્ધ પચ્ચક્ખાણના કારણો	૨૧૨	૯૯
૬૩.	વિગઇઓના ભેદ	૨૧૮	૧૦૧
૬૪.	દસ વિગઈ વિષે	૨૨૫	૧૦૩
૬૫.	છ વિગઈના પાંચ-પાંચ નીવિયાતા	૨૨૭	૧૦૪
૬૬.	નીવિયાતાનું વિશેષ સ્વરૂપ તથા ઉપયોગ વિષે	૨૩૫	૧૦૬
૬૭.	અનંતકાયના નામો	૨૩૬	૧૦૮
૬૮.	પ્રત્યેક-સાધારણ વનસ્પતિ અંગે	૨૪૨	૧૦૯
૬૯.	૨૨ અભક્ષ્ય	૨૪૫	૧૧૦

કાયોત્સર્ગના દોષ

૭૦.	કાયોત્સર્ગના ૧૯ દોષોના નામો	૨૪૭	૧૧૨
૭૧.	૧૯ દોષોનું વિશેષ વર્ણન	૨૪૯	૧૧૨

ગૃહસ્થના પ્રતિક્રમણના ૧૨૪ અતિચાર

૭૨.	૧૨૪ અતિચાર કેવી રીતે?	૨૬૩	૧૧૬
૭૩.	સંલેખનાના અતિચાર	૨૬૪	૧૧૬
૭૪.	પંદર કર્માદાનના અતિચાર	૨૬૫	૧૧૭
૭૫.	જ્ઞાનાચારના અતિચાર	૨૬૭	૧૨૧
૭૬.	દર્શનાચારના અતિચાર	૨૬૮	૧૨૨
૭૭.	ચારિત્રાચારના અતિચાર	૨૬૯	૧૨૩
૭૮.	તપાચાર તથા વીર્યાચારના અતિચાર	૨૭૦	૧૨૩
૭૯.	અભ્યંતર તપ વિષે		૧૨૮
૮૦.	સમકિતના અતિચાર	૨૭૩	૧૩૨
૮૧.	પ્રથમ વ્રતના અતિચાર	૨૭૪	૧૩૫
૮૨.	બીજા વ્રતના અતિચાર	૨૭૫	૧૩૭

ક્રમ	વિષય	શ્લો.	નં	પૃષ્ઠ
૮૩.	ત્રીજા વ્રતના અતિચાર	૨૭૬		૧૩૯
૮૪.	ચોથા વ્રતના અતિચાર	૨૭૭		૧૪૦
૮૫.	પાંચમા વ્રતના અતિચાર	૨૭૮		૧૪૩
૮૬.	છઠ્ઠા વ્રતના અતિચાર	૨૮૦		૧૪૫
૮૭.	સાતમા વ્રતના અતિચાર	૨૮૧		૧૪૬
૮૮.	આઠમા વ્રતના અતિચાર	૨૮૨		૧૪૮
૮૯.	નવમા વ્રતના અતિચાર	૨૮૩		૧૪૯
૯૦.	દશમા વ્રતના અતિચાર	૨૮૪		૧૫૦
૯૧.	અગ્યારમાં વ્રતના અતિચાર	૨૮૫		૧૫૨
૯૨.	બારમા વ્રતના અતિચાર	૨૮૬		૧૫૩
	તીર્થંકરના નામ			
૯૩.	ભરતક્ષેત્રની અતીત ચોવીશી	૨૮૮		૧૫૪
૯૪.	ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશી	૨૯૧		૧૫૪
૯૫.	ભરતક્ષેત્રની ભાવિ ચોવીશી	૨૯૩		૧૫૫
૯૬.	ઐરવતક્ષેત્રની વર્તમાન ચોવીશી	૨૯૬		૧૫૫
૯૭.	ઐરવતક્ષેત્રની ભાવિ ચોવીશી	૩૦૦		૧૫૬
	ગણધરના નામ			
૯૮.	વર્તમાન ચોવીશીના મુખ્ય ગણધરના નામ	૩૦૪		૧૫૭
	પ્રવર્તિનીના નામ			
૯૯.	મુખ્ય પ્રવર્તિનીના નામ	૩૦૭		૧૫૭
	વીશસ્થાનક			
૧૦૦.	વીશસ્થાનકના નામો	૩૧૦		૧૫૭
૧૦૧.	કેટલાક સ્થાનોની વ્યાખ્યા	૩૧૩		૧૫૯
	તીર્થંકરોના માતા-પિતાના નામો			
૧૦૨.	માતાના નામો	૩૨૦		૧૬૧
૧૦૩.	પિતાના નામો	૩૨૨		૧૬૧
૧૦૪.	માતાપિતાનું કઇ ગતિમા ગમન	૩૨૫		૧૬૨
૧૦૫.	વિચરતા તીર્થંકરો	૩૨૭		૧૬૩
૧૦૬.	જન્મકાલ આશ્રયી તીર્થંકરોની સંખ્યા	૩૨૭		૧૬૩
૧૦૭.	વર્તમાન ચોવીશીના ગણધરોની સંખ્યા	૩૨૮		૧૬૫
૧૦૮.	સાધુઓની સંખ્યા	૩૩૧		૧૬૫
૧૦૯.	સાધ્વીઓની સંખ્યા	૩૩૫		૧૬૬
૧૧૦.	વૈક્રિય લબ્ધિધારી મુનિઓની સંખ્યા	૩૪૦		૧૬૭
૧૧૧	વાદિ મુનિઓની સંખ્યા.	૩૪૪		૧૬૮
૧૧૨	અવધિજ્ઞાની મુનિઓની સંખ્યા.	૩૪૮		૧૬૯
૧૧૩	કેવળજ્ઞાની મુનિઓની સંખ્યા.	૩૫૧		૧૬૯
૧૧૪	મનઃપર્યવજ્ઞાની મુનિઓની સંખ્યા	૩૫૫		૧૭૦
૧૧૫	ચૌદ પૂર્વધર મુનિઓની સંખ્યા.	૩૬૦		૧૭૧
૧૧૬	શ્રાવકની સંખ્યા	૩૬૪		૧૭૨
૧૧૭	શ્રાવિકાની સંખ્યા	૩૬૮		૧૭૩
૧૧૮	તીર્થંકરના યક્ષો	૩૭૩		૧૭૪
૧૧૯	યક્ષિણી	૩૭૫		૧૭૬
૧૨૦	તીર્થંકરોનું દેહમાન	૩૭૭		૧૭૯
૧૨૧	લંછન	૩૭૯		૧૮૦
૧૨૨	વર્ણ	૩૮૧		૧૮૦
૧૨૩	દીક્ષા સમયનો પરિવાર	૩૮૩		૧૮૧
૧૨૪	આયુષ્ય	૩૮૫		૧૮૧
૧૨૫	નિર્વાણ સમયે પરિવાર	૩૮૮		૧૮૨
૧૨૬	નિર્વાણગમન સ્થાન	૩૯૨		૧૮૩
૧૨૭	જિનેશ્વરોના આંતરા	૩૯૩		૧૮૩
૧૨૮	તીર્થંકર-ચક્રવર્તી-વાસુદેવના આયુષ્યાદિનું યંત્ર	૪૦૬		૧૮૭
૧૨૯	તેમાં બીજી ત્રીજી પંક્તિની સ્થાપના	૪૦૮		૧૮૮
૧૩૦	ચોથી પંક્તિની સ્થાપના	૪૧૦		૧૮૮
૧૩૧	પાંચમી પંક્તિની સ્થાપના	૪૧૯		૧૯૦

ક્રમ	વિષય	શ્લો.	નં	પૃષ્ઠ
૧૩૨	તીર્થ વિચ્છેદ	૪૩૦		૧૯૪
૧૩૩	દશ આશાતના	૪૩૨		૧૯૪
૧૩૪	ચોર્યાશી આશાતના	૪૩૩		૧૯૫
૧૩૫	જિનમંદિરમાં કેટલો સમય રહેવાય ?	૪૩૮		૧૯૮
૧૩૬	આઠ મહાપ્રાતિહાર્ય	૪૪૦		૧૯૯
૧૩૭	ચોત્રીશ અતિશય	૪૪૧		૨૦૨
૧૩૮	કર્મક્ષયથી અગ્યાર અતિશય	૪૪૨		૨૦૨
૧૩૯	દેવકૃત ઓગણીશ અતિશય	૪૪૫		૨૦૪
૧૪૦	અઢાર દોષો	૪૫૧		૨૦૭
૧૪૧	અરિહંતના ચાર નિક્ષેપા	૪૫૩		૨૦૮
૧૪૨	જિનેશ્વરોનો દીક્ષા સમયે તપ	૪૫૪		૨૦૮
૧૪૩	જિનેશ્વરોના કેવળજ્ઞાન સમયનો તપ.	૪૫૫		૨૦૮
૧૪૪	જિનેશ્વરોને નિર્વાણ સમયનો તપ	૪૫૬		૨૦૯
૧૪૫	ભાવિ ચોવિશીના જીવો	૪૫૭		૨૦૯
૧૪૬	ત્રણ લોકમાં સિદ્ધ થનારની સંખ્યા	૪૭૧		૨૧૧
૧૪૭	એક સમયમાં સિદ્ધ થનારની સંખ્યા	૪૭૨		૨૧૨
૧૪૮	પંદર પ્રકારે સિદ્ધ	૪૭૩		૨૧૨
૧૪૯	અવગાહનાએ સિદ્ધ	૪૭૫		૨૧૪
૧૫૦	ગૃહિલિંગ–અન્યલિંગ–સ્વલિંગ સિદ્ધની સંખ્યા	૪૭૬		૨૧૫
૧૫૧	સતત સિદ્ધિગમનની સંખ્યા	૪૭૭		૨૧૫
૧૫૨	સ્ત્રી–પુરૂષ–નપુંસકલિંગે સિદ્ધની સંખ્યા	૪૭૯		૨૧૬
૧૫૩	સિદ્ધનું સંસ્થાન	૪૮૨		૨૧૯
૧૫૪	સિદ્ધશિલાનું વર્ણન	૪૮૫		૨૨૦
૧૫૫	સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના	૪૮૭		૨૨૧
૧૫૬	સિદ્ધોની મધ્યમ અવગાહના	૪૮૮		૨૨૧
૧૫૭	સિદ્ધોની જધન્ય અવગાહના	૪૮૯		૨૨૨
૧૫૮	શાશ્વત જિનપ્રતિમાના નામ	૪૯૦		૨૨૨
૧૫૯	જિનકલ્પીઓના ઉપકરણની સંખ્યા	૪૯૧		૨૨૨
૧૬૦	સ્થવિર કલ્પીઓના ઉપકરણની સંખ્યા	૫૦૦		૨૨૫
૧૬૧	પલ્લાનું પ્રમાણ	૫૦૪		૨૨૭
૧૬૨	રજસ્ત્રાણ તથા કપડાનું પ્રમાણ	૫૦૬		૨૨૮
૧૬૩	ઓઘા તથા મુહપત્તીનું પ્રમાણ	૫૦૮		૨૨૮
૧૬૪	માત્રક તથા ચોલપટ્ટાનું પ્રમાણ	૫૧૦		૨૩૦
૧૬૫	સંથારા, ઉત્તરપટ્ટાનું પ્રમાણ	૫૧૩		૨૩૧
૧૬૬	ઓઘો–મુહપત્તી તથા પાત્રનું પ્રયોજન.	૫૧૪		૨૩૨
૧૬૭	કપડા તથા ચોલપટ્ટાનું પ્રયોજન	૫૧૭		૨૩૩
૧૬૮	સ્વયંબુદ્ધ મુનિઓના બોધિ આ.	૫૨૦		૨૩૪
૧૬૯	પ્રત્યેકબુદ્ધ મુનિઓના બોધિ આ.	૫૨૪		૨૩૫
૧૭૦	સાધ્વીજીઓના ઉપકરણ	૫૨૮		૨૩૬
૧૭૧	એક જ વસતિમાં ઉત્કૃષ્ટથી જિન કલ્પીઓની સંખ્યા	૫૩૯		૨૩૯
૧૭૨	જિનકલ્પનું સ્વરૂપ	૫૩૯		૨૪૦
૧૭૩	આચાર્યના છત્રીસ ગુણ	૫૪૦		૨૪૪
૧૭૪	આઠ સંપદાના નામ	૫૪૧		૨૪૪
૧૭૫	તે આઠ સંપદાના ચાર–ચાર ભેદ	૫૪૨		૨૪૪
૧૭૬	બીજી રીતે છત્રીસ ગુણો	૫૪૭		૨૫૦
૧૭૭	વિનયના બાવન ભેદ	૫૪૯		૨૫૩

ચરણ સિત્તરી

૧૭૮	સિત્તેર પ્રકાર કઈ રીતે? તેના નામો	૫૫૧		૨૫૩
૧૭૯	પાંચ વ્રતો વિષે	૫૫૨		૨૫૫
૧૮૦	દશ યતિધર્મ	૫૫૩		૨૫૭
૧૮૧	બે રીતે સંયમના ૧૭ પ્રકાર	૫૫૪		૨૫૮
૧૮૨	દશ પ્રકારે વૈયાવચ્ચ	૫૫૬		૨૬૦
૧૮૩	નવવિધ બ્રહ્મચર્ય	૫૫૭		૨૬૦
૧૮૪	જ્ઞાનાદિ ત્રિક	૫૫૮		૨૬૨
૧૮૫	તપ	૫૫૯		૨૬૨
૧૮૬	ક્રોધાદિ નિગ્રહ	૫૬૧		૨૬૩

ક્રમ	વિષય	શ્લો. નં	પૃષ્ઠ
	કરણ સિત્તરી		
૧૮૭	સિત્તેર ભેદ કઈ રીતે ? તેના નામ	૫૬૨	૨૬૩
૧૮૮	પિંડવિશુદ્ધિના ભેદો	૫૬૩	૨૬૪
૧૮૯	ઉદ્ગમના સોળ દોષો	૫૬૪	૨૬૪
૧૯૦	ઉત્પાદના સોળ દોષો	૫૬૬	૨૭૭
૧૯૧	એષણાના દશ દોષો	૫૬૮	૨૮૭
૧૯૨	પિંડવિશુદ્ધિનો સાર	૫૬૯	૨૯૯
૧૯૩	બીજી રીતે પિંડવિશુદ્ધિના ભેદો	૫૭૦	૩૦૦
૧૯૪	પાંચ સમિતિ	૫૭૧	૩૦૧
૧૯૫	બાર ભાવના	૫૭૨	૩૦૨
૧૯૬	લોકસ્વભાવ ભાવનાનું વિસ્તારથી વર્ણન		૩૦૭
૧૯૭	બાર પ્રતિમાનું સ્વરૂપ	૫૭૪	૩૧૧
૧૯૮	ઈન્દ્રિય નિરોધ	૫૮૯	૩૧૮
૧૯૯	પડિલેહણા	૫૯૦	૩૧૯
૨૦૦	ગુપ્તિ	૫૯૫	૩૨૧
૨૦૧	અભિગ્રહ	૫૯૬	૩૨૨
	જંઘાચારણ-વિદ્યાચારણની ગમન શક્તિ		
૨૦૨	ચારણ એટલે શું ?	૫૯૭	૩૨૩
૨૦૩	જંઘાચારણનું ગમન	૫૯૮	૩૨૪
૨૦૪	વિદ્યાચારણનું ગમન	૬૦૦	૩૨૪
	પરિહાર વિશુદ્ધિ તપ		
૨૦૫	પરિહાર એટલે શું ?	૬૦૨	૩૨૫
૨૦૬	તેના પંદર દ્વારો		૩૨૮
	યથાલંદિક કલ્પ		
૨૦૭	યથાલંદ એટલે શું ?	૬૧૧	૩૩૧
૨૦૮	તેઓનો પરસ્પરનો ભેદ	૬૧૬	૩૩૩
૨૦૯	જિનકલ્પી અને સ્થવિરકલ્પી વચ્ચેનો તફાવત	૬૨૩	૩૩૬
	નિર્યામક મુનિ		
૨૧૦	તેના બાર પદો	૬૨૯	૩૩૮
૨૧૧	પદોનું વિવરણ	૬૩૧	૩૩૯
	પચ્ચીસ શુભ ભાવના		
૨૧૨	પહેલા મહાવ્રતની પાંચ ભાવના	૬૩૬	૩૪૧
૨૧૩	બીજા મહાવ્રતની પાંચ ભાવના	૬૩૭	૩૪૨
૨૧૪	ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના	૬૩૮	૩૪૨
૨૧૫	ચોથા મહાવ્રતની પાંચ ભાવના	૬૩૯	૩૪૩
૨૧૬	પાંચમા મહાવ્રતની પાંચ ભાવના	૬૪૦	૩૪૩
	પચ્ચીસ અશુભ ભાવના		
૨૧૭	મુખ્ય પાંચ પ્રકાર	૬૪૧	૩૪૪
૨૧૮	કંદર્પ ભાવના	૬૪૨	૩૪૫
૨૧૯	દૈવ કિલ્બિષીક ભાવના	૬૪૩	૩૪૬
૨૨૦	આભિયોગિકી ભાવના	૬૪૪	૩૪૭
૨૨૧	આસુરી ભાવના	૬૪૫	૩૪૮
૨૨૨	સંમોહી ભાવના	૬૪૬	૩૪૯
૨૨૩	મહાવ્રતોની સંખ્યા	૬૪૭	૩૫૦
૨૨૪	દિવસમાં કરવાના વંદનની સંખ્યા	૬૪૮	૩૫૧
૨૨૫	ક્ષેત્રોમાં સામાયિક ચારિત્રોની સં.	૬૪૯	૩૫૧
૨૨૬	સ્થિતકલ્પ	૬૫૦	૩૫૨
	અસ્થિત કલ્પ		
૨૨૭	છ ભેદોના નામો	૬૫૧	૩૫૪
૨૨૮	ભેદોનું વિશેષ વર્ણન	૬૫૨	૩૫૪
	ચૈત્યપંચક		
૨૨૯	તેના નામો	૬૫૯	૩૫૮
૨૩૦	તેનું વર્ણન	૬૬૦	૩૫૮
૨૩૧	બીજી રીતે ચૈત્યપંચક	૬૬૨	૩૫૯
	પુસ્તકપંચક		
૨૩૨	તેના નામો	૬૬૪	૩૬૧
૨૩૩	તેનું વર્ણન	૬૬૫	૩૬૧
	દંડપંચક		
૨૩૪	તેના નામો	૬૬૯	૩૬૨
૨૩૫	તેનું વર્ણન	૬૭૦	૩૬૨

ક્રમ	વિષય	શ્લો. નં.	પૃષ્ઠ
૨૩૬	તૃણપંચક	૬૭૫	૩૬૩
૨૩૭	ચર્મપંચક	૬૭૬	૩૬૪
૨૩૮	દુષ્યપંચક	૬૭૭	૩૬૫
	પાંચ પ્રકારના અવગ્રહ		
૨૩૯	તેના પ્રકાર	૬૮૧	૩૬૬
૨૪૦	વિશેષ વર્ણન	૬૮૨	૩૬૬
	બાવીશ પરિષહ		
૨૪૧	તેનું વર્ણન	૬૮૫	૩૬૮
૨૪૨	તેનો કર્મમાં સમવતાર	૬૮૭	૩૭૨
૨૪૩	ગુણસ્થાનકમાં સમવતાર	૬૯૦	૩૭૩
૨૪૪	કાળમાં સમવતાર	૬૯૧	૩૭૪
૨૪૫	સાત પ્રકારની માંડલી	૬૯૨	૩૭૫
૨૪૬	દશ સ્થાનોનો વ્યવચ્છેદ	૬૯૩	૩૭૫
	ક્ષપકશ્રેણી		
૨૪૭	તેનું સ્વરૂપ	૬૯૪	૩૭૬
૨૪૮	દર્શન સપ્તકનો ક્ષય કર્યા પછી કેટલા ભવે મોક્ષ ? અને તે સમ્યગ્દષ્ટિ કહેવાય કે નહીં ?		૩૭૭
૨૪૯	સ્પર્દ્ધક એટલે શું ?		૩૭૯
૨૫૦	લોભની ક્ષપણામાં વિશેષતા	૬૯૮	૩૮૩
	ઉપશમશ્રેણી		
૨૫૧	તેને યોગ્ય કોણ ?	૭૦૦	૩૮૪
૨૫૨	દર્શનત્રિકની ઉપશમના		૩૮૫
૨૫૩	ઉપશાંતમોહીનું પતન		૩૮૭
૨૫૪	અનંતાનુબંધી કષાયનો ઉપશમ	૭૦૧	૩૮૯
૨૫૫	પ્રકૃતિઓના ઉપશમન કરતા આત્મા કયા કયા ગુણસ્થાનકે ?	૭૦૬	૩૯૦
	સ્થંડિલભૂમિનું સ્વરૂપ		
૨૫૬	તેને યોગ્ય દસ પ્રકારની ભૂમિ	૭૦૯	૩૯૦

ક્રમ	વિષય	શ્લો. નં.	પૃષ્ઠ
૨૫૭	અનાપાત અસંલોક		૩૯૧
૨૫૮	આપાત યુક્તની સમજુતી		૩૯૨
૨૫૯	પરપક્ષ અપાત યુક્તની સમજુતી		૩૯૩
૨૬૦	આપાતવાન સંલોકવાન સ્થંડિલ ભૂમિએ જવામાં દોષો		૩૯૪
૨૬૧	તિર્યંચ આપાતયુક્તની સમજુતી		૩૯૫
૨૬૨	સંલોક મનુષ્યનો જ હોય તેની સમજુતી		૩૯૬
૨૬૩	ઉપઘાત, સમભૂમિ વર્ણન		૩૯૮
૨૬૪	દશે પદોના ૧૦૨૪ ભાંગા કેવી રીતે થાય ?		૪૦૦
	ચૌદ પૂર્વના નામો		
૨૬૫	નામો તથા વર્ણન	૭૧૧	૪૦૨
૨૬૬	સમવાયાંગ ટીકા પ્રમાણે	૭૧૮	૪૦૪
	નિર્ગ્રન્થ		
૨૬૭	તેના પ્રકાર	૭૧૯	૪૦૫
૨૬૮	અભ્યન્તર ગ્રન્થિ	૭૨૧	૪૦૫
૨૬૯	બાહ્ય ગ્રન્થિ	૭૨૨	૪૦૬
૨૭૦	પુલાક	૭૨૩	૪૦૬
૨૭૧	બકુશ	૭૨૪	૪૦૭
૨૭૨	કુશીલ	૭૨૫	૪૦૮
૨૭૩	નિર્ગ્રન્થ	૭૨૬	૪૦૯
૨૭૪	સ્નાતક	૭૨૮	૪૧૧
૨૭૫	શ્રમણ પંચક	૭૩૧	૪૧૩
	ગ્રાસેષણા		
૨૭૬	સંયોજના	૭૩૪	૪૧૩
૨૭૭	પ્રમાણ	૭૩૫	૪૧૫
૨૭૮	ધૂમ્ર	૭૩૬	૪૧૬
૨૭૯	ભોજનના કારણો	૭૩૭	૪૧૬
	પાણી-ભોજનની સાત એષણા	૭૩૯	૪૧૮
	,, ભિક્ષાચર્યાનીવિધિ	૭૪૫	૪૨૧

શુદ્ધિ પત્રકે

પૃષ્ઠ	પંક્તિ	શુદ્ધિપાઠ
૧૦	૧૭	સિદ્ધશિલાનું અને સિદ્ધોની અવસ્થિતિનું વર્ણન
૨૯	૮	ઉચ્ચારણ કરે : હે ! ત્રણ જગતના સ્વામિ ! પ્રાણીઓના શરણ ! જિનેશ્વર! આપની કૃપાથી મને શ્રેષ્ઠ વિવેક પ્રાપ્ત થાઓ અને સંસાર ઉપરથી વૈરાગ્ય સંયમમાં રાગ અને ગુણપ્રાપ્તિ સાથે પરોપકારમાં પ્રવૃત્તિવાળો હું બનું.
૪૫	૧૭	આરાધના અક્રિયત્વ એટલે સિધ્ધત્વની પ્રાપ્તિ.
૪૬	૧૬	ઈચ્છાવાળો શિષ્ય ઈચ્છામિ નિસ્સીહીયાએ?
૫૮	૨૩	ગુણસુંદરસૂરિ
૬૨	૨૬	**વિયારગમે**
૬૩	૨૬	તો તેરમી આશા°
૬૪	૨૬	**મણઈટ્ઠં**
૮૯	૧૧	અપ્રાવરણ
૯૮	૨	**સત્થુગમુગ્ગ°**
૯૮	૧૭	**ફણસાઇ**
૯૯	૪	**સાઇંમિ**
૯૯	૬	સરક વિગઈઓ, ખાદિમ આહારમાં પક્વાન્નના અંશરૂપ ગોળધાણી, પાકા ગુંદા વગેરે આવે છે. સ્વાદિમ આહારમાં ગોળ-મધ વગેરે વિગઈઓ આવે છે.
૯૯	૧૩	પચ્ચક્ખાણ લેવાના સમયે પચ્ચ°
૧૦૫	૬	**ઘોલવડાં**
૧૦૫	૧૯	એટલે ઘીનો મેલ
૧૦૫	૨૨	વિસ્યંદન
૧૦૫	૨૪	**તિલ્લકુટ્ટી**
૧૦૬	૨	**વિગઇગયાઇં**
૧૦૬	૭	**તેણ**
૧૦૬	૧૫	પોતિયા. આ પ્રમાણે ૬ વિગઈના પાંચ પાંચ નીવિયાતા ગણુનાં કુલ ત્રીસ નીવિયાતા થયા.
૧૦૮	૧૨	**લહસણં**
૧૦૮	૨૦	**વિરૂહ**
૧૦૮	૨૮	**વિરૂઢ**
૧૦૯	૭	**નિંબગાઇણ**
૧૦૯	૧૧	**°મહીરગં ચ**
૧૦૯	૨૩	**ચુન્નઘણં**
૧૧૦	૧૦	**હિમવિસકરગે ય**
૧૧૦	૨૧	**થાય છે.**
૧૧૦	૩૦	આમાશયનાં
૧૧૨	૨	**વહુ**
૧૧૨	૧૪	ચેષ્ટાકાયોત્સર્ગ
૧૧૨	૧૪	અભિભવકાયોત્સર્ગ
૧૧૩	૧૨	**નિયલિયઓ**
૧૧૩	૨૭	**અબ્ભિંત°**
૧૧૪	૨	**કપ્પં**
૧૧૪	૮	ખલિન
૧૧૪	૧૯	ધુણાવતો
૧૧૪	૨૪	**ગણણટ્ઠં**
૧૧૭	૪	લોકોએ કરેલ પ્રભાવક
૧૧૭	૧૮	અને સંસારમાં સર્વત્ર નિઃસ્પૃહ
૧૧૮	૬	કેદાળા વડે
૧૧૯	૧	શૃંગિક વગેરે
૧૧૯	૭	ધાતકી
૧૨૦	૧૬	તે નિર્લાંછન
૧૨૦	૨૧	અસતીપોષણ
૧૨૨	૧૮	અમૂઢ એટલે સ્વભાવથી
૧૨૩	૬	**વિવરીયયાઇં**
૧૨૬	૧૪	ભિક્ષા માટે આવે.

પૃષ્ઠ	પંક્તિ	શુદ્ધિપાઠ
૧૨૭	૩	ઉત્ક્ષિપ્ત એટલે કે મૂળ વાસણમાંથી લઈ ચમચા વગેરેમાં ઉપાડેલ જે પિંડ. આવા ઉત્ક્ષિપ્તપિંડ માટે ફરે તે ઉત્ક્ષિપ્તચર. નિક્ષિપ્ત એટલે મૂળ વાસણમાંથી લઈને જમવાની થાળીમાં મૂકેલો આહાર. આવા નિક્ષિપ્ત-આહાર માટે ફરે તે નિક્ષિપ્ત ચર.
૧૨૭	૧૧	ત્યાગ કરવો.
૧૨૭	૨૪	આવેલા કષાયના ઉદયને
૧૨૮	૧	ઉદીરણા
૧૨૯	૩	ઊભા રહેલા
૧૨૯	૮	મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાન એમ કુલ પંદરના વિષે
૧૩૧	૩૦	અસંમોહ
૧૩૨	૨૧	અન્યતીર્થિક
૧૩૩	૭	અસંભવ
૧૩૫	૪	વિચ્છેદ કરવો.
૧૩૭	૧૨	વ્રતનો ભંગ
૧૪૨	૯	ંભિલાષ અને અનંગ
૧૪૨	૨૫	વ્રત અપાયા હોય ત્યારે સંભવે છે.
૧૪૪	૭	વ્રીહિ
૧૪૬	૧૬	સચિત્ત હોય
૧૪૭	૨૨	તેવી ઔષધિ
૧૪૯	૧૭	દુષ્પ્રણિધાન
૧૫૧	૪	ભંગની બીકથી
૧૫૧	૭	શબ્દાનુપાત
૧૫૧	૧૫	પુદ્ગલપ્રક્ષેપ
૧૫૨	૬	અપ્રતિલેખિત અપ્રમાર્જિત શય્યા
૧૫૨	૬	દુષ્પ્રતિલેખિત દુષ્પ્રમાર્જિત શય્યા
૧૫૨	૭	અપ્રતિલેખિત અપ્રમાર્જિત સ્થંડિલ
૧૫૨	૮	દુષ્પ્રતિલેખિતદુષ્પ્રમાર્જિત સ્થંડિલ
૧૫૨	૧૧	°પેક્ષિતદુષ્પ્રત્યુપેક્ષિતશય્યા
૧૫૨	૨૩	પાલન ન કરે.
૧૫૩	૬	સચિત્તપિધાન
૧૫૪	૧૮	સર્વાનુભૂતિ (સુતેજસ) ૭.
૧૫૫	૨૯	**बालचंद**
૧૫૮	૬	તપસ્વી એ સાત પર વાત્સલ્ય ૮
૧૬૦	૩૦	અને અનિકાંચિત,
૧૬૭	૬	છ હજાર આનો ભાવાર્થ આ પ્રમાણે
૧૮૨	૨૪	વાસુપૂજ્ય ૬૦૦
૧૮૨	૨૯	મોક્ષમાં ગયા. આવશ્યક ટિપ્પણ [પૃ.૧૯] પ્રમાણે પદ્મપ્રભુ ભ. ૩૨૪ સાથે મોક્ષમાં ગયા. તત્ત્વ કેવલીગમ્ય છે.
૨૦૦	૬	વિશાલ શાલવૃક્ષયુક્ત
૨૦૦	૭	કુંપળો
૨૨૨	૬	**अट्ठेव**
૨૨૮	૧૬	તિરછું રજસ્ત્રાણ વડે પાત્રાને વીંટાળતા પાત્રાના મધ્યભાગથી ચાર આંગળ રજસ્ત્રાણ ઓળંગાય એટલે કે ચાર આંગળ વધારે હોય
૨૨૮	૨૧	લાભ છે, એમ જિનેશ્વરોએ કહ્યું છે.
૨૨૯	૧૨	અસઠં°
૨૩૩	૧૨	રીતે કરે ? ગ્લાનના રક્ષણ માટે વસ્ત્ર ગ્રહણનું વિધાન છે. નહીંતર ઠંડાપવનથી પીડાતો ગ્લાન વધારે ગ્લાન થઈ જાય.

પૃષ્ઠ	પંક્તિ	શુદ્ધિપાઠ
૨૩૭	૧૫	વર્ધાની (દોરીની) જેમ
૨૭૨	૩૨	છે ચાર ઘર વગેરેમાંથી
૨૭૪	૨૦	ઉર્ધ્વઅધો માલાપહૃત
૨૭૬	૬, ૧૧, ૨૮	જડ્ડા
૨૯૦	૭	વગરનો
૨૯૨	૧૦	°નિકાયની
૨૯૭	૩૩	શંકા
૨૯૭	૩	સપ્રત્યપાય
૩૧૩	૨૨	ચતુષ્કમાં
૩૧૪	૯	દુષ્ટ હાથી
૩૧૪	૧૬	વિરોધિને
૩૧૫	૧૪	યાચના
૩૨૨	૧૯	છે. આ પ્રમાણે કરણનું સ્વરૂપ છે.
૩૨૩	૮	૬૮
૩૨૫	૨૭	૬૯
૩૩૧	૧૨	રહિત
૩૪૦	૨૩	અનશન
૩૪૧	૧૮	અજુગુપ્સક
૩૪૨	૨૦	૨ અનુજ્ઞા
૩૪૩	૨૭	જે સદ્
૩૪૪	૧	ગૃદ્ધિને કે
૩૪૫	૫	°જનના એમ કંદર્પ
૩૪૮	૨૬	વિગ્રહશીલ
૩૪૮	૨૯	તરફથી
૩૪૯	૧૪	બીજા દયાપાત્રને
૩૫૬	૧૮	હોવાથી
૩૬૬	૩	બ્રાહ્મણોને
૩૬૯	૫	બીજાએ
૩૬૯	૭	વગેરેના
૩૭૬	૬	૮૯
૩૭૯	૧૯	અશ્વકર્ણકરણાદ્ધા
૩૮૫	૮	નામના
૪૦૪	૧૮	૧૮૦૦૦
૪૧૯	૫	સાધુઓ

નોંધ :-દ્વારસંખ્યામાં ૬૮ થી ૮૬ સુધી + ૧ સમજવું

પ્રવચન સારોદ્ધાર

ભાગ—૧

ગુજરાતી ભાવાનુવાદ

શ્રી પુરુષાદાનીય શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

ઐં નમ

પ્રવચન-સારોદ્ધાર

(ભાવાનુવાદ સહિત)

ભાગ-૧

સન્નદ્ધૈરપિ યત્તમોભિરખિલૈર્ન સ્પૃશ્યતે કુત્રચિત્
ચંચત્કાલકલાભિરપ્યનુકલં યન્નીયતે ન ક્ષયમ્ ।
તેજોભિઃ સ્ફુરિતૈઃ પરૈરપિ હઠાદાક્રમ્યતે યન્નત–
જ્જૈનં સર્વજગત્પ્રકાશનપટુ જ્યોતિઃ પરં નન્દતુ ॥૧॥

ચારે બાજુથી ગાઢ એવા અજ્ઞાનરૂપી અંધકારથી સંપૂર્ણ અસ્પૃશ્ય, ચંચળ (અસ્થિર) કાળની કળામાં પણ અક્ષય, સ્ફુરાયમાન તેજવાળા, અન્ય દર્શનકારો બળાત્કારે પણ જેને આક્રમી શકતા નથી, એવી સમસ્ત જગતને પ્રકાશિત કરવામાં વિચક્ષણ શ્રેષ્ઠ જૈન–જ્યોતિ (જૈનશાસન) આનંદ પામો.

યો ધ્યાનેન નિર્મૂલકાષમકષદ્ દ્વેષાદિવિદ્વેષિણો,
યસ્ત્રૈલોક્યવિલોકનૈકરસિકં જ્યોતિઃ કિમપ્યાતનોત્ ।
યઃ સદ્ભૂતમશેષમર્થમવદત્ દુર્વાદિવિત્રાસકૃ–
દ્દેવાર્ચ્યઃશિવતાતિરસ્તુ સ વિભુઃ શ્રીવર્ધમાનઃ સતામ્ ॥૨॥

ધ્યાન વડે દ્વેષ આદિ શત્રુઓને મૂળમાંથી નાશ કરનાર, ત્રણ જગતને જોવામાં રસિક એવી કેવળજ્ઞાનરૂપી જ્યોતિને સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરનાર, વિદ્યમાન સમસ્ત પદાર્થને કહેનાર, અન્ય દર્શનકારોને ત્રાસ પમાડનાર અને દેવોવડે પૂજિત એવા શ્રીવર્ધમાન વિભુ સજ્જનોને મોક્ષ આપનારા થાઓ.

સ્વગુરુણામાદેશં ચિન્તામણિસોદરં સમાસાદ્ય ।
શ્રેયસ્કૃતે કરોમિ પ્રવચનસારસ્ય વૃત્તિમિમામ્ ॥૩॥

ચિંતામણિ સમાન ગુરુ આજ્ઞા મેળવીને કલ્યાણ માટે પ્રવચન સારોદ્ધારની આ ટીકા હું કરું છું.

શિષ્ટપુરુષો શાસ્ત્ર–પ્રકરણની રચના વિગેરે કોઈ પણ ઇચ્છિત કાર્ય કરતા પહેલા કલ્યાણની ઇચ્છાથી વિશિષ્ટ ઇષ્ટદેવને નમસ્કાર કરવાપૂર્વક જ પ્રવૃત્તિ કરે છે. જો કે કાયાથી પણ કરેલ નમસ્કાર સમસ્ત વિઘ્નોનો નાશક હોવાથી ઇચ્છિત શાસ્ત્ર કે પ્રકરણને

પૂર્ણ કરનારો થાય છે, છતાં પણ શાસ્ત્રની શરૂઆતમાં શાસ્ત્રશ્રવણમાં રસિક શ્રોતાઓ સમસ્ત વિઘ્ન–સમૂહના નાશમાં નિમિત્તરૂપ ઇષ્ટદેવની સ્તવનાપૂર્વક જ પ્રવૃત્તિ કરે, એટલા માટે શ્રોતાઓને પણ ઇષ્ટ દેવતાની સ્તવના વિષયક બુદ્ધિ પ્રગટાવવા પ્રથમ ઇષ્ટદેવ સ્તવરૂપ મંગળ કહે છે.

કોઈપણ શાસ્ત્ર અથવા પ્રકરણ કરવાની ઇચ્છા કરીએ, તેમાં બુદ્ધિમાનોની પ્રવૃત્તિ કરાવવા માટે શરૂઆતમાં અભિધેય (વિષય) પણ કહેવો જોઈએ. જો વિષય ન કહેવાય તો આ શાસ્ત્રમાં અથવા પ્રકરણ વિગેરેમાં શું વિષય હશે? એમ શંકા થવાથી તે શાસ્ત્રમાં પ્રવૃત્તિ ન કરે અને કહે કે–આ શાસ્ત્ર કે પ્રકરણનો આરંભ કાગડાના દાંતની પરીક્ષાની જેમ ન કરવો કારણ કે તે વિષયશૂન્ય છે.

કહ્યું છે કે–'અભિધેયની (વિષયની) જિજ્ઞાસા વિગેરેથી પ્રેરાયેલા પુરુષો શાસ્ત્રની શરૂઆતમાં ઉપકારક અભિધેય (વિષય) સાંભળીને શ્રવણ વિગેરેની પ્રવૃત્તિમાં જોડાય છે. વિચારક પુરુષો અભિધેય સાંભળ્યા વગર કે વિપરીત સાંભળીને કાગડાનાં દાંતની પરીક્ષાની જેમ કદી પણ શ્રવણ વિગેરેમાં પ્રવૃત્તિ કરતા નથી.'

અભિધેય કહેવા છતાં પણ પ્રયોજન સાંભળ્યા વગર બુદ્ધિમાનો ગ્રંથ શ્રવણાદિમાં પ્રવૃત્તિ કે આદર કરતા નથી. કેમકે એમ કરવાથી તે બુદ્ધિશાળી ન કહેવાય. કહ્યું છે કે–મૂર્ખ પણ પ્રયોજન વગર કોઈપણ પ્રવૃત્તિ કરતો નથી. જો એમને એમ પ્રવૃત્તિ થતી હોય, તો આ બુદ્ધિનો ઉપયોગ શું? પ્રયોજન શૂન્ય હોવાથી જેમ કાંટાળી ડાળી મરડવી અર્થ–વિહીન છે, તેમ આ શાસ્ત્રનો આરંભ કરવો તે અર્થ–વિહીન છે.

તેથી શાસ્ત્ર–પ્રકરણ વિગેરેનો પ્રારંભ નિષ્ફળ ન જાય માટે પ્રયોજન પણ કહેવું જરૂરી છે. પ્રયોજન બતાવવા છતાં પણ બુદ્ધિમાનો પરંપરાથી 'આ શાસ્ત્ર સર્વજ્ઞમૂલક છે' એમ જાણ્યા વગર અતીન્દ્રિય પદાર્થના સમૂહને જણાવનાર શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરતા નથી અને બીજાને કહે કે–સંબંધ રહિત હોવાથી આ શાસ્ત્રનો કાલ્પનિક શાસ્ત્રની જેમ પ્રારંભ ન કરવો. એટલે તેઓને પણ આ શાસ્ત્ર સર્વજ્ઞ પ્રણીત છે એમ જાણીને પ્રકરણ વિગેરેની પ્રવૃત્તિમાં વિશિષ્ટ આદર થાય, તે માટે ગુરુપરંપરારૂપ સંબંધ પણ કહેવો.

એમ વિચારીને બુદ્ધિમાનોની શાસ્ત્રપ્રવૃત્તિ માટે અને અન્ય દર્શનકારોએ બતાવેલા અસિદ્ધતાદિ દોષો દૂર કરવા આ મંગલાચરણરૂપ પહેલી ગાથા કહે છે...

नमिऊण जुगाइजिणं वोच्छं भव्वाण जाणणनिमित्तं ।
पवयणसारुद्धारं गुरुवएसा समासेण ॥१॥

યુગાદિ જિનને નમસ્કાર કરી ભવ્યજીવોના જ્ઞાન માટે ગુરુના ઉપદેશાનુ સારે સંક્ષેપમાં પ્રવચનસારોદ્ધાર કહીશ...

પૂર્વપક્ષ :–અહિં અનિત્યતાવાદી બૌદ્ધો કહે છે કે આ તમારું કથન ઘરમાં ગાજવા જેવું છે. હકીકત વિચારતાં શબ્દ અને અર્થ વચ્ચે કોઈ સંબંધ અસ્તિત્વ ધરાવતો હોય તેમ લાગતું નથી.

કારણ કે–સંબંધ બે પ્રકારે છે. (૧) તાદાત્મ્યરૂપ અને (૨) તદુત્પત્તિરૂપ. તેમાં શબ્દ અને અર્થનો તાદાત્મ્યરૂપ સંબંધ ઘટતો નથી. તાદાત્મ્ય સંબંધે શબ્દ એ જ અર્થ છે અને અર્થ એ જ શબ્દરૂપે થાય છે. આ સંબંધાનુસારે લાડુ શબ્દ બોલવાથી મોઢું લાડુ વડે ભરાવું જોઇએ અને છરી શબ્દ બોલવાથી મોઢું કપાવું જોઇએ. પરંતુ તે પ્રમાણે બનતું ન હોવાથી શબ્દ અને અર્થનો તાદાત્મ્ય સંબંધ ઘટતો નથી.

એ પ્રમાણે તદુત્પત્તિરૂપ સંબંધ પણ બેસતો નથી. શબ્દથી અર્થ ઉત્પન્ન થાય છે કે અર્થથી શબ્દ ઉત્પન્ન થાય છે? તેમાં શબ્દથી અર્થ (પદાર્થ) ઉત્પન્ન થતો નથી. કેમકે ઘડા વિગેરે અર્થ (પદાર્થ) માટીમાંથી ઉત્પન્ન થતા દેખાય છે. જો શબ્દમાંથી ઘડા વિગેરે પદાર્થ ઉત્પન્ન થતા હોત, તો કુંભાર માટી ખુંદવા આદિનું કષ્ટ ન લે.

અર્થ (પદાર્થ)થી શબ્દની ઉત્પત્તિ પણ દેખાતી નથી, પણ પુરુષના પ્રયત્નપૂર્વક તાળવું, હોઠ, દાંત વિગેરેથી શબ્દોત્પત્તિ દેખાય છે. માટે શબ્દ–અર્થનો તાદાત્મ્ય કે તદુત્પત્તિરૂપ બંનેમાંથી એકપણ સંબંધ બેસતો ન હોવાથી આદિ વાક્યરૂપ અભિધેયાદિ નિરર્થક થાય છે.

ઉત્તરપક્ષ :–તત્ત્વને નહિં જાણતા એવા તમે ગળું શોષવારૂપ કષ્ટ અનુભવવાથી આત્માને નિરર્થક કદર્થના કરી છે. કારણ કે અમે શબ્દનો કે અર્થનો તાદાત્મ્ય કે તદુત્પત્તિરૂપ સંબંધ માનતા નથી. પરંતુ સર્વવિદ્ગવદ્માન્ય વાચ્યવાચક ભાવ રૂપ જ સંબંધ માનીએ છીએ તેમાં કોઇ પણ વિરોધ આવતો નથી. જો શબ્દની પ્રમાણતા ન સ્વીકારાય તો શબ્દ પ્રમાણમૂલક સમસ્ત વ્યવહારનો નાશ થાય છે.

કહ્યું છે કે–

જે જ્ઞાનમાં લૌકિક વ્યવહાર ન રહે તે જ્ઞાન પણ વ્યામોહનું કારણ થાય છે, અહિં ઘણું કહેવાનું છે પણ ગ્રંથ વિસ્તારના ભયથી કહેતા નથી...

અવસર્પિણી કાળરૂપ યુગમાં પ્રથમ તથા રાગ–દ્વેષરૂપ દુર્જય શત્રુને જીતનારા હોવાથી જિન, એવા યુગાદિજિન શ્રી ઋષભદેવસ્વામીને નમીને, વિશેષ્ય ન કહેવાયું હોય તો પણ પ્રૌઢ વિશેષણથી વિશેષ્યનું જ્ઞાન થાય છે. જેમકે ' ध्यानैकतानमनसो विगत-प्रचाराः पश्यन्ति यं कमपि निर्मलमद्वितीयम् ' આ વાક્યમાં ध्यानैकतानमनसः विगतप्रचाराः એ સમર્થ વિશેષણથી ' યોગીઓ ' એ વિશેષ્ય ન કહેવાયેલ હોવા છતાં પણ જણાઈ આવે છે, તેમ અહિં પણ ' युगादिजिनं ' વિશેષણથી ઋષભદેવ એ વિશેષ્ય જણાઈ આવે છે.

પોતાના નિર્મલ ગુણ–સમૂહના મહિમાથી સિદ્ધિગમન જવાને યોગ્ય એવા ભવ્ય-જીવોના જ્ઞાન માટે દ્વાદશાંગીરૂપ પ્રવચનના સારભૂત કેટલાક મુખ્ય પદાર્થોના ઉદ્ધારરૂપ પ્રવચન સારોદ્ધાર નામનો ગ્રંથ ગુરુપદેશાનુસાર સંક્ષેપમાં કહીશ.

"नमिऊण" પદ વડે વિવક્ષિત શાસ્ત્રની શરૂઆતમાં યુગાદિદેવને નમસ્કાર કરીને સકલ કલ્યાણના મૂળરૂપ ભાવ–મંગલ કર્યું. "पवयणसारुद्धारं" પદ વડે અભિધેય (વિષય) કહ્યો. "भव्वाण जाणण निमित्तं" પદવડે પ્રયોજન કહ્યું.

પ્રયોજન બે પ્રકારનું છે. (૧) પ્રકરણકારનું અને (૨) શ્રોતાઓનું. અને તે બંને પણ બે પ્રકારે છે. (૧) પરંપર (૨) અનંતર. તેમાં પ્રકરણકારનું અનંતર પ્રયોજન પ્રવચનના સારરૂપ પદાર્થોનો ઉદ્ધાર કરીને પ્રાણીઓ પર ઉપકાર કરવો. અને પરંપર પ્રયોજન પરમપદની પ્રાપ્તિરૂપ છે. પરમપદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ભવ્ય પ્રાણીઓ ઉપર ઉપકાર કરનારને નિર્મળ સુખના સમૂહરૂપ વિશાળ સામ્રાજ્ય, સહજ સુંદર રમણી-વર્ગના વૈભવથી શોભતા સ્વર્ગસુખ વિગેરેની પ્રાપ્તિ થાય જ છે. કહ્યું છે કે–' જે સર્વજ્ઞોક્ત ઉપદેશ વડે દુઃખથી તપેલા પ્રાણીઓ ઉપર ઉપકાર કરે છે, તે થોડા જ સમયમાં મોક્ષને પ્રાપ્ત કરે છે.'

શ્રોતાઓને અનંતર પ્રયોજન પ્રવચનના સારરૂપ કેટલાક પદાર્થોનું યથાર્થ જ્ઞાન. અને પરંપર પ્રયોજન તેઓને પણ પરમપદ (મોક્ષ)ની પ્રાપ્તિ જ છે. તે આ પ્રમાણે :– યથાવત્ પ્રવચનના સારરૂપ કેટલાક પદાર્થોના જ્ઞાનવાળો, સ્વાભાવિક રીતે અસાર એવા સંસારથી વૈરાગ્ય પામીને પરમપદની પ્રાપ્તિ માટે અદ્વિતીય પ્રયત્ન આચરે છે. તેથી સમસ્ત કલ્યાણકારક મોક્ષ પામે છે. કહ્યું છે કે :–

સમ્યગ્ ભાવના–જ્ઞાનથી સંસારથી વિરક્ત થયેલા જીવો ક્રિયામાં રૂચિવાળા થઈ નિરાબાધપણે પરમગતિરૂપ મોક્ષને પામે છે.

સંબંધ બે પ્રકારે છે. (૧) ઉપાયોપેયરૂપ અને (૨) ગુરુપરંપરારૂપ.

તેમાં પહેલો સંબંધ તર્કાનુસારીઓ માટે છે, તે આ પ્રમાણે :–વચનરૂપે પ્રાપ્ત થયેલ આ શાસ્ત્ર ઉપાય છે અને આ શાસ્ત્રના પદાર્થોનું સમ્યગ્ પરિજ્ઞાન અથવા મોક્ષપદ–એ ઉપેય છે. પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ પણ તે જ્ઞાનથી જ થાય છે.

શ્રદ્ધાનુસારીઓ માટે ગુરુપરંપરારૂપ બીજો સંબંધ છે. તે આ પ્રમાણે :–પ્રચંડ કિરણોના સમુદાયથી અતિ દેદીપ્યમાન, મનોહર કેવળજ્ઞાનના પ્રકાશથી અતિ ઘનઘોર અને વિસ્તૃત અજ્ઞાનરૂપી ઘાતીકર્મના વાદળાનો તિરસ્કાર કરનાર, પ્રચંડ ધગધગતા અગ્નિ સમાન શુભધ્યાનથી ઘાતીકર્મોનો નાશ કરી સમસ્ત જીવાજીવાદિ પદાર્થોને યથાવસ્થિત જણાવનાર, અદ્વિતીય કેવળજ્ઞાનરૂપ પ્રકાશ પ્રગટ કરીને દેવપુરીથી પણ ચડીયાતી વિશુદ્ધ સમૃદ્ધિના સમૂહને તિરસ્કાર કરનારી અપાપાનગરીમાં સમસ્ત લોકની આંખોને અત્યંત આનંદોત્સવ કરાવનાર, અનુપમ ત્રણ ગઢથી શોભિત સમવસરણ વચ્ચે રહેલ, વિવિધ પ્રકારના રત્નોથી જડેલ સિંહાસન પર બેસીને વિશિષ્ટ મહાપ્રાતિહાર્ય વિગેરે પરમાર્હન્ત્ય સમૃદ્ધિ સૂચકમહિમાવાળા, શ્રી મહાવીરસ્વામીજી ભગવંતે દેવ, દાનવ, કિન્નર અને મનુષ્યના સ્વામિઓના સમુદાયયુક્ત સભામાં પ્રવચનના સારભૂત સર્વ પદાર્થો અર્થથી પ્રરૂપ્યા.

તે પછી પ્રવચનના અધિપતિ શ્રી સુધર્માસ્વામિએ તે અર્થોને સૂત્રરૂપે ગુંથ્યા. કહ્યું છે કે–

"અરિહંતો અર્થ કહે છે અને ગણધરો સૂત્ર ગૂંથે છે."

તે પછી જંબૂસ્વામિ, પ્રભવસ્વામિ, સ્વયંભવસૂરિજી, યશોભદ્રસૂરિજી, સંભૂતિ-વિજયજી, ભદ્રબાહુસ્વામિ, સ્થૂલભદ્રસ્વામિ, મહાગિરિજી, સુહસ્તિસૂરિજી, ઉમાસ્વાતિ, શ્યામાચાર્ય વિગેરે આચાર્યોએ સ્વરચિત સૂત્રોમાં વિસ્તારથી ગૂંથેલા અને ભવ્યજીવો આગળ પ્રકાશિત કરેલા પદાર્થો અહિં સુધી લવાયા છે.

પરોપકાર કરવો તે મહાન ધર્મ છે. આ બાબતમાં તત્ત્વજ્ઞવાદીઓને કોઈપણ વિવાદ નથી. વર્તમાનકાલિન મંદબુદ્ધિવાળા જીવોના જ્ઞાન માટે તે સૂત્ર ગ્રંથોમાંથી સંક્ષેપ કરીને આ પ્રકરણમાં પરોપકાર–રસિક અંતઃકરણવાળા પૂર્વકાલિન શ્રુતધરોએ બનાવેલા પદાર્થોનો હું સૂત્રાનુસારે ઉદ્ધાર કરું છું.

આ પ્રમાણે ગુરુપરંપરા હોવાથી આ સૂત્ર (પ્રકરણ) અર્થથી સર્વજ્ઞમૂલક છે. પરંતુ આમાં મારી મૌલિક રચના કશી નથી અને નવું રચતો પણ નથી. માટે નિર્મળ બુદ્ધિવાળા ભવ્ય જીવોને આ પ્રકરણ ઉપાદેય થાય છે.

હવે પ્રવચનના સારરૂપ જે પદાર્થો કહેવાના છે, તે પદાર્થોના વિષયરૂપ ૨૭૬ દ્વારો સારી રીતે જાણી શકાય માટે ૬૪ ગાથા દ્વારા તે દ્વારો કહે છે. ૧

चिइवंदण–वंदणयं पडिक्कमणं पच्चखाणमुस्सग्गो ।
चउवीसमहियसयं गिहिपडिक्कमाइयाराणं ॥२॥

ચૈત્યવંદન, વંદન, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કાયોત્સર્ગ અને ગૃહસ્થના પ્રતિક્રમણના એકસોચોવીસ અતિચારો.

[૧] ચૈત્યવંદન દ્વાર :–

સર્વ કલ્યાણના મૂળરૂપપહેલું ચૈત્યવંદન દ્વાર. ચિત્તનો જે ભાવ અથવા જે ક્રિયા તે ચૈત્ય.[૧]

ચૈત્યો એટલે જિનપ્રતિમાઓ. ચંદ્રકાન્તમણિ, સૂર્યકાન્તમણિ, મરકતમણિ, મોતી, પાષાણ વિગેરેથી બનાવેલ પ્રતિમાઓ પણ ચિત્તના ભાવવડે કે ક્રિયાવડે સાક્ષાત્ તીર્થંકરપણાની બુદ્ધિને ઉત્પન્ન કરતી હોવાથી ચૈત્ય તરીકે કહેવાય છે. તે પ્રતિમાઓને જે વંદન એટલે મન–વચન–કાયાના પ્રણિધાનપૂર્વકની સ્તવના તે ચૈત્યવંદના, આ દ્વારમાં તેની વિધિ કહેવાશે.

[૨] વંદન દ્વાર :–

જેનાવડે પૂજ્ય ગુરુવર્યોને વંદાય તે વંદન. આ દ્વારમાં વંદનની વિધિ કહેવાશે.

---

૧ "**वर्णदृढादिभ्यः ष्यञ्**" આ સૂત્ર (પા. ૫–૧–૧૨૬) અનુસારે **ष्यञ्** પ્રત્યય લાગવાથી ચિત્ શબ્દથી ચૈત્ય શબ્દ થયો છે.

[૩] પ્રતિક્રમણ દ્વાર :-

પ્રતિ એટલે સામું અથવા પ્રતિકૂળ. ક્રમ એટલે જવું. અર્થાત્ સામા કે પાછા જવું તે પ્રતિક્રમણ. આ દ્વારમાં તેની વિધિ કહેવાશે.

[૪] પ્રત્યાખ્યાન દ્વાર :-

વિવક્ષિત કાલ પ્રમાણની મર્યાદાપૂર્વક પોતાની ઇચ્છાઓને પ્રતિકૂલ થવું, એટલે પોતાની ઇચ્છાને રોકવા જે કથન કરવું, તે પ્રત્યાખ્યાન. તેનું સ્વરૂપ કહેવાશે. પચ્ચક્ખાણ, તે મૂલગુણ અને ઉત્તરગુણ રૂપ છે.

[૫] કાયોત્સર્ગ દ્વાર :-

[૧]ઉત્સર્ગ એટલે ત્યાગ કરવો. જેમાં શ્વાસોશ્વાસ વિગેરે આગારો અને સ્થાન, મૌન, ધ્યાન સિવાયની ક્રિયાના ત્યાગપૂર્વક કાયાનો જે ત્યાગ, તે કાયોત્સર્ગ કહેવાય છે. આ દ્વારમાં તેની વિધિ કહેવાશે.

[૬] એકસો ચોવીશ અતિચાર દ્વાર :-

ગૃહસ્થ સંબંધી પ્રતિક્રમણના એકસોચોવીશ અતિચારોનું વર્ણન આ દ્વારમાં કહેવાશે...૨

भरहंमि भूयसंपइभविस्सतित्थंकराण नामाइं ।
एरवयं मिवि ताइं जिणाण संपइभविस्साणं ॥३॥

[૭] તીર્થંકરોના નામ :-

ભરતક્ષેત્રમાં ભૂતકાળ તથા વર્તમાનકાળમાં થયેલા અને ભવિષ્યકાળમાં થનારા તીર્થંકરના નામો કહેવાશે. તથા ઐરવતક્ષેત્રમાં વર્તમાનમાં અને ભવિષ્યમાં થનારા તીર્થંકરોના નામ કહેવાશે. પણ ભૂતકાળમાં થયેલા નહીં...૩

उसहाइजिणिंदाणं आइमगणहरपवित्तिणीनामा ।
अरिहंतऽज्जणठाणा जिणजणणीजणयनामगई ॥४॥

ઋષભ વિગેરે જિનેશ્વરોના પ્રથમ ગણધર, પ્રવર્તિનીના નામો, તીર્થંકરપદ પ્રાપ્તિના કારણો, તીર્થંકરના માતા-પિતાના નામો અને તેમનું કઇ ગતિમાં ગમન.

(૮) ગણધરોના નામ :-

ઋષભદેવ વિગેરે ચોવીસ જિનેશ્વરોના પ્રથમ ગણધરોના નામો.

(૯) પ્રવર્તિનીના નામ :-

૨૪ તીર્થંકરોની પ્રથમ પ્રવર્તિનીના નામો,

---

૧ કોઇપણ પદના એક ભાગથી આખું પદ જણાય છે જેમકે ભામા કહેવાથી સત્યભામા જણાઈ આવે છે. તેમ અહિં ઉત્સર્ગ પદથી કાયોત્સર્ગ પદ જાણવું.

(૧૦) વિશસ્થાનક :–

તીર્થંકરપદ ઉપાર્જનમાં કારણભૂત વિશસ્થાનકોનું વર્ણન.

(૧૧) તીર્થંકરોના માતા–પિતાના નામો.

(૧૨) માતા–પિતાનું કઈ ગતિમાં ગમન.

उक्किट्ठजहण्णेहिं संखा विहरंततित्थनाहाणं ।
जम्मसमएऽवि संखा उक्किट्ठजहण्णिया तेसिं ॥५॥

(૧૩) વિચરતા તીર્થંકરો :–

ઉત્કૃષ્ટ અને જઘન્યથી વિચરતા તીર્થંકરોની સંખ્યા, (ઉત્કૃષ્ટથી વિહરમાન તીર્થંકરો કેટલા હોય તેમજ જઘન્યથી કેટલા હોય? તેનું વર્ણન.)

(૧૪) જન્મકાલ આશ્રયિ તીર્થંકરોની સંખ્યા :–

જન્મકાલને આશ્રયિને પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી કેટલા જિનેશ્વર હોય તેની સંખ્યા. ૫. (એટલે કે એકી સાથે કર્મભૂમિમાં ઉત્કૃષ્ટથી અને જઘન્યથી કેટલા તીર્થંકરો જન્મે તેનું વર્ણન)

जिणगणहर मुणि समणी, वेउव्विय वाइ अवहि केवलिणो ।
मणनाणि चउदसपुव्वि, सड्ढ–सड्ढीण संखा उ ॥६॥

તીર્થંકરોના ગણધર, મુનિ, સાધ્વી, વૈક્રિયમુનિ, વાદિમુનિ, અવધિજ્ઞાનીમુનિ, કેવલજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, ચૌદપૂર્વી, શ્રાવક, શ્રાવિકાઓની સંખ્યા કહેવાશે.

(૧૫) ઋષભદેવ વિગેરે દરેક તીર્થંકરોના ગણધરોની સંખ્યા.

(૧૬) સાધુઓની સંખ્યા.

(૧૭) સાધ્વીઓની સંખ્યા.

(૧૮) વૈક્રિયલબ્ધિધારી મુનિઓની સંખ્યા.

(૧૯) વાદિઓની સંખ્યા

દેવ–દાનવોથી પણ ન જીતાય એવા વાદિઓ.

(૨૦) અવધિજ્ઞાનિની સંખ્યા.

---

૧. પ્રાકૃતશૈલીથી ષષ્ઠી બહુવચનનો લોપ કર્યો હોવાથી જિન શબ્દ વાપર્યો છે. પરંતુ જિનેશ્વરો સંબંધી એટલે તેમના ગણધરો, સાધ્વીઓ, વૈક્રિયમુનિઓ, વાદિમુનિઓ, અવધિજ્ઞાનીમુનિઓ, કેવલજ્ઞાનિઓ આ બધાનો સમાહાર સમાસ થયો છે.

(૨૧) કેવળજ્ઞાનિની સંખ્યા.

(૨૨) મનઃપર્યવજ્ઞાનિની સંખ્યા.

(૨૩) ચૌદપૂર્વધરની સંખ્યા.

(૨૪) શ્રાવકની સંખ્યા.

(૨૫) શ્રાવિકાની સંખ્યા.

जिणजक्खा देवीओ, तणुमाणं लंछणाणि वन्ना य ।
वयपरिवारो सव्वाउयं च सिवगमणपरिवारो ॥७॥

(૨૬) તીર્થંકરના યક્ષો.

(૨૭) શાસનદેવીઓ.

(૨૮) શરીરનું પ્રમાણ.

(૨૯) લંછન એટલે ચિન્હો.

(૩૦) શરીરનો વર્ણ.

(૩૧) દીક્ષા સમયે પરિવાર.

કયા તીર્થંકરો કેટલા પરિવાર સાથે સંયમ ગ્રહણ કર્યું.

(૩૨) આયુષ્ય પ્રમાણ.

(૩૩) મોક્ષગમન સમયે પરિવાર.

કયા તીર્થંકરોએ કેટલા પરિવાર સાથે મોક્ષમાં ગયા. (૭)

निव्वाणगमणठाणं जिणंतराइं च तित्थवुच्छेओ ।
दस चुलसी वा आसायणाउ तह पाडिहेराइं ॥८॥

(૩૪) તીર્થંકરોના નિર્વાણ–સ્થાનો.

(૩૫) તીર્થંકરોનાં આંતરા.

એક તીર્થંકર પછી બીજા તીર્થંકર કેટલો કાળ વીત્યા પછી સિદ્ધ થાય.

(૩૬) તીર્થ વ્યવચ્છેદ :–

ચાર પ્રકારના શ્રમણ પ્રધાન સંઘનો વિચ્છેદ કયારે, કેટલો સમય અને કેમ થયો ?

[૩૭] આશાતના :-

જ્ઞાન–દર્શન વિગેરેના લાભનો જે નાશ કરે તે આશાતાના.

[૩૮] આશાતનાના ભેદ

આશાતનાઓના દશ અથવા ચોર્યાશી ભેદો.

[૩૯] તીર્થંકરોના પ્રાતિહાર્યો....(૮)

चउतीसाइसयाणं दोसा अट्ठारसारिहचउक्कं ।
निक्खमणे नाणंमि य निव्वाणंमि य जिणाणं तवो ॥९॥

[૪૦] અરિહંતોના ચોત્રીસ અતિશય

[૪૧] અર્હત્તત્ત્વના વિરોધી અઢાર દોષ

[૪૨] નામ વિગેરે ચાર નિક્ષેપે અરિહંત

[૪૩] તીર્થંકરોની દીક્ષા વખતનો તપ

[૪૪] કેવળજ્ઞાનની ઉત્પત્તિ વખતનો તપ

[૪૫] મોક્ષગમન સમયનો તપ...(૯)

भाविजिणेसरजीवा संखा उड्ढाहतिरियसिद्धाणं ।
तह एक्कसमयसिद्धाण ते य पन्नरसभेएहिं ॥१०॥

[૪૬] આવતી ઉત્સર્પિણીમાં થનારા, તીર્થંકરોના જીવો

[૪૭] ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોકમાંથી એક સમયે કેટલા સિદ્ધ થાય?

[૪૮] એક જ સમયમાં કેટલી સંખ્યામાં સિદ્ધ થઈ શકે?

[૪૯] સિદ્ધના પંદર ભેદો...(૧૦)

अवगाहणाय सिद्धा उक्किट्ठजहन्नमज्झिमाए य ।
गिहिलिंगअन्नलिंगस्स लिंगसिद्धाण संखा उ ॥ ११ ॥

[૫૦] મધ્યમ અને જઘન્ય અવગાહનાએ સિદ્ધ

અવગાહના એટલે શરીરની ઊંચાઈ. મધ્યમ અને જઘન્યાવગાહનાવાળા દેહે કેટલા સિદ્ધ થાય?

[૫૧] કયા લિંગે કેટલા સિદ્ધ?

ગૃહસ્થલિંગે, જટાધારી વિગેરે અન્ય લિંગે તથા રજોહરણ વિગેરે સ્વલિંગે એક સમયમાં કેટલા જીવો સિદ્ધ થાય?...(૧૧)

बत्तीसाई सिज्झंति अविरयं जाव अट्ठहीयसयं।
अट्ठसमएहिं एक्केक्कणं जावेक्कसमयंतं ॥ १२ ॥

બત્રીસ વિગેરે એકસો આઠ સુધીની સંખ્યામાં જીવો સતત એક એક સમય ઓછો કરવાપૂર્વક એક સમયમાં સિદ્ધ થાય છે, તેની સંખ્યા કહેવાશે.

[૫૨] ભિન્ન ભિન્ન સમયે ઉત્કૃષ્ટ સિદ્ધ-સંખ્યા :-

બત્રીસ વિગેરે શબ્દથી ૪૮, ૬૦, ૭૨, ૮૪, ૯૬, ૧૦૨ અને ૧૦૮ની સંખ્યા ગ્રહણ કરવી. તે આ પ્રમાણે :- એક બેથી લઈ બત્રીસ સુધીની સંખ્યામાં જીવો સિદ્ધ થાય, તો સતત આઠ સમય સુધી સિદ્ધ થઈ શકે, તે પછી જરૂર અંતર પડે. એ પ્રમાણે તેત્રીસ વિગેરે સંખ્યાવાળા જીવોમાં એકથી સાત સમય સુધી નિરંતર મોક્ષ થાય પછી જરૂર અંતર પડે વિગેરે સ્વરૂપનું વર્ણન.....(૧૨)

थीवेए पुंवेए नपुंसए सिज्झमाणपरिसंखा ।
सिद्धाणं संठाणं अवठिइठाणं च सिद्धाणं ॥ १३ ॥

[૫૩] સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદે સિદ્ધ થનારાની સંખ્યા.
[૫૪] સિદ્ધોનું સંસ્થાન,
[૫૫] સિદ્ધશીલાનું વર્ણન.....(૧૩)

अवगाहणा य तेसिं उक्कोसा मज्झिमा जहन्ना य ।
नामाइ चउण्हंपि हु सासयजिणनाह पडिमाणं ॥ १४ ॥

[૫૬] સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના
[૫૭] મધ્યમ અવગાહના
[૫૮] જઘન્ય અવગાહના
[૫૯] ચાર શાશ્વતા જિનેશ્વરોની પ્રતિમાના નામો....૧૪

उवगरणाणं संखा जिणाण थविराण साहुणीणं च ।
जिणकप्पियाण संखा उक्किट्ठा एगवसहीए ॥ १५ ॥

[૬૦] જિનકલ્પી (ગચ્છબાહ્ય) મુનિઓના ઉપકરણની સંખ્યા
[૬૧] સ્થવિરકલ્પી (ગચ્છવાસી) મુનિઓના ઉપકરણની સંખ્યા
[૬૨] સાધ્વીઓના ઉપકરણની સંખ્યા

[૬૩] એક જ વસ્તીમાં ઉત્કૃષ્ટ જિનકલ્પીઓની સંખ્યા....(૧૫)

છત્તીસં સૂરિગુણા વિણઓ બાવન્નમેઅપડિમિન્નો।
ચરણં કરણં જંઘાવિજ્જાચારણગમણસત્તી ।। ૧૬।।

[૬૪] આચાર્યના ૩૬ ગુણો.

[૬૫] વિનયના બાવન ભેદો.

[૬૬] ચરણસિત્તરીના સીત્તેર (૭૦) ભેદો.

[૬૭] કરણસિત્તરીના સીત્તેર (૭૦) ભેદો.

[૬૮] જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓની ગમનશક્તિ....(૧૬)

પરિહારવિસુદ્ધિ અહાલંદા નિજ્જામયાણ અડયાલા।
પણવીસ ભાવણાઓ સુહાઉ અસુહાઉ પણવીસં ।।૧૭।।

[૬૯] પરિહાર વિશુદ્ધિક મુનિઓ તથા તેમના તપનું સ્વરૂપ

[૭૦] યથાલંદિક કલ્પધારી મુનિનું સ્વરૂપ

[૭૧] નિર્યામક મુનિના ભેદો

અનશન સ્વીકારેલ સાધુઓના નિર્યામક મુનિ એટલે આરાધના કરાવનાર મુનિના અડતાલીસ ભેદો...

[૭૨] પચ્ચીસ શુભ ભાવના

[૭૩] પચ્ચીસ અશુભ ભાવના...(૧૭)

સંખા મહવ્વયાણં કિઇકમ્માણ ય દિણે તહા ખિત્તે।
ચારિત્તાણં સંખા ઠિયકપ્પો અઠિયકપ્પો ય ।।૧૮।।

[૭૪] મહાવ્રતોની સંખ્યા

પ્રાણાતિપાત વિરમણ વિગેરે મહાવ્રતોની સંખ્યા.

[૭૫] આખા દિવસમાં કરવાના વંદનની સંખ્યા

[૭૬] ભરત વિગેરે ક્ષેત્રમાં સામાયિક વિગેરે ચારિત્રોની સંખ્યા

[૭૭] સ્થિતકલ્પનું સ્વરૂપ

[૭૮] અસ્થિતકલ્પનું સ્વરૂપ...(૧૮)

ચેઇય પુત્થય દંડય તણ ચમ્મ દુસાઇ પંચ પત્તેયં।
પંચ અવગ્ગહમેયા પરીસહા મંડલી સત્ત ।।૧૯।।

[૭૯] પાંચ પ્રકારના પ્રતિમારૂપ ચૈત્યોનું સ્વરૂપ
[૮૦] પાંચ પ્રકારના પુસ્તકો
[૮૧] પાંચ પ્રકારના દાંડાઓ
[૮૨] પાંચ પ્રકારનું ઘાસ
[૮૩] પાંચ પ્રકારના ચર્મ (ચામડા)
[૮૪] પાંચ પ્રકારના વસ્ત્ર
[૮૫] પાંચ પ્રકારના અવગ્રહના ભેદો
[૮૬] બાવીસ પરીષહો
[૮૭] સાત પ્રકારની માંડલી...(૧૯)

दसठाणवज्जेओ खवगस्सेढी य उवसमस्सेढी ।
थंडिल्लाण सहस्सो अहिओ चउसहिय वीसाए ॥२०॥

[૮૮] દશ સ્થાનોનો વ્યવચ્છેદ
[૮૯] ક્ષપકશ્રેણી
[૯૦] ઉપશમશ્રેણી
[૯૧] સ્થંડિલભૂમિનું સ્વરૂપ
સાધુને યોગ્ય જમીન વિશેષના એક હજાર ચોવીસ (૧૦૨૪) ભેદો...(૨૦)

पुव्वाणं नामाइं पयसंखासंजुयाइं चउदसवि ।
निग्गंथा समणावि य पत्तेयं पंच पंचेव ॥२१॥

[૯૨] ચૌદ પૂર્વોના નામો પદ સંખ્યા સાથે.
[૯૩] પાંચ પ્રકારના નિર્ગ્રંથ (સાધુ)નું સ્વરૂપ
[૯૪] પાંચ પ્રકારના શ્રમણો (ભિક્ષુકો)નું સ્વરૂપ...(૨૧)

गासेसणाण पणगं पिंडे पाणे य एसणा सत्त ।
भिक्खारिया वीहीणमट्ठगं पायच्छित्ताणं ॥ २२ ॥

[૯૫] ગ્રાસેષણાના પાંચ દોષોનું સ્વરૂપ
[૯૬] પિંડ (આહાર) અને પાણ (પાણી)ની સાત પ્રકારની ગવેષણા
[૯૭] ભિક્ષાચર્યા વિષયક આઠ પ્રકારની વિધિ (માર્ગ)નું સ્વરૂપ
[૯૮] દશ પ્રકારના પ્રાયશ્ચિત્તો...(૨૨)

सामायारी ओहंमि पयविभागंमि तह य दसहा उ (चक्कवालंमि)।
निग्गंथत्तं जीवस्स पंचवाराओ भववासे ॥ २३ ॥

[૯૯] ઓઘ એટલે સામાન્ય સામાચારી
[૧૦૦] છેદ ગ્રંથોક્ત પદવિભાગ સામાચારી
[૧૦૧] દશવિધ સામાચારી

દરરોજ કરવા યોગ્ય દશવિધ ચક્રવાલ સામાચારીની સંજ્ઞા.

[૧૦૨] સંસાર ચક્રમાં નિર્ગ્રંથપણાની પ્રાપ્તિ

એક જીવને આખા સંસારચક્રમાં કુલ પાંચવાર નિર્ગ્રંથ શ્રમણપણું પ્રાપ્ત થાય તે અંગે...(૨૩)

साहुविहारस्सरुवं अप्पडिबद्धो य सो विहेयव्वो ।
जायाअजायकप्पो परिठवणुच्चारकरणदिसा ॥२४॥

[૧૦૩] સાધુઓના વિહારનું સ્વરૂપ
[૧૦૪] અપ્રતિબદ્ધ વિહાર
[૧૦૫] જાત (ગીતાર્થ) તથા અજાત (અગીતાર્થ) કલ્પનું સ્વરૂપ
[૧૦૬] મહાપરિષ્ઠાપના અને ઉચ્ચાર (સ્થંડિલ) કરવાની દિશા...(૨૪)

अट्ठारस पुरिसेसुं वीसं इत्थीसु दस नपुंसेसुं ।
पव्वावणाअणरिहा तह वियलंगस्सरुवा य ॥ २५ ॥

[૧૦૭] દીક્ષાને અયોગ્ય અઢાર પ્રકારના પુરુષો
[૧૦૮] દીક્ષાને અયોગ્ય વીશ પ્રકારની સ્ત્રીઓ
[૧૦૯] દીક્ષાને અયોગ્ય દશ પ્રકારના નપુંસકો
[૧૧૦] દીક્ષા અંગે વિકલાંગનું સ્વરૂપ...(૨૫)

जं मुल्लं जइकप्पं वत्थं सेज्जायरस्स पिंडो य ।
जत्तिय सुत्ते सम्मं जह निग्गंथावि चउगइया ॥ २६ ॥

[૧૧૧] કેટલા મૂલ્યવાળુ વસ્ત્ર સાધુને કલ્પે ?
[૧૧૨] શય્યાતરનો કયો પિંડ સાધુને કલ્પ્ય અને અકલ્પ્ય હોય છે?
[૧૧૩] કેટલું શ્રુતજ્ઞાન હોય તો સમ્યક્ત્વ નિયમા હોય છે ?
[૧૧૪] ચતુર્ગતિક નિર્ગ્રંથનું સ્વરૂપ...(૨૬)

खित्ते मग्गे काले तहा पमाणे अईयमक्कप्पं ।
दुहसुहसेज्जचउक्कं तेरस किरियाण ठाणाइं ॥ २७ ॥

[૧૧૫] ક્ષેત્રાતીતનું સ્વરૂપ
[૧૧૬] માર્ગાતીતનું સ્વરૂપ
[૧૧૭] કાલાતીતનું સ્વરૂપ
[૧૧૮] પ્રમાણાતીતનું સ્વરૂપ

ક્ષેત્રાદિ વિષયક જે પ્રમાણ એટલે માપ બતાવ્યું હોય, તેનાથી અતીત થવું એટલે ઉલ્લંઘન કરવું તે.

[૧૧૯] દુઃખશય્યા–ચતુષ્કનું સ્વરૂપ
[૧૨૦] સુખશય્યા–ચતુષ્કનું સ્વરૂપ
[૧૨૧] તેર ક્રિયા–સ્થાનોનું સ્વરૂપ...(૨૭)

एगंमि बहुभवेसु य आगरिसा चउव्विहेऽवि सामइए ।
सीलंगाणऽट्ठारस सहस्स नयसत्तगं चेव ॥ २८ ॥

[૧૨૨] આકર્ષ :–

શ્રુત–સામાયિક, સમ્યક્ત્વ–સામાયિક, દેશવિરતિ–સામાયિક અને સર્વવિરતિ–સામાયિકનાં એક ભવ અને ભવચક્રમાં વિવિધ અધ્યવસાયરૂપ આકર્ષો કેટલા થાય ?

[૧૨૩] શીલાંગના અઢાર હજાર સ્થાનોનું વર્ણન
[૧૨૪] નૈગમ વિગેરે સાત નયોનું વર્ણન...(૨૮)

वत्थग्गहणविहाणं ववहारा पंच तह अहाजायं ।
निसिजागरणंमि विही आलोयणदाययऽन्नेसा ॥ २९ ॥

[૧૨૫] વસ્ત્રગ્રહણ કરવાની વિધિ
[૧૨૬] આગમ વિગેરે પાંચ વ્યવહાર
[૧૨૭] પાંચ પ્રકારના યથાજાત
[૧૨૮] રાત્રી જાગરણની વિધિ
[૧૨૯] આલોચના–દાયક ગુરુની શોધ...(૨૯)

गुरुपमुहाणं कीरइ असुद्धसुद्धेहिं जत्तियं कालं ।
उवहिधोयणकालो भोयणभाया वसहिसुद्धी ॥ ३० ॥

[૧૩૦] ગુરુ વિગેરેની વૈયાવચ્ચ

ગુરુ વિગેરેની કેટલા કાળ સુધી અશુદ્ધ કે શુદ્ધ આહારાદિ દ્વારા વૈયાવચ્ચ કરવી?

[૧૩૧] ઉપધિનો કાપ કાઢવાનો કાળ

[૧૩૨] ભોજનના ભાગ

[૧૩૩] વસતિની શુદ્ધિ...(૩૦)

સંલેહણા દુવાલસ વરિસે વસહેણ વસહિસંગહણં ।
ઉસિણસ્સ ફાસુયસ્સવિ જલસ્સ સચ્ચિત્તયા કાલો ॥ ૩૧ ॥

[૧૩૪] સંલેખના

બાર વર્ષની શરીર શોષવારૂપ સંલેખના.

[૧૩૫] વૃષભ (ગીતાર્થ) સાધુઓ દ્વારા વસતિ-ગ્રહણ

[૧૩૬] પાણીનો કાળ

ઉકાળેલું અને પ્રાસુક અચિત્ત પાણી ફરી કેટલા સમયે સચિત્ત થાય?...(૩૧)

તિરિત્થીઓ તિરિયાણ માણવીઓ નરાણ દેવીઓ ।
દેવાણ જગ્ગુણાઓ જત્તિયમેત્તેણ અહિયાઓ ॥૩૨॥

[૧૩૭] તિર્યંચ-મનુષ્ય અને દેવોથી ક્રમશઃ કેટલા ગણી સ્ત્રીઓ?.(૩૨)

અચ્છેરયાણ દસગં ચઉરો માસા ઉ વયણસોલસગં ।
માસાણ પંચ ભેયા ભેયા વરિસાણ પંચેવ ॥ ૩૩ ॥

[૧૩૮] દશ અચ્છેરા

[૧૩૯] ચાર પ્રકારની ભાષા

[૧૪૦] સોલ પ્રકારના વચન

[૧૪૧] પાંચ પ્રકારના મહિના

[૧૪૨] પાંચ પ્રકારના વર્ષ...(૩૩)

લોગસરૂવં સન્નાઓ તિન્નિ ચઉરો વ દસ વ પનરસ વા ।
તહ સત્તસટ્ઠિલક્ખણભેઅવિસુદ્ધં ચ સમ્મત્તં ॥ ૩૪ ॥

[૧૪૩] (ચૌદરાજ) લોકસ્વરૂપ

[૧૪૪] ત્રણ પ્રકારે સંજ્ઞા

[૧૪૫] ચાર પ્રકારે સંજ્ઞા

[૧૪૬] દશ પ્રકારે સંજ્ઞા

[૧૪૭] પંદર પ્રકારે સંજ્ઞા

[૧૪૮] સડસઠ ભેદે વિશુદ્ધ સમ્યકૃત્વ...(૩૪)

एगविह दुविह तिविहं चउहा पंचविह दसविहं सम्मं ।
दव्वाइ-कारगाईउवसमभेएहिं वा सम्मं ॥३५॥

[૧૪૯] સમ્યકૃત્વનું સ્વરૂપ

એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે પાંચ પ્રકારે, અને દશ પ્રકારે દ્રવ્યાદિ, કારકાદિ અને ઉપશમ વિગેરે ભેદોથી સમ્યકૃત્વનું સ્વરૂપ. (૩૫)

कुलकोडीणं संखा जीवाणं जोणिलक्खचुलसीई ।
तेक्कालाईवित्तत्थविवरणं सड्ढपडिमाउ ॥३६॥

[૧૫૦] જીવોની કુલકોટીની સંખ્યા

[૧૫૧] જીવોની ચોર્યાશી લાખ યોનિ

[૧૫૨] ત્રણ કાળ આદિ ગાથાનું વિવરણ

[૧૫૩] શ્રાવકોની અગ્યાર પ્રતિમાઓ...૩૬

धन्नाणमबीयत्तं खेत्ताईयाण तह अचित्तत्तं ।
धन्नाइं चउवीसं मरणं सत्तरस भेयं च ॥ ३७ ॥

[૧૫૪] ધાન્યોનું અબીજત્વ

[૧૫૫] ક્ષેત્રાતીતનું અચિત્તપણું

[૧૫૬] ચોવીસ પ્રકારના અનાજના નામો

[૧૫૭] સત્તર પ્રકારના મરણોનું સ્વરૂપ...(૩૭)

पलिओवम अयरऽवसप्पिणीण उस्सप्पिणीणवि सरुवं।
दव्वे खेत्ते काले भावे पोग्गल परावट्टो ॥३८॥

[૧૫૮] પલ્યોપમનું સ્વરૂપ

[૧૫૯] સાગરોપમનું સ્વરૂપ

[૧૬૦] અવસર્પિણીનું સ્વરૂપ

[૧૬૧] ઉત્સર્પિણીનું સ્વરૂપ

[૧૬૨] પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ.

पन्नरस कम्मभूमी अकम्मभूमीउ तीस अट्ठभेया ।
दोन्नि सया तेयाला भेया पाणाइवायस्स ॥ ३९ ॥

[૧૬૩] ૫ંદર કર્મભૂમિ.
જે ક્ષેત્રમાં તીર્થંકર વિગેરે ઉત્પન્ન થાય તે.

[૧૬૪] ત્રીશ અકર્મભૂમિઓ.
જેમાં ધર્મ વિગેરે ન હોય તે.

[૧૬૫] આઠ પ્રકારના મદ.

[૧૬૬] ૨૪૩ પ્રાણાતિપાતના ભેદો. (૩૯)
परिणामाणं अट्ठोत्तरसयं बंभमट्ठदसभेयं ।
कामाण चउव्वीसा दस पाणा दस य कप्पदुमा ॥ ४० ॥

[૧૬૭] ૧૦૮ પરિણામ (અધ્યવસાય.)

[૧૬૮] અઢાર પ્રકારે બ્રહ્મચર્ય.

[૧૬૯] ચોવીસ પ્રકારે કામ.

[૧૭૦] દશ પ્રકારે પ્રાણ.

[૧૭૧] દશ પ્રકારના કલ્પવૃક્ષો. (૪૦)
नरया नेरइयाणं आवासा वेयणाऽऽउतणुमाणं ।
उप्पत्तिनासविरहो लेसाऽवहि परमहम्मा य ॥ ४१ ॥

[૧૭૨] સાત નારકો.

[૧૭૩] નારકોના આવાસો.

[૧૭૪] નારકોની વેદના.

[૧૭૫] નારકોનું આયુષ્ય.

[૧૭૬] નારકોનું શરીર.

[૧૭૭] નારકીની ઉત્પત્તિ અને મરણનો વિરહકાળ.

[૧૭૮] નારકીની લેશ્યાઓ.

[૧૭૯] નારકોનું અવધિજ્ઞાન.

[૧૮૦] પરમાધામિઓ. (૪૧)
नरयुव्वट्टाणं लद्धिसंभवो तेसु जेसि उववाओ ।
संखा उप्पज्जंताण तह य उव्वट्टमाणाणं ॥ ४२ ॥

[૧૮૧] નારકીમાંથી આવેલ જીવને લબ્ધિ પ્રાપ્તિ.

નારકીમાંથી નીકળેલાને તીર્થંકરત્વ વિગેરે કઈ લબ્ધિઓ સંભવે ?

[૧૮૨] કયા જીવોની નરકમાં ઉત્પત્તિ થાય ?

[૧૮૩] નરકમાં ઉત્પન્ન થનારા જીવોની સંખ્યા.

[૧૮૪] નરકમાંથી નીકળનારાની સંખ્યા. (૪૨)

कायठिई भवठिइओ एगिंदिय विगलं सन्नि जीवाणं ।
तणुमाणमेसि इंदियसरुवविसया य लेसाओ ॥ ४३ ॥

[૧૮૫] જીવોની કાય સ્થિતિ :–

એકેન્દ્રિયો (પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય.) વિકલેન્દ્રિય–(બેઇન્દ્રિય–તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય) તથા પંચેન્દ્રિય–(સંજ્ઞી અને અસંજ્ઞી) જીવોની કાયસ્થિતિ.

[૧૮૬] ભવ સ્થિતિ.

[૧૮૭] શરીર પ્રમાણ.

[૧૮૮] ઇન્દ્રિયોના આકાર અને વિષયો.

[૧૮૯] લેશ્યા. (૪૩)

एयाणं जत्थ गई जत्तो ठाणेहिं आगई एसिं ।
उप्पत्तिमरण विरहो जायंत मरंत संखा य ॥ ४४ ॥

[૧૯૦] ગતિ.

[૧૯૧] આગતિ.

[૧૯૨] જન્મ અને મરણનો વિરહકાળ.

એક જીવ ઉત્પન્ન થયા પછી કે મરણ પામ્યા પછી ફરી કેટલા કાળે બીજો જીવ ત્યાં ઉત્પન્ન થાય કે મરે.

[૧૯૩] એક સમયે એકી સાથે કેટલાં જીવો જન્મે અને મરે.

भवणवइवाणमंतर जोइस वेमाणवासि देवाणं ।
ठिइ भवण देहमाणं लेसाओ ओहिनाणं च ॥ ४५ ॥

उप्पत्तीए तहुवट्टणाय विरहो इमाण संखा य ।
जम्मि य एयाण गई जत्तो वा आगई ऐसिं ॥ ४६ ॥

[૧૯૪] દેવોની સ્થિતિ.
ભવનપતિ, જ્યોતિષ, વ્યંતર અને વૈમાનિકદેવોની સ્થિતિ.
(એ જ ચાર પ્રકારના દેવોના)
[૧૯૫] ભવનો.
[૧૯૬] દેહપ્રમાણ.
[૧૯૭] લેશ્યા.
[૧૯૮] અવધિજ્ઞાન.
[૧૯૯] ઉત્પત્તિનો વિરહકાળ.
[૨૦૦] ચ્યવનનો વિરહકાળ.
[૨૦૧] એક સમયમાં ઉત્પત્તિ તથા ચ્યવન.
[૨૦૨] ગતિ.
એ દેવોમાંથી ચ્યવેલા દેવો ક્યાં જાય?
[૨૦૩] આગતિ.
ક્યા સ્થાનોમાંથી આ દેવોમાં જીવો આવે? (૪૬)
विरहो सिद्धि गईए जीवाणाहारगहण ऊसासा।
तिन्नि सया तेसट्ठा पासंडीणऽट्ठ य पमाया ॥ ४७ ॥
[૨૦૪] સિદ્ધિગતિનો વિરહકાળ.
[૨૦૫] જીવોનો આહારગ્રહણ તથા શ્વાસોશ્વાસ.
[૨૦૬] પાખંડીઓના ત્રણસો ત્રેસઠ ભેદ.
[૨૦૭] આઠ પ્રકારના પ્રમાદ. (૪૭)
भरहाहिवाहलंधरा हरिणो पडिवासुदेव रायाणो।
रयणाइ चउदस नवनिहीओ तह जीव संखाओ ॥૪૮॥
[૨૦૮] ભરતક્ષેત્રના ચક્રવર્તિઓ.
[૨૦૯] બળદેવો.
[૨૧૦] વાસુદેવ.
[૨૧૧] પ્રતિવાસુદેવ.
[૨૧૨] ચૌદરત્નો.
[૨૧૩] નવનિધિઓ.
[૨૧૪] જીવોની સંખ્યા.

कम्माइं अट्ठ तेसिं उत्तर पयडीण अट्ठवन्नसयं ।
बंधोदयाणुदीरण सत्ताण य किंपि हु सरुवं ॥ ४९ ॥

[૨૧૫] આઠ કર્મો.
[૨૧૬] આઠ કર્મોની એકસો અઠાવન ઉત્તર પ્રકૃતિઓ.
[૨૧૭] કર્મોના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનું સ્વરૂપ. (૪૯)

कम्मट्ठिइ साबाहा बायालीसा उ पुण्णपयडीओ ।
बासीय पावपयडीओ भावछकं सपडिभेयं ॥ ५० ॥

[૨૧૮] કર્મનો અબાધાકાળ અને સ્થિતિકાળ.
[૨૧૯] ૪૨ પુણ્ય પ્રકૃતિઓ.
[૨૨૦] ૮૨ પાપ પ્રકૃતિઓ.
[૨૨૧] પેટા ભેદ સહિત છ ભાવ. (૫૦)

जीवाण अजीवाण य गुणाण तह मग्गणाण पतेयं ।
चउदसगं उवओगा बारस जोगा य पण्णरस ॥ ५१ ॥

[૨૨૨] ચૌદ પ્રકારના જીવો.
[૨૨૩] ચૌદ પ્રકારનાં અજીવો.
[૨૨૪] ચૌદ ગુણઠાણા.
[૨૨૫] ચૌદ માર્ગણા.
[૨૨૬] બાર ઉપયોગો.
[૨૨૭] પંદર યોગ. (૫૧)

परलोगगई गुणठाणएसु तह ताण कालपरिमाणं ।
नरयतिरिनरसुराणं उक्कोस विउव्वणाकालो ॥ ५२ ॥

[૨૨૮] પરલોકમાં જતાં સાથે કેટલા ગુણઠાણા હોય?
[૨૨૯] ગુણઠાણાનો કાળ.
[૨૩૦] નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવતાઓની વિકુર્વણાનો ઉત્કૃષ્ટ કાળ. (૫૨)

सत्तेव समुग्घाया छप्पज्जत्तीओऽणहारया चउरो ।
सत्तभयट्ठाणाइं छब्भासा अप्पसत्थाओ ॥५३॥

[૨૩૧] સાત સમુદ્ઘાત.
[૨૩૨] છ પર્યાપ્તિ.
[૨૩૩] ચાર અણાહારી.
[૨૩૪] સાત ભયસ્થાન.
[૨૩૫] છ અપ્રશસ્ત ભાષા. (૫૩)

મંગાગિહિવ્વયાણં અટ્ઠારસ પાવઠાણગાઇંપિ ।
મુણિગુણ સત્તાવીસા ઇગવીસા સાવયગુણાણં ।। ૫૪ ।।

[૨૩૬] ગૃહસ્થના વ્રતના ભાંગા.
[૨૩૭] અઢાર પાપસ્થાનક.
[૨૩૮] સાધુના સત્યાવીશ ગુણે.
[૨૩૯] શ્રાવકના એકવીસ ગુણે. (૫૪)

તેરિચ્છીણુક્કિટ્ઠા ગબ્ભઠિઈ તહ ય સા મણુસ્સીણં ।
ગબ્ભસ્સ ય કાયઠિઈ ગબ્ભટ્ઠિય જીવ આહારો ।। ૫૫ ।।

[૨૪૦] તિર્યંચ સ્ત્રીની ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ.
[૨૪૧] મનુષ્ય સ્ત્રીની ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ.
[૨૪૨] ગર્ભની કાયસ્થિતિ.

ગર્ભનું જે શરીર હોય તેની સ્થિતિ.

[૨૪૩] ગર્ભસ્થિત જીવનો આહાર. (૫૫)

રિઉરુહિરસુક્કજોએ જત્તિય કાલેણ ગબ્ભ સંભૂઈ ।
જત્તિયપુત્તા ગબ્ભે જત્તિય પિયરો ય પુત્તસ્સ ।। ૫૬ ।।

[૨૪૪] ગર્ભની ઉત્પત્તિનો સમય.

ઋતુકાળે સ્ત્રીનું લોહી અને પુરુષના શુક્રનું મિલન થયા પછી કેટલા સમયે ગર્ભની ઉત્પત્તિ થાય ?

[૨૪૫] એક ગર્ભમાં કેટલા પુત્રો ઉત્પન્ન થાય ?
[૨૪૬] એક પુત્રની ઉત્પત્તિમાં કેટલા પિતા નિમિત્ત હોઈ શકે ? (૫૬)

મહિલા ગબ્ભઅજોગાજેત્તિય કાલેણઽબીયઓ પુરિસો ।
સુક્કાઈણ સરીરટ્ઠિયાણ સવ્વાણ પરિમાણં ।। ૫૭ ।।

[૨૪૭] સ્ત્રી ગર્ભધારણને અયોગ્ય ક્યારે થાય ? પુરુષ અબીજ એટલે અવીર્ય ક્યારે થાય ?

[૨૪૮] શરીરના પદાર્થો અંગે.

શરીરમાં રહેલા શુક્ર (વીર્ય), લોહી, ઓજ, પૃષ્ઠ કરંડક (પાંસળી) વિગેરે બધાના પરિમાણ (પ્રમાણ)ની હકીકત.

सम्मत्ताईणुत्तमगुणाण लाहंतरं जमुक्कोसं ।
न लहंति माणुसत्तं सत्ता जेऽणंतरुव्वट्टा ॥ ५८ ॥

[૨૪૯] સમ્યક્ત્વ-ચારિત્ર આદિ ગુણ પ્રાપ્તિ અંતર

સમ્યક્ત્વ ચારિત્ર વિગેરે ઉત્તમ ગુણોને એક વખત પ્રાપ્ત કરી પતિત થયેલ જીવો, ફરી તે ગુણો ઉત્કૃષ્ટ કેટલાં કાળાંતરે પ્રાપ્ત કરે.

[૨૫૦] ક્યા જીવો ચ્યવીને તરત જ મનુષ્યપણાને પ્રાપ્ત કરતાં નથી? (૫૮)

पुव्वंगपरीमाणं माणं पुव्वस लवण सिहमाणं ।
उस्सेहआय अंगुलपमाण अंगुल पमाणाइं ॥ ५९ ॥

[૨૫૧] પૂર્વાંગની સંખ્યાનું પ્રમાણ.

[૨૫૨] પૂર્વની સંખ્યાનું પ્રમાણ.

[૨૫૩] લવણસમુદ્રના મધ્યમાં રહેલી શિખાની ઊંચાઈ?

[૨૫૪] અંગુલનું પ્રમાણ.

ઉત્સેધાંગુલ, આત્માંગુલ અને પ્રમાણાંગુલનું પ્રમાણ (૫૯)

तमकाय सरुवमणंत छक्कगं अट्ठगं निमित्ताणं ।
माणुम्माणपमाणं अट्ठारस भक्ख भोज्जाइं ॥ ६० ॥

[૨૫૫] તમસ્કાયનું સ્વરૂપ.

[૨૫૬] છ અનંતાનું સ્વરૂપ.

[૨૫૭] આઠ નિમિત્તોનું સ્વરૂપ.

[૨૫૮] માન અને ઉન્માનનું પ્રમાણ.

[૨૫૯] ભક્ષ્ય-ભોજ્યના પ્રકાર.

ભક્ષ્ય-ભોજ્યના અઢાર પ્રકારનું વર્ણન (ગોળ-ધાણા ભક્ષ્ય અને ઘઉં-ચોખા વિગેરે ભોજ્ય કહેવાય.) (૬૦)

छट्ठाणवुड्ढिहाणी अवहरिउं जाइ नेव तीरंति ।
अंतरदीवा जीवा जीवाणं अप्पबहुयं च ॥ ६१ ॥

[૨૬૦] પદાર્થોની છ સ્થાનોમાં વૃદ્ધિ-હાની.

[૨૬૧] દેવોવડે જેનું બીજા સ્થાનોમાં અપહરણ ન થઇ શકે તે.
[૨૬૨] છપ્પન અંતરદ્વીપ.
[૨૬૩] જીવ તથા અજીવનું અલ્પબહુત્વ. (૬૧)

संखा निस्सेसजुगप्पहाण सूरीण वीर जिणतित्थे ।
ओसप्पिणी अन्तिमजिणतित्थ अविच्छेयमाणं च ॥ ६२ ॥

[૨૬૪] વીર જિનેશ્વરના તીર્થમાં યુગપ્રધાનાચાર્યોની સંખ્યા.
[૨૬૫] ઉત્સર્પિણીકાળમાંઅંતિમ જિનસંબંધી તીર્થના અવિચ્છેદનું કાળમાન.

देवाणं पवियारो सरुवमट्ठण्ह कण्हराईणं ।
सज्जायस्स अकरणं नंदीसरदीवठिइ भणणं ॥ ६३ ॥

[૨૬૬] દેવોનું અબ્રહ્મસેવન.
[૨૬૭] આઠ કૃષ્ણરાજીઓનું સ્વરૂપ.
[૨૬૮] સ્વાધ્યાય કયારે ન થાય.
[૨૬૯] નંદિશ્વર દ્વિપ. (૬૩)

लद्धीओ तव पायालकलस आहारगस्स रुवं च ।
देसा अणायरिया आरिया य सिद्धेगतीस गुणा ॥ ६४ ॥

[૨૭૦] આમર્ષૌષધિ વિગેરે લબ્ધિઓ.
[૨૭૧] ઇન્દ્રિયજય વિગેરે તપ.
[૨૭૨] સમુદ્રમાં રહેલ પાતાલ કલશો.
[૨૭૩] આહારક શરીરનું સ્વરૂપ.
[૨૭૪] અનાર્ય દેશ.
[૨૭૫] આર્ય દેશ.
[૨૭૬] સિદ્ધોના એકત્રીશ ગુણ.

समय समुद्धरियाणं आसत्थ समत्तिमेसि दाराणं ।
नामुक्कित्तण पुव्वा तव्विसय वियारणा नेया ॥ ६५ ॥

સિદ્ધાંતમાંથી ઉદ્ધરેલા આ દ્વારોનું શાસ્ત્રની સમાપ્તિ સુધી નામ જણાવવાપૂર્વક વિષય વિચારણા કરવામાં આવશે. (૬૫)

ચૈત્યવંદન દ્વાર

तिन्नि निसीहिय तिन्नि य पयाहिणा तिन्नि चेव य पणामा ।
तिविहा पूया य तहा अवत्थतियभावणं चेव ॥ ६६ ॥
तिदिसि निरिक्खण विरई तिविहं भूमी पमज्जीणं चेव ।
वन्नाइतियं मुद्दातियं च तिविहं च पणिहाणं ॥ ६७ ॥
इय दहतिय संजुत्तं वंदणयं जोजिणाण तिक्कालं ।
कुणइनरो उवउत्तो सो पावइ निज्जरं विउलं ॥६८॥
घरजिणहरजिणपूयावावारच्चायओ निसीहितिगं ।
पुप्फक्खयत्थुईहिं तिविहा पूया मुणेयव्वा ॥६९॥
होइ छउमत्थकेवलीसिद्धत्तेहिं जिणे अवत्थतिगं ।
वण्णत्थाऽऽलंबणओ वण्णाइतियं वियाणिज्जा ॥७०॥
जिणमुद्दा जोगमुद्दा मुत्तासुत्ती उ तिन्नि मुद्दाओ ।
कायमणो वयण निरोहणं च तिविहं च पणिहाणं ॥७१॥
पंचंगो पणिवाओ थयपाढो होइ जोगमुद्दाए ।
वंदण जिणमुद्दाए पणिहाणं मुत्तसुत्तीए ॥ ७२ ॥
दो जाणू दुन्नि करा पंचमगं होइ उत्तमंगं तु ।
संमं संपणिवाओ नेओ पंचंग पणिवाओ ॥ ७३ ॥
अन्नोऽन्नंतर अंगुलि कोसागारेहिं दोहिं हत्थेहिं ।
पेट्टोवरिकुप्पर संठिएहिं तह जोगमुद्दत्ति ॥७४॥
चतारि अंगुलाइं पुरओ ऊणाइं जत्थ पच्छिमओ ।
पायाणं उस्सगे एसा पुण होइ जिणमुद्दा ॥ ७५ ॥
मुत्तासुत्तीमुद्दा समा जहिं दोवि गब्भिया हत्था ।
ते पुण निलाडदेसे लग्गा अण्णे अलग्गत्ति ॥ ७६ ॥

દશત્રિકનું સ્વરૂપ :-

(૧) ત્રણ નિસીહી (૨) ત્રણ પ્રદક્ષિણા (૩) ત્રણ પ્રણામ (૪) ત્રણ પૂજા (૫) ત્રણ અવસ્થાઓની ભાવના (૬) ત્રણ દિશામાં જોવાનો ત્યાગ

(૭) ત્રણ વખત ભૂમિ પ્રમાર્જના (૮) વર્ણાદિકત્રિક (૯) મુદ્રાત્રિક અને (૧૦) પ્રણિધાનત્રિક.

જે આ દશત્રિકના પાલનપૂર્વક ઉપયોગ યુક્ત બની જિનેશ્વરોને ત્રણ કાલ વંદન કરે છે, તે ઘણી નિર્જરા પામે છે.

ઘર સંબંધી, દેરાસર સંબંધી અને જિનપૂજા-સંબંધી વ્યાપારના ત્યાગપૂર્વકની ત્રણ નિસિહિ, પુષ્પપૂજા, અક્ષત પૂજા અને સ્તુતિ-એમ ત્રણ પ્રકારની પૂજા જાણવી.

જિનેશ્વરોની છદ્મસ્થ, કેવલી, સિદ્ધત્વરૂપ ત્રણ અવસ્થાના ચિંતન સ્વરૂપ અવસ્થા-ત્રિક છે.

અક્ષર, અર્થ અને આલંબનરૂપ ત્રણ વર્ણત્રિક જાણવી.

જિનમુદ્રા, યોગમુદ્રા અને મુક્તાશુક્તિમુદ્રા એ મુદ્રાત્રિક છે.

મન, વચન, કાયાનો નિરોધ એ પ્રણિધાનત્રિક છે.

યોગમુદ્રાથી પંચાંગ પ્રણિપાત નમસ્કાર તથા સ્તવ પાઠ થાય. જિનમુદ્રાથી વંદન અને મુક્તાશુક્તિ મુદ્રાથી પ્રણિધાનસૂત્રો બોલાય.

બે ઢીંચણ, બે હાથ અને પાંચમું માથું-એ પાંચ અંગ ભેગા કરીને સમ્યક્ નમસ્કાર થાય, તે પંચાંગ પ્રણિપાત કહેવાય.

બંને હાથની દશ આંગળીઓ એકબીજામાં પરોવીને કમલના ડોડાના આકારે બંને હાથ જોડી પેટ ઉપર કોણી સ્થાપન કરવાથી યોગમુદ્રા થાય છે.

આગળ ચાર આંગળ પગ પહોળા અને પાછળ એનાથી કંઇક ઓછા પહોળા આ પ્રમાણે પગ રાખીને કાઉસ્સગ્ગમાં રહેવું તે જિનમુદ્રા થાય છે.

જેમાં બંને હાથ કંઇક કમળના ડોડા સમાન કરી લલાટને અડાડવા-પૂર્વક રાખવા તે મુક્તાશુક્તિમુદ્રા કહેવાય. કેટલાક હાથને લલાટ આગળ રાખવાનું કહે છે. અડાડવાનું નહિ.

જે ભવ્ય જીવ દશત્રિકપૂર્વક તીર્થંકરોને ત્રણ સંધ્યાએ ઉપયોગપૂર્વક વંદન કરે છે. તે સર્વ કર્મક્ષયરૂપ મોક્ષ લક્ષ્મીને આપનારી એવી વિપુલ નિર્જરાને પામે છે.[૧]

અહીં ચૈત્યવંદન કઈ વિધિપૂર્વક કરવાનું, તે વિધિનું જ નિરૂપણ કહેવાશે, પણ ચૈત્યવંદનના સૂત્રોની વ્યાખ્યા ગ્રંથના અતિ વિસ્તારના ભયથી કહેવામાં આવશે નહિ. તે વ્યાખ્યા લલિતવિસ્તરા વિગેરે ગ્રંથોથી બુદ્ધિમાનોએ જાણવી. એ પ્રમાણે આગળ વંદન વિગેરે દ્વારોમાં પણ યથાયોગ્ય રીતે જાણી લેવું.

ચૈત્યને વંદન કરવાની ઇચ્છાવાળા કોઈ રાજા વિગેરે મહર્દ્ધિક હોય અને કોઈ સામાન્ય વૈભવી પણ હોય. તેમાં રાજા વિગેરે હોય તે છત્ર ચામરાદિ રાજ્યચિહ્નરૂપ સર્વ

---

૧ सो पावइ सासयं ठाणं-તે શાશ્વત સ્થાન એવા મોક્ષને પામે છે. कुत्रचित् इति पाठः

ઋદ્ધિપૂર્વક, સર્વ આડંબરપૂર્વક, સર્વઆભરણાદિ કાંતિપૂર્વક, ચતુરંગ સેનારૂપ સર્વ બલપૂર્વક, સર્વ પુરૂષાર્થપૂર્વક શાસનપ્રભાવના માટે ચૈત્ય વિગેરેમાં જાય અને સામાન્ય વૈભવવાળો આડંબરના ત્યાગપૂર્વક લોકોને મશ્કરીના કારણરૂપ ન થાય, એ રીતે જાય.

ચૈત્ય પ્રવેશની વિધિ :-

ફૂલ, તંબોલ વિગેરે સચિત્ત દ્રવ્યો છોડી, કડા, કુંડલ, બાજુબંધ, હાર વિગેરે અચિત્ત દ્રવ્યોનો ત્યાગ કર્યા વગર, શરીર ઉપર પુરુષ, નીચે ધોતીયું અને ઉપર ઉત્તરાસંગ (ખેસ) કરીને તથા સ્ત્રી વિશેષ પ્રકારે અંગોપાંગ ઢાંકીને, વિનય અને નમ્રતાપૂર્વક જિનપ્રતિમાના દર્શન થાય એટલે મસ્તક પર અંજલિ જોડી અને મનની એકાગ્રતાપૂર્વક પાંચ પ્રકારના અભિગમ યુક્ત નિસિહી બોલીને પ્રવેશ કરે – એમ ભગવતિસૂત્ર તથા અન્ય સ્થળે કહ્યું છે. અચિત્તદ્રવ્યનો ત્યાગ એટલે છત્ર વિગેરેનો ત્યાગ કહ્યો છે.

(૧) નિસિહીત્રિક :-

રાજા વિગેરે દેરાસરમાં પ્રવેશ કરે ત્યારે મુગટ, ચામર વિગેરે રાજ્ય ચિહ્નોનો ત્યાગ કરે છે. સિદ્ધાંતમાં કહ્યું છે, કે–

તલવાર, છત્ર, મોજડી, મુગટ તથા ચામરરૂપ ઉત્તમ પાંચ રાજચિહ્નોનો ત્યાગ કરે.

દેરાસરમાં પ્રવેશતાં ત્રણ નિસિહી કહે. પહેલી દેરાસરના દરવાજા આગળ, બીજી દેરાસરની અંદર અને ત્રીજી ગભારા આગળ. તેમાં પહેલી નિસિહી ગૃહાદિ વિષયક શરીર દ્વારા થતા કાર્યોના નિષેધરૂપ, બીજી ગૃહાદિ વિષયક વચન દ્વારા થતા કાર્યોના નિષેધરૂપ અને ત્રીજી ગૃહાદિ વિષયક મન દ્વારા વિચારના કાર્યોના નિષેધરૂપ છે. એમ સંપ્રદાયથી કહેવાય છે.

પરંતુ ગ્રંથકારે ત્રણ નિસિહી આ પ્રમાણે વર્ણવી છે–

પહેલી નિસિહીમાં ઘર વિગેરેના સમસ્ત સાવદ્ય વ્યાપારની પરંપરાનો નિષેધ થાય છે. બીજી નિસિહીમાં દેરાસર વિષયક પત્થર વિગેરે ઘડાવવા આદિ સર્વ સાવદ્ય વ્યાપારનો નિષેધ થાય છે. ત્રીજી નિસિહીમાં ફળ, ફુલ, જલ, દીપક વિગેરે પદાર્થના સમૂહને લાવવારૂપ જિનપૂજા વિષયક પણ સર્વ સાવદ્ય વ્યાપારનો નિષેધ થાય છે. એટલે જિનપૂજા કરીને ત્રીજી નિસિહી કરે એવો ભાવ છે.

(૨) પ્રદક્ષિણાત્રિક :-

જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધના માટે જિનપ્રતિમાની જમણી બાજુથી આરંભીને સૃષ્ટિ ક્રમે ત્રણ પ્રદક્ષિણા આપવી.

દુનિયાનો નિયમ છે કે મોટે ભાગે બધી ઉત્કૃષ્ટ ઉત્તમ વસ્તુઓ હિતેચ્છુઓએ જમણી બાજુ જ કરવી માટે પ્રદક્ષિણા જમણી બાજુથી કરવી.

(૩) પ્રણામત્રિક :–

પ્રતિમાજી સામે ભક્તિભાવપૂર્વક માથુ જમીન પર અડાડીને ત્રણ પ્રણામ કરવા.

(૪) પૂજાત્રિક :–

જુદી–જુદી જાતના સુગંધી કુલોવડે, શાલિ, ડાંગર વિગેરે અક્ષતોવડે તથા તીર્થંકર ભગવંતના લોકોત્તર સદ્‌ભૂત ગુણવર્ણનસ્વરૂપ સંવેગજનક સ્તુતિથી પૂજા કરે. એ રીતે ત્રણ પ્રકારની પૂજા જાણવી.

આ ગાથામાં ભગવાનની પૂજાવિધિમાં ફૂલ વિગેરેના ઉપલક્ષણથી ભગવાનની પૂજાવિધિનું પ્રતિપાદન કર્યું છે. તેથી અદ્વિતિય રત્ન, સુવર્ણ, મોતી, વિગેરેના આભૂષણોથી પ્રભુજીને અલંકૃત કરવા, જુદી–જુદી જાતના પવિત્ર વસ્ત્રોનું પરિધાન કરવું, ભગવંત સામે સરસવ, શાલિ, ચોખા વિગેરેથી અષ્ટમંગલનું આલેખન કરવું તથા ઉત્તમ જળ, મંગલદિવો, દહીં, દૂધ, ઘી વિગેરે પદાર્થો ધરવા, ભગવાનના કપાળે ગોરોચન, કસ્તુરી વિગેરે દ્વારા તિલક કરવું તથા આરતી ઉતારવી આદિ જાણવું.

પૂર્વધર આચાર્યોએ પણ કહ્યું છે કે–વિવિધ પ્રકારના ગંધ, ધૂપ, સર્વૌષધિ, પાણી સુગંધી વિલેપન, ઉત્તમ ફૂલની માળા, બલિ, દિપક, સરસવ, દહિં, અક્ષત, ગોરોચન, સોનું, મોતી, રત્ન વિગેરેની વિવિધમાળાઓ વડે યથાશક્ય પૂજા કરવી. ઉત્તમ સાધનોથી મોટે ભાગે ભાવ પણ ઉત્તમ આવે છે. આ ઉત્તમ ચીજોનો આનાથી વધુ સારો બીજો કોઈ ઉપયોગ નથી.

આ પ્રમાણે ભગવાનની પૂજા કરી, ઇરિયાવહી પડિક્કમવાપૂર્વક શક્રસ્તવ આદિ દંડકોથી ચૈત્યવંદન કરીને ઉત્તમ કવિઓએ રચેલા ઉત્તમ સ્તોત્રો દ્વારા ભગવાનનું ગુણોત્કીર્તન કરે.

પિંડસ્થ આદિ ભાવનાઓ સહિત, વિવિધ સ્વર રચનાવાળી, આશયની વિશુદ્ધિ કરનાર, સંવેગપરાયણ, પવિત્ર, પાપનિવેદન ગર્ભિત, પ્રણિધાન યુક્ત, વિવિધ અર્થ-વાળા અસ્ખલિત વિગેરે ગુણયુક્ત અને મહાન બુદ્ધિમાન પુરુષો વડે રચાયેલા સ્તોત્રો ઉત્તમ કહેવાય છે.

જેમકે :– સ્નેહી બંધુ વર્ગને વિષે જેમની આંખ હર્ષાશ્રુવડે જરા પણ ભીંજાઈ નથી, ઘણા કષ્ટ આપનાર શત્રુ ઉપર કોઈ વખત પણ જેમની આંખ લાલ થઈ નથી, ધ્યાન બળથી જે આંખે સમસ્ત જગતને જોયું છે, એવા કામદેવવિજયી શ્રી વર્ધમાન પ્રભુની આંખો, તમોને દીર્ઘકાળ સુધી શુભ કરનારી થાઓ.

કરોડો સુવર્ણ મુદ્રાના દાનદ્વારા જગતની દરિદ્રતાને નષ્ટ કરીને, મોહ વિગેરેના વંશમાં ઉત્પન્ન થયેલ અંતર શત્રુઓને હણીને તથા કેવળજ્ઞાન માટે નિઃસ્પૃહ મનથી

દુષ્કર તપ તપીને, ત્રણ પ્રકારે વીર યશને ધારણ કરતા ત્રૈલોક્ય ગુરુ શ્રી વીરસ્વામી વિજયને પામો.

હે કૃપારસનિધિ ! સંસારરૂપી મરૂભૂમિના માર્ગમાં પડેલ તથા નારીરૂપ ઝાંઝવાના જળથી મોહીત થયેલ મારા વડે આપ જોવાયા છો, આથી હે જિનેશ્વર ! મારી તૃષ્ણારૂપી પીડાને દૂર કરી મને શાંતિ આપો.

આવા પ્રકારના અર્થ ગર્ભિત સ્તોત્રોવડે ગુણોત્કીર્તનરૂપ પરમાત્માની પૂજા કરવી. પરંતુ શરમજનક, અપમંગલ, ક્લેશદાયક સ્તોત્રોવડે નહીં.

જેમકે :– સુરત ક્રિડાના અંતે શેષનાગના ઉપર એક હાથનો ભાર દબાવીને ઉભી થતી અને બીજા હાથવડે વસ્ત્રને સરખું ધારણ કરતી, વિખરાયેલ વેણી કેશની લટના ભારને ખભા પર વહન કરતી, તે સમયે અત્યંત કાંતિથી શોભતા સુરત પ્રીતિવાળા કૃષ્ણે, આલિંગન આપી ફરી શય્યામાં લાવેલ, આળસવડે શોભતા બાહુવાળું લક્ષ્મીનું શરીર તમને પવિત્ર કરો. આવા અસ્પષ્ટ અને અપ્રસિદ્ધ શબ્દોવાળા સ્તોત્રોવડે સ્તુતિ ન કરવી.

ત્રણ પ્રકારની પૂજાના ઉપલક્ષણથી સકલ લોકોને આનંદદાયક અષ્ટપ્રકારી પૂજા પણ પરમાત્માની જાણવી. તે આ પ્રમાણે :– ઉત્તમગંધ, ધૂપ, નિર્મલ ચોખા, ફૂલ, ઉત્તમ દિપક, નૈવેદ્ય, ફળ અને જળવડે આઠ પ્રકારની જિનપૂજા થાય છે.

(૫) અવસ્થાત્રિક :–

ભગવાનની છદ્મસ્થ, કેવલિ અને સિદ્ધાવસ્થારૂપ ત્રણ અવસ્થાનું સ્વરૂપ સમજીને ચિંતન કરવું.

ભગવાનની છદ્મસ્થ અવસ્થા આ પ્રમાણે ભાવવી. મદજલથી શોભતા ગંડસ્થળવાળા હાથીઓ, યુદ્ધ યોગ્ય ઉદ્ભટ ઘોડાઓ તથા હર્ષોલ્લાસવાળી સ્ત્રીઓથી યુક્ત અપાર સંપત્તિવાળા, વિશાળ રાજ્ય સુખને છોડીને, જેમણે નિઃસંગતારૂપ સાધુપણું લીધું છે– એવા અચિંત્ય મહીમાવાળા તે આ પ્રભુનું દર્શન ભાગ્યશાળી માણસોને જ થાય છે.

ધર્મધ્યાન યુક્ત બુદ્ધિવાળા, મિત્ર અને શત્રુ ઉપર સમાન ભાવવાળા, જાગ્રત એવા ચાર જ્ઞાનવાળા, ઘાસ અને મણિ, સોનું અને પથ્થર પર સમાન દૃષ્ટિવાળા, નિઃસંગ ભાવે વિચરતા તથા નિયાણા રહિત, વિવિધ તપ કરતાં, પ્રશાંત આકૃતિવાળા, ત્રણ જગતના નાથના દર્શન સત્પુણ્યશાળીઓ જ કરી શકે છે.

કેવલી અવસ્થા આ પ્રમાણે ભાવવી :– રાગાદિ ભયંકર શત્રુઓનો સંહાર કરનારૂં પરાક્રમ જેમણે કર્યું છે, જેમનું સ્ફુરાયમાન થતું જ્ઞાન લોકાલોકને જોવામાં પ્રવીણ છે, જેમની વાણીએ જગતના સેંકડો સંશયોને દૂર કર્યા છે. એવા આ ત્રણ જગતના ગુરુને ધન્ય પુરુષો જ જોઈ શકે છે.

અહો ! ત્રણ ભુવનમાં વિભુની વિભૂતિએ કેવો આનંદ કરાવ્યો, આવા પ્રકારની આકૃતિએ ત્રણ જગતમાં કેવો મહોત્સવ કર્યો, પ્રાણીઓના પાપને ચોરનારી વચનચાતુરી અને જગતને વશ કરનારૂં સદ્‌ગુણથી વીંટળાયેલ આપનું ચારિત્ર ખરેખર અદ્‌ભુત છે.

સિદ્ધાવસ્થા આ પ્રમાણે ભાવવી :– જેમનું જ્ઞાન અપ્રતિહત અને અનંત છે, જેમનું દર્શન જ્ઞેય સ્થિતિમાં દોષ રહિત અને ઉત્તમોત્તમ અનંત સુખના સમૂહરૂપ છે, ત્રણ લોકમાં અદ્‌ભૂત મહિમાવાળું જેમનું અનુપમ વીર્ય છે, એવા સિદ્ધ–અવસ્થામાં રહેલ ભગવંતનું ધ્યાન ધન્ય પુરુષો જ કરી શકે છે.

(૬) ત્રણ દિશા ત્યાગ :–

ત્રણ દિશામાં જોવાનો ત્યાગ એટલે જે દિશામાં તીર્થંકરની પ્રતિમા હોય, તે દિશા સન્મુખ જોવું, તે સિવાયની ત્રણ દિશામાં જોવાનો ત્યાગ કરવો એથી ચૈત્યવંદનમાં અનાદર વિગેરે દોષ દૂર થાય છે.

(૭) પ્રમાર્જનાત્રિક :–

ચૈત્યવંદન કરવાની ઈચ્છાવાળા ગૃહસ્થે વસ્ત્રના છેડાથી અને સાધુએ રજોહરણથી જીવજંતુઓના રક્ષણ માટે આંખથી સારી રીતે જોઈ, પોતાના પગ મૂકવાની જગ્યાએ ત્રણ વખત ભૂમિ પ્રમાર્જવી.

(૮) વર્ણત્રિક :–

વર્ણ એટલે અકાર, કકાર વિગેરે વર્ણ (અક્ષર), શબ્દ દ્વારા અભિધેય (સુચિત-પદાર્થ) તે અર્થ, પ્રતિમા વિગેરે આલંબન, આ ત્રણેમાં ઉપયોગવાળા થવું જોઈએ. તેમાં આલંબન આ રીતે ભાવવું. "આઠ પ્રાતિહાર્યોવડે સકલ જગતને આશ્ચર્ય પમાડનાર, મનોહર કાંતિવાળા, સભામાં વિકસ્વર દૃષ્ટિ દ્વારા લોકોને અમૃતના કુવારાથી સિંચતા, સમસ્ત લક્ષ્મીના કારણરૂપ, આનંદપૂર્વક સકલ–દેવો અને મનુષ્યોથી સેવાતા, એવા અત્યંત મહિમાશાળી અરિહંત પરમાત્માનું આલંબન ચૈત્યવંદન કરનારે લેવું જોઈએ.

(૯) મુદ્રાત્રિક :–

જિનમુદ્રા, યોગમુદ્રા અને મુક્તાશુક્તિ મુદ્રા. અશુભ મન–વચન–કાયાનું નિયંત્રણ અને શુભ મન–વચન–કાયાનું પ્રવર્તન કરી, કાયાને સ્થિર કરી, હાથને કમળના ડોડાના આકારે કરી, મનમાં સુંદર ચરિત્રવાળા, અચિંત્ય ચિંતામણી સમાન વંદનીય અરિહંતને સ્થાપન કરી, મધુરતામાં મધ કરતાં પણ મીઠી મધૂરી વાણીથી પ્રણિધાનસૂત્રનું ઉચ્ચારણ કરે.

પંચાંગ પ્રણિપાત એટલે પંચાંગ મુદ્રાવડે પ્રણિપાત. પાંચે અંગોને વિવક્ષિત ક્રિયામાં વાપરવા તે પંચાંગ. અહીં મુદ્રાનો અંગ વિન્યાસ થતો હોવાથી પંચાંગી મુદ્રા કહેવી યોગ્ય છે.

શક્રસ્તવ વિગેરે સ્તોત્રોનો પાઠ યોગમુદ્રાવડે થાય છે. વંદન એટલે ચૈત્યવંદન. તે અરિહંત ચેઇઆણું સૂત્રથી થાય છે. તેથી તે સૂત્ર જિનમુદ્રાથી બોલાય. આ જિનમુદ્રા પગ સંબંધી છે અને યોગમુદ્રા હાથ સંબંધી છે, બંને મુદ્રાનો ઉપયોગ ચૈત્યવંદનમાં કરાય છે. પ્રણિધાન સૂત્ર એટલે જયવીયરાય વિગેરે મુક્તાશુક્તિ મુદ્રાવડે બોલાય છે.

હવે પંચાંગ પ્રણિપાત અને મુદ્રાઓનું લક્ષણ બતાવે છે. બે ઢીંચણ, બે હાથ અને મસ્તક–એ પાંચ અંગથી સારી રીતે નમવું તે પંચાંગ પ્રણિપાત. આંગળીઓ એકબીજામાં પરોવી બંને હાથને કમળના ડોડાકાર કરી પેટ પર બે કોણીઓ મૂકવી તે યોગમુદ્રા.

કાઉસ્સગ્ગ વખતે બે પગ વચ્ચે આગળની બાજુ ચાર આંગળનું અને પાછળની બાજુ ચાર આંગળથી કંઈક ઓછું અંતર રહેતું હોય તે જિનમુદ્રા.

બંને હાથની હથેળી એક બીજાને જોડીને પણ અંદરથી પોલી રાખીને લલાટે બે આંખની વચ્ચે અડાડવી તે મુક્તા–શુક્તિ મુદ્રા. કેટલાક આચાર્ય ભગવંતોના મતે લલાટથી કાંઈક દૂર રાખવી.

(૧૦) પ્રણિધાનત્રિક :–

અશુભ મન–વચન–કાયાનું નિયંત્રણ અને શુભ મન–વચન–કાયાનું પ્રવર્તન કરી કાયાને સ્થિર કરી, હાથને કમળના ડોડાના આકારે કરી, મનમાં સુંદર ચરિત્રવાળા, અચિંત્ય ચિંતામણી સમાન વંદનીય અરિહંતને સ્થાપન કરી મધુરતામાં મધ કરતા પણ મીઠી મધુરી વાણીથી આ પ્રણિધાન–સૂત્રનું ઉચ્ચારણ કરે.

"હે ત્રણ જગતના નાથ! આપનો જય થાઓ, હે પ્રાણીઓના શરણ! હે જિનેશ્વર! તમારી કૃપા દ્વારા મને શ્રેષ્ઠ વિવેક પ્રગટો, સંસાર ઉપર વૈરાગ્ય થાઓ, સંયમ ભાવ પ્રગટો, ગુણપ્રાપ્તિ સાથે પરાર્થકરણમાં ઉદ્યમ પ્રગટો."

અવગ્રહ :–

दाहिणवामंगठिओ नरनारिगणोऽभिवंदए देवे ।
उक्किट्ठ सट्ठिहत्थुग्गहे जहन्नेण करनवगे ॥ ७७ ॥

પુરુષ–પ્રધાનતાના કારણે પુરુષ પ્રતિમાની જમણી બાજુ અને સ્ત્રી ડાબી બાજુ ઉત્કૃષ્ટથી સાઠ હાથ અને જઘન્યથી નવ હાથ દૂર રહી વંદન કરે. કેમકે અવગ્રહનું કારણ શ્વાસોશ્વાસ વિગેરેથી ઉત્પન્ન થતી આશાતના ન થાય તે માટે છે. (૭૭)

સંપદા :–

अट्ठट्ठनवट्ठ य अट्ठवीस सोलस य वीस वीसामा ।
मंगलइरियावहिवा सक्कत्थयपमुहदंडेसु ॥ ७८ ॥

પંચમંગલ (નવકારમંત્ર), ઇરિયાવહિ, શક્રસ્તવ વિગેરેની સંપદા એટલે વિસામા અથવા અટકવાના સ્થાનો કહે છે.

પંચમંગલની આઠ, ઇરિયાહિની આઠ, શક્રસ્તવની નવ, અરિહંત ચેઇઆણું'ની આઠ, લોગસ્સની અઠ્ઠાવીસ, પુખ્ખરવરદીવઢ્ઢેની સોળ અને સિદ્ધાણું બુદ્ધાણું'ની વીસ સંપદા છે. (૭૮)

પંચમંગલની સંપદા :–

पंचपरमेट्ठिमंते पए पए सत्त संपया कमसो ।
पज्जन्तसत्तरक्खर परिमाणा अट्ठमी भणिआ ॥ ७९ ॥

પંચપરમેષ્ઠિમાં એક એક પદની પહેલી સાત સંપદાઓ છે અને છેલ્લી આઠમી સંપદા સત્તર અક્ષર પ્રમાણની છે.

પંચપરમેષ્ઠિમંત્રમાં 'નમો અરિહંતાણું' વિગેરે પદોની ક્રમશઃ સાત સંપદા જાણવી અને છેલ્લી "મંગલાણું ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં" એ બે પદની સત્તર અક્ષર પ્રમાણની સંપદા ગણધર ભગવંતોએ કહી છે.

અન્ય આચાર્યોના મતે "એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો" એ બે પદની સોળ અક્ષરની, છઠ્ઠી "મંગલાણું ચ સવ્વેસિં" એ આઠ અક્ષરની સાતમી અને "પઢમં હવઇ મંગલં" એ નવ અક્ષરની આઠમી સંપદા કહી છે.

अंतिमचूलाइ तियं सोलस अट्ठ नवक्खर जुयं चेव ।
जो पढइ भत्तिजुत्तो सो पावइ सासयं ठाणं ॥

અંતિમ ચુલિકા સોલ, આઠ, નવ અક્ષર પ્રમાણની છે. તેને જે ભક્તિયુક્ત થઈ ગણે, તે શાશ્વત સ્થાનને પામે છે.

એ રીતે ઇરીયાવહિ વિગેરેમાં પણ સંપદા વિષયક યથાયોગ્ય મતાંતરો બુદ્ધિમાનોએ જાણી લેવા.

જો કે "હવઇ" અને "હોઇ" આ બે પદોમાં કોઇપણ અર્થ–ભેદ નથી. "હોઇ મંગલં" એ પાઠથી શ્લોકમાં અક્ષર વધતો નથી. (એટલે ગ્રંથ–લાઘવ થાય તે ફાયદો છે) છતાં પણ "હવઇ" એ પ્રમાણે જ બોલવું.

'નમસ્કાર વલયક' વિગેરે ગ્રંથોમાં સર્વ મંત્રરત્નોને ઉત્પન્ન કરવા માટે ખાણ સમાન; ઇચ્છિત પદાર્થને આપવામાં શ્રેષ્ઠ કલ્પવૃક્ષ સમાન; ઝેર–નાગ–શાકિની–ડાકિની–ચાકિની વિગેરેનો નિગ્રહ કરવામાં સમર્થ શક્તિમાન, સકલ જગતને વશીકરણ આકર્ષણ

કાર્યમાં નિશ્ચિત સફળતા આપનાર, અતિ પ્રભાવશાળી એવા ચૌદપૂર્વોના સારરૂપ પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રની જ્યાં વ્યાખ્યા કરેલી છે, ત્યાં તેવા પ્રકારના પ્રયોજન ઉદ્દેશથી બત્રીશ દલના કમળરૂપ યંત્રનું આલેખન કરાય, તે દરેક દલમાં શ્લોકનો એક એક અક્ષર અવશ્ય સ્થાપવો જોઇએ અને ત્રેવીસમો અક્ષર નાભિમાં સ્થાપવો જોઇએ. નહિ તો નાભિનો ભાગ શૂન્ય રહે. યંત્ર, પદ્મ વિગેરેમાં મહામંત્રની એક માત્રા પણ ઓછી સ્થાપન કરાય તો તે મંત્રથી સાધવા ધારેલ વિશિષ્ટ ઇચ્છિત ફળની પૂર્ણ પ્રાપ્તિ થતી નથી માટે "હવઇ" એ પ્રમાણેનો પાઠ જ યોગ્ય છે.

પૂર્વાચાર્યકૃત પ્રકરણમાં પણ કહ્યું છે,

"अट्ठसट्ठि अक्खरपरिमाणु जिणसासणि नवकारपहाणू ।
अंतिमचूला तिन्नि पसिद्धा सोलसअट्ठनवक्खररिद्धा ॥"

"જિનશાસનમાં (૬૮) અડસઠ અક્ષરના પરિમાણવાળો નવકાર પ્રધાન છે. તેની અંતિમ ચૂલાના ત્રણ પદ સોલ, આઠ, નવ અક્ષર પ્રમાણ છે." તેથી "હવઇ" પાઠ જે લખેલો છે તે અભિમાનથી કહ્યો છે એ પ્રમાણે સમજુ માણસોએ ન માનવું.

ઇરિયાવહિયાની સંપદા :-

પ્રારંભના પદને જાણવાથી જે સંપદામાં જે પદો છે તે સુખપૂર્વક જાણી શકાય માટે ઇરિયાવહિયાની આઠ સંપદાના પ્રથમ પદો જણાવે છે.

इच्छ गम पाण ओसा जे मे एगिंदि अभिहया तस्स ।
इरियाविस्सामेसुं पढमपया हुंति दट्ठव्वा ॥ ८० ॥

ઇરિયાવહિયાની આઠ સંપદાના પ્રથમ પદોની નીચે મુજબ જાણવા. ૧ 'ઇચ્છામિ પડિક્કમિઉં' ૨ 'ગમણાગમણે' ૩ 'પાણક્કમણે' ૪ 'ઓસાઉત્તિંગ' ૫ 'જે મે જીવા વિરાહિયા' ૬ 'એગિંદિયા' ૭ 'અભિહયા' ૮ 'તસ્સ ઉત્તરીકરણેણં' થી ઠામિ કાઉસ્સગ્ગં સુધી...(૮૦)

નમુત્થુણંની સંપદા :-

अरिहं आइग पुरिसो लोगो भय धम्म अप्प जिण सव्वा ।
सक्कत्थयसंपयाणं पढमुल्लिगणपया नेया ॥ ८१ ॥

અરિહંતાણં, આઇગરાણં, પુરિસુત્તમાણં, લોગુત્તમાણં, અભયદયાણં, ધમ્મદયાણં, અપ્પડિહય, જિણાણં જાવયાણં, સવ્વન્નૂણં આ પ્રમાણે શક્રસ્તવની સંપદાના પ્રથમ પદો જાણવા.

શક્રસ્તવની સંપદાના આદિ પદો કહે છે. આ સૂત્રમાં નવ સંપદા છે. તેમાં પહેલું (નમુત્થુણં) કર્તાની ક્રિયા પ્રતિપાદક તરીકે જ છે માટે સંપદા તરીકે ગ્રહણ કરેલ નથી. "અરિહં" પદથી બે પદો દ્વારા પહેલી સ્તોતવ્ય સંપદા જણાવી કેમકે અરિહંત ભગવંતો સ્તવવાને યોગ્ય છે.

"આઇગ" એ ત્રણ અક્ષરના બનેલા પદથી સૂચિત ત્રણ પદવાળી બીજી સંપદા જાણવી. આ સંપદા સ્તોતવ્ય સંપદાના જ મુખ્ય સાધારણ-અસાધારણ ગુણરૂપ હેતુ સંપદા છે. કારણકે અરિહંતો તીર્થની આદિ કરવાના સ્વભાવવાળા, તીર્થંકરરૂપ અને સ્વયંસંબુદ્ધ હોય છે.

"પુરિસ" એ ગાથાવયવ વડે સૂચિત પ્રારંભિક પદથી ચાર પદવાળી ત્રીજી સંપદા કહી. આ સ્તોતવ્ય સંપદાના અસાધારણ ગુણરૂપ હેતુ સંપદા કહી. પુરુષોત્તમો જ સિંહ, પુંડરિક અને ગંધહસ્તિના ધર્મોથી (ગુણોથી) યુક્ત હોય છે, તેથી તેઓ સ્તોતવ્ય બને છે.

"લોગો" એ બે અક્ષર વડે સૂચિત પ્રથમ પદથી પાંચ પદવાળી ચોથી સંપદા કહી. આ સંપદા, સ્તોતવ્ય સંપદાના જ સામાન્યથી સર્વ લોકોને ઉપકાર કરવા સ્વરૂપ ઉપયોગ સંપદા છે, કારણ કે લોકોત્તમત્વ, લોકનાથત્વ, લોકહિતત્વ, લોકપ્રદીપત્વ, લોક-પ્રદ્યોતકરત્વ-એ પરોપકાર સ્વરૂપ હોય છે.

"અભય" એ ત્રણ અક્ષરથી સૂચિત પ્રથમ પદ વડે પાંચ પદ પ્રમાણની પાંચમી સંપદા છે. આ સંપદા ઉપયોગ સંપદાની હેતુ સંપદા જાણવી, કારણ કે અભયદાન, ચક્ષુદાન, માર્ગદાન, શરણદાન, બોધિદાન વડે પરાર્થસિદ્ધ થાય છે.

"ધમ્મ" એ બે અક્ષરથી સૂચિત પહેલા પદથી પાંચ પદરૂપ છઠ્ઠી સંપદા છે. આ સંપદા સ્તોતવ્ય સંપદાની જ વિશેષથી ઉપયોગ સંપદા જાણવી. ધર્મદત્વ, ધર્મ-દેશકત્વ, ધર્મનાયકત્વ, ધર્મસારથિત્વ, ધર્મવરચાતુરન્તચક્રવર્તીત્વથી તે સ્તોતવ્ય સંપદાનો વિશેષોપયોગ થતો હોય છે.

"અપ્પ" એ બે અક્ષર દ્વારા સૂચિત પ્રથમ પદથી બનેલ એવા બે પદ દ્વારા સાતમી સંપદા જાણવી. આ સંપદા સ્તોતવ્ય સંપદાની જ સકારણ સ્વરૂપ સંપદા છે. અપ્રતિહત ઉત્તમ જ્ઞાન દર્શન ધરનારા તેમજ છદ્મસ્થતા રહિત આત્માઓ જ અરિહંત ભગવાન થાય છે.

"જિન" એ બે અક્ષરથી સૂચિત પહેલા પદથી ચાર આલાવાવાળી આઠમી સંપદા

જાણવી. આ સંપદા આત્મતુલ્ય પરફલકર્તૃત્વ સંપદા કહેવાય છે. કેમકે જિનજાપકત્વ, તીર્ણતારકત્વ, બુદ્ધબોધકત્વ, મુક્તમોચકત્વનું [૧]આત્મતુલ્ય પરફલકર્તૃત્વ સ્વરૂપ કહેવાય છે.

"સવ્વ" એ બે અક્ષર દ્વારા સૂચિત પ્રથમ પદથી ત્રણ આલાપકવાળી "જિય ભયાણં" સુધીની નવમી સંપદા છે. આ સંપદા દ્વારા પ્રધાન ગુણનો નાશ ન થતો હોવાથી અને પ્રધાન ફલની પ્રાપ્તિ થતી હોવાથી આને અભય સંપદા જાણવી. કારણ કે આ સંપદા આત્મતુલ્યપરફલકર્તા એવા સર્વજ્ઞ સર્વદર્શિઓને જ શિવ-અચલ વિગેરે ગુણવાળા સ્થાનની પ્રાપ્તિ થવાથી પ્રત્યક્ષ નિર્ભયતા પ્રાપ્ત થાય છે.

આ સંપદાઓ અનંત ધર્માત્મક મુખ્ય પદાર્થમાં મુખ્યપણે સંભવે જ છે. પદાર્થમાં અનંત ધર્મત્વપણું પ્રાપ્ત થતું નથી-એમ ન કહેવું. પદાર્થમાં અનંત ધર્મત્વનું પ્રતિપાદન અમારા ગુરુ મ. (ટીકાકાર પૂજ્યશ્રીનાં) પૂજ્ય દેવભદ્રસૂરિ મહારાજ રચિત 'પ્રમાણ પ્રકાશવાદ મહાર્ણવાદિ' મોટા તર્કશાસ્ત્રના ગ્રંથોમાં વિસ્તારથી સિદ્ધ કરેલ હોવાથી અહિં અમે વિવેચન કરતા નથી.

શક્રસ્તવના આલાપકો (પદો) તેત્રીસ જાણવા. છેલ્લે જે "જે અઇયા સિદ્ધા" ગાથા છે તે જરૂર બોલવી જોઇએ, કેમકે પૂર્વના મહાશ્રુતધરોએ શક્રસ્તવના અંતે બોલવાની કહી છે. પરંતુ "ઔપપાતીક" વિગેરે ગ્રંથોમાં "નમો જિણાણં, જિય ભયાણં" સુધી જ શક્રસ્તવનો પાઠ છે, માટે અમારે પણ આ ગાથા જાતે ન બોલવી એમ કુબોધ-કદાગ્રહ-ગ્રસ્ત ચિત્તવાળા અને નવા કુવિકલ્પજાળની કલ્પનામાં કુશળ આધુનિક મતવાળા કહે છે, તે બરાબર નથી. કેમકે અશઠ, નિરભિમાની, ગીતાર્થ, પ્રાચીન આચાર્યો વડે જે આચરાયેલું હોય તે આદરણીય જ છે.....(૮૧)

अरिहंत चेइआणंની સંપદા:-

अरिहं वंदण सद्धा अण्णत्थू सुहुम एव जा ताव ।
अरिहंतचेइयथए विस्सामाणं पया पढमा ॥ ८२ ॥

અરિહંત ચેઇઆણં સ્તવની સંપદાના પહેલા પદો આ પ્રમાણે છે:- અરિહં, વંદણ, સદ્ધા, અન્નત્થ, સુહુમ, એવ, જા, તાવ.

અરિહંત ચેઇઆણં દંડકમાં આઠ સંપદા છે. તેના પ્રારંભિક પદોનું નિરૂપણ કરે છે. તેમાં (૧) 'અરિહંત' પદથી સૂચિત બે પદની, (૨) 'વંદણ' પદ વડે સૂચિત છ

---

૧ જે શક્તિ પોતાનામાં હોય તે બીજાને આપવાની શક્તિ, તેનું નામ આત્મતુલ્યપરફલ કર્તૃત્વ. દા.ત. જિનેશ્વર પોતે રાગ-દ્વેષને જીતેલા હોવાથી જિન અને બીજાને જીતાડનાર હોવાથી જાપક કહેવાય છે.

પદની, (૩) 'સદ્ધા' પદ વડે સૂચિત સાત પદની, (૪) 'અન્નત્થ' પદ વડે સૂચિત નવ પદની, (૫) 'સુહુમ' પદ વડે સૂચિત ત્રણ પદની, (૬) 'એવ' પદ વડે સૂચિત છ પદની, (૭) 'જા' પદ વડે સૂચિત ચાર પદની અને (૮) 'તાવ' પદ વડે સૂચિત છ પદની. સંપદાઓ છે. આ પ્રમાણે અર્હંતચૈત્યસ્તવમાં સંપદાના પ્રથમ પદો જાણવા, પહેલા પદોનું જ્ઞાન થવાથી વચ્ચેના પદો જાણવા સહેલા પડે, માટે પ્રથમ પદો અહિં જણાવ્યા છે...(૮૨)

'નામસ્તવ,' 'શ્રુતસ્તવ,' સિદ્ધસ્તવ' ની સંપદા :–

અટ્ઠાવીસા સોલસ વીસા ય જહક્કમેણ નિદ્દિટ્ઠા ।
નામજિણટ્ઠવણાઇસુ વીસામા પાયમાણેણં ॥ ૮૩ ॥

નામ, શ્રુત અને સિદ્ધસ્તવમાં યથાક્રમ પ્રમાણે અટ્ઠાવીસ, સોલ અને વીસ સંપદાઓ પદ પ્રમાણે જાણવી.

ચતુર્વિંશતિ જિનસ્તવ (લોગસ્સ દંડક). શ્રુતસ્તવ (પુક્ખવર દંડક). સિદ્ધસ્તવ (સિદ્ધાણં બુદ્ધાણં દંડક)માં એક એક ગાથાના પદ વડે યથાક્રમે લોગસ્સની અટ્ઠાવીસ સંપદાઓ, પુક્ખવરદિવડ્ઢેની સોલ સંપદાઓ, સિદ્ધાણં બુદ્ધાણંની વીસ સંપદાઓ જાણવી. ત્રણે દંડકોની સંપદા, પાદપ્રમાણ એટલે શ્લોકના ચોથા ભાગ પ્રમાણની જાણવી...(૮૩)

ચૈત્યવંદનના બાર અધિકાર :–

દુણ્ણેગં દુણ્ણિ દુગં પંચેવ કમેણ હુંતિ અહિગારા ।
સક્કત્થયાઇસુ ઇહં થોયવ્વવિસેસવિસયા ઉ ॥૮૪॥

શક્રસ્તવમાં બે, અર્હંતચૈત્યસ્તવમાં એક, ચતુર્વિંશતિ જિનસ્તવમાં બે, શ્રુતસ્તવમાં બે, સિદ્ધસ્તવમાં પાંચ અધિકાર છે.

જે અધિકારાય એટલે આશ્રય કરાય તે અધિકાર=પ્રસ્તાવ વિશેષ. શક્રસ્તવ વિગેરેમાં સ્તવવા યોગ્ય વિષય બાર છે, તે બાર અધિકાર આશ્રયિને ચૈત્યવંદન કરાય છે. (૮૪)

પઢમં નમોઽત્થુ જે અઇયસિદ્ધ અરહંતચેઇયાણંતિ ।
લોગસ્સ સવ્વલોએ પુક્ખર તમતિમિર સિદ્ધાણં ॥ ૮૫ ॥
જો દેવાણવિ ઉજ્જિત સેલ ચત્તારિ અટ્ઠ દસ દોય ।
વેયાવચ્ચગરાણ ય અહિગારુલ્લિંગણપયાઇં ॥ ૮૬ ॥

(૧) નમોઽત્થુણં (૨) જે અઈયા સિદ્ધા (૩) અરિહંત ચેઇયાણં, (૪) લોગસ્સ (૫) સવ્વલોએ (૬) પુક્ખરવરદિવઢ્ઢે (૭) તમતિમિર (૮) સિદ્ધાણં બુદ્ધાણં (૯) જો દેવાણ વિ દેવો (૧૦) ઉજ્જિત સેલસિહરે (૧૧) ચત્તારિ અટ્ઠ દસ દોય (૧૨) વેયાવચ્ચગરાણં.

આ બાર અધિકારોના આદિ પદો છે.

બાર અધિકારો બતાવે છે.

'નમુત્થુણં' થી જિયભયાણં' સુધી ભાવ અરિહંતોએ પ્રાપ્ત કરેલા સદ્‌ભૂત ગુણોના કિર્તનરૂપ પહેલો અધિકાર છે. આ અધિકારમાં ભાવ–અરિહંતોની સ્તવના છે.

(૨) ' જે અઇયા સિદ્ધા ' એ ગાથા દ્વારા બીજો અધિકાર કહ્યો. આમાં દ્રવ્ય અરિહંતોને વંદના કરાય છે. દ્રવ્યરૂપે અરિહંતો તે દ્રવ્યઅરિહંત. જેઓ ચોત્રીસ અતિશયવંત અરિહંતપણુ પામીને સિદ્ધ થયા છે અને સિદ્ધ થશે, તથા વર્તમાનકાળે છદ્મસ્થ અવસ્થામાં રહેલા તે દ્રવ્યઅરિહંતોને અહિં વંદન કરાય છે.

ભૂતકાળમાં થયેલ હોય કે ભવિષ્યમાં થનાર હોય અથવા તો ભાવનું જે કારણ હોય એવા સચિત્ત કે અચિત્ત પદાર્થને ગણધરોએ દ્રવ્ય કહ્યું છે.

દ્રવ્ય અરિહંતો પણ અર્હદ્‌ભાવને પામેલા જ વંદનીય તરીકે માન્ય છે. માટે 'જે અઇયા સિદ્ધા' ગાથા પુનરુક્ત દોષવાળી છે, કેમકે વર્તમાનકાળ અને ભૂતકાળના જે જિનેશ્વરો અર્હદ્‌ભાવને પ્રાપ્ત થયેલા છે તે જ વંદનીય છે. પરંતુ નરક વિગેરેમાં રહેલા નહિં. આ વાતને જણાવવા માટે આ ગાથા કહી છે. આ 'દ્રવ્યઅરિહંત વંદના' નામનો બીજો અધિકાર.

(૩) " અરિહંત ચેઇયાણં " સૂત્રદંડક દ્વારા દેરાસરમાં સ્થાપિત જિનબિંબોને વંદન કરાય છે માટે આને 'સ્થાપનાઅરિહંત વંદન' અધિકાર કહે છે.

(૪) " લોગસ્સ ઉજ્જોઅગરે " સૂત્ર વડે આ અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા, ભવ્યજનોના ભાવિમાં થનાર સમસ્ત ક્લેશને દૂર કરનાર, એવા આસન્ન ઉપકારી ચોવીસ તીર્થંકરોના નામોત્કીર્તન પૂર્વક સ્તવના કરાય છે, તે આ જિનનામોત્કીર્તન નામનો ચોથો અધિકાર.

(૫) "સવ્વલોએ" શબ્દથી સૂચિત 'અરિહંત ચેઇયાણં" વિગેરે સૂત્ર વડે ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકમાં શાશ્વત–અશાશ્વત જિનાલયોમાં રહેલ જિનબિંબોને વંદન કરાય છે. 'સર્વલોકમાં દેવગૃહસ્થિત જિન સ્થાપના સ્તવ' નામનો આ પાંચમો અધિકાર.

(૬) 'પુક્ખર' એ ગાથાના ત્રણ અક્ષર વડે સૂચિત પુક્ખરવરદીવડ્ઢે નામની સંપૂર્ણ ગાથાથી અર્ધપુષ્કરવરદ્વીપ, ધાતકીખંડ અને જંબૂદ્વીપમાં રહેલ અરિહંતોની સ્તુતિ કરાય છે. અઢીદ્વીપમાં રહેલા 'ભાવાર્હત સ્તવ' નામનો આ છઠ્ઠો અધિકાર.

પ્રશ્ન :–અત્યારે તો શ્રુત–સ્તવનો જ અધિકાર છે. તો પછી પ્રસંગ વગરની તીર્થંકરની સ્તવના શા માટે કરાય છે ?

જવાબ:—શ્રુતજ્ઞાનોત્પત્તિનું કારણ તીર્થંકર ભગવંતો છે. શ્રુતજ્ઞાન એમનાથી જ પ્રવર્ત્યું છે. આગમમાં કહ્યું છે કે 'अत्थं भासइ अरहा' સૂત્રકાર ગણધરોને પણ તીર્થંકરો જ અર્થ કહે છે. બીજું અહિં શ્રુતસ્તવનો પ્રસંગ હોવા છતાં પણ તીર્થંકર સ્તવના દ્વારા એ જણાવે છે કે, કોઇપણ કાર્ય કરીયે ત્યારે કલ્યાણના અર્થીએ તીર્થંકરને નમસ્કાર-પૂર્વક જ તે કાર્ય કરવું જોઇએ. આ રીતે જ સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

(૭) "तमतिमिर" ગાથાક્ષરો વડે સૂચિત આગળની ગાથાઓ દ્વારા શ્રુતજ્ઞાનની સ્તવના કરાય છે. આ સાતમો શ્રુતસ્તુતિનો અધિકાર.

(૮) 'सिद्धाणं' એ પદ વડે સૂચિત આખી ગાથા વડે સિદ્ધ ભગવંતોની સ્તુતિ જાણવી. સિદ્ધસ્તુતિ નામનો આ આઠમો અધિકાર.

(૯) 'जे देवाण वि' એ ગાથાક્ષરો વડે સૂચિત બે ગાથા દ્વારા આ તીર્થના પ્રવર્તક અને અતિ નજીકના મહા ઉપકારી હોવાથી ભગવાન મહાવીરની સ્તવના અને તેમને કરેલ નમસ્કારનું ફલ પ્રગટ કરનારો આ વીરસ્તવ નામનો નવમો અધિકાર.

(૧૦) 'उज्जिंत सेल' એ ગાથાના અંશ વડે સૂચિત આખી ગાથા વડે સમસ્ત જગતના તિલક સમાન શ્રી નેમિનાથ ભગવાનની સ્તવના કરાય છે. શ્રી નેમિનાથની સ્તવનારૂપ આ દશમો અધિકાર.

(૧૧) 'चत्तारि अट्ठ' એ ગાથા વડે આશંસાકરણપૂર્વક ચોવીશ જિનેશ્વરોનું પ્રણિધાન કરાય છે. આ અગિયારમો અધિકાર.

(૧૨) 'वेयावच्चगराणं' આ પદ વડે સૂચિત वेयावच्चगराणं—संतिगराणं વગેરે કહેવાપૂર્વક કાયોત્સર્ગ કરી તે દેવદેવીની સ્તુતિ બોલવા સુધીનો બારમો અધિકાર.

આ રીતે નમોત્થુણં વિગેરે પદો, બાર અધિકારોનો ઉલ્લેખ કરનારા આદિ પદો જાણવા.

જે અધિકારમાં જે જિનેશ્વર ભગવાન આદિને વંદન કરાય છે, તે બાબત સૂત્રકાર પોતે જણાવે છે...(૮૫–૮૬)

पढमे छट्ठे नवमे दसमे एक्कारसे य भावजिणे ।
तइयंमि पंचमंमि य ठवणजिणे सत्तमे नाणं ॥ ८७ ॥
अट्ठमबीयचउत्थेसु सिद्धदव्वारिहंतनामजिणे ।
वेयावच्चगरसुरे सरेमि बारसमअहिगारे ॥ ८८ ॥

પહેલા, છઠ્ઠા, નવમા, દશમા અને અગ્યારમા અધિકારમાં ભાવ-જિનની, ત્રીજા અને પાંચમા અધિકારમાં સ્થાપનાજિનની, સાતમા

અધિકારમાં જ્ઞાનની, આઠમામાં સિદ્ધની, બીજામાં દ્રવ્યઅરિહંત અને ચોથામાં નામ-જિનની સ્તુતિ અને બારમા અધિકારમાં વૈયાવચ્ચ કરનાર દેવોની સ્તુતિ છે.

શક્રસ્તવરૂપ પહેલા અધિકારમાં ' જિયભયાણું ' સુધી, ' પુક્ખરવરદીવડ્ઢે ' ની ગાથારૂપ છઠ્ઠા અધિકારમાં, 'જે દેવાણુ વિ દેવો' ગાથારૂપ નવમા અધિકારમાં, 'ઉજ્જિત-સેલ સિહરે ' ગાથામાં દશમા અધિકારમાં અને ' ચત્તારિ અટ્ઠ દસ દોય ' અગિયારમા અધિકારમાં ભાવજિનને વંદનીયરૂપે સ્મરાય છે.

ભાવજિનનું સ્વરૂપ :-

સમસ્ત ત્રણ જગતમાં અતિશયરૂપ અશોકવૃક્ષ વિગેરે વિશિષ્ટ આઠ પ્રતિહાર્ય વડે આર્યજનોના નયનરૂપી કમળોને શ્રેષ્ઠ ઉત્સવ કરાવનાર, અપાર સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા જીવોને પાર ઉતારવા માટે નાવડી સમાન, અચિંત્ય ચિંતામણીરત્ન તથા કલ્પ-વૃક્ષથી પણ અધિક અને અનુપમ મહિમાવાળા, પ્રગટેલ નિર્મળ કેવળજ્ઞાનરૂપ પ્રકાશના બળથી લોક-અલોકને જાણનાર તથા અદ્ભૂત સમૃદ્ધિને અનુભવતા ભાવ તીર્થંકરો હોય છે.

સ્થાપના જિનની સ્તવના :-

અરિહંત ચેઇયાણું રૂપ ત્રીજા અધિકારમાં સાક્ષાત્ દેવગૃહમાં સ્થાપન કરેલ જેમને વંદન કરવાની ઈચ્છા કરી હોય એવા સાક્ષાત્ પ્રતિમારૂપ જિનને, તેમ જ સવ્વલોએ અરિહંત ચેઇયાણું રૂપ પાંચમાં અધિકારમાં ભવનપતિ; વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક, નંદીશ્વર, મેરૂપર્વત, કુલગિરિ, અષ્ટાપદ, સમેતશિખર, શત્રુંજય, ઉજ્જયંતગિરિ વિગેરે સર્વ લોકમાં રહેલ શાશ્વત અશાશ્વત જિનાલયોમાં રહેલ જિનેન્દ્ર-પ્રતિમારૂપ સ્થાપના-જિનોને સ્મરું છું.

"તમ તિમિર પડલ" રૂપ સાતમા અધિકારમાં કુમતરૂપ અંધકાર સમૂહનો નાશ કરનાર જ્ઞાનને સ્મરું છું.

આઠમા અધિકારમાં સિદ્ધાણું બુદ્ધાણું ગાથા દ્વારા સિદ્ધોનું સ્મરણ કરું છું.

'જે અઇયા સિદ્ધા' રૂપ બીજા અધિકારમાં દ્રવ્યજિનોનું સ્મરણ કરું છું.

'લોગસ્સ ઉજ્જોઅગરે' રૂપ ચોથા અધિકારમાં નામજિનોનું હું સ્મરણ કરું છું.

બારમા અધિકારમાં 'વૈયાવચ્ચગરાણું કરેમિ કાઉસ્સગ્ગં દ્વારા' વૈયાવચ્ચ કરનાર દેવોનું હું સ્મરણ કરું છું.....(૮૭-૮૮)

ચૈત્યવંદનની સુંદર વિધિ જાણી પરંતુ આ પ્રમાણે વિશુદ્ધ વિધિપૂર્વક અહોરાત્ર દરમ્યાન સાધુઓએ અને શ્રાવકોએ કેટલી વાર ચૈત્યવંદન કરવા જોઈએ ? એ પ્રશ્નના જવાબમાં નીચેની ગાથા...

साहूण सत्त वारा होइ अहोरत्तमज्झयारंमि ।
गिहिणो पुण चिइवंदण तिय पंच य सत्त वा वारा ॥ ८९ ॥

સાધુઓને અહોરાત્રીમાં સાતવાર અને શ્રાવકોને સાતવાર, પાંચવાર કે ત્રણવાર ચૈત્યવંદન હોય છે.....(૮૯)

पडिक्कमणे चेइहरे भोयण समयंमि तह य संवरणे ।
पडिक्कमण सुयण पडिबोहकालियं सत्तहा जइणो ॥ ९० ॥

દિવસ–રાત દરમ્યાન સાધુને (૧) સવારના પ્રતિક્રમણના અંતે (વિશાલ લોચનનું) (૨) દેરાસરમાં (૩) ભોજન વખતે (પચ્ચક્ખાણ પારતી વખતનું) (૪) ભોજન વાપર્યા પછી (પચ્ચક્ખાણ માટેનું) (૫) સાંજના પ્રતિક્રમણના પ્રારંભમાં (૬) સંથારા પોરિસી ભણાવતી વખતે અને (૭) સવારે ઉઠીને–આ પ્રમાણે સાતવાર ચૈત્યવંદન થાય છે.....(૯૦)

पडिक्कमओ गिहिणो वि हु सत्तविहं पंचहा उ इयरस्स ।
होइ जहण्णेण पुणो तीसुवि संझासु इय विविहं ॥ ९१ ॥

બે ટાઈમ પ્રતિક્રમણ કરનાર શ્રાવકને સાધુની જેમ સાતવાર, જે શ્રાવક પ્રતિક્રમણ ન કરે તેને પાંચવાર અને જઘન્યથી ત્રણે સંધ્યા સમયે કરવાથી ત્રણ વાર ચૈત્યવંદન થાય છે.....(૯૧)

(૧) જઘન્ય ચૈત્યવંદન :–

नवकारेण जहन्ना दंडकथुइजुयलमज्झिमा नेया ।
उक्कोसा विहिपुव्वगसक्कत्थयपंचनिम्माया ॥ ९२ ॥

જઘન્ય ચૈત્યવંદન એક નવકાર એટલે નમો અરિહંતાણું વિગેરે બોલવાપૂર્વક, મધ્યમ ચૈત્યવંદન દંડક અને સ્તુતિયુગલપૂર્વકનું જાણવું તથા ઉત્કૃષ્ટ ચૈત્યવંદન વિધિપૂર્વકના પાંચ શક્રસ્તવરૂપ જાણવું.

પ્રશ્ન :–ચૈત્યવંદન કેટલા પ્રકારે છે ?

ઉત્તર :–જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારે ચૈત્યવંદન છે.

(૧) તેમાં જઘન્ય ચૈત્યવંદન એ નમો અરિહંતાણું વિગેરે બોલવાપૂર્વક અથવા તો–

'पायान्नेमिजिनः स यस्य रुचिभिः श्यामीकृताङ्गस्थिता–
वग्रे रुपदिदृक्षया स्थितवति प्रीते सुराणां प्रभौ
काये भागवते च नेत्रनिकरैर्वृत्रद्विषो लाञ्छिते,
सम्मभ्रान्ताखिदशाङ्गनाः कथमपि ज्ञात्वा स्तवं, चक्रिरे ॥ १ ॥'

રૂપ જોવાની ઇચ્છાથી નજીક ઉભા રહેલા અને ખુશ થયેલા દેવોના સ્વામિ એવા ઇન્દ્રનું શરીર જેમની (જેમના દેહની) છાયા વડે શ્યામ થયું છે, તેથી ઇન્દ્ર અને

ભગવાન એક સરખા લાગવાથી ભ્રમમાં પડેલી (કે આ બેમાં ભગવાન કોણ ?) દેવાંગનાઓએ નેત્રદ્વારા અને માંડ-માંડ ઓળખીને જેમની સ્તુતિ કરી તે શ્રી નેમિનાથ-ભગવાન રક્ષણ કરો.

બીજા કેટલાકો માત્ર પ્રણામરૂપ જઘન્ય ચૈત્યવંદન કહે છે. પ્રણામ પાંચ પ્રકારે છે.

૧. એક મસ્તક નમાવવા રૂપ એકાંગ પ્રણામ.

૨. બે હાથ જોડવા રૂપ દ્વયંગ પ્રણામ.

૩. બે હાથ અને મસ્તક નમાવવાપૂર્વક ત્રયંગ પ્રણામ.

૪. બે હાથ અને બે જાનુ નમાવવા રૂપ ચતુરંગ પ્રણામ.

૫. મસ્તક, બે હાથ અને બે જાનુ નમાવવા રૂપ પંચાંગ પ્રણામ છે.

(૨) મધ્યમ ચૈત્યવંદન :-

અરિહંત ચેઇયાણું અને એક સ્તુતિરૂપ એમ બે સ્તવયુગલરૂપ મધ્યમ ચૈત્યવંદન જાણવું.

બીજા આચાર્યો આ પ્રમાણે કહે છેઃ-શક્રસ્તવ વિગેરે પાંચ દંડક તથા સ્તુતિ યુગલ એટલે ચાર થોયો રૂપ જે વંદના તે મધ્યમ ચૈત્યવંદના. વર્તમાનકાળની રૂઢિથી આને એકવાર વંદના એ પ્રમાણે ઓળખે છે.

(૩) ઉત્કૃષ્ટ ચૈત્યવંદન :-

વિધિપૂર્વક પાંચ શક્રસ્તવ દંડકયુક્ત જયવીયરાય પ્રણિધાન સૂત્રસુધીની ચૈત્યવંદનાથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે.

બીજાઓ એમ કહે છે કે પાંચ શક્રસ્તવ બોલવાથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના થાય છે. તે આ પ્રમાણેઃ-ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવાની ઇચ્છાવાળો સાધુ કે શ્રાવક દેરાસર જઈ, ઉચિત ભૂમિની પ્રમાર્જના કરી, પરમાત્માની સમક્ષ આંખ અને મન સ્થાપન કરી, સંવેગ અને વૈરાગ્યના સમૂહના કારણે વિકસિત રોમરાજીવાળો, બની, આનંદના કારણે હર્ષાશ્રુથી યુક્ત, ભગવંતના ચરણકમળની વંદના અતિ દુર્લભ છે-એમ માનતો, અંગોપાંગને સારી રીતે ગોપવી, યોગમુદ્રાપૂર્વક, પરમાત્માની સન્મુખ, અસ્ખલિત વિગેરે ગુણોપૂર્વક શક્રસ્તવને બોલે. તે પછી ઇરિયાવહી પડિક્કમે, પછી પચ્ચીસ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કરી ઉપર પૂર્ણ લોગસ્સ બોલીને બે ઢીંચણ ભૂમિ પર સ્થાપન કરી, બે હાથ જોડી કોઇક સદ્કવિએ રચેલ જિનનમસ્કારરૂપ ચૈત્યવંદન બોલવાપૂર્વક શક્રસ્તવ વિગેરે પાંચ દંડકો વડે જિનને વંદે. તેમાં ચોથી સ્તુતિ પૂરી થાય એટલે ફરીવાર શક્રસ્તવ કહીને બીજીવાર ઉપરોક્ત પ્રમાણે ચાર થોય કરે, તે પછી ચોથીવાર શક્રસ્તવ બોલીને પવિત્ર સ્તોત્ર કહીને 'જય વીયરાય' વિગેરે સૂત્ર વડે પ્રણિધાન કરીને શક્રસ્તવ કહે.

આ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના ઇરિયાવહી પડિક્કમવાપૂર્વક થાય છે. જઘન્ય અને મધ્યમ ચૈત્યવંદન ઇરિયાવહી કર્યા વગર પણ થાય છે.

વંદનદ્વાર

मुहणंतयदेहाऽऽवस्सएसु पणवीस हुंति पत्तेयं ।
छट्ठाणा छच्च गुणा छच्चेव हवंति गुरुवयणा ॥ ९३ ॥
अहिगारिणो य पंच य इयरे पंचेव पंच पडिसेहा ।
एक्कोऽवग्गह पंचाभिहाण पंचेव आहरणा ॥ ९४ ॥
आसायण तेत्तीसं दोसा बत्तीस कारणा अट्ठ ।
बाणउयसयं ठाणाण वंदणे होइ नायव्वं ॥ ९५ ॥

મુહપત્તિ (મોઢાની આગળ રાખવાનું વસ્ત્ર)ના, શરીરના અને આવશ્યકના (બે અવનત આદિ) પચ્ચીસ પચ્ચીસ સ્થાનો, ઇચ્છા વિગેરે છ સ્થાનો, વિનય વિગેરે છ ગુણો, છંદેણુ વિગેરે ગુરુના છ વચન, જેમને વંદન કરાય તે અધિકારી (આચાર્ય વિગેરે) પાંચ, જેમને વંદન ન કરાય તે પાંચ અનધિકારી (પાસત્થા વિગેરે), વ્યાક્ષિપ્ત વિગેરે પાંચ અવસ્થામાં હોય ત્યારે વંદનનો નિષેધકાળ, આત્મપ્રમાણ એક પ્રકારનો અવગ્રહ, વંદનના પાંચ નામ તથા શીતલાચાર્ય વિગેરેના પાંચ દૃષ્ટાંતો.

ગુરુની તેત્રીસ આશાતના, બત્રીસ વંદનના દોષ તથા પ્રતિક્રમણ વિગેરે આઠ વંદનના કારણો—આ પ્રમાણે વંદનના ૧૯૨ સ્થાનો હોય છે...(૯૩-૯૫)

दिट्ठिपडिलेहणेगा नव अक्खोडा नवेव पक्खोडा ।
पुरिमिल्ला छच्च भवे मुहपुत्ती होइ पणवीसा ॥ ९६ ॥

એક દૃષ્ટિપડિલેહણા, નવ અક્ષ્ખોડા, નવ પક્ષ્ખોડા, છ પ્રસ્ફોટક મળી કુલ મુહપત્તિના પચ્ચીસ બોલ હોય છે.

મુહપત્તિના પચ્ચીસ બોલ આ પ્રમાણે છે :—વંદન કરવાની ઇચ્છવાળો કોઇક ભવ્ય જીવ, ખમાસમણું દઈ, ગુરુની રજા માંગી, ઉભડક પગે બેસી, મુહપત્તિ પહોળી કરી, તેના આગળના ભાગને દૃષ્ટિથી જુએ—એ એક આલોકન થયું. પછી તેને ફેરવી ત્રણ પ્રસ્ફોટ કરે, ફરી તેને ફેરવી જોઇને બીજા ત્રણ પ્રસ્ફોટ કરે—એ પ્રમાણે છ પ્રસ્ફોટ થયા. તે પછી જમણા હાથની આંગળીની વચ્ચે બે કે ત્રણ પાટલી (વધૂ-ટિક) પાડવાપૂર્વક મુહપત્તિ પકડી, બે પગની વચ્ચે ડાબો હાથ લંબાવી, હાથ પ્રમાર્જનારૂપ ત્રણ ત્રણ પક્ષ્ખોડાનાં આંતરે ત્રણ વખત અક્ષ્ખોડા કરવા, એથી પ્રમાર્જનારૂપ નવ પક્ષ્ખોડા થાય—એ પ્રમાણે મુહપત્તિના પચ્ચીસ સ્થાન થયા...(૯૬)

बाहूसिरमुहहियये पाएसु अ हुंति तिन्नि पत्तेयं ।
पिट्ठीइ हुंति चउरो एसा पुण देहपणवीसा ॥ ९७ ॥

બે હાથ, માથું, મુખ, હૃદય, બે પગ ઉપર ત્રણ ત્રણ અને પીઠ પર ચાર પડિલેહણા-એમ શરીરની પચ્ચીસ પ્રતિલેખના થાય.

દેહની પડિલેહણાના પચ્ચીસ સ્થાન :–

જમણા હાથમાં રહેલ વધૂટિક કરાયેલ મુહપત્તિ વડે ડાબા હાથનો જમણો છેડો, ડાબો છેડો અને વચ્ચેના ભાગની ક્રમસર પ્રમાર્જનારૂપ પહેલું ત્રિક.

જમણા હાથની જેમ ડાબા હાથમાં મુહપત્તિ પકડી ડાબા હાથની જેમ જમણા હાથની પ્રમાર્જના કરવી, એ બીજું ત્રિક.

વધૂટીકને છોડી મુહપત્તિના બે છેડા બે હાથ વડે પકડી માથાનો વચ્ચેનો, ડાબો અને જમણો ભાગ અનુક્રમે પ્રમાર્જે એ ત્રીજું ત્રિક.

માથાની જેમ મોઢું અને છાતીની પણ પ્રમાર્જના કરે એમ ચોથું અને પાંચમું ત્રિક.

જમણા હાથમાં મુહપત્તિ રાખી, ડાબા ખભાથી લઈ પીઠનો ભાગ પ્રમાર્જવો, તે પછી ડાબા હાથમાં મુહપત્તિ રાખી જમણા ભાગની ડાબી પીઠનો ભાગ પ્રમાર્જવો. તે પછી ડાબા હાથમાં રાખેલ મુહપત્તિ વડે જમણી બગલ થી લઈ નીચે જમણી પીઠના નીચેના ભાગ સુધી પ્રમાર્જે, તે પછી જમણા હાથમાં મુહપત્તિ રાખી ડાબી બગલથી લઈ નીચે ડાબી પીઠના નીચેના ભાગ સુધી પ્રમાર્જે. તે પછી વધૂટિકવાળી મુહપત્તિ જમણા હાથમાં રાખી ડાબા અને જમણા પગનો ડાબા–જમણા છેડા વચ્ચેના ભાગને પ્રમાર્જે.

પાંચત્રિકો વડે પંદર પ્રમાર્જના, ચાર પીઠ પ્રમાર્જના અને ડાબા–જમણા પગની બે ત્રિક પ્રમાર્જના. એમ સર્વ મળીને પચ્ચીસ દેહ–પ્રમાર્જના થઈ.

આ દેહ–પ્રમાર્જનાના પચ્ચીસ સ્થાન પુરુષાશ્રયી જાણવા, સ્ત્રીઓને તો ગોપ્ય અવયવોના નિરીક્ષણની રક્ષા માટે બે હાથ, મોઢું અને બે પગની એમ દરેકની ત્રણ પ્રમાર્જના ગણતા પંદર પ્રમાર્જના થાય...(૯૭[૧])

दुओणयं अहाजायं किइकम्मं बारसावयं ।
चउस्सिरं तिगुत्तं च, दुपवेसं एगनिक्खमणं ॥९८॥

બે અવનત, એક યથાજાત, બાર આવર્તવાળુ કૃતિકર્મ, ચાર શિર-નમન, ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ, એક નિષ્ક્રમણ-એમ વંદનના પચ્ચીસ આવશ્યક છે.

---

૧ હાલની પ્રણાલિકામાં જે ફેરફાર છે તે ગુરુગમથી જાણી લેવું.

(૧) મસ્તક વડે નમવું તે નમન, તે બે છે. પહેલું જ્યારે 'ઇચ્છામિ...નિસીહિયાએ' બોલી રજા માંગવા માટે જે નમાય તે. બીજું જ્યારે બાર આવર્ત કરી અવગ્રહની બહાર નીકળતા 'ઇચ્છામિ' બોલી અનુજ્ઞા લેતા જે નમાય તે.

(૨) યથાજાત એટલે જન્મ સમયની અવસ્થા. તે જન્મ બે પ્રકારે છે. (૧) સાધુપણાના સ્વીકાર સમયે અને (૨) યોનિમાંથી નિષ્ક્રમણ સમયે.

યોનિ-જન્મની જેમ સાધુજન્મ ફક્ત રજોહરણ, મુહપત્તિ, ચોલપટ્ટાપૂર્વક તથા કપાળ ઉપર હાથ જોડવાપૂર્વક થાય છે. આ પ્રમાણેની અવસ્થામાં જ વંદન કરાય છે, તેથી તે વંદન પણ યથાજાત કહેવાય છે.

(૩) કૃતિકર્મ એટલે વંદન. તે બાર આવર્તવાળું હોય છે. આવર્ત એટલે સૂત્ર બોલવાપૂર્વક શરીરની ક્રિયા. તે ક્રિયામાં બાર આવર્તો છે. અહિં પહેલેથી અવગ્રહમાં પ્રવેશ કરનાર (૧) અહો (૨) કાયં (૩) કાયસંફાસં ખમણિજ્જો મે કિલામો અપ્પકિલંતાણ બહુસુભેણ મે દિવસો વઇક્કંતો (૪) જત્તાભે (૫) જવણિ (૬) જ્જંચભે-આ સૂત્ર બોલવાપૂર્વક ગુરુના ચરણકમલ ઉપર હાથ મૂકી, મસ્તક, હાથ અડાડવારૂપ છ આવર્તો થાય છે. અવગ્રહમાંથી નીકળીને ફરી પ્રવેશ કરી આ જ છ આવર્તો કરવાથી કુલ બાર આવર્તો થાય છે.

(૪) ચાર શિરઃનમન એટલે ચાર વખત મસ્તક નમાવવું.

પહેલા અવગ્રહમાં પ્રવેશ કરેલ શિષ્ય "ખામેમિ ખમાસમણો દેવસિઅં વઇક્કમં" બોલીને પ્રથમ શિરઃ નમન કરે.

" અહમવિ ખામેમિ તુમં " એ પ્રમાણે બોલનાર આચાર્યનું બીજું શિરઃનમન.

અવગ્રહમાંથી નીકળી ફરીથી પ્રવેશનાર ખમાવતી વખતે આ પ્રમાણે ફરી પરસ્પર શિરઃનમન કરે -એમ ચાર શિરઃનમન.

અન્ય આચાર્યના મતે " સંફાસં " બોલી પહેલું શિરઃનમન અને " ખામેમિ ખમાસમણો" બોલી બીજું શિરઃનમન એ રીતે બીજા વાંદણામાં પણ બે શિરઃનમન -આ પ્રમાણે ચારે ચાર શિષ્યના શિરઃનમન થયા.

(૫) ત્રણ ગુપ્તિથી ગુપ્ત એટલે મનથી સારી રીતે ઉપયોગવાળો, વચનથી સ્ખલના વિગેરે છોડીને અક્ષરોના ઉચ્ચારણ કરતો અને શરીરથી સંપૂર્ણ આવર્તોને કરવાપૂર્વક વંદન કરે.

જેમાં બે વખત પ્રવેશ છે તે દ્વિપ્રવેશ. ગુરુની રજા લઇને અવગ્રહમાં પ્રવેશ કરવો તે પ્રથમ, અવગ્રહમાંથી નીકળી બીજા વાંદણા વખતે ફરી રજા લઈ અવગ્રહમાં પ્રવેશ કરવો તે બીજો પ્રવેશ.

એક નિષ્ક્રમણ : ગુરુના અવગ્રહમાંથી "આવસ્સહિ" બોલવાપૂર્વક નીકળવું તે.

એ પ્રમાણે આવશ્યક પચ્ચીસી થઈ...(૯૮)

इच्छा य अणुण्णवणा अव्वाबाहं च जत्त जवणा य ।
अवराहखामणावि य छट्ठाणा हुंति वंदणए ॥ ९९ ॥

ઇચ્છા, અનુજ્ઞા, અવ્યાબાધા, યાત્રા, યાપના અને અપરાધની ક્ષમાપના –આ છ સ્થાન વંદનનાં છે.

૧. ઇચ્છા :–

ઇચ્છાનાં–નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ છ પ્રકાર છે.

નામ, સ્થાપના ભેદ પ્રસિદ્ધ છે. સચિત્ત વગેરે દ્રવ્યની ઇચ્છા અથવા ઉપયોગશૂન્ય ઇચ્છા તે દ્રવ્યઇચ્છા. મગધ વગેરે ક્ષેત્રની ઇચ્છા તે ક્ષેત્રઇચ્છા. રાત્રી વગેરે કાળની ઇચ્છા તે કાલઇચ્છા. જેમ વેશ્યા, ચોર અને પરસ્ત્રીગામી રાત્રીને ઇચ્છે તથા ભિક્ષાચર સુકાળને અને અનાજનો સંગ્રહ કરનાર વેપારી દુષ્કાળને ઇચ્છે.

ભાવેચ્છા બે પ્રકારે છે પ્રશસ્ત અને અપ્રશસ્ત, જ્ઞાન વિગેરેની ઇચ્છા પ્રશસ્ત અને સ્ત્રી વિગેરેની ઇચ્છા અપ્રશસ્ત છે. વંદનમાં પ્રશસ્ત ભાવેચ્છાનો અધિકાર છે.

૨. અનુજ્ઞા :–

અનુજ્ઞા પણ નામ વિગેરે છ ભેદે છે. તેમાં નામ–સ્થાપના પ્રસિદ્ધ છે.

દ્રવ્ય–અનુજ્ઞા ત્રણ પ્રકારે છે. ૧–લૌકિક, ૨–લોકોત્તર અને ૩–કુપ્રાવચનિક.

લૌકિકના ત્રણ ભેદ સચિત્ત, અચિત્ત અને મિશ્ર. ઘોડા વિગેરેની અનુજ્ઞા સચિત્ત. મોતી, વૈડૂર્ય વિગેરેની અનુજ્ઞા અચિત્ત, વિવિધ આભૂષણોથી શણગારેલ સ્ત્રીની અનુજ્ઞા તે મિશ્રઅનુજ્ઞા.

લોકોત્તર અનુજ્ઞા પણ સચિત્ત વિગેરે ત્રણ પ્રકારે છે.

તેમાં શિષ્યની અનુજ્ઞા સચિત્તઅનુજ્ઞા, વસ્ત્રની અનુજ્ઞા તે અચિત્તઅનુજ્ઞા અને વસ્ત્ર વિગેરે પહેરેલ શિષ્ય વિગેરેની અનુજ્ઞા, તે મિશ્ર અનુજ્ઞા.

આ પ્રમાણે જ કુપ્રાવચનીક, અનુજ્ઞા પણ સચિત્તાદિ ત્રણ પ્રકારે જાણવી.

જેટલા ક્ષેત્રની અનુજ્ઞા અપાય તે ક્ષેત્રઅનુજ્ઞા અથવા જે ક્ષેત્રમાં અનુજ્ઞાની વ્યાખ્યા કરાય અથવા અનુજ્ઞા અપાય તે ક્ષેત્રઅનુજ્ઞા. ક્ષેત્રઅનુજ્ઞા પ્રમાણે કાલઅનુજ્ઞા પણ જાણવી. એટલે અમુક કાળે તમો જજો વિગેરે. ભાવઅનુજ્ઞા તે આચારાંગ આદિની અનુજ્ઞા જાણવી. અહિં ભાવઅનુજ્ઞા લેવાની છે.

૩. અવ્યાબાધા :–

અવ્યાબાધા એટલે ગુરુની પીડાનો અભાવ તથા સુખશાતા પૃચ્છાપૂર્વકનું વંદન તે. તેના દ્રવ્ય અને ભાવ બે પ્રકાર છે. દ્રવ્યથી વ્યાબાધા તલવાર વિગેરેના ઘાથી થયેલ અને ભાવથી મિથ્યાત્વ વિગેરેથી થયેલ, તે બંને પ્રકારની બાધા (પીડા) જેમાં ન હોય તે અવ્યાબાધા. તે અવ્યાબાધા પૃચ્છા "બહુ સુભેણ ભે" શબ્દથી પૂછાય છે.

૪. યાત્રા :–

યાત્રા પણ દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે છે. દ્રવ્યથી મિથ્યાત્વી તાપસ વિગેરે પોતાની ક્રિયામાં પ્રવૃત્ત રહે તે અને ભાવથી સાધુઓ વિગેરે પોતાની ક્રિયામાં અપ્રમત્ત રહે તે.

૫. યાપના :–

યાપના પણ દ્રવ્ય અને ભાવથી –એમ બે પ્રકારે છે. દ્રવ્યથી સાકર વિગેરે સારા દ્રવ્યો દ્વારા શરીરની સ્વસ્થતા. ભાવથી ઇન્દ્રિય અને મનની ઉપશાંત અવસ્થાથી શરીરની સમાધિ.

૬. ક્ષમાપના :–

ક્ષમાપના પણ દ્રવ્ય અને ભાવ–એમ બે પ્રકારે છે. દ્રવ્યક્ષમાપના આલોકમાં આવનારી આપત્તિના ભયથી મલીન આશયવાળાની અને ભાવક્ષમાપના સંસારથી ડરેલ સંવિગ્ન ચિત્તવાળા આત્માની હોય છે. એ રીતે વંદનના છ સ્થાનો થયા.

આ વંદન કરવાથી શો લાભ થાય છે, કે જેના માટે આટલું કષ્ટ કરાય છે, તે બતાવવા છ ગુણરૂપ દ્વાર કહેવાય છે. (૯૯)

विणओवयार माणस्स भंजणा पूअणा गुरुजणस्स ।
तित्थयराण य आणा सुयधम्माराहणाऽकिरिया ॥ १०० ॥

વિનયોપચાર, માનનું ભંજન, ગુરુઓની પૂજના, તીર્થંકરની આજ્ઞાનું પાલન, શ્રુતધર્મની આરાધના.

૧. વિનયોપચાર :–

સમસ્ત ક્લેશપ્રકારક આઠ પ્રકારના કર્મનો નાશ કરે તે વિનય. ઉપચાર એટલે આરાધનાનો પ્રકાર. ગુરુની વિશિષ્ટ પ્રકારે આરાધના થવાથી ગુરુ વિનય થાય છે.

૨. માનનું ભંજન :–

માનનું ભંજન એટલે અહંકારનો નાશ. જાતિ આદિના ગર્વથી ઉન્મત્ત હોય, તે દેવને માને નહીં, ગુરુને વાંદે નહીં અને બીજાની પ્રશંસા કરે નહીં. જ્યારે વંદન કરવાથી આવા પ્રકારના અનર્થના કારણરૂપ અભિમાનનો નાશ થાય છે.

૩. ગુરુઓની પૂજના :–

આ વંદનથી જ ગુરુની ભાવપૂજા થાય છે.

૪. તીર્થંકરની આજ્ઞાનું પાલન :–

તીર્થંકરની સકલ કલ્યાણના મૂલરૂપ આજ્ઞાનું પણ સારી રીતે પાલન થાય છે કેમકે ભગવાને વિનયમૂલક ધર્મનું પ્રતિપાદન કર્યું છે.

૫. શ્રુતધર્મની આરાધના :–

વંદન કરવાપૂર્વક જ શ્રુત ગ્રહણ કરાય છે.

૬. અક્રિયત્વ :–

વંદનથી પરંપરાએ અક્રિય એટલે સિદ્ધ થવાય છે અને તે સિદ્ધત્વ પરંપરાએ વંદનરૂપ વિનયથી જ મળે છે. ઋષિઓએ પણ કહ્યું છે કે–

તેવા પ્રકારના શ્રમણ કે માહણને વંદન અગર પર્યુપાસના કરનારને વંદન અને પર્યુપાસનાનું શું ફળ કહ્યું છે? હે ગૌતમ! શ્રવણરૂપ ફળ કહ્યું છે. તે શ્રવણનું ફળ જ્ઞાન, જ્ઞાનનું ફળ વિજ્ઞાન, વિજ્ઞાનનું ફળ પચ્ચક્ખાણ, પચ્ચક્ખાણનું ફળ (નવાકર્મનું અગ્રહણ) સંયમ, સંયમનું ફળ અનાશ્રવ, અનાશ્રવનું ફળ તપ, તપનું ફળ વ્યવદાન (નિર્જરા), નિર્જરાનું ફળ અક્રિયપણું, અક્રિયનું ફળ સિદ્ધિગતિ ગમન. (૧૦૦)

"વંદનના વિષયમાં ગુરુના છ વચન" દ્વારનું વર્ણન :–

छंदेणऽणुजाणामि तहत्ति तुब्भंपि वट्टए एवं ।
अहमवि खामेमि तुमे वयणाइं वंदणऽरिहस्स ॥१०१॥

(૧) છંદેણ (૨) અણુજાણામિ (૩) તહત્તિ (૪) તુબ્ભંપિ વટ્ટએ એવં (૫) અહમવિખામેમિ તુમં. એ પ્રમાણે ગુરુ, વંદન વખતે જવાબ આપે.

(૧) ગુરુને વંદન કરવાની ઇચ્છાવાળો...નિસ્સીહીયાએ ? આ પ્રમાણે બોલે ત્યારે ગુરુ વ્યાક્ષેપ એટલે બાધાયુક્ત હોય તો "રાહ જો" એમ કહે. તે બાધા કહેવા યોગ્ય હોય તો કહે, નહીં તો ન પણ કહે. આ ચૂર્ણિકારનો મત છે. ટીકાકારના મતે 'ત્રિવિધેન' એટલે મન–વચન–કાયાથી નિષેધ કરું છું–આમ કહે ત્યારે શિષ્ય સંક્ષેપ વંદન કરે, જો બાધા રહિત હોય તો ગુરુ વંદન કરનારને રજા આપવા " છંદેણ " એમ કહે. છંદેણ એટલે મને પણ અનુકુળતા છે.

(૨) તે પછી ' અણુજાણહ મે મિઉગ્ગહં ' એ પ્રમાણે બોલે ત્યારે ગુરુ ' અણુજાણામિ ' કહે એટલે મારી તને અવગ્રહમાં પેસવાની રજા છે. માટે અવગ્રહમાં પ્રવેશ કર.

(૩) " નિસ્સીહિ...દિવસો વઇક્કંતો " આટલે સુધી બોલે ત્યારે ગુરુ " તહત્તિ " એ પ્રમાણે કહે એટલે જે પ્રમાણે તેં કહ્યું, તે પ્રમાણે મારો દિવસ સારી રીતે પસાર થયો છે.

(૪) ' જત્તાભે ' આ પ્રમાણે શિષ્ય બોલે ત્યારે ગુરુ " તુબ્ભંપિ વટ્ટએ " એટલે તારે પણ મારી જેમ સંયમ તપ નિયમરૂપ યાત્રા સારી રીતે ચાલે છે? એમ પૂછે.

(૫) તે પછી શિષ્ય વિનયપૂર્વક "જવણિજ્જંચભે" આ પ્રમાણે કહે, ત્યારે ગુરુ

"એવં" એ પ્રમાણે કહે એટલે ઇન્દ્રિય અને મનની ઉપશાંતિનાં કારણે મારું શરીર પીડા રહિત છે.

(૬) શિષ્ય ફરી પણ "ખામેમિ ખમાસમણો" વિગેરે બોલે, ત્યારે ગુરુ કહે "હું પણ તને ખમાવું છું" એટલે દિવસ સંબંધી જે કંઈ પ્રમાદ જનિત વ્યતિક્રમ થયો હોય, તેની તમને ક્ષમાપના આપું છું. આ પ્રમાણે વંદન યોગ્ય ગુરુના છ વચનો છે. (૧૦૧)

"વંદનનાં પાંચ અધિકારી" દ્વાર.

आयरिय उवज्झाए पवत्ति थेरे तहेव रायणिए ।
एएसिं किइकम्मं कायव्वं निज्जरट्ठाए ॥१०२ ॥

કર્મની નિર્જરા માટે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને રત્નાધિકને વંદન કરવું જોઇએ.

વંદનના અધિકારી એટલે વંદનને યોગ્ય આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને રત્નાધિક–એ પાંચ છે. આ પાંચને નિર્જરા માટે વંદન કરવું જોઇએ.

(૧) સૂત્ર–અર્થ અને ઉભયને જાણનાર પ્રશસ્ત સર્વ લક્ષણોથી યુક્ત (દેહવાળા) ગંભીરતા, સ્થિરતા, ધીરતા, વિગેરે ગુણરૂપ મણિના સમૂહથી ભૂષિત, એવા આચાર્ય કલ્યાણવાંછુ આત્માઓ વડે સેવાય છે.

(૨) જેની પાસે જઇને ભણાય તે ઉપાધ્યાય. "સમ્યક્ત્વ જ્ઞાન સંયમથી યુક્ત સૂત્ર–અર્થ–તદુભયની વિધિના જાણકાર, આચાર્યપદવીને યોગ્ય સૂત્રની વાચના આપનારા ઉપાધ્યાય હોય છે.

(૩) સૌ–સૌની યોગ્યતા મુજબ સાધુઓને પ્રશસ્ત યોગમાં જે પ્રવર્તાવે તે પ્રવર્તક. શાસ્ત્રમાં કહ્યું છે કે "તપ–સંયમ યોગોમાં જેને જે યોગ યોગ્ય હોય તેને તેમાં પ્રવર્તાવે અને અસમર્થને પાછો વાળે અને સમુદાયની ચિંતા કરનારો પ્રવર્તક હોય છે.

(૪) જ્ઞાનાદિ યોગોમાં સીદાતા સાધુઓને આલોક, પરલોકના વિપાકો બતાવી સંયમમાં જે સ્થિર કરે, તે સ્થવિર. કહ્યું છે કે પ્રવર્તકે જે યોગોમાં જોડેલ હોય, તે યોગોમાં છતી શક્તિએ સીદાતા હોય તેવા સાધુને સ્થિર કરે તે સ્થવિર કહેવાય.

(૫) રત્નાધિક એટલે પર્યાય જ્યેષ્ઠ.

આ પ્રમાણે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને રત્નાધિક–આ પાંચે વંદનને યોગ્ય છે માટે પાંચને વંદન કરવું. (૧૦૨)

વંદનના પાંચ અનધિકારી દ્વાર.

પાસત્થો ઓસન્નો હોઇ કુસીલો તહેવ સંસત્તો ।
અહછંદોવિ અ એએ અવંદણિજ્જા જિણમયંમિ ॥ ૧૦૩ ॥

સો પાસત્થો દુવિહો સવ્વે દેસે ય હોઇ નાયવ્વો ।
સવ્વંમિ નાણદંસણ ચરણાણં જો ઉ પાસંમિ ॥ ૧૦૪ ॥

દેસંમિ ય પાસત્થો સેજ્જાયરઽભિહડ રાયપિણ્ડં ચ ।
નીયં ચ અગ્ગપિણ્ડં ભુંજઇ નિક્કારણે ચેવ ॥ ૧૦૫ ॥

પાસત્થા : અવસન્ના, કુશિલીયા, સંસક્ત અને યથાછંદ–એ બધા અવંદનીય છે.

પાર્શ્વ એટલે નજીક જ્ઞાન વિગેરેની પાસે જે રહે તે પાર્શ્વસ્થ અથવા મિથ્યાત્વાદિ બંધ હેતુઓરૂપ પાશમાં જે રહે તે પાશસ્થઃ– તે પાસત્થા બે પ્રકારે છે, સર્વપાસત્થ અને દેશપાસત્થ.

જે ફક્ત વેષધારક હોય અને સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રથી અલગો રહેતો હોય તે સર્વપાસત્થ.

જે કારણ વિના શય્યાતરપિંડ, અભ્યાહૃત (સામે લાવેલ), રાજપિંડ, નિત્યપિંડ, અગ્રપિંડ વાપરે તથા આટલા ઘરો અથવા કુલો મારા છે બીજાના નહીં–એ પ્રમાણે જે કુલ નિશ્રાએ વિચરે (ગોચરી જાય.) તથા ગુરુ મહારાજ વિગેરે વડિલોને યોગ્ય જે સ્થાપના કુલોમાં કારણ વગર ગોચરી જાય તે દેશપાસત્થો છે.

નિત્યપિંડ એટલે તમારે મારે ત્યાં રોજ આવવું, હું તમને આટલું આપીશ –આ પ્રમાણે આમંત્રણ આપનારનું હંમેશા ગ્રહણ કરવું તે.

અગ્રપિંડ એટલે તરત જ ઉતારેલી ભાત વિગેરે નહિ વપરાયેલ (સંપૂર્ણ ભરેલી) તપેલીમાંથી ઉપરના ભાગમાંથી લેવું તે. (૧૦૩–૧૦૫)

અવસન્ન :–

ઓસન્નોવિ ય દુવિહો સવ્વે દેસે ય તત્થ સવ્વંમિ ।
અવબદ્ધપીઢફલગો ઠવિયગભોઈ ય નાયવ્વો ॥૧૦૬॥

આવસ્સય સજ્ઝાએ પડિલેહણભિક્ખનાણભત્તટ્ઠે ।
આગમણે નિગ્ગમણે ઠાણે ય નિસીયણતુયટ્ટે ॥ ૧૦૭ ॥

આવસ્સયાઇયાઇં ન કરેઇ અહ્વા વિહીણમહિયાઇં ।
ગુરુવયણબલા ય તહા ભણિઓ દેસાવસન્નોત્તિ ॥ ૧૦૮ ॥

ગાથાર્થ : અવસન્ન બે પ્રકારનાં છે : સર્વઅવસન્ન અને દેશઅવસન્ન.
૧. સર્વઅવસન્ન એટલે અવબદ્ધપીઠફલકવાળો અને સ્થાપના ભોજી.
૨. દેશઅવસન્ન એટલે આવશ્યક, સજ્ઝાય, પડિલેહણ, ભિક્ષા, ધ્યાન, ભોજન માંડલી, ઉપાશ્રયમાં પ્રવેશ, નિર્ગમન, કાયોત્સર્ગ, ઉભા રહેવું, બેસવું, સુવું, વિગેરેમાં ભૂલ થયે "મિચ્છામિ દુક્કડં" ન આપે, આવશ્યક વિગેરે ન કરે અથવા વધારે-ઓછું કરે અને ગુરુની સામે બોલે તે.

સામાચારીમાં જે સીદાય એટલે કે પ્રમાદ કરે તે અવસન્ન.

અવસન્ન બે પ્રકારે છે. (૧) સર્વઅવસન્ન. (૨) દેશઅવસન્ન.

(૧) સર્વઅવસન્ન અવબદ્ધ પીઠ ફલકવાળો હોય એટલે કે સાધુઓએ ચોમાસામાં એક પાટીયામાં બનેલ સંથારો (પાટ) ન મળે તો અનેક વાંસ અને પાટીયા ભેગા કરી દોરડી વિગેરેથી બાંધીને તે પાટ ઉપર સંથારો કરે, પંદર દિવસે દોરીને છોડીને પડિલેહણ કરવી એમ જિનાજ્ઞા છે. જે સાધુ આ પ્રમાણે ન કરે, તે અવબદ્ધ પીઠ ફલક કહેવાય છે. અથવા વારંવાર સુવા વિગેરે માટે હંમેશા સંથારો પાથરી જ રાખે. અથવા તો એકાંતે સંથારો પાથર્યા વગર જ જે બેસે, સુવે, તે પણ અવબદ્ધ પીઠ ફલક કહેવાય.

સ્થાપનાપિંડ અને દુષ્ટપ્રાભૃતિકાપિંડ (અવિધિથી જરૂરત વિના સામે લાવેલું) જે વાપરે તે સ્થાપિતભોજી કહેવાય.

પ્રતિક્રમણ વિગેરેના આવશ્યકમાં, વાંચન વિગેરે સ્વાધ્યાયમાં, મુહપત્તિ વિગેરેના પડિલેહણમાં, ગોચરીમાં, ધર્મધ્યાન વિગેરે શુભધ્યાનમાં, ભોજનમાંડલીમાં, બહારથી ઉપાશ્રયમાં આગમનમાં, કારણવસાત્ ઉપાશ્રય બહાર જવામાં, કાયોત્સર્ગ વિગેરે બિલકુલ કરે નહિ અથવા વધારે ઓછા કરે કે નિષિદ્ધ કાલરૂપ અકાળે કરવા વિગેરે દોષથી દુષ્ટ કરે, ત્યારે દેશ-અવસન્નો થાય છે.

પ્રતિક્રમણ વિગેરે આવશ્યક કરે નહિ, હીનાધિક વિગેરે દોષોથી દુષ્ટ કરે, સ્વાધ્યાય ન કરે, નિષેધ કાળે કરે, પડિલેહણ ન કરે, અસ્તવ્યસ્ત કરે, દોષવાળું કરે, આળસ કે સુખશિલિયાપણાથી ભિક્ષા માટે ફરે નહિ. અથવા અનુપયોગથી ફરે કે અનેષણીય ગ્રહણ કરે. "મેં શું કર્યું, મારે શું કરવાનું છે, શક્ય એવું હું શું નથી કરતો" વિગેરે રૂપ શુભધ્યાન આગલી રાતે કે પાછલી રાતે ધ્યાવે નહિ અથવા અશુભ ધ્યાન કરે. ગોચરી માંડલીમાં ન વાપરે અથવા કયારેક વાપરે તો કાગડા-શિયાળની જેમ વાપરે અથવા માંડલી સંબંધી સંયોજના વિગેરે દોષોપૂર્વક વાપરે. (કેટલાક અભક્તાર્થનો અર્થ પચ્ચક્ખાણ કરે નહિ-એમ કરે છે. અથવા ગુરુએ કહ્યું હોય તો ગુરુની સામે કાંઈક

ખરાબ બોલવાપૂર્વક કરે.) ઉપાશ્રયમાં પેસતા નિસિહી બોલવારૂપ સામાચારી ન કરે. અને નીકળતા આવસ્સહી બોલવારૂપ આવશ્યક સામાચારી ન કરે. ગમનાગમન વિષયક ઇરિયાવહિયા કરવારૂપ કાઉસ્સગ્ગ ન કરે અથવા દોષ લગાડે.

બેસવા-સુવાની જગ્યાએ દંડાસણ વડે ભૂમિ પ્રમાર્જનારૂપ સામાચારી ન કરે, સામાચારીમાં ખોટું આચરણ કરે ત્યારે અથવા આવશ્યક સમયે ગુરુ મહારાજ "અતિચારોની સારી રીતે આલોચના કરો, પ્રાયશ્ચિત્ત લો" –આ પ્રમાણે કહે ત્યારે ગુરુની સામે ઉદ્ધતાઈપૂર્વક બોલે અથવા જવાબ ન આપે અથવા તો ગુરુના વચન પ્રમાણે ન કરે, તે દેશઅવસન્નો.

આનો સારાંશ એ છે કે, સ્ખલનાઓમાં મિચ્છામિ દુક્કડં ન આપે, ગુરુ વિગેરેનું વૈયાવચ્ચ ન કરે, ગુરુને સંવરણ પ્રાયશ્ચિત્ત વિગેરેમાં વંદન ન કરે, ઉપકરણો લેવા મૂકવામાં પ્રમાર્જના કે પડિલેહણા ન કરે, બીજું પણ સામાચારીમાં વિતથ આચરણ કરે તે દેશ-અવસન્ન છે. (૧૦૬-૧૦૮)

तिविहो होइ कुशीलो नाणे तह दंसणे चरित्ते य ।
एसो अवंदणिज्जो पन्नत्तो वीयरागेहिं ॥ १०९ ॥
नाणे नाणायारं जो उ विराहेइ कालमाईयं ।
दंसण दंसणयारं चरण कुसीलो इमो होइ ॥ ११० ॥

કુત્સિત એટલે ખરાબ, શીલ એટલે આચાર, જેનો ખરાબ આચાર છે તે કુશીલ. તેના ત્રણ પ્રકાર છે. જ્ઞાન-વિષયક, દર્શન-વિષયક, ચારિત્ર-વિષયક, આ કુશીલ અવંદનીય છે, એમ વીતરાગ ભગવંતે કહ્યું છે.

'કાલે વિણુએ' વિગેરે આઠ પ્રકારના જ્ઞાનાચારને જે વિરાધે, કે સારી રીતે પાળે નહિ, તે જ્ઞાન વિષયક કુશીલ કહેવાય

'નિસ્સંકિય નિક્કંખિય' વિગેરે આઠ પ્રકારના દર્શનાચારને જે વિરાધે કે સારી રીતે પાળે નહિ તે દર્શનવિષયક કુશીલ કહેવાય. (૧૦૯-૧૧૦)

कोउय भूईकम्मे पसिणा पसिणे निमित्तमाजीवी ।
ककरूयाइ लक्खणं उवजीवइ विज्जमंताई ॥ १११ ॥

કૌતુકકર્મ, ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, નિમિત્ત, આજીવિકા, કલ્કકુરકા (માયા), લક્ષણ-વિદ્યા અને મંત્ર વિગેરે કરવાપૂર્વક જે જીવે તે ચારિત્રકુશીલ કહેવાય. (૧૧૧)

सोहग्गाइ निमित्तं परेसिं न्हवणाइ कोउयं भणियं ।
जरियाइभूइदाणं भूईकम्मं बिणि दिट्ठं ॥ ११२ ॥

સૌભાગ્ય વિગેરે માટે બીજાને સ્નાન વિગેરે કરાવે, તે કૌતુક કહેવાય. તાવ વિગેરે વાળાને ભૂતિ એટલે રાખ આપવી તે ભૂતિકર્મ કહેવાય.

લોકમાન્યતા છે કે પુત્ર વિગેરેના કારણે સ્ત્રી વિગેરેને ત્રણ રસ્તા કે ચાર રસ્તા મળતા હોય ત્યાં કે ચૌરા વિગેરેમાં વિવિધ ઔષધિથી મિશ્રિત પાણીથી સ્નાન કરાવવું કે મૂળીયા વિગેરે બાંધવા વિગેરે જે ક્રિયા કરાય તે કૌતુક કહેવાય અથવા કૌતુક એટલે આશ્ચર્ય કરે, જેમ કે મોંઢામાં ગોળા નાંખીને કાનમાંથી કે નાકમાંથી પાછા કાઢે, મોંઢામાંથી અગ્નિ કાઢે વિગેરે કરવું તે કૌતુકકર્મ.

તાવ વિગેરે રોગવાળાની પથારી આદિની ચારે દિશામાં મંત્રેલ રાખ આપવી તે ભૂતિકર્મ. (૧૧૨)

सुविणग विज्जा कहियं, आइंखण घंटियाइ कहणं वा ।
जं सासइ अन्नेसिं पसिणा-पसिणं हवइ एयं ॥ ११३ ॥

કોઈએ પોતાનો પ્રશ્ન પૂછ્યો હોય કે ન પૂછ્યો હોય અથવા સ્વપ્નમાં ઇચ્છિત વિદ્યા જાપ વડે જે જવાબ કહ્યો હોય. કર્ણ પિશાચિ વિદ્યા વડે કે મંત્રાભિષિક્ત ઘંટ વિગેરે વડે જે બીજાના પૂછ્યા વગર કે પૂછેલા પ્રશ્નોના જવાબ કહે, તે પ્રશ્નાપ્રશ્ન. (૧૧૩)

तीयाइ भाव कहणं होइ निमित्तं इमं तु आजीवं ।
जाइकुल सिप्प कम्मे तवगण सुत्ताइ सत्तविहं ॥ ११४ ॥

ભૂતકાળ વગેરે ત્રણ કાળના ભાવોને કહેવું તે નિમિત્ત કહેવાય. જાતિ, કુલ, શિલ્પ, કર્મ, તપ, ગણસૂત્ર વિગેરે સાત પ્રકારે પોતાની આજીવિકા ચલાવે તે આજીવક કહેવાય.

ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એ પ્રમાણે કાળના લાભાલાભ વિગેરે હકિકત કહેવી તે નિમિત્ત કહેવાય.

જેના વડે આજીવિકા ચલાવાય તે આજીવિકા. તેના વડે જે જીવે તે આજીવી કહેવાય. તે જાતિ વિગેરે સાત પ્રકારે છે.

જેમકે કોઈ ભિન્નમાલ વિગેરેની જાતિના મોટા શેઠને જોઈ તેને કહે કે, હું પણ ભિન્નમાલ વિગેરે જાતિનો જ છું. આ પ્રમાણે કહેવાથી તે શેઠ એક જાતિના સંબંધથી ભિક્ષા વિગેરે દ્વારા સારી ભક્તિ કરે. આ જાતિની ઉપજીવિકા કહેવાય.

આ પ્રમાણે હું તમારા કુલ, શિલ્પ, કર્મ, તપ અને ગણનો છું વિગેરે વચન વડે આજીવિકા ચલાવે તે કુલ વિગેરેનો આજીવક કહેવાય.

આહાર વિગેરેની આસક્તિથી જ તપ અને સૂત્ર અભ્યાસ પ્રગટ કરે તો તપઃ સૂત્રાજીવક કહેવાય.

પિતાથી ઉત્પન્ન થયેલ તથા ઉગ્ર વિગેરે કુલ, આચાર્યની શિક્ષા દ્વારા મળેલું હોય તે શિલ્પ, આચાર્ય વિના પ્રાપ્ત થયેલું કર્મ, અનશન વિગેરે તપ, મલ્લ વિગેરે ગણ, દશવૈકાલિક આદિ ઉત્કાલિક અને ઉત્તરાધ્યયન આદિ કાલિક સૂત્રો વિગેરેથી આજીવિકા ચલાવે તે આજીવીક કુશીલ કહેવાય. (૧૧૪)

कक्कुरुया य माया नियडीए डंमणंति जंभणियं ।
थीलक्खणाइ लक्खण विज्जामंताइया पयडा ॥ ११५ ॥

કલ્કકુરુકા એટલે માયા. માયા વડે જે બીજાને ઠગવું તે કલ્કકુરુકા કહેવાય. સ્ત્રી વિગેરેના લક્ષણ આદિ તથા વિદ્યા મંત્ર વિગેરે પ્રસિદ્ધ કરનારા.

કલ્લકુરુકા એટલે માયા. માયા વડે કે લુબ્ધાર્થથી જે બીજાને છેતરવું તે કલ્કકુરુકા કહેવાય. બીજા આચાર્યો કલ્કકુરુકાનો આ પ્રમાણે અર્થ કરે છે. કલ્ક એટલે પ્રસૂતિ વિગેરે રોગોમાં ખાર પડાવવો. અથવા પોતાના શરીરનું સર્વથી કે દેશથી લોધ્ર વિગેરે પદાર્થો વડે માલિશ કરે. અને કુરુકા એટલે સર્વથી કે દેશથી સ્નાન કરે. સ્ત્રી-પુરુષ વિગેરેના લક્ષણો કહે. જેમકે હાડકામાં ચીકાશ હોય તો પૈસા, માંસમાં સુખ, ચામડીમાં ભોગ, આંખમાં સ્ત્રી, ગતિમાં વાહન, અવાજમાં આજ્ઞા અને સત્ત્વમાં બધી વસ્તુઓ રહી છે. આ પ્રમાણે સામુદ્રિક લક્ષણ કહે.

જેની અધિષ્ઠાયિકા દેવી હોય તે વિદ્યા અને દેવ હોય તે મંત્ર અથવા સામગ્રી પૂર્વકની સાધના તે વિદ્યા અને સાધના વગરની આરાધના તે મંત્ર આદિ શબ્દથી મૂલ કર્મ, ચૂર્ણ વિગેરે લેવું.

મૂલકર્મ એટલે પુરુષદ્વેષિણીને અપુરુષદ્વેષિણી કરવી, અપુરુષદ્વેષિણીને પુરુષદ્વેષિણી કરવી. ગર્ભોત્પતિ કે ગર્ભપાત કરવું. ચૂર્ણયોગ વિગેરે પ્રસિદ્ધ છે. આ બધું ઉપલક્ષણ માત્રથી જાણવું. બાકી ચારિત્રની મલીનતાના કારણરૂપ શરીર શોભા વિગેરે કરનાર ચરણકુશીલ જાણવો. (૧૧૫)

संसत्तो उ इयाणिं सो पुण गोमत्तलंदए चेव ।
उच्छिट्ठमणुच्छिट्ठं जं किंचिच्छुब्भए सव्वं ॥ ११६ ॥
एमेव य मूलुत्तर दोसा य गुणा य जत्तिया केई ।
ते तंमी (य) सन्निहिया संसत्तो भण्णए तम्हा ॥ ११७ ॥

ગુણ અને દોષો જેમાં મિશ્ર હોય તે સંસક્ત. જેમ પાસત્થા, અવસન્ન અવંદનીય છે. તેમ સંસક્ત પણ અવંદનીય છે. ગાય વિગેરેને ખાવાના સાધનમાં એંઠું જુઠું, ચોખ્ખું ખોળ-કપાસ વિગેરે જે કંઈ નંખાય અને ગાય તે બધું ખાઈ જાય, તેમ સંસક્ત પણ ગુણ દોષનો વિવેક કર્યા વગર ચારિત્રને દુષિત કરે છે. ગાયના ખાવાના સાધનમાં નાંખેલ

ઓળ-કપાસ આદિની જેમ પ્રાણાતિપાતવિરમણ વિગેરે મૂલગુણોમાં અને પિંડવિશુદ્ધિ રૂપ ઉત્તરગુણોમાં દોષો તથા બીજા ઘણા દોષો હોવાથી તે સંસક્ત કહેવાય છે. (૧૧૬-૧૧૭)

सो दुविगप्पो भणिओ जिणेहिं जिय-रागदोस-मोहेहिं ।
एगो उ संकीलिट्ठो असंकिलिट्ठो तहा अन्नो ॥ ११८ ॥
पंचासवप्पसत्तो जो खलु तिहिं गारवेहिं पडिबद्धो ।
इत्थि गिहि संकिलिट्ठो संसत्तो संकिलिट्ठो उ ॥ ११९ ॥

રાગ-દ્વેષ-મોહને જીતનાર વીતરાગ ભગવંતે સંસક્તનાં બે પ્રકાર કહ્યા છે. એક સંક્લિષ્ટ અને બીજો અસંક્લિષ્ટ.

(૧) પ્રાણાતિપાત વિગેરે પાંચે આશ્રવમાં જે પ્રવૃત્ત હોય, ઋદ્ધિગારવ, શાતાગારવ અને રસગારવમાં આસક્ત હોય, સ્ત્રીને સેવનારો-સ્ત્રી સંક્લિષ્ટ અને ગૃહસ્થ સંબંધી દ્વિપદ, ચતુષ્પદ, ધનધાન્ય વિગેરેની પૂર્તિની ક્રિયામાં જે પ્રવૃત્ત હોય, તે ગૃહિસંક્લિષ્ટ. આ સંક્લિષ્ટસંસક્ત કહેવાય. (૧૧૮-૧૧૯)

पासत्थाईएसुं संविग्गेसुं च जत्थ मिलईउ ।
तहि तारिसओ होई पियधम्मो अह्व इयरोउ ॥ १२० ॥

(૨) પાસત્થા વિગેરે મલે ત્યારે તેના જેવા થાય અને સંવિજ્ઞ મલે તો તેના જેવા થાય એટલે સંવિજ્ઞ સાથે પ્રિયધર્મી થાય અને પાસત્થા વિગેરેની સાથે અપ્રિયધર્મી થાય. (અર્થાત્ ત્યાગી મળે ત્યારે ત્યાગી જેવો અને દોષવાળો મળે ત્યારે દોષી બને.) તે અસંક્લિષ્ટસંસક્ત કહેવાય. (૧૨૦)

उस्सुत्त मायरंतो उस्सुत्तं चेव पन्नवेमाणो ।
एसो उ अहाछंदो इच्छाछंदोत्ति एगट्ठा ॥ १२१ ॥

સૂત્રથી ભ્રષ્ટ થયેલ તે ઉત્સૂત્ર. તે ઉત્સૂત્રને પોતે જાતે સેવે અને બીજાને ઉત્સૂત્રની પ્રરૂપણા કરે તે [1]યથાછંદિક કહેવાય. યથાછંદિક પોતાની ઇચ્છા પ્રમાણે બોલે અને વર્તે છે. (૧૨૧)

उस्सुत्त मणुवइट्ठं सच्छंद विगप्पियं अणणुवाई ।
परतत्तिपवत्ती तिंतिणो य इणमो अहाच्छंदो ॥ १२२ ॥

જિનેશ્વર ભગવંત વડે અનુપદિષ્ટ, સ્વયં-કલ્પિત અને સિદ્ધાંત બાહ્ય જે હોય તે ઉત્સૂત્રભાષી તથા પરપ્રવૃત્તિમાં તત્પર અને અસહ હોય તે યથાછંદિક કહેવાય.

ઉત્સૂત્ર એટલે જિનેશ્વર ભગવંત વિગેરે વડે જે ઉપદેશાયેલ ન હોય અને તે

---

૧. (છંદ એટલે ઇચ્છા)

પોતાની ઇચ્છા પ્રમાણે કલ્પેલું હોય અને પોતાની મતિકલ્પનાનું હોવાથી સિદ્ધાંત બાહ્ય હોય, તે ઉત્સૂત્ર કહેવાય.

ગૃહસ્થના કાર્યોમાં કરવા, કરાવવા અને અનુમોદવા દ્વારા જે પ્રવૃત્ત હોય, તે પરતપ્તિપ્રવૃત્તયથાછંદિક કહેવાય.

જે કોઈ સાધુના નાના પણ અપરાધમાં સતત કોપાયમાન રહે અને શાંત ન થાય તે તંતિણુયથાછંદિક કહેવાય. (૧૨૨)

सच्छंदमइ विगप्पिय किंची सुहसाय विगइ-पडिबद्धो ।
तिहिँ गारवेहिं मज्जइ तं जाणाही अहाछंदं ॥ १२३ ॥

આગમ નિરપેક્ષ બુદ્ધિથી કંઈક અભ્યાસ વિગેરેનું આલંબન કલ્પીને સુખશીલપણાથી વિગઈઓમાં આસક્ત થાય તથા ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવમાં આનંદ માનનારો હોય તે યથાછંદિક કહેવાય.

આમાં કેટલાક પાસત્થાને સર્વથા અચારિત્રી માને છે. તે લાગણીશીલ બુધપુરુષોને યુક્તિયુક્ત લાગતું નથી. કેમકે પાસત્થા જો એકાંતે અચારિત્રી હોય, તો સર્વપાસત્થા અને દેશપાસત્થા એમ બે વિકલ્પો માનવા અસંગત થાય છે. કેમકે ચારિત્રનો અભાવ તો બંનેમાં સમાન છે. તેથી બે ભેદની કલ્પનાથી નક્કી થાય છે કે પાસત્થા સાતિચાર ચારિત્રી છે આ પ્રમાણે નિશીથચૂર્ણીમાં પણ કહ્યું છે.

પાર્શ્વસ્થ એટલે (જ્ઞાનાદિની) પાસે રહેલો હોય. સૂત્રપોરિસિ અને અર્થપોરિસિ કરે નહીં, દર્શનાચારના અતિચારો લગાડે. ચારિત્રમાં ન હોય અથવા ચારિત્રના અતિચારોનો ત્યાગ ન કરે આ પ્રમાણે સ્વસ્થ રહે તે પાર્શ્વસ્થ.

આ પાઠ વડે પાસત્થાને સર્વથા ચારિત્રાભાવ જણાતો નથી. પરંતુ સાતિચાર ચારિત્ર યુક્તતા પણ છે.

વંદનના પાંચ નિષેધ બતાવેલ છે. તો પાંચ નિષેધ કયા સમયે છે તે દ્વાર કહે છે. (૧૨૩)

વંદન માટે નિષેધકાળ :-

वक्खित्तपराहुत्ते पमत्ते मा कयाइ वंदिज्जा ।
आहारं च करिंते निहारं वा जइ करेइ ॥ १२४ ॥

(૧) ગુરુ-અનેક ભવ્યજનોથી ભરેલ સભામાં વ્યાખ્યાન વિગેરે કરવામાં વ્યગ્ર હોય,
(૨) કોઈપણ કારણથી પરાઙ્મુખ એટલે મુખ બીજી તરફ હોય,
(૩) ક્રોધ, કષાય કે નિદ્રા વગેરે પ્રમાદમાં હોય,
(૪) આહાર-પાણી વાપરતા હોય,
(૫) સ્થંડિલ-માત્રુ કરવા માટે તૈયાર થયા હોય.

ત્યારે વંદન ન કરે, કારણ કે એ સમયે વંદન કરવાથી અનુક્રમે ધર્મમાં અંતરાય, અનુપયોગ, ક્રોધની શક્યતા, આહારમાં અંતરાય અને લજ્જાવશ સ્થંડિલ–માત્રુમાં આધા થાય છે. (૧૨૪)

વંદન માટે યોગ્ય કાળ :–

पसंते आसणत्थे य, उवसंते उवट्ठिए ।
अणुन्नविंतु मेहावी, किइकम्मं पउंजए ॥१२५॥

(૧) ગુરુ વ્યગ્રતા રહિત હોવાથી પ્રશાંત હોય,
(૨) આસન પર બેઠા હોય,
(૩) ક્રોધ વિગેરે પ્રમાદ રહિત (ઉપશાંત) હોય,
(૪) વંદન કરનારને "છંદેણ" વિગેરે વચનો કહેવા માટે ઉપસ્થિત (તૈયાર) હોય.
(૫) આજ્ઞા માંગવાપૂર્વક ઉપયોગ રાખીને બુદ્ધિમાનોએ વંદન કરવું જોઇએ. (૧૨૫)

ગુરુનો અવગ્રહ :–

आयप्पमाणमित्तो चउदिसिं होइ उग्गहो गुरूणो ।
अणणुन्नायस्स सया न कप्पए तत्थ पविसेउं ॥ १२६ ॥

જે ગ્રહણ કરાય તે અવગ્રહ. ચારે દિશામાં ગુરુનો અવગ્રહ આત્મ–પ્રમાણ એટલે સાડા ત્રણ હાથ પ્રમાણ હોય છે. તેની અંદર ગુરુમહારાજની રજા વગર પ્રવેશ ન કરી શકાય.

અવગ્રહના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ છ ભેદ છે.

નામ, સ્થાપના સુગમ છે. મોતી વિગેરે પદાર્થોનું જે ગ્રહણ તે દ્રવ્યઅવગ્રહ. જેણે જે ક્ષેત્ર ગ્રહણ કર્યું હોય તે ક્ષેત્રઅવગ્રહ. (તે ચારે તરફથી સવા યોજન પ્રમાણ ક્ષેત્ર જાણવું.) જેણે જે કાળ ગ્રહણ કર્યો હોય તે કાલ–અવગ્રહ. (જેમકે ઋતુબદ્ધકાળ–શેષકાળમાં એક મહિનાનો અને ચોમાસામાં ચાર મહિનાનો) જ્ઞાનાદિ પ્રશસ્ત ભાવોનું ગ્રહણ અને ક્રોધ વિગેરે અપ્રશસ્તભાવોનું ગ્રહણ –એમ ભાવ અવગ્રહ બે પ્રકારે છે.

અથવા દેવેન્દ્રનો, રાજાનો, ગૃહપતિનો, શય્યાતરનો અને સાધર્મિકનો –એમ પાંચ પ્રકારે પણ અવગ્રહ છે. જેનું સ્વરૂપ આગળ કહેવાશે.

અહિં ક્ષેત્રઅવગ્રહ અને પ્રશસ્તભાવ–અવગ્રહનો અધિકાર છે. (૧૨૬)

વંદનના નામો :–

वंदणचिइकिइकम्मं पूयाकम्मं च विणयकम्मं च ।
वंदणयस्स इमाइं हवंति नामाइं पंचेव ॥ १२७ ॥

વંદનકર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ અને વિનયકર્મ– એ વંદનના પાંચ નામો છે.

૧. જે પ્રશસ્ત મન–વચન–કાયાના વ્યાપારથી ગુરુને સ્તવાય કે વંદાય તે વંદન. વંદન રૂપ ક્રિયા તે=વંદનકર્મ. તે વંદનના દ્રવ્ય અને ભાવ –એમ બે પ્રકાર છે. દ્રવ્યથી મિથ્યાદૃષ્ટિનું અને અનુપયોગી સમ્યગ્દૃષ્ટિનું હોય છે. ભાવવંદન ઉપયોગવંત સમકિતનું છે.

૨. જેમાં કુશલ કર્મોનો ઉપચય થાય તે ચિતિ. અને ચિતિરૂપ ક્રિયા તે જ ચિતિકર્મ. કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી કુશલકર્મના ઉપચયના કારણરૂપ રજોહરણ વિગેરે ઉપધિનો સંગ્રહ તે પણ "ચિતિકર્મ" વંદનનું નામ છે. ચિતિકર્મ દ્રવ્ય અને ભાવથી –એમ બે પ્રકારે છે. તાપસ વિગેરેના લિંગનું ગ્રહણ કરવું અથવા અનુપયોગવંત સમકિતીનું રજોહરણ વિગેરેનું ગ્રહણ કરવું તે દ્રવ્યચિતિકર્મ. ઉપયોગવંત સમકિતીની રજોહરણ ગ્રહણ વિગેરે ક્રિયા તે ભાવચિતિકર્મ.

૩. નીચે નમવારૂપ જે ક્રિયા, તે કૃતિકર્મ. તેનાં દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકાર છે. નિહ્નવ વિગેરેની તથા અનુપયોગી સમ્યગ્દૃષ્ટિની જે નીચે નમવારૂપ ક્રિયા, તે દ્રવ્ય કૃતિકર્મ અને ભાવથી ઉપયોગવંત સમ્યગ્દૃષ્ટિની નીચે નમવાદિ ક્રિયા, તે ભાવકૃતિકર્મ.

૪. પૂજવું તે પૂજા. પ્રશસ્ત મન–વચન–કાયાની ચેષ્ટા તે પૂજા. પૂજારૂપ ક્રિયા તે પૂજાકર્મ. તેના દ્રવ્ય અને ભાવ –એમ બે પ્રકાર છે. દ્રવ્યથી નિહ્નવ વિગેરેની અને ઉપયોગ રહિત સમકિતિની ક્રિયા, તે દ્રવ્ય–પૂજાકર્મ અને ઉપયોગવંત સમકિતિની ક્રિયા ભાવપૂજાકર્મ હોય છે.

૫. આઠ પ્રકારના કર્મ જેના વડે નાશ પામે કે દૂર થાય, તે વિનય. તે વિનયરૂપ જે કર્મ તે વિનયકર્મ. તેનાં દ્રવ્ય અને ભાવ –એમ બે પ્રકાર છે. નિહ્નવ વિગેરે તથા અનુપયોગી સમકિતિનો જે વિનય તે દ્રવ્યવિનયકર્મ અને ઉપયોગવંત સમકિતિનો જે વિનય તે ભાવવિનયકર્મ.

આ પાંચ વંદનના નામોમાં દ્રવ્ય અને ભાવમાં પાંચ દૃષ્ટાંત છે તે "પાંચ ઉદાહરણ" નામના દ્વાર વડે કહે છે. (૧૨૭)

વંદનનાં પાંચ ઉદાહરણ :–

सीयले खुड्डए कण्हे सेवए पालए तहा ।
पंचेए दिट्ठंता, किइकम्मे हुंति नायव्वा ॥ १२८ ॥

દ્રવ્ય અને ભાવ વંદનમાં ૧ શિતલાચાર્ય, ૨ ક્ષુલ્લકાચાર્ય, ૩ કૃષ્ણ મહારાજા, ૪ સેવક અને ૫ પાલકના દૃષ્ટાંતો.

શીતલ નામના રાજાએ રાજ્ય સમૃદ્ધિ છોડી સર્વજ્ઞ દીક્ષા ગ્રહણ કરી. તેનામાં રહેલ સંપૂર્ણ ગુણોથી આનંદિત હૃદયવાળા ગુરુએ, શ્રમણોને આનંદદાયક સૂરિપદ તેમને આપ્યું. તે શીતલાચાર્યનું દ્રવ્ય અને ભાવવંદનમાં ઉદાહરણ.

દ્રવ્ય અને ભાવ ચિતિકર્મમાં પોતાના વડિલો અને સ્થવિરો વડે ગુરુ પદે સ્થપાયેલ ક્ષુલ્લકાચાર્યનું ઉદાહરણ.

દ્રવ્ય અને ભાવ કૃતિકર્મમાં અનેક પરાક્રમી રાજાઓનાં નમેલા મસ્તક પર રહેલ મુગુટની કલગીની વિશિષ્ટ માણેકની માલામાંથી પૃથ્વી પર સતત ઉછળતા એવા કિરણોના સમૂહથી રંગાયેલ ચરણકમલવાળા કૃષ્ણમહારાજાનું તથા વીરશાલવીનું ઉદાહરણ.

દ્રવ્ય અને ભાવપૂજાકર્મમાં બે સેવકોનું ઉદાહરણ.

દ્રવ્ય અને ભાવ વિનયકર્મમાં પાલક અને શાંબનું ઉદાહરણ છે.

આ પાંચે વંદનના દૃષ્ટાંતો સામાન્યથી જાણવા યોગ્ય છે.

વંદનકર્મમાં શીતલાચાર્યનું દૃષ્ટાંત :–

પૃથ્વીરૂપ સ્ત્રીના મસ્તક પર તિલક સમાન શ્રીપુર નામના નગરમાં પોતાના પ્રતાપ વડે દિશાઓના સમૂહને જીતનાર એવા શીતલ નામના રાજા રાજ્ય કરતા હતા. તે રાજા સર્વજ્ઞ શાસનરૂપી સાગરમાં ઊંડાણથી અવગાહેલા હોવાથી સ્તવનીય હતા. તેમના માતૃ અને પિતૃ બંને પક્ષ શુદ્ધ હોવાથી રાજહંસની જેમ રાજા સુખ-મગ્ન હતા. તે રાજાને ભાગ્ય અને સૌભાગ્યનું ઘર, સદ્ધર્મ–કર્મમાં તત્પર શૃંગારમંજરી નામની બેન હતી. તે બેનને વિક્રમસિંહ રાજા સાથે પરણાવી. કાળક્રમે તેણે ચાર પુત્રોને જન્મ આપ્યો.

સુંદર વૈરાગ્યથી રંગાયેલ શીતલ રાજાએ શ્રી ધર્મઘોષસૂરિજી પાસે દીક્ષા ગ્રહણ કરી. સિદ્ધાંતના રહસ્યોને જાણી ગીતાર્થ બનેલ તેમને ગુરુએ તેમના ગુણોથી સંતુષ્ટ થઈ પોતાના પદે સ્થાપન કર્યા.

એક દિવસ શૃંગારમંજરી રાણીએ કળા–કૌશલ્યવંત પોતાના પુત્રોને એકાંતમાં કહ્યું કે, "હે પુત્રો ! આ જગતમાં એક તમારા મામા પ્રશંસનીય છે, કે જેમણે રાજ્ય છોડી ઉત્તમ વ્રતોને ગ્રહણ કરી, સમસ્ત સિદ્ધાંતરૂપી સાગરનો પાર પામેલ આચાર્યદેવ છે. તે નિઃસંગપણે જગતમાં વિચરી ભવ્ય જીવોને પ્રતિબોધ કરે છે. જેમ તેઓએ આ સંસારનું ફળ હથેળીમાં લઈ લીધું, તેમ હે પુત્રો ! તમારે પણ એ જ સારરૂપ ફળ ગ્રહણ કરવા યોગ્ય છે. કારણકે "આ જીવે કરોડો વાર વિષયસુખ પ્રાપ્ત કર્યા, હજારો વાર સંપદાઓ ભેગી કરી, સેંકડો વાર રાજ્ય મેળવ્યા પણ ધર્મ કયારેય મેળવ્યો નથી." આ પ્રમાણે માતાના વચન સાંભળી વૈરાગ્યવંત થયેલ પુત્રોએ પોતાના પિતાની રજા

લઈ, સ્થવિર ભગવંત પાસે જૈનદીક્ષાને ગ્રહણ કરી. અનુક્રમે તેઓ પણ ગીતાર્થ થઈ પોતાના મામાને વંદન કરવા માટે વિહાર કરતા સાંજના સમયે અવંતિનગરની બહાર આવી રાત રોકાયા. ગામમાં જતા કોઈક શ્રાવક દ્વારા પોતે ગામ બહાર રોકાયા છે, તે હકીકત શ્રી શીતલાચાર્યને જણાવી. મામા મહારાજના વંદનના શુભ અધ્યવસાયના કારણે તે ચારે મહાત્માઓને રાત્રીમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. કૃતકૃત્ય થયેલ હોવાથી સવારે ત્યાં જ રોકાયા પણ તેઓ વંદન કરવા ન ગયા, અને શ્રી શીતલાચાર્ય રાહ જોતા રહ્યા.

એક પ્રહર સુધી રાહ જોઇને શ્રી શીતલાચાર્ય તેઓ ન આવવાથી તેઓની પાસે ગયા, તે મુનિઓને આદર–સત્કાર કરતા ન જોઈ, દાંડો થાપી, ઈરિયાવહિ પડિક્કમીને વિચારીને આ પ્રમાણે બોલ્યા કે, "શા માટે હું તમને વંદન કરું?" તેમણે પણ કહ્યું કે, "તમને જે ઠીક લાગે તે કરો." ત્યારે આચાર્ય મહારાજ "આ લોકો કેવા દુષ્ટ નિર્લજ્જ છે" એમ વિચારી ગુસ્સે થઈ તે ચારે શિષ્યોને વંદન કર્યા. ક્રોધ–કષાય-વંત તે આચાર્ય મહારાજને તે ચારે સાધુઓએ કહ્યું કે, "તમે પહેલા દ્રવ્યથી વંદન કર્યું, હવે તમે ભાવથી વંદન કરો." આચાર્ય મહારાજ બોલ્યા, "શું તમે આ પણ જાણો છો?" તેમણે પણ કહ્યું, "અમે બધું જાણીયે છીએ." આચાર્ય મહારાજે પૂછ્યું "શી રીતે?" તેમણે કહ્યું કે, "જ્ઞાનથી" આચાર્ય મહારાજે પૂછ્યું, "કેવા પ્રકારના જ્ઞાનથી?" તેમણે કહ્યું કે, "અપ્રતિપાતી જ્ઞાનથી.

આ પ્રમાણે જાણી અરે...! પાપી એવા મેં આ કેવલીઓની આશાતના કરી...! આ પ્રમાણે પોતાના આત્માની નિંદા કરતા, અધ્યવસાય બદલી ચારે કેવલીઓને ક્રમથી વંદન કરતા અપૂર્વકરણ વિગેરે કરણોથી આચાર્ય મહારાજને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. કષાયયુક્ત ચિત્તથી પહેલા દ્રવ્યવંદન કર્યું અને પછી ઉપશાંત હૃદયપૂર્વક વંદન કર્યું તે ભાવ–વંદન થયું.

ચિતિકર્મમાં ક્ષુલ્લક આચાર્યનું ઉદાહરણ :–

એક વિશાળ ગચ્છના અધિપતિ સુંદરસૂરિ મહારાજે વૃદ્ધ અવસ્થામાં પોતાનો અંતકાળ જાણી શુભ લક્ષણવંત અને સંઘ સમ્મત, કોઈક ક્ષુલ્લક મુનિને પોતાના પદે (આચાર્યપદે) સ્થાપન કર્યા. સર્વ મુનિઓ હંમેશા તેમની આજ્ઞાનું પાલન કરે છે. તે ક્ષુલ્લકાચાર્ય ગીતાર્થ સ્થવિરો પાસે જુદા જુદા ગ્રંથોને ભણે છે.

એક વખત મોહથી મુંઝાયેલ તે આચાર્ય વ્રત છોડવાની ઈચ્છાથી સમસ્ત મુનિઓ ભિક્ષાર્થે ગયા હતા ત્યારે સ્થંડિલભૂમિએ જવાના બહાને એક સાધુને લઈ ઝડપથી બહાર નીકળી ગયા. વૃક્ષોથી ઘેરાયેલ જગ્યાએ સાધુથી છૂટા પડી, આગળ ફળફૂલથી ભરપૂર વૃક્ષોવાળા એક વનખંડમાં આરામ કરવા બેઠા. ત્યાં જેને પીઠ બાંધેલ છે એવા નીરસ

શમીવૃક્ષને મુસાફરોથી પૂજાતું જોઈ વિચારે છે કે, "બકુલ વિગેરે ઘણા ઉત્તમ વૃક્ષો હોવા છતાં લોકો આ શમીવૃક્ષને પૂજે છે, તેમાં પૂર્વજોએ કરેલ પીઠિકા જ કારણરૂપ છે. જેવું આ નીરસ શમીવૃક્ષ છે, તેવો હું પણ છું, કેમકે કુલિન ગીતાર્થ બીજા ઘણા સાધુઓ હોવા છતાં પણ હું બધા ય લોકોની અનેક પ્રકારની પૂજા પ્રાપ્ત કરું છું, તેમાં સર્વ મહિમા ગુરુના આસન પાટ પરંપરાનો જણાય છે. છતાં પણ મેં યુવાનીના મદમાં આવી જઈ તિરસ્કરણીય કાર્ય કર્યું." આ પ્રમાણે વિચારી પાછા પોતાની વસતિમાં આવ્યા અને સાધુઓને કહ્યું કે, બાહર ગયેલ ત્યારે મને અચાનક શૂલ ઉત્પન્ન થવાના કારણે ઘણી વાર લાગી.

સમતામૃતમાં મગ્ન થયેલા તેઓએ બાનગીમાં ગીતાર્થોની પાસે સારી રીતે બધી આલોચના કરી પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું. રાગયુક્ત ચિત્તવાળા તેમને પહેલા દ્રવ્યથી ચિતિકર્મ થયું. અને પાછળથી પ્રશાંત હૃદયવાળા તેમને ભાવથી ચિતિકર્મ થયું.

કૃતિકર્મમાં કૃષ્ણ મહારાજાનું ઉદાહરણ :–

સૌરાષ્ટ્રદેશમાં દ્વારકાનગરીમાં અસીમ પરાક્રમી વાસુદેવ કૃષ્ણ રાજા હતા. તે રાજાનો વીરક શાલવી નામનો ભક્ત સેવક હતો. તે વાસુદેવના દર્શન કર્યા વગર કદી પણ ખાતો ન હતો. તે વાસુદેવ વર્ષાઋતુમાં ઘણા જીવોની હિંસા થતી હોવાથી રજવાડીએ નીકળતા નથી અને અંતઃપુરમાં હંમેશા રહે છે. આથી વીરકને પ્રવેશ ન મળવાના કારણે હંમેશા દરવાજા આગળ આવી ગાયના છાણથી મૂર્તિ જેવું બનાવીને, ફૂલોથી પૂજા કરીને જાય છે, પણ દર્શન ન થવાના કારણે ભોજન કરતો નથી. તેમજ દાઢી, મૂછ, નખ વિગેરે પણ કપાવતો નથી.

વર્ષાઋતુ પૂરી થયા પછી જ્યારે કૃષ્ણ રજવાડીએ નીકળ્યા ત્યારે સર્વ રાજાઓ તેમની પાસે આવ્યા, આનંદિત થયેલ વીરક પણ ત્યાં આવી નમસ્કાર કરે છે, ત્યારે કૃષ્ણ મહારાજાએ દ્વારપાળને પૂછ્યું કે, "આ નિસ્તેજ તેમજ દુબળો કેમ થયો છે?" ત્યારે દ્વારપાળે કહ્યું કે, "આ આપના દર્શન કર્યા વગર ભોજન કરતો નથી તેથી આવો દુબળો થઈ ગયો છે." આ સાંભળી કૃષ્ણે ખુશ થઇને વીરકને બધી જગ્યાએ પ્રવેશ કરવાનો પરવાનો આપ્યો.

વિવાહ યોગ્ય થયેલ પુત્રીઓ જ્યારે કૃષ્ણને નમસ્કાર કરવા આવે ત્યારે કૃષ્ણ તે સર્વ પુત્રીઓને પૂછે છે કે, "હે દિકરી! બોલ, તારે સ્વામિની થવું છે કે દાસી થવું છે?" ત્યારે તેઓ કહે કે, તમારી દયાથી અમારે સ્વામિની થવું છે. તો કૃષ્ણ પણ કહે કે, જો એવી ઇચ્છા હોય તો નેમિનાથ ભગવાનની પાસે ઉત્તમ વ્રતોને ગ્રહણ કરો. આ પ્રમાણે કરી કૃષ્ણે બધી પુત્રીઓને નેમિ–જિનેશ્વર પાસે મહોત્સવપૂર્વક દીક્ષા અપાવી.

એક વખત એક રાણીએ પોતાની પુત્રીને શીખવાડયું કે, તારા પિતા પૂછે તો કહેવું, 'હું દાસી થઈશ.' પછી શણગારથી શણગારી માતાએ પિતા પાસે મોકલી. કૃષ્ણે પૂછ્યું ત્યારે એની માએ શીખવાડેલ જવાબ આવ્યો. આ જવાબ સાંભળી કૃષ્ણે વિચાર્યું કે, 'મારી બીજી દિકરીઓની જેમ આ પણ સંસારમાં ન રખડે તો સારું. માટે આને કોઈપણ રીતે શિખામણ આપું.' આમ વિચારી બાનગીમાં વીરકને પૂછે છે કે "તેં પહેલા કોઇ અદ્‌ભૂત પરાક્રમ કર્યું છે?" પોતાના સ્વામિના આનંદ માટે એમની આગળ ઉત્સાહપૂર્વક કહેવા લાગ્યો કે "એક વખત શરીર-ચિંતા કરતી વખતે મેં બોરડીના ઝાડ પર રહેલા કાચંડાને પથ્થર મારી જમીન પર પાડયા હતા. ગાડાના પૈડાથી બોદાયેલ ગાડામાર્ગમાં વહેતા પાણીને ડાબા પગથી અટકાવી પાછું વાળ્યું હતું. લોટામાં પેસેલી ગણગણતી માખીઓને હાથ વડે રોકી રાખી હતી."

કૃષ્ણે હજારો રાજાઓની સભા વચ્ચે કહ્યું કે, આ વીરકના પરાક્રમો સાંભળો- જેણે બદરી વનમાં રહેલા લાલ ફણાવાળા નાગને ક્ષિતિશસ્ત્ર વડે જમીન પર પાડી નાંખ્યો હતો. ચક્ર વડે બોદાયેલ ગંદા પાણીવાળી ગંગાને જેણે ડાબા પગ વડે રોકી રાખી હતી. કલશીપુરમાં કરતી સેનાને જેણે ડાબા હાથ વડે રોકી રાખી હતી. બોલો, આ વીરક કેવો પરાક્રમી છે! આવા પરાક્રમો વડે સાચેસાચ આ વીરક ક્ષત્રિય છે. માટે આ શાળવીને મારી દિકરી આપીશ અને વીરકને કહ્યું કે, મારી પુત્રી હું તને આપું છું પણ તે પોતાને અયોગ્ય માનતો હોવાથી ના પાડવા લાગ્યો. ત્યારે કૃષ્ણે ભ્રુકૂટીના ઈશારાથી અટકાવીને વીરક સાથે પોતાની દિકરી પરણાવી. લગ્ન કરીને ઘરે લઈ જઈ વીરકે તેને પલંગમાં બેસાડી સ્વામિની પુત્રી છે એમ માની એની સેવા કરવા લાગ્યો.

રાજાએ એક વખત વીરકને પૂછ્યું કે, મારી છોકરી તારી આજ્ઞા માને છે ને? તેણે કહ્યું કે, હું તે સ્વામિનીનો દાસ છું. ત્યારે કૃષ્ણે તે વીરકને કહ્યું કે, તેની પાસેથી ઘરનું બધું કામ તું નહીં કરાવીશ, તો તને શિક્ષા કરીશ. કૃષ્ણની ઈચ્છા જાણી ઘરે જઈ વીરકે તે રાજકુમારીને કઠોર વચન કહેવાપૂર્વક કહ્યું કે, ચાલ, ઉભી થા, પાણી ભર. ત્યારે તે ગુસ્સે થઈ કહેવા લાગી કે તું કોળી છે તે તને ખબર નથી? આમ બોલી એટલે વીરકે તેને દોરડી-ચાબુક વડે મારી. ત્યારે તે રડતી રડતી કૃષ્ણ પાસે જઈ પગે પડી કહેવા લાગી, હે પિતાજી...! પેલા દુર્જન કોળીએ મને મારી. કૃષ્ણે કહ્યું કે, હે દિકરી...! મેં તને જ્યારે સ્વામિની થવા કહ્યું ત્યારે તે દાસત્વની માંગણી કરી હતી. ત્યારે તેણે વિનંતી કરી, હે પિતાજી...! હું તેના ઘરે નહીં રહી શકું, હવે તો તમારી કૃપાથી સ્વામિની થઈશ. ત્યારે વીરકની રજા લઈ નેમનાથ ભગવાન પાસે મહોત્સવપૂર્વક તેને દીક્ષા અપાવી.

એક વખત શ્રી નેમનાથ ભગવંત પરિવાર સાથે વિહાર કરતા રૈવતગિરિ પર

સમોસર્યા. ત્યારે કૃષ્ણ મહારાજા પરિવાર સાથે વંદન માટે ગયા. ભગવાનના અનેક ગુણાલંકૃત અઢાર હજાર સાધુઓને આનંદપૂર્વક દ્વાદશાવર્ત વંદનપૂર્વક વંદન કરે છે. એમની સાથે વંદન કરતા બીજા રાજાઓ થાકી ગયા ને ઉભા રહી ગયા, પણ વીરકે તો કૃષ્ણની સાથે બધા સાધુઓને વંદન કર્યું. પરસેવે રેબઝેબ થયેલ કૃષ્ણે શ્રી નેમિ-જિનેશ્વરને પૂછયું કે, નાથ...! ૩૬૦ (ત્રણસો સાઇઠ) યુદ્ધ કરતાં હું જેટલો થાકયો નથી એટલો સાધુઓને વંદન કરતા થાકી ગયો છું. ભગવાને કહ્યું કે, હે કૃષ્ણ...! આ વંદન કરવાની ભક્તિથી તેં ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યું છે, તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું અને સાતમી નરક યોગ્ય તેં જે આયુકર્મ ઉપાર્જિત કર્યું હતું તે ત્રીજી નરકનું થયું છે. અહિં કૃષ્ણનું ભાવથી કૃતિકર્મ અને કૃષ્ણની પાછળ વંદન કરનાર વીરકનું દ્રવ્ય-કૃતિકર્મ જાણવું.

પૂજાકર્મમાં બે સેવકનું ઉદાહરણ :-

એક રાજાને બે સેવકો હતા. તે બે વચ્ચે નજીકના બે ગામની હદ વિષે વિવાદ થયો. તે વિવાદને દૂર કરવા માટે રાજા પાસે જતા હતા. તે બંનેને રસ્તામાં સામે આવતા સાધુ દેખાયા. તે બેમાંથી એક બોલ્યો કે, સાધુ-દર્શનથી નક્કી સિદ્ધિ થાય છે. આમ બોલી તે પ્રદક્ષિણા કરી, ભક્તિપૂર્વક સાધુને નમીને ગયો. બીજો પણ પ્રથમ સેવકની જેમ પ્રદક્ષિણા અને વંદન કરીને ગયો. રાજા પાસે જઈ તે બંનેએ પોતાની વાત કરી, ત્યારે રાજાએ પ્રથમ વંદન કરનારને જય આપ્યો અને બીજાને પરાજય આપ્યો. આમાં પહેલાનું ભાવથી પૂજાકર્મ અને બીજાનું દ્રવ્યથી પૂજાકર્મ.

વિનયકર્મમાં પાલકનું ઉદાહરણ :-

દ્વારકા નગરીમાં કૃષ્ણ મહારાજાને પાલક, શાંબ વિગેરે ઘણા પુત્રો હતા. એક વખત નેમનાથ ભગવંત આવ્યા એટલે કૃષ્ણે બધા પુત્રોને કહ્યું કે, જે કાલે સવારે ભગવાનના ચરણકમલને સહુથી પહેલા વાંદશે, તેને તે જે માંગશે તે બધું આપીશ. શાંબે સવારે ઉઠી પોતાના મકાનમાં રહી ભક્તિપૂર્વક વંદન કર્યું. દુષ્ટ-બુદ્ધિ અભવ્ય પાલક રાજ્યલોભથી અશ્વરત્ન પર બેસી ભગવાન પાસે જઈ પ્રભુને વંદન કર્યું. કૃષ્ણે ભગવાન પાસે નમીને પૂછયું કે, શાંબ અને પાલક-એ બેમાંથી આજે પહેલા તમને કોણે વંદન કર્યું ? ભગવાને કહ્યું કે, હે કૃષ્ણ...! શાંબે ભાવથી પહેલા વંદન કર્યું અને પાલકે દ્રવ્યથી પ્રથમ વંદન કર્યું. ત્યારે કૃષ્ણે પણ કૃપા કરીને શ્રેષ્ઠ ગુણીયલ શાંબને અશ્વરત્ન આપ્યું અહિં પાલકનું દ્રવ્યથી વિનયકર્મ અને શાંબનું ભાવથી વિનયકર્મ જાણવું. (૧૨૮)

ગુરુ સંબંધી તેત્રીશ આશાતના દ્વાર :-

पुरओ पक्खासन्ने गंताचिट्ठणनिसीयणायमणे ।
आलोयणऽपडिसुणणे पुव्वालवणे य आलोए ॥ १२९ ॥

तह उवदंस निमंतण खद्धा अयणे तहा अपडिसुणणे ।
खद्धत्तिय तत्थगए किं तुम तज्जाय नो सुमणे ॥ १३० ॥

नो सरसि कहं छित्ता परिसं भित्ता अणुट्ठियाइ कहे ।
संथारपायघट्टण चिट्ठोच्चसमासणे यावि ॥ १३१ ॥

આગળ, પાછળ અને પડખે (બાજુમાં), ચાલતા, ઊભા રહેતા અને બેસતા–એ ત્રણ, આગળના ત્રણ વડે ગુણતા નવ થાય. (૧૦) પ્રથમ આચમન, (૧૧) પ્રથમ ઇરિયાવહી રૂપ આલોચના, (૧૨) સાંભળવું નહીં, (૧૩) ગુરુપહેલા બોલવું, (૧૪) ગુરુ પહેલા બીજા પાસે ગોચરી આલોવવી, (૧૫) બીજાને પહેલા ગોચરી બતાવવી, (૧૬) ગુરુ પહેલા બીજાને આમંત્રણ આપવું, (૧૭) ભિક્ષા લાવીને ગુરુની સામે જ લઇને પૂછયા વગર બીજાને ઘણું ઘણું આપવું (૧૮) અશનાદિ આહાર ઘણો ખાય, (૧૯) અપ્રતિશ્રવણ ગુરુ બોલાવે તો જવાબ ન આપવો, (૨૦) કઠોર શબ્દથી વડીલ સામે બોલવું, (૨૧) આસને બેઠા બેઠા જવાબ આપવો, (૨૨) શું કહો છો? એમ કહી જવાબ આપવો, (૨૩) તુકારાથી ગુરુ સાથે વાત કરવી (૨૪) ગુરુની સામે જવાબ આપવો (૨૫) ગુરુના વ્યાખ્યાનથી નારાજ થવું, (૨૬) તમને આ વાત યાદ નથી, (૨૭) ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે આવીને શ્રોતાઓને કહે કે આ વાત હું તમને સારી રીતે કહીશ, (૨૮) વ્યાખ્યાન–સભા તોડી નાખવી, (૨૯) ગુરુએ વ્યાખ્યાન પૂરુ કર્યા પછી પોતેપોતાની હોંશિયારી બતાવવા ફરી વ્યાખ્યાન કરવું, (૩૦) ગુરુના સંથારા વિગેરેને પગ લગાડવો. (૩૧) સંથારા પર બેસવું, સુવું (૩૨) ગુરુથી ઊંચા આસને બેસવું, (૩૩) ગુરુના સમાન આસને બેસવું. (૧૨૯–૧૩૧)

पुरओ अग्गपएसे पक्खे पासंमि पच्छ आसन्ने ।
गमणेण तिन्नि ठाणेण तिन्नि तिण्णि य निसीयणए ॥ १३२ ॥

विणयब्भंसाइगदूसणाउ आसायणाओ नव एया ।
सेहस्स विहारगमे रायणियपुव्वमायमणे ॥ १३३ ॥

પુરત: એટલે આગળ, પક્ખે એટલે પાસે, પચ્છ એટલે પાછળ—એ રીતે ગુરુની આગળ–પાસે–પાછળ નજીકમાં ચાલવાથી ત્રણ, ઊભા રહેવાથી ત્રણ અને બેસવાથી ત્રણ આશાતના–એમ આ નવ આશાતના,

વિનયનો ભંગ થતા હોવાથી થાય છે. રત્નાધિક સાથે ગયેલા શિષ્યનું રત્નાધિક પહેલા આચમન કરવું.....

૧. શિષ્ય ગુરુની આગળ વગર કારણે ચાલે તો વિનયનો ભંગ થાય માટે આશાતના લાગે. રસ્તો વિગેરે બતાવવા માટે ચાલે તો દોષ ન કહેવાય.

૨. ગુરુની બંને પડખે ચાલે તો આશાતના.

૩. પાછળ પણ અતિ નજીક ચાલે તો આશાતના, કેમકે શ્વાસોશ્વાસ, છીંક, કફ વિગેરે પડવારૂપ દોષ લાગવાનો સંભવ છે. એટલે જેટલી ભૂમિ દૂર રહીને ચાલતા આશાતના ન થાય તેટલે દૂર રહી ચાલવું.

૪-૬ એ પ્રમાણે ગુરુની આગળ-પડખે અને પાછળ ઉભા રહેવાથી શિષ્યને બીજી ત્રણ આશાતના.

૭-૯ એ પ્રમાણે ગુરુની આગળ-પડખે અને પાછળ બેસવાથી ત્રીજી ત્રણ આશાતના થાય.

કારણે બેસવાથી, ઉભા રહેવાથી, ચાલવાથી દોષ ન લાગે.

૧૦. આચાર્યની સાથે સ્થંડિલભૂમિએ ગયેલ શિષ્ય, આચાર્યની પહેલા આચમન કરે (પગ સાફ કરે) તો આશાતના લાગે. (૧૩૨-૧૩૩)

पुव्वं गमणागमणालोए सेहस्स आगयस्सतओ ।
राओ सुत्तेसु जागरस्स गुरुभणियऽपडिसुणणा ।। १३४ ।।

૧૧. સ્થંડિલભૂમિ વિગેરે બહારથી આવેલ ગુરુની પહેલા જ શિષ્ય ગમનાગમન વિષયક આલોચનારૂપ ઇરિયાવહી કરે અને ગુરુ પછી કરે તો શિષ્યને આશાતના લાગે.

૧૨. રાતના સમયે રત્નાધિક પૂછે કે "કોણ સુતુ છે? કોણ જાગે છે?" ત્યારે જાગતો હોવા છતાં જાણે સાંભળતો ન હોય-એમ રહે તો શિષ્યને આશાતના લાગે...(૧૩૪)

आलवणाए अरिहं पुव्वं सेहस्स आलवेंतस्स ।
रायणियाओ एसा तेरसमाऽऽसायणा होइ ।। १३५ ।।

૧૩. ગુરુ વિગેરે જેની સાથે વાત કરવાના હોય, તેની સાથે ગુરુ-રત્નાધિક વિગેરેની પહેલા જ શિષ્ય પોતે જ વાત કરવા માંડે તો આશાતના થાય...(૧૩૫)

असणाईयं लद्धुं पुव्विं सेहे तओ य रायणिए ।
आलोए चउदसमी एवं उवदंसणे नवरं ।। १३६ ।।

૧૪. અશન-પાન-ખાદિમ-સ્વાદિમરૂપ ભિક્ષા લાવીને પહેલા બીજા કોઈ પણ શિષ્ય વિગેરેની આગળ આલોચે પછી ગુરુ આગળ આલોચે, તો શિષ્યને આશાતના લાગે.

૧૫. અશનાદિ ચાર પ્રકારની ભિક્ષા લાવી પહેલા બીજા કોઈને બતાવે પછી ગુરુને બતાવે તો શિષ્યને આશાતના લાગે...(૧૩૬)

एवं निमंतणेऽवि य लद्धं रयणाहिगेण तह सद्धिं ।
असणाइ अपुच्छाए खद्धंति बहुं दलंतस्स ॥ १३७ ॥
संगहगाहाए जो न खद्धसद्दो निरुवीओ वीसुं ।
तं खद्धाइयणपए खद्धत्ति विभज्ज जोयेज्जा ॥ १३८ ॥

એ પ્રમાણે ભિક્ષા લાવી ગુરૂ વિગેરે રત્નાધિકની સાથે નિમંત્રણમાં પણ સમજવું. અશનાદિ આહાર પૂછ્યા વગર નવા સાધુઓને ઘણો ઘણો આપે.....

સંગ્રહ ગાથામાં "ખદ્ધા" શબ્દ જુદો લીધો નથી છતાં "ખદ્ધાયયણ" પદમાં શબ્દ જુદો કરવો.

૧૬. અશનાદિ ચાર પ્રકારની ભિક્ષા લાવીને પૂજ્ય (ગુરુ) ને પૂછ્યા વગર પહેલા (શિષ્યને)નાનાઓને આમંત્રણ આપે પછી આચાર્ય વિગેરે રત્નાધિકને, તો આશાતના થાય.

૧૭. અશનાદિ ચાર પ્રકારની ગોચરી લાવી આચાર્ય મહારાજને પૂછ્યા વગર જેમ જેને ઠીક લાગે તેમ તેને ઘણું આપી દે તો આશાતના લાગે છે. સૈદ્ધાંતિકોએ "ખદ્ધ" શબ્દનો અર્થ "ઘણો" કર્યો છે.

પ્રશ્ન :— સંગ્રહગાથામાં "ખદ્ધ" શબ્દ જુદો ગ્રહણ કર્યો નથી. તો પછી શા માટે જુદા દોષની વ્યાખ્યા કરો છો ?

ઉત્તર :— જો કે અહિં આગળ સંગ્રહ ગાથામાં "ખદ્ધ" શબ્દ જુદો ગ્રહણ કર્યો નથી. છતાં પણ આગળ અઢારમાં દોષના પદમાં જે શબ્દ છે, તે જુદો કરી સત્તરમા દોષરૂપે વર્ણવ્યો છે. આમાં સંગ્રહકારનો દોષ નથી કેમકે સૂત્રની રચના વિચિત્ર પ્રકારની હોય છે. આથી સૂત્રકારે જ આ ગાથામાં ખુલાસો કર્યો એટલે જુદો અર્થ થાય છે.

एवं खद्धाइयणे खद्धं बहुयंति अयणमसणंति ।
आईसद्दा डायं होइ पुणो पत्तसागंतं ॥ १३९ ॥
वन्नाइजुयं उसढं रसियं पुण दाडिमंबगाइयं ।
भणईट्ठं तु मणुण्णं मन्नइ मणसा मणामं तं ॥ १४० ॥
निद्धं नेहबगाढं रूक्खं पुण नेहवज्जियं जाण ।
एवं अप्पडिसुणणे नवरिमिणं दिवसविसयंमि ॥ १४१ ॥

"ખદ્ધાઇયણુ" પદમાં "ખદ્ધ" શબ્દ બહુ અર્થમાં છે. અયણુ એટલે અશન સમજવું અને આદિ શબ્દથી "ડાય" શબ્દ એટલે મસાલાવાળા વૃત્તાંક, ચીભડા, ચણાવિગેરે અને "પત્ર"શબ્દથી શાકભાજી વિગેરે સમજવું.

સારા વર્ણ-ગંધ યુક્ત, પાકેલા, રસદાર, મનોહર દાડમ, કેરી ફળ વિગેરે કોઇપણ પ્રકારે અચિત્ત કરી આકર્ષિત થઇને ખાય, અથવા ખરાબ હોય તે દ્વેષપૂર્વક ખાય, ઘી વિગેરેથી લચપચતું અથવા લુખું પણ ઘણું ઘણું ખાય. દિવસે ગુરુ બોલાવે તો ન સાંભળ્યા જેવું કરી જવાબ ન આપે.

૧૮. "ખદ્ધાયયણ" એટલે ઘણું ભોજન કરવું એવો અર્થ થાય છે. તે દશાશ્રુતસ્કંધસૂત્રની અપેક્ષાએ જાણવું. "ખદ્ધાયયણ" પદમાં "ખદ્ધ" શબ્દનો "બહુ" અર્થ થાય છે અને "અયણ" શબ્દનો અશન અર્થ થાય. "બહુ વિગેરે" એટલે વડા આદિ આહારનું ખાવું. આદિ શબ્દથી ડાક વિગેરે. ડાક એટલે સારા સંસ્કારિત કરેલ વૃત્તાંક, ચીભડા, ચણા વિગેરે તથા શાકભાજી કહેવાય. તે પોતે જ લઈ લઈને ખાય.

સારા વર્ણ-ગંધ યુક્ત, પાકેલા, રસદાર દાડમ, કેરી વિગેરે ફળાદિને કોઈ પણ પ્રકારે અચિત્ત કરીને ખાય. મનોજ્ઞ ભોજન અથવા સ્નિગ્ધ કે રૂક્ષ ભોજન જે હોય, તે ઘણું ઘણું ખાય. ઘી વિગેરેથી લચપચતો આહાર ખાય, ચિકાશ વગરનો લુખ્ખો આહાર પણ ઉપર કહ્યા પ્રમાણે ખાય, તો આશાતના થાય.

બીજી જગ્યાએ આ પ્રમાણે વ્યાખ્યા કરી છે. શિષ્ય ગોચરી લાવી આચાર્યને થોડું ક આપીને પોતે ઘી-તેલવાળા, મીઠા સુંદર વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા આહાર, શાક વિગેરે દ્રવ્યોને પોતે આસક્તિપૂર્વક વાપરે તો આશાતના થાય.

૧૯. આચાર્ય મહારાજ બોલાવે તો સાંભળે નહીં તો આશાતના થાય.

પ્રશ્ન :—અપ્રતિશ્રવણ દ્વાર તો પહેલા આગળ કહી ગયા છો, તો ફરી કેમ કહો છો ?

જવાબ :— આ અપ્રતિશ્રવણ સામાન્યથી દિવસાશ્રયિને જાણવું. જે આગળ કહ્યું છે તે રાત્રીના અંધકારમાં હું જાગુ છું કે ઉંઘુ છું તેમ મને કોઈ જાણશે નહિ —એમ માનીને જવાબ ન આપે તે. આ બે વચ્ચેનો તફાવત છે. (૧૪૧)

खद्धंति बहु भणंते खरकक्कसगुरूसरेण रायणियं ।
आसायणा उ सेहे तत्थ गए होइमा चउण्णा ।। १४२ ।।

૨૦. "ખદ્ધ" એટલે "ઘણું" કહેવાય. "ખર" એટલે અતિઘણું. કર્કશ એટલે પરુષ, કઠોર. અતિ કઠોર અને મોટા અવાજપૂર્વક રત્નાધિક ગુરુ વિગેરેને જેમ તેમ ઘણું બોલે, તો આશાતના થાય.

૨૧. રત્નાધિક બોલાવ્યે છતે જ્યાં બેઠો હોય ત્યાંથી જ જવાબ આપે પણ નજીક આવીને જવાબ ન આપે, તો આશાતના થાય. (૧૪૨)

सेहो गुरुणा भणिओ तत्थ गओ सुणइ देइ उल्लावं ।
एवं किंति च भणइ न मत्थएणं तु वंदामि ॥ १४३ ॥

૨૨. શિષ્યને ગુરુ બોલાવે ત્યારે ગુરુની પાસે ગયા વિના સાંભળે અને જવાબ આપે પણ મનમાં વિચારે કે નજીક જઈને શું કામ છે? તો આશાતના લાગે. માટે નજીક જઈ "मत्थएणं वंदामि" બોલીને આગળ વાત કરે. (૧૪૩)

एवं तुमंति भणई कोऽसि तुमं मज्झ चोयणाए उ ? ।
एवं तज्जाएणं पडिभणणाऽऽसायणा सेहे ॥ १४४ ॥
अज्जो ! किं न गिलाणं पडिजग्गसि पडिभणाइ किं न तुमं ? ।
रायणिए य कहंते कहं च एवं असुमणत्ते ॥ १४५ ॥

તું મને પ્રેરણા કરનાર કોણ? એ પ્રમાણે તુકારો કરે તથા ગુરુએ જે વાત કરી હોય તે જવાબ સામે કરી ગુરુનું અપમાન કરે તો આશાતના થાય.

હે આર્ય! ગ્લાનની સેવા કેમ નથી કરતો? શિષ્ય સામે કહે તમે કેમ નથી કરતા? રત્નાધિક ધર્મકથા કરતા હોય તો પોતાના મનને દુભવે.

૨૩. શિષ્ય રત્નાધિકને તુકારાથી બોલાવે "તું મને કહેનાર કોણ?" વિગેરે કહેવાથી ગુરુની આશાતના થાય. માટે શિષ્યે ગુરુઓને શ્રી ભગવન્, શ્રી પૂજ્ય, આપ વિગેરે શબ્દથી બોલાવવા જોઈએ.

૨૪. શિષ્ય રત્નાધિકને ગુરુના વચન વડે જ તેમને સામે જવાબ આપે. (ચાળા પાડે). જેમ આચાર્યે શિષ્યને કહ્યું કે, "હે આર્ય! ગ્લાનની ભક્તિ કેમ કરતો નથી?" ત્યારે શિષ્ય કહે કે "તમે જ કેમ ભક્તિ નથી કરતા?" આચાર્ય કહે કે, "તું આળસુ છે." ત્યારે શિષ્ય કહે, "તમે જ આળસુ છો." આ પ્રમાણે સામે બોલવાથી આશાતના થાય.

૨૫. "અહો...પૂજ્ય ગુરુભગવંતે કેવું સરસ વ્યાખ્યાન કર્યું" એ પ્રમાણે પ્રસન્ન-મને અનુમોદના ન કરે તો આશાતના થાય. (૧૪૪-૧૪૫)

एवं नो सरसि तुमं एसो अत्थो न होइ एवंति ।
एवं कहमच्छिंदिय सयमेव कहेउमारभइ ॥ १४६ ॥

૨૬. ગુરુ વ્યાખ્યાન કરતા હોય ત્યારે તેમને કહે કે, " આ અર્થ તમને બરાબર યાદ નથી" અથવા "આ પ્રમાણે આ અર્થ નથી થતો." આ પ્રમાણે કહે તો આશાતના થાય.

૨૭. ગુરુ વ્યાખ્યાન કરતા હોય ત્યારે "આ વાત હું તમને સારી રીતે કહીશ," આ પ્રમાણે બોલી ગુરુના વ્યાખ્યાનનો ભંગ કરે તો આશાતના થાય (૧૪૬)

तह परिसं चिय भिंदइ तह किंची भणइ जह न सा मिलइ ।
ताए अणुट्ठियाए गुरूभणिअ सवित्थरं भणइ ॥१४७॥

૨૮. ગુરુ વ્યાખ્યાન કરતા હોય અને સાંભળીને પર્ષદા પ્રસન્ન થઈ હોય, ત્યારે શિષ્ય વચમાં આવીને કહે "હવે ગોચરીનો સમય થયો છે, સૂત્રપોરિસિનો ટાઇમ છે" વગેરે કહેવા દ્વારા વ્યાખ્યાન સભાનો ભંગ કરે તો આશાતના થાય.

૨૯. ગુરુએ વ્યાખ્યાન પુરું કર્યું હોય, પણ સભા ઊભી ન થઈ હોય ત્યારે પોતાની હોંશિયારી વિગેરે બતાવવા માટે ફરી ગુરુએ કહેલા અર્થનો જ વારંવાર સવિસ્તાર વ્યાખ્યાન કરે તો આશાતના થાય...(૧૪૭)

सेज्जं संथारं वा गुरूणो संघट्टिऊण पाएहिं ।
खामेइ न जो सेहो एसा आसायणा तस्स ॥ १४८ ॥

૩૦. ગુરુના [1]સંથારા કે શય્યા વિગેરેને પગ લગાડે અથવા રજા વગર હાથ વિગેરેથી અડીને મિચ્છામિ દુક્કડં ન આપે તો આશાતના થાય.

આગમમાં કહ્યું છે કે ગુરુની ઉપધિને પગ લાગી જાય તો કહે કે મારો અપરાધ ખમો. ફરીવાર આવું નહીં કરું. (૧૪૮)

गुरुसेज्जसंथारगचिट्ठण निसियणतुयट्टणेऽहऽवरा ।
गुरुउच्चसमासणचिट्ठणाइकरणेण दो चरिमा ॥ १४९ ॥

૩૧. ગુરુની શય્યામાં, સંથારામાં ઊભો રહે, બેસે અથવા સુવે તો આશાતના થાય.

૩૨. ગુરુની સમક્ષ ઊંચા આસને બેસે, ઊભો રહે, સુવે તો આશાતના થાય.

૩૩. ગુરુની સમાન આસને બેસે, સુવે, ઊભો રહે તો આશાતના થાય. (૧૪૯)

વંદનના દોષ :—

अणाढियं च थद्धं च, पविद्धं परिपिंडियं ।
टोलगइ अंकुसं चेव, तहा कच्छवरिंगियं ॥ १५० ॥
मच्छुव्वत्तं मणसा पउट्ठं तह य वेइयाबद्धं ।
भयसा चेव भयंतं मित्ती गारव कारणा ॥ १५१ ॥
तेणियं पडिणीयं च, रुट्ठं तज्जियमेव य ।
सड्ढं च हिलियं चेव, तहा विप्पलिउंचियं ॥ १५२ ॥

---

[1] દેહ પ્રમાણ શય્યા અને અઢી હાથ પ્રમાણ સંથારો હોય...

दिट्ठमदिट्ठं च तहा, सिंगं च करमोयणं ।
आलिट्ठमणालिट्ठं ऊणं उत्तरचूलियं ॥ १५३ ॥
मूयं च ढड्ढरं चेव चुडुलीयं च अपच्छिमं ।
बत्तीसदोसपरिसुद्धं किइकम्मं पउंजए ॥ १५४ ॥

અનાદૃત, સ્તબ્ધ, પ્રવિદ્ધ, પરિપિંડિત, ટોલગતિ, અંકુશ, કચ્છપરિંગિત, મત્સ્યોદ્વૃત, મનસાપ્રદુષ્ટ, વેદિકાબદ્ધ, ભયથી, ભજંત, મૈત્રી, ગૌરવ, કારણ, સ્તેન (ચોરી), પ્રત્યનિક, રૂષ્ટ, તર્જન, શઠ, હિલના, વિપરિકુંચિત, દૃષ્ટાદૃષ્ટ, શૃંગ, કર, મોચન, આશ્લિષ્ટ-અનાશ્લિષ્ટ, ન્યૂન, ઉત્તર ચૂલિક, મૂક, ઢઢ્ઢર, ચૂડલિક એ બત્રીસ દોષથી રહિત પ્રસન્નતાપૂર્વક શુદ્ધ વંદન સાધુએ કરવું જોઇએ. (૧૫૦-૧૫૪)

आयरकरणं आढा तव्विवरीयं अणाढियं होइ ।
दव्वे भावे थद्धो चउभंगो दव्वओ भइओ ॥ १५५ ॥

૧. આદરપૂર્વક જે કરવું તે આદૃત. તેને આર્ષપ્રયોગમાં આઢા કહેવાય. અનાદરપૂર્વકનું કાર્ય તે અનાદૃત દોષ.

૨. મતિ વિગેરેના મદથી સ્તબ્ધ (અક્કડ)પણે જે વંદન કરાય તે સ્તબ્ધ દોષ.

તે સ્તબ્ધ દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે છે. તેની ચતુર્ભંગી આ પ્રમાણે:—

૧. દ્રવ્યથી સ્તબ્ધ પણ ભાવથી નમ્ર.
૨. ભાવથી સ્તબ્ધ પણ દ્રવ્યથી નમ્ર.
૩. દ્રવ્ય અને ભાવથી સ્તબ્ધ.
૪. દ્રવ્ય અને ભાવથી સ્તબ્ધ નહીં (નમ્ર)

૧. વા વિગેરેથી પકડાયેલ શરીરવાળા કોઇનું શરીર નમતું ન હોય, છતાં પણ ભાવથી નમ્ર હોય.

૨. ભાવથી માનસિક અધ્યવસાયરૂપ સ્તબ્ધ હોય પણ દ્રવ્યથી શરીર નમ્ર.

૩. ભાવથી અને દ્રવ્યથી બંને રીતે સ્તબ્ધ (અક્કડ)
૪. દ્રવ્યથી અને ભાવથી બંને રીતે અસ્તબ્ધ (નમ્ર).

આ ચોથો ભાંગો શુદ્ધ છે. બાકીના ભાંગામાં ભાવથી સ્તબ્ધ અશુદ્ધ છે. દ્રવ્યથી સ્તબ્ધની ભજના થાય છે એટલે શુદ્ધ પણ હોય, અશુદ્ધ પણ

હોય. જેમ પેટ, પીઠ શુલની પીડાથી પીડાયેલ નમવા માટે અશક્ત હોય તો તે કારણે સ્તબ્ધ હોય તો પણ શુદ્ધ છે, નિષ્કારણ સ્તબ્ધ (અક્કડ) અશુદ્ધ છે. એથી જ કહ્યું કે દ્રવ્યથી ભજના છે દુષ્ટ નથી, પણ ભાવથી સ્તબ્ધ તો દુષ્ટ જ છે. તે સ્તબ્ધ દોષ. (૧૫૫)

पव्विद्धमणुवयारं जं अप्पिंतो णिजंतिओ होइ ।
जत्थ व तत्थ व उज्झइ कियकिच्चो वक्खरं चेव ॥ १५६ ॥

પવિદ્ધ એટલે ઉપચાર વગરનું એટલે કે જે વંદન કરતા પોતે અનિયંત્રિત હોય અનિયંત્રિત હોવાથી પોતાનું કાર્ય પુરૂ થયું છે-એમ માની જ્યાં ત્યાં વંદન પુરૂ કર્યા વગર છોડીને ભાગી જાય તે પવિદ્ધ દોષ.

૩. પવિદ્ધ એટલે ઉપચાર વગર. જેમાં ગુરુને વંદન કરતા અનિયંત્રિત એટલે કે અવ્યવસ્થિત હોય, તેથી પ્રથમ પ્રવેશ વિગેરે કોઇપણ સ્થાને, વંદન પૂરુ કર્યા વગર, વંદન છોડીને ભાગી જાય.

જેમ કોઇએ કોઈ નગરમાંથી ભાડેથી માલ ઉપાડનાર મજૂર કર્યો હોય અને બીજા નગરમાં લઇ જવા માલ ઉપડાવ્યો અને નગર આવ્યું એટલે માલિકે કહ્યું કે તું અહિં ઉભો રહે, હું માલ ઉતરાવવા માટેની જગ્યા જોઇ આવું ત્યારે તે મજૂર કહેવા લાગ્યો કે મારે તો આ નગર સુધી જ સામાન લાવવાનો છે—એમ નક્કી થયું છે, એટલે મારું કામ પુરુ થયું, હું રાહ નહીં જોઉં એમ કહી વચ્ચે જ સામાન મૂકી જતો રહે તેમ સાધુ અસ્થાનમાં જ વંદન છોડીને જતો રહે. (૧૫૬)

संपिंडिए व वंदइ परिपिंडिय वयणकरणओ वावि ।
टोलोव्व उप्फिडंतो ओस्सक्कहिसक्कणे कुणइ ॥ १५७ ॥

આચાર્ય વિગેરે અનેકને એક જ વંદનમાં વંદન કરી લે અથવા તો વચન અને હાથ વિગેરે અવયવને એકઠા કરીને બોલે તો સંપિંડિતદોષ. ટોલ એટલે તીડની જેમ આગળ પાછળ થતો વંદન કરે તે ટોલગતિદોષ.

૪. એક જગ્યાએ ભેગા થયેલ આચાર્ય વિગેરેને એક જ વંદનથી વાંદી લે, પણ જુદા જુદા ન વાંદે તે પરિપિંડિત વંદન કહેવાય અથવા સૂત્રોચ્ચારરૂપ વચનો અટકચા વગર બોલવા અને હાથ પગ વિગેરે એટલે સાથળ પર બંને હાથ રાખવાપૂર્વક અવચવો એકઠા કરીને વંદન કરે તે પરિપિંડિત દોષ.

૫. તીડની જેમ ઉડતો આગળ પાછળ જતો વંદન કરે તે ટોલગતિ દોષ. (૧૫૭)

उवगरणे हत्थंमि व घेत्तु निवेसेइ अंकुसं बिंति ।
ठिउविद्धरिंगणं जं तं कच्चवरिंगियं जाणं ॥ १५८ ॥

ગુરૂના હાથને કે ઉપકરણ પકડીને બેસાડી જે વંદન કરાય, તે અંકુશ દોષ. ઉભા રહીને કે બેસીને વંદન કરતા કંઇક આગળ પાછળ થવું તે કચ્છપરિંગિત દોષ.

૬. અંકુશ વડે હાથીની જેમ આચાર્ય ઉભા હોય, સુતા હોય કે બીજા કાર્યમાં રોકાયેલા હોય ત્યારે તેમનો ચોલપટ્ટો કે ચાદર અથવા હાથ વિગેરે પકડી શિષ્ય અવજ્ઞાપૂર્વક ખેંચી વંદન કરવા માટે આસન પર બેસાડી વંદન કરે તે અંકુશ દોષ.

આચાર્ય ભગવંતોને કયારે પણ ઉપકરણ વિગેરે ખેંચીને બેસાડી વંદન કરવા યોગ્ય નથી કેમકે અવિનય થાય છે. પરંતુ હાથ જોડી પ્રણામ કરવાપૂર્વક વિનયથી એમ કહે કે, હે ભગવંત આપ બિરાજો એટલે હું વંદન કરું.

આવશ્યકવૃત્તિમાં રજોહરણને બે હાથ વડે અંકુશની જેમ પકડી વંદન કરે તે અંકુશ દોષ કહેવાય એમ વ્યાખ્યા કરી છે. બીજા આચાર્યો તો અંકુશથી કુંજે કરાયેલ હાથીની જેમ માથું ઊંચુ-નીચુ કરતો જે વંદન કરે તે અંકુશ દોષયુક્ત વંદન. આ બંને અભિપ્રાયો સૂત્રાનુસારી જણાતા નથી. આમાં તત્ત્વો બહુશ્રુતો જાણે.

૭. ઉભા રહી "તિત્તીસન્નયરા" વિગેરે સૂત્ર બોલતા બેસી જાય. "અહો કાયં કાય" બોલતા કાચબાની જેમ રિંખન કરતો=આગળ પાછળ થતો વંદન કરે તે કચ્છપરિંગિત દોષ.....(૧૫૮)

उद्धितनिवेसितो उव्वत्तइ मच्छउव्व जलमज्झे ।
वंदिउकामोवअन्नं झसो व परियत्तए तुरियं ॥ १५९ ॥

૮. ઉભા થતા કે બેસતા પાણીમાં રહેલા માછલા ઉછળે તેમ ઊંચો-નીચો થતો વંદન કરે. અથવા એક આચાર્યાદિને વાંદી બાજુમાં રહેલા વંદનીયને વાંદવા માટે નજીકમાં જવાને ઇચ્છતો પોતે બેઠા-બેઠા જ માછલીની જેમ ઝડપી અંગોપાગ ફેરવીને જાય, તે મત્સ્યોદ્વૃત્તદોષ. આ રીતે અંગ પરાવર્તન કરવું તે મત્સ્યાવર્તપણું કહેવાય.....(૧૫૯)

अप्प पर पत्तिएणं मणप्पओसो य वेइया पणगं ।
तं पुण जाणूवरि १ जाणुहिट्ठाओ २ जाणुबाहिं ३ वा ॥ १६० ॥
कुणइ करे जाणुं वा एगयरं ठवइ करजुयल मज्झे ४ ।
उच्छंगे करइ करे ५ भयं तु निज्जूहणाईयं ॥ १६१ ॥

૯. મનનો દ્વેષ અનેક કારણસર હોઈ શકે છે, તે બધા દ્વેષ પોતાના નિમિત્તે કે બીજાના નિમિત્તે થાય છે. તેમાં જ્યારે શિષ્યને ગુરુ કંઈક કઠોર શબ્દ કહે, ત્યારે જો શિષ્યને દ્વેષ થાય તો તે આત્મપ્રત્યયમનઃદ્વેષ જાણવો.

જ્યારે તે જ શિષ્યને ગુરુ એમના સગાવ્હાલા મિત્રાદિની સમક્ષ કંઈ અપ્રિય કહે ત્યારે જો શિષ્યને દ્વેષ થાય, તો તે પરપ્રત્યયમનઃદ્વેષ જાણવો. આ પ્રમાણે બીજા કારણોથી પણ સ્વ-પર પ્રત્યયથી મનઃપ્રદ્વેષ જેમાં થાય છે, તે મનઃપ્રદ્વેષ કહેવાય છે.

જો "अप्प-परपत्तिएणं" એ પ્રમાણે પાઠ હોય તો આત્માની અપ્રિતી અને પરની અપ્રિતીથી મનઃપ્રદ્વેષ થાય છે. એની વિચારણા ઉપર પ્રમાણે કરવી. આ મનઃ પ્રદ્વેષ દોષ.

૧૦. જાનુ ઉપર બે હાથ રાખી અથવા નીચે રાખી અથવા બે પડખે રાખી અથવા બોળામાં રાખી અથવા ડાબો કે જમણો જાનુ બે હાથની વચ્ચે રાખી જે વંદન કરાય તે વેદિકાપંચક દોષ.

૧૧. વંદન ન કરું તો ગચ્છમાંથી કાઢી મૂકશે વિગેરે ભયથી જે વંદન કરાય તે ભયવંદન. (૧૬૦-૧૬૧)

भयइ व भयिस्सइत्ति य इअ वंदइ ण्होरयं निवेसंतो ।
एमेव य मित्तीए गारव सिक्खाविणीओऽहं ॥ १६२ ॥

મને ભજે કે ભજશે એ કારણથી નિહોરક સ્થાપવાપૂર્વક વંદે તે ભજમાનવંદન કહેવાય. એ પ્રમાણે મૈત્રીવંદનમાં પણ એમજ સમજવું. શિક્ષાવાન અને વિનીત છે એવા ગૌરવ માટે વંદન કરાય તે ગૌરવવંદન.

૧૨. હે આચાર્ય ભગવંત અમે તમને વંદન કરીએ છીએ-એ પ્રમાણે જણાવવા-પૂર્વક વંદન કરે. શિષ્ય ગુરુને નજરાણું મૂકવાની જેમ ભજે છે. અર્થાત્ શિષ્ય મનમાં વિચારે કે ગુરુ મને સાચવે છે, સાચવ્યો છે, સાચવશે, અનુકૂળ રહેશે, મારી સેવામાં સાધુઓ આપશે વિગેરે અપેક્ષાપૂર્વક વંદન કરે, એટલે જો આચાર્ય મારી સેવા (સંભાળ) કરશે તો હું પણ વંદનરૂપી નિહોરક (ભેટણું) મૂકીશ-એવા ઈરાદાપૂર્વક વંદન કરે તો (ભજન્ત) દોષ.

૧૩. જેમ નિહોરકદોષ યુક્ત વંદન કરે તેમ મૈત્રી આશ્રયિને પણ વંદન કરે એટલે આચાર્ય સાથે મિત્રતા-પ્રેમની ઈચ્છાથી વંદન કરે તો મૈત્રીદોષ.

૧૪. આ બધા સાધુઓમાં હું વંદનની સામાચારીમાં કુશળ છું, વિનિત છું-એ પ્રમાણે જાણે એવા ઈરાદાથી બરાબર આવડો વિગેરે કરવાપૂર્વક વંદન કરે તે ગૌરવ વંદન. (૧૬૨)

नाणाइ तिगं मोत्तुं कारणमिहलोयसाहयं होइ ।
पूया गारव हेऊं नाणग्गहणे वि एमेव ॥ १६३ ॥

૧૫. જ્ઞાન, દર્શન, ચારિત્ર સિવાય અન્ય કંઈ પણ આલોક સંબંધી વસ્ત્ર-કાંબળ વિગેરેની ઈચ્છાથી જે વંદન કરે તે કારણદોષ.

પ્રશ્ન :– જ્ઞાનાદિ ગ્રહણ કરવા માટે જે વંદન કરાય, તે એકાંતે કારણવંદન નથી થતું ?

જવાબ :– જો પૂજાના આશયથી કે ગૌરવ માન વિગેરેના આશયથી જ્ઞાન વિગેરે ગ્રહણ કરવા માટે જે વંદન કરે તે પણ કારણવંદન કહેવાય. અહિં જ્ઞાન ગ્રહણના ઉપલક્ષણથી દર્શન, ચારિત્રનું પણ ગ્રહણ સમજી લેવું. (૧૬૩)

हाउं परस्स दिट्ठिं वंदंते तेणियं हवइ एयं ।
तेणोविव अप्पाणं गूहइ ओभावणा मा मे ॥ १६४ ॥

૧૬. પોતાના સિવાય બીજા સાધુઓ કે શ્રાવકની દૃષ્ટિથી છૂપી રીતે વંદન કરે તો સ્તૈન્ય (ચોરી) દોષ. અર્થાત્ બીજા સાધુ સાધ્વીથી પોતાની જાતને વંદન કરતી વખતે ચોરની જેમ છૂપાવે. કારણ કે બીજા સાધુ–સાધ્વીમાં મારી અપભ્રાજના ન થાઓ કે અહો ! અતિ વિદ્વાન એવા સાધુ બીજાઓને વંદન કરે છે. (૧૬૪)

आहारस्स उ काले नीहारस्सावि होइ पडिणीयं ।
रोसेण धमधमंतो जं वंदइ रुट्ठमेयं तु ॥ १६५ ॥

૧૭. ગુરુના ગોચરી વાપરવાના સમયે કે સ્થંડિલ–લઘુનીતિના સમયે જે વંદન કરાય તે પ્રત્યનીકદોષ.

૧૮. પોતાની કલ્પના વિગેરે કોઈ કારણથી ગુસ્સાથી ધમધમતો જે વંદન કરે તે રુષ્ટ દોષ. (૧૬૫)

नवि कुप्पसि न पसीयसि कट्ठसिवो चेव तज्जियं एयं ।
सीसंगुलिमाईहि य तज्जेइ गुरूं पणिवयंतो ॥ १६६ ॥

૧૯. લાકડાની બનાવેલ શિવની પ્રતિમા જેમ વંદન ન કરનાર ઉપર ગુસ્સે થતી નથી, તથા વંદન કરનાર ઉપર અવિશેષ સત્તાને કારણે પ્રસન્ન થતી નથી–એ પ્રમાણે તિરસ્કાર કરતો જે વંદન કરે તે તર્જિતદોષ. અથવા હે આચાર્ય દેવ ! તમે મારી પાસે બધા લોકની વચ્ચે વંદન કરાવો છો પણ તમને ખબર છે, તમે એકલા છો ? આવા અભિપ્રાયપૂર્વક માથા વડે કે આંગળી વડે કે આદિ શબ્દથી ભ્રકુટી વિગેરે દ્વારા વંદન કરતા–કરતા તર્જના કરે તે તર્જિતવંદન કહેવાય. (૧૬૬)

बीसंगट्ठाणमिणं सब्भावजढे सढं भवइ एयं ।
कवडंति कइयवंति य सढयावि य हुंति एगट्ठा ॥ १६७ ॥

૨૦. આ ગુરુમહારાજ વિશ્વાસનું સ્થાન છે માટે એમને યથાવત્ વંદન કરવાથી શ્રાવકો વિગેરે મારો વિશ્વાસ કરશે. આવા ઈરાદાપૂર્વક વંદન કરે અથવા શૂન્ય હૃદયે સદ્ભાવ વગર વંદન કરે તો [1]શઠદોષ. (૧૬૭)

---

૧. (કપટ, કૈતવ, શઠતા વિગેરે શઠ શબ્દના પર્યાયવાચી શબ્દો છે.)

गणिवायग जिट्ठज्जत्ति हीलिउं किं तुमे पणमिऊण ! ।
दरवंदियंमिवि कहं करेइ पलिउंचियं एयं ॥ १६८ ॥

૨૧. હે ગણિ, હે વાચક, હે જ્યેષ્ઠાર્ય ! તમને વાંદવાથી શું ? એ પ્રમાણે હીલના કરવાપૂર્વક જે વંદન કરે તે હીલીતદોષ.

૨૨. થોડું ક વંદન કરી વચ્ચે દેશ વિગેરેની વિકથા કરે તે વિપરિકુંચિત દોષ. (૧૬૮)

अंतरिओ तमसे वा न वंदई वंदई उ दीसंतो ।
एयं दिट्ठमदिट्ठं सिंग पुण मुद्धपासेहिं ॥ १६९ ॥

૨૩. ઘણા સાધુઓ વિગેરે વંદન કરતા હોય, તેમની વચ્ચે રહીને કે અંધારી જગ્યામાં રહી ચુપચાપ બેઠો રહે, કે ઉભો રહે પણ વંદન ન કરે, કોઈ જુએ તો વંદન કરે એ દૃષ્ટાદૃષ્ટદોષ.

૨૪. [1]મૂર્ધ શબ્દથી લલાટ જાણવું. લલાટની ડાબી જમણી બાજુએ વાંદણા દેતા હાથ અડાડે તે શૃંગદોષ. એટલે અહો કાયં કાય બોલી આવર્તો કરતી વખતે બંને હાથ કપાળની વચ્ચે અડાડવાને બદલે ડાબી જમણી બાજુએ લગાડે તે શૃંગદોષ. (૧૬૯)

करमिव मन्नइ दितो वंदणयं आरहंतिय करोत्ति ।
लोयइ कराउ मुक्का न मुच्चिमो वंदण करस्स ॥ १७० ॥

૨૫. વંદનને રાજકીય કરની જેમ અરિહંતનો ટેક્ષ (કર) માનીને વંદન કરે તો કરદોષ.

૨૬. દીક્ષા લીધી એટલે અમે લૌકિક કરથી છૂટ્યા પણ અરિહંતના વંદનરૂપી ટેક્ષથી હજુ છૂટ્યા નથી–એ પ્રમાણે માની જે વંદન કરે તે મોચનદોષ. (૧૭૦)

आलिद्धमणालिद्धं रयहरण सिरेहिं होइ चउभंगो ।
वयणक्खरेहिं ऊणं जहन्नकालेवि सेसेहिं ॥ १७१ ॥

રજોહરણ અને મસ્તકના આશ્લિષ્ટ અને અનાશ્લિષ્ટરૂપે ચાર ભાંગા થાય છે. વચન અક્ષર વડે અલ્પકાળ અને બાકી આવશ્યક વિગેરે રહી જવાથી ન્યૂન વંદન થાય છે.

૨૭ આશ્લિષ્ટ એટલે અડવું અને અનાશ્લિષ્ટ એટલે ન અડવું તે, તેના રજોહરણ અને મસ્તક આશ્રયિ ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે, અહો કાયં કાય વિગેરે આવર્તો બોલતી વખતે

૧, કોઈ જગ્યાએ " सिंग पुण कुंभ पासेहिं " એ પ્રમાણે પાઠ છે ત્યાં કુંભ શબ્દનો અર્થ લલાટ જ સમજવો બાકીનો અર્થ ઉપર પ્રમાણે.

(૧) હાથ વડે રજોહરણને અડે અને માથાને અડે.
(૨) રજોહરણને અડે પણ માથાને ન અડે.
(૩) માથાને અડે પણ રજોહરણને ન અડે.
(૪) માથાને ન અડે અને રજોહરણને પણ ન અડે.

આ ચાર ભાંગામાં પહેલો ભાંગો શુદ્ધ છે. બાકીના ત્રણ ભાંગા અશુદ્ધ છે, તેથી તેમાં આશ્લિષ્ટ અને અનાશ્લિષ્ટનો દોષ લાગે છે.

૨૮. વચન એટલે અક્ષરોના સમૂહરૂપ ક્રિયાના અંતવાળું વાક્ય. એક બે અક્ષરોથી હીન અથવા કોઈ અતિ-ઉતાવળથી કે પ્રમાદીપણાથી થોડા કાળમાં વંદન પૂરું કરે, ત્યારે વાક્યો, અક્ષરો કે અવનત વિગેરે આવશ્યકો ઓછા થાય તો ન્યૂન નામનો દોષ. (૧૭૧)

दाउण वंदणं मत्थएण वंदामि चूलिया एसा ।
मूयव्व सद्दरहिओ जं वंदइ मूयगं तं तु ॥ १७२ ॥

૨૯. વંદન કરીને છેલ્લે મોટા અવાજથી "મત્થએણ વંદામિ"-એમ બોલે તે ઉત્તરચૂડ દોષ.

૩૦. મુંગાની જેમ આલાપક (સૂત્ર) મનમાં બોલીને જે વંદન કરે, તે મૂકદોષ. (૧૭૨)

ढड्ढरसरेण जो पुण सुत्तं घोसेइ ढड्ढरं तमिह ।
चुडलिं व गिण्हिऊणं रयहरणं होइ चुडलिं तु ॥ १७३ ॥

૩૧. મોટા અવાજથી સૂત્ર બોલવાપૂર્વક જે વંદન કરે તે ઢઢ્ઢર દોષ.

૩૨. ઉંબાડીયાની જેમ છેલ્લે રજોહરણ ભમાડે તે ચુડલિક દોષ.

હંમેશા નિયત અનિયત એમ વંદન બે પ્રકારનાં છે. આ બંને સ્થાન બતાવે છે.

पडिक्कमणे सज्झाए काउसग्गेऽवराह पाहुणए ।
आलोयण संवरणे उत्तमट्ठे य वंदणयं ॥ १७४ ॥

૧. અપરાધ સ્થાનોથી ગુણસ્થાનોમાં પાછા ફરવું તે પ્રતિક્રમણ. તે પ્રતિક્રમણમાં વંદન હોય.

૨. વાચના વિગેરે સ્વાધ્યાય વખતે વંદન હોય.

૩. વિગઈ વાપરવા માટે અને આયંબિલના ત્યાગ માટે જે કાઉસ્સગ્ગ કરીએ તે વખતે વંદન હોય.

૪. ગુરુ પ્રત્યેના વિનયના ભંગરૂપ અપરાધ થયે ક્ષમાપના કરવા જે વંદન કરે તે.

૫. મહેમાન આવે ત્યારે વંદન કરવું - એટલે કે, દીક્ષાપર્યાયમાં મોટા સાધુ મહેમાન

તરીકે આવે ત્યારે નાના સાધુઓ વંદન કરે. અને નાના સાધુ મહેમાન તરીકે આવે તો મોટાને વંદન કરે. એમાં આ પ્રમાણે વિધિ છે.

પ્રાઘૂર્ણક બે પ્રકારે છે. સાંભોગિક અને અસાંભોગિક. સાંભોગિક હોય તો આચાર્યને પૂછી વંદન કરે. અસાંભોગિક હોય તો આચાર્યને વંદન કરી રજા આપે તો પછી વાંદે અથવા વંદાવે.

૬. અપરાધ હોય ત્યારે કે વિહાર કરતી વખતે વંદન કરીને ગુરુને આલોચના આપે ત્યારે વંદન હોય.

૭. ઘણા આગારોવાળું એકાસણા વિગેરે પચ્ચક્ખાણ કર્યું હોય અને ભોજન કર્યા પછી આગારોના સંક્ષેપ સ્વરૂપ સંવરણ અથવા નવકારશી વિગેરે કરી હોય અને પછી અજીર્ણ વિગેરેના કારણે ઉપવાસ લે, એટલે સંવરણ પચ્ચક્ખાણ કરે ત્યારે વંદન હોય.

૮. ઉતમાર્થ એટલે અનશન-સંલેખના કરતી વખતે જે વંદન હોય તે.

આ પ્રમાણે નિયત-અનિયત સ્થાનો વડે સામાન્યથી વંદનના ભેદ બતાવ્યા. (૧૭૪)

૩. પ્રતિક્રમણ દ્વાર :

શુભયોગમાંથી અશુભયોગમાં ગયેલાનું ફરી શુભયોગોમાં આવવું તે [૧]પ્રતિક્રમણ. કહ્યું છે કે પોતાના સ્થાનથી પ્રમાદથી જે પરસ્થાનમાં ગયા હોય, તેમાં ફરી આવવું તે પ્રતિક્રમણ કહેવાય છે.

પ્રતિકુલ જવું તે પ્રતિક્રમણ. કહ્યું છે કે 'ક્ષાયોપશમિક' ભાવમાંથી ઔદાયિકભાવને પામ્યો હોય, તેનું ઔદાયિકભાવમાંથી ક્ષાયોપશમિકભાવમાં પાછા ફરવું તે પ્રતિક્રમણ.

વીપ્સા અર્થમાં પ્રતિ શબ્દ લઈએ, તો વારંવાર આત્માને પોતાના સ્થાને લાવવારૂપ પ્રતિક્રમણ. કહ્યું છે કે મોક્ષ ફલદાયક શુભયોગોમાં નિઃશલ્ય યતિનું જે વારંવાર (પાછા આવવું) પ્રવર્તવું તે પ્રતિક્રમણ.

તે પ્રતિક્રમણ અતીતકાળ, વર્તમાનકાળ અને ભૂતકાળ વિષયક છે.

પ્રશ્ન :–પ્રતિક્રમણ તો અતીતકાળમાં જ ઘટે છે. કહ્યું છે કે ભૂતકાળને પ્રતિક્રમું છું. વર્તમાનકાળમાં સંવર કરું છું અને ભવિષ્યકાળનું પચ્ચક્ખાણ કરું છું તો પછી પ્રતિક્રમણની ત્રિકાળ વિષયતા કેમ કહો છો ?

ઉત્તર :– અહીં પ્રતિક્રમણ શબ્દનો અર્થ ફકત અશુભયોગની નિવૃત્તિ એટલો જ કરવો. કહ્યું છે કે મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અસંયમનું પ્રતિક્રમણ, કષાયોનું પ્રતિક્રમણ, અપ્રશસ્તયોગોનું પ્રતિક્રમણ, તે રીતે નિંદા દ્વારા અશુભયોગ નિવૃત્તિરૂપ અતીત વિષયક પ્રતિક્રમણ, સંવર દ્વારા અશુભયોગની નિવૃત્તિરૂપ વર્તમાનકાળ વિષયક પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન દ્વારા અશુભયોગ નિવૃત્તિરૂપ ભવિષ્યકાળ વિષયક પ્રતિક્રમણ થાય છે માટે કોઇ દોષ નથી.

તે પ્રતિક્રમણ દૈવસિક વિગેરે ભેદોથી પાંચ પ્રકારે છે. દિવસના અંતે કરાતું દૈવસિક, રાત્રીના અંતે કરાતું રાત્રીક, પખવાડીયાના અંતે કરાય તે પાક્ષિક, ચાર મહિનાના અંતે કરાય તે ચોમાસી, વર્ષના અંતે કરાય તે સંવત્સરી પ્રતિક્રમણ.

પ્રતિક્રમણ ધ્રુવ અને અધ્રુવ–એમ બે પ્રકારે છે. ભરત–ઐરવતક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં અપરાધ હોય, કે ન હોય તો પણ બંને વખતે પ્રતિક્રમણ અવશ્ય કરવાનું હોય છે. તેથી ધ્રુવ અને વચ્ચેના બાવીસ તીર્થંકરના શાસનમાં તેમજ મહાવિદેહક્ષેત્રમાં તેઓને કારણ ઉત્પન્ન થાયત યારે જ પ્રતિક્રમણ કરવાનું હોવાથી અધ્રુવ છે. કહ્યું છે કે,

---

૧. 'પ્રતિ' નામનો ઉપસર્ગ પ્રતિ એટલ તરફ અને પ્રતિકૂલતાના અર્થમાં છે, "ક્રમ્" ધાતુ પગ મૂકવાના અર્થમાં છે એનો ભાવના અર્થમાં (અનટ્) 'અન' પ્રત્યય અંતમાં લાગવાથી 'ક્રમણ' થાય છે. પ્રતીપં ક્રમણં પ્રતિકુલ ક્રમણં–પ્રતિક્રમણ તેથી ઉપર પ્રમાણે અર્થ થાય છે.

' પહેલા અને છેલ્લા જિનનો પ્રતિક્રમણ યુક્ત ધર્મ છે. અને મધ્યના બાવીસ તીર્થંકરના કાળમાં કારણ વિશેષે પ્રતિક્રમણ હોય છે.

પ્રતિક્રમણની વિધિ આ પ્રમાણે છે :– પાંચ પ્રકારના આચારની વિશુદ્ધિ માટે સાધુ અને શ્રાવક ગુરુની સાથે પ્રતિક્રમણ કરે, ગુરુ ન હોય તો એકલા પણ પ્રતિક્રમણ કરે.

દેવસિ પ્રતિક્રમણની વિધિ :

चिइवंदण उस्सग्गो पोत्तिय पडिलेह वंदणालोए ।
सुत्त वंदण खामण वंदणय चरित्त उस्सग्गो ॥१७५॥
दंसण नाणुस्सगो सुयदेवय खेत्त देवयाणं च ।
पुत्तियवंदण थुइतिय सक्कथय थोत्त देवसियं ॥१७६॥

ચૈત્યવંદન, કાયોત્સર્ગ, મુહપત્તિનું પડિલેહણ, વાંદણા, આલોચના, પ્રતિક્રમણ-સૂત્ર, વાંદણા, ક્ષમાપના, વાંદણા, ચારિત્રનો કાયોત્સર્ગ, દર્શન, જ્ઞાન, શ્રુતદેવતા, ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ, મુહપત્તિ પડિલેહણ, સ્તુતિત્રિક, શક્રસ્તવ સ્તોત્ર (સ્તવના) દૈવસિક કાઉસ્સગ્ગ.

ત્રસ સ્થાવર જંતુ વગરની નિર્દોષ ભૂમિ પર પૂંજી-પ્રમાર્જી ઈરિયાવહી કરી, પહેલાં ચૈત્યવંદન કરવું. પછી આચાર્ય (ભગવાન) વિગેરેને ખમાસમણા દઈ, જમીન પર મસ્તક રાખી, સકલ દૈવસિક અતિચારોનું મિચ્છામિ દુક્કડં આપવું. પછી કરેમિભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં વિગેરે સૂત્ર બોલી, દૈવસિ અતિચારની ચિંતવના માટે કાઉસ્સગ્ગ કરવો.

કાઉસ્સગ્ગમાં ઘણી પ્રવૃત્તિવાળા સાધુઓ એકવાર ગાથાના અતિચારો વિચારે તેટલા વખતમાં અલ્પ પ્રવૃત્તિવાળા ગુરુ બે વાર ચિંતવે. ગુરુએ કાઉસ્સગ્ગ પાર્યા પછી બધા સાધુઓ કાઉસ્સગ્ગ પારે. પારીને લોગસ્સ બોલી, બેસીને મુહપત્તિ પડિલેહે. તે પછી વાંદણા આપી. કાઉસ્સગ્ગમાં વિચારેલ અતિચારોની આલોચના એટલે ગુરુને નિવેદન કરે. પછી સાધુ, સામાયિક વગેરે સૂત્ર બોલવાપૂર્વક પ્રતિક્રમણસૂત્ર અને શ્રાવક શ્રાદ્ધ-પ્રતિક્રમણસૂત્ર "વંદામિ જિણે ચઉવીસં" સુધી કહે. તે પછી વાંદણા દઈ, ગુરુ વિગેરે વડીલોને ક્ષમાપના કરે. તેની વિધિ આ પ્રમાણે–

ગુરુથી લઈ જ્યેષ્ઠના ક્રમાનુસાર સર્વ સાથે ક્ષમાપના કરે. પણ આચરણા આ પ્રમાણે છે. પાંચ વિગેરેનો ગણ હોય, તો ત્રણને ખમાવે અને પાંચથી ઓછા હોય, તો એક વડીલને જ ખમાવે. (એ પ્રમાણે–રાઈ પ્રતિક્રમણ વિગેરેમાં પણ જાણવું) પછી વાંદણા આપે, આ વંદન આચાર્ય વિગેરેની નિશ્રામાં સ્થિર થવા માટે છે. તે પછી

ચારિત્રની વિશુદ્ધિ માટે બે લોગ્ગસ્સનો કાઉસ્સગ્ગ કરે. તે પછી દર્શનશુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે, ત્યારબાદ જ્ઞાનશુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ પછી શ્રુત સમૃદ્ધિ નિમિત્તે શ્રુતદેવતાનો એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, તેની સ્તુતિ બોલે અથવા બીજા બોલે તે સાંભળે. પછી સર્વ વિઘ્ન વિનાશ નિમિત્તે ક્ષેત્રદેવતાનો એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, તેની સ્તુતિ બોલે કે બીજા બોલે તે સાંભળે. ત્યારબાદ બેસી મુહપત્તિ પડીલેહી મંગલનિમિત્તે વાંદણા આપી ઇચ્છામો અણુસટ્ઠીં કહી, બેસી ગુરુ એક સ્તુતિ બોલ્યા બાદ સર્વે મોટા સ્વરે ત્રણ સ્તુતિ બોલે (નમોડસ્તુ વર્ધમાનાય) પછી શક્રસ્તવ કહીને સ્તવન બોલે. પછી દિવસના અતિચારોની શુદ્ધિ માટે ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે. આ કાઉસ્સગ્ગની વિધિ ગાથામાં ન કહેલ હોવા છતાં સંધ્યા વખત દેવસિ પ્રતિક્રમણની જાણવી. (૧૭૫–૧૭૬)

રાઇઅ પ્રતિક્રમણની વિધિ:–

मिच्छादुक्कड पणिवाय दंडयं काउसग्गतिय करणं ।
पुत्तिय वंदण आलोय सुत्त वंदणय खामणयं ॥१७७॥
वंदणयं गाहातिय पाठो छम्मासियस्स उस्सग्गो ।
पुत्तिय वंदण नियमो थुइतिय चिइवंदणा राओ ॥१७८॥
णवरं पढमो चरणे दंसण सुद्धीय बीय उस्सग्गो ।
सुअनाणस्स तईओ नवरं चिंतेइ तत्थ इमं ॥१७९॥
तइए निसाइयारं चिंतइ चरिमंमि किं तवं काहं ?।
छम्मासा एगदिणाइ हाणि जा पोरिसि नमो वा ॥१८०॥

'मिच्छामि दुक्कडं' આપી પ્રણિપાત દંડક, ત્રણ કાઉસ્સગ્ગ, મુહપત્તિ પડિલેહણ, વાંદણા, ત્રણ ગાથાના પાઠ, પછી છ માસી કાઉસ્સગ્ગ, મુહપત્તિ પડિલેહણ, વાંદણા, પ્રત્યાખ્યાન, ત્રણ સ્તુતિ, ચૈત્યવંદન–એ પ્રમાણે રાત્રિ પ્રતિક્રમણનો વિધિ છે.

પહેલો કાઉસ્સગ્ગ ચારિત્રશુદ્ધિ માટે, બીજો દર્શનશુદ્ધિ માટે, ત્રીજો શ્રુતજ્ઞાનની શુદ્ધિ માટે છે, પણ ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિ અતિચાર વિચારે. છેલ્લા કાઉસ્સગ્ગમાં 'હું કયો તપ કરું' એની વિચારણા કરે, તે છ મહિનાથી લઇ એક દિવસ ઓછો કરતા યાવત્ પોરસી કે નવકારશી સુધી વિચારે.

જમીન પર મસ્તક સ્થાપી હાથ જોડી રાત્રિનાં સંપૂર્ણ અતિચારોનો 'મિચ્છામિદુક્કડં' આપી, નમુત્થુણં બોલી 'કરેમિભંતે' વિગેરે સૂત્ર કહી, ચારિત્ર શુદ્ધિ નિમિત્તે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે, પછી દર્શન શુદ્ધિ માટે લોગસ્સ બોલી એક લોગસ્સનો

કાઉસ્સગ્ગ કરે, પછી જ્ઞાન શુદ્ધિ માટે 'પુક્ખરવરદ્દિવડ્ઢે' કહીને કાઉસ્સગ્ગ કરે. તે કાઉસ્સગ્ગમાં રાત્રિના અતિચારોને વિચારે. ત્રણ કાઉસ્સગ્ગ કરી, સિદ્ધાણંબુદ્ધાણં બોલી, બેસીને મુહપત્તિ પડીલેહી અને વાંદણા કરે. પછી આલોચના આપે, ત્યાર બાદ બેસીને નવકાર, સામાયિક વિગેરે સૂત્રપૂર્વક પ્રતિક્રમણ સૂત્ર "વંદામિ જિણે ચઉવ્વીસં" સુધી બોલી, વાંદણા આપી ક્ષમાપના કરે. પછી વાંદણા આપી "આયરિય ઉવજ્ઝાએ" વગેરે ત્રણ ગાથા બોલી આગળની જેમ સામાયિક વિગેરે સૂત્ર કહી છ માસી તપ ચિંતવવાનો કાયોત્સર્ગ કરે તે ચિંતવના આ પ્રમાણે છે.

જે તપ વડે સંયમ યોગોની કોઈપણ જાતની હાનિ ન થાય, તે તપને ભાવિત મનવાળો થઈ સ્વીકારું છું. ભગવાન મહાવીરના શાસનમાં ગણધરોએ ઉત્કૃષ્ટપણે છ મહિના સુધીનો તપ જણાવેલ છે. તેથી સંયમ યોગોના નિરાબાધપણે હે જીવ...! તું છ માસી તપ કરવા સમર્થ છે?—એમ વિચારે કે હું શક્તિમાન નથી. એક દિવસ ન્યૂન છ મહિનાના ઉપવાસ કરવા તું સમર્થ છે? એટલે પાંચ મહિનાને ૨૯ દિવસ શક્તિમાન છે? નથી. આમ વિચારે. એમ આગળ બે વિગેરે દિવસો ન્યૂન કરે યાવત્ ૨૯ દિવસ ઓછા છ મહિના. એ પ્રમાણે પાંચ મહિના, ચાર મહિના, ત્રણ મહિના, બે મહિના, એક એક દિવસ ન્યૂન કરવાપૂર્વક વિચારે, પછી એક મહિનો એક એક દિવસ ઓછો કરતા તેર દિવસ ન્યૂન કરે, પછી ચોત્રીસ ભક્ત, બત્રીસ ભક્ત, એમ ભક્ત ઓછા કરતા ચોથ ભક્ત સુધી વિચારે, પછી આયંબિલ, નિવી, પુરિમઢ્ઢ, એકાસણુ વિગેરે ચિંતવતો નવકારશી સુધીમાં જે પચ્ચક્ખાણ કરવું હોય, તે મનમાં ધારી કાઉસ્સગ્ગ પારે, લોગસ્સ કહી, બેસી, મુહપત્તિનું પડિલેહણ કરી, વાંદણા આપે, પછી પચ્ચક્ખાણ કરી પ્રવર્ધમાન અક્ષરપૂર્વક ત્રણ સ્તુતિઓ ગરોલી વિગેરે જીવો ઉઠી ન જાય તે રીતે ધીમે સ્વરે બોલે. પછી ચૈત્યવંદન કરે—આ પ્રમાણે રાત્રિ પ્રતિક્રમણની વિધિ થઈ.

પ્રશ્ન:– દેવસિય પ્રતિક્રમણમાં પહેલા કાઉસગ્ગમાં અતિચારો વિચારાય છે. બીજા વિગેરે કાઉસ્સગ્ગમાં ચારિત્ર શુદ્ધિ વિગેરેના કાઉસ્સગ્ગ કરાય છે, જ્યારે સવારના પ્રતિક્રમણમાં ઉલટી રીતે કરાય છે, તો તેનું કારણ શું?

ઉત્તર :– સવારના પ્રતિક્રમણમાં જાગતો હોવા છતાં પણ હજુ આંખો ઉંઘથી ઘેરાયેલ હોય, તેમજ શરીરમાં કંઈક આળસ હોવાથી રાત્રિના બધા અતિચારો સારી રીતે યાદ ન કરી શકે, અને આંખો ઉંઘવાળી હોવાથી સાધુઓને પણ પરસ્પર સંઘટ્ટો થાય છે અને કાઉસ્સગ્ગ પછી કૃતિકર્મ (વાંદણા) વિગેરે પણ સ્ખલનાવાળા થાય છે. તેથી આંખોમાંથી ઉંઘ તથા શરીરમાંથી આળસ દૂર કરવા અને શરીરમાં સ્ફૂર્તિ લાવવા પ્રથમ ચારિત્ર, દર્શનશુદ્ધિ નિમિત્તક કાઉસ્સગ્ગ કરાય છે. ત્યાર બાદ જ્ઞાનશુદ્ધિ નિમિત્તના

ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિના સર્વે અતિચારો સારી રીતે યાદ કરી શકે છે અને સાધુઓના પરસ્પર સંઘટ્ટા દોષને રોકી. વાંદણા વિગેરે યથાસ્થિત અસ્ખલિતપણે આળસ વગર કરી શકે. માટે સવારના પ્રતિક્રમણમાં ચારિત્ર શુદ્ધિ વિગેરે કાઉસ્સગ્ગો પહેલા અને અતિચાર ચિંતનનો કાયોત્સર્ગ પછી. સિદ્ધાંતકારોએ કહ્યું છે કે–

નિદ્રાવાન્ અતિચારોને યાદ ન કરી શકે, પરસ્પર કાય સંઘટ્ટો થાય અને કૃતિકર્મમાં દોષો લાગે તેથી, સવારના પ્રતિક્રમણમાં પહેલા ત્રણ કાયોત્સર્ગમાં ક્રમનું વૈપરીત્ય છે.

આ પ્રમાણે રાઈ પ્રતિક્રમણ વિધિ થઈ. (૧૭૭–૧૮૦)

પક્ખિ પ્રતિક્રમણની વિધિઃ –

મુહપોત્તી વંદણયં સંબુદ્ધાખામણં તહાલોએ ।
વંદણ પત્તેયં ખામણાણિ વંદણયસુત્તં ચ ॥૧૮૧॥
સુત્તં અબ્ભુટ્ઠાણં ઉસ્સગ્ગો પુત્તિવંદણં તહ ય ।
પજ્જંતે ખામણયં એસ વિહી પક્ખિ પડિક્કમણે ॥૧૮૨॥

મુહપત્તિ પડિલેહણ, વાંદણા આપી સંબુદ્ધા ખામણા કરે, આલોચના કરી (અતિચાર), વાંદણા, પ્રત્યેક ખામણા, વાંદણા, પક્ખિસૂત્ર, શ્રમણસૂત્ર, અભ્યુત્થાન, કાયોત્સર્ગ, મુહપત્તિ પડિલેહણ, વાંદણા, સમાપ્ત–વાંદણા. આ વિધિ પક્ખિ પ્રતિક્રમણની છે.

ચૌદશના દિવસે દેવસિય પ્રતિક્રમણ 'વંદામિ જિણે ચઉવ્વીસં' (વંદિત્તા) સુધી કરી, "દેવસિયં આલોઇય પડિક્કંતં ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્.... પક્ખિ મુહપત્તિ પડિલેહું ?"–એ આદેશ માંગે, ગુરુ "પડિલેહ" કહે, એટલે ખમાસમણું આપી, મુહપત્તિ પડિલેહી, વાંદણા આપે. પછી "સંબુદ્ધા ખામણેણં"થી પાંચ ગીતાર્થને ખામણા કરે, તે પછી આલોચના કરે. (અતિચાર બોલે). તેમાં ગુરુ એટલે ગીતાર્થ પક્ખિનું ચોથભક્ત (ઉપવાસ) પ્રાયશ્ચિત્ત આપે. ચોમાસીમાં છટ્ઠ અને સંવત્સરીમાં અટ્ઠમ આપે. પછી વાંદણા આપી, પ્રત્યેક સાધુઓને ખામણા કરી, ફરી વાંદણા આપી, ગુરુના આદેશથી એક સાધુ ઉભો થઈ ત્રણસો ગાથા પ્રમાણનું પક્ખિસૂત્ર બોલે. બાકીના ઉભા રહી વિકથા વિગેરેના ત્યાગપૂર્વક સાંભળે. જો બાળક, વૃદ્ધ એટલો વખત ઉભા ન રહી શકે તો ખમાસમણ આપી, ગુરુની રજા લઈ બેસે અને નિદ્રા વિગેરેનો ત્યાગ કરી, શુભ ભાવની વૃદ્ધિપૂર્વક સાંભળે.

પક્ખિસૂત્ર પૂરું થાય એટલે પ્રતિક્રમણસૂત્ર બોલે. પછી ઉભા થઈ કરેમિ ભંતે વિગેરે સૂત્ર બોલી, બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી, પારીને મુહપત્તિ પડિલેહી, બે વાંદણા આપી, છેલ્લે પાંચ ખામણા કરે. એ પ્રમાણે પક્ખિ–પ્રતિક્રમણની વિધિ થઇ.

ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણની વિધિ :—

ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં પણ આ જ વિધિ છે. પરંતુ સાત ગીતાર્થને સંબુદ્ધા ખામણા કરવાના.

ચોમાસી પ્રતિક્રમણમાં મોટો કાઉસ્સગ્ગ વીસ લોગસ્સનો અને સંવત્સરીમાં ચાલીસ લોગસ્સ અને એક નવકારનો છે. તે પછી આગળ શરૂ કરેલ દેવસિય પ્રતિક્રમણની વિધિ કરે. પક્ખિ વિગેરે ત્રણ પ્રતિક્રમણમાં શ્રુતદેવતાનાં કાયોત્સર્ગના સ્થાને ભુવનદેવતાનો કાઉસ્સગ્ગ કરે.

દેવસિય વિગેરે પ્રતિક્રમણમાં કેટલા લોગસ્સનો કાયોત્સર્ગ કરાય છે, તે કહે છે.

चत्तारि दो दुवालस वीसं चत्ता य हुंति उज्जोया ।
देसिय राइय पक्खिय चाउम्मासे य वरिसे य ॥ १८३ ॥

દેવસિય પ્રતિક્રમણમાં ચાર, રાઇય પ્રતિક્રમણમાં બે, પક્ખિમાં બાર, ચોમાસીમાં વીસ અને સંવત્સરીમાં ચાલીસ લોગસ્સનો કાઉસ્સગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો કરાય છે. (૧૮૩)

पणवीस अद्धतेरस सलोग पन्नतरी य बोद्धव्वा ।
सयमेगं पणवीसं बे बावण्णा य वरिसंमि ॥ १८४ ॥

પચ્ચીસ, સાડાબાર, પંચોતેર, એકસો પચ્ચીસ અને બસો બાવન શ્લોક પ્રમાણ કાઉસ્સગ્ગ પાંચ પ્રતિક્રમણમાં હોય છે.

પ્રશ્ન :— દેવસિય વિગેરે પ્રતિક્રમણમાં આટલા આટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો એ તો જાણ્યું પણ "ચંદેસુ નિમ્મલયરા" સુધી લોગસ્સનો કાયોત્સર્ગ કરતા કયા પ્રતિક્રમણમાં કેટલા [1]શ્લોક પ્રમાણ થાય છે ?

ઉત્તર :— લોગસ્સમાં ચંદેસુ નિમ્મલયરા સુધી છ શ્લોક અને એક પાદ થાય છે. તેથી દેવસિય પ્રતિક્રમણમાં ચાર લોગસ્સ હોવાથી તે ચાર ગુણા કરતા પચ્ચીસ શ્લોક થાય છે. રાઇય પ્રતિક્રમણમાં બે લોગસ્સના કાઉસ્સગ્ગમાં સાડાબાર શ્લોક થાય. પક્ખિ પ્રતિક્રમણમાં બાર લોગસ્સના પંચોતેર શ્લોક થાય છે, ચોમાસી પ્રતિક્રમણમાં વીસ લોગસ્સના એકસો પચ્ચીસ શ્લોક થાય અને સંવત્સરી પ્રતિક્રમણમાં ચાલીસ લોગસ્સ અને એક નવકારના બસો બાવન શ્લોક થાય. (૧૮૪)

साय सयं गोसद्धं तिन्नेव सया हवंति पक्खंमि ।
पंच य चाउम्मासे वरिसे अट्ठोत्तरसहस्सा ॥ १८५ ॥

---

१ વિદ્વાનો ગાથા વિગેરેને પણ શ્લોક જ કહે છે.

દેવસિય પ્રતિક્રમણમાં સો, રાઇઅમાં પચાસ, પક્ખિમાં ત્રણસો, ચોમાસીમાં પાંચસો અને સંવત્સરીમાં એક હજાર આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ છે.

સાંજના પ્રતિક્રમણમાં સો પાદનો કાઉસ્સગ્ગ થાય છે, કેમકે એક શ્લોકના ચાર પાદ હોય છે. પચ્ચીસ શ્લોકને ચારથી ગુણતા સો પાદ થાય છે. પક્ખિ પ્રતિક્રમણમાં બાર લોગસ્સના ત્રણસો પાદ થાય છે. (બારને પચ્ચીસથી ગુણતા ત્રણસો થાય છે.) ચોમાસી પ્રતિક્રમણમાં વીસ લોગસ્સના પાંચસો પાદ થાય છે. (વીસને પચ્ચીસથી ગુણતા પાંચસો થાય છે.) સંવત્સરી પ્રતિક્રમણમાં ચાલીસ લોગસ્સ અને એક નવકાર ગણતા એક હજાર આઠ પાદ થાય છે. (ચાલીસને પચ્ચીસથી ગુણતા એક હજાર થાય અને નવકારના આઠ પાદ મળી એક હજાર આઠ પાદ થાય.) (૧૮૫)

देवसियचाउमासियसंवच्छरिएसु पडिक्कमण-मज्झे ।
मुणिणो खामिज्जंति तिन्नि तहा पंच सत्त कमा ॥ १८६ ॥

દેવસિય, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં મુનિઓ અનુક્રમે ત્રણ, પાંચ, સાત ખામણા ખામે.

કયા પ્રતિક્રમણમાં કેટલા ખામણા થાય તે કહે છે. અહિં દેવસિય ગ્રહણ કરવા વડે રાઇય અને પક્ખિનું પણ સમાન વિષય હોવાથી ગ્રહણ થાય છે. તેથી દેવસિય, રાઇય અને પક્ખિ પ્રતિક્રમણમાં ત્રણ, ચોમાસીમાં પાંચ અને સંવત્સરી પ્રતિક્રમણમાં સાત ખામણા મુનિઓ કરે છે.

આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે :– દેવસિય, રાઇય પ્રતિક્રમણમાં ત્રણ સાધુઓને ખામણા કરાય છે. પક્ખિમાં પણ ત્રણ ખામણા કરાય છે.

આવશ્યકચૂર્ણિમાં પાક્ષિક પ્રતિક્રમણ અવસરે કહ્યું છે કે, ' જઘન્યથી ત્રણને ખમાવે અને ઉત્કૃષ્ટથી સર્વને ખમાવે.' ચોમાસીમાં પાંચ અને સંવત્સરીમાં સાત ખામણા કરે.

પાક્ષિકસૂત્રની ટીકામાં સંબુદ્ધા ખામણા પ્રસંગે કહ્યું છે કે, જઘન્યથી ત્રણ પ્રતિક્રમણમાં ત્રણ અથવા પાંચ, ચોમાસી અને સંવત્સરીમાં સાત ઉત્કૃષ્ટથી પક્ખિ, ચોમાસી, સંવત્સરીમાં સર્વને ખમાવે છે.

વૃદ્ધ સામાચારીમાં તો દેવસિય, રાઇય પ્રતિક્રમણમાં ત્રણ, પક્ખિમાં પાંચ અને ચોમાસી, સંવત્સરીમાં સાત ખામણા કરે. ઉત્કૃષ્ટથી ત્રણે સ્થાનોમાં એટલે કે દેવસિય, સંબુદ્ધા અને પ્રત્યેક આ ત્રણેમાં સર્વને ખમાવે.

---

૪. પ્રત્યાખ્યાન દ્વાર :

પ્રતિ એટલે અવિરતિ આદિના કારણે પ્રતિકૂલતા. આ એટલે આકાર કરવા સ્વરૂપ મર્યાદા. આખ્યાન એટલે કથન કરવું. અર્થાત્ અવિરતિરૂપ પ્રતિકૂલતાને મર્યાદા કરીને જે કહેવું તે પ્રત્યાખ્યાન–પચ્ચક્ખાણ.

એ પચ્ચક્ખાણ મૂલગુણ અને ઉત્તરગુણરૂપ બે પ્રકારે છે. મૂલગુણો સાધુના પાંચ મહાવ્રતો અને શ્રાવકોના અણુવ્રતો છે. ઉત્તરગુણો સાધુઓને પિંડવિશુદ્ધિ આદિ અને શ્રાવકોને ગુણવ્રત અને શિક્ષાવ્રત આદિ છે. ઉત્તરગુણોનું પચ્ચક્ખાણ પિંડવિશુદ્ધિ અને દિગ્વ્રત વિગેરે પ્રતિપક્ષના ત્યાગપૂર્વક થાય છે.

તે પચ્ચક્ખાણ જાતે વિનયપૂર્વક, સમ્યક્ ઉપયોગ સહિત, ગુરુના વચન એટલે "પચ્ચક્ખાઈ" "વોસિરઈ" નહીં ઉચ્ચારતો ("પચ્ચક્ખામિ" અને "વોસિરામિ" કહે તો) પચ્ચક્ખાણ કરે. તે પચ્ચક્ખાણની ચતુર્ભંગી આ પ્રમાણે છે.

૧. પોતે પચ્ચક્ખાણના સ્વરૂપને જાણે અને જાણકાર ગુરુ પાસે પચ્ચક્ખાણ કરે.

૨. ગુરુ જાણકાર હોય પણ પોતે અજાણ હોય.

૩. શિષ્ય જાણકાર હોય અને ગુરુ અજાણ હોય.

૪. ગુરુ અજાણ હોય અને શિષ્ય પણ અજાણ હોય.

આ ચતુર્ભંગી કાલ્પનિક નથી પણ આગમમાં પણ કહેલ છે.

૧. જાણકાર જાણકાર પાસે.

૨. અજાણ જાણકાર પાસે.

૩. જાણકાર અજાણકાર પાસે.

૪. અજાણકાર અજાણકાર પાસે.

આમાં પહેલો ભાંગો બંને જાણકાર હોવાથી શુદ્ધ છે. બીજો ભાંગો ગુરુ જાણકાર છે અને શિષ્ય અજાણ છે માટે શિષ્યને પચ્ચક્ખાણનું સ્વરૂપ જણાવી જો પચ્ચક્ખાણ કરાવે તો શુદ્ધ નહીં તો અશુદ્ધ. ત્રીજો અશુદ્ધ છે. પરંતુ જાણકાર ગુરુ ન મળે તો ગુરુના બહુમાનથી ગુરુના સંબંધી પિતા, કાકા, મા, મામા, ભાઇ, શિષ્ય વિગેરે અજ્ઞાનીને પણ સાક્ષી કરીને જો પ્રત્યાખ્યાન કરે, તો શુદ્ધ. ચોથો ભાંગો તો અશુદ્ધ જ છે.

હવે ઉત્તરગુણરૂપ પચ્ચક્ખાણ દરરોજ ઉપયોગી હોવાથી કહીએ છીએ તે દશ પ્રકારે છે.

भावि अईयं कोडीसहियं च नियंटियं च सागारं ।
विगयागारं परिमाणवं निरवसेसमट्ठमयं ॥ १८७ ॥

साकेयं च तहड्ढा पच्चक्खाणं च दसमयं ।
संकेयं अद्धहा होइ अद्धायं दसहा भवे ॥१८८॥

૧. ભાવિ એટલે ભવિષ્યકાળ. ૨. અતીત એટલે ભૂતકાળ. ૩. કોટી સહિત. ૪. નિયંત્રિત ૫. આગારો સહિત તે સાકાર. ૬. આગાર રહિત તે વિગતાકાર. ૭. પરિમાણવાળુ. ૮. નિરવશેષ. ૯. સાંકેત એટલે સંકેતવાળું તથા ૧૦ અદ્ધા પ્રત્યાખ્યાન.-એમ દશ પચ્ચક્ખાણ છે.

સંકેતપચ્ચક્ખાણ આઠ પ્રકારે અને અદ્ધાપચ્ચક્ખાણ દશ પ્રકારે છે. આ બધા પચ્ચક્ખાણોની મૂલથી ક્રમસર વ્યાખ્યા કરે છે. (૧૮૭-૧૮૮)

होही पज्जोसवणा तत्थ य न तवो इवेज्ज काउं मे ।
गुरु गणगिलाणसिक्खगतवस्सिकज्जाउलत्तेण ॥ १८९ ॥
इअ चिंतिअ पुव्वं जो कुणइ तवं तं अणागयं बिंति ।
तमइक्कंतं तेणेव हेउणा तवइ जं उड्ढं ॥ १९० ॥

૧. ભાવિ પચ્ચક્ખાણનું સ્વરૂપ આ પ્રમાણે છે. પર્યુષણા વિગેરે પર્વમાં અટ્ઠમ વિગેરે તપ જરૂર કરવાનો હોય છે, પરંતુ તે અટ્ઠમ વિગેરે તપ પર્યુષણા વિગેરેમાં ગુરુ એટલે આચાર્ય, ગણ, સમુદાય, ગ્લાન, રોગી, નવદીક્ષિત, શૈક્ષક, કઠોર તપ કરનાર તપસ્વી વિગેરેની ગોચરી-પાણી વિગેરે લાવવારૂપ વૈયાવચ્ચમાં રોકાયેલ હોવાથી ન કરી શકે, તો તે કારણ વિચારીને તે તપ પર્યુષણા પહેલા કરી લે તો તે અનાગતતપ કહેવાય.

૨. ગુરુ, આચાર્ય-ગણ વિગેરેના કાર્યમાં વ્યાકુલ હોવાના કારણે, તે તપ પર્યુષણા વિગેરે પર્વ ગયા પછી કરે, તો તે અતીત તપ કહેવાય. (૧૮૯-૧૯૦)

गोसे अब्भत्तट्ठं जो काउं तं कुणइ बीयगोसेऽवि ।
इय कोडीदुग-मिलणे कोडी सहियं तु नामेण ॥ १९१ ॥

૩. પ્રભાતે જેણે ઉપવાસ કર્યો હોય, તે બીજા દિવસે પણ ઉપવાસ કરે, તો તે બે કોટી (છેડા) મળવાથી કોટી સહિત તપ કહેવાય. આગળના દિવસના કરેલ ઉપવાસના અંતરૂપ કોટી (છેડા) બીજા દિવસના સવારે કરેલ ઉપવાસની શરૂઆતરૂપ કોટી-આ બે કોટી મળવાથી કોટી સહિત નામનું પ્રત્યાખ્યાન. એમ અટ્ઠમ વિગેરેમાં એક તરફ કોટી પૂરી થવારૂપ અને બીજી, ત્રીજા ઉપવાસની શરૂઆતરૂપ કોટી મળવાથી કોટી સહિત. એ પ્રમાણે આયંબિલ, નીવિ, એકાસણું વિગેરેમાં પણ જાણવું.

ગણધર ભગવંતોએ પણ કહ્યું છે કે પચ્ચક્ખાણના શરૂઆતના દિવસનો અંતઅને પૂરા થવાનો દિવસનો આદિ-એ બંને જ્યાં મળે તે કોટીસહિત કહેવાય. (૧૯૧)

हट्ठेण गिलाणेण व अमुगतवो अमुगदिणंमि नियमेणं ।
कायव्वोत्ति नियंटिय पच्चक्खाणं जिणा बिंति ॥ १९२ ॥

૪. નીરોગી હોઉં કે રોગી હોઉં તો પણ અમુક દિવસે, અમુક છઠ્ઠ, અઠ્ઠમ રૂપ તપ અવશ્ય મારે કરવો, તેને જિનેશ્વર-ભગવંતોએ નિયંત્રિત પચ્ચક્ખાણ કહ્યા છે. (૧૯૨)

चउदसपुव्विसु जिणकप्पिएसु पढमंमि चेव संघयणे ।
एय वोच्छिन्नं चिय थेरावि तया करेसी य ॥ १९३ ॥

આ નિયંત્રિત પચ્ચક્ખાણ સર્વકાળમાં નથી થતું પણ ચૌદ પૂર્વધરો, જિનકલ્પિકો અને પ્રથમ વજ્રઋષભનારાચસંઘયણવાળા હોય, ત્યારે જ થાય છે. માટે વર્તમાનકાળમાં આ પ્રત્યાખ્યાનનો વિચ્છેદ થયો છે. (૧૯૩)

પ્રશ્ન :-ચૌદ પૂર્વધરોના ટાઈમમાં પણ ચૌદ પૂર્વધરો જ આ પચ્ચક્ખાણ કરતા હશે ? બીજા સ્થવિરો નહિ કરતા હોય ?

ઉત્તર :-પૂર્વધર વિગેરેના કાળે બીજા પણ પ્રથમ સંઘયણી સ્થવિરો આ પચ્ચક્ખાણ કરતા હતા.

महत्तरयागाराई-आगारेहिं जुयं तु सागारं ।
आगारविरहियं पुण भणियमणागार-नामंति ॥ १९४ ॥

"महत्तरागारेणं" વિગેરે આગારોથી યુક્ત તે "सागारीक" પચ્ચક્ખાણ. આગાર રહિત તે "अनागार" પચ્ચક્ખાણ કહ્યું છે.

"આ" મર્યાદા અર્થમાં છે. મર્યાદાપૂર્વક જે કરાય તે આકાર કહેવાય. અનાભોગ, સહસાત્કાર, મહત્તરાકાર, વિગેરે.

આ મહાન છે, આ પણ મહાન છે, પણ એ બેથી અતિશય મહાન તે મહત્તર. મહત્તરરૂપ જે આકાર તે મહત્તરાકાર. આકારોથી યુક્ત તે સાકાર કહેવાય. [1]એટલે કે મેં ભોજનક્રિયાનું પચ્ચક્ખાણ કર્યું છે, પરંતુ મહત્તરાગાર વિગેરે કોઈપણ કારણ ઉત્પન્ન થવાથી ભોજન ક્રિયા કરવા છતાં પણ પચ્ચક્ખાણનો ભંગ થતો નથી, તેથી જેમાં આકાર સહિત ભોજનનો ત્યાગ હોય, તે સાકાર. એ રીતે મહત્તરાદિ આકારોથી રહિત જે પચ્ચક્ખાણ, તે અનાકાર પચ્ચક્ખાણ છે. (૧૯૪)

किंतु अणाभोगो इह सहसागारो अ दुन्नि भणिअव्वा ।
जेण तिणाइ खिविज्जा मुहंमि निवडिज्ज वा कह वि ॥ १९५ ॥
इय कयआगार-दुगंपि सेसआगाररहिअमणागारं ।
दुब्भिक्खवित्तिकंतार गाढ-रोगाइए कुज्जा ॥ १९६ ॥

---

૧. પચ્ચક્ખાણ સાઢ્ઢપોરિસી કરેલ હોય પછી કોઈ લાભાલાભનું કારણ આવી પડે તો પોરસી-નવકારશી પારી લે તો મહત્તરાગાર.

પરંતુ અનાકાર પ્રત્યાખ્યાનમાં પણ અનાભોગ અને સહસાકાર–આ બે આગારો કહેલાં છે. કારણ કે અનાભોગ એટલે અજ્ઞાનથી કે સહસાકારથી એટલે આકૂળતાથી ઘાસ વિગેરે મોંઢામાં કોઈ રીતે પડી જાય કે તે નંખાઈ જાય માટે આ બે આગારો નિરાગારપચ્ચક્ખાણમાં હોવા છતાં પણ બાકીનાં મહત્તરાગારેણં વિગેરે આગારો રહિત હોવાથી ૧. નિરાગારપચ્ચક્ખાણ કહેવાય. (૧૯૫–૧૯૬)

પ્રશ્ન :–આ અનાગાર પચ્ચક્ખાણ કયારે કરાય ?

ઉત્તર :–જ્યારે વરસાદ ન પડવાના કારણે દુકાળ પડવાથી ફરવા છતાં પણ ભિક્ષા ન મળે ત્યારે આ પચ્ચક્ખાણથી અનશન કરી શરીરનો ત્યાગ કરે.

જેનાથી આ શરીર ચાલે તે વૃત્તિ એટલે ભિક્ષા. તેના માટે જંગલ સમાન વૃત્તિ તે કાંતારવૃત્તિ, એટલે જેમ જંગલમાં ફરવા છતાં પણ ભિક્ષા ન મળે, તેમ સિણવલ્લિ વિગેરેમાં સ્વભાવથી બ્રાહ્મણ વિગેરે અદાતાઓથી ભરેલ કે શાસનદ્વેષીઓવાળા ગામમાં ફરવા છતાં પણ ભિક્ષા ન મળે, તો આ પચ્ચક્ખાણ કરે તથા વૈદ્ય વિગેરેથી અસાધ્ય ગાઢતર રોગ થયો હોય, ત્યારે આ પચ્ચક્ખાણ લે. આદિ શબ્દથી સિંહના બચ્ચા વિગેરે દ્વારા આપત્તિ ઉભી થઈ હોય ત્યારે આ અનાકાર પચ્ચક્ખાણ કરે.

दत्तीहि व कवलेहि व घरेहिं भिक्खाहिं अहव दव्वेहिं ।
जो भत्तपरिच्चायं करेइ परिमाण कडमेयं ॥ १९७ ॥

દત્તિ, કોળીયા, ઘર, ભિક્ષા અને દ્રવ્યનાં પરિમાણ વડે જે ભોજનનો ત્યાગ કરાય, તે પરિમાણ કૃત છે.

દત્તિ એટલે હાથ કે થાળી વિગેરેમાંથી અખંડધારાએ જે ભિક્ષા પડે તે દત્તિ કહેવાય. જો ધાર તૂટે તો બીજી દત્તિ ગણાય. એક કણ પણ જુદો પડે તો પણ જુદી દત્તિ ગણાય.

કુકડાના ઇંડા જેટલો બંધાયેલો ખોરાકનો જે પિંડ તે કોળીયો કહેવાય છે અથવા તો મોઢાને વિકૃત કર્યા વિના જેટલો આહાર ગ્રહણ કરી શકાય તેટલા પ્રમાણનો કોળીયો હોય છે.

પુરુષનો બત્રીસ કોળીયા પ્રમાણ અને સ્ત્રીનો અઠ્ઠાવીસ કોળીયા પ્રમાણ ખોરાક છે. આટલા આહારનું પ્રમાણ સ્ત્રી–પુરુષને પૂરતું છે. આથી ન્યૂન કરે તો ઉણોદરી તપ અને અધિક લે તો વધુ પડતો ગણાય.

તેથી એક, બે, ત્રણ વિગેરે દત્તિનું પરિમાણ, બે થી એકત્રીસ કોળીયા સુધી પુરુષને અને સ્ત્રીને સત્તાવીસ કોળીયા સુધીનું જે પરિમાણ, એક, બે, ત્રણ વિગેરે ઘરોમાંથી ભિક્ષા લેવાનું પરિમાણ, ગૃહસ્થો વડે અપાતી સંસૃષ્ટ વિગેરે ભિક્ષાનું પરિમાણ,

દૂધ, ભાત, મગ વિગેરે એક, બે દ્રવ્યોનાં પરિમાણપૂર્વક બીજા આહારનો ત્યાગ કરાય, તે પરિમાણકૃતપ્રત્યાખ્યાન કહેવાય છે. (૧૯૭)

सव्वं असणं सव्वं च पाणगं खाइमंपि सव्वंपि ।
वोसिरइ साइमंपि हु सव्वं जं निरवसेसं तं ॥ १९८ ॥

"અશ" ધાતુ, ભોજન અર્થમાં છે. તેથી ભાત, લાડુ, ખાજા વિગેરે (દ્વારા પેટ ભરીને) ખવાય તે અશન. જે પીવાય તે પાન કહેવાય, જેમકે ખજુર, દ્રાક્ષના પાણી વિગેરે. જે ખવાય તે ખાદિમ નાળિયેર, ફળ, ગોળધાણા વિગેરે. જે સ્વાદ કરાય તે સ્વાદિમ ઇલાયચી, કપુર, લવિંગ, સોપારી, હરડે, નાગરવેલ વિગેરે. તે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનો સર્વથા ત્યાગ કરવો તે સર્વ નિરવશેષ-પચ્ચક્ખાણ જાણવું. (૧૯૮)

केयं गिहंति सह तेण जे उ तेसिमिमं तु साकेयं ।
अहवा केयं चिंधं सकेयमेवाहु साकेयं ॥ १९९ ॥
अंगुट्ठी-गंठी-मुट्ठी-घरसेयुस्सासथिवुग-जोईक्खे ।
पच्चक्खाण विचाले किच्चमिणमभिग्गहेसुवि य ॥ २०० ॥

કેત એટલે ગૃહ (ઘર) તે સહિત જે રહે તે ગૃહસ્થ. તે ગૃહસ્થનું જે પચ્ચક્ખાણ, તે સાકેત. અથવા કેત એટલે ચિહ્ન સહિત જે પચ્ચક્ખાણ તે સાકેત કહ્યું છે. અંગુઠી, ગાંઠી, મુઠ્ઠી, ઘર, પરસેવાના ટીપા, શ્વાસોશ્વાસ, પરપોટા, દીપક વિગેરે પચ્ચક્ખાણ સાથે તેમજ અભિગ્રહરૂપે પણ કરી શકાય છે.

કિત ધાતુ નિવાસ અર્થમાં છે. આથી કેત એટલે ઘર કહેવાય. તે ઘર સહિત જે હોય તે ગૃહસ્થ કહેવાય. તે ગૃહસ્થોનું જે પચ્ચક્ખાણ, તે સાકેત. આ પચ્ચક્ખાણ પ્રાયઃ કરીને ગૃહસ્થોને જ હોય અથવા કેત એટલે ચિહ્ન, તે કેત સહિત તે સકેત. સકેત એજ સાકેત[1] તેને મુનિઓ સાકેતપચ્ચક્ખાણ કહે છે...

તે સકેત પચ્ચક્ખાણ આ પ્રમાણે હોય છે. કોઇક શ્રાવક પોરિસિ વિગેરે પચ્ચક્ખાણ કરી ખેતરે ગયો હોય, કે ઘરે રહ્યો હોય, પોરસિ આદિ પૂરી થઈ ગઈ હોય પણ રસોઈ ન થઈ હોય, તો તેટલો ટાઇમ પચ્ચક્ખાણ વગર ન જાય માટે અંગુઠા વિગેરેનું ચિહ્ન કરે એટલે કે જ્યાં સુધી અંગુઠો, મુઠી, ગાંઠ છોડું નહીં ત્યાં સુધી, ઘરમાં પ્રવેશ કરું નહીં ત્યાં સુધી, પરસેવો સુકાય નહીં ત્યાં સુધી, આટલા શ્વાસોશ્વાસ ન થાય ત્યાં સુધી, પાણીની માંચિ વિગેરે પર રહેલ પાણીના ટીપા સુકાય નહીં ત્યાં સુધી અથવા દીવો બૂઝાય નહીં ત્યાં સુધી ખાઇશ નહીં.

અંગુષ્ઠ વિગેરે પચ્ચક્ખાણને યોગ્ય જે ક્રિયા હોય, તે તેના સ્થાને યથાયોગ્ય

---

૧. પ્રજ્ઞાદિત્વાત્ સ્વાર્થમાં "अण" પ્રત્યય લાગવાથી સકેતનો સાકેત થયો છે.

કરવી. પચ્ચક્ખાણ અને ભોજન સમયની વચ્ચે આ પચ્ચક્ખાણ કરાય છે. તેમજ કોઈએ પોરિસિ વિગેરે ન કરી હોય, તો પણ કેવલ અભિગ્રહરૂપે પણ જ્યાં સુધી ગાંઠ વિગેરે છોડું નહીં ત્યાં સુધી, એમ પણ કરી શકાય. સાધુઓને પણ આ પચ્ચક્ખાણ હોય છે.

ઉદા. જ્યાં સુધી ગુરુ મ. માંડલીમાં બેસે નહીં ત્યાં સુધી વાપરીશ નહીં કે બીજું કોઈપણ ગૃહસ્થ વિષયક કારણ ઉભું થાય તે પૂર્ણ ન થાય ત્યાં સુધી. પ્રત્યાખ્યાન પૂરુ થયા હોવા છતાં પણ પચ્ચક્ખાણ વગરના ન રહેવાય માટે અંગુષ્ઠ વિગેરે પચ્ચક્ખાણ સાધુ પણ કરે. (૧૯૯–૨૦૦)

अद्धा कालो तस्स य पमाणमद्धं तु जं भवे तमिह ।
अद्धापच्चक्खाणं दसमं तं पुण इमं भणियं ॥ २०१ ॥

૧૦. અદ્ધા શબ્દનો અર્થ કાળ થાય છે. પોરિસી મુહૂર્ત વિગેરે કાળનું જેમાં પ્રમાણ થાય, તે કાળ કહેવાય. તે કાળના પરિમાણથી જણાતું જે પચ્ચક્ખાણ તે અદ્ધા પચ્ચક્ખાણ. એ રીતે ભાવિ આદિ દશ પચ્ચક્ખાણની વિગત પૂર્ણ થઈ. (૨૦૧)

અદ્ધાપચ્ચક્ખાણના પ્રકાર :–

नवकारपोरिसीए पुरिमड्ढेकासणेगठाणे य ।
आयंबिलऽभत्तट्ठे चरिमे य अभिग्गहे विगइ ॥ २०२ ॥

નવકારશી, પોરિસી, પુરિમડ્ઢ, એકાસણું–એકલઠાણું, આયંબિલ, અભક્તાર્થ, ચરમ, અભિગ્રહ અને વિગઇ પ્રત્યાખ્યાન.

અદ્ધાપચ્ચક્ખાણ ગણધરોએ આ પ્રમાણે કહ્યા છે. નવકાર શબ્દથી નવકાર સહિત શબ્દ જાણવો. તે નવકારશીનો અર્થ ૧. નવકારશી વિષયક પચ્ચક્ખાણ. પોરિસી વિષયક ૩. પૂર્વાર્ધ વિષયક ૪. એકાસન વિષયક, ૫. એકલઠાણા વિષયક, ૬. આયંબિલ વિષયક ૭. અભક્તાર્થ વિષયક (ઉપવાસ), ૮. ચરમ વિષયક બે પ્રકારે છે. A. ભવ ચરમ અને B. દિવસ ચરમ વિષયક, ૯. અભિગ્રહ વિષયક. ૧૦. વિગઈ વિષયક.

આ પ્રમાણે દશ પ્રકારે અદ્ધાપચ્ચક્ખાણ છે.

પ્રશ્ન :– એકાસણા વિગેરે અદ્ધાપચ્ચક્ખાણ કેમ કહેવાય છે ? કારણકે એમાં કોઈ જાતની કાલમર્યાદા જણાતી નથી.

ઉત્તર :– એકાસણા વિગેરે મોટે ભાગે અદ્ધાપ્રત્યાખ્યાન યુક્ત જ થાય છે. માટે અદ્ધાપચ્ચક્ખાણરૂપે કહેવાય છે.

પ્રત્યાખ્યાન અપવાદરૂપ આગારોસહિત કરવું જોઈએ, નહીં તો પચ્ચક્ખાણ ભંગ જ થાય, તેથી તે નવકારશી વિગેરેમાં જેટલા આગારો હોય છે તે કહે છે.

दो चेव नमोक्कारे आगारा छच्च पोरसीए उ ।
सत्तेव य पुरिमड्ढे एक्कासणगंमि अट्ठे व ॥ २०३ ॥
सत्तेगट्ठाणस्स उ अट्ठेव य अंबिलंमि आगारा ।
पंचेव अब्भत्तट्ठे छप्पाणे चरिम चत्तारि ॥ २०४ ॥
पंच चउरो अभिग्गहि निव्विइए अट्ठ नव य आगारा ।
अप्पाउरणे पंच उ हवंति सेसेसु चत्तारि ॥ २०५ ॥

નવકારશીમાં પ્રત્યાખ્યાનના અપવાદરૂપ બે આગાર, પોરિસીમાં છ, પુરિમડ્ઢમાં સાત, એકાસણુમાં આઠ, એકલઠાણામાં સાત, આયંબિલમાં આઠ, ઉપવાસમાં પાંચ, પાણીના છ, દ્વિવસચરમ અને ભવચરમરૂપ પ્રત્યાખ્યાનમાં ચાર, અભિગ્રહમાં પાંચ અથવા ચાર, નીવિમાં આઠ અથવા નવ આગાર છે, તેમાં અભિગ્રહના પચ્ચક્ખાણુમાં જે પાંચ કે ચાર આગાર છે તેમાં પ્રાવરણ અભિગ્રહમાં પાંચ અને બાકીના દેશાવકાશિક દાંડા પ્રમાર્જન વિગેરે અભિગ્રહમાં ચાર આગારો છે. (૨૦૩-૨૦૫)

नवणीओगाहिमगे अद्दवदहिपिसियघयगुडे चेव ।
नव आगारा एसिं सेसदवाणं च अट्ठेव ॥ २०६ ॥

"માખણ, ઘી, તેલમાં તળેલ પકવાન્ન, જામેલ દહિં, માંસ, ઘી, ગોળ વિગેરે કઠીન દ્રવ્યમાં નવ આગારો, બાકીના પ્રવાહી દ્રવ્ય વિગઇમાં આઠ આગારો છે.

નવકારશી પચ્ચક્ખાણુનો ભંગ ન થાય, માટે અનાભોગ અને સહસાત્કાર એ બે આગારો નવકારશીમાં જાણવા. (૨૦૬)

પ્રશ્ન :– નવકારશીપચ્ચક્ખાણુમાં કાળનો ઉચ્ચાર કરવામાં આવતો નથી, તેથી આ સંકેત પ્રત્યાખ્યાન લાગે છે, તો આને અદ્ધાપ્રત્યાખ્યાન શા માટે કહેવાય છે ?

ઉત્તર :– સાચી વાત છે. "સહિત" શબ્દથી 'મુહૂર્ત' એટલે કાળ વિશેષ પણ સમજી લેવો માટે દોષ નથી.

પ્રશ્ન := આ પચ્ચક્ખાણમાં મુહૂર્ત શબ્દ જણાતો નથી તો તે વિશેષ્ય શી રીતે બને ? જેમ આકાશમાં કમલ ન હોવાથી 'કમળ મીઠી મીઠી સુગંધથી સુંદર છે'–એમ વિશેષણો તેના પંડિતો કરતા નથી ?

ઉત્તર :–નવકારશીનો સમાવેશ કાળ પચ્ચક્ખાણમાં હોવાથી, પોરિસી પચ્ચક્ખાણની પહેલા મુહૂર્ત જ રહે છે. તેથી તેનું વિશેષ્યત્વ ન જણાતું હોવા છતાં પણ (મુહૂર્ત) છે.

પ્રશ્ન :– તો બે મુહૂર્ત વિગેરે કાળ કેમ નથી લેતા ? એક જ મુહૂર્તનું વિશેષ્ય કેમ કરો છો ?

ઉત્તર :– પોરિસીમાં છ આગારો છે અને નવકારશીમાં બે આગારો છે, એટલે પોરિસીથી અલ્પ આગાર હોવાથી નવકારશીનો કાળ પણ અલ્પ જણાય છે. તે નવકારશીનો કાળ સમય પૂરો થયો હોવા છતાં પણ નવકાર ગણ્યા વગર પચ્ચક્ખાણ પૂર્ણ કહેવાતું નથી. મુહૂર્ત કાળ પછી નવકાર ગણવાથી પચ્ચક્ખાણ પુરુ થાય છે. મુહૂર્ત કાળ એટલે બે ઘડી, અડતાલીસ મિનિટ. તેથી નક્કી થયું કે નવકારશી પચ્ચક્ખાણ બે ઘડી–એક મુહૂર્તનું હોય છે.

પ્રશ્ન :– પહેલા જ મુહૂર્તમાં નવકારશી આવે એમ શી રીતે જણાય ?

ઉત્તર :– પચ્ચક્ખાણના 'સૂરે ઉગ્ગએ' પાઠથી પોરિસી પચ્ચક્ખાણની જેમ તેનું સૂત્ર "સૂરેઉગ્ગએ (ઉગ્ગએ સૂરે) નમોક્કાર સહિયં પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં અસણું પાણું ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણું સહસાગારેણું વોસિરઈ." આ પ્રમાણે છે.

પોરિસી વિગેરે પચ્ચક્ખાણની વિસ્તારપૂર્વકની વ્યાખ્યા એ પચ્ચક્ખાણ વખતે કહેવાશે, પણ આગારોનું સ્વરૂપ જાણવા માટે કંઈક વ્યાખ્યા કરાય છે.

સૂરે ઉગ્ગએ એટલે સૂર્ય ઉગે ત્યારથી આરંભી "પંચ પરમેષ્ઠિ સ્તવરૂપ નવકાર સહિત પચ્ચક્ખુ છું." બધા ધાતુઓ "કરવા" ના અર્થમાં રહેલા છે. આથી ભાષ્યકારના વચનથી નવકાર સહિત પચ્ચક્ખાણ કરું છું–એમ સમજવું. આ પ્રમાણે ગુરુ "પચ્ચક્ખાઇ" વચન બોલે ત્યારે શિષ્ય "પચ્ચક્ખામિ એટલે હું પચ્ચક્ખાણ કરું છું–એમ કહે. એ પ્રમાણે "વોસિરઈ" બોલે ત્યારે "વોસિરામિ" હું ત્યાગ કરું છું–એમ બોલે.

તે પચ્ચક્ખાણ ચારે પ્રકારના આહારના ત્યાગપૂર્વક કરે છે, પણ એકાદ આહારના ત્યાગપૂર્વક નહીં.

આ નવકારશી ચારે પ્રકારના આહારના ત્યાગપૂર્વક જ થાય–એવી વૃદ્ધ પરંપરા છે. તથા રાત્રિભોજન ત્યાગરૂપ વ્રતની પૂર્ણાહુતિરૂપ પણ આ પચ્ચક્ખાણ છે. 'અશન' વિગેરેથી ચારે પ્રકારનો આહાર સમજવો.

હવે નિયમનો ભંગ ન થાય તે માટે આગાર કહે છે. અન્યત્ર એટલે સિવાય અર્થાત્ અનાભોગ અને સહસાકારને છોડીને પચ્ચક્ખાણ કરું છું. અનાભોગ એટલે અત્યંત વિસ્મૃતિ થવી તે. સહસાકાર એટલે એકાએક ન અટકી શકાય તેવી પ્રવૃત્તિ તે.

હવે પોરિસીના આગારો કહે છે. 'પોરિસી પચ્ચક્ખાઇ ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણું સહસાગારેણું પચ્છન્નકાલેણું દિસામોહેણું સાહુવયણેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઈ.'

પુરુષની છાયા પ્રમાણ કાલે તે પણ પોરિસી એટલે પ્રહર, તેનું પચ્ચક્ખાણ કરે છે. પોરિસી એટલે કે એક પ્રહર સુધીનું જે પચ્ચક્ખાણ તે પોરિસી.–એ પ્રમાણે બીજા પચ્ચક્ખાણોમાં પણ સમજવું. તે પચ્ચક્ખાણમાં અશનાદિ ચારે પ્રકારના આહારનો

ત્યાગ, તે અન્ન-થણાભોગેણું વિગેરે આગારોપૂર્વક થાય છે. તેમાં અનાભોગ અને સહસાત્કાર આગાર ઉપર પ્રમાણે જાણવા. બાકી પચ્છન્નકાલ આગાર, દિગ્મોહ આગાર, સાધુવચન આગાર અને સર્વ સમાધિ પ્રત્યય આગાર છે.

ઘનઘોર વાદળાના કારણે કે ધૂળની ડમરી કે આંધીના કારણે કે મોટા પર્વતના વચ્ચે આવવાના કારણે સૂર્ય ન દેખાય ત્યારે અટકળથી પોરિસી પૂર્ણ થઈ છે–એમ જાણી ખાનારને પોરિસીનું પચ્ચક્ખાણ ન થવા છતાં પણ પચ્ચક્ખાણનો ભંગ થતો નથી. જો ખબર પડે તો તરત અડધું ખાધું હોય, તો પણ વચ્ચે અટકી જાય અને જ્યારે પોરિસી પૂરી થાય ત્યારે વાપરે. પોરિસી પૂરી થઈ નથી એમ ખબર પડે, છતાં પણ વાપરે તો પચ્ચક્ખાણનો ભંગ જ છે.

દિગ્મોહ એટલે દિશામોહ. જ્યારે પૂર્વ ને પશ્ચિમ અને પશ્ચિમને પૂર્વદિશારૂપ સમજી, પચ્ચક્ખાણ ન થયું હોવા છતાં પણ ખાનારને પચ્ચક્ખાણ ભંગ નથી. દિશાભ્રમ દૂર થયે ખબર પડે, ત્યારે અડધું ખાધું હોય તો અટકી જાય. ન અટકે તો પચ્ચક્ખાણ ભંગ થાય.

સાધુ વચન એટલે સાધુ બોલ્યા હોય કે "ઉગ્ઘાડા (છ ઘડીની) પોરિસી થઈ" એમ સાંભળી પચ્ચક્ખાણ પારી વાપરે તો ભંગ નથી. ખાતા ખાતા ખબર પડે કે કોઈ જણાવે તો ઉપર પ્રમાણે અટકી જાય.

પોરિસી પચ્ચક્ખાણ કરનારને અચાનક તીવ્ર શૂલ વિગેરે દુઃખથી પીડા ઉત્પન્ન થવાથી જે આર્ત–રૌદ્રધ્યાન થાય તેને સર્વથા દૂર કરવું તે સર્વ સમાધિ. તે કારણથી જે આગાર તે સર્વસમાધિ વિષયક આગાર. પોરિસી પૂરી ન થઈ હોવા છતાં પણ અચાનક શૂળ વિગેરે પીડા ઉત્પન્ન થઈ હોય, ત્યારે તેને શાંત કરવા માટે ઔષધ, પથ્થ વિગેરે ખાનારને પચ્ચક્ખાણનો ભંગ થતો નથી. અથવા વૈદ્ય–ડાક્તરે પોરિસી પચ્ચક્ખાણ કર્યું હોય અને બીજા કોઈ દર્દીની સમાધિ માટે પોરિસી પચ્ચક્ખાણ પુરું ન થયું હોય, છતાંય આહાર વાપરે તો પચ્ચક્ખાણ ભંગ થતો નથી. અડધું વાપર્યું હોય અને સમાચાર મળે કે દર્દીને આરામ થઇ ગયો છે, કે મરણ થયું છે, તો ખાવાનું છોડી દે.

સાર્ધ પોરિસી પચ્ચક્ખાણ પણ પોરિસીની જેમ જાણવું. તેનું વિવરણ પોરિસીમાં આવી જાય છે.

પુરિમડ્ઢના પચ્ચક્ખાણમાં આ પ્રમાણે સાત આગારો છે.

સૂરે ઉગ્ગએ ચઉવ્વિહંપિ આહારં અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણું સહસાગારેણું પચ્છન્નકાલેણું દિસામોહેણું સાહુવયણેણું મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

પૂર્વનો જે અર્ધભાગ પૂર્વાર્ધ કે પુરિમડ્ઢ એટલે દિવસના પહેલા બે પ્રહરનું પચ્ચક્ખાણ કરાય તે પૂર્વાર્ધ પચ્ચક્ખાણ કહેવાય. તેમાં છ આગારો આગળની જેમ છે. મહત્તરાગારેણં=મહત્તર એટલે પચ્ચક્ખાણના કારણે જે નિર્જરાનો લાભ થવાનો હોય, તેના કરતા મોટો નિર્જરાનો લાભ થાય, એવા ગ્લાન, ચૈત્ય, સંઘ વિગેરેના કાર્યોરૂપ કારણ ઉત્પન્ન થાય, અને કાર્ય બીજાથી થવું અશક્ય હોય, ત્યારે આ આગારનો ઉપયોગ થાય છે. મહત્તરાગારેણં આગાર આ પચ્ચક્ખાણમાં કહ્યો છે, કેમકે આ પચ્ચક્ખાણનો કાળ વધારે છે અને નવકારશી વિગેરેનો કાળ અલ્પ છે. બીજી જગ્યાએ વૃદ્ધો મોટું કારણ એટલી જ વ્યાખ્યા કરે છે.

ત્રણ પ્રહર કાળમાનવાળુ અપાર્ધ પચ્ચક્ખાણ પણ પુરિમડ્ઢ સમાન જાણવું.

એકાસણાના પચ્ચક્ખાણમાં આઠ આગારો છે.

એકાસણું પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં અસણું પાણું ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં આઉંટણપસારેણં ગુરુઅબ્ભુટ્ઠાણેણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

એક વાર ભોજન અથવા એક જ આસન પરથી ખસ્યા વગર વાપરવાનું જે પચ્ચક્ખાણ, તે એકાસણું કહેવાય. પ્રાકૃતમાં એકાસણ કહેવાય. આમાં પહેલા બે અને છેલ્લા બે આગારો આગળની જેમ સમજી લેવા. અગાર એટલે ગૃહ. તે ઘર યુક્ત જે હોય તે સાગાર એટલે સાગારીક–ગૃહસ્થ કહેવાય, તે સાગારીકનો આગાર.

ગૃહસ્થ સમક્ષ સાધુને ગોચરી વપરાય નહીં, કેમકે પ્રવચનહીલના વિગેરેની સંભાવના હોવાથી. કહ્યું છે કે–

છ જીવનિકાય પર દયાવાન્ સાધુ પણ જો આહાર, નિહાર અને પિંડ ગ્રહણ (ગોચરી વહોરવામાં) જુગુપ્સિતપણું કરે તો બોધિ દુર્લભ કરે છે.

તેથી ગોચરી વાપરતા હોય અને કોઈક ગૃહસ્થ આવે અને તે તરત જાય તો ક્ષણવાર રાહ જુએ, અને તે જો રોકાય તો સ્વાધ્યાય વિગેરેનો વ્યાઘાત ન થાય માટે બીજી જગ્યાએ જઈ, બેસીને વાપરવાથી એકાસણાનો ભંગ ન થાય. ગૃહસ્થનો આ આગાર આ પ્રમાણે જાણવો. જેના દેખતા ખાવાથી નજર લાગતી હોય, ભોજન પચે નહીં વિગેરે કારણે આ આગાર જાણવો.

આઉંટણપસારેણં એટલે જાંઘ વિગેરેનું લાંબુ ટુંકુ કરવું. જેમ જાંઘ વિગેરે વાળેલ હોય તે સીધી કરવી. અસહિષ્ણુપણાથી પગ વિગેરે લાંબા ટુંકા કરતા કંઈક આસન ખસી જાય તો પચ્ચક્ખાણ ભંગ ન થાય.

ગુરુ અબ્ભુટ્ઠાણેણં–ગુરુ એટલે ઉભા થવા યોગ્ય આચાર્ય અથવા પ્રાઘૂર્ણક, અભ્યુત્થાનને યોગ્ય હોવાથી આવે ત્યારે ઉભા થવું, તેમના માટે આસન ત્યાગ કરવો તે

ગુરુઅબ્ભુટ્ઠાણેણું. એકાસણું કરનારે અવશ્યમેવ ઉભા થઈ અભ્યુત્થાન કરવું જોઈએ. તેમાં પચ્ચક્ખાણ ભંગ નથી.

પારિટ્ઠાવણિયાગારેણું એટલે પરિસ્થાપન કરવું, જેમાં બિલકુલ છોડી દેવું-પરઠવવું તે પારિષ્ઠાપનિકા કહેવાય, તે આહાર પરઠવવામાં ઘણા દોષનો સંભવ અને આગમિક ન્યાય વડે વાપરવામાં ગુણનો સંભવ હોવાથી ગુર્વાજ્ઞાપૂર્વક ફરી ખાવા છતાં પણ પચ્ચક્ખાણનો ભંગ નથી.

અનેક આસન અને અનેક વાર અશન વિગેરે આહારનો ત્યાગ કરાય, તે એકલઠાણામાં સાત આગારો છે. તેનો પાઠ 'એકાસણું એગઠાણું પચ્ચક્ખાઇ" વિગેરે....એમાં આઉંટણપસારેણું આગાર સિવાય સાત આગારો છે. એક અંગવિન્યાસરૂપ એક જ જગ્યાએ સ્થિર થવું તે એકલઠાણું પચ્ચક્ખાણ કહેવાય. એટલે ભોજન સમયે જે પ્રમાણે અંગોપાંગ રાખ્યા હોય, તે પ્રમાણે રહીને મોઢું અને હાથ સિવાય બીજા અંગોપાંગ હલાવ્યા વગર ભોજન કરવું. કારણ કે મુખ અને હાથનું હલન-ચલન અશક્ય પરિહાર છે.

આયંબિલમાં આઠ આગારો છે. તેનો પાઠ આ પ્રમાણે "આયંબિલ પચ્ચક્ખાઇ અન્નત્થણાભોગેણું સહસાગારેણું લેવાલેવેણું ગિહત્થસંસટ્ઠેણું ઉક્ખિત્તવિવેગેણું પારિટ્ઠાવણિયાગારેણું મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઈ."

આચામ એટલે ઓસામણ, અમ્લ એટલે ખાટો રસ, ઓસામણ તથા ખાટા રસ વડે થાય તે આચામ્લ. તે આ પ્રમાણે-ભાત, કુલ્માષ એટલે અડદના બાકળા અને સક્થુ એટલે સાથવો. તેને આશ્રયિને ત્રણ પ્રકારે છે. તેનું જે પચ્ચક્ખાણ કરે તે આયંબિલ કહેવાય. આમાં પહેલા બે અને છેલ્લા ત્રણ આગારો આગળની જેમ સમજવા.

"લેવાલેવેણું" - લેપ એટલે આયંબિલના પચ્ચક્ખાણવાળાને ભોજનનું ભાજન અકલ્પનીય વસ્તુ વડે ખરડાયેલ હોય તેથી ભંગ થતો નથી. અલેપ એટલે વિગઈ વિગેરે વડે ખરડાયેલ ભોજનના ભાજનમાંથી જ હાથ વિગેરે સાધન દ્વારા ખરડાયેલ વસ્તુ દૂર કરવી. લેપ અને અલેપ એ બે થઈ લેપાલેપ આગાર. વાસણમાં વિગઈ વિગેરેના અવયવ હોવા છતાં પણ આયંબિલના પચ્ચક્ખાણનો ભંગ થતો નથી.

"ઉક્ખિત્તવિવેગેણું" આયંબિલના લુખ્ખા ભાત વિગેરેમાં પહેલેથી અકલ્પ્ય એવો ઘટ્ટ પદાર્થ પડયો હોય, તેને કાઢીને તેનો ત્યાગ કરવો તે ઉક્ખિત્ત-વિવેગેણું કહેવાય. તે અકલ્પ્ય પદાર્થ કાઢયા પછી ખાવાલાયક ચીજને ન ખાવા લાયક ચીજનો સ્પર્શ હોવા છતાં પણ પચ્ચક્ખાણ ભંગ નથી. પરંતુ જે પદાર્થ કાઢી શકાય તેવો હોવા છતાં ન કાઢે તો પચ્ચક્ખાણ ભંગ થાય.

"ગિહત્થસંસટ્ઠેણું" એટલે ભોજન આપનાર ગૃહસ્થની વાટકી વિગેરે વાસણ, વિગઈ વિગેરે દ્રવ્યથી ખરડાયેલ હોય, તે ગૃહસ્થ સંસૃષ્ટ કહેવાય. વિગઈ આદિથી ખરડાયેલ વાસણ વડે અપાતું દ્રવ્ય અકલ્પનીય દ્રવ્યથી મિશ્રિત થાય છે, તે ખાવા છતાં પણ પચ્ચક્ખાણનો ભંગ નથી થતો.

આયંબિલના દ્રવ્યમાં અકલ્પ્ય દ્રવ્યનો રસ ઘણો ન જણાતો હોય, તો આગારમાં રહીને આયંબિલ કરું છું. એ રીતે આયંબિલના આગારો જાણવા.

–હવે ઉપવાસના પાંચ આગારો છે, તેનો પાઠ આ પ્રમાણે છે–

"સૂરે ઉગ્ગએ અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થણા ભોગેણું સહસાગારેણું પારિટ્ઠાવણિયાગારેણું મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું –વોસિરઈ."

"સૂરે ઉગ્ગએ એટલે સૂર્યોદયથી લઈ" આ શબ્દ દ્વારા આગલા દિવસના સાંજના ભોજન પછી તરત પચ્ચક્ખાણ સમજવાનું છે. ભક્ત એટલે ભોજન તેનું પ્રયોજન જેમાં હોય તે ભક્તાર્થ. જેમાં ભોજનનું પ્રયોજન નથી તે અભક્તાર્થ. જે પચ્ચક્ખાણમાં ભક્તાર્થ નથી તે અભક્તાર્થ એટલે ઉપવાસ. તેના આગારો પૂર્વવત્ સમજી લેવા. પરંતુ "પારિટ્ઠા–વણિયાગારેણું" આગારમાં આટલી વિશેષતા છે, કે તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું હોય, તો પારિષ્ઠાપનિકા ખપે, પણ ચોવિહાર ઉપવાસના પચ્ચક્ખાણવાળાને ગોચરી વધી હોય અને પાણી ન વધ્યું હોય, તો પારિષ્ઠાપનિકા ન ખપે. બન્ને વધ્યા હોય તો ખપે. આ રીતે ઉપવાસમાં અશન વિગેરે ભક્તાર્થનો ત્યાગ કરું છું.

પાણીના પચ્ચક્ખાણમાં છ આગારો છે. તેમાં પોરિસી, પુરિમડ્ઢ, એકાસણું, એકલઠાણું, આયંબિલ, ઉપવાસ પચ્ચક્ખાણમાં ઉત્સર્ગથી ચોવિહાર પચ્ચક્ખાણ કહ્યા છે. જો પોરિસી આદિનું તિવિહાર પચ્ચક્ખાણ કરે, તો પાણીને આશ્રયિને છ આગારો છે, તેનું સૂત્ર આ પ્રમાણે–

"પાણસ્સ લેવાડેણવા અલેવાડેણવા અચ્છેણવા બહુલેવેણવા સસિત્થેણવા અસિત્થેણવા વોસિરઈ."

"લેવાડેણવા" એટલે લેપાયેલું અર્થાત્ ચીકાશવાળું કરે એવું, જે ખજુર, દ્રાક્ષ વિગેરેના પાણી સિવાય ત્રણ આહારનો ત્યાગ કરું છું. અહિં "વા" શબ્દથી અલેપકૃત પાણીની જેમ (લેપકૃત પાણી પણ) અવર્જ્ય તરીકે સમાન છે. એટલે અલેપકૃત પાણીની જેમ લેપકૃત પાણીથી પણ ઉપવાસનો ભંગ થતો નથી. અલેપકૃત પાણી એટલે સોવિરકાંજી, છાશની આછ વિગેરે ચીકાશ વગરનું જાણવું.

"અચ્છેણવા" એટલે નિર્મલ અને રૂપ, રંગ, સ્વાદમાં ફરક થયેલ વર્ણાંતરિત પાણી (ત્રણ ઉકાળાવાળું પાણી).

"બહુલેવેણુવા" એટલે ડહોળુ–તલ–ચોખા–જવ આદિનું ધોવણ.

"સસિત્થેણુવા" એટલે સિક્થ એટલે અનાજનો દાણો. તે દાણાવાળુ ઓસામણ વિગેરેનું પાણી.

"અસિત્થેણુવા" એટલે દાણા વગરનું જે પાણી. તે પચ્ચક્ખાણમાં લેવાથી ભંગ થતો નથી.

ચરમ એટલે દિવસનો અને ભવનો જે પાછલો ભાગ. તે ભાગમાં કરાતું જે પચ્ચક્ખાણ, તે દિવસચરિમ અને ભવચરિમ કહેવાય છે. તેનો પાઠ આ પ્રમાણે–

"દિવસ ચરિમં પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણું સહસાગારેણું મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઈ."

આ પ્રમાણે જાણવું. આગારોની વ્યાખ્યા આગળ પ્રમાણે જાણવી.

પ્રશ્ન :–એકાસણા વિગેરે પચ્ચક્ખાણમાં દિવસચરિમ પચ્ચક્ખાણનો ભાવ આવી જાય છે. માટે દિવસચરિમ પચ્ચક્ખાણ નિષ્પ્રયોજન છે.

ઉત્તર :–દિવસચરિમ પચ્ચક્ખાણ નિષ્પ્રયોજન નથી કેમકે એકાસણા આદિમાં આઠ આઠ આગાર છે. આના ચાર આગાર છે. એથી આગારોનો સંક્ષેપ થતો હોવાથી પચ્ચક્ખાણ સફળ છે. એકાસણા વિગેરે પચ્ચક્ખાણ દૈવસિક જ છે કારણ કે સાધુઓએ રાત્રીભોજનનું ત્રિવિધે ત્રિવિધે યાવજ્જીવનું પચ્ચક્ખાણ કરેલ છે. ગૃહસ્થની અપેક્ષાએ પણ આ સૂર્યોદય સુધીનું જાણવું, કેમકે દિવસ શબ્દ એ અહોરાત્રનો પર્યાયવાચી પણ છે. જેમકે અમે અહિં પાંચ દિવસે આવ્યા છીએ. એનો અર્થ પાંચ રાત દિવસ થાય છે. જેઓએ યાવજ્જીવ રાત્રિભોજન નિયમ કર્યો હોય, તેઓને પણ અનુવાદકપણાથી યાદ કરાવનાર હોવાથી આ પચ્ચક્ખાણ સાર્થક છે.

ભવચરિમ પચ્ચક્ખાણ બે આગારવાળું પણ હોય છે. જ્યારે ખબર પડે કે મારે "મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું" આ બે આગારની જરૂર નથી ત્યારે અનાભોગ અને સહસાકાર આગાર હોય છે કેમકે અનાભોગ કે સહસાકારથી આંગળી વિગેરે મોઢામાં પડવાનો સંભવ છે.

આ બે આગાર પણ છોડવા યોગ્ય હોવાથી જ આ ભવચરિમ અનાગાર પચ્ચક્ખાણ પણ કહેવાય છે.

અભિગ્રહ પચ્ચક્ખાણમાં પાંચ કે ચાર આગારો છે. તેમાં દાંડા પ્રમાર્જના વિગેરે રૂપ અભિગ્રહમાં ચાર આગારો છે. તે આ પ્રમાણે–

"અન્નત્થણાભોગેણું સહસાગારેણું મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઈ."

આની વ્યાખ્યા આગળની જેમ જાણવી. જ્યારે અપ્રાવરણાભિગ્રહ લે, તો ચોલપટ્ટાગારેણું પાંચમો આગાર જાણવો. ચોલપટ્ટા આગારથી ગૃહસ્થ જુએ ત્યારે ચોલપટ્ટો પહેરે તો પણ પચ્ચક્ખાણનો ભંગ નથી.

નીર્વિકૃતિમાં (નીવિમાં) આઠ કે નવ આગારો છે.

"નીવ્વિગઇયં પચ્ચક્ખાણુ અન્નત્થણાભોગેણું સહસાગારેણું લેવાલેવેણું ગિહત્થ-સંસટ્ઠેણું ઉક્ખિત્તવિવેગેણું પડુચ્ચમક્ખિએણું, પારિટ્ઠાવણિયાગારેણું મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ."

મનને વિકૃતિ એટલે વિકારનું કારણ અને વિગતિ એટલે દુર્ગતિના કારણરૂપ બનતું હોવાથી તે વિકૃતિ કે વિગઈ કહેવાય છે. જેમાંથી વિકૃતિ નીકળી ગઈ હોય, તે નિર્વિકૃત. તેનું પચ્ચક્ખાણ તે નિવિ કહેવાય. એના આગારોની વ્યાખ્યા પૂર્વની જેમ જાણવી.

પડુચ્ચમક્ખિએણું પડુચ્ચ એટલે પ્રતીત્ય અર્થાત્ બિલકુલ લુખ્ખા માંડા વિગેરેની અપેક્ષાપૂર્વક. મ્રક્ષિત અર્થાત્ કંઈક સુકુમારતા કે કુણાશ લાવવા માટે ઘી વિગેરે જે લગાડાય તે લગાડાયેલ વસ્તુમાં વિશિષ્ટ સ્વાદનો અભાવ હોવાથી મ્રક્ષિત જેવું એટલે મ્રક્ષિતાભાસ તે પડુચ્ચમક્ખિાએણું કહેવાય. એની વિધિ આ પ્રમાણે છે. જો આંગળીથી ઘી વિગેરે લઈ માંડા વિગેરે કુણાં કરાયા તો ખપે પરંતુ ધારાબદ્ધ રીતે નંખાયું હોય તો નીવિવાળાને ન ખપે. વોસિરઇ એટલે વિગઇને વોસિરાવું છું.

ઉત્ક્ષિપ્ત વિવેક એટલે કે ઉપાડીને દૂર કરી શકવું તે. જે વિગઇઓમાં તે સંભવે છે તેને માટે નીવિમાં નવ આગારો છે. બીજી પ્રવાહીરૂપ વિગઇઓમાં આઠ આગારો છે.

પ્રશ્ન :— નિર્વિકૃતિમાં જ આગારો કહ્યા તે વિગઇ ત્યાગ પચ્ચક્ખાણના શી રીતે ખબર પડે?

ઉત્તર :— નિર્વિકૃત ગ્રહણ કરવાથી વિગઈ પરિમાણ પચ્ચક્ખાણનું પણ ગ્રહણ થઈ જાય છે, માટે તેમાં પણ તે જ આગારો જાણવા.

એકાસણું, પોરિસી અને પુરિમડ્ઢમાં જે આગારો છે, તે જ આગારો અનુક્રમે બિયાસણું સાડ્ઢપોરિસી અને અવડ્ઢમાં પણ જાણવા. બિયાસણું, સાડ્ઢપોરિસી, અવડ્ઢ આદિ પચ્ચક્ખાણો સૂત્રમાં ન કહ્યા હોવા છતાં અપ્રમાદ વૃદ્ધિનું કારણરૂપ હોવાથી સમજી લેવા.

નિર્વિકૃતિ કે વિગઈ પરિમાણમાં કયા આઠ આગારો છે, અને કયા નવ આગારો હોય છે તે કહે છે.

નવનીત એટલે માખણ, અવગાહિમ એટલે ઘી, તેલમાં તળેલ પકવાન્ન (કડા), કઠીન (જામેલા) દહીં, માંસ, ઘી, ગોળ આ વિગઇઓમાં નવ આગારો છે. બાકીની પ્રવાહીરૂપ વિગઇઓમાં આઠ આગારો છે. કારણ કે કઠીન માખણ, ગોળ વિગેરે વિગઇ-ઓમાંથી ઉત્ક્ષિપ્ત વિવેક કરી શકાય. માટે તેમાં નવ આગારો છે." પ્રવાહિ વિગઇમાંથી ઉત્ક્ષિપ્ત વિવેક કરી શકાતો નથી, માટે આઠ આગાર છે. વિગઇઓમાં પડેલ બીજી વસ્તુઓ અલગ કરવી તે ઉત્ક્ષિપ્તવિવેક.

હવે પચ્ચક્ખાણ કરવા યોગ્ય અશન–પાન વિગેરે આહાર દ્રવ્યનું સ્વરૂપ કહે છે.

"અશ" ધાતુ ભોજન અર્થમાં છે. જે ખવાય તે અશન. "પા" ધાતુ પીવાના અર્થમાં છે. જે પીવાય તે પાન. "ખાદૃ" ધાતુ ભક્ષણના અર્થમાં છે ખાવા યોગ્ય હોય તે ખાદિમ. "સ્વાદૃ ધાતુ સ્વાદ કરવાનાં અર્થમાં છે, જે સ્વાદાય તે સ્વાદિમ. આ અર્થ વ્યાકરણ અનુસારે થયો.

હવે સિદ્ધાંત અનુસારે આ ચારેની નિરૂક્તિ વડે વ્યુત્પતિ કરે છે.

જે જલ્દી ભૂખ શમાવે તે અશન.

ઈંદ્રિય વિગેરે પ્રાણો ઉપર જે ઉપકાર કરે તે પાણ એટલે પાણી.

ખ એટલે આકાશ. આકાશ સમાન પોલાણરૂપ મુખ જાણવું તેમાં જે સમાય તે ખાદિમ.

ગોળ વિગેરે દ્રવ્યના રસાદિ ગુણોનો જેથી સ્વાદ થાય તે સ્વાદિમ. અથવા સાધુને સંયમ ગુણોનો જે નાશ કરાવે તે સાદિમ.

સ્વાદ ઉત્પન્ન કરવાના કારણે તે દ્રવ્યોનો સ્વાદ થાય છે. અથવા મધુર વિગેરે રસોનો સ્વાદ કરતાં પોતાના આત્મગુણોનો જે નાશ કરે તે સ્વાદિમ. "સાદૃ" ધાતુનો આ પણ અર્થ થાય છે પરંતુ આ નિરૂકત અર્થ નથી. મારી કલ્પના માત્ર.[૧]

પ્રશ્ન :–અહિં આ પ્રમાણે વ્યુત્પત્તિપૂર્વક ચાર ભેદનું વર્ણન ઘટતું નથી. જેમ ભાત વિગેરે જમી શકાય છે. તેમ ભાતની કાંજી વિગેરે પીવાય પણ છે. તથા ખજૂર દ્રાક્ષ ખવાય અને જમી પણ શકાય છે તથા ગોળ વિગેરેનો સ્વાદ પણ કરાય છે તો પછી સ્વાદિમ એમ કહેવાનો શું અર્થ છે ? તેથી વાસ્તવિકપણે અશનપાન વિગેરે બધા એકાર્થિક શબ્દો છે માટે તેમાં ભેદોની કલ્પના અયોગ્ય છે.

ઉત્તર :–ભલે એ પ્રમાણે હોય, પરંતુ બાળજીવો કે તેવા પ્રકારના અજ્ઞાની જીવોને સુખે જ્ઞાન થાય માટે અને વિવક્ષિત દ્રવ્યોનો સારી રીતે ત્યાગ થાય માટે ચાર આહારની કલ્પના અયોગ્ય નથી. લોકમાં પણ ભક્ષ્યરૂપે સમાન હોવા છતાં ભેદ રહેલો છે. તથા આ પ્રમાણે બોલનારા પણ હોય છે. કૂર, ખાજા, માંડા વિગેરે જમાડ. આમને દ્રાક્ષ વિગેરેના પાણી પીવડાવ. બાળકોને ખજૂર. નાળીયેર, સુખડી વિગેરે ખવડાવ. આ સુગંધી તંબોલ વિગેરે સ્વાદ કરાવ. તેથી અહિં પણ ચારે આહારની કલ્પના યોગ્ય છે. (૨૦૬)

---

૧. જેમ "**भ्रमति-रौति इति भ्रमरः**" અર્થાત્ ભમતા ભમતા રડે તે ભ્રમર. "**हिनस्ति इति सिंह**" જે હિંસા કરે તે સિંહ વિગેરે નિરૂક્ત શબ્દો "**पृषोदरादीनि**" એ સૂત્રમાં પ્રસિદ્ધ છે.

અશન–

असणं ओयण सत्थुगसुग्ग जगाराइ खज्जगविहि य ।
खीराइ सूरणाई मंडगपभिई य विन्नेयं ॥ २०७ ॥

ભાત વિગેરે અનાજ, સક્થુ વિગેરે લોટ, મગ વિગેરે કઠોળ, (જગારી) રાબડી વિગેરે (ખાદ્ય પદાર્થો), ખાજા, માંડા, લાડુ, પુરી, ઘેબર, લાપસી, સ્વર્ગચ્યુત વિગેરે પકવાનો તથા ખીર વિગેરેથી દહીં, ઘી, છાશ, ઓસામણ, શ્રીખંડ વિગેરે, સૂરણ વિગેરેથી આદુ વિગેરે સમસ્ત વનસ્પતિથી બનતા શાકને ગ્રહણ કરવા. મંડક વિગેરેથી ઘઉંના ઠોઠા, કુલેર, ચુરમુ, ઈડરિકા વિગેરે વસ્તુઓ અશન આહારરૂપ જાણવી. (૨૦૭)

પાન–

पाणं सोवीरजवोदगाइ चित्तं सुराइयं चेव ।
आउक्काओ सव्वो कक्कडग जलाइयं च तहा ॥ २०८ ॥

સોવીર એટલે કાંજી, યવોદક વિગેરે એટલે જવ, ઘઉં, ચોખા, કોદરા વિગેરેના ધોવણનું પાણી, જુદી–જુદી જાતના દારૂ વિગેરે શબ્દથી સરબત વિગેરે અનેક પ્રવાહીઓ ગ્રહણકરવા તથા સરોવર, તળાવ, કૂવા, નદી વિગેરેનું પાણી, કાકડી, ચીભડા, આંબલી વિગેરેનું પાણી, ખજૂર, દ્રાક્ષ, ચિંચિણીકા, શેરડીનો રસ વિગેરે પાણી આહારરૂપ જાણવું. (૨૦૮)

ખાદિમ–

भत्तोसं दंताई खज्जूरगनालिकेर दक्खाई ।
कक्कडी अंबग कणसाइ बहुविहं खाइमं नेयं ॥ २०९ ॥

ભક્ત એટલે ભોજન પણ રૂઢીથી તો ભુંજેલા ઘઉં ચણા વિગેરે તે ભક્તૌષ કહેવાય. દાંતને જે હિતકારી છે તે દંત્ય કહેવાય. ગુંદા વિગેરે આદિ શબ્દથી, ચારોલી, ખાંડ, શેરડી, સાકર વિગેરે જાણવી. અથવા દેશ વિશેષે પ્રસિદ્ધ ગોળ દ્વારા સંસ્કારિત દંતપચ્ચન દંતાદિ કહેવાય છે. તથા ખજૂર, નાળીયેર, દ્રાક્ષ વિગેરે આદિ શબ્દથી અખરોટ, બદામ વિગેરેનું ગ્રહણ કરવું તથા કાકડી, કેરી, કણસ, કેળા વિગેરે ફળોને ગ્રહણ કરવા આ પ્રમાણે અનેક પ્રકારના ખાદિમ જાણવા. (૨૦૯)

સ્વાદિમ–

दंतवणं तंबोलं चित्तं तुलसी कुहेडगाईयं ।
महुपिप्पलि सुंठाई अणेगहा साइमं नेयं ॥ २१० ॥

જે લાકડીના ટુકડાવડે દાંતો પવિત્ર એટલે ચોકખા કરાય તે દંત પાવન એટલે દાતણ કહેવાય. તાંબુલ એટલે નાગરવેલના પાન, સોપારી, જાયફળ, વિગેરે અનેક પ્રકારે છે. તુલસીનાં પાન, કુહેડક એટલે સૂંઠનો પિંડ, જીરૂ, હળદર વિગેરે. મધ, પિપળ, સૂંઠ,

ગોળ, મરી, અજમો, જીરૂ, હરડે, બહેડા, આમલા, આમલી, કડવા ભાંડ વિગેરે અનેક પ્રકારે સ્વાદિમ જાણવા. (૨૧૦)

पाणंमि सरयविगइं खाइम पक्कन्न अंसओ भणिओ ।
सारमि गुलमहु विगई सेसाओ सत्त असणंमि ॥ २११ ॥

દસ વિગઈમાંથી કઈ વિગઈ કયા આહારમાં ગણાય તે કહે છે, પાણી આહારમાં સરક વિગઈઓ આવે છે. બાકીની દૂધ, દહીં, ઘી, તેલ, પકવાન, માખણ, માંસરૂપ સાત વિગઈઓ અશન આહારમાં આવે છે. (૨૧૧)

નીચેના કારણોથી કરેલ પચ્ચક્ખાણ વિશુદ્ધ થાય છે, તે કહે છે.

फासियं पालियं चेव, सोहियं तीरियं तहा ।
किट्टियमाराहियं चेव, जएज्जा एरिसम्मि उ ॥ २१२ ॥

સ્પર્શિત, પાલિત, શોભિત, તિરિત, કીર્તિત અને આરાધિત–આ કારણો વડે પ્રત્યાખ્યાનમાં વધુ પ્રયત્ન કરે...

ફાસિયં એટલે સ્પર્શિત. જેનો સ્પર્શ કરાય તે સ્પર્શિત. એટલે પચ્ચક્ખાણ વિધિપૂર્વક લેવું તે.

પાલિત એટલે વારંવાર ઉપયોગપૂર્વક (સાવધાનીપૂર્વક) પચ્ચક્ખાણની રક્ષા કરવી તે.

શોભિત એટલે ગુરુ વિગેરેએ આપેલ શેષ ભોજન વાપરવાપૂર્વક શોભાવવું તે.

તિરિત એટલે પચ્ચક્ખાણનો ટાઇમ પૂરો થવા છતાં પણ કંઇક વધારે ટાઇમ રાહ જોઇને પચ્ચક્ખાણ પારવું તે.

કીર્તિત એટલે ભોજન વેળાએ મેં અમુક પચ્ચક્ખાણ કર્યું છે, તે પૂરૂં થયું માટે હવે ખાઉં છું–એમ શબ્દોચ્ચાર કરવો તે.

આ કારણો વડે પચ્ચક્ખાણને પૂર્ણ કરવું, જેથી અર્હદ્ આજ્ઞાનું અપ્રમત્તપણે પાલન થાય છે અને નિર્જરાનું કારણ થાય છે. આ રીતે પચ્ચક્ખાણ આરાધવામાં પ્રયત્ન કરવો જોઈએ. (૨૧૨)

उचिए काले विहिणा पत्तं जं फासियं तयं भणियं ।
तह पालियं च असइं सम्मं उवओगपडियरियं ॥ २१३ ॥

સ્પૃષ્ટ–એટલે સ્પર્શ થયેલું. અર્થાત્ ઉચિત સમયે વિધિપૂર્વક જે પચ્ચક્ખાણ લીધું હોય તે. તે આ પ્રમાણે હોય છે. પચ્ચક્ખાણના સૂત્રને સારી રીતે જાણતો સાધુ અથવા શ્રાવક, સૂર્ય ઉગ્યા પહેલા જ આત્મસાક્ષીએ કે ચૈત્ય, સ્થાપનાચાર્યની સમક્ષ પોતે

જાતે જ વિવક્ષિત પચ્ચક્ખાણ સ્વીકારેલ હોય, તે પછી પાછળથી ચારિત્રપાત્ર ગુરુની પાસે સૂત્રોક્ત વિધિપૂર્વક વંદન વિગેરે વિનય કરી, રાગ–દ્વેષ વિગેરે તથા વિકથા વિગેરે રહિત-પણે ઉપયોગપૂર્વક અંજલી જોડી, ધીમા અવાજે ગુરુની સાથે બોલતા બોલતા પચ્ચક્ખાણ સ્વીકારે તો સ્પૃષ્ટ પચ્ચક્ખાણ થાય.

પાલિત એટલે વારંવાર સતત ઉપયોગ અને સાવધાનીપૂર્વક પચ્ચક્ખાણની રક્ષા કરે, તે પાલિત કહેવાય. (૨૧૩)

गुरूदत्तसेसभोयणसेवणयाए य सोहियं जाण ।
पुण्णेवि थेवकालावत्थाणा तीरियं होइ ॥ २१४ ॥

શોભિત એટલે, ગુરુએ આપેલ શેષ ભોજન વાપરવું તે.
તીરિત એટલે પચ્ચક્ખાણનો સમય થયો હોવા છતાં પણ થોડીવાર રાહ જોવી તે.(૨૧૪)

भोयणकाले अमुगं पच्चक्खायंति भुंज कित्तीयं ।
आराहियं पयारेहिं सम्ममेएहिं निद्दिसियं ॥ २१५ ॥

કીર્તિત એટલે, મેં અમુક પચ્ચક્ખાણ કર્યું છે,–આ પ્રમાણે બોલીને વાપરવું તે.
આરાધિત એટલે, ફાસિય વિગેરે સદ્ભકારણો દ્વારા પચ્ચક્ખાણ પૂર્ણ કરાય તે. (૨૧૫)

वयभंगे गुरूदोसो थेवस्सवि पालणा गुणकरी उ ।
गुरूलाघवं च नेयं धम्मंमि अओ उ आगारा ॥ २१६ ॥

ધર્મમાં વ્રતભંગ કરવામાં મોટો દોષ છે. થોડું પણ વ્રતપાલન મોટા લાભ માટે થાય છે. આ પ્રમાણે ગુરુ-લાઘવપણું જાણીને આગારો કરવા જોઇએ.

અપવાદરૂપ આગારો સહિત પચ્ચક્ખાણ કરવું જોઈએ, નહીં તો પચ્ચક્ખાણ ભંગ થાય અને તે ભંગ મોટા દોષ માટે થાય છે, નિયમનો ભંગ કરવાથી ભગવદ્ આજ્ઞાની વિરાધના થાય છે. તેથી અશુભ કર્મબંધ વિગેરે રૂપ મહાન દોષ થાય છે. તેથી વ્રતની મોટી આરાધના કરતાં થોડી પણ આરાધના વિશુદ્ધ પરિણામ સ્વરૂપ હોવાથી કર્મનિર્જરા આદિ ઉપકાર કરી મોટો લાભ–કરે છે. માટે ચારિત્ર ધર્મમાં ગુરુલઘુ એટલે સારાસાર જાણીને પ્રત્યાખ્યાનમાં આગારો કરવા જોઈએ.

જેમ ઉપવાસ કર્યો હોય અને અસમાધિ ઉભી થાય, ત્યારે દવા આપી સમાધિ પેદા કરવાથી નિર્જરારૂપ ગુણ થાય તે મોટો લાભ થયો, નહીં તો અસમાધિ થવાના કારણે નિર્જરા ન થવાથી તપ હોવા છતાં અલાભ થાય–એમ વિચારવું. એકાંત આગ્રહીને મોટો અપકાર થતો હોવાથી અશુભરૂપ છે. આથી જ પચ્ચક્ખાણમાં આગારો કરાય છે. (૨૧૬)

પચ્ચક્ખાણમાં વિગઈઓ કહી છે, તો તે કેટલી છે, તે કહે છે.

दुद्धं दहि नवणीयं घयं तहा तेल्लमेव गुडमज्जं ।
महु मंसं चेव तहा ओगाहिमगं च विगईओ ।। २१७ ।।

દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, દારૂ, મધ, માંસ, [1]અવગાહ

આ દશ વિગઈઓ મનની વિકૃતિનું કારણ હોવાથી વિગઈ કહેવાય છે. (૨૧૭)

વિગઈઓના ભેદ–

गोमहिसुट्टीपसूणं एलग खीराणि पंच चत्तारि ।
दहिमाइयाइं जम्हा उट्टीणं ताणि नो हुंति ।। २१८ ।।

ગાય, ભેંસ, ઊંટડી, બકરી અને ઘેટીનું–એમ દૂધ પાંચ પ્રકારના છે. તેમા દહીં વિગેરે ઊંટડી સિવાય ચારનું હોય છે.

ગાય, ભેંસ, ઊંટડી, બકરી અને ઘેટીનું દૂધ–આ પાંચ દૂધ વિગઈરૂપે ગણાય. એ સિવાયના સ્ત્રી વિગેરેનું દૂધ વિગઈરૂપે ન ગણાય. ઊંટડી સિવાય એ દરેક દૂધના દહીં, ઘી, માખણ વિગેરે ચાર ચાર ભેદો જાણવા.

પ્રશ્ન :—દહીં વિગેરે ચાર જ કેમ હોય છે? દૂધની જેમ પાંચ કેમ નથી?

ઉત્તર :— ઊંટડીના દૂધમાંથી દહીં આદિ થતા નથી, કારણકે મરટનો (ફાટવાનો) સંભવ હોવાથી. (૨૧૮)

चत्तारि हुंति तेल्ला तिल अयसि कुसुंभ सरिसवाणं च ।
विगईओ सेसाणं डोलाईणं न विगईओ ।। २१९ ।।

તેલ વિગઈ પણ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે-તલ, અળસી, કુસુંભ એટલે કસુંબો અને સરસવનું તેલ. બાકીના ડોલ એટલે મહુડાના ફળ, નાળીયેર, એરંડા, શિશવા વિગેરેનું તેલ વિગઈરૂપ નથી. (૨૧૯)

दवगुडपिंडगुडा दो मज्जं पुण कट्ठपिट्ठनिप्फन्नं ।
मच्छियकुत्तियभामरभेयं च महुं तिहा होई ।। २२० ।।

ગોળ વિગઈ બે પ્રકારે છે. ઢીલો પ્રવાહી ગોળ અને કઠીન ગોળ.

દારૂ વિગઈ બે પ્રકારે છે. કાષ્ટ એટલે શેરડીના રસથી બનેલ અને લોટ, કોદરા, ચોખા વિગેરેના લોટથી બનેલ.

મધુ વિગઈ ત્રણ પ્રકારે છે. મધમાખીનું, કૃતિકાનું અને ભમરાનું બનાવેલ. (૨૨૦)

जलथलखहयरमंसं चम्मं वससोणियं तिभेयं च ।
आइल्ल तिण्णि चलचल ओगाहिमगं च विगईओ ।। २२१ ।।

---

૧. અવગાહ એટલે ઝબોળવું એટલે ઘી તેલમાં તળવા વડે બનેલ તે અવગાહિમ એટલે કડા વિગઈ.

માંસ વિગઇ ત્રણ પ્રકારે છે. જળચર, સ્થલચર, ખેચરનું અથવા ચામડારૂપે, ચરબીરૂપે, લોહીરૂપે.

ઘી, તેલમાં ચલચલ અવાજ થવાપૂર્વકના પહેલા ત્રણ ઘાણ તળાય તે અવગાહ વિગઇ કહેવાય.

માછલા વિગેરે જળચર જીવોનું, બકરી, પાડા, ભૂંડ, સસલા, હરણ વિગેરે સ્થલચરનું, કાબર, ચકલા વિગેરે પક્ષીઓનું–એમ માંસ ત્રણ પ્રકારે છે. અથવા ચામડી, ચરબી અને લોહી–એમ પણ ત્રણ પ્રકારે માંસ છે.

અવગાહિમ વિગઈ એટલે ઘી, તેલથી ભરેલ તાવડીમાં ચલ ચલ શબ્દ કરતા કરતા જે સુંવાળી વિગેરે તળાય તે પહેલો ઘાણ. તેજ ઘી, તેલથી બીજો ઘાણ. તેમાં જ ત્રીજો ઘાણ તળાય ત્યાં સુધી વિગઈમાં કહેવાય. ચોથો ઘાણ થાય, ત્યારે વિગઈ નથી રહેતી પણ નીવિયાતુ થઈ જાય છે, માટે તે યોગોદ્વહન કરનારને નીવિના પચ્ચક્ખાણમાં ખપે છે.

જો તાવડી એક જ પુડલો કે ખાજા વડે આખી ભરાઈ જાય, ત્યારે તેમાં બીજો પુડલો વિગેરે નાંખે તો તે વિગઈરૂપે થતો નથી. તે પણ નીવિવાળાને ખપે છે. પરંતુ સારી રીતે ખબર હોય, કે આ ચોથો, અને આ બીજો ઘાણ છે અને પહેલા ઘાણ વખતે નંખાયેલ ઘી વિગેરેથી જ થયેલ છે, તો તે ખપે. પણ વચ્ચે બીજા ઘાણ વિગેરેમાં ઘી નાંખ્યું હોય અથવા આ ચોથો ઘાણ છે એમ સાચી રીતે ખબર ન હોય તો તે ન ખપે. (૨૨૧)

खीरदहीवियडाणं चत्तारि उ अंगुलाणि संसट्ठं ।
फाणियतिल्लघयाणं अंगुलमेगं तु संसट्ठं ॥ २२२ ॥

'गिहत्थ संसट्ठेणं' આગારનું સ્વરૂપ વિશેષ પ્રકારે કહે છે. ગૃહસ્થોએ ભાત વિગેરેને દહીં સાથે પોતાના માટે ભેગા કર્યા હોય, તે ગૃહસ્થ સંસૃષ્ટ કહેવાય છે. જેમ દૂધ, દહીં વિગેરે ચાર આંગળ સુધી ચડયા હોય તો તે સંસૃષ્ટ વિગઈરૂપે થતું નથી, આનું તાત્પર્ય એ છે, કે દૂધ મિશ્રિત ભાત (કુર) કર્યા હોય, તેમાં ભાત ઉપર જો ચાર આંગળ દૂધ ચડયું હોય, તો તે વિગઈ ન થાય, તે નીવિવાળાને ખપે છે. જો પાંચમા આંગળની શરૂઆત થઇ જાય, તો વિગઇરૂપે થાય છે. માટે નીવિવાળાને ન ખપે. એ પ્રમાણે દહીંનું પણ જાણવું.

"फाणिय" એટલે પ્રવાહી ગોળ સાથે મિશ્રિત કરેલ કુર, ઘઉંના ઠોઠા વિગેરે જો એક આંગળ ઉપર ચડે તો વિગઇ ન થાય. એમ તેલ, ઘીનું પણ સમજવું. (૨૨૨)

महुपुग्गलरसयाणं अद्धङ्गुलयं तु होइ संसट्ठं ।
गुलपुग्गलनवणीए अद्दामलयं तु संसट्ठं ॥ २२३ ॥

મધ, માંસ અને તેના રસ વડે અડધો આંગળ સંસૃષ્ટ હોય, તો વિગઈ ન થાય. પછી અડધા આંગળથી ઉપર વિગઇ જ કહેવાય. ગોળ, માંસ, માખણની સાથે લીલા આમળા જેટલા ભાગવડે સંસૃષ્ટ હોય તો વિગઈ ન થાય. આર્દ્રામલક એટલે શણવૃક્ષનું મુકુર (ફળ) છે. એનો ભાવ આ પ્રમાણે છે કે ગોળ, માંસ કે માખણનો ભાગ લીલા આમળા જેટલા ટુકડાવડે પણ સંસૃષ્ટ ભાત વિગેરે હોય, તો વિગઈ ન થાય. આનાથી એક પણ મોટા ટુકડા વડે જો સંસૃષ્ટ થાય, તો વિગઈ થાય છે. (૨૨૩)

પ્રત્યાખ્યાનવિષયક વિશેષ વસ્તુ કહેવાય છે.

विगई विगइगयाणि य अणंतकायाणि वज्जवत्थूणि ।
दस तीसं बत्तीसं बावीसं सुणह वन्नेमि ।। २२४ ।।

વિગઈ, વિકૃતિગત, અનંતકાય અને વર્જનીય (અભક્ષ્ય) વસ્તુઓ જે છે, તેનું હું વર્ણન કરું છું. હે ભવ્યજનો...! તમે સાંભળો. તે વિગઈ દશ પ્રકારે, વિકૃતિગત ત્રીશ પ્રકારે, અનંતકાય બત્રીશ પ્રકારે, અભક્ષ્ય બાવીશ પ્રકારે છે.

અહીં જે શ્રૃણુત, એટલે સાંભળો કહ્યું છે તેનો ભાવ આ પ્રમાણે છેઃ–સાંભળવા માટે જે ઉપસ્થિત ભવ્યો હોય તેમને જ આચાર્ય મહારાજે ધર્મ કહેવો જોઈએ. જે અનુપસ્થિત હોય તેમને નહીં. કહ્યું છે કે સારો અને પ્રિય હોય તો પણ અનુપસ્થિતને ધર્મ કહેવો નહીં, કારણ કે અનુપસ્થિતને ધર્મ કહેવો તે બુઝાયેલ અગ્નિને ફુંક મારી મોઢું દુખાવવા જેવું છે.

" वर्णयामि " નો ભાવાર્થ આ પ્રમાણે છે. પરોપકાર રત આચાર્યે કહેલા જીવાદિ તત્ત્વો વડે જ ભવ્યોને વિવેક પ્રગટે છે. કહ્યું છે કે ભવ્યપુરુષો સાંભળીને કલ્યાણ એટલે વિરતિને જાણે છે. સાંભળીને/પાપને જાણે છે. બંને સાંભળીને જાણ્યા પછી જે કલ્યાણકારી હોય તેને આચરે છે. (૨૨૪)

दुद्ध दहि तिल नवणीय घय गुड महु मंस मज्ज पक्कं च ।
पण चउ चउ चउ चउ दुगतिग तिगदुग एगपडिभिन्नं ।। २२५ ।।

દૂધ, દહિં, તેલ, માખણ, ઘી, ગોળ, મધ, માંસ, મદિરા અને પકવાન–આ વિગઈઓ અનુક્રમે પાંચ વિગેરે ભેદે છે.

૧. **દૂધ**– ગાય, ભેંસ, બકરી, ઘેટી અને ઊંટડી–એમ પાંચ પ્રકારે છે.
૨. **દહિં**– ગાય, ભેંસ, બકરી અને ઘેટીનું–એમ ચાર પ્રકારે હોય છે.
૩. **તેલ**– તલ, સરસવ, અળશી અને કુસુંભનું–એમ ચાર પ્રકારે છે.
૪. **માખણ**– દહિંની જેમ ગાય, ભેંસ, બકરી, ઘેટીનું–એમ ચાર પ્રકારે હોય છે.
૫. **ઘી** પણ ગાય વિગેરેનું ચાર પ્રકારે છે.
૬. **ગોળ**– ઢીલો ગોળ અને કઠીન ગોળ–એમ બે પ્રકારે છે.

૭. **મધ**– માખી, ભમરી અને કૃતિકાનું–એમ ત્રણ પ્રકારે છે.

૮. **માંસ**– જળચર, સ્થલચર અને ખેચર જીવનું અથવા ચામડી, ચરબી અને લોહીનું–એમ ત્રણ પ્રકારે હોય છે.

૯. **દારૂ**– લોટથી બનેલ અને કાષ્ટથી બનેલ–એમ બે પ્રકારે છે.

૧૦. **કડાવિગઈ**– ઘી અથવા તેલથી ભરેલ તાવડીમાં ચલચલ અવાજપૂર્વક તળાતા પકવાન્નરૂપ એક પ્રકારે છે. (૨૨૫)

दव्वहया विगइगयं विगई पुण तेण तं हवं दव्वं ।
उद्धरिए तत्तंमि य उक्किट्ठदवं इमं अन्ने ॥ २२६ ॥

ભાત વિગેરે દ્રવ્યથી હણાયેલ વિગઇ, વિગઇગત કહેવાય છે. અર્થાત્ તે વિગઇ નહિ પણ દ્રવ્ય કહેવાય છે. તળ્યા પછી બચેલ ઘી વિગેરેમાં જે કણીયા નંખાયા હોય તે ઉત્કૃષ્ટ દ્રવ્ય વિગઇગત છે.

કલમ–ચોખા, ભાત વિગેરે દ્રવ્યોથી ભેદાયેલ નિર્વીર્યરૂપ કરાયેલ દૂધ વિગેરે વિગઈ વિકૃતિગત કહેવાય છે. માટે ચોખા વિગેરેવાળું દૂધ વિગેરે દ્રવ્ય કહેવાય, પણ વિગઈ નહિ. આથી જ કોઈક નીવિનાં પચ્ચક્ખાણવાળાને ત્યાગ હોવા છતાં પણ તે ખપે છે.

કઢાઈમાંથી સુંવાળી વિગેરે તળ્યા પછી જે બચેલું ઘી હોય, તેમજ ચૂલા પર જે અગ્નિના સંપર્કથી તપેલું હોય, તેમાં જે કણીયા વિગેરે વસ્તુઓ નંખાયેલ હોય, તે ઉત્કૃષ્ટ દ્રવ્ય કહેવાય, એટલે કે તે વિકૃતિગત જ છે પણ વિગઈ નથી.–એમબીજા આચાર્યો કહે છે. ગીતાર્થોના અભિપ્રાયે ચૂલા ઉપરથી ઉતાર્યા પછી ઠંડા પડેલા ઘી વિગેરેમાં જે કણી વિગેરે નંખાય તે જ તેવા પ્રકારના પાકના અભાવથી નીવિયાતું કહેવાય. ચૂલા પર તો પરિપાક સારી રીતે થતો હોવાથી તે વિગઈ જ છે. આ ગાથાની અમે આ પ્રમાણે વ્યાખ્યા કરી છે. બુદ્ધિમાનોએ યથાયોગ્ય પણે બીજી રીતે પણ વ્યાખ્યા કરવી. (૨૨૬)

अह पेया दुद्धट्टी दुद्धवलेही य दुद्धसाडीय ।
पंच य विगइगयाइं दुद्धंमि य खीरिसहियाइं ॥ २२७ ॥

હવે કઈ વિગઈમાં કેટલા કયા નામવાળા કયા વિકૃતિગતો હોય છે, તે બતાવે છે. દૂધમાં પાંચ જ નીવિયાતા હોય છે. વિકૃતિગત એટલે દૂધ વિગેરે વિગયને આશ્રયિને રહેલ દ્રવ્ય છે પણ વિગઈ નથી. તેના નામ આ પ્રમાણે છે.

દૂધના પાંચ નીવિયાતા

૧. પેયા એટલે દૂધની કાંજી

૨. દુગ્ધાટી=ખાટા પદાર્થ સાથે રાંધેલું દૂધ.

૩. દુગ્ધાવલેહિકા=ચોખાના લોટ સાથે ઉકાળેલું દૂધ.

૪. દુગ્ધ સાટિકા=દ્રાક્ષ સહિત રાંધેલું દૂધ.

૫. ખીર.

अंबिल–जुयंमि दुद्धे दुद्धट्ठी दक्खमीसरद्धंमि ।
पयसाडी तद्द तंडुल–चुण्णय–सिद्धंमि अवलेही ॥ २२८ ॥

ખટાશ યુક્ત દૂધ તે દુગ્ધાટી અથવા કિલાટિકા. બીજાઓ એને બલાહિકા પણ કહે છે. દ્રાક્ષ મિશ્રીત રંધાયેલ દૂધ તે પયસાટી કહેવાય. તંદુલના લોટથી બનેલ દૂધ અવલેહિકા કહેવાય છે. (૨૨૮)

दहिए विगइ–गयाइं घोलवडा घोल सिहरिणि करंबो ।
लवण–कण–दहिय महियं–संगरि–गाइंमि अप्पडिए ॥ २२९ ॥

દહીંના પાંચ નિવિયાતા.

(૧) ઘોલવડા (દહીંવડા)
(૨) ઘોલ–વસ્ત્રથી ગાળેલ દહીં.
(૩) શિખરણી (શ્રીખંડ)=હાથથી મથેલું ખાંડવાળું દહીં.
(૪) કરંબો=દહીં યુક્ત ભાત.
(૫) મટ્ઠો=મીઠાના કણીયાવાળું મથેલું દહીં. તેમાં સાંગરી વિગેરે પડેલ હોય કે ન હોય તો પણ નીવિયાતું કહેવાય. (૨૨૯)

पक्कघयं घयकिट्टी पक्कोसहि उवरि तरिय सप्पि च ।
निब्भंजणवीसंदणगाइं घय–विगइ विगइ–गया ॥ २३० ॥

ઘી ના નીવિયાતા :–

(૧) ઔષધો વડે પકવેલું ઘી સિદ્ધાર્થક વિગેરે.
(૨) ઘૃતકિટ્ટિકા એટલે જામેલ ઘી
(૩) ઘૃત પક્વૌષધના ઉપર તરી રૂપ જે ઘી.
(૪) નિર્ભંજન એટલે પક્વાન પરથી ઉતારેલું બળેલું ઘી.
(૫) વિસ્પંદન દહીંની તર અને કણિકાથી બનેલ દ્રવ્ય વિશેષ જે–સપાદલક્ષ દેશમાં પ્રસિદ્ધ છે. (૨૩૦)

तेल्लमली तिलकुट्टी दद्धं तेल्लं तहो सहोव्वरियं ।
लक्खाइदव्वपक्कं तेल्लं तेल्लंमि पंचेव ॥ २३१ ॥

તેલના પાંચ નીવિયાતા :–

(૧) તેલની મલી. (૨) તલ કુટ્ટી. (૩) બળેલું તેલ એટલે નિર્ભંજન. (૪) પક્વૌષધિ ઉપરના ભાગ પરથી ઉતારેલ તેલ. (૫) લાખ વિગેરે દ્રવ્યથી પકવેલ તેલ. (૨૩૧)

अद्धकड्ढिइक्खुरसो गुलपाणीयं च सक्करा–खंडं ।
पायगुलं च गुलविगई विगईगयाइं च पंचेव ॥ २३२ ॥

ગોળના પાંચ નીવિયાતા :–

(૧) શેરડીનો અડધો ઉકાળેલો રસ. (૨) ગોળનું પાણી. (૩) સાકર. (૪) ખાંડ (૫) જેનાથી બાળ વિગેરે લીંપાય તે ગોળનો પાક. (૨૩૨)

एगं एगस्सुवरिं तिन्नोवरि बीयगं च जं पक्कं ।
तुप्पेणं तेणं चिय तइयं गुलहाणियापभिई ॥ २३३ ॥
चउत्थं जलेण सिद्धा लप्पसिया पंचमं तु पूयलिया ।
चाप्पडियताविआए परिपक्कं तीस मीलिएसु ॥ २३४ ॥

પક્વાનના પાંચ નીવિયાતા.

૧. એક ઘાણ કાઢયા પછી જે બીજો [1]ઘાણ કઢાય તે.
૨. ઘી વિગેરે નાંખ્યા વગર ત્રણ ઘાણ કાઢયા પછીનો જે ચોથો ઘાણ તે...
૩. ગોળ ઘાણી વિગેરે...
૪. સુંવાળી તળ્યા પછી, ઘી થી ખરડાયેલ તાવડીમાં પાણીથી રાંધેલ લાપસી.
૫. ઘી ના પોતા દઈને કરેલ પોતૈયા. (૨૩૩–૨૩૪)

आवस्सय–चुण्णीए परिभणियं एत्थ वण्णियं कहियं ।
कहियव्वं कुसलाणं पउंजियव्वं तु कारणिए ॥ २३५ ॥

છ વિગઇના પાંચ-પાંચ નીવિયાતા ગણતા ત્રીશ નીવિયાતા થાય છે. આવશ્યકચૂર્ણિમાં કહેલ અને અહિં સામાન્યથી વર્ણવેલ અને વિશેષથી કહેવાયેલ આ વિષય બુદ્ધિમાનોને કહેવા યોગ્ય અને કારણે સેવવા યોગ્ય છે.

અહીં નીવિયાતાનું સ્વરૂપ આચાર્ય મહારાજ પોતાની કલ્પનાથી કહેતા નથી પણ આવશ્યકચૂર્ણિરૂપ સિદ્ધાંતમાં કહેલું જ છે. આ ગ્રંથમાં ગ્રંથકારે સામાન્યથી કહ્યું છે. અમો તેને વિશેષથી કહીએ છીએ. આ કહેલા પદાર્થોનો બુદ્ધિમાનોએ કારણ પ્રસંગે ઉપયોગ કરવો.

ખીર વિગેરે જો કે સાક્ષાત્ વિગઈ નથી. પરંતુ નીવિયાતું જ છે. અને તે નીવિવાળાને ખપે, છતાં પણ આ દ્રવ્યો ઉત્કૃષ્ટ દ્રવ્યો હોવાથી અવશ્ય મનમાં પણ

---

૧. તાવડીમાં ઘી વિગેરે નાંખી તેમાં આખી તાવડી ભરાય તેવો એક પુડલો થયા પછી બીજો પુડલો તે જ તાવડીમાં થાય તો તે નીવિયાતું કહેવાય. કહ્યું છે કે, "તાવડી ભરાય તેવડો એક પુડલો ઉતારી તે જ તાવડીમાં બીજુ ઘી નાંખ્યા વગર બીજો પુડલો ઉતારાય તો તે વિગઈ ન કહેવાય પણ નીવિયાતું કહેવાય."

વિકારો પ્રગટ કરે છે માટે નીવિ કરનારાઓને આ પદાર્થ ખાવાથી ઉત્કૃષ્ટ નિર્જરા થતી નથી, તેથી આ પદાર્થો ગ્રહણ ન કરે, પરંતુ જે વિવિધ તપ કરવાથી દુર્બળતાને કારણે સ્વાધ્યાય, ધ્યાન, અધ્યયન વિગેરે અનુષ્ઠાન કરી શકવા સમર્થ ન હોય, તે નીવિયાતા રૂપ ઉત્કૃષ્ટ દ્રવ્યો વાપરે તો કોઈ દોષ નથી. તેને કર્મ નિર્જરા પણ મોટી થાય. કહ્યું છે કે,

નીવિયાતાઓનો પરિભોગ કારણ વિશેષે જાણવો. પણ ઉત્કૃષ્ટ દ્રવ્યોનો પરિભોગ વિશેષ કારણ વગર ન કરાય એમ જાણવું.

નીવિના પચ્ચક્ખાણવાળા અસમર્થને ઉત્કૃષ્ટ દ્રવ્યોનો પરિભોગ યોગ્ય છે. પરંતુ ઇન્દ્રિયજયની બુદ્ધિથી વિગઈ ત્યાગ કરનારને તે પરિભોગ યોગ્ય નથી.

જે વિગઈ ત્યાગ કરીને સ્નિગ્ધ અને મધુર ઉત્કૃષ્ટ દ્રવ્યો વાપરે છે, તેમને સામાન્ય લાભ જાણવો.

અહિં કેટલાક મંદ પરિણામીઓ પચ્ચક્ખાણ કરીને પણ જે ઉત્કૃષ્ટ દ્રવ્યો કારણે વાપરવાના છે તેને નિષ્કારણ વાપરે છે.

જે તલના લાડુ, તલપાપડી, વર્ષોલક, નાળિયેર, ખાંડ, અતિ મથેલો દહિંનો ઘોલ, ખીર, ઘી નીતરતા શાકો, ઘીમાં ઝબોળેલા માંડા, દૂધ, દહિં, કરંબા વિગેરે પીવાલાયક પદાર્થો, કુલેર, ચૂરમા વિગેરેને કેટલાક નિષ્કારણ ખાય છે. તેઓ જન્મ, જરા, મરણથી ભિષણ, એવા સંસારરૂપ સાગરથી ઉદ્વિગ્ન ચિત્તવાળા યથોક્તકારી એવા આગમિક પુરુષોને અમાન્ય છે.

દુઃખ દાવાનળથી તપેલા જીવોને આ ભવરૂપી વનમાં જિનેશ્વરોની આજ્ઞાને છોડીને બીજું કોઈ પણ પ્રતિકારનું સાધન નથી.

વિગઈના સેવનથી વિકાર ઉત્પન્ન થાય છે, વિકાર જાગ્યા પછી ચિત્તને જિતવા તત્પર એવો પણ માણસ અકાર્ય કરતા અટકી શકતો નથી.

દાવાનલમાં ફસાયેલો જીવ પાણી વિગેરે હોય તો આગને બુઝવવા માટે પ્રયત્ન કર્યા વિના રહેતો નથી, તેમ મોહરૂપી આગથી સળગેલ સંસારમાં જીવે વિકારની આગને બુઝવવા પ્રયત્ન કરવો જોઇએ.

દુર્ગતિથી ડરેલો સાધુ પણ વિગઇઓ અને વિકૃતિગત એટલે નીવિયાતાને વાપરે તો તે વિગઇઓ તેને વિકારી સ્વભાવથી બલાત્કારે વિગતિ એટલે દુર્ગતિમાં લઈ જાય છે.

વિગતિ એટલે નરક વિગેરે ગતિ, તેનાથી ડરેલ સાધુ, દૂધ વિગેરે વિગઇઓને તથા વિકૃતિગત એટલે ખીર વિગેરે નીવિયાતાને વાપરે તે દુર્ગતિમાં જાય છે. કારણ કે

વિગઈઓ મનને વિકારી કરવાના સ્વભાવવાળી હોવાથી જીવને ન ઈચ્છવા છતાં પણ બલાત્કારથી નરક વિગેરેમાં લઈ જાય છે. (૨૩૫)

અનંતકાય :–

सव्वा हु कंदजाई सूरणकंदो य वज्जकंदो य ।
अल्लहलिद्दा य तहा अद्दं तह अल्लकच्चूरो ॥ २३६ ॥

બધી જ જાતના કંદો અનંતકાય છે. કંદ એટલે જમીનમાં રહેલ ઝાડનો અવયવ વિશેષ. તે કંદો લીલા સુકાયા વગરના લેવા કેમકે સુકા તો નિર્જીવ હોવાથી અનંતકાય રૂપે સંભવતા નથી. કેટલાંક વપરાતા કંદોના નામ કહે છે.

(૧) સૂરણ કંદ જે મસા નાશક છે. (૨) વજ્ર કંદવિશેષ છે. (૩) લીલી–હળદર જે પ્રસિદ્ધ છે. (૪) લીલુ આદુ. (૫) લીલો કચુરો જે તીખું દ્રવ્ય છે. (૨૩૬)

सत्तावरी विराली कुमारि तह थोहरीगलोईय ।
लहसणं वंसगरिल्ला गज्जर तह लोणओ लोढो ॥ २३७ ॥

(૬) સતાવરી, (૭) વિરાલિકા નામની વેલડીઓ, (૮) કુમારી, જે માંસલ પ્રણાલાકાર પાંદડાવાળી વનસ્પતિ, (૯) થોર, (૧૦) ગડુચી, (ગળો) એક જાતની વેલડી, (૧૧) લસણ કંદવિશેષ (૧૨) વંસ કારેલા જે નવા કોમળ વાંસના અવયવ વિશેષ, (૧૩) ગાજર (૧૪) લવણક વનસ્પતિવિશેષ, (જેને બાળવાથી સાજીખાર થાય છે) (૧૫) લોઢક એટલે પદ્મિની કંદ. (૨૩૭)

गिरिकन्नि किसलपत्ता खरिंसुया थेग अल्लमुत्था य ।
तह लोणरूक्खछल्ली खेल्लुड्डो अमयवल्ली य ॥ २३८ ॥
मूला तह भूमिरुहा विरुह तह ढक्कवत्थुलो पढमो ।
सूयरवल्लो य तहा पल्लंको कोमलंबिलिया ॥ २३९ ॥

(૧૬) ગિરિકર્ણિકા વેલડી વિશેષ. (૧૭) કિસલયરૂપ પાંદડા, જે પ્રૌઢ પાંદડાની પહેલી બીજની કોમળ અવસ્થારૂપ છે તે બધાયે અનંતકાય છે. (૧૮) ખરિંસુકા કંદ વિશેષ. (૧૯) થેગ કંદવિશેષ. (૨૦) લીલામુસ્તા જે પ્રસિદ્ધ છે. (૨૧) લવણ નામના ઝાડની છાલ જ અનંતકાય છે. બીજા અવયવો નહીં. (૨૨) ખલ્લુડકા કંદ વિશેષ. (૨૩) અમૃત–વેલડીવિશેષ. (૨૪) મૂળા, (૨૫) ભૂમિરોહ જે છત્રી આકારના હોય છે. જે વર્ષાઋતુમાં થાય છે અને બીલાડીના ટોપ નામથી લોક પ્રસિદ્ધ છે. (૨૬) વિરુઢ એટલે ફણગાવેલા કઠોળ (૨૭) ઢક્કવાસ્તુલ જે શાકવિશેષ. જે પહેલા ઉગતા જ અનંતકાય હોય છે. કાપ્યા પછી ફરી ઉગે ત્યારે નહીં. (૨૮) શૂકર નામના વાલ તે શૂકરવાલ તે અનંતકાય છે. (વાલ નામનું ધાન્ય નહીં) (૨૯) પલ્યંક (પાલક) શાક વિશેષ. (૩૦) કળીયો બંધાયો નહીં હોય તે કોમળ આંબલી. (૨૩૮–૨૩૯)

आलू तह पिंडालू हवंति एए अणंतनामेहिं ।
अण्णमणंतं नेयं लक्खण-जुत्तीइ समयाओ ॥ २४० ॥

આલુ અને પિંડાલુ બે કંદવિશેષ—આ પ્રમાણે બત્રીશ અનંતકાય આર્યદેશમાં પ્રસિદ્ધ છે. આટલા જ અનંતકાયો નથી પરંતુ બીજા પણ છે. બીજા અનંતકાયો આગળ કહેવાશે તે લક્ષણાનુસાર સિદ્ધાંતથી જાણવા. (૨૪૦)

घोसाडकरीरंकुर तिंदुयअइकोमलंबगाईणि ।
वरूणवडनिंबगाईण अंकुराइं अणंताइं ॥ २४१ ॥

ઘોષાતકી, કરીરના અંકુરા તથા તિંદુક, આંબા વિગેરેના અતિકોમળ એટલે જેમાં ઠળીયા બંધાયા નથી એવા ફળ તથા વરૂણવડ, લીમડા વિગેરે ઝાડના અંકુરા અનંતકાય છે. (૨૪૧)

गूढसिर—संधि—पव्वं समभंगमहीररूहं च छिन्नरुहं ।
साहारणं सरीरं तव्विवरीयं च पत्तेयं ॥ २४२ ॥

જેની નસો સાંધા અને ગાંઠ ગુપ્ત હોય, જેનો સમાન ભંગ થાય, જેને ભાંગતા તાંતણા નીકળતા ન હોય, જેને કાપીને વાવે તો ફરી ઉગે, તે સાધારણવનસ્પતિ-શરીર છે અને તેનાથી વિપરીત તે પ્રત્યેકવનસ્પતિ છે.

જેના પાંદડા, થડ, નાલ, ડાળી વિગેરેની સિરા એટલે નસો-સાંધા, પર્વ એટલે ગાંઠ પ્રગટપણે જણાતી ન હોય, તે ગૂઢ કહેવાય છે. જેની શાખા, પાંદડા વિગેરેને તોડતા સરખા ભાગ થાય, તે સમભંગ કહેવાય. જેને છેદતા વચ્ચે તાંતણા ન દેખાય, તે અહિરક કહેવાય. જેને કાપીને ઘરે લાવ્યા પછી સુકાય ગયેલ હોય, તો પણ પાણી વિગેરે સામગ્રીનો સંયોગ થતાં ગડૂચી વિગેરેની જેમ ફરી ઉગી જાય, તે છિન્નરુહ કહેવાય. આ લક્ષણોથી સાધારણ (અનંતકાય) વનસ્પતિ જાણવી. આ લક્ષણોથી વિપરીત હોય તે પ્રત્યેકવનસ્પતિ કહેવાય. (૨૪૨)

चक्कं व भज्जमाणस्स जस्स गंठी हवेज्ज चुन्नघणो ।
तं पुढवीसरिसभेयं अणंत जीवं वियाणाहि ॥ २४३ ॥

જેને ભાંગતા ચક્રની જેમ સમાન ભાગ થાય, જેમ પૃથ્વીને ભાંગતા તેમાંથી ધૂળ ઉડે તેમ, જેના પર્વને (ગાંઠને) ભાંગતાં તેમાંથી ઝીણો પાવડર ઉડે, તે અનંતકાયરૂપ વનસ્પતિ જાણવી. (૨૪૩)

જે વનસ્પતિના મૂળ, સ્કંધ, થડ, છાલ, ડાળ, પાંદડા, ફૂલ વિગેરેના કુંભારના ચક્રના આકાર સમાન ટુકડા થાય છે તે મૂળા વિગેરે અનંતકાય જીવ જાણવા. તથા ગ્રંથી એટલે પર્વસ્થાન કે સામાન્ય વચ્ચેથી ભાંગતા પૃથ્વીકાય જેવું શુભ્ર (સફેદ) ચૂર્ણ ઉડતું દેખાય તે વનસ્પતિ અનંતજીવોનું સાધારણ શરીર જાણવું. જેમ ભૂમિ

ઉપર ક્યારામાં સુકી પોપડી થઈ જાય છે. ચીકણી ખડીથી બનાવેલ ચોકના ટુકડા કરવાથી સરખા ભાગ થાય છે અને એવી રીતે જે વનસ્પતિમાં થાય તે અનંતકાય જાણવી...(૨૪૩)

गूढसिरागं पत्तं सच्छीरं जं च होइ निच्छीरं ।
जं पि य पयावसंधिं अणंतजीवं वियाणाहि ॥ २४४ ॥

જેના પાંદડા દૂધવાળા હોય કે દૂધ વિનાના હોય તો પણ જેની સિરા (નસો) જણાય નહીં તે ગૂઢસીર, જેના સાંધા અત્યંત ગરમ હોય તે પ્રતાપસંધિ, પાંદડાના બે અડધા ભાગને જોડનાર સાંધો બિલકુલ જણાય નહીં તે પ્રનષ્ટસંધિ કહેવાય, તે અનંતકાય જાણવું. (૨૪૪)

અભક્ષ્યઃ—ત્યાજવા લાયક વસ્તુઓ

पंचुम्बरि चउविगई हिमं विस करगेय सव्वमट्टी य ।
रयणी—भोयणगं चिय बहुबीय अणंत संधाणं ॥ २४५ ॥
घोलवडा बायंगण अमुणि अनामाणि फुल्ल—फलयाणि ।
तुच्छफलं चलियरसं वज्जह वज्जाणि बावीसं ॥ २४६ ॥

પાંચ ઉદુમ્બર, ચાર વિગઇ, હિમ, ઝેર, કરા, સર્વ પ્રકારની માટી, રાત્રિ ભોજન, બહુબીજ, અનંતકાય, સંધાન એટલે બોરઅથાણું, દહીંવડા, વેંગણ, અજાણ્યા ફળ-ફૂલ, તુચ્છફળ, ચલિતરસ—આ બાવીશ ત્યાજ્ય વસ્તુઓ છે.

૧. વડ, ૨. પીપળો, ૩. ઉદુમ્બર ૪. પ્લક્ષ, ૫. કાક ઉદુમ્બર—આ પાંચ ઉદુમ્બર કહેવાય. એના મસક આકારના ફળો સૂક્ષ્મ જીવોથી ભરેલ છે, માટે ત્યાજ્ય છે. ૬. દારૂ, ૭. માંસ, ૮. મધ, ૯. માખણ—આ ચાર મહાવિગઇઓ છોડવા યોગ્ય છે. કેમકે એમાં તરત જ એના રંગના અનેક જીવોની ઉત્પત્તિ થયા છે. ૧૦. સફેદ અસંખ્ય અપ્કાય જીવમય હિમ ૧૧. મંત્ર વડે શક્તિ હણાયેલ હોવા છતાં પણ, પેટમાં રહેલા ગંડોલા વિગેરે જીવોનો નાશક, તેમજ મરણ વખતે મહામોહ ઉત્પાદક હોવાથી, વિષ ત્યાજ્ય છે. ૧૨. અસંખ્ય અપ્કાય જીવમય કરા. ૧૩. દેડકાં વિગેરે પંચેન્દ્રિયજીવોની ઉત્પત્તિનું કારણ હોવાથી [1]સર્વ જાતની માટીઓ.

૧૪. આ લોક અને પરલોકના દોષથી દુષ્ટ તથા ઘણા સંપાતિત જીવોના પડવાનો સંભવ હોવાથી રાત્રિભોજન ત્યાજ્ય છે. ૧૫. અનંતા જીવોની પરંપરા નાશક અનંતકાય. ૧૬. પંપોટા વિગેરે બહુબીજ તેમાં દરેક બીજના જીવોના નાશનો સંભવ હોવાથી

---

૧ સર્વ શબ્દ ખડી વિગેરે માટી અને એની અંદર રહેલા પેટાભેદોના ગ્રહણ માટે લીધો છે. તેનું ભક્ષણ કરવાથી આમાશયનાં દોષો. વિગેરે ઉત્પન્ન થાય છે.

બહુબીજ ૧૭. સંધાન, બીજોરા વિગેરેના અથાણા (બોર અથાણું) જીવોત્પત્તિ થતી હોવાથી. ૧૮. ઘોલવડા એટલે (દહીંવડા) ઉપલક્ષણથી કાચા ગોરસમાં કઠોળના સંપર્કથી કેવલી ગમ્ય સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિનો સંભવ હોવાથી ત્યાજ્ય છે. ૧૯. નિદ્રા અને કામોદ્દીપન કરનાર હોવાથી દોષકારક રીંગણા ત્યાજ્ય છે. ૨૦. પોતે અથવા બીજા જેના નામ ન જાણતા હોય તેવા અંજાણ્યા નામવાળા ફળ-ફૂલો. છોડવા. અજાણતા નિષિદ્ધ ફળ વાપરવાથી વ્રતભંગનો સંભવ અને ઝેરી ફળ વાપરવાથી પ્રાણનાશનો સંભવ છે. ૨૧. મહુડા બિલ્વ વિગેરેના તુચ્છ એટલે નિસ્સાર ફળ. તુચ્છ ફળના ઉપલક્ષણથી કુલ, સરણી, શિગ્રુ વર્ષાઋતુમાં ડાંગર વિગેરેના પાંદડા, ઘણા જીવોથી સંમિશ્ર હોવાથી અથવા તુચ્છફળ એટલે અર્ધપક્વ કોમળ ચોખા વિગેરેની ફળી. તે ખાવા છતાં પણ જેવી જોઇએ તેવી ભૂખ શમે નહીં. તેથી ઘણા દોષો થાય છે. ૨૨. ચલિત રસ એટલે બગડેલું અન્ન ઉપલક્ષણથી ફણગાવાળું અનાજ વિગેરે અને બે દિવસ વીતી ગયા પછીનું દહીં છોડવું. કેમકે જીવની ઉત્પત્તિ થવાથી પ્રાણાતિપાત વિગેરે દોષોનો સંભવ છે.—આ બાવીસ ત્યાજ્ય વસ્તુઓનો દયાળુ ચિત્તવાળા હે ભવ્ય જનો...! તમે ત્યાગ કરો.(૨૪૫–૨૪૬)

૫. કાયોત્સર્ગના દોષ :

ઘોડગ લયા ય ખમ્ભે કુડ્ડે માલે ય સબરિ બહુ નિયલે ।
લંબુત્તર થણ ઉદ્ઢી સંજઇ ખલિણે ય વાયસ કવિટ્ઠે ॥ ૨૪૭ ॥
સીસો કંપિય મૂઈ અંગુલિ ભમુહા ય વારુણી પેહા ।
એએ કાઉસ્સગ્ગે હવંતિ દોસા ઇગુણવીસં ॥ ૨૪૮ ॥

૧. ઘોટક, ૨. લત્તા, ૩. સ્તંભ-કુડ્ય, ૪. માલ, ૫. શબરી, ૬. વધૂ ૭. નિગડ, ૮. લંબોત્તર, ૯. સ્તન, ૧૦. ઉર્દ્ધિ, ૧૧. સંયતિ, ૧૨. ખલીણ, ૧૩. વાયસ, ૧૪. કપિત્થ, ૧૫. શીર્ષોત્કંપિત, ૧૬. મૂક, ૧૭. અંગુલી-ભ્રકુટી ૧૮. વારૂણી ૧૯. પ્રેક્ષા-આ રીતે ઓગણીસ દોષો કાઉસ્સગ્ગમાં હોય છે...

કાઉસ્સગ્ગમાં ઓગણીસ દોષો હોય છે. કાય એટલે શરીર તેનો-સ્થાન, મૌન, ધ્યાન-રૂપ ક્રિયા સિવાય તથા બીજા શ્વાસોશ્વાસ વિગેરે ક્રિયાઓ સિવાય "નમોઅરિહંતાણં" બોલવા પહેલાં જે ઉત્સર્ગ એટલે કાયાનો ત્યાગ તે કાયોત્સર્ગ. તે બે પ્રકારે છે.

૧ ચેષ્ટાપૂર્વક અને ૨. અભિભવપૂર્વક.

૧ ચેષ્ટા કાયોત્સર્ગ : ગમનાગમન વિગેરેમાં ઈરિયાવહિયા વિગેરે પડિક્કમતા જે કરાય તે.

૨ અભિભવકાઉસ્સગ્ગ : દેવતા વિગેરેએ કરેલ ઉપસર્ગો જીતવા માટે જે કાઉસ્સગ્ગ કરાય તે. કહ્યું છે, કે તે કાયોત્સર્ગ ચેષ્ટા અને અભિભવ-એમ બે પ્રકારે જાણવો.

ભિક્ષાચર્યા વિગેરેમાં પ્રથમ ચેષ્ટા કાઉસ્સગ્ગ છે. અને ઉપસર્ગ સહેવા માટે બીજો અભિભવકાયોત્સર્ગ છે. તે કાઉસ્સગ્ગ દોષ રહિત કરવાથી નિર્જરાના કારણરૂપ બને છે. એ દોષો આ પ્રમાણે છે.

(૧) ઘોટક, (૨) લત્તા, (૩) સ્તંભ-કુડ્ય, (૪) માલ, (૫) શબરી, (૬) વધૂ, (૭) નિગડ, (૮) લંબોત્તર, (૯) સ્તન, (૧૦) ઉર્દ્ધિ, (૧૧) સંયતિ, (૧૨) ખલીણ, (૧૩) વાયસ, (૧૪) કપિત્થ, (૧૫) શીર્ષોત્કંપિત, (૧૬) મૂક, (૧૭) અંગુલી-ભ્રકુટી, (૧૮) વારૂણી, (૧૯) પ્રેક્ષા, આ ઓગણીસ દોષો કાઉસ્સગ્ગમાં છોડવા જોઈએ. (૨૪૭-૨૪૮)

**આસોવ્વ વિસમપાયં આઉંટાવિત્તુ ઠાઇ ઉસ્સગ્ગે ।
કંપઇ કાઉસ્સગ્ગે લયવ્વ ખર-પવણ-સંગેણં ॥ ૨૪૯ ॥**

૧. ઘોડાની જેમ એક પગ કંઈક સંકોચીને કાઉસ્સગ્ગ કરે તે ઘોટક દોષ.

૨. જોરદાર પવનથી જેમ વેલડી કંપે તેમ કાયોત્સર્ગમાં કંપે તે લતા-દોષ. (૨૪૯)

खंभे वा कुड्डे वा अवठंभिय कुणइ काउसग्गं तु ।
माले य उत्तमंगं अवठंभिय कुणइ उस्सग्गं ॥ २५० ॥

૩. થાંભલો અથવા ભીંતને ટેકો લઈ કાઉસ્સગ્ગ કરવો તે સ્તંભ-કુડ્ય દોષ.

૪. માળ એટલે છતના ભાગે માથાનો ટેકો લઈ કાઉસ્સગ્ગ કરવો તે માલ દોષ.(૨૫૦)

सबरी वसण-विरहिया करेहि सागारिअं जह ठएइ ।
ठइऊण गुज्झदेसं करेहि इअ कुणइ उस्सग्गं ॥ २५१ ॥

૫. શબરી એટલે ભીલડી. તે વસ્ત્ર વગરની હોવાથી પોતાના ગુપ્ત ભાગને જેમ બે હાથથી ઢાંકે છે, તેમ બે હાથથી ગુહ્ય ભાગને ઢાંકીને કાઉસગ્ગ કરે તે શબરીદોષ. (૨૫૧)

अवणामिउत्तमंगो काउस्सग्गं जहा कुलवहुव्व ।
नियलियआ विव चरणे वित्थारिय अहव मेलविउं ॥ २५२ ॥

૬. માથું નીચું રાખીને કુલવધૂની જેમ જે ઊભો રહી કાઉસ્સગ્ગ કરે, તે વધૂ દોષ.

૭. બેડી પહેરાવેલ હોય તેમ પગ સંકોચીને કે પહોળા પગ રાખીને કાઉસ્સગ્ગ કરે તે નિગડ દોષ. (૨૫૨)

काऊण चोलपट्टं अविहीए नाहिमंडलस्सुवरिं ।
हेट्ठा य जाणुमेत्तं चिट्ठइ लंबुत्तरुस्सग्गं ॥ २५३ ॥

૮. નાભિથી ઉપર તથા જાનુથી નીચે સુધીનો અવિધિપૂર્વક ચોલપટ્ટો પહેરી કાઉસ્સગ્ગ કરે તો લંબોત્તરદોષ લાગે...(૨૫૩)

पच्छाइऊण य थणे चोलग-पट्टेण ठाइ उस्सग्गं ।
दंसाइरक्खणट्ठा अहवाऽणाभोग-दोसेणं ॥ २५४ ॥

૯. સ્તન વિગેરેને મચ્છર વિગેરેથી રક્ષણ માટે અથવા અજ્ઞાનથી અનાભોગે ચોલપટ્ટાથી ઢાંકીને કાઉસ્સગ્ગ કરે તે સ્તનદોષ...(૨૫૪)

मेलित्तु पण्हियाओ चलणे वित्थारिऊण बाहिरओ ।
काउस्सग्गं एसो बाहिरउड्ढी मुणेयव्वो ॥ २५५ ॥
अंगुट्ठे मेलविउं वित्थारिय पण्हिआउ बाहिंति ।
काउस्सग्गं एसो भणिओ अब्भिंतरुद्धित्ति ॥ २५६ ॥

૧૦. ઉર્ધ્વિકાદોષ. બાહ્યઉર્ધ્વિકા અને અભ્યંતરઉર્ધ્વિકા દોષ-એમ બે પ્રકારે છે. પગની પાછલી બે પાની ભેગી કરી પગનો આગળનો ભાગ પહોળો કરી ઊભો રહી કાઉસ્સગ્ગ કરે તે બાહ્ય શકટોર્ધ્વિકાદોષ જાણવો. (૨૫૫)

પગના બે અંગુઠા ભેગા કરી પાછળની પાની પહોળી કરી કાઉસ્સગ્ગમાં ઊભો રહે તે અભ્યંતર શકટોદ્ધિકાદોષ જાણવો. (૨૫૬)

कप्पं वा पट्टं वा पाउणिउं संजइव्व उस्सग्गं ।
ठाइ य खलिणं व जहा रयहरणं अग्गओकाउं ॥ २५७ ॥

૧૧. કપડા કે ચોલપટ્ટાથી ખભા ઉપર સાધ્વીની જેમ ઢાંકી કાઉસ્સગ્ગ કરે તે સંયતિદોષ.

૧૨. ખલિન એટલે લગામ. તેની જેમ રજોહરણ આગળ રાખી કાઉસ્સગ્ગ કરે તે ખલીન દોષ. અથવા બીજા આચાર્યો લગામ પહેરાવવાથી પીડિત અશ્વની જેમ માથું ઊંચુ-નીચુ કરે તેને ખલિનદોષ કહે છે. (૨૫૭)

भामेइ तह य दिट्ठिं चलचित्तो वायसोव्व उस्सग्गे ।
छप्पइयाण भएणं कुणइ य पट्टंकविट्ठं व ॥ २५८ ॥

૧૩. ચલચિત્ત કાગડાની જેમ આંખનો ડોળો ફેરવવાપૂર્વક આંખ ફેરવ્યા કરે અથવા ચારે બાજુ જોતાં કાઉસ્સગ્ગ કરે, તે વાયસદોષ.

૧૪. ભ્રમરોના ભયથી કોઠાની જેમ ગોળ-મટોળ બનીને જાંઘને સંકોચીને ઉભો રહી કાઉસ્સગ્ગ કરે તે કપિત્થદોષ. બીજાઓ જાંઘને બદલે મુઠી બાંધીને ઉભો રહે-એમ કહે છે...(૨૫૮)

सीसं पकंपमाणो जक्खाइट्ठोव्व कुणइ उस्सग्गं ।
मूउव्व हूहुयंतो तहेव छिज्जंतमाईसु ॥ २५९ ॥

૧૫. ભૂત પેસેલાની જેમ માથુ ધૂણાવતો કાઉસ્સગ્ગ કરે, તે શીર્ષોત્કંપિતદોષ.

કાઉસ્સગ્ગમાં રહેલાની બાજુના પ્રદેશમાં કોઇ ગૃહસ્થ વિગેરે માટે લીલોત્તરી વિગેરે કાપતો હોય તો તેને અટકાવવા માટે મૂંગાની જેમ હું હું એમ અવ્યક્ત અવાજ કરતો કાઉસ્સગ્ગ કરે તે મૂકદોષ. (૨૫૯)

अंगुलि भमुहाओऽवि अ चालितो कुणइ तहय उस्सग्गं ।
आलावग-गणणट्ठं संठवणत्थं च जोगाणं ॥ २६० ॥

૧૭. આલાવાને ગણવા માટે આંગળી ફેરવે, યોગોના સ્થાપન માટે, અથવા બીજી ક્રિયા જણાવવા-માટે આંખની ભ્રમરો ચલાવે અથવા ભ્રમર નચાવવાપૂર્વક કાઉસ્સગ્ગ કરે તે અંગુલીભ્રૂદોષ. (૨૬૦)

काउस्सग्गंमि ठिओ सुरा जहा बुडबुडेइ अव्वत्तं ।
अणुपेहंतो तह वानरोव्व चालेइ ओट्ठपुडे ॥ २६१ ॥

૧૮. દારૂ બનતી વખતે જેમ બુડબુડ એવો અવ્યક્ત અવાજ આવે, તે રીતે

અવાજ કરતો કાઉસ્સગ્ગ કરે, તે વારુણીદોષ. અથવા દારૂ પીધેલાની જેમ જે ઘોરતો હોય તેવી રીતે કાઉસ્સગ્ગ કરે, તે વારુણીદોષ–એમ અન્ય આચાર્યો કહે છે.

૧૯. નવકાર વિગેરેનો કાઉસ્સગ્ગ કરતી વખતે વાનરની જેમ હોઠ ફફડાવતો કાઉસ્સગ્ગ કરે તે પ્રેક્ષાદોષ. (૨૬૧)

एए काउस्सग्गं कुणमाणेण विवुहेण दोसा उ ।
सम्मं परिहरियव्वा जिणपडिसिद्धत्ति काऊणं ॥ २६२ ॥

આ કાઉસ્સગ્ગ કરતી વખતે જિનેશ્વરોએ નિષેધ કરેલ એવા આ દોષોનો પંડિતોએ સારી રીતે ત્યાગ કરવો.

કેટલાક એકવીશ દોષ માને છે. તે આ રીતે–સ્તંભ અને કુડ્ય દોષ તથા અંગુલી અને ભૂ (ભ્રમર) દોષ–એ બંનેને જુદા જુદા ગણે છે. બીજા આચાર્યો અન્ય દોષોને પણ કહે છે. તે આ પ્રમાણે–થૂંક, શરીર સ્પર્શ, પ્રપંચ યુક્ત સ્થિતિ, સૂત્રોક્ત વિધિમાં ન્યૂનતા, વય અપેક્ષાનો ત્યાગ, કાલ અપેક્ષાનો ત્યાગ, વ્યાક્ષેપાશક્ત ચિત્ત, લોભાકુલિત્ત ચિત્ત, પાપકાર્યોમાં ઉદ્યમ, કૃત્યાકૃત્યમાં વિમૂઢતા, પાટ વિગેરે પર ઉભા રહેવું.

ઉપસંહાર કરતા કહે છે, કે ઉપરોક્ત દોષો કાઉસ્સગ્ગ કરતી વખતે પંડિતોએ તીર્થંકરો વડે નિષિધ હોવાથી સમ્યક્ પ્રકારે ત્યાજ્ય છે. કેમકે જિનાજ્ઞાનું પાલન જ શ્રેયસ્કર છે.

આ કાયોત્સર્ગ, ઉંદરો સ્પર્શ વિગેરે કારણોથી હાલવા છતાં ભાંગતો નથી; જ્યારે અગ્નિ અથવા વિજળીની જ્યોતિ સ્પર્શે ત્યારે ઓઢવા માટે કામળી ગ્રહણ કરે તો પણ કાઉસ્સગ્ગ ભાંગતો નથી.

પ્રશ્ન :—તે વસ્ત્ર ગ્રહણ 'નમો અરિહંતાણં' બોલી કાઉસ્સગ્ગ પારીને કેમ ગ્રહણ ન થાય ?

ઉત્તર :—અહિં કાઉસ્સગ્ગ પારીને બાકીનો કાઉસ્સગ્ગ કરાતો નથી. પરંતુ જે કાઉસ્સગ્ગનું પ્રમાણ હોય તે પ્રમાણ પૂરૂં થયા પછી 'નમો અરિહંતાણં' કહ્યા વગર પારે તો પણ કાઉસ્સગ્ગ ભંગ છે અને કાઉસ્સગ્ગ પ્રમાણ પુરૂ થયા પહેલા નમસ્કાર બોલે તો પણ ભંગ છે, માટે જેનું જે પ્રમાણ હોય, તે પૂર્ણ થયા પછી જ "નમો અરિહંતાણં" કહીને કાઉસ્સગ્ગ પારવો.

બિલાડી, ઉંદર વિગેરે (સ્થાપનાજી) આગળથી જતા હોય અને આડ પડતી હોય ત્યારે આગળ બસે તો પણ ભંગ ન થાય. રાજસંભ્રમ કે ચોરસંભ્રમ થયો હોય ત્યારે, અસ્થાનમાં પણ નમસ્કાર ઉચ્ચારવા છતાં પણ કાયોત્સર્ગ ભંગ થતો નથી. તેમજ પોતાને કે બીજા સાધુ વિગેરેને સાપ કરડે ત્યારે અચાનક બોલવાથી ભંગ થતો નથી. (૨૬૨)

૬. ગૃહસ્થના પ્રતિક્રમણના ૧૨૪ અતિચાર :

પણ સંલેહણ પન્નરસ કમ્મ નાણાઇ અટ્ઠ પત્તેયં ।
બારસ તવ વિરિયતિગં પણ સમ્મ વયાઇં પત્તેયં ॥ ૨૬૩ ॥

પાંચ સંલેખનાનાં, પંદર કર્માદાનનાં, જ્ઞાનાચારાદિ ત્રણુના આઠ આઠ, બાર તપાચારના, ત્રણ વીર્યાચારના, પાંચ સમકિતના તથા બાર વ્રતના દરેકના પાંચ-પાંચ એમ કુલ ૧૨૪ અતિચાર થાય.

સંલેખનાના પાંચ અતિચારો છે. કર્માદાનના પંદર અતિચારો, જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચારના આઠ આઠ અતિચારો એટલે ૨૪ અતિચારો, તપાચારના ૧૨ અતિચારો, વીર્યાચારના મન, વચન, કાયાના વીર્યરૂપ ત્રણ અતિચારો, સમ્યક્ત્વના પાંચ અતિચાર અને અણુવ્રત વિગેરે બાર વ્રતોના દરેકના પાંચ-પાંચ અતિચાર તેથી બાર વ્રતના ૬૦ અતિચાર મળી-આ બધાયના ૧૨૪ અતિચારો થયા. (૨૬૩)

સંલેખનાના અતિચાર :-

ઇહપરલોયાસંસપ્પઓગ મરણં ચ જીવિઆશંસા ।
કામે ભોગે ચ તહા મરણંતે પંચ અઇઆરા ॥ ૨૬૪ ॥

ઇહલોકાશંસપ્રયોગ, પરલોકાશંસપ્રયોગ, મરણાશંસપ્રયોગ, જીવિતાશંસપ્રયોગ, કામભોગાશંસપ્રયોગ-આ મરણ વખતના પાંચ અતિચારો છે.

આ બધા અતિચારો ક્રમશઃ ગ્રંથકાર વર્ણવે છે. આશંસા એટલે અભિલાષા-ઇચ્છા. તેનો જે પ્રયોગ એટલે વ્યાપાર અથવા કરણ તે આશંસા પ્રયોગ અથવા આશંસા એ જ વ્યાપાર છે તે આશંસાપ્રયોગ.

ઇહલોકાશંસપ્રયોગ :-

ઇહલોક એટલે પ્રજ્ઞાપક મનુષ્યની અપેક્ષાએ જે મનુષ્યપર્યાયમાં વર્તે છે, તે જીવો એટલે મનુષ્યરૂપે જે રહેલ લોક તે ઇહલોક. તે ઇહલોક સિવાયનો જે લોક તે પરલોક તે ઇહલોકની જે ઇચ્છા તે ઇહલોકાશંસાપ્રયોગ. તે આ પ્રમાણે-

આ આરાધના વિગેરે કષ્ટ દ્વારા મરીને હું મદોન્મસ્ત હાથી, ઊંચા ઘોડાની સેંકડો હારથી શોભતી, અદ્વિતીય સુવર્ણ, રત્ન, ઊંચા મણી વિગેરે મહાસમૃદ્ધિના સમૂહથી કુબેરના ભંડારને જીતનાર એવા ભંડારવાળો રાજા થાઉં અથવા વિશુદ્ધ બુદ્ધિમાન મંત્રી અથવા મોટો-માણસ કે શેઠ થાઉં-એવી સમૃદ્ધિની ઇચ્છા.

૨. પરલોકાશંસપ્રયોગ–સુંદર સ્ત્રીના ચક્ષુરૂપી કમળ વડે પીવાતા સુંદર લાવણ્યમય પુન્યામૃતવાળો ઈન્દ્ર કે દેવ થાઉં—એવી જે ઇચ્છા.

૩. મરણાશંસપ્રયોગ–મરણની ઈચ્છા. કોઈક તુચ્છ ક્ષેત્રમાં અનશન સ્વીકાર્યું હોય અને ત્યાં લોકોએ પ્રભાવક પૂજા વિગેરેના અભાવથી અથવા ગાઢ રોગની પીડા સહન ન થતાં, જો હું ઝટ મરું તો સારું–એવી જે ઈચ્છા.

૪. જીવિતાશંસપ્રયોગ–વધારે જીવવાની ઈચ્છા. કોઇકે અનશન કર્યું હોય અને તેને કપૂર, ચંદન, વસ્ત્ર, માલા, બરાશ વિગેરેથી થતી વિશિષ્ટ સેવા–પૂજા જોઈને, ઘણો પરિવાર જોવાથી સતત રાગની વૃદ્ધિ તથા ઘણા લોકો વડે આ ધન્ય છે, પુણ્યવાન્ છે વિગેરે પ્રશંસા સાંભળવાથી તથા સંઘ વિગેરે ધર્મી લોકોની પ્રશંસાથી, એમ માને કે મેં અનશન સ્વીકાર્યું હોવા છતાં પણ "હું ઘણું જીવું તો સારું." કેમકે મારા કારણે આટલી શાસન–પ્રભાવના તથા વિભૂતિ થાય છે.

૫. કામભોગાશંસપ્રયોગ–કામ એટલે શબ્દ અને રૂપ. ભોગ એટલે ગંધ, રસ અને સ્પર્શ, તેની ઈચ્છા. જેમ આ કષ્ટ કે આરાધના વિધિ વડે મને જન્માંતરમાં વિશિષ્ટ કામભોગો પ્રાપ્ત થાય તો સારું વિગેરે વિકલ્પરૂપ આશંસા તે કામભોગાશંસા.

આ મરણાંત સમયના પાંચ અતિચારો છે. આ અતિચારોથી સિદ્ધાંતમાં કહેલ વિધિ પ્રમાણે કરેલ આરાધના પણ દૂષિત થાય છે. માટે આવા પ્રકારની આશંસા કરવી નહીં. કહ્યું છે કે,

નિઃસ્પૃહી મુનિ મોક્ષ અને સંસાર વિષે બન્નેમાં નિઃસ્પૃહ હોય છે. માટે આશંસાથી રહિતપણે અનુષ્ઠાન આચરવા જોઈએ. (૨૬૪)

પંદર કર્માદાનના અતિચાર :–

भाडी फोडी साडी वणअंगारस्सरुवकम्माइं ।
वाणिज्जाणि अ विसलक्खदंतरसकेस विसयाणि ॥ २६५ ॥
दवदाण जंतवाहण निल्लंछण असइपोससहियाणि ।
सजलासयसोसाणि अ कम्माइँ हवंति पन्नरस ॥ २६६ ॥

ભાડીકર્મ, ફોડીકર્મ, સાડીકર્મ, વનકર્મ, અંગારકર્મ–એ પાંચ કર્માદાન. વિષવાણિજ્ય, લાખવાણિજ્ય, દંતવાણિજ્ય, રસવાણિજ્ય અને કેશવાણિજ્ય–એ પાંચ વાણીજ્ય. દવદાનકર્મ, યંત્રવાહનકર્મ, નિર્લાંછનકર્મ, અસતિપોષણકર્મ, જલાશય-શોષકર્મ–એ પાંચ સામાન્યકર્મ એમ પંદર કર્માદાનો છે.

પાંચકર્મ :-

૧. ભાટકકર્મ :-જે પોતાના ગાડા વિગેરે વડે બીજાના સામાનને ભાડે ફેરવે અથવા બીજાને ગાડા, બળદ વિગેરે ભાડે આપે તે ભાટકકર્મ. કહ્યું છે કે,

પોતાના સાધન વડે બીજાનો સામાન ભાડે ફેરવે કે બીજાને બળદ વિગેરે ભાડે આપે તે ભાટકકર્મ કહેવાય.

૨. સ્ફોટકકર્મ :-વાવ, કૂવો, તળાવ વિગેરે ખોદાવવા કે હળ, કોદાળા વિગેરે ભૂમિ ખોદાવવી, પત્થર તોડાવવા અને ઘઉં, જવ વિગેરે અનાજને દળાવવા વિગેરે દ્વારા આજીવિકા ચલાવવી તે સ્ફોટકકર્મ. કહ્યું છે કે,

જવ, ચણા, ઘઉં, મગ, અડદ, કરડી વિગેરે અનાજના સક્થુ, દાળ, કણકી, તંદુલ વિગેરે રૂપે કરવા તે સ્ફોટકકર્મ અથવા હળ વડે જમીન ખોદવી (ખેડવી), કૂવા વિગેરેનાં કાર્ય ઊંડા કરાવવા, ખોદાવવા તથા પથ્થર તોડાવવા વિગેરે પણ સ્ફોટકકર્મ છે.

૩. શકટકર્મ :- ગાડા કે ગાડાના જે અંગો, ચક્ર, ધૂંસરી વિગેરેને જાતે કે બીજા પાસે આજીવિકા માટે તૈયાર કરી, કરાવી વેચે અથવા ફેરવે તે શકટકર્મ. કહ્યું છે કે,

ગાડા કે તેના અવયવોને ઘડાવવા અથવા ફેરવવા કે વેચવા તે શકટજીવિકા કહી છે.

૪. વનકર્મ :-કપાયેલ કે ન કપાયેલ ઝાડના પાંદડા, ફૂલો, ફળો વિગેરે અવયવોને આજીવિકા માટે જે વેચે, તે વનકર્મ.

અહિં જે મગ વિગેરેના દાણાને ઘંટી વિગેરેથી બે ભાગરૂપ દાળ વિગેરે કરાય છે અને ઘઉં વિગેરેને ઘંટી કે પત્થર વિગેરેથી ચૂરણ કરવા રૂપ જે લોટ કરાય છે તે સ્ફોટકકર્મ કહ્યું છે પણ તેને કેટલાક આચાર્યો વનકર્મરૂપે માને છે. કહ્યું છે કે,

છેદેલ કે ન છેદેલ વનસ્પતિના પાંદડા, ફૂલ, ફળ વિગેરેને વેચવારૂપ તથા દાણાને દળવા, પીસવારૂપ આજીવિકા ચલાવવી તે વનકર્મ.

૫. અંગારકર્મ :-અંગારા (કોલસા) કરી વેચવા તે અંગારકર્મ. ઉપલક્ષણથી બીજું જે કંઈ અગ્નિના સમારંભપૂર્વક ઈંટ, માટીના વાસણો પકાવવા, ભાડભુંજા વિગેરેના કાર્ય કરવા વડે જે જીવે તે પણ અંગારકર્મ. કહ્યું છે કે,

કોલસા વેચવા, ઈંટો પકાવવી, કુંભાર, લુહાર, સોની, ભાડભુંજા વિગેરેના કર્મો તે અંગારકર્મ છે. જેણે કર્માદાનનું પચ્ચક્ખાણ કર્યું હોય, તેને અનાભોગથી આ કર્મોમાં પ્રવૃત્તિ થઈ જાય, તો અતિચાર થાય છે. એ પ્રમાણે પાંચ વાણિજ્યના અતિચારમાં તથા પાંચ સામાન્યના અતિચારમાં પણ સમજવું.

પાંચ વાણિજ્ય :-

વિષ, લાખ, દંત, રસ, કેશરૂપ. પાંચ પ્રકારના દ્રવ્યો વેચવા-ખરીદવા તે પાંચ વાણિજ્ય છે.

૧ વિષવાણિજ્ય :–શીંગ વિગેરે ઝેર તથા ઉપલક્ષણથી જીવઘાતના કારણરૂપ અસ્ત્ર-શસ્ત્ર વિગેરે વેચવું તે વિષવાણિજ્ય. કહ્યું છે કે,

ઝેર, લોખંડ, પ્રાણનાશક વસ્તુઓ તથા ધનુષ, બાણ, તલવાર, છરી, કુહાડી, કોદાળી વિગેરેને વેચવું તે વિષવાણિજ્ય.

૨ લાખવાણિજ્ય :–ઘણા જીવોના સ્થાનરૂપ લાખ વિગેરેનું વેચાણ તે લાખ–વાણિજ્ય. કહ્યું છે કે,

લાખ, ધાતકી, ગળી, મનઃશીલ, હડતાલ, વજ્રલેપ, તુરીકુટ વિગેરેને વેચવું તે લાખવાણિજ્ય.

૩ દંતવાણિજ્ય :–પહેલેથી જ જે વ્યાપાર માટે ભીલ વિગેરેને હાથીદાંત શંખ, પૂતિશ, ચામડું, બાલ વિગેરે લાવવા માટે કિંમત–ભાડું આપે અથવા બાણ પર જઇને જાતે ખરીદે, અથવા જંગલ વિગેરેમાં હાથી વિગેરેને દાંત માટે હણે અને તેને વેચવાપૂર્વક આજીવિકા ચલાવે તે દંતવાણિજ્ય. કહ્યું છે કે,

નખ, દાંત, ચામર, બાલ, ભેરી, કોડા, છીપલી, શંખ, કસ્તુરી, પૂતિ વિગેરે વેચવા તે દંતવાણિજ્ય.

૪ રસવાણિજ્ય :– દારૂ વિગેરે વેચવું તે રસવાણિજ્ય. કહ્યું છે કે,

મધ, દારૂ, માંસ, માખણરૂપ ચાર મહા વિગઈ તથા દૂધ, તેલ, ઘી, દહીં વિગેરેનું જે વેચાણ, તે રસવાણિજ્ય.

૫ કેશવાણિજ્ય :– દાસી, દાસ, હાથી, ઘોડા, ગાય, ઊંટ, ભેંસ, બકરી વિગેરે જીવો દ્વારા આજીવિકા ચલાવે અથવા બીજે વેચે તે કેશવાણિજ્ય. કહ્યું છે કે,

મનુષ્યોને કે ગાય, ઘોડા, ગધેડા વિગેરે તિર્યંચોને આ દેશમાં અથવા પરદેશમાં વેચવું તે કેશવાણિજ્ય કહેવાય. સજીવનું જે વેચાણ તે કેશવાણિજ્ય અને અજીવ એવા પ્રાણીના અંગોનું વેચાણ તે દંતવાણિજ્ય કહેવાય.

પાંચ સામાન્ય :–

દવદાન, યંત્રવાહન, નિર્લાંછન, અસતિપોષણ તથા જલાશયશોષણ–આ પાંચ સામાન્ય છે.

૧ દવદાન : ઘાસ વિગેરેને બાળવા માટે દવ આપવો, તે દવદાન. તે બે પ્રકારે છે.

૧ વ્યસનથી એટલે ફળ નિરપેક્ષ પ્રવૃત્તિરૂપ. જેમ વનેચર ભીલો નિષ્કારણ ઘાસમાં અગ્નિ સળગાવે છે તે.

૨ પુણ્ય બુદ્ધિથી સળગાવે. જેમ મારા મરણ વખતે મારા કલ્યાણ માટે આટલા ધર્મદિપોત્સવ કરવા.

જુનું ઘાસ બળી જાય તો નવું ઘાસ ઉગે તેથી ગાયો ચરે–એમ માની અથવા અનાજ ઉગાડવા માટે ખેતરમાં અગ્નિ સળગાવે તે પણ દવદાન છે. કહ્યું છે કે,

જંગલમાં અગ્નિ આપવો એ જીવ–વધનું કારણ છે.

૨ યંત્ર વાહન :– તલ, શેરડી, સરસવ, એરંડા વિગેરે પીલવા માટે તે તે ઘાણી વિગેરે યંત્રોનો અને રેંટ વિગેરે પાણી કાઢવાના યંત્રોને ચલાવવારૂપ વ્યાપાર, દાળ વિગેરે વાટવાનો પત્થર, મુશલ, ખાંડણી, દસ્તો વિગેરેને વેચવા અથવા યંત્ર ચલાવવા તે યંત્ર પીલણકર્મ. કહ્યું છે કે,

ચટણી વિગેરે વાટવાનો પત્થર, અનાજ વિગેરે ખાંડવાની ખાંડણી, મુશલ, રેંટ, કંકટ વિગેરેને વેચવા તેમ જ શેરડી, તલ પીલવા તે યંત્રપીલણ કહેવાય.

પીલવાના તલ તથા શેરડીમાં રહેલ જીવનો વધ થતો હોવાથી સદોષ છે.

લૌકિક શાસ્ત્રમાં કહ્યું છે કે,

ચૂલા, ઘંટી વિગેરેના વ્યાપારવાળાથી દશ ગણો પાપી તેલની ઘંટી ચલાવનારો છે. તેલની ઘાણીવાળાથી દશ ગણો દારૂ બનાવનાર કે વેચનાર છે. દારૂ વેચનાર કરતા દશ ગણી પાપી વેશ્યા છે. દશ વેશ્યાના પાપ જેટલો એક રાજા પાપનો ભાગી છે.

૩ નિર્લાંછનકર્મ :– હંમેશ માટેનું જે અંગ, અવયવ છેદનરૂપ લાંછન–ચિહ્ન તે નિર્લાંછનકર્મ. તેના વડે આજીવિકા તે નિર્લાંછનકર્મ. ગાય, બેંસ, ઊંટ વિગેરેના નાકને વિંધવું. ગાય, બળદ વિગેરેને ચિન્હ કરવા કે તેઓને ખસી કરવી, ઊંટ વિગેરેની પીઠ ગાળવી, ગાયના કાન, ગલાની ગોદડી વિગેરે કાપવા. તે નિર્લાંછનકર્મ. કહ્યુંછે કે,

નાક વિંધવું, ચિન્હ કરવું, ખસી કરવી, પીઠ ગાળવી, કાન, ગોદડી કાપવા તે નિર્લાંછનકર્મ છે.

૪ અસતિપોષણ :– અસતિ એટલે દુઃશીલ સ્ત્રીઓને, દાસી, ગણિકા વિગેરેને પોષવું તે અસતિપોષણ. ઉપલક્ષણથી પોપટ, કૂતરા વિગેરેને પોષવું તે અસતિ–પોષણ કહેવાય. કહ્યું છે કે,

બિલાડા, મોર, વાંદરા, કૂકડા, પોપટ, કૂતરા વિગેરે, વેશ્યા વિગેરે ખરાબ સ્ત્રીઓ, નપુંસકો વિગેરેનું પોષણ તે અસતિપોષણ કહેવાય. એમનું જે પોષવું તે પાપનું કારણ છે.

૫ જલાશય શોષણ :–

સરોવર વિગેરેને શોષાવવા. તે જલાશયશોષણ. કહ્યું છે કે, સરોવર, તળાવ, દ્રહ વિગેરેનું શોષણ ઘણા જળચર જીવોનો નાશ કરનાર છે.

આ પંદરે કર્માદાનો ષડ્ જીવ–નિકાયના વધ વિગેરે મહાસાવદ્યનું કારણ હોવાથી નિષેધ કરેલ છે. માટે છોડવા યોગ્ય છે. ઉપલક્ષણથી આવા પ્રકારના બહુ સાવદ્ય કર્મો ફરી ગણતા નથી. પણ સમજી લેવું.

જ્ઞાન, દર્શન, ચારિત્રના દરેકના આઠ–આઠ મલિનતારૂપ અતિચારો છે. અને તે અતિચારો તેના પ્રતિપક્ષી એવા આચારો જાણવાથી સુગમ્ય થાય છે. માટે જ્ઞાનાચાર વિગેરે કહે છે. (૨૬૫–૨૬૬)

જ્ઞાનાચારનાં અતિચાર :–

काले विणए बहुमाणोवहाणे तहा अनिण्हवणे ।
वंजण अत्थ तदुभए अट्ठविहो नाणमायारो ॥ २६७ ॥

કાળ, વિનય, બહુમાન, ઉપધાન, અનિન્હવણ, વ્યંજન, અર્થ અને તદુભય–એમ આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે.

૧ "કાળ" વિષયક જ્ઞાનાચાર–અંગપ્રવિષ્ટ વિગેરે સૂત્રોનો જે કાળે સ્વાધ્યાય કહ્યો હોય, તે કાળે જ સ્વાધ્યાય કરવો. બીજા સમયે કરવાથી વિઘ્ન આવવાનો સંભવ છે. લોકવ્યવહારમાં પણ દેખાય છે, કે કાળે કરેલ ખેતી વિગેરે ફળદાયી થાય છે. અકાળે કરેલ ખેતી વિગેરે નિષ્ફળ જાય છે. કહ્યું છે કે,

કાળે કરેલ ખેતી ઘણી ફળદાયી થાય છે. તેમ સર્વ ક્રિયાઓ એના–એના સમયે કરેલ હોય, તો ફળદાયી થાય છે. એમ જાણવું.

૨ વિનય જ્ઞાનાચાર :– જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો (પુસ્તક) વિગેરેનો ભક્તિરૂપ વિનય કરવો. જેમ કે આસન આપવું, આજ્ઞા માંગીને વિનયપૂર્વક ભણવું, પણ 'આસન આપવું નહિ' વિગેરે અવિનયપૂર્વક નહીં.

૩ બહુમાન જ્ઞાનાચાર :– પ્રીતિ=આંતરિકચિત્તપ્રસન્નતાપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. અબહુમાનપૂર્વક નહીં.

૪ ઉપધાન જ્ઞાનાચાર :– જે તપની નજીકમાં સૂત્ર વિગેરે ધારણ કરાય તે ઉપધાન. ઉપધાન એ વિશિષ્ટ તપ છે. જે સૂત્ર, અધ્યયન, ઉદ્દેશા વિગેરેનો જે તપ કહ્યો હોય, તે તપ કરવાપૂર્વક તે સૂત્ર વિગેરે ભણવું, તે ઉપધાન. ઉપધાન વગર ભણવું નહીં.

૫. અનિન્હવણ જ્ઞાનાચાર :– અપલાપ કરવો, છુપાવવું તે નિન્હવણ. અપલાપ કરવો નહીં તે અનિન્હવણ. અનિન્હવણતાપૂર્વક સૂત્ર વિગેરેનો પાઠ કરવો જોઈએ. પણ અભિમાન વશ થઈ, પોતાની લઘુતાની બીકથી શ્રુતદાતા ગુરુ કે શ્રુતનો અપલાપ ન કરવો.

૬,૭,૮. વ્યંજન, અર્થ, તદુભય જ્ઞાનાચાર :– વ્યંજન એટલે 'ક' વિગેરે અક્ષરો. અર્થ એટલે અભિધેય અને અક્ષર અર્થ બન્ને તદુભય. આ ત્રણે બાબતમાં સમ્યગ ઉપયોગપૂર્વક સૂત્ર, અર્થ અને તદુભય બોલવા. ગમે તેમ નહીં. વ્યંજન ગ્રહણ

વડે ઉપલક્ષણથી સ્વરો પણ જાણવા. એમ આઠ પ્રકારનો જ્ઞાન એટલે શ્રુતજ્ઞાનનો આચાર એટલે જ્ઞાનારાધનમાં તત્પર આત્માનો વ્યવહાર જાણવો. (૨૬૭)

દર્શનાચારનાં અતિચાર :-

निस्संकिय निक्कंखिय निव्वितिगिच्छा अमूढ दिट्ठीय ।
उववूह थिरीकरणे वच्छल्ल पभावणे अट्ठ ॥ २६८ ॥

નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, પ્રભાવના-આ આઠ દર્શનાચારનાં આચારો છે.

દર્શનાચારના ભેદો કહેવાય છે.

૧ શંકિત:-એટલે શંકા-સંદેહ. તેનો જે અભાવ તે નિઃશંકિતપણું. (ધર્મ પ્રત્યે શંકા વિના રહેવું).

૨ કાંક્ષિત :-એટલે કાંક્ષા-બીજા બીજા ધર્મોની ઇચ્છા. તે ઇચ્છાનો અભાવ તે નિષ્કાંક્ષિત. (અન્ય ધર્મની ઇચ્છા ન રાખવી).

૩ વિચિકિત્સા :-એટલે મતિવિભ્રમ. યુક્તિ અને આગમથી સિદ્ધ થયેલા અર્થમાં ફળ બાબત શંકા રાખવી તે. તેનો અભાવ તે નિર્વિચિકિત્સા અથવા વિદ્વદ્જુગુપ્સા એટલે વિદ્વાન્ એવા સાધુની ' આ લોકો મલથી મલિન છે ' વિગેરે કહેવાપૂર્વક જુગુપ્સા કરવી તે વિદ્વદ્જુગુપ્સા. તેનો અભાવ તે નિર્વિદ્વદ્જુગુપ્સા.

૪ અમૂઢદૃષ્ટિ :-કુતીર્થિઓનો તપ, વિદ્યા, અતિશય વિગેરે ઋદ્ધિ જોવા છતાં પણ મુંઝાય નહીં તે અમૂઢ અને સ્વભાવથી નિશ્ચલ જે દૃષ્ટિ તે સમ્યગ્દર્શન-તે જ અમૂઢદૃષ્ટિ.

શંકા વિગેરેમાંથી નીકળી ગયેલા જે જીવો તે પણ નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સિત તથા અમૂઢદૃષ્ટિ કહેવાય. અને એ ધર્મ અને ધર્મીનો અભેદ ઉપચારથી દર્શનાચારના ભેદ પણ થાય.

૫ ઉપબૃંહણ :-ઉપબૃંહા એટલે સાધર્મિકોના તપ, વૈયાવચ્ચ વિગેરે સદ્ગુણોની પ્રશંસા દ્વારા તે તે ગુણોમાં વધારવા તે.

૬ સ્થિરીકરણ :-ધર્મમાં સિદાતા જીવોને સુંદર વચનની ચતુરાઈથી ફરી સ્થાપન કરવા તે સ્થિરીકરણ.

૭ વાત્સલ્ય :-એક જ દેવ-ગુરુ-ધર્મને માનનારા સાધર્મિકનું ભોજન, વસ્ત્ર વિગેરેના દાન દ્વારા સન્માનપૂર્વક ઉપકાર કરવો તે વાત્સલ્ય.

૮ પ્રભાવના :-ધર્મકથા, પ્રતિવાદીનો જય. દુષ્કર તપારાધનાદિ કરવા વડે જિન પ્રવચન પ્રકાશિત કરવું. જો કે પ્રવચન પોતે સ્વયં શાશ્વત છે. તીર્થંકર ભગ-

વંતોએ કહેલ છે. સુરાસુરથી પૂજિત હોવાથી સ્વયં જ પ્રભાવિક છે, છતાં પણ પોતાની દર્શનશુદ્ધિની ઇચ્છાવાળા પોતાનામાં જે ગુણો અધિક હોય, તે ગુણ વડે પ્રવચનની આર્ય વજ્રસ્વામી વિગેરેની જેમ પ્રભાવના કરે. આ પ્રમાણે દર્શનાચારના આઠ આચારો છે. (૨૬૮)

ચારિત્રાચારનાં અતિચાર :–

પણિહાણ જોગજુત્તો પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં ।
ચરણાયારો ત્વિરીયાઈ તિણ્હંપિ અઇયારા ॥ ૨૬૯ ॥

પ્રણિધાનયોગપૂર્વક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી ચારિત્રાચાર થાય છે. આનાથી વિપરીત આચરણ–એ તેનાં અતિચારો જાણવા.

પ્રણિધાન એટલે ચિત્ત સ્વસ્થતા. યોગ એટલે મન–વચન–કાયાનો વ્યાપાર. ચિત્ત સ્વસ્થતાપૂર્વક મન–વચન–કાયાનો જે વ્યાપાર તે પ્રણિધાનયોગ. તેનાથી યુક્ત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું જે પાલન થાય, તે ચારિત્રાચાર. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના વિષયમાં પ્રણિધાન યોગયુક્ત જે આચાર તે ચારિત્રાચાર. તે આચાર અને આચારવાન્‌નો અભેદ ઉપચાર જાણવો.

આ જ્ઞાનાચાર વિગેરે ત્રણેના આચારોથી વિપરીત અકાલ, અવિનય વિગેરેમાં, શંકા વિગેરેમાં, અપ્રણિધાનરૂપ સમિતિ વિગેરેમાં અતિચારો લાગે છે. અતિચાર એટલે ચિત્ત મલીનતા. (૨૬૯)

તપાચારનાં અતિચાર :–

અણસણમૂણોઅરિઆ વિત્તીસંખેવણં રસચ્ચાઓ ।
કાયકિલેસો સંલીણયા ય બજ્ઝો તવો હોઇ ॥ ૨૭૦ ॥

પાયચ્છિત્તં વિણઓ વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ ।
ઝાણં ઉસ્સગ્ગોઽવિ ય અબ્ભિંતરઓ તવો હોઇ ॥ ૨૭૧ ॥

સમ્મમકરણે બારસ તવાઇયારા તિગં તુ વિરિઅસ્સ ।
મણવયકાયા પાવપઉત્તા વિરિયતિગઅઇયારા ॥ ૨૭૨ ॥

અણસણ, ઉનોદરિ, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા–આ બાહ્યતપ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ–એ અભ્યંતરતપ છે. આ બાર પ્રકારનો તપાચાર, સારી રીતે ન કરે, તો બાર પ્રકારના અતિચાર છે.

વીર્યાચાર ત્રણ પ્રકારનો છે. મન-વચન-કાયાના યોગો પાપ પ્રયોગમાં હોય તો વીર્યાચારના ત્રણ અતિચારો થાય છે. (૨૭૦-૨૭૨)

બાહ્યતપ

૧. **અનશન** :-ખાવું તે અશન અને ન ખાવું તે અનશન. જેમાં આહાર નથી તે અનશન. આહાર ત્યાગરૂપ કહેવાય છે. તે અનશન ઇત્વરકથિક અને યાવત્કથિક-એમ બે પ્રકારે છે.

ઇત્વર એટલે થોડા કાળનું. તે વીરશાસનમાં નવકારશીથી લઇ છ મહિના સુધીનું છે. ઋષભદેવના તીર્થમાં એક વર્ષ પર્યંત અને મધ્યના તીર્થંકરના તીર્થમાં આઠ મહિના સુધીનું અનશન છે.

યાવત્કથિક અનશન જીંદગી પર્યંતનું હોય છે. તે ક્રિયા, ભેદ, ઉપાધિ વિશેષથી ત્રણ પ્રકારે છે. જેમ પાદપોપગમન, ઇંગિતમરણ અને ભક્તપરિજ્ઞા-આ ત્રણેનું સ્વરૂપ ૧૫૭ મા દ્વારથી જાણવું.

૨. **ઉનોદરિકા** :-ઉન એટલે ઓછું. ઉદર એટલે પેટ. ભૂખ કરતાં ઓછું ખાવું તે ઉનોદરિકા. તે ઉણોદરી બે પ્રકારે છે. દ્રવ્યથી અને ભાવથી ઉપકરણ, ભોજન, પાણી વિષયક-એમ દ્રવ્યઉનોદરી ત્રણ પ્રકારની છે.

ઉપકરણ વિષયક ઉણોદરી જિનકલ્પી વિગેરે તેમ જ જિનકલ્પ વિગેરેનો અભ્યાસ કરનારાને જાણવી. બીજાઓને તો ઉપધિના અભાવે સમ્યગ્ સંયમનું પાલન થતું નથી. પરંતુ સ્થવિર કલ્પીઓએ વધારાના ઉપકરણ ન લેવા તે તેમના માટે ઉપકરણ ઉનોદરીકા છે. કહ્યું છે કે,

જે સંયમમાં ઉપકાર કરે તે ઉપકરણ કહેવાય. વધારાના ઉપકરણને અજયણાવાળો સાધુ વાપરે તો તે અધિકરણ કહેવાય.

ભોજન-પાણીની ઉણોદરીકા પોતાના આહારના પ્રમાણથી ન્યૂન જાણવી. આહાર પ્રમાણ આ પ્રમાણે જાણવું. પુરુષ માટે બત્રીસ કોળીયા આહાર અને સ્ત્રી માટે અટ્ઠાવીસ કોળીયા આહાર તૃપ્તિ માટે પૂરો છે. કોળીયાનું પ્રમાણ કુકડીના ઇંડા પ્રમાણ જાણવું. જે મોઢામાં નાખવાથી મોઢું વિકૃત થાય નહિ.

તે ઉણોદરીકા અલ્પાહાર વિગેરે ભેદથી પાંચ પ્રકારે હોય છે. એક કોળીયાથી આઠ કોળીયા સુધી અલ્પાહાર કહેવાય. આમાં એક કોળીયા પ્રમાણ જઘન્ય અલ્પાહાર. બે થી સાત કોળીયા મધ્યમ અલ્પાહાર અને આઠ કોળીયા પ્રમાણ આહાર એ ઉત્કૃષ્ટ અલ્પાહાર.

નવ કોળીયા જઘન્ય અપાર્ધ ઉનોદરીકા, ૧૦ થી ૧૧ કોળીયા મધ્યમ અપાર્ધ અને ૧૨ કોળીયા પ્રમાણ ઉત્કૃષ્ટ અપાર્ધ ઉણોદરીકા.

૧૩ કોળીયા જઘન્ય દ્વિભાગ ઉણોદરીકા, ૧૬ કોળીયા પ્રમાણ ઉત્કૃષ્ટ દ્વિભાગ ઉણોદરીકા અને વચ્ચેના કોળીયા મધ્યમ દ્વિભાગ ઉણોદરીકા જાણવી.

૧૭ કોળીયા પ્રમાણ જઘન્ય પ્રાપ્તોનોદરીકા, ૨૪ કોળીયા પ્રમાણ ઉત્કૃષ્ટ પ્રાપ્તોનોદરીકા, વચ્ચે મધ્યમ પ્રાપ્તોનોદરીકા.

૨૫ કોળીયા પ્રમાણ જઘન્ય કિંચિત્ ઉણોદરીકા, ૩૧ કોળીયા પ્રમાણ ઉત્કૃષ્ટ કિંચિત્ ઉણોદરીકા, વચ્ચેના કોળીયા મધ્યમ કિંચિત્ ઉણોદરીકા. એ પ્રમાણે પાણીમાં પણ ઉણોદરીકા જાણવી. પુરુષાનુસારે સ્ત્રીઓને પણ જાણવી.

ક્રોધાદિનો પરિહાર તે ભાવ–ઉનોદરીકા. કહ્યું છે કે,

જિનવચનની ભાવનાનુસારે ક્રોધ વિગેરેનો જે ત્યાગ, તે ભાવઉણોદરીકા વીતરાગ ભગવંતે કહી છે.

૩. **વૃત્તિસંક્ષેપ** :–જેના વડે જીવાય તે વૃત્તિ. વૃત્તિ એટલેભોજનની સામગ્રી, તેનો સંક્ષેપ તે વૃત્તિસંક્ષેપ. તે ગોચરીના અભિગ્રહરૂપે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી –એમ ચાર પ્રકારે છે.

૧. **દ્રવ્યથી** :–મારે આજે ભિક્ષામાં ભાલાની અણી પર રહેલા સ્નિગ્ધ માંડા વિગેરે ગ્રહણ કરવા.

૨. **ક્ષેત્રથી** :–એક, બે, ત્રણ વિગેરે ઘરે જવું. પોતાના જ ગામમાં કે બહારના ગામમાંથી ગોચરી લેવી, પેટા, અર્ધપેટા વિગેરેપૂર્વક ગોચરી લેવી. આપનાર એક પગ અંદર–એક પગ બહાર–એમ રાખીને આપે તો લેવી વિગેરે.

૩. **કાળથી** :–પૂર્વાહ્ન વિગેરે કાળમાં, બધા ભિક્ષુકો ભિક્ષા લઈ પાછા વળી જાય પછી, ભિક્ષા માટે ફરવું વિગેરે.

૪. **ભાવથી** :–હસતા–હસતા, ગાતા–ગાતા, રડતા–રડતા. વિગેરે ક્રિયા કરતા અથવા બંધાયેલો હોય અને ગોચરી આપતો હોય, તો હું ગ્રહણ કરીશ નહિતો નહિ. કહ્યું છે કે,

લેપકૃત અથવા અલેપકૃત ભિક્ષા લઇશ અથવા અમુક દ્રવ્ય લઈશ અથવા અમુક ચમચા કે વાટકી વડે દ્રવ્ય ગ્રહણ કરવું. એવો જે અભિગ્રહ એ પ્રમાણે દ્રવ્યાભિગ્રહ.

આઠ પ્રકારે ગોચરી ભૂમિ છે. પોતાના ગામમાં કે પરગામમાં કે આટલા ઘરોમાંથી ભિક્ષા લઇશ એ પ્રમાણે અભિગ્રહ કરે. ૧. [1]ઋજુગતિ, ૨. પ્રત્યાગતિ,

---

૧. **ઋજુગતિ** :–ઉપાશ્રયથી એક શ્રેણીમાં રહેલા ગૃહસ્થોનાં ઘરોમાં અનુક્રમે ભિક્ષા માટે ફરે અને એટલાં ઘરોમાં ભિક્ષા પૂર્ણ ન થાય, તો પણ પાછા ફરી બીજેથી લીધા વિના ઉપાશ્રયે જાય.

૨. **પ્રત્યાગતિ** :–ઉપરની જેમ એક શ્રેણીમાં ફરી પાછા ફરતાં બીજી શ્રેણીનાં ઘરોમાં પણ ભિક્ષા માટે ફરે.

૩. **ગોમૂત્રિકા** :–સામસામે રહેલાં ઘરોની બંને શ્રેણીમાં સામસામે રહેલા ઘરોમાં ભિક્ષા માટે ફરતો બંને શ્રેણીઓ પૂર્ણ કરે.



૩. ગોમૂત્રિકા, ૪. પતંગવિથિ, ૫. પેટા, ૬. અર્ધપેટા, ૭. અભ્યંતરસંબુકા, ૮. બાહ્ય સંબુકા–આ આઠ ગોચરી ભૂમિ છે. એ પ્રમાણે ક્ષેત્રાભિગ્રહ.

૧. ગોચરીના સમય પહેલા ગોચરી ફરવું અને જે મળે તે લેવું, તે આદિ. ૨. ભિક્ષા કાળે ગોચરી ફરી ભિક્ષા લેવી તે મધ્ય. ૩. ભિક્ષા કાળ પૂર્ણ થયા પછી ગોચરી જઇ જે મળે તે લેવું તે અંત.

---

૪. **પતંગવિથિ** :–પતંગની જેમ અનિયત ક્રમે જે તે ઘરોમાં ભિક્ષા માટે ફરે.

૫. **પેટા** :–પેટીની જેમ ચારે દિશામાં ચાર શ્રેણીઓ કલ્પી વચ્ચેનાં ઘરો છોડી ચારે દિશામાં કલ્પેલી ચારે શ્રેણીમાં ભિક્ષા માટે ફરે.

૬. **અર્ધપેટા** :–ઉપરની જેમ કલ્પના કરી પાસે રહેલ કોઇ પણ બે જ દિશામાં રહેલી શ્રેણીનાં ઘરોમાં ભિક્ષા માટે ફરે.

૭. **અભ્યંતરશમ્બૂકા** :–ગામના મધ્ય ભાગમાં રહેલા ઘરોથી ભિક્ષા શરૂ કરી, શંખના આવર્તની જેમ ગોળશ્રેણીમાં રહેલા ઘરોમાં ભિક્ષા માટે ફરતો છેવટે ગામનાં છેડે નીકળે.

૮. **બાહ્યશમ્બૂકા** :–ઉપરથી ઉલટા ક્રમે એટલે ગામનાં છેડેથી ભિક્ષા શરૂ કરી શંખના આવર્તની જેમ ગોળ શ્રેણીમાં ફરતાં ગામનાં મધ્યે રહેલા ઘરોમાં ભિક્ષા માટે છેવટે ગામનાં છેડે નીકળે.

આપનાર અને લેનારને જરા પણ અપ્રીતિ ન થાઓ માટે અપ્રાપ્ત ભિક્ષાકાળ અને અંત ભિક્ષાકાળ છોડવો અને મધ્યનો ભિક્ષાકાળ લેવો તે કાળાભિગ્રહ.

ભિક્ષાનું સાધન ઉચકી ભિક્ષા માટે જે જનાર હોય, તે ઉત્ક્ષિપ્તચર કહેવાય એટલે ભિક્ષાચર. જે ભિક્ષાચર વિગેરે કોઇપણ ગાતા-ગાતા, કે રડતા-રડતા કે બેઠા -બેઠા પોતાના ભોજનમાંથી ભિક્ષા આપે તો ગ્રહણ કરવી તે ભાવાભિગ્રહ. દૂર ખસીને, નજીક આવીને, મુખ પાછળ કરીને, શરીરને શોભાવી કે શોભાવ્યા વિના અથવા બીજી કોઇપણ રીતે ભિક્ષા આપે તો ગ્રહણ કરવી, તે ભાવાભિગ્રહ છે.

૪. **રસત્યાગ** :-રસોનો એટલે રસવાળા દૂધ વિગેરે વિકારના કારણરૂપ હોવાથી તેનો ત્યાગ કરવો તે રસત્યાગ.

૫. **કાયક્લેશ** :-શાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે શરીરને જે કષ્ટ અપાય તે કાય-ક્લેશ. તે વીરાસન વિગેરે આસન કરવા દ્વારા, શરીરની વિભૂષાનો ત્યાગ કરીને અથવા વાળનો લોચ કરવો તે કાયક્લેશ. કહ્યું છે કે,

સંસાર-વાસ ઉપર નિર્વેદના કારણરૂપ વીરાસન, ઉત્કટુક-આસન, લોચ વિગેરે કાયક્લેશ જાણવા. વીરાસન વિગેરે કાયક્લેશ કરવાથી કાયનિરોધ, જીવોની દયા, પર-લોક-મતિ તથા બીજાઓને આદરભાવ થાય છે. અને લોચ કરાવવાથી નિઃસંગતા, પશ્ચાત કર્મ-પુરઃકર્મનો ત્યાગ, દુઃખ સહન, નરકાદિ ગતિની ભાવના અને નિર્વેદભાવ થાય છે.

૬. **સંલીનતા** :-સંલીનતા એટલે ગુપ્તતા. તે ઇન્દ્રિયવિષયક, કષાયવિષયક, યોગ-વિષયક, વિવિક્તશય્યા અને આસનવિષયક-એમ ચાર પ્રકારે છે. કહ્યું છે કે,

ઇન્દ્રિય, કષાય, યોગ તથા વિવિક્તચર્યારૂપ સંલીનતા વીતરાગ ભગવંતે જણાવી છે.

શ્રવણેન્દ્રિય વડે મધુર-કર્કશ વિગેરે શબ્દોમાં રાગ-દ્વેષ ન કરવા તે શ્રોત્રેન્દ્રિય સંલીનતા. કહ્યું છે કે.

સારા કે ખરાબ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ શ્રોત્ર વિગેરે ઇન્દ્રિયોને પ્રાપ્ત થાય ત્યારે સાધુએ હર્ષ કે શોક કરવો નહીં. આ ઇન્દ્રિય સંલીનતા છે.

ઉદયમાં ન આવેલાના ઉદયને રોકી અને ઉદયમાં આવેલાને નિષ્ફળ કરવા દ્વારા કષાય-સંલીનતા કરવી, કહ્યું છે કે,

ઉદયમાં ન આવેલ કષાયના ઉદયનો રોધ કરી અને ઉદયમાં આવેલ કષાયને નિષ્ફળ કરવો તે કષાયસંલીનતા છે.

અશુભ મન-વચન-કાયાના યોગનો રોધ કરી, શુભ મન-વચન-કાયાના યોગનું પ્રવર્ત્તન કરવું, તે યોગસંલીનતા છે. કહ્યું છે કે,

અપ્રશસ્ત યોગોનો નિરોધ અને પ્રશસ્ત યોગોની ઉદીરણા અને કાર્યમાં વિધિ-ગમન તે યોગસંલીનતા કહી છે.

સ્ત્રી, પશુ, નપુંસક વિગેરેથી રહિત બગીચા વિગેરે સ્થાનમાં જે રહેવું, તે વિવિક્ત શય્યાસનરૂપ સંલીનતા જાણવી મહર્ષિઓએ કહ્યું છે કે,

સ્ત્રી, પશુ, નપુંસક રહિત બગીચા, ઉદ્યાન વિગેરે સ્થાનમાં જે રહેવું, તે, તથા એષણીય ફલક વિગેરેને ગ્રહણ કરવા, તે વિવિક્ત શય્યાસનરૂપ સંલીનતા જાણવી.

આ અનશન વિગેરે ૭ એ બાહ્યતપ કહેવાય છે. એ તપની બાહ્યતા બાહ્ય દ્રવ્યની અપેક્ષાથી છે. તથા પ્રાયઃ કરી શરીરના બાહ્ય ભાગને તપાવનાર હોવાથી લૌકિકો પણ તપરૂપે સ્વીકારે છે અને અન્ય દર્શનીઓ પણ સ્વૈચ્છિકપણે તપરૂપે સેવતા હોવાથી બાહ્યતપ કહેવાય છે.

અભ્યંતરતપ

૧. **પ્રાયશ્ચિત્ત** :–ચિત્ત એટલે જીવ, પ્રાયઃ એટલે બહુલતા. જીવને લગભગ નિર્મલ કરે તે પ્રાયશ્ચિત્ત. મૂળગુણ, ઉત્તરગુણ વિષયક અતિચારોથી ઉત્પન્ન થયેલ કર્મ-રૂપી મેલને સાફ કરનાર તે પ્રાયશ્ચિત્ત. તેના આલોચના વિગેરે દશ પ્રકાર છે. કહ્યું છે કે,

આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, કાયોત્સર્ગ, તપ, છેદ, મૂળ, અનવસ્થાપ્ય અને પારાંચિત–એ દશ પ્રકારે પ્રાયશ્ચિત્ત છે. (આ દશ પ્રાયશ્ચિત્તનું વર્ણન અદ્ધાણુમાં દ્વારમાં વિસ્તારથી કહેવાશે.

૨. **વિનય** :–જેના વડે આઠે પ્રકારના કર્મો દૂર કરાય તે વિનય. તે જ્ઞાન, દર્શન વિગેરે ભેદોથી સાત પ્રકારે છે. તે આ પ્રમાણે–જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન, કાય તથા ઉપચારવિનય.

જ્ઞાનવિનય–મતિજ્ઞાન વિગેરેની સદ્ગહણારૂપ પાંચ પ્રકારે છે. ભક્તિ, બહુમાન. જ્ઞાન વડે દૃષ્ટ પદાર્થોની સમ્યગ્ ભાવના, વિધિપૂર્વક ગ્રહણ તથા અભ્યાસને જિનેશ્વરોએ જ્ઞાનવિનય કહેલો છે.

દર્શનવિનય–શુશ્રૂષણા અને અનાશાતના રૂપે બે પ્રકારે છે. કહ્યું છે કે,

શુશ્રૂષણા અને અનાશાતનારૂપ બે પ્રકારે દર્શનવિનય છે. દર્શનગુણમાં અધિક હોય તેનો શુશ્રૂષણાવિનય કરાય છે. તે સત્કાર કરવો, ઉભા થવું, સન્માન કરવું, આસન આપવું, વંદન કરવું, બે હાથ જોડવા, આવે ત્યારે સામે જવું, જાય ત્યારે પાછા મૂકવા જવું, ઉભા રહે ત્યારે પર્યુપાસના કરવી. આ દર્શનવિનય છે.

સત્કાર એટલે સ્તવન વંદન વિગેરે, અભ્યુત્થાન એટલે વિનય યોગ્ય વ્યક્તિને જોઈ તરત બેઠા હોય તો ઉભા થઈ જવું. સન્માન એટલે વસ્ત્ર-પાત્ર વડે સત્કાર કરવો. આસનાભિગ્રહ એટલે ઉભા રહેવું, વડિલને આસન આપી અહીં બિરાજો એમ કહેવું, વડિલ એક સ્થાનેથી બીજા સ્થાને જાય તો આસન લઈ ત્યાં આપવું તે આસનાનુપ્રદાન. કૃતિકર્મ કરવું બે હાથ જોડવા તે અંજલીગ્રહ.

અનાશાતનાવિનય પંદર પ્રકારે છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે :-તીર્થંકર, ધર્મ, આચાર્ય, વાચક, સ્થવિર, કુલ, ગણ, સંઘ, એક સામાચારીવાળા સાંભોગિક, ક્રિયાવાન્, મતિજ્ઞાન વિગેરેના વિશે ભક્તિ, બહુમાન, ગુણાનુવાદ કરવા તે અનાશાતના વિનય કહેવાય છે.

ભક્તિ એટલે બાહ્યસેવા, બહુમાન એટલે આંતરપ્રીતિ, વર્ણવાદ એટલે ગુણાનુવાદ.

ચારિત્રવિનય એટલે સામાયિક વિગેરે ચારિત્રની સદ્દહણા તથા કાયા વડે પાલના અને સર્વજીવોની આગળ તેની પ્રરૂપણા.

મન-વચન-કાયવિનય-આચાર્ય વિગેરેને વિષે સર્વકાળે અકુશલ (અશુભ) મન-વચન-કાયાનો રોધ તથા કુશલ (શુભ) મન-વચન-કાયાનું પ્રવર્તન તે મન-વચન-કાયવિનય છે.

ઉપચારવિનય-સુખકારક ક્રિયા વિશેષથી થયેલ હોય, તે ઔપચારિક વિનય, તે સાત પ્રકારે છે ૧. અભ્યાસસ્થાન, ૨. છંદાનુવર્તન, ૩. કૃત પ્રતિકૃતિ, ૪. કાર્ય નિમિત્ત કારણ, ૫. દુખાર્ત ગવેષણ, ૬. દેશ-કાળજ્ઞાન, ૭. સર્વાર્થેષ્વનુમતિ-એ પ્રમાણે ઔપચારિક વિનય સંક્ષેપથી કહેલ છે.

૧. અભ્યાસસ્થાન એટલે સૂત્ર વિગેરેના અભ્યાસીએ આચાર્ય વિગેરેની પાસે જ રહેવું.

૨. છંદાનુવર્તન એટલે ગુરુઓની ઈચ્છા પ્રમાણે વર્તવું.

૩. કૃત પ્રતિકૃતિ એટલે ભોજન વિગેરેની ભક્તિથી કેવલ નિર્જરા નહીં પણ પ્રસન્ન થયેલ ગુરુઓ મને સૂત્રાર્થના દાન વડે પ્રત્યુપકાર કરશે.

૪. કાર્ય નિમિત્ત કારણ એટલે કાર્ય શ્રુત પ્રાપ્તિ વિગેરે રૂપ નિમિત્તને પામીને એટલે આ ગુરુની પાસે હું શ્રુત પામ્યો છું, માટે તેમનો વિનય કરવો જોઈએ, એ નિમિત્તે વિનયાનુષ્ઠાન કરવું. અથવા સમ્યક્ સૂત્ર-અર્થ ભણાવવારૂપ કાર્ય, તે નિમિત્તે જે વિનય કરવો તે કારિત નિમિત્ત કારણ કહેવાય. અર્થાત્ ગુરુ વડે સારી રીતે ભણાવાયેલ શિષ્યે વિશેષ પ્રકારે વિનયાનુષ્ઠાનમાં સારી રીતે પ્રવર્તવું જોઈએ.

૫. દુખાર્ત ગવેષણ :–દુઃખથી પીડિતની ઔષધ વિગેરે દ્વારા સેવા કરવી. અર્થાત્ દુઃખી ઉપર ઉપકાર કરવો.

૬. દેશ–કાળના અવસરને જોવો.

૭. બધા કાર્યમાં ગુરુને અનુકૂળ પ્રમાણે વર્તવું. અથવા બાવન પ્રકારનો પણ ઉપચાર વિનય છે તે પાંસઠમા દ્વારમાં કહેવાશે.

૩. **વૈયાવચ્ચ** :–જેના વડે વ્યાપાર કરાય તે વ્યાપૃત. તેનો જે ભાવ તે વૈયાવૃત્ય. ધર્મ સાધના કરવા માટે અન્ન વિગેરેનું જે દાન તે વૈયાવચ્ચ. કહ્યું છે કે,

વ્યાપૃતપણાનો જે ભાવ તે વૈયાવચ્ચ છે. વિધિપૂર્વક અન્ન વિગેરે આપવું તે વૈયાવચ્ચનો ભાવાર્થ છે.

૪. **સ્વાધ્યાય** :–કાળવેળાને ત્યાગીને મર્યાદાપૂર્વક તે–તે પોરિસીના વખતે જે અધ્યયન કરવું તે સ્વાધ્યાય. તેના વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા–એમ પાંચ પ્રકાર છે.

વાચના–શિષ્યને ભણાવવું તે વાચના.

પૃચ્છના–ગ્રહણ કરેલી વાચનામાં શંકા ઉત્પન્ન થવાથી ફરી વાર પૂછવું અથવા આગળ ભણેલ સૂત્ર વિગેરેના શંકા વિગેરેમાં પ્રશ્ન કરવા તે પૃચ્છના.

પરાવર્તના–પૃચ્છના દ્વારા શુદ્ધ થયેલ સૂત્ર ભૂલાઈ ન જાય, તે માટે શુદ્ધ ઉચ્ચાર-પૂર્વક જે પુનરાવર્તન કરાય તે પરાવર્તના.

અનુપ્રેક્ષા–સૂત્રની જેમ અર્થ પણ ન ભૂલાય તે માટે અર્થનું મનથી અભ્યાસ એટલે ચિંતન કરવું તે અનુપ્રેક્ષા.

ધર્મકથા– અભ્યાસ કરેલ શ્રુત વડે કથા કરવી તે ધર્મકથા. ધર્મ એટલે શ્રુત-ધર્મ અને કથા એટલે વ્યાખ્યા. શ્રુતની વ્યાખ્યા તે ધર્મકથા.

૫. **ધ્યાન** :–જેના વડે અંતર્મુહૂર્ત કાળ સુધી એકાગ્ર ચિત્તે પદાર્થનું જે ચિંતન થાય (ધ્યાન કરાય) તે ધ્યાન. કહ્યું છે કે,

છદ્મસ્થોને એક પદાર્થ પર અંતર્મુહૂર્ત કાળ સુધી ચિત્તની સ્થિરતા તે ધ્યાન છે. કેવલીને યોગનો નિરોધ તે ધ્યાન છે. તે ધ્યાન આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ–એમ ચાર પ્રકારે છે.

૧. **આર્તધ્યાન**:–ઋત એટલે દુઃખ. તે દુઃખના કારણ કે તે દુઃખનું કારણ જે હોય, તે પ્રાણ પીડનાર હોવાથી આર્ત. ૧. અમનોજ્ઞ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ વિષયોના સ્થાનભૂત કાગડા વિગેરે પ્રાણીઓના રહેઠાણના વિયોગનું અને ભવિષ્યમાં

તેના ફરી સંયોગ ન થાય તેવું જે ચિંતન. ૨. શૂલ, શિરપીડા વિગેરે વેદનાઓનો વિયોગ, ફરી અસંયોગરૂપ ચિંતન. ૩. ઇચ્છિત શબ્દાદિ -વિષયો તથા શાતાવેદનીય- (સુખનો) અવિયોગ અને ફરી તેના સંયોગની ચિંતવના. ૪. દેવેન્દ્ર ચક્રવર્તિપણાની માંગણીરૂપ ચિંતવના.

આ ચાર પ્રકારનું આર્તધ્યાન શોક, રૂદન, પોતાની છાતી, માથુ વિગેરે કુટવા, વિલાપ કરવો વિગેરે લક્ષણોથી જણાય છે અને તે તિર્યંચગતિનું કારણ છે.

૨. **રૌદ્રધ્યાનઃ**–પ્રાણીવધ વિગેરેમાં પરિણત જે આત્મા બીજાને રડાવે તે રુદ્ર. તે રુદ્રાત્માનું કાર્ય તે રૌદ્ર, ૧. તે પ્રાણીઓના વિષે વધ, વેધ, બંધન, દહન, અંકન, મારણ વિગેરેની ચિંતવનારૂપ તે **હિંસાનુબંધીરૌદ્રધ્યાન**. ૨. પૈશુન્ય, અસભ્ય, અસદ્ભૂત, ઘાત વિગેરે વચનની ચિંતવનારૂપ તે **મૃષાનુબંધીરૌદ્રધ્યાન**. ૩. તીવ્ર ક્રોધ, લોભથી આકુલ અને જીવઘાત પરાયણ તેમ જ પરલોકના દુઃખથી નિરપેક્ષપણે પરદ્રવ્ય હરણની ચિંતવનારૂપ **ચૌર્યાનુબંધીરૌદ્રધ્યાન.** ૪. બધી બાજુથી શંકા પરાયણ રહે, પરંપરાએ ઉપઘાત પરાયણ રહે, શબ્દાદિ વિષય–સાધક દ્રવ્યોના રક્ષણની ચિંતવના કરે તે રૂપ **સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાન.**

આ રૌદ્રધ્યાન હિંસાદિની બહુલતાવાળી પ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલ લક્ષણો જણાય છે. અને તે નરકગતિનું કારણ છે.

૩. **ધર્મધ્યાનઃ**–ક્ષમાદિ દશ યતિધર્મથી યુક્ત જે ધ્યાન તે ધર્મધ્યાન. ૧. તે સર્વજ્ઞ ભગવંતની આજ્ઞાનું ચિંતન તે **આજ્ઞાવિચયધર્મધ્યાન.** ૨. રાગ, દ્વેષ, કષાય, ઇન્દ્રિયાધીન જીવોના અપાયોનું ચિંતન તે **અપાયવિચયધર્મધ્યાન** ૩. જ્ઞાનાવરણ વિગેરે શુભાશુભ કર્મના વિપાકોનું ચિંતન તે **વિપાકવિચયધર્મધ્યાન.** ૪. પૃથ્વી મંડલ ઉપર રહેલા દ્વીપ–સમુદ્ર આદિ પદાર્થોની આકૃતિની વિચારણા તે **સંસ્થાન-વિચયધર્મધ્યાન.**.

જિન કથિત ભાવો પર શ્રદ્ધા વિગેરે ચિન્હોથી આ ધર્મધ્યાન જણાય છે અને તે દેવગતિનું કારણ છે.

૪. **શુક્લધ્યાનઃ**–આઠ પ્રકારના કર્મમલને જે શુદ્ધ કરે તે. શુચ એટલે શોકને દૂર કરે તે શુક્લધ્યાન. ૧. પૃથક્ત્વવિતર્કસવિચાર, ૨. એકત્વવિતર્કઅવિચાર, ૩. સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ ૪. વ્યુપરતક્રિયા અનિવૃત્તિ–એમ ચાર પ્રકારે છે.

આ ધ્યાન પૂર્વગત શ્રુતાનુસારે જુદા જુદા નય, મતો, એક દ્રવ્યની ઉત્પત્તિ, વ્યય, સ્થિતિ, ભાંગા, પર્યાયોનાં ચિંતનરૂપ શુક્લધ્યાન છે. સ્વસ્થતા એ સંમોહ આદિથી આ ધ્યાન જણાય છે; અને મોક્ષ ફળ અપાવનાર છે.

અહિં ધર્મ અને શુક્લધ્યાન જ નિર્જરાકારક હોવાથી તપમાં ગણાય આર્ત–રૌદ્રધ્યાન બંધનું કારણ હોવાથી તપમાં ન ગણાય.

૬. **કાયોત્સર્ગ**:–છોડવા યોગ્યનો ત્યાગ કરવો તે ઉત્સર્ગ. તે બે પ્રકારે છે. બાહ્ય અને અભ્યંતર. બાર વિગેરે પ્રકારની ઉપધિ સિવાયની ઉપધિનો ત્યાગ, અનેષણીય, સંસક્ત આહાર પાણીનો જે ત્યાગ તે બાહ્યત્યાગ કહેવાય. કષાયત્યાગ તથા મૃત્યુ વખતે શરીરત્યાગ તે અભ્યંતરત્યાગ કહેવાય.

પ્રશ્ન:-ઉત્સર્ગ તો પ્રાયશ્ચિત્ત તપમાં કહેલ છે. તો પછી ફરી અહિં શા માટે કહ્યો ?

ઉત્તર:–પ્રાયશ્ચિત્તમાં જે ઉત્સર્ગ છે, તે અતિચાર શુદ્ધિ માટે છે અને અહિં સામાન્યથી નિર્જરા માટે કહ્યો છે. તેથી પુનરુક્તતાનો દોષ રહેતો નથી.

પ્રાયશ્ચિત્તથી લઈ કાઉસ્સગ્ગ સુધીનાં અનુષ્ઠાનરૂપ આ અભ્યંતર તપ લૌકિક ધર્મ-વાળા જાણી શકતા નથી અને ભાવથી સેવી શકતા નથી. તથા મોક્ષ પ્રાપ્તિમાં અંતરંગ કારણરૂપ છે, અભ્યંતર કર્મોને તપાવનાર છે. અંતર્મુખ ભગવાને જણાવેલ હોવાથી અભ્યંતર તપ કહેવાય છે. આ બાર પ્રકારનાં તપભેદોને વિપરિતરૂપે અથવા યથા વસ્થિત તપમાં ઓછું અધિકું કરવાથી અતિચારો પણ બાર થાય છે.

વીર્યાચારનાં અતિચાર

વીર્યાચારનાં ત્રણ અતિચાર:–મન–વચન–કાયાને પાપ વ્યાપારમાં પ્રવર્તાવવા તે વીર્યાચારનાં ત્રણ અતિચારો છે. (૨૭૦–૨૭૨)

સમકિતનાં અતિચાર :

संका कंखा य तहा वितिगिच्छा अन्नतित्थियपसंसा ।
परतित्थिओवसेवणमइयारा पंच सम्मत्ते ॥२७३॥

સમકિતનાં શંકા–કાંક્ષા–વિચિકિત્સા–અન્ય તીર્થ પ્રશંસા અને પર-તીર્થીની સેવા–એ પાંચ અતિચારો છે.

૧. **શંકા**–અરિહંત ભગવંતે પ્રરૂપેલ ધર્માસ્તિકાય વગેરે અત્યંત ગહન પદાર્થો મતિની દુર્બળતાનાં કારણે સારી રીતે ન જાણી શકવાથી શંકા કરે કે " આ પ્રમાણે હશે કે નહિ" તે શંકા કહેવાય. કહ્યું છે કે 'સંશય કરવો તે શંકા. તે દેશશંકા અને સર્વશંકા–એમ બે પ્રકારે છે.

દેશશંકા:–જીવ વિગેરે કોઈપણ એક પદાર્થનાં એક ભાગની જે શંકા, તે દેશશંકા કહેવાય. જેમ જીવ છે તો તે સર્વગત છે કે અસર્વગત છે અથવા સપ્રદેશી છે કે અપ્રદેશી છે વિગેરે.

સર્વશંકા:–સર્વશંકા સર્વવિષયક છે. જેમ ધર્મ છે કે નહિ. આ બંને શંકાઓ અરિહંત ભગવંત કથિત પ્રવચનમાં અવિશ્વાસરૂપ હોવાથી સમ્યક્ત્વને દૂષણ લગાડે છે. માટે અતિચારરૂપે છે. આપણી પ્રમાણપરીક્ષાથી અગોચર અને કેવળ આગમથી જ જાણવા યોગ્ય પદાર્થો, સર્વજ્ઞ ભગવંતે કહેલા છે–એમ માનીને શંકા કરવી નહિ. જ્યાં મંદ બુદ્ધિ અને મોહના કારણે કોઈ જગ્યાએ શંકા થાય અથવા મતિદુર્બલતાના કારણે તેવા પ્રકારના સમજાવનાર આચાર્યનો અભાવ હોય તથા જ્ઞેય પદાર્થ ગહન હોય અને જ્ઞાનાવરણનાં ઉદયથી હેતુ ઉદાહરણનો અસંભ હોવાના કારણે, સારી રીતે પદાર્થો જાણી ન શકાય, તો પણ સર્વજ્ઞ સિદ્ધાંતો અવિતથ (સત્ય) છે એમ બુદ્ધિમાન્ વિચારે. કેમકે યુગમાં શ્રેષ્ઠ એવા જિનેશ્વરો સહજ પરોપકારી અને રાગદ્વેષ, મોહને જીતનાર હોવાથી અસત્ય બોલે નહિ. કહ્યું છે કે–

સૂત્રમાં કહેલ એકપણ અક્ષરની અશ્રદ્ધા કરવાથી જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે કેમકે આપણને જિનેશ્વરોએ કહેલ સૂત્ર જ પ્રમાણ છે. ૧. એક પણ પદાર્થમાં સંદેહ કરવાથી અરિહંત ભગવંત પ્રત્યેનો વિશ્વાસ નાશ પામે છે. અને તે અવિશ્વાસ જ સંસારનાં મુખ્ય કારણરૂપ મિથ્યાત્વ છે.

૨. **કાંક્ષા**:–બીજા બીજા ધર્મોની ઈચ્છા તે કાંક્ષા. તે પણ સર્વવિષયક અને દેશવિષયક–એમ બે પ્રકારે છે.

૧. **સર્વકાંક્ષા**:–બધા અન્ય ધર્મોની ઈચ્છા તે સર્વકાંક્ષા જેમ પરિવ્રાજક, ભૌતિક, બ્રાહ્મણ વગેરે સંસારી હોવા છતાં પણ પરલોકમાં સુખ વિગેરે મેળવે છે. માટે તેઓનો ધર્મ પણ આરાધવો જોઈએ.

૨. **દેશકાંક્ષા** :–કોઈ પણ એક ધર્મની ઈચ્છા તે દેશકાંક્ષા. જેમ બૌદ્ધ ભગવંતે ભિક્ષુકોને ક્લેશ વગરનો ધર્મ કહ્યો છે. સ્નાન, ખાવાપીવા, પહેરવા, ઓઢવા, સૂવા બેસવા વિગેરેમાં સુખાનુભવ કરતાં હોવાથી તે પણ ધર્મ શ્રેષ્ઠ છે. બુદ્ધે કહ્યું છે કે,

કોમળ શય્યા, સવારે ઉઠીને પેય પીવાનું, મધ્યાહ્ને ભોજન, સાંજે પીણું અને અર્ધ રાત્રે દ્રાક્ષ, ખાંડ અને સાકર આ પ્રમાણે કરવાથી છેવટે મોક્ષ મળે છે. આ પ્રમાણે પણ મોક્ષ ઘટી શકે છે. આ કાંક્ષા પણ વાસ્તવિક પણે અરિહંત પ્રરૂપિત આગમોમાં અવિશ્વાસરૂપ જ છે. માટે સમ્યક્ત્વને દૂષણ લગાડે છે. તેથી અતિચારરૂપ જ છે.

૩. **વિચિકિત્સા** :–ફળમાં શંકા કરવી તે વિચિકિત્સા. પ્રમાણ યુક્ત અને યુક્તિ યુક્ત સર્વજ્ઞ ધર્મનાં આગમમાં કહેલ, આ રેતીના કણીયાનાં કોળીયા સમાન દૂષ્કર અને નિસ્વાદ્ય એવા મહાન તપરૂપ કષ્ટ હું કરી રહ્યો છું. તેનું ભવિષ્યમાં ફળ મળશે કે નહિ, કે પછી નિર્જરા ફળ રહિત કેવળ કાયકષ્ટ જ થશે, જગતમાં પણ ખેડૂતો વગેરેના પણ સફળા અને નિષ્ફળા એમ બે પ્રકારની ક્રિયા દેખાય છે. તેમ આ તપ વગેરે ક્રિયાઓ પણ

એ પ્રકારની હોવી જોઈએ. આ પ્રમાણે વિચારે. પરંતુ આ પ્રમાણે ન વિચારે કે 'આ તપ ક્રિયા વગેરેમાં ફળ તો પૂર્વનાં મહાપુરુષોએ કહેલ માર્ગ પ્રમાણે કરવાથી ઘટી શકે છે. ધૈર્ય, સંઘયણ રહિત અમારા જેવાને શાસ્ત્રોક્ત ફળ કયાંથી હોય? આ વિચિકિત્સા પણ ભગવાનનાં વચન પર અવિશ્વાસરૂપ હોવાથી સમ્યક્ત્વને દૂષિત કરતી હોવાથી અતિચારરૂપ છે.

આ વિચિકિત્સા અને શંકામાં કોઈ ભેદ જણાતો નથી એમ ન કહેવું. કેમકે શંકા સમસ્ત દ્રવ્ય, ગુણ, પર્યાય પદાર્થ વિષયક છે. અને આ વિચિકિત્સા ક્રિયાનાં ફળ વિષયક છે. એમ શંકા અને વિચિકિત્સામાં ભેદ છે. અથવા આ પણ શંકા રૂપે ગણીએ તો વિચિકિત્સાની બીજી રીતે પણ વ્યાખ્યા થાય છે.

વિચિકિત્સા એટલે નિંદા. તે આચાર સંપન્ન સાધુ વિષયક સમજવી. જેમ સ્નાન ન કરવાથી પરસેવાથી ભીંજાયેલ મેલનાં કારણે દુર્ગંધી શરીરવાળા આ મહાત્માઓ જો અચિત્ત પાણીથી સ્નાન કરે, તો શું દોષ લાગે? આવા પ્રકારની વિચિકિત્સા કરવાથી ભગવાનનાં (સંયમ) ધર્મમાં અવિશ્વાસ થાય છે. તેથી સમ્યક્ત્વને દૂષણ લાગે છે.

૪. **અન્ય તીર્થિક (ધર્મી) પ્રશંસા**:–બૌદ્ધ, ભૌતિક વગેરેની પ્રશંસા કે 'અહો આ લોકો કેવા રાજપૂજ્ય છે કે કેવા લોકમાન્ય છે. કેવા અદૂષિત વિદ્વત્તા વિગેરે ગુણ સમૃદ્ધિવાળા છે.' વગેરે તેમની પ્રશંસા કરવાથી અચિંત્ય ચિંતામણી સમાન સમકિત દૂષિત થાય છે. માટે અતિચાર લાગે.

૫. **પરતીર્થિકોપસેવન**:–પરધર્મીઓની સાથે એક જગ્યાએ રહેવાથી, પરસ્પર વાર્તાલાપ કરવાથી પરિચય થાય છે. તે પરિચય સમકિતને દૂષિત કરે છે. માટે તે અતિચાર.

એક જગ્યાએ સાથે રહેવાથી તેમની ક્રિયા જોવાથી કે સાંભળવાથી દૃઢ સમકિતીને પણ સમ્યક્ત્વ ભાવમાં હીનતા સંભવે છે. તો પછી મંદબુદ્ધિવાળા તથા નવા ધર્મ પામેલાની તો શી વાત કરવી?

પ્રશ્ન:–દર્શનાચારનું પ્રતિપાદન કરતી વખતે તેના વિપક્ષરૂપે દર્શનનાં આઠ અતિચારોનું પ્રતિપાદન થયું છે. તેમાં પણ શંકા, કાંક્ષા, વિચિકિત્સા કહેલ છે અને તે જ શંકા, કાંક્ષા વિગેરેનું પ્રતિપાદન અહિં પણ કરાય, તો પુનરૂક્તતાનો દોષ ન લાગે?

ઉત્તર:–ત્યાં દર્શનાચાર નિઃશંકપણા વગેરેનાં અભાવમાં અતિચાર રૂપ જણાવેલ છે. અહિં તો જીવ વિગેરે પદાર્થોની શંકા વગેરેનો સંભવ છે. માટે કોઈ દોષ નથી.

આ અતિચાર સમ્યક્ત્વમાં સ્ખલના માત્ર વ્યવહારનયથી જ છે. નિશ્ચયનયનાં મતે કહ્યું છે કે સૂત્રનાં એક પણ અર્થને ઉત્થાપે તે મિથ્યાદૃષ્ટિ છે વગેરે (૨૭૩)

હવે વ્રતોનું પ્રતિપાદન કરે છે.

પ્રથમ વ્રતનાં અતિચારો :–

पढमवये अइआरा नरतिरिआणऽन्नपाणवोच्छेओ ।
बंधो वहो य अइभाररोवणं तह छविच्छेओ ॥ २७४ ॥

પ્રથમ વ્રતમાં (૧) મનુષ્ય તિર્યંચોનાં અન્ન પાણીનો વિચ્છ કરવો, (૨) બંધન, (૩) વધ (૪) અતિભાર આરોપણ, (૫) છવિ ચ્છેદ–એ પાંચ અતિચારો છે.

પ્રાણાતિપાત વિરમણરૂપ પહેલાં વ્રતમાં મનુષ્ય–તિર્યંચોને અન્ન પાણીનો વ્યવચ્છેદ કરવો, બંધ, વધ, અતિભાર આરોપણ તથા છવિચ્છેદ રૂપ પાંચ અતિચાર છે.

પ્રશ્ન:–દ્વિપદ, ચતુષ્પદોને ભોજન પાણીનાં નિષેધ કરવારૂપ અતિચાર છે. તો પછી તાવ વગેરે રોગથી ઘેરાયેલા પુત્ર વગેરેને લાંઘણ વગેરે કરાવવાથી ગ્રહણ કરેલા હિંસાવિરમણવ્રતમાં અતિચાર નહિં થાય ?

ઉત્તર :–આ વાત બરાબર નથી. કારણ કે સૂત્રો સાપેક્ષપણે કહેવાય છે. ક્રોધાદિ વડે આધિન થઈ જે અન્ન પાણી વગેરેનો નિષેધ કરે, તે અતિચાર છે.

માટે "ક્રોધાદિને વશ થઈ" સૂત્રમાં અધ્યાહારથી સમજી લેવું. જ્યારે હિત-બુદ્ધિથી રોગ ગ્રસ્ત પુત્ર વગેરેને અન્નાદિનો નિષેધ કરે, તો અતિચાર ન થાય.

આ વાત સામાન્ય પુરુષોએ કલ્પેલી નથી પણ બીજા ગ્રંથોમાં કહ્યું છે, કે,

પશુઓને અને મનુષ્યોને ક્રોધ વગેરેથી દૂષિત મને બંધ, વધ, છવિચ્છેદ, અતિ-ભારારોપણ, ન કરે વધારે શું કહેવું ? રોગી કે ન ભણતાં પુત્ર વગેરેને શાંતિ માટે જે ઉપવાસ વગેરે કરાવે તે અતિચાર નથી.

૨. **બંધન**–ગાય વગેરે પશુઓ તથા મનુષ્યોને દોરડા વગેરે દ્વારા ક્રોધાધીન થઈ જે મજબૂત બંધ કરાય તે બંધઅતિચાર.

વિનય શીખવવા માટે પોતાના પુત્ર વગેરેને જે બંધ કરાય તે અતિચાર નથી. પરંતુ પ્રબલ કષાયોદયથી જે બંધન કરાય તે અતિચાર કહેવાય.

૩. **વધ**:–કષાયાધીન થઈ લાકડી વગેરેથી જે મારવું તે વધ.

૪. **અતિભારારોપણ** :–વહન ન કરી શકાય એટલા અધિક ભારનું ક્રોધ કે લોભથી બળદ, ઊંટ, ગધેડા, મનુષ્ય, વગેરેની પીઠ પર કે માથા પર મૂકી કે મૂકાવી વહન કરાવવું, તે અતિભારારોપણ.

૫. **છવિચ્છેદ** :–છવિ એટલે ચામડી તેના ઉપલક્ષણથી શરીરનાં અંગોપાંગ પણ સમજવા. તેનો છેદ એટલે કાપકૂપ કરવું, તે છવિચ્છેદ. પુત્ર વિગેરેના ગુમડા વગેરેનો છેદ

કરાય છે. તે અતિચારરૂપ ન ગણવું. પરંતુ ક્રોધ વગેરેથી જે છવિચ્છેદ કરાય, તે અતિચારરૂપ જાણવું. આવશ્યકચૂર્ણિ વગેરેમાં આ પ્રમાણે વિધિ કહેલ છે.

બંધ દ્વિપદ અને ચતુષ્પદનો એમ બે પ્રકારે છે. તે પણ સાર્થક–સકારણ અને નિરર્થક–નિષ્કારણ નિરર્થક બંધ કરવો યોગ્ય નથી. સાર્થક પણ સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારે છે. તેમાં સાપેક્ષબંધ એટલે દોરી ઢીલી ગાંઠથી બાંધે જેથી આગ વગેરે લાગે તો તે ગાંઠ કાપી શકાય, કે છોડી શકાય. નિરપેક્ષ એટલે જે અતિ મજબૂત ખસી ન શકે એવી ગાંઠપૂર્વક બાંધવું તે. આ પ્રમાણે ચતુષ્પદનો બંધ થયો.

દાસ–દાસી, ચોર, ન ભણતાં છોકરા વગેરેને જે બાંધે તો હરીફરી શકે તેવી રીતે બાંધે અથવા પૂરે. જેથી આગ વગેરેમાં નાશ ન પામે. શ્રાવકે દ્વિપદ, ચતુષ્પદો એવા રાખવા કે, જેમને બંધન વિના રાખી શકાય.

એ પ્રમાણે છવિચ્છેદ પણ સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારે છે. તેમાં જે નિર્દયપણે હાથ, પગ, કાન, નાક વગેરે છેદે તે નિરપેક્ષ અને જે ગડ, ગુમડા અરુ, વગેરે છેદે અથવા બાળે તે સાપેક્ષ.

અધિકભાર સુશ્રાવકે ઉપડાવવો નહિ. શ્રાવકે દ્વિપદ વગેરે પાસેથી ભાર ઉપડાવવા પૂર્વકની આજીવિકા છોડી દેવી. જો બીજી આજીવિકા ન હોય, તો દ્વિપદ મનુષ્ય જેટલો ભાર જાતે ઉપાડી શકે અને ઉતારી શકે તેટલો જ ઉપડાવે. ચતુષ્પદને એને યોગ્ય ભારમાં કંઈક ઓછો કરે. હળ, ગાડા વિગેરેમાંથી એના સમયે છોડી દે.

વધ એટલે પ્રહાર કરવો તે. નિર્દયતાપૂર્વક પ્રહાર કરવો તે નિરપેક્ષવધ કહેવાય. સાપેક્ષવધ આ પ્રમાણે છે. શ્રાવકનું વિશેષણ ભીતપર્ષદ છે, એટલે શ્રાવકનો પરિવાર તેના ભયથી પાપકર્મમાં ન જોડાય તેવો હોવો જોઇએ. છતાં જો કોઈ વિનય ન કરે, તો તેને મર્મ સ્થાન છોડી લાતથી કે દોરડીથી મારવું પડે તો એક બે વાર મારે. કોઇનાં પણ આહાર પાણીને અટકાવવા નહિ. કેમકે તીવ્ર ભૂખવાળા મરી પણ જાય છે. આથી દરેકને પોતપોતાના ભોજન સમયે તાવવાળા વગેરે સિવાય નિયમા જમાડીને પોતે જમે. અન્ન વગેરેનો નિરોધ પણ સાપેક્ષ અને નિરપેક્ષ ભેદે બે પ્રકારે બંધની જેમ જાણવો. સાપેક્ષ અન્ননિરોધ રોગની ચિકિત્સામાં હોય છે. અપરાધીને ફક્ત વચનથી જ કહે કે આજે તને ખાવા નહિ મળે. શાંતિ માટે ઉપવાસ વગેરે કરાવે. જે પ્રમાણે મૂળ ગુણરૂપ અહિંસાના અતિચારો ન થાય તેમ વર્તવું.

પ્રશ્ન–ખરેખર તો શ્રાવકે હિંસાનું પચ્ચક્ખાણ કર્યું છે. માટે બંધ વગેરે કરવા છતાં પણ દોષ નથી. કારણ કે હિંસા વિરમણ અખંડ રહે છે. જો બંધ વગેરેનું પણ પચ્ચક્ખાણ કર્યું હોય, તો તે કરવાથી વ્રત ભંગ થાય છે. કેમકે તેમ કરવાથી વિરતિનું

ખંડન થાય છે. હવે જો વિવક્ષિત બંધ વગેરેમાં પણ પચ્ચક્ખાણ માનીને વ્રતનું ખંડન મનાય, તો દરેક વ્રતમાં અતિચારરૂપ વ્રતો પણ અધિક થઈ જાય માટે બંધ વગેરેમાં અતિચારપણું ઘટતું નથી.

ઉત્તર :–સાચી વાત છે. હિંસાનું જ પચ્ચક્ખાણ કર્યું છે. પણ બંધ વગેરેનું નહિ. પરંતુ હિંસા વગેરેનાં પચ્ચક્ખાણ કરવાથી ઉપલક્ષણથી તેનું પણ પચ્ચક્ખાણ થઈ જાય છે. કારણ કે વધ, બંધ વગેરે હિંસાના કારણરૂપ છે.

પ્રશ્ન :–બંધાદિ કરવા છતાં વ્રત ભંગ કહેવાય નહિ અને અતિચાર કહેવાય એમ શા માટે ?

ઉત્તર :–વ્રત અંતર્વૃત્તિરૂપ અને બહિર્વૃત્તિરૂપ–એમ બે પ્રકારે છે. (૧) હું મારુ છું. એ પ્રમાણેનાં વિકલ્પનાં અભાવથી જ્યારે ગુસ્સા વગેરેને આધીન થઈ બીજા જીવની હિંસાને ગણકાર્યા વગર બંધ વગેરેમાં પ્રવર્તે અને તે જીવ ન મરે, તો પણ વિરતિની અપેક્ષા વગરની નિર્દય પ્રવૃત્તિ હોવાથી અંતર્વૃત્તિથી હિંસાનો ભંગ છે. અને હિંસાનો અભાવ હોવાથી બહિર્વૃત્તિ એ પાલન છે, માટે વ્રતનાં દેશ પાલન અને દેશ ભંગથી વધાદિ અતિચારરૂપ ગણાય છે. કહ્યું છે કે

"હું નહિ મારું" એવા વ્રતવાળાને મરણ વગર અતિચાર ક્યાં થાય છે? કહે છે કે વ્રતની અપેક્ષા વગર જે ગુસ્સે થઈ વધ વગેરે કરે છે તેમાં મરણ ન થતું હોવાથી વ્રત રહે છે અને ગુસ્સો અને નિર્દયતાનાં કારણે વ્રત ભંગ ગણાય છે. માટે વ્રતનાં દેશ (અંશ)નું પાલન અને દેશભંગ હોવાથી પૂજ્યો અતિચાર કહે છે.

હવે તમે જે 'व्रतेयता विशीर्यते'="વ્રતની મર્યાદા ન રહે." વગેરે કહ્યું તે પણ બરાબર નથી. કેમકે વિશુદ્ધ અહિંસાનો સદ્ભાવ હોય, તો બંધ વગેરેનો અભાવ જ હોય છે. માટે નક્કી થયું કે બંધ વગેરે અતિચારો જ છે. બંધ વગેરેનાં ઉપલક્ષણથી મંત્ર, તંત્ર વગેરેનાં પ્રયોગો પણ અતિચારરૂપે જાણવા. (૨૭૪)

બીજા વ્રતનાં અતિચાર :

सहसा कलंकणं १ रहसदूसणं २ दारमंतभेयं च ३ ।
तह कूडलेहकरणं ४ मुसोवएसो ५ मुसा दोसा ॥ २७५ ॥

સહસાકલંકકરણ, રહસ્યદૂષણ, સ્ત્રીનો મંત્ર ભેદ, કૂટલેખકરણ તથા ખોટો ઉપદેશ–એ મૃષાવાદનાં અતિચારો છે.

૧. સહસા એટલે વિચાર્યા વગર જે કલંક કે ખોટા આરોપ કે ખોટી આળ આપવી તે સહસાકલંકકરણ કહેવાય. જેમકે તું ચોર છે, પરસ્ત્રી લંપટ છે વગેરે.

પ્રશ્ન :–સહસાકલંક તો ખોટા દોષને બોલવારૂપ હોવાથી મૃષાવાદનાં પચ્ચક્ખાણનો ભંગ જ છે. તો પછી અતિચાર શી રીતે કહેવાય ?

ઉત્તર :–સાચી વાત છે. પરંતુ જ્યારે બીજાને આઘાતજનક અનાભોગાદિથી બોલે છે. તે વખતે સંક્લેશનો અભાવ તેમજ વ્રત સાપેક્ષતા હોવાથી વ્રત ભંગ નથી. અને પરને આઘાતજનક હોવાથી ભંગ છે. ભંગાભંગરૂપ અતિચાર છે. જો તીવ્ર સંક્લેશપૂર્વક બોલે તો વ્રત ભંગ જ છે. કેમકે વ્રત નિરપેક્ષપણાથી બોલાય છે માટે.

૨. રહઃ એટલે એકાંત, તેમાં જે થયેલ હોય તે રહસ્ય. રાજા વગેરેનાં કાર્ય સંબંધી જે ખાનગી વાત બીજાને કહેવાની ન હોય, તે અનધિકૃત આકાર ચિહ્ન વગેરેથી જાણી બીજાને કહેવું તે રહસ્યદૂષણ. જેમકે એકાંતમાં કોઈકને વિચારણા કરતાં જોઈ કોઈ વ્રતધારી બોલે કે આ લોકો રાજ્ય વિરૂદ્ધ આવું આવું વિચારે છે. અથવા રહસ્યદૂષણ એટલે પૈશુન્ય (ઈર્ષ્યા) જેમ બે જણાનાં પ્રેમમાં એક જણનાં હાવભાવ ઉપરથી તેનો વિચાર જાણી બીજાને એ રીતે કહે કે જેથી તે બંનેનો સ્નેહ સદ્ભાવ નાશ પામે.

૩. દારા એટલે સ્ત્રી. ઉપલક્ષણથી મિત્ર વગેરે પણ સમજવો. તે સ્ત્રી, મિત્ર વગેરેનાં મંત્ર એટલે ખાનગી વાત તેનો ભેદ એટલે વાત જાહેર કરવી તે. આ વાત સ્ત્રી વગેરેએ કહેલી વાત જ હોવાથી એટલે સાચી વાત હોવાથી અતિચારરૂપે ન ઘટતી હોવા છતાં પણ સ્ત્રી, મિત્ર વગેરેને આઘાતજનક તથા લજ્જા વગેરેના કારણથી મરણ વગેરેનો સંભવ રહે છે. માટે વાસ્તવિકપણે અસત્યરૂપ હોવાથી કથંચિત્ ભંગ રૂપ થવાથી અતિચાર જ છે.

પ્રશ્ન :–રહસ્યદૂષણ અને દારમંત્રભેદ એ બેમાં શો ફરક છે ?

ઉત્તર :–રહસ્યદૂષણમાં હાવભાવના આકાર પરથી જાણીને અનધિકૃત ખાનગી વાત જાહેર કરે અને અહિં તો પોતે જાતે જ જે ખાનગીમાં સ્ત્રી વગેરે સાથે વિચારણા કરી હોય તે જાહેર કરે છે.

૪. ખોટો લેખ લખવો તે કૂટલેખ કહેવાય છે. જો કે આમાં કાયાથી અસત્ય વાણી બોલું નહિ અને બોલાવું નહિ રૂપ વ્રતનો ભંગ જ થાય છે. છતાં પણ સહસાકાર, અનાભોગ, અતિક્રમ વગેરેથી અતિચાર છે અથવા 'મેં અસત્ય બોલવાનું પચ્ચક્ખાણ કર્યું છે અને આ તો લખવાનું છે' આવી વિચારણાથી વ્રતની સાપેક્ષતાવાળાને અતિચાર જ થાય છે.

૫. મૃષા એટલે જૂઠ. તેનો જે ઉપદેશ તે મૃષાલિક કહેવાય. જેમકે કુલ ઘરોમાં તારે આમ આમ બોલવું, તારે આમ કહેવું. વગેરે જુઠું બોલતાં શીખડાવવું તે મૃષાલિક. અહિં પોતાના વ્રતની રક્ષણની બુદ્ધિથી પરવૃત્તાંત કહેવા દ્વારા બીજાને મૃષોપદેશ આપતા અતિચાર છે. પોતાના વ્રતની સાપેક્ષતા હોવાથી અને બીજાને મૃષાવાદમાં પ્રવર્તાવતા

હોવાથી ભંગ-અભંગરૂપ અતિચાર છે. ઉપલક્ષણથી માયાપ્રધાન શાસ્ત્રાધ્યાપન કરાવવું તે પણ અતિચાર છે. આ પ્રમાણે સ્થૂલમૃષાવાદવિરમણ વ્રતરૂપ બીજા વ્રતનાં અતિચાર છે. (૨૭૫)

ત્રીજા વ્રતનાં અતિચાર :-

चोराणीयं १ चोरप्पयोगजं २ कूडमाणतुलकरणं ३ ।
रिउरज्जव्ववहारो ४ सरिसजुई ५ तइयवयदोसा ॥ २७६ ॥

ચોરે લાવેલું લેવું, ચોરને સાધન આપવા, ખોટા માપ, તોલ, શત્રુરાજા સાથે વ્યવહાર, ભેળસેળ કરવું, આ ત્રીજા વ્રતનાં દોષો છે.

૧. ચોર વડે લવાયેલું સોનું-વસ્ત્ર વગેરે વસ્તુને મૂલ્યથી કે વિના મૂલ્યે લેવી તે ચોરાનિત [1]આદાન કહેવાય.

ચોરે લાવેલ ચીજને મૂલ્યથી કે વિના મૂલ્યે ખાનગીમાં લે, તે ચોર જ કહેવાય છે. માટે તે ચોરી કરવાથી વ્રતભંગ થાય છે.

હું તો વેપાર જ કરું છું, સાક્ષાત્ ચોરી કયાં કરું છું ? એવા અધ્યવસાયથી વ્રત સાપેક્ષતાનાં કારણે ભંગ નથી માટે ભંગાભંગરૂપ અતિચાર છે.

૨. ચોરોને ચોરીના કામમાં પ્રેરવા તે ચોર પ્રયોગ. જેમકે તમે ચોરી કરો એ પ્રમાણે ચોરીમાં પ્રેરણા કરે અથવા ચોરોને ચોરી માટે ચોરીનાં સાધનો કુશિકા, કાતર, ધર્ધર, છીણી વગેરે આપવા અથવા વેચવા તે પ્રયોગ કહેવાય. તેથી ચોરપ્રયોગ અતિચાર છે.

અહિં ચોરી કરું નહિ. કરાવું નહિ. એ વ્રતધારકને ચોરપ્રયોગથી વ્રત ભંગ જ થાય છે. છતાં પણ કેમ હમણાં તમે બેઠા છો ? જો તમારી પાસે ભોજન વગેરે ન હોય, તો હું આપીશ. લેનાર ન હોય તો તમારો ચોરેલો માલ હું વેચી આપીશ. આવા વચનો વડે ચોરો ને ચોરીમાં પ્રેરણા કરે અને પોતે ચોરીનો ત્યાગ કરતો હોવાથી વ્રતની સાપેક્ષતાનાં કારણે ચતિચાર.

૩. જેના વડે મપાય તે માન (માપ). જેમ કુડવ, પલ, હાથ વગેરે (કિલો, ગ્રામ, લિટર, મિટર) તુલા એટલે ત્રાજવું જે પ્રસિદ્ધ છે. ખોટા તોલ માપ વડે વધારે લેવું અને ઓછું આપવું તે કૂટતોલ-માનમાપ કહેવાય.

૪. દુશ્મનનાં રાજ્યમાં કે સૈન્યમાં વ્યવસ્થાને ઉલ્લંઘી જે વ્યવહાર કરવો તે વિરૂદ્ધ રાજ્યાતિક્રમ. અહિં પોતાના રાજાની રજા વિના પ્રવેશ કરવો તે. વિરૂદ્ધ રાજ્ય વ્યવહાર કરતો હોવાથી અને ચોરીનો દંડ થતો હોવાથી વ્રતધારી માટે અદત્તાદાન

---

[1] **આદાન** પદ અધ્યાહારથી સમજી લેવું.

વિરમણવ્રતનાં ભંગરૂપ જ છે. કેમકે સ્વામીઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત, ગુરૂઅદત્ત– આ ચારની અવિરતિ તે અદત્તાદાન છે. માટે વ્રતભંગ કહેવાય. પરંતુ દુશ્મન રાજાની જગ્યામાં તો હું વેપાર જ કરૂં છું, ચોરી કરતો નથી. એવી વિચારણાથી વ્રત સાપેક્ષપણું હોવાથી અતિચાર છે અને લોકમાં પણ તે ચોર તરીકે ગણાતો નથી.

૫. સરખે સરખી વસ્તુનું મિશ્રણ કરવું તે સદૃશયુતિ કહેવાય. જેમ ડાંગરમાં પલંજી (એક પ્રકારનું ધાન્ય) મેળવવી. ઘી માં ચરબી મેળવવી, તેલમાં મૂત્ર વગેરે, સફેદ ચોખા અનાજના દાણામાં હલકા દાણા મેળવવા, ચોખા સોના ચાંદીમાં અશુદ્ધ સોના–ચાંદીનું મિશ્રણ કરીને વેપાર કરવો તે અતિચાર.

અહિં કૂટ–તોલ–માન–માપ અને સદૃશયુતિ બીજાને ઠગીને પરધન ગ્રહણરૂપ હોવાથી વ્રતભંગ છે. મેં તો ખાતર પાડવું વગેરે ચોરીનો જ ત્યાગ કર્યો છે. અને આ તો વ્યાપારકલા છે. એવી ભાવનાથી વ્રત રક્ષવાની બુદ્ધિ હોવાથી અતિચાર છે. (૨૭૬)

ચોથા વ્રતનાં અતિચાર :–

भुंजइ इतरपरिग्गह १ मपरिग्गहियं थिरं २ चउत्थवए ।
कामे तिव्वहिलासो ३ अणंगकीला ४ परविवाहो ५ ॥ २७७ ॥

ઇત્વરપરિગૃહીતા અને અપરિગૃહીતા સ્ત્રીને ભોગવવી. કામમાં તીવ્રાભિલાષ, અનંગક્રીડા, પરવિવાહ–એ ચોથાવ્રતનાં અતિચાર છે.

ઇત્વર એટલે અલ્પ, અલ્પકાળ માટે રાખેલ જે સ્ત્રી (રખાત) તે ઇત્વરપરિગૃહિતા કહેવાય. અહિં કાળ શબ્દનો લોપ થયેલ છે. અથવા ઇત્વરી એટલે દરેક પુરુષ પાસે જનારી સ્ત્રી એટલે વેશ્યા. તેને કેટલાક ટાઇમ માટે ભાડેથી રાખીને ભોગવે તે ઇત્વરપરિગૃહિતા અતિચાર કહેવાય. તે વ્રતધારી–એમ વિચારે કે ભાડુ આપવાથી થોડા ટાઇમ માટે મારી સ્ત્રી રૂપે હોવાથી ભોગવવાથી વ્રતભંગ નથી. એમ વ્રત સાપેક્ષતાની બુદ્ધિ છે. થોડા ટાઇમ માટે જ રાખેલ હોવાથી વાસ્તવિકપણે પરસ્ત્રી જ છે. માટે વ્રતભંગ એમ ભંગાભંગ રૂપ હોવાથી ઇત્વરપરિગૃહિતાને સેવવાથી અતિચાર લાગે. ૨. અપરિગૃહીતા એટલે બીજાની ભાડે રાખેલ વેશ્યા, પ્રોષિત ભર્તૃકા, કુલટા, કુલાંગના, અનાથ, એવી સ્ત્રીઓને જે ભોગવવી તે અતિચાર. આ બંને અતિચારો સ્વદારાસંતોષીને છે. પરંતુ પરદારા ત્યાગીને નહિ. કેમકે ઇત્વરપરિગૃહિતા વેશ્યારૂપ હોવાથી અને અપરિગૃહિતા અનાથ હોવાથી પરદારાપણું તેમાં ઘટતું નથી માટે બાકીના જે અતિચારો છે તે સ્વદારા સંતોષી અને પરદારા ત્યાગી બંનેને છે. એવો પૂજ્ય હરિભદ્રસૂરીજીનો મત છે.

તે જ વાત આવશ્યકસૂત્રમાં આ પ્રમાણે કહી છે. સ્વદારાસંતોષીએ આ પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ.

બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે. ઈત્વરપરિગૃહિતાસેવન એ સ્વદારાસંતોષીનો આગળ વ્યાખ્યા કરી તે પ્રમાણે અતિચાર છે. અપરિગૃહિતાસેવન તો પરદારા ત્યાગીનો અતિચાર છે. કેમકે વેશ્યા અપરિગૃહા છે. જ્યારે તેને બીજાએ ભાડે રાખી હોય અને તેને સેવે ત્યારે પરદારાગમનનો દોષ સંભવે છે. કથંચિત્ પરદારા થતી હોવાથી વ્રત-ભંગ રૂપે છે અને વેશ્યા હોવાથી વ્રત અભંગ છે. માટે ભંગાભંગ રૂપ હોવાથી અતિચાર.

બીજાઓ વ્રત જુદી રીતે કહે છે. જેમકે પરદારાત્યાગીને પાંચ અને સ્વદારાસંતોષીને ત્રણ અતિચારો છે. સ્ત્રીને પાંચ અથવા ત્રણ અતિચારો જાણવા. એની વિચારણા આ પ્રમાણે છે.

૧. અલ્પકાળ માટે બીજાએ ભાડે રાખેલ વેશ્યાને સેવે તો પરદારાત્યાગીને વ્રત ભંગ છે. કેમકે કથંચિત્ પરદારારૂપ હોવાથી અને લોકમાં વેશ્યા પરદારારૂપે ગણાતી ન હોવાથી ભંગ નથી માટે ભંગાભંગરૂપ હોવાથી અતિચાર છે.

૨. અનાથ કે કુલાંગનારૂપ અપરિગૃહિતાનું જે સેવન તે પરદારાત્યાગીને અતિચાર છે. કલ્પનાથી તે સ્ત્રી પતિ વગરની હોવાથી પરદારાપણું તેમાં નથી માટે ભંગ નથી અને લોકમાં પરદારાપણે મનાતી હોવાથી ભંગ છે માટે ઉપર પ્રમાણે અતિચાર.

બાકીનાં ત્રણે અતિચારો બંનેને હોય છે. સ્ત્રીઓને તો સ્વપુરુષસંતોષ અને પરપુરુષ વર્જનરૂપ ભેદ નથી. સ્વપુરુષ છોડીને બીજા બધા પુરુષો પરપુરુષો છે.

પ્રશ્ન:–અન્ય વિવાહ વગેરે કરનાર સ્ત્રીને ત્રણ અતિચાર સ્વદારાસંતોષીની જેમ સ્વપુરુષ વિષયક હોય પણ પાંચ અતિચાર શી રીતે ?

ઉત્તર:–પહેલો અતિચાર તો જ્યારે પોતાનો પતિ વારાનાં દિવસોમાં શોક વડે ગૃહિત છે, ત્યારે તે શોકનાં વારાનો લોપ કરી પોતે ભોગવે તો અતિચાર. બીજો અતિક્રમ વગેરે દ્વારા પરપુરુષ તરફની ઈચ્છા કરતાં અતિચાર, અથવા બ્રહ્મચારીણી વડે પણ પોતાના પતિના તરફ અતિક્રમાદિ વડે ઈચ્છા કરતાં અતિચાર. બાકીનાં ત્રણ સ્ત્રીઓને પૂર્વની જેમ.

૩. કામ એટલે ભોગવિષયક તીવ્ર અભિલાષ એટલે બીજુ બધું કામ છોડી એક ભોગના ધ્યાનવાળા થવું તે તીવ્રભોગાભિલાષ. સ્ત્રીનાં મોઢા, બગલ, યોનિ વગેરેમાં અતૃપ્તપણે પ્રજનન નાંખી લાંબા ટાઈમ સુધી મડદાની જેમ પડી રહેવું. ચકલો જેમ ચકલીને વારંવાર સેવે તેમ સ્ત્રીને પણ સેવે.

૪. અનંગ એટલે કામ. પુરુષ, સ્ત્રી–પુરુષ–નપુંસકને સેવવાની ઈચ્છા કે હસ્ત કર્મ વગેરેની જે ઈચ્છા તે, સ્ત્રીને પણ પુરુષ, નપુંસક, સ્ત્રી સેવવાની ઈચ્છા કે હસ્તકર્મ વગેરેની ઈચ્છા તથા નપુંસકને પણ પુરુષ, સ્ત્રી કે નપુંસકને સેવવાની ઈચ્છા કે હસ્ત કર્મની ઈચ્છા. તેના લિંગ વડે કે તેમાં (લિંગમાં) જે ક્રીડા તે અનંગક્રીડા.

પોતાના લિંગવડે કૃતકૃત્ય હોવા છતાં પણ સ્ત્રીનાં અવાચ્ય ભાગને વારંવાર મર્દન કરે, વાળ ખેંચે, પ્રહાર કરે, દાંત નખ વગેરેને કદર્થના કરવા વડે મોહનીયકર્મનાં આવેશપૂર્વક એવી રમત કરે કે જેથી પ્રબળ રાગ ઉત્પન્ન થાય અથવા અંગ એટલે દેહ–શરીર પણ મૈથુન અપેક્ષાએ યોનિ અને લિંગ તેના સિવાયનાં અંગોથી સ્તન, વાળ, પેટ, મોઢું વગેરે પર ક્રીડા કરવી.

અહિં શ્રાવક અતિ પાપભીરૂ હોવાથી બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છાવાળો હોય, છતાં પણ વેદોદયને નહિ સહી શકવાથી બ્રહ્મચર્ય ન પાળી શકાય તો વાસના શાંત થાય એટલા પૂરતું જ સ્વદારાસંતોષ વગેરેને સ્વીકારે. ફક્ત મૈથુન માત્રથી જ શાંતિ થતી હોય તો તીવ્રકામાભિલાષરૂપ અનંગક્રિડાનો તો વાસ્તવિકપણે નિષેધ છે, કેમકે તે સેવવામાં કોઈ લાભ નથી પરંતુ ક્ષય વગેરે રોગોની સંભાવના છે. એ રીતે નિષેધ કરેલને આચરવાથી વ્રતભંગ અને મૈથુન ત્યાગરૂપ પોતાના વ્રત પાલનથી અભંગ એટલે ભંગાભંગરૂપ હોવાથી અતિચાર.

બીજા આચાર્યો બીજી રીતે પણ આ બે અતિચારો વિચારે છે કે, સ્વદારાસંતોષી કહે કે મેં તો સંભોગનું જ પચ્ચક્ખાણ કર્યું છે. એમ માનીને પોતાની કલ્પનાથી વેશ્યા વગેરેની સાથે સંભોગ છોડે. આલિંગન વગેરે કરે, અહિં પણ કથંચિત્ વ્રત સાપેક્ષપણું હોવાથી અતિચાર છે.

૫. પોતાના સંતાન સિવાય કન્યાદાનનાં ફળની ઇચ્છાથી અથવા સ્નેહ સંબંધથી અન્યનાં સંતાનોને પરણાવવા તે પરવિવાહકરણ કહેવાય છે. અહિં સ્વદારાસંતોષીને પોતાની સ્ત્રી સિવાય અને પરદારાત્યાગીને પોતાની અને વેશ્યા સિવાયની સ્ત્રી સાથે મન–વચન–કાયાથી મૈથુન કરવું નહિ અને કરાવવું નહિ એવું વ્રત હોય છે. અને પરવિવાહકરણ તો મૈથુનનું કારણ છે માટે પરવિવાહકરણ સ્વદારાસંતોષી અને પરદારા-ત્યાગીને ત્યાગ જ થાય છે. મૈથુન ત્યાગી માને કે હું લગ્ન જ કરાવું છું. પણ મૈથુન નથી કરાવતો–એમ વ્રત સાપેક્ષપણું હોવાથી અતિચાર. સમ્યગ્દૃષ્ટિને કન્યાદાનનાં ફળની ઇચ્છા અપરિપક્વ અવસ્થામાં જ હોય છે અને મિથ્યાદૃષ્ટિને ભદ્રક અવસ્થામાં ઉપકાર માટે વ્રત આપવા તે સંભવે છે.

પ્રશ્નઃ–પરસંતાન વિવાહની જેમ સ્વસંતાન વિવાહમાં પણ દોષ તો સરખો છે તો પછી પરવિવાહ ત્યાગ શા માટે ?

ઉત્તરઃ–આ વાત સાચી છે, પણ જો પોતાની કન્યા વગેરેનો વિવાહ ન કરે તો સ્વછંદાચારી થઈ જાય, તેથી શાસન અપભ્રાજના થાય છે. વિવાહ કરવાથી પતિ વગેરેનાં નિયંત્રણથી સ્વેચ્છાચારી ન થાય. બીજાઓએ પણ કહ્યું છે કે,

સ્ત્રીની કુમાર અવસ્થામાં પિતા રક્ષા કરે. યુવાવસ્થામાં પતિ અને વૃદ્ધાવસ્થામાં

પુત્ર રક્ષા કરે છે. એટલે સ્ત્રી સ્વતંત્રતાને યોગ્ય નથી.' જો કે યાદવ શિરોમણી કૃષ્ણ મહારાજા, ચેટક મહારાજા વગેરેને પોતાના સંતાનોનાં પણ વિવાહનો નિયમ હતો પણ તે બીજા વિવાહની ચિંતા કરનાર હોવાથી હોઇ શકે એમ જાણવું. આમ ચોથા વ્રતના આ પાંચ અતિચારો છે. (૨૭૭)

પાંચમા વ્રતના અતિચારઃ–

જોએઇ ખેત્તવત્થૂણિ ૧ રુપ્પકણયાઇ દેઇ સયણાણં ૨ ।
ધણધન્નાઇ પરઘરે બંધઇ જા નિયમપજ્જંતો ૩ ॥૨૭૮॥

દુપયાઇઁ ચઉપ્પયાઇઁ ગબ્ભં ગાહેઇ ૪ કુપ્પસંખં ચ ।
અપ્પધણં બહુમોલ્લં ૫ કરેઇ પંચમવ્વએ દોસા ॥૨૭૯॥

૧. ખેતર–ઘર એકઠા કરે, ૨. સોનું–રૂપુ સ્વજનોને આપી દે, ૩. નિયમ ઉપરાંત ધન–ધાન્યને બીજાનાં ઘરે રાખે, ૪. દ્વિપદ–ચતુષ્પદના ગર્ભને ગ્રહણ કરાવે, ૫. કુપ્ય સંખ્યાને અલ્પકિંમતવાળીને ઘણી કિંમતવાળી કરે –એ પાંચમા વ્રતનાં અતિચારો છે.

ધન–ધાન્યાદિ વસ્તુરૂપ નવપ્રકારનાં પરિગ્રહપરિમાણરૂપ પાંચમા વ્રતનાં અતિચારો આ પ્રમાણે જાણવા.

૧. ખેતર–જમીનને ભેગા કરવા. ખેતર એટલે જેમાં અનાજ પાકે તેવી જમીન. તે ત્રણ પ્રકારની છે. સેતુ–કેતુ અને ઉભયરૂપ. જેમાં રેંટ વગેરે દ્વારા પાણી સીંચાય તે સેતુ. જેમાં વરસાદનાં પાણીથી અનાજ પાકે તે કેતુ. અને જેમાં રેંટ વગેરે અને વરસાદનાં પાણીથી ખેતી થાય તે ઉભય ખેતર કહેવાય.

વાસ્તુ–ઘર–દુકાન–ગામ–નગર વગેરે. ઘર ત્રણ પ્રકારે છે. ભોંયરા વગેરેવાળું ઘર તે ખાત કહેવાય. માળવાળું ઉચ્છિત અને ભોંયરા અને માળવાળું ઘર તે ખાતોચ્છિત કહેવાય.

જેમ કોઈ પરિગ્રહ વ્રતધારીએ એક ખેતર પરિગ્રહમાં રાખ્યું છે. હવે બાજુમાં રહેલાએ તેને પોતાનું ખેતર આપ્યું, ત્યારે તે પોતાના નિયમનાં ભંગની શકયતા હોવાથી બીજાએ આપેલ ખેતરને પોતાના ખેતર સાથે એવી રીતે જોડી દે, કે જેથી બે ખેતર એક જ ખેતર લાગે–એ પ્રમાણે બીજાએ આપેલ ઘર વગેરેને પણ ભીંત વગેરે દૂર કરી પોતાના ઘર વગેરે સાથે મેળવી એક કરે તો તે અતિચાર છે.

૨. ચાર માસ વગેરે કારણે મર્યાદાપૂર્વક સોનારૂપાનું જે પરિમાણ ગ્રહણ કર્યું હોય, તેનાથી વેપાર વગેરે દ્વારા અધિક થઈ જાય, ત્યારે મારો નિયમ ન ભાંગે અને

બીજે ક્યાંય જતું ન રહે તથા નિયમ પૂરો થશે ત્યારે હું લઈ લઇશ –એમ વિચારી પોતાના સગાવ્હાલાને આપે, તે વ્રત સાપેક્ષપણાની બુદ્ધિ હોવાથી અતિચાર કહેવાય.

૩. ધન–અનાજ વગેરે પોતાના નિયમ ઉપરાંત થાય એટલે બીજાનાં ઘરે પોતાના નિયમના સમય સુધી મૂકી રાખે.

ધન ચાર પ્રકારે છે. ૧. જાયફળ, ફોફળ વગેરે ગણિમ, ૨. કંકુ, ગોળ વગેરે ધરિમ, ૩. ઘી–તેલ વગેરે ચોપડવાનું મેય, ૪. રત્ન–વસ્ત્ર વગેરે પરિચ્છેદ્ય.

ધાન્ય સત્તર પ્રકારે છે. વ્રિહી, ડાંગર, જવ, મસુર, ઘઉં, મગ, અડદ, તલ, ચણા, કોદરા, મઠ, શાલી, ચોળા, વાલ, શણ, અણુ, પ્રિયંગુ.

પહેલાં લીધેલ ધન ધાન્યનાં નિયમવાળો, કોઈ કોઇની પાસેથી મળેલ ધન–ધાન્ય વગેરેને હાલમાં મારે ત્યાં લઈ જઇશ, તો નિયમ ભંગ થશે માટે જુનો માલ વેચાઈ જાય પછી કે નિયમ પૂરો થયા પછી લાવીશ. આમ વિચારી વચનબદ્ધ થવાપૂર્વક કે મૂઢપ્રા વગેરેનાં બંધનપૂર્વક અથવા બાનું વગેરે આપવાપૂર્વક તેના જ ઘરમાં તે મૂકી રાખે તો અતિચાર લાગે.

૪. જેને બે પગ હોય તે દ્વિપદ. જેમકે સ્ત્રી, અંતઃપુર, દ્વાસ-દાસી-નોકર–સૈનિક વગેરે. તથા હંસ–મયૂર–કૂકડો–પોપટ–સારસ–ચકોર–કબુતર વગેરે. જેને ચાર પગ હોય તે ચતુષ્પદ. જેમકે ગાય, ભેંસ, બકરા, ઘેટા, ઊંટ. ગધેડા, હાથી, ઘોડા વગેરે તે–દ્વિપદ અને ચતુષ્પદનો ગર્ભધારણ કરાવે. જેમ કોઇકે દ્વિપદ–ચતુષ્પદ પરિમાણનો એક વર્ષ માટે નિયમ કર્યો હોય, તેને વર્ષની અંદર પ્રસૂતિ થવાથી દ્વિપદ વગેરેની વૃદ્ધિ થવાથી વ્રતભંગ થશે–એવી બીકથી કેટલોક ટાઈમ ગયા પછી ગર્ભ ધારણ કરાવે. ગર્ભમાં દ્વિપદ વગેરેનાં સદ્ભાવથી વ્રતભંગ અને બહાર ન હોવાથી વ્રતને અભંગ. એમ ભંગા-ભંગ રૂપ અતિચાર.

૫. કુપ્ય એટલે સોનુ–રૂપું છોડીને કાંસુ, લોઢું, તાંબુ, સીસુ, વાંસ, વિકાર, સાદડી, માચડી, માંચા, મંથાન, ત્રાજવું, રથ, ગાડી, હળ, માટીનાં વાસણો વગેરે ઘર વખરીની સંખ્યા (પરિમાણ) ને અલ્પધનવાળી હોય તે બહુમૂલ્યવાળી કરે.

જેમકે થાળી વગેરે ઘરવખરી નિયમ ઉપરાંત કંઇક અધિક થાય, ત્યારે અલ્પ મૂલ્યવાળી થાળી વગેરે બીજી થાળી વગેરે સાથે ભેળવી ઘણા મૂલ્યવાળી કરે જેથી નિયમ ન ભાંગે. એ પ્રમાણે પર્યાયાંતર કરીને નિયમ ઉપરાંત સંખ્યા ન થવા દ્વારા સંખ્યા અખંડ રાખવારૂપ પાંચમો અતિચાર. આ પાંચમા વ્રતનાં અતિચારો છે. (૨૭૮–૨૭૯)

પાંચ અણુવ્રતોનાં પાંચ પાંચ અતિચારો કહ્યા. હવે ગુણવ્રતોનાં અતિચાર કહે છે. તેમાં પહેલાં દિશાપરિમાણરૂપ ગુણવ્રતનાં અતિચાર કહે છે.

છટ્ઠા વ્રતનાં અતિચાર :-

तिरियं अहो य उड्ढं दिसिवयसंखाअइक्कमे तिन्नि ।
दिसिवयदोसा तह सइविम्हरणं खित्तवुड्ढी य ॥ २८० ॥

૧. તિર્ચ્છા, ૨. અધો, ૩. ઉર્ધ્વ દિશાનું જે પરિમાણ હોય, તેને ઉલ્લંઘન કરવું તે અતિચાર, ૪. પરિમાણ ભૂલી જાય, ૫. ક્ષેત્રવૃદ્ધિ કરવી. એ દિશાવ્રતનાં પાંચ અતિચારો છે.

૧. તિર્ચ્છું, ૨. નીચે અને ૩. ઉપર જે પ્રમાણ ધાર્યું હોય, તેનું ઉલ્લંઘન કરવું.—એ દિશાવ્રતનાં ત્રણ અતિચારો છે. ૪. સ્મૃતિ વિસ્મરણ અને ૫. ક્ષેત્રવૃદ્ધિ—એમ પાંચ અતિચાર.

૧. તિર્ચ્છિ, પૂર્વ વિગેરે દિશાઓમાં, ૨. નીચે અધોગ્રામ; ભોંયરા, કૂવા વગેરેમાં, ૩. ઊંચે પર્વત, ઝાડની ટોચ, શિખર વગેરે પર જેટલા ભાગનો જેટલું પ્રમાણ ધાર્યું હોય, નિયમ કર્યો હોય, તેનું ઉલ્લંઘન કરવું. આ ત્રણે અતિચારો અનાભોગથી અતિક્રમ કે વ્યતિક્રમથી થાય તો જ અતિચાર છે. બીજી રીતે તો વ્રત ભંગ જ થાય છે.

અતિક્રમ વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

आहा कम्म निमंतण पडिसुणमाणे अइक्कमो होइ ।
पयभेयाइ वइक्कम गहिए तइएयरो गिलिए ॥ १ ॥

૧. જેમ કોઈ સાધુને આધાકર્મી આહારનું કોઈ આમંત્રણ આપે, અને તે સાંભળે તો અતિક્રમ થાય. ૨. લેવા માટે ચાલવા માંડે તો વ્યતિક્રમ. ૩. ગ્રહણ કરવાથી અતિચાર. ૪. તે આહાર ખાવાથી અનાચાર થાય છે.

અહિં ચૈત્ય કે સાધુને વંદન માટે ઉર્ધ્વ વગેરે દિશાના પ્રમાણનાં નિયમ ઉપરાંત ઇર્યાસમિતિનાં ઉપયોગપૂર્વક સાધુની જેમ આગળ જાય તો વ્રતભંગ ન થાય.

૪. અતિવ્યાકુલતાથી, પ્રમાદથી કે બુદ્ધિની અપટુતાથી દિશાના પરિમાણરૂપ સો યોજન વગેરેના નિયમની સ્મૃતિને ભૂલી જાય. જેમકે કોઇએ પૂર્વદિશામાં સો યોજનરૂપ દિશાપરિમાણ ધાર્યું છે. જવાના વખતે સ્પષ્ટ યાદ આવતું નથી કે મેં સો યોજન ધાર્યા છે કે પચાસ યોજન ? તેને પચાસ યોજન ઉપર જાય, તો અતિચાર લાગે. કેમકે વ્રતસાપેક્ષતા હોવાથી. અને સો યોજન ઉપર જાય, તો વ્રતભંગ થાય છે. કારણ કે વ્રતનિરપેક્ષતા છે. માટે ગ્રહણ કરેલ વ્રતને વારંવાર યાદ કરવું જોઇએ. સર્વ અનુષ્ઠાનો સ્મૃતિમૂલક છે. આ વાત બધા વ્રતોમાં જાણવી.

૫. પૂર્વ વગેરે દિશામાં પ્રમાણ થોડું હોય, તો તેમાં પશ્ચિમ વગેરે દિશાનું જે પ્રમાણ ઉમેરી મોટું કરે તે ક્ષેત્રવૃદ્ધિ કહેવાય. તે આ પ્રમાણે કોઇકે પૂર્વ—પશ્ચિમ આદિ દરેક દિશામાં સો સો યોજનનું પ્રમાણ ધાર્યું હોય અને તે દરમ્યાન કોઇક કાર્ય પ્રસંગ

ઉત્પન્ન થાય, તો એક દિશામાં નેવું યોજન કરી બીજીમાં એકસો દશ યોજન કરે. બંને પ્રકારે બસો યોજનરૂપ પ્રમાણ અખંડ રહે છે. એક તરફ ક્ષેત્ર વધારતા વ્રત સાપેક્ષપણાથી અતિચાર. જો અનાભોગથી ક્ષેત્ર પ્રમાણનું ઉલ્લંઘન થયું હોય, તો પાછા ફરી જવું. જાણ્યા પછી આગળ ન જવું અને બીજાને મોકલવો નહિ. અજાણતા જો ગયા હોય, તો તેને જે કંઈ મેળવ્યું અથવા પોતે ભૂલી ગયા હોય અને જે કંઈ મેળવ્યું હોય તો તે છોડી દેવું. (૨૮૦)

સાતમા વ્રતનાં અતિચાર:—

अप्पक्कं दुप्पक्कं सचित्तं तह सचित्तपडिबद्धं ।
तुच्छोसहिभक्खणयं दोसा उवभोगपरिभोगे ॥२८१॥

અપક્વ, દુષ્પક્વ, સચિત્ત-અચિત્ત પ્રતિબદ્ધ, તુચ્છૌષધિ ભક્ષણ—પાંચ અતિચારો ઉપભોગપરિભોગમાં છે.

શ્રાવક પ્રાયઃ નિરવદ્યાહારપૂર્વક ભોજન કરે છે. આથી તેની અપેક્ષાએ યથા યોગ્ય અતિચારો જાણવા.

૧. અપક્વ એટલે અગ્નિ આદિનાં સંસ્કાર વગર જે શાલી—ઘઉં વગેરે અનાજ અનાભોગ કે અતિક્રમ વગેરેથી ખાય તો અતિચાર.

પ્રશ્ન:—અપક્વ અનાજ જો સચિત્ત ન હોય, તો સચિત્ત નામનાં ત્રીજા અતિચારમાં જ સમાવેશ થઈ જાય છે. માટે જુદુ ગણવાની જરૂર રહેતી નથી. અને અચેતન હોય, તો નિરવદ્યાહારનાં ભક્ષણથી અતિચાર શી રીતે ?

ઉત્તર:—સાચી વાત છે. પરંતુ ત્રીજો ચોથો અતિચાર સચિત્ત, કંદમૂળ, ફળ વિષયક છે. જ્યારે પહેલો—બીજો અતિચાર શાલિ વગેરે અનાજ વિષયક છે. એમ વિષયકૃત ભેદ છે. આથી જ આવશ્યકસૂત્રમાં પણ અપક્વ ઔષધિ ભક્ષણરૂપ અતિચાર ગણાવ્યો છે. લોટમાં કણીયા વગેરે અપક્વરૂપે હોવાથી સચિત્તાવયવરૂપે સંભવે છે. અને લોટરૂપે અચેતન છે. એવી બુદ્ધિથી વાપરતા વ્રતસાપેક્ષતા હોવાથી અતિચાર કહેવાય.

૨. દુષ્પક્વ એટલે મંદપક્વ કે જે અર્ધ સીઝેલ છૂટા કરેલ ચોખા, જવ, ઘઉં, સ્થૂલમાંડા, કંકોડા વગેરે, પક્વફળ વગેરે જે ખાતા નુકશાન થાય અને તે જેટલા અંશે સચિત્ત હોય, તેટલા અંશે પરલોકને પણ નુકશાન કરે. પૃથુક (પૌંઆ) વગેરે દુષ્પક્વપણાથી સચેતનપણાનો સંભવ હોય છે અને પક્વપણાથી અચેતનપણાની બુદ્ધિથી ખાય તો અતિચાર.

૩. ચેતના યુક્ત જે હોય તે સચિત્ત કહેવાય. આહારલાયક કંદમૂળ ફળ વગેરે અથવા પૃથ્વીકાય વગેરે. અહિં ત્યાગ કરેલ વિષયમાં પ્રવૃત્તિ થવાથી ભંગ થવા છતાં પણ વ્રતસાપેક્ષતા, અનાભોગ, અતિક્રમ વગેરેનાં કારણે પ્રવૃત્તિ થવાથી અતિચાર જાણવો.

જેમકે અડધા કુટાયેલા ચિંચિણીનાં પાંદડા અને અર્ધ ઉકાળેલું ગરમ પાણી વાપરનારને આ અતિચાર જાણવો.

૪. સચિત્તપ્રતિબદ્ધ એટલે સચિત્ત ઝાડ વગેરે સાથે લાગેલ ગુંદર અથવા પાકા ફળ વગેરે. જેમાં સચિત્ત બીજ અંદર હોય એવી ખજૂર, કેરી વગેરેનો જે આહાર તે સચિત્તત્યાગીને અનાભોગથી સાવદ્યાહારની પ્રવૃત્તિરૂપ હોવાથી અતિચાર છે. જેમકે સચિત્તબીજને હું છોડી દઉં છું અને અચિત્ત ગળને હું ખાઉં છું આવી બુદ્ધિપૂર્વક ખજૂર વગેરે મોઢામાં નાખે, તો સચિત્તત્યાગીને સચિત્ત પ્રતિબદ્ધ ખાવાનો અતિચાર લાગે છે.

૫. તુચ્છૌષધિભક્ષણ એટલે અસાર અનિષ્પન્ન કુમળી (તૈયાર ન થયેલ કોમળ) મગ વગેરેની ફળી તેનું જે ભક્ષણ.

પ્રશ્ન :–તુચ્છૌષધિઓ અપક્વ છે કે દુષ્પક્વ છે કે સમ્યક્પક્વ છે ? જો તે અપક્વ દુષ્પક્વ હોય તો પહેલાં–બીજા અતિચારમાં તેનો સમાવેશ થઈ જાય છે. માટે પુનરુક્તતા દોષનો પ્રસંગ આવે છે. જો સમ્યક્પક્વ હોય, તો નિરવદ્યાહાર હોવાથી તેને ખાવામાં અતિચાર શી રીતે ?

ઉત્તર :–સાચી વાત છે. પરંતુ જેમ અપક્વતા દુષ્પક્વતાનો અને સચિત્ત અને સચિત્તપ્રતિબદ્ધતા સચિત્તપણામાં સમાન હોવા છતાં પણ ઔષધિ–અનૌષધિકૃત વિશેષતા છે. તેમ અહિં પણ સચેતનપણું અને ઔષધિપણું સમાન હોવા છતાં પણ તુચ્છ અને અતુચ્છરૂપ ભેદ જાણવો.

કોમળ મગ વગેરેની ફળી વિશિષ્ટ તૃપ્તિકર ન હોવાથી તુચ્છસચેતન છે. તેને અનાભોગથી કે અતિક્રમાદિથી ખાતા તુચ્છૌષધિ ભક્ષણ નામનો અતિચાર લાગે છે. અથવા અત્યંત પાપ ભીરૂપણાથી જેને સચિત્ત આહારનો નિયમ કર્યો હોય, તેને જે તૃપ્તિકારક હોય તે અચેતન કરી ખાય. કેમકે તેને સચિત્તનો ત્યાગ કર્યો છે, હવે જો તૃપ્તિકર ન હોય તેવી ઔષધિ લોલુપતાથી પણ અચિત્ત કરીને ખાય તેને તુચ્છૌષધિ ભક્ષણનો અતિચાર લાગે છે, ત્યાં ભાવથી વિરતિની વિરાધના કરી છે. અને દ્રવ્યથી પાલના કરી છે. એ પ્રમાણે રાત્રી–ભોજન, માંસ વગેરેનાં ત્યાગરૂપ વ્રતોમાં અનાભોગ અતિક્રમ વગેરે અતિચારો વિચારવા. આ પાંચ અતિચારો ઉપભોગપરિભોગ વ્રતમાં છે.

તત્ત્વાર્થમાં ૧ સચિત્ત, ૨ સચિત્તસંબદ્ધ, ૩ સંમિશ્ર, ૪ અભિષવ, ૫ દુષ્પક્વાહાર–એ પાંચ અતિચારો જણાવેલા છે. તેમાં સચિત્ત, સચિત્તસંબદ્ધ, દુષ્પક્વાહાર એ ત્રણ અતિચાર ઉપર કહ્યા પ્રમાણે જાણવા.

સંમિશ્ર એટલે સચિત્ત સાથે મિશ્ર થયેલ શબલ આહાર, જેમ દાડમનાં દાણા સાથે કરંબો વગેરે મિશ્રિત થયેલ હોય, પૂરણ વગેરે તલ અથવા ગોળધાણા સાથે મિશ્રિત થયા હોય. આ પણ અનાભોગપણે કે અતિક્રમ વગેરેથી વાપરે તો અતિચાર

લાગે. અથવા જે દળાયેલ લોટ વગેરેનાં અપક્વ કણીયા વગેરેમાં સચિત્ત અવયવનો સંભવ હોવાથી તેનો અચિત્તરૂપે જે આહાર કરાય, તે સંમિશ્રઆહાર. વ્રતની સાપેક્ષતા હોવાથી અતિચાર લાગે. અભિષવ એટલે અનેક ચીજો મેળવવાથી ઉત્પન્ન થયેલ દારૂ, કાંજી, માંસનાં પ્રકારો, ખાંડ, મધ વગેરે તથા ઝરતા ઝાડનાં દ્રવ (રસ) નો ઉપયોગ તે અભિષવ. આ પણ સાવદ્યાહારનાં ત્યાગીને અનાભોગ કે અતિક્રમ વગેરેથી અતિચાર લાગે. (૨૮૧)

આઠમા વ્રતના અતિચાર :-

कुक्कुइयं मोहरियं भोगुवभोगाइरेग कंदप्पा ।
जुत्ताहिगरणमेए अइयाराऽणत्थदंडवए ॥ २८२ ॥

કૌકુચ્ય, મૌખરિક, ભોગોપભોગાતિરેક, કાંદર્પિક, યુક્તાધિકરણ-આ અનર્થદંડનાં અતિચારો છે.

૧. જે [1]કુત્સિતપણે ભ્રમર, આંખ, હોઠ, નાક, હાથ, પગ, મોઢાનાં વિકારોથી કુચેષ્ટા કરે તે કુત્કુચ કહેવાય, તેનો ભાવ કૌત્કુચ્ય કહેવાય. અથવા ભાંડની જેમ અનેક પ્રકારનાં સંકોચન વગેરે વિકારો કરવા તે કૌત્કુચ્ય.

અહિં જે ક્રિયાથી બીજા હસે અને પોતાની લઘુતા થાય તેવા પ્રકારનું બોલવું કે વર્તવું ન કલ્પે. પ્રમાદથી તેવું આચરણ કરે તો અતિચાર.

૨. વિચાર્યા વગર બોલનારો વાચાળ તે મુખર કહેવાય તેનો ભાવ તે મૌખર્ય. વિવેક વગર અસંબદ્ધ ઘણું ઘણું બકબક કરે તેમાં પાપોપદેશનો સંભવ હોવાથી અતિચાર.

૩. એકવાર જે વપરાય તે ભોગ. જેમકે આહાર, ફૂલની માળા, વગેરે. જે વારંવાર ભોગવાય તે ઉપભોગ. જેમકે વસ્ત્ર, સ્ત્રી, વગેરે તે ભોગોપભોગમાં અતિરેક એટલે વધુ પડતો વપરાશ કરવો, તે ભોગોપભોગાતિરેક નામનો અતિચાર છે.

અહિં સ્નાન, ભોજન, પાણી, કુમકુમ, ચંદન, કસ્તૂરી, વસ્ત્ર, આભૂષણ વિગેરેની અધિકતાપૂર્વક જે વાપરવું, તે અનર્થદંડ. અહિં આ પ્રમાણે સામાચારી છે. જો વધુ પડતા તેલ, આમળા, વગેરે લઈ તળાવે નાહવા જાય તો તે તેલ આમળાની લોલુપતાથી ઘણા લોકો તળાવે આવે તેથી પોરા વગેરે અપૂકાય જીવોની વધુ વિરાધના થાય તે શ્રાવકને ન કલ્પે. તેથી સ્નાન બને ત્યાં સુધી ઘરે જ કરવું. ઘેર ન થઈ શકે એમ હોય, તો તેલ આમળા વગેરે ઘરે જ માથા પર ઘસી તેને દૂર કરી તળાવ વગેરેનાં કાંઠે બેસી બોબાથી સ્નાન કરે. જે ફૂલો વગેરેમાં પણ જીવો હોય, તો તે પણ છોડી દે. આ પ્રમાણે બધા વિષયમાં સમજવું.

૪. કંદર્પ એટલે કામ. તેના કારણરૂપ અથવા કામપ્રધાન જે વચન પ્રયોગ કરવો તે કંદર્પ કહેવાય. શ્રાવકે તેવું ન બોલવું કે જેથી પોતાને કે બીજાને મોહનો ઉદય થાય.

---

૧. कुङ् કુત્સા અર્થમાં નિપાત છે.

૫. જેનાથી આત્મા દુર્ગતિનો અધિકારી થાય, તે અધિકરણ. ઉખલ (ખાંડણીયું), રેંટ, ઘંટી વગેરે જોડેલા રાખવા. મુશળ ઉખલ સાથે, હળ ફાળની સાથે, ગાડું ધૂંસરી સાથે, ધનુષ બાણ સાથે વગેરે. એક અધિકરણ બીજા અધિકરણ સાથે જોડવું તે સંયુક્તાધિકરણ. શ્રાવકે સંયુક્ત અધિકરણો ન રાખવા. કેમકે તેનાથી કોઈક હિંસક સંયુક્તાધિકરણ લઈ હિંસા કરે. જો જુદા અધિકરણ રાખ્યા હોય, તો સહેલાઈથી ના પાડી શકાય. અહિં નિષેધિત અનર્થદંડ, અપધ્યાનાચરિત, પ્રમાદાચરિત, હિંસ્રપ્રદાન, પાપકર્મોપદેશ ભેદથી ચાર પ્રકારે છે. માટે તેની વિરતિ પણ ચાર પ્રકારે છે.

તેમાં અપધ્યાનાચરિત વિરતિમાં કૌત્કુચ્ય વગેરે પાંચનું અનાભોગ વગેરેથી જે ચિંતવવું તે અતિચાર, જાણી બુઝીને રસપૂર્વક તેને ચિંતવવું તે ભંગ કહેવાય. પ્રમાદાચરિત વિરતિમાં કૌત્કુચ્ય, કંદર્પ ભોગોપભોગાતિરેકતા કરવાથી અતિચાર, હિંસ્રપ્રદાન વિરતિમાં સંયુક્તાધિકરણથી અતિચાર, પાપકર્મોપદેશ વિરતિમાં મૌખર્યથી અતિચાર. આ અતિચારો અનર્થદંડ વ્રતના છે. (૨૮૨)

ગુણવ્રતનાં અતિચાર કહ્યા. હવે શિક્ષાવ્રતનાં અતિચારો કહે છે.

નવમાં વ્રતના અતિચાર :–

काय १ मणो २ वयणाणं ३ दुप्पणिहाणं सईअकरणं च ४ ।
अणवट्ठियकरणं ५ चिय सामइए पंच अइयारा ॥ २८३ ॥

મન-વચન-કાયાનું દુષપ્રણિધાન, સામાયિકનું વિસ્મરણ, અનવસ્થિતકરણ. એ સામાયિક વ્રતનાં પાંચ અતિચારો છે.

પ્રણિધાન એટલે એકાગ્રતા. એકાગ્રતાનો અભાવ તે દુષ્ટ પ્રણિધાન. મન, વચન, કાયાની જે સાવદ્યમાં પ્રવૃત્તિ તે દુષ્પ્રણિધાન. તેમાં શરીરનાં અવયવો હાથ, પગ વગેરેને જેમ તેમ રાખવા, તે કાયદુષ્પ્રણિધાન. ક્રોધ, લોભ, દ્રોહ, અભિમાન, ઈર્ષ્યા વગેરેથી કાર્યમાં રોકાયેલ મન તે મનોદુષ્પ્રણિધાન. અક્ષર સંસ્કારના અભાવથી અને અર્થને જાણ્યા વગર જેમ તેમ વચન બોલવા તે વચનદુષ્પ્રણિધાન. એ ત્રણ અતિચાર. કહ્યું છે કે

પ્રમાદથી જોયા વગર, પ્રમાર્જ્યા વગર, શુદ્ધ જમીન ઉપર બેસતાં ભલે હિંસાનો અભાવ હોવા છતાં પણ તેને સામાયિક કહ્યું નથી. ૧.

સામાયિક કરીને જે શ્રાવક ઘર ચિંતા કરે, આર્ત–રૌદ્ર ધ્યાનવાળો થયો હોય, તો તેનું સામાયિક નિરર્થક છે. ૨.

સામાયિક કરીને પહેલાં બુદ્ધિપૂર્વક વિચારીને નિરવદ્યભાષા બોલે, નહિ તો તેનું સામાયિક નિરર્થક થાય. ૩.

સામાયિક વિષયક સ્મૃતિ ન રાખવી. એટલે મારે સામાયિક કરવાનું છે કે નથી કરવાનું. મેં સામાયિક કર્યું છે કે નથી કર્યું, તેને પ્રબળ પ્રમાદથી યાદ ન કરે તો અતિચાર છે. કેમકે મોક્ષ સાધક અનુષ્ઠાનો સ્મૃતિ મૂલક છે. કહ્યું છે કે પ્રમાદ યુક્ત થઈ જે કયારે સામાયિક કરવાનું છે કે સામાયિક કર્યું છે, કે નથી કર્યું, તે ભૂલી જાય તેનું સામાયિક નિષ્ફળ જાણવું. ૪.

૫. દરરોજ જે નક્કી ટાઈમે સામાયિક કરતા હોય, તે સમયે સામાયિક ન કરવું. અથવા જ્યારે ત્યારે કરવું. સામાયિક પૂરૂં થયા પહેલાં જ પારવું. તેને અનવસ્થિતકરણ કહેવાય. કહ્યું છે કે,

સામાયિક લઈને તરત જ પારે કે ઈચ્છા પ્રમાણે કરે તે અનવસ્થિત સામાયિક કહેવાય. તે અનાદરથી થતું હોવાથી શુદ્ધ નથી. આમાં પહેલા ત્રણ અતિચારો અનાભોગ વગેરેથી થાય તો અતિચાર. નહિ તો વ્રતભંગ છે અને છેલ્લા બે પ્રમાદ બહુલતાનાં કારણે અતિચાર. આ સામાયિક વ્રતનાં પાંચ અતિચારો કહ્યા. (૨૮૩)

દશમા વ્રતનાં અતિચાર :-

आणयणं १ पेसवणं २ सद्दणुवाओ य ३ रूवअणुवाओ ४ ।
बहिपोग्गलपक्खेवो ५ दोसा देसावगासस्स ॥ २८४ ॥

આનયન, પ્રેષણ, શબ્દાનુપાત, રૂપાનુપાત, બહિર્પુદ્ગલ પ્રક્ષેપ-એ પાંચ અતિચાર દેશાવગાસિકવ્રતના છે.

દિગ્વ્રત એટલે દિશા સંબંધી વ્રતને જ દેશાવગાસિક કહેવાય છે. એમાં આ વિશેષતા છે, કે દિગ્વ્રત યાવજ્જીવ, વાર્ષિક, ચારમાસ સંબંધી હોય છે. જ્યારે દેશાવગાસિક દિવસ, પ્રહર, મુહૂર્ત વગેરે પ્રમાણનું હોય છે. તેના પાંચ અતિચારો આ પ્રમાણે છે.

૧. આનયન=વિવક્ષિત ક્ષેત્રની બહાર રહેલ સચિત્ત વિગેરે પદાર્થને વિવક્ષિત ક્ષેત્રમાં લવડાવવું, હું જાતે જાઉં તો મારુ વ્રત ભાંગે એવી બુદ્ધિથી નોકર વગેરે દ્વારા સચેતન પદાર્થ લવડાવે, તો આનયન નામનો પ્રથમ અતિચાર.

૨. પ્રેષણ=મોકલવા યોગ્ય ચીજને નોકર વગેરે દ્વારા મોકલાવવા માટેની પ્રવૃત્તિ, 'પોતે જાતે જાય તો મારુ વ્રત ભાંગે' તેથી તે પ્રમાણે ન થાય-એ પ્રમાણેની બુદ્ધિથી પોતાના નિયમિત પ્રદેશની બહાર બીજાને કામ કરવા માટે મોકલે, તો પ્રેષણ અતિચાર લાગે. કેમકે ગમન-આગમન (જવું-આવવું) આદિ ક્રિયાથી થતી પ્રાણીની વિરાધના ન થાય એ પ્રમાણેના ઉદ્દેશથી દેશાવગાસિકવ્રત ગ્રહણ કરાય છે. તે વ્યક્તિ વિરાધના જાતે કરે કે બીજા પાસે કરાવે તેના ફળમાં કાંઈ ફરક રહેતો નથી. ઉલટું પોતે જ જાય તો ઈર્યા-

સમિતિ આદિની વિશુદ્ધિથી લાભ થાય. અને બીજા નોકર વગેરે અજ્ઞાની હોવાથી ઈર્યાસમિતિના અભાવમાં દોષ લગાડે છે.

૩. શબ્દાનુપાત–શબ્દનો અનુપાત તે. પોતાના ઘર, વાડ, કિલ્લા વગેરે ભૂમિનો મર્યાદાપૂર્વક નિયમ કરેલ માણસ કોઈ કારણ ઉભુ થવાથી વ્રત ભંગની બીકથી પોતે ન જતાં પોતાના ઘર, વાડ, કિલ્લા પાસે જઈ ખાંસી, છીંક વગેરે અવાજ કરી અપેક્ષિત વ્યક્તિનાં કાનમાં અવાજ પહોંચાડે છે. તેથી તે વ્યક્તિઓ તે શબ્દના શ્રવણથી તેની પાસે આવે છે, તે શબ્દનુપાત.

૪. રૂપાનુપાત-કારણ ઉત્પન્ન થવાથી વ્યક્તિ શબ્દને બોલ્યા વિના, પોતાના શરીર સંબંધી ચેષ્ટા દ્વારા બીજાની દૃષ્ટિમાં પડે છે અને તેના દર્શન થવાથી તેઓ તેની પાસે આવે છે. આ રૂપાનુપાત નામક અતિચારનો ભાવાર્થ આ પ્રમાણે છે. પોતાના નિયમિત ક્ષેત્રની બહાર રહેલ કોઈ માણસને વ્રત ભંગના ભયથી બોલાવી ન શકતો હોય, ત્યારે પોતાનો અવાજ સંભળાવવા વડે કે પોતાનું રૂપ બતાવવાવડે તેને બોલાવે. તે વખતે વ્રત સાપેક્ષપણુ હોવાથી ત્રીજો અને ચોથો શબ્દાનુપાત અને રૂપાનુપાત અતિચાર થાય છે.

૫. બહિર્પુદ્ગલપ્રક્ષેપ–વિવક્ષિત ક્ષેત્રની બહાર પુદ્ગલ સંબંધી ઢેકુ કે લાકડાના ટુકડા આદિ નાંખે તે પુદ્ગલપ્રક્ષેત્ર નામનો અતિચાર છે. વિશિષ્ટ પ્રદેશનો અભિગ્રહ હોય, ત્યારે નિયમના કારણે આગળ ન જઈ શકે, તેથી બીજાને જણાવવા માટે જ્યારે પથ્થર આદિને ફેંકે છે, ત્યારે તે પથ્થર જોઈ તે વ્યક્તિ તેની પાસે આવે પછી તેની પાસે વ્યાપાર (કામ) કરાવે તો પોતે વિરાધક ન હોવા છતાં તેને પાંચમો અતિચાર લાગે છે.

અહિં પહેલા બે અતિચારો સહસાત્કારથી કે અનિપુણબુદ્ધિથી એટલે (અજ્ઞાનતાથી) થાય છે. જ્યારે છેલ્લા ત્રણ અતિચારો માયાવીપણાથી થાય છે. આ પાંચ દેશાવગાસિક વ્રતના અતિચારો છે.

અહીં વૃદ્ધો આ પ્રમાણે કહે છે–દિગ્વ્રતના સંક્ષેપકરણ પરથી બાકીના વ્રતોનું પણ સંક્ષેપ કરવું જોઇએ. એમ ઉપલક્ષણથી જાણવું. દરેક વ્રતોનો અવશ્યપણે સંક્ષેપ કરવાનો હોવાથી, દરેક વ્રતના સંક્ષેપકરણ નામનો વ્રત થવાથી બાર વ્રતોની સંખ્યામાં વિરોધ આવશે. તેથી કેટલાક કહે છે, કે દિગ્વ્રતનો સંક્ષેપ જ દેશાવગાસિકવ્રત છે. અને તેના અતિચારો દિશાવ્રતના અતિચારાનુસારે મળતા છે.

ઉપર જણાવેલ બાબતમાં કહેવાનું કે જેમ ઉપલક્ષણથી શેષ વ્રત સંક્ષેપકરણ પણ દેશાવકાસિક કહેવાય છે. તેમ ઉપલક્ષણથી જ તેના અતિચારો તે તે વ્રતને અનુસરનારા જ હોય છે. અથવા પ્રાણાતિપાત વગેરે વ્રતોનો સંક્ષેપકરણમાં વધ, બંધ વગેરે જ અતિચારો છે. દિગ્વ્રત સંક્ષેપકરણમાં તો ક્ષેત્રનો સંક્ષેપ કરવાનો હોવાથી પ્રેસ્યપ્રયોગ વગેરે અતિચારો હોય છે. માટે ભેદપૂર્વક બતાવ્યું છે. એથી એમ ન

માનવું કે સર્વ વ્રતના ભેદોમાં વિશેષથી અતિચારો બતાવવા જોઇએ. રાત્રિભોજન વગેરે વ્રત ભેદોમાં તેના અતિચારો બતાવ્યા નથી. (૨૮૪)

અગિયારમાં વ્રતનાં અતિચાર :-

अप्पडिलेहिय १ अपमज्जियं २ च सेज्जाइ ३ थंडिलाणि ४ तहा।
संमं च अणणुपालण ५ मइयारा पोसहे पंच ॥ २८५ ॥

(૧) અપ્રતિલેખિત એટલે અપ્રમાર્જિત શય્યા, (૨) દુષ્પ્રતિલેખિત એટલે દુષ્પ્રમાર્જિત શય્યા, (૩) અપ્રતિલેખિત એટલે અપ્રમાર્જિત સ્થંડિલ, (૪) દુષ્પ્રતિલેખિત એટલે દુષ્પ્રમાર્જિત સ્થંડિલ, (૫) સમ્યક્પાલન ન કરવું તે અનનુપાલન એ પૌષધના પાંચ અતિચારો છે.

[૧]અપ્રતિલેખિત, અપ્રમાર્જિત એ બે વડે દુષ્પ્રતિલેખિત. દુષ્પ્રમાર્જિત પણ ગ્રહણ કરવું.

અપ્રત્યુપેક્ષિતશય્યા–સંથારા આદિ તે પહેલો અતિચાર. અપ્રમાર્જિત, દુષ્પ્રમાર્જિત શય્યા–સંથારા આદિ તે બીજો, અપ્રત્યુપેક્ષિત, દુષ્પ્રત્યુપેક્ષિત ઉચ્ચાર પ્રસ્રવણ વગેરે સ્થંડિલ ભૂમિ તે ત્રીજો. અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રસ્રવણ વગેરે સ્થંડિલ ભૂમિ તે ચોથો.

અપ્રત્યુપેક્ષિત એટલે આંખ વડે બરાબર નહીં જોવાયેલું, દુષ્પ્રત્યુપેક્ષિત એટલે વ્યાકુલ મનથી, ઉપયોગ રહિતપણે જોયેલું. અપ્રમાર્જિત એટલે રજોહરણ, વસ્ત્રના છેડા વગેરે દ્વારા નહીં પુંજેલું. દુષ્પ્રમાર્જિત એટલે અવિધિપૂર્વક ઉપયોગરહિત પણે, રજોહરણ વગેરેથી પુંજેલું.

સામાચારી–પૌષધ=કરનારે પડિલેહણ કર્યા વગરનો સંથારો કે શય્યા કે પૌષધશાળા વાપરવી નહીં. જમીન પર ઘાસનું વસ્ત્ર (સાદડી) કે શુદ્ધ વસ્ત્રનો સંથારો પાથરે. લઘુનિતિ કે વડિનીતિની ભૂમિમાંથી આવી ફરીવાર સંથારાનું પડિલેહણ કરે. ન કરે તો અતિચાર લાગે છે. એ પ્રમાણે પીઠ વગેરેમાં પણ સમજવું.

(૫) પૌષધવ્રતને શાસ્ત્ર મુજબ સારી રીતે સ્થિર ચિત્તપૂર્વક પાલન કરે. જેમકે આહાર–પૌષધ વગેરે ચાર પ્રકારનો પૌષધ લીધા પછી ભૂખ–તરસથી પીડાતો–એ પ્રમાણે વિચારે કે સવારે શાલિ, ભાત, ઘીથી ભરપૂર રસોઇ કરાવીશ. દ્રાક્ષનો રસ વગેરે પીણા કરાવીશ, શરીર સત્કાર પૌષધથી દુઃખી થયેલો–એમ વિચારે કે સવારે સ્નાન, કુંકુંમ વગેરેનું વિલેપન સારી રીતે કરીશ. બ્રહ્મચર્ય પૌષધમાં પૂર્વ ક્રીડિતને યાદ કરે, કામોદ્દીપક વચનો કે ચેષ્ટા કરે. અવ્યાપાર પૌષધમાં પણ મારે આ કરવાનું છે. આ વ્યવહાર

---

૧. નઞ 'કુત્સા' અર્થનો પણ દ્યોતક છે, જેમ કુત્સિત બ્રાહ્મણ અબ્રાહ્મણ કહેવાય.

કરવાનો છે. આ લેવાનું છે. આ આપવાનું છે–આવું વિચારે તો અતિચાર લગાડે છે. એમ આ પાંચ અતિચારો પૌષધવ્રતના છે. (૨૮૫)

૬. બારમા વ્રતનાં અતિચાર :–

सच्चित्ते निक्खिवणं १ सचित्तपिहणं च २ अन्नववएसो ३ ।
मच्छरइयं च ४ कालाईयं ५ दोसाऽतिहिविभाए ॥ २८६ ॥

સચિત્ત પર નિક્ષેપ, સચિત્ત-વિધાન અન્ય વ્યપદેશ, માત્સર્ય, કાલાતિક્રમ-એ અતિથિસંવિભાગ વ્રતના અતિચારો છે.

૧. સચિત્ત–સાધુને આપવા યોગ્ય ભોજનાદિને ન આપવાની બુદ્ધિથી સચિત્ત પૃથ્વી–સચિત્ત પાણીનો ઘડો, અગ્નિના ચુલા અથવા અનાજ ઉપર મૂકે તે સચિત્ત નિક્ષેપ નામનો અતિચાર. તુચ્છ બુદ્ધિથી વિચારે કે મેં નિયમ ગ્રહણ કરેલ હોવાથી મારે સાધુ ભગવંતોને અવશ્ય આપવું જોઇએ અને આ મુનિ ભગવંતો સચિત્ત ઉપર મૂકેલું હોય, તો તે ગ્રહણ કરશે નહીં. જેથી મારો નિયમ પણ સચવાશે અને ભોજનાદિ ચીજો પણ સુરક્ષિત રહેશે. –આ પ્રમાણે કરવાથી સચિત્ત–નિક્ષેપ નામે અતિચાર લાગે.

૨. સચિત્ત–પિધાન એટલે સચિત્ત ચીજથી વસ્તુને ઢાંકવી. સચિત્ત–સૂરણ, કંદ, પાંદડા, ફૂલ, ફળ વગેરેથી ઉપરોક્ત બુદ્ધિથી સાધુને આપવા લાયક ચીજને ઢાંકવું તે.

૩. અન્યવ્યપદેશ. અન્ય એટલે બીજાના નામે વસ્તુ કહેવી તે આ સાકર, ગોળ, ખાંડ, ઘેબર વગેરે યજ્ઞદત્તની છે. મારી નથી–એમ નહીં આપવાની બુદ્ધિથી સાધુને સંભળાવવાપૂર્વક આગળ મૂકે. કેમકે સાધુ સ્વામિ વડે અનુજ્ઞા (રજા) નહીં અપાયેલું ગ્રહણ કરે નહીં. સાધુને આપવાનો નિયમ પણ વિનંતી કરવાથી ભાંગે નહિ અને સાકર વગેરે ચીજોની રક્ષા થાય.

૪. મત્સરં એટલે ગુસ્સો. તે જેનામાં હોય, તે મત્સરી (ઇર્ષ્યાળુ). તેનો જે ભાવ તે માત્સર્ય. તે માત્સર્યપૂર્વક આપીને વ્રતને દૂષિત કરે છે. તાત્પર્યાર્થ એ છે કે, કોઇ માંગે તો ગુસ્સે થાય. ચીજ હોય છતાં પણ આપે નહીં અથવા સાધુએ યાચના કરવા છતાં આ ભિખારી જેવાએ સાધુને એટલું આપ્યું. તો શું હું એનાથી કમ છું.? એ પ્રમાણે બીજાના ગુણને ન સહન કરતો આપે, તો તેને આ ચોથો અતિચાર લાગે.

૫. કાલાતિક્રમ–સાધુને ગોચરીને યોગ્ય સમય, તે કાલ. તે કાળ વીતી જવો તે કાલાતિક્રમ. સાધુને ન આપવાની ઇચ્છાથી ગોચરીના ટાઇમ પહેલા કે ગોચરીના સમય પછી જે આમંત્રણ આપે, તે કાલાતીત કહેવાય. તે આ પ્રમાણે, સાધુનો જે ગોચરીનો સમય હોય, તે સમયને ઉલ્લંઘીને પહેલા અથવા જમ્યા પછી આમંત્રણ આપે, તો અતિથિસંવિભાગ વ્રતનો અતિચાર થાય છે. આ દોષો અતિથિસંવિભાગ વ્રતના છે. (૨૮૬.)

૭. તીર્થંકરના નામ :

ભરતક્ષેત્રમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચોવીશીમાં થયેલા તીર્થંકરો તથા ઐરવત ક્ષેત્રના ભવિષ્ય, વર્તમાન ચોવીશીમાં થયેલા તીર્થંકરોના નામો.

भरहेऽतीए संपइ भाविजिणे वंदिमो चउव्वीसं ।
एरवयंमिवि संपइभाविजिणे नामओ वंदे ॥ २८७ ॥

ભરતક્ષેત્રમાં અતીત એટલે ભૂતકાલીન, સંપ્રતિ એટલે વર્તમાન અને ભાવિ એટલે ભવિષ્યકાળમાં થનારા ચોવીશ જિનેશ્વરોને હું નામ લેવાપૂર્વક વંદન કરૂં છું. ઐરવત ક્ષેત્રના પણ વર્તમાન ચોવીશીના તથા ભાવિ ચોવીશીના જિનના નામો લેવાપૂર્વક વંદન કરું છું. ઐરવત ક્ષેત્રના અતીત ચોવીશીના નામો જણાતા નથી. (૨૮૭)

ભરતક્ષેત્રની અતીત ચોવીશી :–

केवलनाणी १ निव्वाणी २ सायरो ३ जिणमहायसो ४ विमलो ५ ।
सव्वाणुभूइ (नाहसुतेया) ६ सिरिहर ७ दत्तो ८ दामोयर ९ सुतेओ १० ॥२८८॥
सामिजिणो य ११ सिवासी १२ सुमई १३ सिवगइ १४ जिणो य अत्थाहो १५ (अबाहो) ।
नाहनमीसर १६ अनिलो १७ जसोहरो १८ जिणकयग्घो य १९ ॥२८९॥
धम्मीसर २० सुद्धमई २१ सिवकरजिण २२ संदणो य २३ संपइ य २४ ।
तीउस्सप्पिणि भरहे जिणेसरे नामओ वंदे ॥२९०॥

૧. કેવળજ્ઞાની, ૨. નિર્વાણી, ૩. સાગરજિન, ૪. મહાયશ, ૫. વિમલ, ૬. સુતેજનાથ બીજા આચાર્યોના મતે સર્વાનુભૂતિ, ૭. શ્રીધર, ૮. દત્ત, ૯. દામોદર, ૧૦. સુતેજ, ૧૧. સ્વામીજિન, ૧૨. શિવાશી અન્યમતે મુનિસુવ્રત, ૧૩. સુમતિ, ૧૪. શિવગતિ, ૧૫. અઘાધ અન્ય મતે અસ્તાગ, ૧૬. નેમીશ્વર, ૧૭. અનિલ, ૧૮. યશોધર, ૧૯. કૃતાર્થજિન, ૨૦. ધર્મીશ્વર કેટલાકના મતે જિનેશ્વર, ૨૧. શુદ્ધમતિ, ૨૨. શિવકર, ૨૩. સ્યંદન, ૨૪. સંપ્રતિજિન. આ પ્રમાણે ભરતક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં થયેલ જિનેશ્વરોને નામથી હું વંદન કરૂં છું. (૨૮૮–૨૯૦)

ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશી :–

उसभं १ अजियं २ संभव ३ मभिणंदण ४ सुमइ ५ पउमप्पह ६ सुपासं ७ ।
चंदप्पह ८ सुविहि ९ सीअल १० सेज्जंसं ११ वासुपुज्जं च १२ ॥ २९१ ॥
विमल १३ मणंतं १४ धम्मं १५ संतिं १६ कुंथुं १७ अरं च १८ मल्लिं च १९ ।
मुणिसुव्वय २० नमि २१ नेमी २२ पासं २३ वीरं २४ च पणमामि ॥२९२॥

૧. ઋષભદેવ, ૨. અજિતનાથ, ૩. સંભવનાથ, ૪. અભિનંદનસ્વામી, ૫. સુમતિનાથ, ૬. પદ્મપ્રભુ, ૭. સુપાર્શ્વનાથ, ૮. ચંદ્રપ્રભુ, ૯. સુવિધિનાથ, ૧૦. શીતલનાથ, ૧૧. શ્રેયાંસનાથ, ૧૨. વાસુપૂજ્યસ્વામી, ૧૩. વિમલનાથ, ૧૪. અનંતનાથ, ૧૫. ધર્મનાથ, ૧૬. શાન્તિનાથ, ૧૭. કુંથુનાથ, ૧૮. અરનાથ, ૧૯. મલ્લિનાથ, ૨૦. મુનિસુવ્રતસ્વામી, ૨૧. નમિનાથ, ૨૨. નેમનાથ, ૨૩. પાર્શ્વનાથ, ૨૪. મહાવીરસ્વામી. આ પ્રમાણે ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીશીમાં થયેલ જિનેશ્વરોને હું વંદન કરું છું. (૨૯૧-૨૯૨)

ભરતક્ષેત્રની ભાવિ ચોવીશી :-

જિણપઉમનાહ ૧ સિરિસુરદેવ ૨ સુપાસં ૩ સિરિસયંપભયં ૪ ।
સવ્વાણુભૂઇ ૫ દેવસુય ૬ ઉદય ૭ પેઢાલ ૮ મભિવંદે ॥૨૯૩॥
પોટ્ટિલ ૯ સયકિત્તિજિણં ૧૦ મુણિસુવ્વય ૧૧ અમમ ૧૨ નિક્કસાયં ચ ૧૩ ।
જિણનિષ્પુલાય ૧૪ સિરિનિમમત્તં ૧૫ જિણચિત્તગુત્તં ૧૬ ચ ॥ ૨૯૪ ॥
પણમામિ સમાહિજિણં ૧૭ સંવરય ૧૮ જસોહરં ૧૯ વિજય ૨૦ મલ્લિ ૨૧ ।
દેવજિણ ૨૨ ડણંતવિરિયં ૨૩ ભદ્દજિણં ૨૪ ભાવિભરહંમિ ॥ ૨૯૫ ॥

૧. પદ્મનાભસ્વામી, ૨. શ્રી સુરદેવ, ૩. શ્રી સુપાર્શ્વ, ૪. શ્રી સ્વયંપ્રભ, ૫. સર્વાનુભૂતિ, ૬. દેવશ્રુત, ૭. ઉદય, ૮. પેઢાલ, ૯. પોટ્ટિલ, ૧૦. શતકીર્તિ, ૧૧. મુનિસુવ્રત, ૧૨. અમમ, ૧૩. નિષ્કષાય, ૧૪. નિષ્પુલાક, ૧૫. નિર્મમ, ૧૬. ચિત્રગુપ્ત, ૧૭. સમાધિ, ૧૮. સંવર, ૧૯. યશોધર, ૨૦. વિજય, ૨૧. મલ્લિ, ૨૨. દેવ, ૨૩. અનંતવીર્ય, ૨૪. ભદ્રજિન, અન્ય મતે ભદ્રકૃત. આ પ્રમાણે ભરતક્ષેત્રનાં ભાવિ ચોવીશીમાં થનારા જિનેશ્વરોને હું વંદન કરું છું.

સમવાયાંગના મતે ભરતક્ષેત્રની ભાવિ ચોવીશી :-

સમવાયાંગ સૂત્રમાં ભાવિ ચોવીશીના નામો આ પ્રમાણે છે.

૧. મહાપદ્મ, ૨. સુરાદેવ, ૩. સુપાર્શ્વ, ૪. સ્વયંપ્રભ, ૫. સર્વાનુભૂતિ, ૬. દેવગુપ્ત, ૭. ઉદય, ૮. પેઢાલપુત્ર, ૯. પોટ્ટિલ, ૧૦. શતક, ૧૧. મુનિસુવ્રત, ૧૨. સર્વભાવવિદ્, ૧૩. અમમ, ૧૪. નિષ્કષાય, ૧૫. નિષ્પુલાક, ૧૬. નિર્મમ, ૧૭. ચિત્રગુપ્ત, ૧૮. સમાધિ, ૧૯. સંવર, ૨૦. અનિવૃત્તિ, ૨૧. વિપાક, ૨૨. વિમલ, ૨૩. દેવોત્પાત, ૨૪. અનંતવિજય

આ પ્રમાણે આગળ પણ જ્યાં સમવાયાંગસૂત્રો સાથે વિસંવાદ જણાય ત્યાં મતાંતર સમજી લેવું. (૨૯૩-૨૯૫)

ઐરવતક્ષેત્રની વર્તમાન ચોવીશી :-

બાલચંદં ૧ સિરિસિચયં ૨ અગ્ગિસેણં ૩ ચ નંદિસેણં ૪ ચ ।
સિરિદત્તં ૫ ચ વયધરં ૬ સોમચંદ ૭ જિણદીહસેણં ચ ૮ ॥ ૨૯૬ ॥

વંદે સયાઉ ૯ સચ્ચઇ ૧૦ જુત્તિસ્સેણં ૧૧ જિણં ચ સેયંસં ૧૨ ।
સીહસેણં ૧૩ સયંજલ ૧૪ ઉવસંતં ૧૫ દેવસેણં ૧૬ ચ ॥ ૨૯૭ ॥
મહાવિરિય ૧૭ પાસ ૧૮ મરુદેવ ૧૯ સિરિહરં ૨૦ સામિકુટ્ઠ ૨૧ મભિવંદે ।
અગ્ગિસેણં ૨૨ જિણમગ્ગદત્તં ૨૩ સિરિવારિસેણં ૨૪ ચ ॥ ૨૯૮ ॥
ઇય સંપઇજિણનાહા એરવએ કિત્તિયા સણામેહિં ।
અહુણા ભાવિજિણિંદે નિયણામેહિં પકિત્તેમિ ॥ ૨૯૯ ॥

૧. બાલચંદ્ર, ૨. શ્રીસિચય. ૩. અગ્નિષેણ, ૪. નંદિષેણ, ૫. શ્રીદત્ત, ૬. વ્રતધર, ૭. સોમચંદ્ર, ૮. દીર્ઘસેન ૯. શતાયુષ, ૧૦. સત્યકી, ૧૧. યુક્તિસેન, ૧૨. શ્રેયાંસ, ૧૩. સિંહસેન, ૧૪. સ્વયંજલ, ૧૫. ઉપશાંત, ૧૬. દેવસેન, ૧૭. મહાવીર્ય, ૧૮. પાર્શ્વ, ૧૯. મરુદેવ, ૨૦. શ્રીધર, ૨૧. સ્વામિકોષ્ઠ, ૨૨. અગ્નિસેન, ૨૩. અગ્રદત્ત અથવા માર્ગદત્ત, ૨૪. વારિષેણ. આ પ્રમાણે ઐરવતક્ષેત્રના વર્તમાન ચોવીશીના જિનેશ્વરોનું નામપૂર્વક કીર્તન કરાય છે. (૨૯૬–૨૯૯)

ઐરવતક્ષેત્રની ભાવિ ચોવીશી :–

સિદ્ધત્થં ૧ પુન્નઘોસં ૨ જમઘોસં ૩ સાયરં ૪ સુમંગલયં ૫ ।
સવ્વદ્ધસિદ્ધ ૬ નિવ્વાણસામિં ૭ વંદામિ ધમ્મધયં ૮ ॥૩૦૦॥
તહ સિદ્ધસેણ ૯ મહસેણ નાહ ૧૦ રવિમિત્ત ૧૧ સવ્વસેણજિણે ૧૨ ।
સિરિચંદ ૧૩ દઢકેઉં ૧૪ મહિંદયં ૧૫ દીહપાસં ૧૬ ચ ॥૩૦૧॥
સુવ્વય ૧૭ સુપાસનાહં ૧૮ સુકોસલં ૧૯ જિણવરં અણંતત્થં ૨૦ ।
વિમલં ૨૧ ઉત્તર ૨૨ મહરિદ્ધિ ૨૩ દેવયાણંદયં ૨૪ વંદે ॥ ૩૦૨॥
નિચ્છિણ્ણભવસમુદ્દે વીસાહિયસયજિણે સુહસમિદ્ધે ।
સિરિચંદમુણિવઇનએ સાસયસુહદાયએ નમહ ॥ ૩૦૩ ॥

૧. સિદ્ધાર્થ, ૨. પુણ્યઘોષ અથવા પૂર્ણઘોષ, ૩. યમઘોષ, ૪. સાગર, ૫. સુમંગલ, ૬. સર્વાર્થસિદ્ધ, ૭. નિર્વાણસ્વામી, ૮. ધર્મધ્વજ, ૯. સિદ્ધસેન, ૧૦. મહાસેન, ૧૧. રવિમિત્ર, ૧૨. સર્વસેન, ૧૩. શ્રીચંદ્ર, ૧૪. દૃઢકેતુ, ૧૫. મહેન્દ્ર, ૧૬. દીર્ઘપાર્શ્વ ૧૭. સુવ્રત ૧૮. સુપાર્શ્વનાથ, ૧૯. સુકોશલ, ૨૦ અનંતાર્થ, ૨૧. વિમલ, ૨૨. ઉત્તર, ૨૩. મહર્દ્ધિ, ૨૪. દેવતાનંદકને હું વંદન કરું છું.

ભવસમુદ્રથી પાર ઉતરેલા, સુખથી સમૃદ્ધ, શ્રીચંદ્રસૂરિ વડે નમસ્કાર કરાયેલ, શાશ્વત સુખદાયક એવા એકસો ને વીસ જિનેશ્વરોને હે ભવ્ય લોકો ! તમે નમસ્કાર કરો. આ ચોવીસને પાંચે ગુણતાં એકસો વીસ થાય. (૩૦૦–૩૦૩)

ઋષભદેવ વગેરે જિનેશ્વરોના પ્રથમ ગણધરના નામરૂપ આઠમું દ્વાર કહેવાય છે.

૮. ગણધરના નામ :

સિરિઉસભસેણ, ૧ પહુ સીહસેણ ૨ ચારુ ૩ વજ્જનાહક્ખા ૪ ।
ચમરો ૫ પજ્જોય ૬ વિયબ્ભ ૭ દિણ્ણપહવો ૮ વરાહો ૯ ય ॥૩૦૪॥
પહુનંદ ૧૦, કોત્થુહાવિ ૧૧, ય સુભોમ ૧૨, મંદર ૧૩ જસા ૧૪અરિટ્ઠો, ૧૫ ય।
ચક્કાઉહ, ૧૬, સંબા ૧૭, કુંભ ૧૮ મિસય, ૧૯, મલ્લી ૨૦, ય સુંભો ૨૧ ય ॥૩૦૫॥
વરદત્ત, ૨૨, અજ્જદિન્ના ૨૩, તહિંદભૂઈ ૨૪ ગણહરા પઢમા ।
સિસ્સા રિસહાઇણં, હરંતુ પાવાઇં પણયાણં ॥ ૩૦૬ ॥

૧. શ્રી ઋષભસેન, ૨. સિંહસેન, ૩. ચારુ, ૪. વજ્રનાભ, ૫. ચમર, ૬. પ્રદ્યોત, ૭. વિદર્ભ, ૮. દત્તપ્રભવ, ૯. વરાહ, ૧૦. પ્રભુનંદ, ૧૧. કૌસ્તુભ, ૧૨. સુભૌમ, ૧૩. મંદર, ૧૪. યશસ, ૧૫. અરિષ્ટ, ૧૬. ચક્રાયુદ્ધ, ૧૭. સંબ, ૧૮. કુંભ, ૧૯. મિષજ, ૨૦. મલ્લિ, ૨૧. સુંભ, ૨૨. વરદત્ત, ૨૩. આર્યદત્ત, ૨૪. ઇંદ્રભૂતિ. આ ચોવીશ ઋષભદેવ વગેરે તીર્થંકરોના પ્રથમ ગણધરો, નમસ્કાર કરવાથી પાપ હરે છે.(૩૦૪–૩૦૬)

૯. પ્રવર્તિનીના નામ :

બંભી ૧, ફગ્ગૂ ૨, સામા ૩ અજિયા, ૪ તહ કાસવી ૫ રઈ ૬ સોમા ૭ ।
સુમણા ૮ વારુણિ ૯ સુજસા ૧૦ ધારિણિ ૧૧ ધરિણી ૧૨ ધરા, ૧૩ પઉમા ૧૪ ।૩૦૭।
અજ્જા સિવા ૧૫ સુહા, ૧૬ દામણી ૧૭ ય રક્ખી ૧૮ ય બંધુમઇનામા ૧૯ ।
પુપ્ફવઈ ૨૦ અનિલા ૨૧ જક્ખદિન્ન ૨૨ તહ પુપ્ફચૂલા ૨૩ ય ॥ ૩૦૮ ॥
ચંદણ ૨૪ સહિયા ઉ પવત્તિણીઓ ચઉવીસજિણવરિંદાણં ।
દુરિયાઇં હરંતુ મયા સત્તાણં ભત્તિજુત્તાણં ॥૩૦૯॥

૧. બ્રાહ્મી, ૨. ફલ્ગુ, ૩. શ્યામા, ૪. અજિતા, ૫. કાશ્યપી, ૬. રતિ, ૭. સોમા, ૮. સુમના, ૯. વારુણી, ૧૦. સુયશા, ૧૧. ધારિણી, ૧૨. ધરિણી, ૧૩. ધરા, ૧૪. પદ્મા, ૧૫. શિવા, ૧૬. શુભા, ૧૭. દામિની, ૧૮. રક્ષી, ૧૯. બંધુમતિ, ૨૦. પુષ્પવતી, ૨૧. અનિલા, ૨૨. યક્ષદત્તા, ૨૩. પુષ્પચૂલા, ૨૪. ચંદના–આ ચોવીશ જિનેશ્વરોની પ્રવર્તિનીઓ ભક્તિ યુક્ત જીવોના દુઃખોને સદા હરો. (૩૦૭–૩૦૯)

૧૦. વીશસ્થાનક :

હવે અરિહંત પદની પ્રાપ્તિના કારણરૂપ વીશસ્થાનક નામે દશમુ દ્વાર કહે છે.

અરિહંત ૧, સિદ્ધ ૨. પવયણ ૩ ગુરૂ, ૪, થેર ૫, બહુસ્સુએ ૬ તવસ્સી ૭ ય ।
વચ્છલ્લયા ય એસિં અભિક્ખનાણોવઓગો ૮ ય ॥ ૩૧૦ ॥

दंसण ९, विणए १०, आवस्सए य ११, सीलव्वए १२-निरइयारो १३ ।
खणलव १४, तव १५, च्चियाए १६, वेयावच्चे समाही १७ य ॥३११॥
अप्पुव्वनाणगहणे १८, सुयभत्ती १९, पवयणे पभावणया २० ।
एएहिं कारणेहिं तित्थरत्तं लहइ जीवो ॥३१२॥

૧. અરિહંત, ૨. સિદ્ધ, ૩. પ્રવચન, ૪. આચાર્ય, ૫. સ્થવિર, ૬. બહુશ્રુત, ૭. તપસ્વી, ૮. સતત જ્ઞાનોપયોગ, ૯. અતિચાર રહિત દર્શન, ૧૦. વિનય ૧૧. આવશ્યક, ૧૨-૧૩ શીલ તથા વ્રતમાં નિરતિચાર, ૧૪. ક્ષણલવ, ૧૫. તપસમાધિ ૧૬. ત્યાગસમાધિ, ૧૭. વૈયાવચ્ચમાં સમાધિ, ૧૮. અપૂર્વ જ્ઞાનગ્રહણ, ૧૯. શ્રુતભક્તિ, ૨૦. પ્રવચનપ્રભાવના. આ કારણોથી જીવ તીર્થંકરપણું પામે છે.

૧. અશોકવૃક્ષ વગેરે આઠ મહાપ્રાતિહાર્ય વગેરે પૂજાને યોગ્ય અરિહંતો છે.

૨. સિદ્ધભગવંતો સકલ કર્માંશોનો નાશ કરનાર, પરમસુખી, એકાંત કૃતકૃત્ય છે.

૩. પ્રવચન-દ્વાદશાંગી-આ દ્વાદશાંગીનો ઉપયોગ શ્રી સંઘ સિવાય બીજે ન હોવાથી પ્રવચનનો અર્થ સંઘ પણ થાય.

૪. ગુરુ, જે યથાવસ્થિત શાસ્ત્રના અર્થને કહેનાર તથા ધર્મોપદેશને આપનારા છે.

૫. સ્થવિર. વય, શ્રુત અને પર્યાયના ભેદથી ત્રણ પ્રકારનાં છે. ૬૦ વર્ષની ઉંમરના હોય તે વયસ્થવિર, સમવાયાંગસૂત્રના જાણકાર શ્રુતસ્થવિર. અને વીસવર્ષના દીક્ષા-પર્યાયવાળા પર્યાય સ્થવિર.

૬. બહુશ્રુત-જેમની પાસે ઘણું શ્રુત હોય, તે બહુશ્રુત અપેક્ષાએ જાણવું. શ્રુત ત્રણ પ્રકારે છે. સૂત્રથી, અર્થથી અને ઉભયથી. તેમાં સૂત્રધરોથી અર્થધરો પ્રધાન છે. અર્થ-ધરોથી ઉભયધરો પ્રધાન છે.

૭. તપસ્વી-અનશનાદિ વિવિધ પ્રકારનો તપ જેમની પાસે છે તે.

સાધુઓએ અરિહંત, સિદ્ધ, પ્રવચન, ગુરુ, સ્થવિર, બહુશ્રુત અને તપસ્વીઓ. આ સાત ઉપર વાત્સલ્ય ભાવરૂપ અનુરાગ રાખવો એટલે સત્યગુણનું કીર્તન અને તેને અનુરૂપ ભક્તિરૂપ ઉપચાર રાખવો, તે તીર્થંકર નામના બંધનું કારણ છે.

૮. સતત જ્ઞાનોપયોગ એટલે સતત જ્ઞાનમાં જ ઉપયોગવાળા રહેવું તે.

૯. દર્શન એટલે સમ્યક્ત્વ.

૧૦. વિનય એટલે જ્ઞાનવિનય વગેરે.

૧૧. આવશ્યક-અવશ્ય કરવાં યોગ્ય પ્રતિક્રમણ આદિ તે.

૧૨. ઉત્તરગુણરૂપ શીલ અને

૧૩. [1]મૂળગુણરૂપ વ્રતમાં નિરતિચારપણે વર્તે તે તીર્થંકર નામકર્મને બાંધે છે.

---

૧. આ ક્રિયાયોગ કહેવાય.

૧૪. ક્ષણ–લવ–સમાધિ–ક્ષણ, લવ એટલે કાળ. ઉપલક્ષણથી સમસ્ત કાળમાં સતત સંવેગ ભાવના રહેવારૂપ અને સદ્ધ્યાન સેવનપૂર્વક જે આત્મસમાધિ, તે ક્ષણ લવ સમાધિ.

૧૫. તપસમાધિ–બાહ્ય–અભ્યંતર તપના ભેદોમાં યથાશક્તિ સતત પ્રવૃત્તિ તે.

૧૬. ત્યાગસમાધિ–દ્રવ્યત્યાગ અને ભાવત્યાગ એમ બે પ્રકારે ત્યાગ છે. અયોગ્ય આહાર, ઉપધિ, શય્યા, વગેરેનો ત્યાગ અને યોગ્ય આહાર વગેરેનું સાધુઓને જે દાન તે દ્રવ્ય ત્યાગ. ભાવત્યાગ–ક્રોધ વગેરેનો ત્યાગ અને જ્ઞાન વગેરેનું સાધુને જે દાન તે ભાવ ત્યાગ. આ બંને ત્યાગમાં સૂત્રાનુસારે યથાશક્તિ નિરંતર પ્રવૃતિ તે.

૧૭. વૈયાવચ્ચ સમાધિ–વૈયાવચ્ચ ૧૦ પ્રકારે છે.તે આ પ્રમાણે–વૈયાવચ્ચ યોગ્ય 1. આચાર્ય, 2. ઉપાધ્યાય, 3. સ્થવિર, 4. તપસ્વી 5. ગ્લાન; 6. શૈક્ષક, 7. સાધર્મિક, 8. કુલ, 9. ગણ, 10. સંઘ. આ દરેકનું તેર પદાર્થો દ્વારા વૈયાવચ્ચ કરવું.

૧. ભોજનપ્રદાન, ૨. પાણીપ્રદાન, ૩. આસનપ્રદાન, ૪. ઉપકરણ, ૫. પગ–પાદ પડિલેહણ, ૬. વસ્ત્રપ્રદાન, ૭. ઔષધપ્રદાન, ૮. માર્ગ સહાયક, ૯. દુષ્ટ, ચોર વગેરેથી રક્ષા, ૧૦. વસ્તી પ્રવેશ વખતે દાંડો લેવો, ૧૧. માત્રા માટેનું વાસણ આપવું, ૧૨. સ્થંડિલ માટે વાસણ, ૧૩. કફ–શ્લેષ્મ માટે વાસણ આપવું. આ વૈયાવચ્ચના ભેદોમાં યથાશક્તિ નિરંતર પ્રવૃત્તિ તે વૈયાવચ્ચ સમાધિ.

૧૮. અપૂર્વ જ્ઞાનગ્રહણ–નૂતન જ્ઞાનનું નિરંતર ગ્રહણ કરવું તે.

૧૯. શ્રુતભક્તિ–શ્રુત વિષયક બહુમાન.

૨૦. પ્રવચન પ્રભાવના એટલે યથાશક્તિ દ્વાદશાંગી રૂપ પ્રવચનના અર્થોનો ઉપદેશ આપવો. ઉપરોક્ત કારણોથી જીવ તીર્થંકર નામકર્મ બાંધે છે. (૩૧૦–૩૧૨)

આમાંના કેટલાક સ્થાનોની સૂત્રકાર સ્વયં વ્યાખ્યા કરે છે.

संघो पवयणमित्थं गुरुणो धम्मोवएसयाईया ।
सुत्तत्थोभयधारी बहुस्सुया होंति विक्खाया ॥ ३१३ ॥
जाईसुयपरियाए पडुच्च थेरो तिहा जहक्कमेणं ।
सट्ठींवरिसो समवायधारओ वीसवरिसो य ॥ ३१४ ॥
भत्ती पूया वन्नप्पयडण वज्जणमवन्नवायस्स ।
आसायणपरिहारो अरिहंताईण वच्छल्लं ॥ ३१५ ॥
नाणुवओगोऽभिक्खं दंसणसुद्धी य विणयसुद्धी य ।
आवस्सयजोएसुं सीलवएसुं निरइयारो ॥ ३१६ ॥
संवेगभावणा झाणसेवणं खणलवाइकालेसु ।
तवकरणं जइजणसंविभागकरणे जहसमाही ॥ ३१७ ॥

वेयावच्चं दसहा गुरुमाईणं समाहिजणणं च ।
किरियादारेण तहा अपुव्वनाणस्स गहणं तु ॥ ३१८ ॥
आगमबहुमाणो च्चिय तित्थस्स पभावणं जहासत्ती ।
एएहिं कारणेहिं तित्थयरत्तं समज्जिणइ ॥ ३१९ ॥

પ્રવચન એટલે સંઘ. ધર્મોપદેશક ગુરુઓ, સૂત્ર, અર્થ અને ઉભયને ધરનારા બહુશ્રુત તરીકે પ્રસિદ્ધ છે. જન્મ, શ્રુત, અને પર્યાયને આશ્રયી સ્થવિર ત્રણ પ્રકારે. સાઠ વર્ષનો વયસ્થવિર, સમવાયાંગધર શ્રુતસ્થવિર, અને વીસ વર્ષના પર્યાયવાળા પર્યાયસ્થવિર છે. ભક્તિ, પૂજા, ગુણાનુવાદ અવર્ણવાદ ત્યાગ, આશાતના પરિહાર, એ અરિહંત વગેરે સાતનું વાત્સલ્ય છે. સતત જ્ઞાનોપયોગ, દર્શનશુદ્ધિ, વિનયશુદ્ધિ, આવશ્યક યોગ, શીલ અને વ્રતમાં નિરતિચારપણું, ક્ષણ લવ વગેરે કાળોમાં સંવેગ, ભાવના, ધ્યાનાસેવન, તપ અને શક્તિ મુજબ યતિજનોને સંવિભાગ કરવું. દશ પ્રકારના ગુરુ વગેરેને સમાધિકારક ક્રિયા દ્વારા વૈયાવચ્ચ કરવું. અપૂર્વ જ્ઞાન ગ્રહણ, આગમ બહુમાન અને યથાશક્તિ તીર્થ પ્રભાવના. આ કારણો વડે તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે.

ભક્તિ એટલે આંતર બહુમાન. પૂજા એટલે ફળ, ફૂલ, આહાર, વસ્ત્ર વગેરે આપવા. વર્ણ એટલે પ્રગટ ગુણની પ્રશંસા કરવી. નિંદાનો ત્યાગ કરવો. આગળ કહેવાશે તે આશાતનાનો ત્યાગ કરવો. અરિહંત વગેરે. આ સાતેનું વાત્સલ્ય કરવુ. વૈયાવચ્ચ એટલે ગુરૂ આદિ દશની ભોજન પાણી વગેરે આપીને તેર પ્રકાર વડે સમાધિ ઉત્પન્ન કરવી. શીલ અને વ્રત દ્વારા સમાધિ ઉત્પન્ન કરવી. એ તીર્થંકર નામ ગોત્ર બંધના કારણ છે.

ઋષભદેવ અને વર્ધમાન સ્વામીએ પૂર્વભવમાં ઉપરોક્ત બધા સ્થાનોને આરાધ્યા હતા. અજીતનાથ વગેરે વચ્ચેના ૨૨ તીર્થંકરોમાં કોઇકે એક, કોઇકે બે, કોઇકે ત્રણ અને કોઇએ સર્વ સ્થાનો આરાધ્યા હતા. આ તીર્થંકર નામકર્મ મનુષ્ય ગતિમાં જ રહેલા સ્ત્રી, પુરુષ, નપુંસક, તીર્થંકરના ભવથી પાછળના ત્રીજા ભવમાં બાંધેલ છે.

પ્રશ્ન :–તીર્થંકર નામ કર્મની જઘન્યથી અને ઉત્કૃષ્ટથી બંધ સ્થિતિ અંતઃકોડા-કોડી સાગરોપમ પ્રમાણ છે, તો પછી એમ કેમ કહ્યું કે તીર્થંકરના ભવથી પાછલા ત્રીજા ભવમાં તીર્થંકર નામકર્મ બંધાય.

ઉત્તર :–અહીં દોષ નથી. કેમકે જે બંધ થાય છે, તે બે પ્રકારે છે. નિકાચિત અને અનિકાચિત. તેમાં અનિકાચિત બંધ ત્રીજા ભવથી પહેલા પણ થઈ શકે છે. કેમકે જઘન્યથી પણ અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધ થતો હોવાથી નિકાચિત બંધ તીર્થંકરના ભવથી ત્રીજા ભવે જ થાય. આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે :–

તે તીર્થંકરપણું શી રીતે ભોગવાય છે ? ત્રીજા ભવમાં બાંધેલું તીર્થંકર નામકર્મ છેલ્લા ભવમાં સતત ધર્મદેશના આપવા દ્વારા ભોગવાય છે. આ પ્રમાણે આગમના વચનથી સમજવું.

નિકાચિત કર્મ એટલે અવશ્ય ભોગવવા લાયક કર્મ. અનિકાચિત એટલે ભોગવાય અને ન પણ ભોગવાય. નિકાચિત જિનનામબંધ પૂર્વના ત્રીજા ભવથી લઈને તીર્થંકરના ભવમાં અપૂર્વકરણના સંખ્યાતા ભાગ સુધી થાય છે, પછી બંધ વિચ્છેદ પામે છે. કેવળજ્ઞાન ઉત્પત્તિ થયા પછી અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ રૂપ દેવેંદ્રોએ કરેલ પૂજોપચાર પછી પરમાત્મા, દેવ, મનુષ્ય, દાનવોની સભામાં જરા પણ થાકયા વિના શ્રુત અને ચારિત્રરૂપ ધર્મની પ્રરૂપણા–દેશના વડે અને શરીર સુગંધી વગેરે ચોત્રીસ અતિશયો અને વાણીના પાંત્રીશ ગુણોરૂપ વચનાતિશય વડે તે જિનનામ કર્મ ભોગવાય છે. (૩૧૩–૩૧૯)

૧૧. તીર્થંકરોના માતા–પિતાના નામો

માતાના નામો–

મરુદેવી ૧, વિજય ૨, સેણા ૩, સિદ્ધત્થા ૪, મંગલા ૫, સુસીમાઽ ય ।
પુહવી ૭ ,લક્ખણ ૮, રામા ૯, નંદા ૧૦, વિષ્ણૂ ૧૧, જયા ૧૨,સામા ૧૩ ॥૩૨૦॥
સુજસા ૧૪, સુવ્વય ૧૫, અઇરા ૧૬, સિરી ૧૭, દેવી ૧૮, પભાવઈય ૧૯ ।
પઉમાવઈ ૨૦, વપ્પા ૨૧, સિવ ૨૨, વમ્મા ૨૩, તિસલા ૨૪, ઇય ॥૩૨૧॥

૧. ભગવાન ઋષભદેવની માતા મરૂદેવી, ૨. અજિતનાથની વિજ્યા, ૩. સંભવનાથની સેના, ૪. અભિનંદનસ્વામીની સિદ્ધાર્થા, ૫. સુમતિનાથની મંગલા, ૬. પદ્મપ્રભુની સુસીમા, ૭. સુપાર્શ્વનાથની પૃથ્વી, ૮. ચંદ્રપ્રભની લક્ષ્મણા, ૯. સુવિધિનાથની રામા, ૧૦. શીતલનાથની નંદા, ૧૧. શ્રેયાંસનાથની વિષ્ણુ, ૧૨. વાસુપૂજ્યસ્વામીની જયા, ૧૩. વિમલનાથની શ્યામા, ૧૪. અનંતનાથની સુયશા, ૧૫. ધર્મનાથની સુવ્રતા, ૧૬. શાન્તિનાથની અચિરા, ૧૭. કુંથુનાથની શ્રીદેવી, ૧૮. અરનાથની દેવી, ૧૯. મલ્લિનાથની પ્રભાવતી, ૨૦. મુનિસુવ્રતસ્વામીની પદ્માવતી, ૨૧. નમિનાથની વપ્રા, ૨૨. નેમનાથની શિવા, ૨૩. પાર્શ્વનાથની વામા, ૨૪. વર્ધમાનસ્વામિની ત્રિશલા. (૩૨૦–૩૨૧)

પિતાના નામો :–

નાભી ૧, જિયસત્તુ ય ૨, જિયારિ ૩ સંવરે ૪ ઇય ।
મેહે ૫ ધરે ૬ પઇટ્ઠે ૭ ય, મહસેણે ય ખત્તિએ ૮ ॥ ૩૨૨ ॥
સુગ્ગીવે ૯ દઢરહે ૧૦ વિષ્ણૂ ૧૧, વસુપુજ્જે ૧૨ ય ખત્તિએ ।
કયવમ્મા ૧૩ સીહસેણે ૧૪ ય, ભાણૂ ૧૫ વિસ્સસેણે ઇય ૧૬ ॥ ૩૨૩ ॥

सूरे १७ सुदंसणे १८ कुंभे १९, सुमित्त २० विजए २१ समुद्दविजए २२ य ।
राया य अस्ससेणे २३ सिद्धत्थे २४ ऽविय खत्तिए ॥ ३२४ ॥ ११

૧. આદીશ્વરના પિતા નાભિરાજા, ૨. અજિતનાથના જિતશત્રુ, ૩. સંભવનાથના જિતારિ, ૪. અભિનંદનસ્વામીના સંવર, ૫. સુમતિનાથના મેઘ, ૬. પદ્મપ્રભના ધર, ૭. સુપાર્શ્વનાથના પ્રતિષ્ઠ, ૮. ચંદ્રપ્રભના મહાસેન, ૯. સુવિધિનાથના સુગ્રીવ, ૧૦. શીતલનાથના દૃઢરથ, ૧૧. શ્રેયાંસનાથના વિષ્ણુ, ૧૨. વાસુપૂજ્યસ્વામીના વસુપૂજ્ય. ૧૩. વિમલનાથના કૃતવર્મા, ૧૪. અનંતનાથના સિંહસેન, ૧૫. ધર્મનાથના ભાનુ, ૧૬. શાન્તિનાથના વિશ્વસેન, ૧૭. કુંથુનાથના શૂર, ૧૮. અરનાથના સુદર્શન, ૧૯. મલ્લિનાથના કુંભ, ૨૦. મુનિસુવ્રતસ્વામીના સુમિત્ર, ૨૧. નમિનાથના વિજય, ૨૨. નેમનાથના સમુદ્રવિજય, ૨૩. પાર્શ્વનાથના અશ્વસેન, ૨૪. મહાવીરસ્વામીના સિદ્ધાર્થ ક્ષત્રિય મહારાજા. (૩૨૨–૩૨૪)

૧૨. માતા–પિતાનું કઈ ગતિમાં ગમન

હવે જિનેશ્વરનાં માતા–પિતાની ગતિરૂપ બારમું દ્વાર કહે છે.

अट्ठण्हं जणणीओ तित्थयराणं तु हुंति सिद्धाओ ।
अट्ठ य सणंकुमारे माहिंदे अट्ठ बोद्धव्वा ॥३२५॥
नागेसु उसहपिया सेसाणं सत्त हुंति ईसाणे ।
अट्ठ य सणंकुमारे माहिंदे अट्ठ बोद्धव्वा ॥३२६॥

ઋષભદેવથી ચંદ્રપ્રભ સુધીના આઠ તીર્થંકરની માતાઓ સિદ્ધ થઈ. સુવિધિનાથથી શાન્તિનાથ સુધીના આઠ તીર્થંકરની માતાઓ ત્રીજા સનતકુમાર દેવલોકમાં ગઈ. કુંથુનાથથી મહાવીરસ્વામી સુધીની આઠ માતાઓ માહેન્દ્રદેવલોકમાં ગઈ જાણવી.

ઋષભદેવના પિતા નાભિરાજા ભવનપતિની બીજી નિકાય નાગકુમારમાં ગયા. બાકીના અજિતનાથથી ચંદ્રપ્રભ સુધીના સાત જિનેશ્વરના પિતા બીજા ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થયા સુવિધિનાથથી શાન્તિનાથ સુધીના જિનેશ્વરના પિતા ત્રીજા સનત્કુમાર દેવલોકમાં ગયા અને કુંથુનાથથી મહાવીરસ્વામી સુધી આઠ જિનેશ્વરના પિતા ચોથા માહેન્દ્ર દેવલોકમાં ગયા.

સિદ્ધાંતકારો બીજા અજિતનાથના પિતા મોક્ષમાં ગયા છે, એમ કહે છે. અનુયોગદ્વારમાં પણ એ પ્રમાણે કહ્યું છે તથા શ્રી હેમચંદ્રસૂરિ મ. સા. એ પણ યોગશાસ્ત્ર તથા ત્રિષષ્ઠિ–ચરિત્રમાં પણ કહ્યું છે.

બાહુબલી, સૂર્યયશા, સોમયશા વગેરે અનેક રાજાઓમાંથી કેટલાક મોક્ષમાં ગયા અને કેટલાક દેવલોકમાં ગયા. જિતશત્રુ રાજા મોક્ષમાં ગયા. સુમિત્રરાજા દેવલોકમાં ગયા. (૩૨૫–૩૨૬)

૧૩. વિચરતા તીર્થંકરો

ગાથાના પૂર્વાર્ધ વડે વિહરમાન તીર્થંકરોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સંખ્યારૂપ તેરમું દ્વાર અને ઉત્તરાર્ધ વડે જન્મ સમયની ઉત્કૃષ્ટ-જઘન્ય સંખ્યારૂપ ચૌદમું દ્વાર કહે છે.

सत्तरिसयमुक्कोसं जहन्न वीसा य दस य विहरंति ।

ઉત્કૃષ્ટથી એકસો સીત્તેર અને જઘન્યથી વીસ અથવા દશ તીર્થંકરો વિચરતા હોય છે.

અઢીદ્વિપમાં એકી સાથે ઉત્કૃષ્ટથી એકસો સીત્તેર તીર્થંકરો વિચરતા હોય છે. તે આ પ્રમાણે. પાંચ ભરતમાં એક એક તીર્થંકર હોવાથી પાંચ, પાંચ ઐરવતમાં પણ એક એક હોવાથી પાંચ અને પાંચ મહાવિદેહમાં દરેક વિદેહને બત્રીસ બત્રીસ વિજયો છે. દરેક વિજયમાં એક એક તીર્થંકર હોય, તો પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયોમાં એકસો સાઈઠ તીર્થંકર થાય એટલે પાંચ ભરતના ૫ તીર્થંકર, પાંચ ઐરવતના ૫ તીર્થંકર અને પાંચ મહાવિદેહના ૧૬૦ તીર્થંકર કુલ ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકરો થાય.

જઘન્યથી વીસ તીર્થંકરો એકી સાથે વિચરતા હોય છે, તે આ પ્રમાણે. જંબુદ્વીપની પૂર્વે મહાવિદેહમાં સીતા મહાનદી વડે ઉત્તર અને દક્ષિણ એમ પૂર્વ વિદેહના બે ભાગ કરાયા છે. ઉત્તરપૂર્વ વિદેહમાં એક તીર્થંકર અને દક્ષિણપૂર્વ વિદેહમાં એક તીર્થંકર. એ પ્રમાણે પશ્ચિમ મહાવિદેહના પણ સીતોદા મહાનદીએ ઉત્તર અને દક્ષિણ એમ બે ભાગ કર્યા છે. તેમાં પણ ઉત્તરમાં એક અને દક્ષિણમાં એક, એમ જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રના ચાર તીર્થંકર થયા. એ પ્રમાણે બીજા બે દ્વીપો સંબંધી ચાર મહાવિદેહના ચાર ચાર તીર્થંકરો ગણતા. પાંચ મહાવિદેહના વીસ તીર્થંકરો થાય છે. ભરત, ઐરવત ક્ષેત્રમાં સુસમા વગેરે કાળમાં તીર્થંકરોનો અભાવ હોય છે.

અન્ય આચાર્યો જઘન્ય દશ તીર્થંકરો વિચરતા માને છે. પાંચ વિદેહ પૂર્વ-પશ્ચિમ વિભાગના એક એક તીર્થંકર ગણતા દશ તીર્થંકર થાય છે.

૧૪. જન્મકાલ આશ્રયિ તીર્થંકરોની સંખ્યા

जम्मं पइ उक्कोसं वीसं दस हुंति उ जहन्ना ॥३२७॥

જન્માશ્રયિ ઉત્કૃષ્ટ વીસ અને જઘન્યથી દશ તીર્થંકરો હોય છે.

જન્માશ્રયી ઉત્કૃષ્ટથી એકી સાથે વિચરતા વીસ જિનેશ્વરની જેમ વીશ તીર્થંકરો હોય છે. કેમકે બધા તીર્થંકરોનો અર્ધરાત્રીએ જ જન્મ હોય છે. તેથી મહાવિદેહમાં તીર્થંકરના જન્મ સમયે ભરત, ઐરવતક્ષેત્રમાં દિવસ હોવાથી ત્યાં તીર્થંકરનો જન્મ હોતો નથી. માટે ઉત્કૃષ્ટથી વીસ તીર્થંકરનો જ જન્મ હોય છે.

પ્રશ્ન :–મહાવિદેહક્ષેત્રની વિજયોમાં ચારથી અધિક તીર્થંકરોના જન્મનો સંભવ હોવા છતાં ઉત્કૃષ્ટથી વીસ જ કેમ કહો છો ?

ઉત્તર :–મેરૂપર્વતના પાંડુકવનમાં ચૂલિકાની પૂર્વ વગેરે ચારે દિશામાં ચાર યોજન જાડી અને પાંચસો યોજન લાંબી, વચ્ચે અઢીસો યોજન પહોળી, અર્ધ ચંદ્રાકાર શ્વેત સુવર્ણમય, ચાર અભિષેક શિલાઓ છે.

ચૂલિકાના પૂર્વ દિશામાં રહેલા પાંડુકંબલા શિલાપર તીર્થંકરના અભિષેક માટે એક ઉત્તરમાં અને એક દક્ષિણમાં બે સિંહાસનો છે. તેમાં સીતા મહાનદીની ઉત્તરમાં રહેલ કચ્છ વગેરે વિજયોમાં જે તીર્થંકરો જન્મે, તેમનો ઉત્તર દિશાના સિંહાસન પર ઈન્દ્રો અભિષેક કરે. સીતા મહાનદીના દક્ષિણ ભાગમાં રહેલ મંગલાવતી વગેરે વિજયોમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરોના દક્ષિણ દિશાના સિંહાસન પર ઈન્દ્રો અભિષેક કરે છે.

ચૂલિકાના પશ્ચિમ દિશામાં રક્ત–કંબલા નામની શિલાપર એક ઉત્તરમાં અને એક દક્ષિણમાં બે સિંહાસનો છે. તેની ઉપર સીતોદા મહાનદીની ઉત્તરમાં રહેલા ગંધિલાવતી વગેરે વિજયોમાં જે તીર્થંકરો ઉત્પન્ન થાય, તેનો ઉત્તર દિશાના સિંહાસન પર ઈન્દ્રો અભિષેક કરે છે. જે તીર્થંકરો સીતોદા મહાનદીની દક્ષિણ બાજુએ પદ્મા વગેરે વિજયોમાં ઉત્પન્ન થાય, તેનો દક્ષિણ દિશાના સિંહાસન પર દેવેન્દ્રો અભિષેક કરે છે.

ચૂલિકાની દક્ષિણ દિશામાં રહેલ અતિપાંડુકંબલા નામની શિલા પર ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ તીર્થંકરોનો અભિષેક થાય છે અને ઉત્તર દિશામાં રહેલ અતિરક્તકંબલા નામની શિલા પર ઐરવત ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ તીર્થંકરોનો અભિષેક થાય છે.

દરેક સિંહાસનો સર્વ રત્નમય અને પાંચસો ધનુષ્ય લાંબા, પહોળા અને અઢીસો ધનુષ્ય જાડા છે. તેથી આ અભિષેક સિંહાસનો વધુ ન હોવાથી દરેક વિદેહોમાં ચારથી અધિક તીર્થંકરોનો એકી સાથે જન્મનો અભાવ છે. જઘન્યથી એકી સાથે દશ તીર્થંકરો ઉત્પન્ન થાય છે. પાંચ ભરતમાં પાંચ અને પાંચ ઐરવતમાં પાંચ. એમ દશ તીર્થંકરોનો જન્મ હોય છે. ભરત, ઐરવતના જિનોના જન્મ વખતે મહાવિદેહક્ષેત્રમાં દિવસ હોવાથી અધિક ઉત્પત્તિનો અભાવ છે. (૩૨૭)

૧૫. ઋષભદેવ વિગેરે દરેક તીર્થંકરોના ગણધરોની સંખ્યા

ચુલસીઇ ૧ પંચનવઈ ૨ બિઉત્તરં ૩ સોલસોત્તરં ૪ ચ સયં ૫ ।
સત્તુત્તર ૬ પણનઉઈ ૭ તેણઉઈ ૮ અટ્ઠસીઈ ય ૯ ॥૩૨૮॥
એકાસીઈ ૧૦ છાવત્તરી ૧૧ ય છાવટ્ઠિ ૧૨ સત્તવન્ના ૧૩ ય ।
પન્ના ૧૪ તેયાલીસા ૧૫ છત્તીસા ૧૬ ચેવ પણતીસા ૧૭ ॥૩૨૯॥
તેત્તીસ ૧૮ અટ્ઠવીસા ૧૯ અટ્ઠારસ ૨૦ ચેવ તહ ય સત્તરસ ૨૧ ।
એકારસ ૨૨ દસ ૨૩ એકારસેવ ૨૪ ઇય ગણહરપમાણં ॥૩૩૦॥

૧. આદિનાથ ભગવાનના ચોર્યાશી (૮૪), ૨. અજિતનાથના પંચાણું (૯૫), ૩. સંભવનાથના એકસો બે (૧૦૨), ૪. અભિનંદનસ્વામિના એકસો સોળ (૧૧૬), ૫. સુમતિનાથના એકસો (૧૦૦) ૬. પદ્મપ્રભુના એકસો સાત(૧૦૭), ૭. સુપાર્શ્વનાથના પંચાણું (૯૫), ૮. ચંદ્રપ્રભના ત્રાણું (૯૩), ૯. સુવિધિનાથના અઠ્યાસી (૮૮), ૧૦. શીતલનાથના એકયાસી (૮૧), ૧૧. શ્રેયાંસનાથના છોત્તેર (૭૬), ૧૨. વાસુપૂજ્યસ્વામિના છાસઠ (૬૬), ૧૩. વિમલનાથના સત્તાવન (૫૭), ૧૪. અનંતનાથના પચ્ચાસ (૫૦), ૧૫. ધર્મનાથના તેત્તાલીસ (૪૩), ૧૬. શાન્તિનાથના છત્રીસ (૩૬), ૧૭. કુંથુનાથના પાંત્રીસ (૩૫), ૧૮. અરનાથના તેત્રીસ (૩૩), ૧૯. મલ્લિનાથના અઠ્ઠાવીશ (૨૮), ૨૦. મુનિસુવ્રતસ્વામિના અઢાર (૧૮), ૨૧. નમિનાથના સત્તર (૧૭), ૨૨. અરિષ્ટનેમિના અગ્યાર છે પણ કેટલાક અઢાર માને છે. ૨૩. પાર્શ્વનાથના દશ (૧૦) અને ૨૪ મહાવીરસ્વામિના અગ્યાર (૧૧) ગણધરો છે. આ ઋષભદેવ વગેરે ચોવીશ તીર્થંકરોના મૂળસૂત્રકાર ગણધરોનું પ્રમાણ છે. (૩૨૮–૩૨૯)

૧૬. સાધુઓની સંખ્યા

ચુલસીઇ સહસ્સા ૧ એગલક્ખ ૨ દો ૩ તિન્નિ ૪ તિન્નિ લક્ખા ય ।
વીસહિયા ૫ તીસહિયા ૬ તિન્નિ ય ૭ અડ્ઢાઇય ૮ દુ ૯ એકં ૧૦ ॥૩૩૧॥
ચઉરાસીઇ સહસ્સા ૧૧ બિસત્તરી ૧૨ અટ્ઠસટ્ઠિ ૧૩ છાવટ્ઠી ૧૪ ।
ચઉસટ્ઠી ૧૫ બાસટ્ઠી ૧૬ સટ્ઠી ૧૭ પન્નાસ ૧૮ ચાલીસા ૧૯ ॥૩૩૨॥
તીસા ૨૦ વીસા ૨૧ અટ્ઠારસેવ ૨૨ સોલસ ૨૩ ય ચઉદ્દસ સહસ્સા ૨૪ ।
એયં સાહુપમાણં ચઉવીસાએ જિણવરાણં ॥૩૩૩॥
અટ્ઠાવીસં લક્ખા અડયાલીસં ચ તહ સહસ્સાઇં ।
સવ્વેસિંપિ જિણાણં જઈણ માણં વિણિદ્દિટ્ઠં ॥૩૩૪॥

૧. પહેલા જિનના ચોર્યાશી હજાર (૮૪,૦૦૦), ૨. બીજા જિનના એક લાખ (૧,૦૦,૦૦૦), ૩. ત્રીજા જિનના બે લાખ (૨,૦૦,૦૦૦), ૪. ચોથા જિનના ત્રણ લાખ (૩,૦૦,૦૦૦), ૫. પાંચમા જિનના ત્રણ લાખ વીસહજાર (૩,૨૦,૦૦૦), ૬. છઠ્ઠા જિનના ત્રણલાખ ત્રીશ હજાર (૩,૩૦,૦૦૦), ૭. સાતમા જિનના ત્રણ લાખ (૩,૦૦૦,૦૦), ૮. આઠમા જિનના બે લાખ પચાસ હજાર (૨,૫૦,૦૦૦), ૯. નવમા જિનના બે લાખ (૨,૦૦,૦૦૦), ૧૦. દશમા જિનના એક લાખ (૧,૦૦,૦૦૦) ૧૧. અગ્યારમા જિનના ચોર્યાસી હજાર (૮૪,૦૦૦), ૧૨. બારમા જિનના બહોત્તેર હજાર (૭૨,૦૦૦), ૧૩. તેરમા જિનના અડસઠ હજાર (૬૮,૦૦૦) ૧૪. ચૌદમા જિનના છાસઠ હજાર (૬૬,૦૦૦) ૧૫. પંદરમા જિનના ચોસઠ હજાર (૬૪,૦૦૦), ૧૬. સોળમા જિનના બાસઠ હજાર (૬૨,૦૦૦), ૧૭. સત્તરમા જિનના સાંઈઠ હજાર (૬૦,૦૦૦), ૧૮. અઢારમા જિનના પચાસ હજાર (૫૦,૦૦૦), ૧૯. ઓગણીસમા જિનના ચાલીશ હજાર (૪૦,૦૦૦), ૨૦. વીસમા જિનના ત્રીશ હજાર (૩૦,૦૦૦), ૨૧. એકવીસમા જિનના વીશ હજાર (૨૦,૦૦૦), ૨૨. બાવીસમા જિનના અઢાર હજાર (૧૮,૦૦૦), ૨૩. ત્રેવીશમા જિનના સોળ હજાર (૧૬,૦૦૦), ૨૪. ચોવીસમા જિનના ચૌદ હજાર (૧૪,૦૦૦) સાધુ હતા. બધા જિનેશ્વરોના સાધુઓની સંખ્યા અઠ્ઠાવીશ લાખ અડતાલીશ હજાર છે, આ સંખ્યા તીર્થંકરોએ પોતાના હસ્તે દિક્ષિત કર્યા હતા તે સાધુઓની છે. પણ ગણધર વગેરેએ દિક્ષિત કરેલા સાધુઓની સંખ્યા તો ઘણી મોટી છે. (૩૩૧-૩૩૪)

૧૭. સાધ્વીઓની સંખ્યા

तिन्नि य १ तिन्नि य २ तिन्नि य ३ छ ४ पंच ५ चउरो ६ चउ ७ तिगे ८ के ९ का १०।
लक्खा उसहं मोत्तुं तदुवरि सहसाणिमा संखा ॥३३५॥

तीसा २ छत्तीसा ३ तीस ४ तीस ५ वीसा ६ य तीस ७ असीई ८ य ।
वीसा ९ दसमजिणिंदे लक्खोवरि अज्जिया छक्कं ॥३३६॥

लक्खो तिन्नि सहस्सा ११ लक्खो १२ लक्खो य अट्ठसयअहिओ १३ ।
बासट्ठी १४ पुण बासट्ठी १५ सहस्स अहिया चउसएहिं ॥३३७॥

छसयाहिय इगसट्ठी १६ सट्ठी छसयाइं १७ सट्ठी १८ पणपन्ना १९ ।
पन्ने २० गचत्त २१ चत्ता २२ अडतिस २३ छत्तीस सहसा य २४ ॥३३८॥

चोमालीसं लक्खा छायालसहस्स चउसयसमग्गा ।
अज्जाछक्कं एसो अज्जाणं संगहो सव्वो ॥३३९॥

ત્રણ, ત્રણ, ત્રણ, છ, પાંચ, ચાર, ચાર, ત્રણ, એક, એક, આ બધી લાખની સંખ્યા છે. તેમાં ઋષભદેવને ત્રણ લાખ, સાધ્વી છે. તે પછી અજિતનાથ વગેરેને ક્રમપૂર્વક આગળની ગાથામાં કહેલ હજારો ચડાવવા તે આ પ્રમાણે. ૨. ત્રીસ હજાર, ૩. છત્રીસ હજાર, ૪. ત્રીસ હજાર, ૫. ત્રીસ હજાર, ૬. વીસ હજાર, ૭. ત્રીસ હજાર, ૮. એંસી હજાર, ૯. વીસ હજાર, ૧૦. એક લાખ છ હજાર.

૧. ઋષભદેવને ત્રણ લાખ (૩,૦૦,૦૦૦), ૨. અજિતનાથને ત્રણ લાખ ત્રીસ હજાર (૩,૩૦,૦૦૦), ૩. સંભવનાથને ત્રણ લાખ છત્રીશ હજાર (૩,૩૬,૦૦૦) ૪. અભિનંદનસ્વામીને છ લાખ ત્રીશહજાર (૬,૩૦,૦૦૦) ૫. સુમતિનાથને પાંચલાખ ત્રીશ હજાર (૫,૩૦,૦૦૦) ૬. પદ્મપ્રભુને ચારલાખ વીશહજાર (૪,૨૦,૦૦૦) ૭. સુપાર્શ્વનાથને ચાર લાખ ત્રીશ હજાર (૪,૩૦,૦૦૦)૮. ચંદ્રપ્રભને ત્રણલાખ એશી હજાર (૩,૮૦,૦૦૦), ૯. સુવિધિનાથને એકલાખ વીશ હજાર (૧,૨૦,૦૦૦) ૧૦. શીતલનાથને એકલાખ છ હજાર(૧,૦૬૦૦૦) ૧૧. શ્રેયાંસનાથને એકલાખ ત્રણ હજાર (૧,૦૩,૦૦૦), ૧૨. વાસુપૂજ્યસ્વામિને એક લાખ (૧૦,૦૦૦),૧૩. વિમલનાથને એકલાખ આઠસો (૧,૦૦૮,૦૦),૧૪. અનંતનાથને બાસઠ હજાર (૬૨,૦૦૦) ૧૫. ધર્મનાથને બાસઠ હજાર ચારસો (૬૨,૪૦૦), ૧૬. શાન્તિનાથને એકસઠ હજાર છસો (૬૧,૬,૦૦), ૧૭. કુંથુનાથને સાઈઠ હજાર છસો (૬૦,૬૦૦), ૧૮. અરનાથને સાઈઠ હજાર (૬૦,૦૦૦), ૧૯. મલ્લિનાથને પંચાવનહજાર (૫૫૦૦૦), ૨૦. મુનિસુવ્રતસ્વામિને પચાસ હજાર (૫૦,૦૦૦), ૨૧. નમિનાથને એકતાલીસ હજાર (૪૧,૦૦૦), ૨૨. નેમનાથને ચાલીશ હજાર (૪૦,૦૦૦), ૨૩. પાર્શ્વનાથને આડત્રીશ હજાર (૩૮,૦૦૦), ૨૪. મહાવીરસ્વામિને છત્રીશ હજાર સાધ્વી હતા. ઉપર કહેલ સાધ્વી સંખ્યાનો સરવાળો (૪૪,૪૬,૪૦૦) ચુમાલીસ લાખ છેતાલીસહજાર ચારસો છે. (૩૩૫–૩૩૯)

૧૮. વૈક્રિયલબ્ધિધારી મુનિઓની સંખ્યા

वेउव्वियलद्धीणं वीससहस्सा सयच्छगब्भहिया १ ।
वीससहस्सा चउसय २ इगुणीससहस्स अट्ठसया ३ ॥३४०॥
अगुणीससहस्स ४ अट्ठार चउसया ५ सोलसहस्स अट्ठसयं ६ ।
सतिसय पनरस ७ चउदस ८ तेरस ९ बारस सहस दसमे १० ॥३४१॥
एक्कारस ११ दस १२ नव १३ अट्ठ १४ सत्त १५ छसहस्स १६ एगवन्नसया १७ ।
सत्तसहस्स सतिसया १८ दोन्नि सहस्सा नव सयाइं १९ ॥३४२॥
दुन्नि सहस्सा २० पंचसय सहस्स २१ पन्नरससयाइं नेमिमि २२ ।
एक्कारस सय पासे २३ सयाइं सत्तेव वीरजिणे २४ ॥३४३॥

જુદા જુદા પ્રકારના વૈક્રિય રૂપો કરવાની શક્તિવાળા વૈક્રિય લબ્ધિવંત મુનિઓ (૧) પ્રથમ જિનના ૨૦,૬૦૦, (૨) અજિતનાથના ૨૦,૪૦૦, (૩) સંભવનાથના ૧૯,૮૦૦, (૪) અભિનંદનસ્વામિના ૧૬૦૦૦, (૫) સુમતિનાથના ૧૮,૪૦૦, (૬) પદ્મપ્રભુના ૧૬,૮૦૦, (૭) સુપાર્શ્વનાથના ૧૫,૩૦૦, લોક–પ્રકાશમાં ૧૫૦૩૦ કહ્યા છે. (૮) ચંદ્ર-પ્રભના ૧૪,૦૦૦, (૯) સુવિધિનાથના ૧૩૦૦૦, (૧૦) શીતલનાથના ૧૨૦૦૦, (૧૧) શ્રેયાસનાથના ૧૧,૦૦૦, (૧૨) વાસુપૂજ્યસ્વામિના ૧૦,૦૦૦ (૧૩) વિમલનાથના ૯,૦૦૦ (૧૪) અનંતનાથના ૮,૦૦૦, (૧૫) ધર્મનાથના ૭,૦૦૦ (૧૬) શાન્તિનાથના ૬,૦૦૦, (૧૭) કુંથુનાથના ૫૧,૦૦, (૧૮) અરનારના ૭૩૦૦ (૧૯) મલ્લિનાથના ૨૯૦૦ (૨૦) મુનિસુવ્રતસ્વામિના ૨૦૦૦, (૨૧) નમિનાથના ૫,૦૦૦, (૨૨) નેમનાથના ૧૫૦૦, (૨૩) પાર્શ્વનાથના ૧૧૦૦, (૨૪) મહાવીરસ્વામીના ૭૦૦–એ રીતે કુલ વૈક્રિયલબ્ધિ-વંત મુનિઓની સંખ્યા, બે લાખ પીસ્તાલીસ હજાર બસો આઠ હતી. (૩૪૦–૩૪૩)

૧૯. વાદિ મુનિઓની સંખ્યા

सड्ढछसया दुवालस सहस्स १ बारस य चउसयब्भहिया २।
बारे ३ क्कारस सहसा ४ दससहसा छसयपन्नासा ५ ॥३४४॥
छन्नउई ६ चुलसीई ७ छहत्तरी ८ सट्ठि ९ अट्ठवन्ना य १०।
पन्नासाइ सयाणं ११ सयसीयालाऽहव बयाला १२॥ ३४५॥
बत्तीसा १३ बत्तीसा १४ अट्ठावीसा १५ सयाण चउव्वीसा।
१६ बि सहस्स १७ सोलससया १८ चउद्स १९ बारस २०दससयाइं २१ ॥३४६॥
अट्ठसया २२ छच्च सया २३ चत्तारि सयाइं २४ हुंति वीरम्मि।
वाइमुणीण पमाणं चउवीसाए जिणवराणं ॥३४७॥

(૧) પ્રથમ જિનના વાદિ મુનિઓ ૧૨,૬૫૦, (૨) અજિતનાથના ૧૨,૪૦૦, (૩) સંભવનાથના ૧૨,૦૦૦, (૪) અભિનંદનસ્વામીના ૧૧,૦૦૦, (૫) સુમતિનાથના ૧૦,૬૫૦, (૬) પદ્મપ્રભના ૯,૬૦૦, (૭) સુપાર્શ્વનાથના ૮,૪૦૦, સમવાયાંગમાં ૮,૬૦૦ (૮) ચંદ્ર-પ્રભના ૭,૬૦૦, (૯) સુવિધિનાથના ૬,૦૦૦, (૧૦) શીતલનાથના ૫,૮૦૦, (૧૧) શ્રેયાંસ-નાથના ૫૦૦૦, (૧૨) વાસુપૂજ્યના ૪,૭૦૦ મતાંતરે ૪,૨૦૦, (૧૩) વિમલનાથના ૩,૨૦૦, લોકપ્રકાશમાં ૩,૬૦૦, (૧૪) અનંતનાથના ૩,૨૦૦, (૧૫) ધર્મનાથના ૨,૮૦૦, (૧૬) શાંતિનાથના ૨,૪૦૦, (૧૭)કુંથુનાથના ૨૦૦૦, (૧૮)અરનાથના ૧૬૦૦,(૧૯)મલ્લિનાથના ૧,૪૦૦, (૨૦) મુનિસુવ્રતસ્વામીના ૧૨૦૦, (૨૧) નમિનાથના ૧,૦૦૦, (૨૨) નેમ-નાથના ૮૦૦, (૨૩) પાર્શ્વનાથના ૬૦૦, (૨૪) મહાવીરસ્વામીના ૪૦૦, આ મુનિઓ વાદ યુદ્ધમાં દેવ–દાનવોથી પણ અપરાજિત હોય છે, તે ચોવીસે જિનના સર્વ વાદી મુનિઓની સંખ્યા એક લાખ છવ્વીસ હજાર બસો થાય છે. (૩૪૪–૩૪૭)

૨૦. અવધિજ્ઞાનિમુનિઓની સંખ્યા

ओहीनाणिमुणिणं नउई १ चउनवइ २ छण्णवइसयाणि ३ ।
अट्ठानवइसयाइं ४ एक्कारस ५ दस ६ नवसहस्सा ७ ॥३४८॥
असीई ८ चुलसी ९ बहत्तरी १० सट्ठी ११ चउप्पण १२ अट्ठचत्ताला १३ ।
तेयाला १४ छत्तीसा १५ तीसा १६ पणवीस १७ छव्वीसा १८ ॥३४९॥
बावीसा १९ अट्ठारस २० सोलस २१ पनरस २२ चउदस सयाणि २३ ।
तेरस २४ साहूण सयाइं ओहिनाणीण वीरस्स ॥३५०॥

૧. ઋષભદેવના ૯,૦૦૦, ૨. અજિતનાથના ૯,૪૦૦, ૩. સંભવનાથના ૯,૬૦૦, ૪. અભિનંદનસ્વામીના ૯,૮૦૦, ૫. સુમતિનાથના ૧૧,૦૦૦, ૬. પદ્મપ્રભુના ૧૦,૦૦૦, ૭. સુપાર્શ્વનાથના ૯,૦૦૦, ૮. ચંદ્રપ્રભના ૮,૦૦૦, ૯. સુવિધિનાથના ૮,૪૦૦, ૧૦ શીતલનાથના ૭,૨૦૦, ૧૧. શ્રેયાંસનાથના ૬,૦૦૦, ૧૨. વાસુપૂજ્યસ્વામીના ૫,૪૦૦, ૧૩. વિમલનાથના ૪,૮૦૦, ૧૪. અનંતનાથના ૪,૩૦૦, ૧૫. ધર્મનાથના ૩,૬૦૦, ૧૬. શાન્તિનાથના ૩૦૦૦, ૧૭. કુંથુનાથના ૨,૫૦૦, ૧૮. અરનાથના ૨,૬૦૦, ૧૯. મલ્લિનાથના ૨,૨૦૦, ૨૦. મુનિસુવ્રતસ્વામીના ૧,૮૦૦, ૨૧. નમિનાથના ૧,૬૦૦, ૨૨. નેમનાથના ૧,૫૦૦, ૨૩. પાર્શ્વનાથના ૧,૪૦૦, ૨૪ વર્ધમાનસ્વામીના ૧,૩૦૦, –એમ ચોવીસે તીર્થંકરોના અવધિજ્ઞાનિ મુનિઓનો ૧,૩૩,૪૦૦ સરવાળો થાય છે. (૩૪૮–૩૫૦)

૨૧. કેવળજ્ઞાનીમુનિઓની સંખ્યા

वीससहस्सा उसहे १ वीसं बावीस अहव अजियस्स २ ।
पन्नरस ३ चउदस ४ तेरस ५ बारस ६ एक्कारस ७ दसेव ८ ॥३५१॥
अद्धट्ठम ९ सत्तेव य १० छस्सड्ढा ११ छच्च १२ पंच सड्ढा य १३ ।
पंचेव १४ अद्धपंचम १५ चउसहस्सा तिन्नि य सया य १६ ॥३५२॥
बत्तीससया अहवा बावीस सया व हुंति कुंथुस्स १७ ।
अट्ठावीसं १८ बावीस १९ तहय अट्ठारस सयाइं २० ॥३५३॥
सोलस २१ पनरस २२ दससय २३ सत्तेव सया हवंति वीरस्स २४ ।
एयं केवलिमाणं मणपज्जविमाणमिण्हि तु ॥३५४॥

૧. ઋષભદેવ ભગવાનના ૨૦,૦૦૦ (વીશ હજાર) ૨. અજિતનાથના ૨૦,૦૦૦ (વીશ હજાર) મતાંતરે ૨૨,૦૦૦ (બાવીશ હજાર), ૩. સંભવનાથના ૧૫,૦૦૦ (પંદર

હજાર) ૪. અભિનંદનસ્વામીના ૧૪,૦૦૦ (ચૌદ હજાર), ૫. સુમતિનાથના ૧૩,૦૦૦ (તેર હજાર) ૬. પ્રદ્મપ્રભુના ૧૨,૦૦૦ (બાર હજાર), ૭. સુપાર્શ્વનાથના ૧૧,૦૦૦ (અગીયાર હજાર) ૮. ચંદ્રપ્રભુના ૧૦,૦૦૦ (દશ હજાર) ૯. સુવિધિનાથના ૭,૫૦૦ (સાતહજાર પાંચસો), ૧૦. શીતલનાથના ૭,૦૦૦ (સાતહજાર) ૧૧. શ્રેયાંસનાથના ૬,૫૦૦ (છ હજાર પાંચસો), ૧૨. વાસુપૂજ્યના ૬,૦૦૦ (છ હજાર), ૧૩. વિમલનાથના ૫,૫૦૦ (પાંચ હજાર પાંચસો), ૧૪. અનંતનાથના ૫,૦૦૦ (પાંચ હજાર), ૧૫ ધર્મનાથના ૪૫૦૦ (ચાર હજાર પાંચસો),૧૬. શાન્તિનાથના ૪,૩૦૦,(ચારહજારત્રણુસો),૧૭.કુંથુનાથના ૩,૨૦૦ (ત્રણ હજાર બસો) મતાંતરે ૨,૨૦૦ (બે હજાર બસો), સમવાયાંગ સૂત્રાનુસારે ૩,૨૩૨ (ત્રણ હજાર બસો બત્રીશ), ૧૮ અરનાથના ૨,૮૦૦ (બે હજાર આઠસો), ૧૯. મલ્લિનાથના ૨,૨૦૦ (બે હજાર બસ્સો), ૨૦. મુનિસુવ્રતસ્વામીના ૧,૮૦૦ (એક હજાર આઠસો), ૨૧.નમિનાથના ૧,૬૦૦ (એક હજાર છસો), ૨૨. નેમનાથના ૧,૫૦૦ (એક હજાર પાંચસો) ૨૩. પાર્શ્વનાથના ૧૦૦૦ (એક હજાર), ૨૪. મહાવીરસ્વામિના ૭૦૦ (સાત સો) ઉપરોક્ત સર્વ તીર્થંકરોના કેવલિ મુનિઓની કુલ સંખ્યા ૧,૭૬,૧૦૦ કહી છે.(૩૫૧–૩૫૪)

૨૨. મનઃપર્યવજ્ઞાનિમુનિઓની સંખ્યા

बारससहस्स तिण्हं सय सड्ढा सत्त १ पंच य २ दिवड्ढं ३ ।
एगदस सड्ढछस्सय ४ दससहसा चउसया सड्ढा ५ ॥३५५॥
दससहसा तिण्णि सया ६ नव दिवड्ढसया य ७ अट्ठ सहसा य ८ ।
पंचसय सत्तसहसा ९ सुविहिजिणे सीयले १० चेव ॥३५६॥
छसहस्स दोण्हमित्तो ११–१२ पंच सहस्साइं पंच य सयाइं १३ ।
पंच सहस्सा चउरो १४ सहस्स सयपंचअब्भहिया १५ ॥३५७॥
चउरो सहस्स तिन्नि य १६ तिण्णेव सया हवंति चालीसा १७ ।
सहसदुगं पंचसया इगवन्ना अरजिणिंदस्स १८ ॥३५८॥
सत्तरससया सपन्ना १९ पंचदससया य २० बारसय सड्ढा २१ ।
सहसो २२ सय अद्धट्ठम २३ पंचेव सया उ वीरस्स २४ ॥३५९॥

૧. ઋષભદેવ ભગવાનના ૧૨,૭૫૦, ૨. અજિતનાથના ૧૨,૫૦૦, ૩. સંભવનાથના ૧૨,૧૫૦, ૪. અભિનંદનસ્વામીના ૧૧,૬૫૦, ૫. સુમતિનાથના ૧૦,૪૫૦, ૬. પદ્મપ્રભુના ૧૦,૩૦૦, ૭. સુપાર્શ્વનાથના ૯,૧૫૦, ૮. ચંદ્રપ્રભુના ૮,૦૦૦, ૯. સુવિધિનાથના ૭,૫૦૦, ૧૦. શીતલનાથના ૭,૫૦૦, ૧૧. શ્રેયાંસનાથના ૬,૦૦૦, ૧૨. વાસુપૂજ્યસ્વામીના ૬,૦૦૦, ૧૩. વિમલનાથના ૫,૫૦૦, ૧૪. અનંતનાથના ૫,૦૦૦, ૧૫. ધર્મનાથના

૪,૫૦૦, ૧૬. શાન્તિનાથના ૪,૦૦૦, ૧૭. કુંથુનાથના ૩,૩૪૦, સમવાયાંગાનુસારે ૮,૧૦૦ ૧૮. અરનાથના ૨,૫૫૧, ૧૯. મલ્લિનાથના ૧,૭૫૦, સમવાયાંગાનુસારે ૫,૭૦૦, ૨૦. મુનિસુવ્રતસ્વામીના ૧,૫૦૦, ૨૧. નમિનાથના ૧,૨૬૦ મતાંતરે ૧,૨૫૦, ૨૨. નેમનાથના ૧,૦૦૦, ૨૩. પાર્શ્વનાથના ૭૫૦, ૨૪. મહાવીરસ્વામીના ૫૦૦–આ ચોવીસ જિનના મનઃપર્યવજ્ઞાનીની કુલ સંખ્યા ૧,૪૫,૫૬૧. (૩૫૫–૩૫૯)

૨૩. ચૌદપૂર્વધરમુનિઓની સંખ્યા

चउद्दसपुव्वि सहस्सा चउरो अद्धट्ठमाणि य सयाणि १ ।
वीसहिय सत्ततीसा २ इगवीस सया य पन्नासा ३ ॥३६०॥
पनरस चउवीस सया ५ तेवीस सया ६ य वीससय तीसा ७ ।
दो सहस ८ पनरस सया ९ सयचउदस १० तेरस सयाइं ११ ॥३६१॥
सय बारस १२ एक्कारस १३ दस १४ नव १५ अट्ठेव १६ छच्च सय सयरा १७ ।
दसहिय छच्चेव सया १८ छच्चसया अट्ठसट्ठिहिया १९ ॥३६२॥
सय पंच २० अद्धपंचम २१ चउरो २२ अद्धट्ठ २३ तिन्नि य सयाइं २४ ।
उसहाइजिणिंदाणं चउदसपुव्वीण परिमाणं ॥३६३॥

૧. ઋષભદેવ ભગવાનના ૪,૭૫૦ (ચાર હજાર સાતસો પચાસ), ૨. અજિતનાથના ૩,૭૨૦ (ત્રણ હજાર સાતસો વીશ), ૩. સંભવનાથના ૨,૧૫૦ (બે હજાર એકસો પચાસ), ૪. અભિનંદનસ્વામીના ૧,૫૦૦ (એક હજાર પાંચસો), ૫. સુમતિનાથના ૨,૪૦૦ (બે હજાર ચારસો), ૬. પદ્મપ્રભના ૨,૩૦૦ (બે હજાર ત્રણસો), ૭. સુપાર્શ્વનાથના ૨,૦૩૦ બે હજાર ત્રીસ, ૮. ચંદ્રપ્રભના ૨૦૦૦ (બે હજાર), ૯. સુવિધિનાથના ૧,૫૦૦, (એક હજાર પાંચસો), ૧૦. શીતલનાથના ૧,૪૦૦ (એક હજાર ચારસો), ૧૧. શ્રેયાંસનાથના ૧,૩૦૦ (એક હજાર ત્રણસો), ૧૨. વાસુપૂજ્યસ્વામીના ૧,૨૦૦ (એક હજાર બસો), ૧૩.વિમલનાથના ૧,૧૦૦ (એક હજાર સો), ૧૪. અનંતનાથ ૧૦૦૦ (એક હજાર), ૧૫. ધર્મનાથના ૯૦૦ (નવસો), ૧૬. શાંતિનાથના ૮૦૦,(આઠસો) સમવાયાંગાનુસારે ૯,૩૦૦ (નવ હજાર ત્રણસો) ૧૭. કુંથુનાથના ૬૭૦ (છસો સીત્તેર), ૧૮. અરનાથના ૬૧૦ (છસો દસ), ૧૯. મલ્લિનાથના ૬૬૮ (છસો અડસઠ), ૨૦. મુનિસુવ્રતસ્વામીના ૫૦૦ (પાંચસો), ૨૧. નમિનાથના ૪૫૦ (ચારસો પચાસ), ૨૨. નેમનાથના ૪૦૦ ચારસો ૨૩. પાર્શ્વનાથના ૩૫૦ (ત્રણસો પચાસ) ૨૪. મહાવીરસ્વામીના ૩૦૦ (ત્રણસો) ઉપરોક્ત ઋષભદેવ વગેરે જિનેશ્વરોના ચૌદપૂર્વી મુનિની કુલ સંખ્યા ૩૩,૯,૯૮ છે. (૩૬૦–૩૬૩)

૨૪. શ્રાવકની સંખ્યા

પઢમસ્સ તિન્નિ લક્ખા પંચ સહસ્સા દુલક્ખ જા સંતી ।
લક્ખોવરિ અડનઉઈ ૨ તેણઉઈ ૩ અટ્ઠસીઈ ય ૪ ॥૩૬૪॥

એગસીઈ ૫ છાવત્તરિ ૬ સત્તાવણ્ણા ૭ ય તહ ય પન્નાસા ૮ ।
ગુણતીસ ૯ નવાસીઈ ૧૦ અગુણાસી ૧૧ પનરસ ૧૨ અટ્ઠેવ ૧૩ ॥૩૬૫॥

છચ્ચિય સહસ્સ ૧૪ ચઉરો સહસ્સ ૧૫ નઉઇ સહસ્સ સંતિસ્સ ૧૬ ।
તત્તો એગો લક્ખો ઉવરિં ગુણસીય ૧૭ ચુલસી ૧૮ ય ॥૩૬૬॥

તેયાસી ૧૯ બાવત્તરિ ૨૦ સત્તરિ ૨૧ ઇગુહત્તરી ૨૨ ય ચઉસટ્ઠી ૨૩ ।
એગુણસટ્ઠિ સહસ્સા ૨૪ સાવગમાણં જિણવરાણં ॥૩૬૭॥

૧. ઋષભદેવપ્રભુનાં ૩,૦૫,૦૦૦ (ત્રણ લાખ પાંચ હજાર),૨. અજિતનાથના ૨,૯૮,૦૦૦ (બે લાખ અઠ્ઠાણું હજાર),૩. સંભવનાથના ૨,૯૩,૦૦૦(બે લાખ ત્રાણું હજાર),૪. અભિનંદન સ્વામીના ૨,૮૮,૦૦૦ (બે લાખ અઠ્ઠયાસી હજાર) ૫. સુમતિનાથના ૨,૮૧,૦૦૦ (બે લાખ એકયાસી હજાર), ૬. પદ્મપ્રભુના ૨,૭૬,૦૦૦ (બે લાખ છોત્તેર હજાર), ૭. સુપાર્શ્વનાથના ૨,૫૭,૦૦૦ (બે લાખ સત્તાવન હજાર), ૮. ચંદ્રપ્રભના ૨,૫૦,૦૦૦ (બે લાખ પચાસ હજાર) ૯. સુવિધિનાથના ૨,૨૯,૦૦૦ (બે લાખ ઓગણત્રીસ હજાર), ૧૦. શીતલનાથના ૨,૮૯,૦૦૦ (બે લાખ નેવ્યાસી હજાર), ૧૧. શ્રેયાંસનાથના ૨,૭૯,૦૦૦ (બે લાખ ઓગણ્યાએંસી હજાર), ૧૨. વાસુપૂજ્યસ્વામીના ૨,૧૫,૦૦૦ (બે લાખ પંદર હજાર). ૧૩, વિમલનાથના ૨૦,૮,૦૦૦ (બે લાખ આઠ હજાર), ૧૪. અનંતનાથના ૨,૦૬,૦૦૦ (બે લાખ છ હજાર), ૧૫ ધર્મનાથના ૨૦,૪,૦૦૦ (બે લાખ ચાર હજાર), સપ્તતિશતસ્થાન ગ્રંથાધારે ૨,૪૦,૦૦૦ (બે લાખ ચાલીસ હજાર) ૧૬. શાન્તિનાથના ૨,૯૦,૦૦૦ (બે લાખ નેવું હજાર), ૧૭. કુંથુનાથના ૧,૭૯,૦૦૦ (એક લાખ ઓગણએંસી હજાર), ૧૮. અરનાથના ૧,૮૪,૦૦૦ (એક લાખ ચોર્યાસી હજાર), ૧૯. મલ્લિનાથના ૧,૮૩,૦૦૦ (એક લાખ ત્યાંસી હજાર) ૨૦. મુનિસુવ્રતસ્વામીના ૧,૭૨,૦૦૦ (એક લાખ બોંત્તેર હજાર), ૨૧. નમિનાથના ૧,૭૦,૦૦૦ (એક લાખ સીત્તેર હજાર) ૨૨. નેમનાથના ૧,૬૯,૦૦૦ (એક લાખ ઓગણસીત્તેર હજાર), ૨૩. પાર્શ્વનાથના ૧,૬૪,૦૦૦ (એક લાખ ચોસઠ હજાર), ૨૪. વર્ધમાનસ્વામીના ૧,૫૯,૦૦૦ (એક લાખ ઓગણસાઇઠ હજાર) શ્રાવકો હતા. ચોવીસ જિનેશ્વરોના કુલ શ્રાવકોની સંખ્યા ૫૫,૪૮,૦૦૦ (૩૬૪–૩૬૭)

૨૫. શ્રાવિકાની સંખ્યા

पढमस्स पंच लक्खा चउपन्न सहस्स १ तयणु पण लक्खा ।
पणयालीससहस्सा २ छलक्ख छत्तीस सहसा य ३ ॥३६८॥
सत्तावीससहस्साहियलक्खा पंच ४ पंच लक्खा य ।
सोलससहस्सअहिया ५ पणलक्खा पंच उ सहस्सा ६ ॥३६९॥
उवरिं चउरो लक्खा धम्मो जा उवरि सहस तेणउई ७ ।
इगनउई ८ इगहत्तरि ९ अडवन्न १० ऽडयाल ११ छत्तीसा १२ ॥३७०॥
चउवीसा १३ चउदस १४ तेरसेव १५ तत्तो तिलक्ख जा वीरो ।
तदुवरि तिनवइ १६ इगासी १७ बिसत्तरी १८ सयरि १९ पन्नासा २० ॥३७१॥
अडयाला २१ छत्तीसा २२ इगुचत्त २३ ऽट्ठारसेव य सहस्सा २४ ।
सड्ढीण माणमेयं चउवीसाए जिणवराणं ॥३७२॥

૧. આદીશ્વર ભગવાનની ૫,૫૪,૦૦૦, (પાંચ લાખ ચોપ્પન હજાર),૨. અજિતનાથની ૫,૪૫,૦૦૦ (પાંચ લાખ પીસ્તાલીસ હજાર), ૩. સંભવનાથની ૬,૩૬,૦૦૦ (છ લાખ છત્રીસ હજાર), ૪. અભિનંદનસ્વામિની ૫,૨૭,૦૦૦ (પાંચ લાખ સત્તાવીશ હજાર), ૫. સુમતિનાથની ૫,૧૬,૦૦૦ (પાંચ લાખ સોળ હજાર), ૬. પદ્મપ્રભની ૫,૦૫,૦૦૦ (પાંચ લાખ પાંચ હજાર). ૭. સુપાર્શ્વનાથની ૪,૯૩,૦૦૦ (ચાર લાખ ત્રાણું હજાર), ૮. ચંદ્રપ્રભની ૪,૯૧,૦૦૦ (ચાર લાખ એકાણું હજાર), ૯. સુવિધિનાથની ૪,૭૧,૦૦૦ (ચાર લાખ ઈકોતેર હજાર), ૧૦. શીતલનાથની ૪,૫૮,૦૦૦ (ચાર લાખ અઠ્ઠાવન હજાર) ૧૧. શ્રેયાંસનાથની ૪,૪૮,૦૦૦ (ચાર લાખ અડતાળીશ હજાર), ૧૨. વાસુપૂજ્યસ્વામિની ૪,૩૬,૦૦૦ (ચાર લાખ છત્રીશ હજાર) ૧૩. વિમલનાથની ૪,૨૪,૦૦૦ (ચાર લાખ ચોવીશ હજાર) ૧૪. અનંતનાથની ૪,૧૪,૦૦૦ (ચાર લાખ ચૌદ હજાર) ૧૫. ધર્મનાથની ૪,૧૩,૦૦૦ (ચાર લાખ તેર હજાર), ૧૬. શાંતિનાથની ૩,૯૩,૦૦૦ (ત્રણ લાખ ત્રાણું હજાર), ૧૭. કુંથુનાથની ૩,૮૧,૦૦૦ (ત્રણ લાખ એકયાસી હજાર), ૧૮. અરનાથની ૩,૭૨,૦૦૦ (ત્રણ લાખ બોંત્તેર હજાર), ૧૯. મલ્લિનાથની ૩,૭૦,૦૦૦ (ત્રણ લાખ સીત્તેર હજાર) ૨૦. મુનિસુવ્રતસ્વામિની ૩,૫૦,૦૦૦ (ત્રણ લાખ પચાસ હજાર), ૨૧. નમિનાથની ૩,૪૮,૦૦૦ (ત્રણ લાખ અડતાલીસ હજાર), ૨૨. નેમનાથની ૩,૩૬,૦૦૦ (ત્રણ લાખ છત્રીશ હજાર), ૨૩. પાર્શ્વનાથની ૩,૩૯,૦૦૦ (ત્રણ લાખ ઓગણચાલીસ હજાર), ૨૪. મહાવીરસ્વામિની ૩,૧૮,૦૦૦ (ત્રણ લાખ અઢાર હજાર) ચોવીસ તીર્થંકરોની કુલ શ્રાવિકાઓ ૧,૦૫૩,૮૦૦૦ (૩૬૮–૩૭૨)

૨૬. તીર્થંકરના યક્ષો.

जक्खा गोमुह १ महजक्ख २ तिमुह ३ ईसर ४ तुंबुरू ५ कुसुमो ६ ।
मायंगो ७ विजया ८ जिय ९ बंभो १० मणुओ ११ य सुरकुमरो १२ ॥३७३॥
छम्मुह १३ पयाल १४ किन्नर १५ गरुडो १६ गंधव्व १७ तह य जक्खिवदो १८ ।
कूबर १९ वरुणो २० मिउडी २१ गोमेहो २२ वामण २३ मयंगो २४ ॥३७४॥

૧. ગોમુખ, ૨. મહાયક્ષ, ૩ ત્રિમુખ, ૪. ઇશ્વર, ૫. તુંબરું, ૬. કુસુમ, ૭. માતંગ, ૮. વિજય, ૯. અજિત, ૧૦. બ્રહ્મ, ૧૧. મનુજ, ૧૨. સુરકુમાર, ૧૩. ષણ્મુખ, ૧૪. પાતાલ, ૧૫. કિન્નર, ૧૬. ગરુડ, ૧૭. ગંધર્વ, ૧૮. યક્ષેન્દ્ર, ૧૯. કુબર, ૨૦. વરૂણ, ૨૧. ભ્રકુટિ, ૨૨. ગોમેધ ૨૩. વામન, ૨૪. માતંગ.

તીર્થંકરોની ભક્તિમાં વિશેષ પરાયણ દેવો, તે યક્ષ કહેવાય.

૧. પ્રથમ જિનનો ગોમુખ નામે યક્ષ છે. તેને સુવર્ણ વર્ણ, હાથીનું વાહન અને ચાર ભુજા અને તેના જમણા બે હાથમાં વરદાનમુદ્રા તથા અક્ષમાલા છે અને ડાબા બે હાથમાં બીજોરૂ (માતુલિંગ) તથા પાશ છે.

૨. અજિતનાથનો મહાયક્ષ નામે યક્ષ છે. તેને ચાર મુખ, શ્યામવર્ણ અને હાથીનું વાહન અને આઠ હાથ છે. તેમાં જમણા ચાર હાથમાં વરદાનમુદ્રા, મુદ્ગર, અક્ષમાલા અને પાશ છે. ડાબા ચાર હાથમાં બીજોરૂ, અભયમુદ્રા, અંકુશ અને શક્તિ છે.

૩. સંભવનાથનો ત્રિમુખ નામે યક્ષ છે. તેને ત્રણ મુખ, ત્રણ નેત્ર, શ્યામ વર્ણ, મયૂર વાહન અને છ હાથ છે. તેમાં જમણા ત્રણ હાથમાં નોળિયો, ગદા, અભયમુદ્રા છે અને ડાબા ત્રણ હાથમાં માતુલિંગ, અક્ષમાલા, અને નાગ છે.

૪. અભિનંદનસ્વામીનો ઈશ્વર નામે યક્ષ છે. તેનો વર્ણ શ્યામ, હાથનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં માતુલિંગ અને અક્ષમાલા છે તથા ડાબા બે હાથમાં નોળિયો અને અંકુશ છે.

૫. સુમિતનાથનો તુંબરું નામે યક્ષ છે. તેનો વર્ણ શ્વેત, ગરૂડવાહન અને ચાર હાથ, છે. જમણા બે હાથમાં વરદાન મુદ્રા અને શક્તિ છે. ડાબા બે હાથમાં ગદા અને નાગપાશ છે.

૬. પદ્મપ્રભસ્વામીનો કુસુમ નામે યક્ષ છે. તેનો વર્ણ નીલ, હરણનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં ફળ અને અભય મુદ્રા છે અને ડાબા બે હાથમાં નોળિયો અને અક્ષમાલા છે.

૭. સુપાર્શ્વનાથનો માતંગ નામે યક્ષ છે. તેનો વર્ણ નીલ, હાથીનું વાહન, અને ચાર હાથ છે, જમણા બે હાથમાં બિલ્વ અને પાશ છે અને ડાબા બે હાથમાં નોળિયો અને અંકુશ છે.

૮. ચંદ્રપ્રભનો વિજય નામે યક્ષ છે. તેનો વર્ણ નીલ છે, ત્રણ આંખ હંસનું વાહન અને બે હાથ છે, જમણા હાથમાં ચક્ર અને ડાબા હાથમાં મુદ્ગર છે.

૯. સુવિધિનાથને અજિત નામે યક્ષ છે. તેનો વર્ણ શ્વેત છે, કાચબાનું વાહન અને ચાર હાથ, છે. જમણા બે હાથમાં માતુલિંગ, અક્ષમાલા છે અને ડાબા બે હાથમાં નોળિયો અને ભાલો છે.

૧૦. શીતલનાથનો બ્રહ્મા નામે યક્ષ છે. તેને વર્ણ સફેદ, ચાર મુખ, ત્રણ આંખ, પદ્માસન અને આઠ હાથ છે. જમણા ચાર હાથમાં માતુલિંગ, પાશ, મુદ્ગર, અભયમુદ્રા છે. અને ડાબા ચાર હાથમાં નોળિયો, ગદા, અંકુશ, અક્ષમાલા છે.

૧૧. શ્રેયાંસનાથનો મનુજ નામે યક્ષ છે. મતાંતરે ઈશ્વર નામ છે. તેનો વર્ણ સફેદ, ત્રણ આંખ, બળદનું વાહન અને ચાર હાથ છે, જમણા બે હાથમાં બીજોરૂ અને ગદા છે અને ડાબા બે હાથમાં નોળિયો અને અક્ષમાલા છે.

૧૨. વાસુપૂજ્યસ્વામિનો સુરકુમાર નામે યક્ષ છે. તેનો વર્ણ શ્વેત, હંસનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં બીજોરૂ અને બાણ છે. અને ડાબા બે હાથમાં નોળિયો અને ધનુષ છે.

૧૩. વિમલનાથનો ષણ્મુખ નામે યક્ષ છે. તેનો વર્ણ શ્વેત, મોરનુ વાહન અને બાર હાથ છે. જમણા છ હાથમાં ફળ, ચક્ર, બાણ, તલવાર, પાશ, અક્ષમાલા છે અને ડાબા છ હાથમાં નોળિયો, ચક્ર, ધનુષ, ફલક, અંકુશ તથા અભયમુદ્રા છે.

૧૪. અનંતનાથનો પાતાલ નામે યક્ષ છે. તેને ત્રણ મુખ, લાલ વર્ણ, મગરનું વાહન અને છ હાથ છે. જમણા ત્રણ હાથમાં કમળ, તલવાર અને પાશ છે અને ડાબા ત્રણ હાથમાં નોળિયો, ફલક અને અક્ષમાલા છે.

૧૫. ધર્મનાથને કિન્નર નામે યક્ષ છે. તેને ત્રણ મુખ, વર્ણ લાલ, કાચબાનું વાહન તથા છ હાથ છે. જમણા ત્રણ હાથમાં બીજોરૂ, ગદા, અને અભયમુદ્રા છે. ડાબા ત્રણ હાથમાં નોળિયો, કમલ, અક્ષમાલા છે.

૧૬. શાંતિનાથનો ગરૂડ નામે યક્ષ છે. તેને વરાહનું વાહન, મુખ વરાહ જેવું છે. વર્ણ શ્યામ છે તથા ચાર હાથ છે. જમણા બે હાથમાં બીજોરૂ અને કમલ અને ડાબા બે હાથમાં નોળિયો, અક્ષમાલા છે.

૧૭. કુંથુનાથનો ગાંધર્વ નામે યક્ષ છે. તેનો વર્ણ શ્યામ છે. હંસનું વાહન તથા ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને પાશ છે. ડાબા બે હાથમાં માતુલિંગ અને અંકુશ છે.

૧૮. અરનાથનો યક્ષેન્દ્ર નામે યક્ષ છે. તેને છ મુખ, ત્રણ આંખ અને વર્ણ શ્યામ છે. શંખનું વાહન તથા બાર હાથ છે. જમણા છ હાથમાં બીજોરૂ, બાણ, ખડ્ગ,

મુદ્ગર, પાશ અને અભયમુદ્રા છે. અને ડાબા છ હાથમાં નોળિયો ધનુષ, ચર્મફલક (ઢાલ), શૂલ, અંકુશ અને અક્ષમાલા છે.

૧૯. મલ્લિનાથનો કુબરનામનો યક્ષ છે. તેને ચાર મુખ, ઇન્દ્રધનુષ્ય જેવો વર્ણ, હાથીનું વાહન અને આઠ હાથ છે. જમણા ચાર હાથમાં વરદાનમુદ્રા, પરશુ, શૂલ અને અભયમુદ્રા છે. તથા ડાબા ચાર હાથમાં બીજોરૂ, શક્તિ, મુદ્ગર અને અક્ષમાલા છે. બીજા ગ્રંથોમાં કુબરની જગ્યાએ કુબેર કહ્યું છે.

૨૦. મુનિસુવ્રતસ્વામીનો વરૂણ નામે યક્ષ છે. તેને ચાર મુખ, ત્રણ આંખ, શ્વેત વર્ણ અને વૃષભનું વાહન છે. માથા ઉપર જટાનો મુગટ છે. તેને આઠ હાથ છે. જમણા ચાર હાથમાં બીજોરૂ, ગદા, બાણ અને શક્તિ છે તથા ડાબા ચાર હાથમાં નોળિયો, કમલ, ધનુષ અને પરશુ છે.

૨૧. નમિનાથનો ભ્રુકુટિ નામે યક્ષ છે. તેને ચાર મુખ, સુવર્ણ વર્ણ, ત્રણ આંખ અને બળદનું વાહન છે. જમણા ચાર હાથમાં બીજોરૂ, શક્તિ, મુદ્ગર અને અભયમુદ્રા છે. ડાબા ચાર હાથમાં નોળિયો, પરશુ, વજ્ર, અને અક્ષમાલા છે.

૨૨. નેમનાથને ગોમેધ નામે યક્ષ છે. તેને ત્રણ મુખ, શ્યામ વર્ણ, પુરુષનું વાહન અને છ હાથ છે. જમણા ત્રણ હાથમાં માતુલિંગ, પરશુ અને ચક્ર છે તથા ડાબા ત્રણ હાથમાં નોળિયો, શૂલ અને શક્તિ છે.

૨૩. પાર્શ્વનાથને વામન નામે યક્ષ છે. મતાંતરે પાર્શ્વ નામે યક્ષ છે. તેને હાથીના જેવું મુખ, મસ્તક ઉપર સર્પની ફણા, શ્યામ વર્ણ, કાચબાનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં બીજોરૂ અને સર્પ છે તથા ડાબા બે હાથમાં નોળિયો અને ભુજંગ (સર્પ) છે.

૨૪. મહાવીરસ્વામીને માતંગ નામે યક્ષ છે. તેને શ્યામ વર્ણ, હાથીનું વાહન, અને બે હાથ છે. જમણા હાથમાં નોળિયો અને ડાબા હાથમાં બીજોરૂ છે. (૩૭૩–૩૭૪)

૨૭. યક્ષિણી

देवीओ चक्केसरि १ अजिया २ दुरियारि ३ कालि ४ महकाली ५ ।
अच्चुय ६ संता ७ जाला ८ सुतारया ९ ऽसोय १० सिरिवच्छा ११ ॥३७५॥
पवर १२ विजयं १३ कुसा १४ पण्णत्ती १५ निव्वाणि १६ अच्चुया १७ धरणी १८ ।
वइरोट्ट १९ ऽछुत्त २० गंधारि २१ अंब २२ पउमावई २३ सिद्धा २४ ॥३७६॥

૧. ચક્રેશ્વરી, ૨. અજિતા, ૩. દુરિતારિ, ૪. કાલિ, ૫. મહાકાલિ, ૬. અચ્યુતા, ૭. શાંતા, ૮. જ્વાલા, ૯. સુતારા, ૧૦. અશોકા, ૧૧. શ્રીવત્સા, ૧૨. પ્રવરા, ૧૩. વિજયા, ૧૪. અંકુશા, ૧૫. પ્રજ્ઞપ્તિ,

૧૬. નિર્વાણી, ૧૭. અચ્યુતા, ૧૮. ધરણી, ૧૯. વૈરુટ્યા ૨૦. અચ્છુપ્તા, ૨૧. ગાંધારી, ૨૨. અંબા, ૨૩. પદ્માવતી, ૨૪. સિદ્ધાયિકા.

૧. ઋષભદેવની ચક્રેશ્વરીદેવી મતાંતરે અપ્રતિચક્રા દેવી છે. તેને સુવર્ણ વર્ણ, ગરુડનું વાહન અને આઠ હાથ છે. જમણા ચાર હાથમાં વરદાનમુદ્રા, બાણ, ચક્ર અને પાશ છે તથા ડાબા ચાર હાથમાં ધનુષ, વજ્ર, ચક્ર અને અંકુશ છે.

૨. અજિતનાથની અજિતાદેવી અથવા અજિતબલા છે. તેને ગૌર વર્ણ, લોહાસન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને પાશ છે તથા ડાબા બે હાથમાં બીજોરૂ અને અંકુશ છે.

૩. સંભવનાથની દુરિતારિદેવી છે. તેને ગૌર વર્ણ, મેષનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને અક્ષમાલા છે તથા ડાબા બે હાથમાં ફલ અને અભયમુદ્રા છે.

૪. અભિનંદનસ્વામિની કાલી નામે દેવી છે. તેને શ્યામ વર્ણ, કમળનું આસન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને પાશ તથા ડાબા બે હાથમાં નાગ અને અંકુશ છે.

૫. સુમતિનાથની મહાકાલી નામે દેવી છે. તેને સુવર્ણ વર્ણ, કમળનું આસન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને પાશ છે તથા ડાબા બે હાથમાં બીજોરૂ અને અંકુશ છે.

૬. પદ્મપ્રભુની અચ્યુતા નામે દેવી છે. મતાંતરે શ્યામા નામે દેવી છે. તેને શ્યામ વર્ણ, નરનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને વીણા છે તથા ડાબા બે હાથમાં ધનુષ અને અભયમુદ્રા છે.

૭. સુપાર્શ્વનાથની શાંતા નામે દેવી છે. તેને સુવર્ણ વર્ણ, હાથીનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને અક્ષસૂત્ર છે. તથા ડાબા બે હાથમાં શૂલ અને અભયમુદ્રા છે.

૮. ચંદ્રપ્રભુની જ્વાલા નામે દેવી છે. મતાંતરે ભૃકુટિ દેવી છે. તેને પીળો વર્ણ, વરાલક નામના પ્રાણીનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં ખડ્ગ અને મુદ્ગર છે તથા ડાબા બે હાથમાં ફલક એટલે ઢાલ અને પરશુ છે.

૯. સુવિધિનાથની સુતારાદેવી છે. તેને ગૌર વર્ણ, વૃષભનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને અક્ષમાલા છે તથા ડાબા બે હાથમાં કળશ અને અંકુશ છે.

૧૦. શીતલનાથની અશોકાદેવી છે. તેને નીલ વર્ણ, કમળનું આસન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને પાશ છે તથા ડાબા બે હાથમાં ફળ અને અંકુશ છે.

૧૧. શ્રેયાંસનાથની શ્રીવત્સા નામે દેવી છે મતાંતરે માનવીદેવી છે. તેને ગૌર વર્ણ, સિંહનું વાહન તથા ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને મુદ્ગર છે તથા ડાબા બે હાથમાં કળશ અને અંકુશ છે.

૧૨. વાસુપૂજ્યસ્વામિની પ્રવરા નામે દેવી મતાંતરે ચંડાદેવી છે. તેને શ્યામ વર્ણ, ઘોડાનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને શક્તિ છે તથા ડાબા બે હાથમાં ફૂલ અને ગદા છે.

૧૩. વિમલનાથની વિજયાનામે દેવી છે મતાંતરે વિદિતાદેવી છે. તેને હડતાલ જેવો વર્ણ, કમળનું આસન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં બાણ અને પાશ છે તથા ડાબા બે હાથમાં ધનુષ અને નાગ છે.

૧૪. અનંતનાથની અંકુશા નામે દેવી છે. તેને ગૌર વર્ણ, કમળનું આસન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં ખડ્ગ અને પાશ છે તથા ડાબા બે હાથમાં ઢાલ અને અંકુશ છે.

૧૫. ધર્મનાથની પન્નગા નામે દેવી છે. મતાંતરે કંદર્પાદેવી છે. તેને ગૌર વર્ણ, મત્સ્યનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં કમળ અને અંકુશ છે તથા ડાબા બે હાથમાં કમળ અને અભયમુદ્રા છે.

૧૬. શાન્તિનાથની નિર્વાણીદેવી છે. તેને સુવર્ણ જેવો વર્ણ, કમળનું આસન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં પુસ્તક અને કમળ છે તથા ડાબા બે હાથમાં કમંડળ અને કમળ છે.

૧૭. કુંથુનાથની અચ્યુતા નામે દેવી છે મતાંતરે બલાદેવી છે. તેને સુવર્ણ જેવો વર્ણ, મયુરનુ વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં બીજોરૂ અને શૂલ છે તથા ડાબા બે હાથમાં મુષુણ્ઢિ અને કમળ છે.

૧૮. અરનાથની ધરણી નામે દેવી છે. તેને નીલવર્ણ, કમળનું આસન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં માતુલિંગ અને કમળ છે તથા ડાબા બે હાથમાં કમળ અને અક્ષમાળા છે.

૧૯. મલ્લિનાથની વૈરૂટ્યા નામે દેવી છે. તેને કૃષ્ણવર્ણ કમલનું આસન, અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને અક્ષમાળા છે. તથા ડાબા બે હાથમાં બીજોરૂ અને શક્તિ છે.

૨૦. મુનિસુવ્રતસ્વામિની અચ્છુપ્તા નામે દેવી છે. મતાંતરે નરદત્તાદેવી છે. તેને સુવર્ણવર્ણ, ભદ્રાસનનું આસન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં વરદાન મુદ્રા અને અક્ષમાળા છે તથા ડાબા બે હાથમાં બીજોરૂ અને શૂલ છે.

૨૧. નમિનાથની ગાંધારી નામે દેવી છે તેને શ્વેતવર્ણ, હંસનું વાહન અને ચાર

હાથ છે. જમણા બે હાથમાં વરદાનમુદ્રા અને ખડ્ગ છે તથા ડાબા બે હાથમાં બીજોરૂ તથા ભાલો છે.

૨૨. નેમિનાથની અંબિકા નામે દેવી છે. તેને સુવર્ણવર્ણ, સિંહનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં આંબાની લૂમ અને પાશ છે તથા ડાબા બે હાથમાં પુત્ર અને અંકુશ છે.

૨૩. પાર્શ્વનાથની પદ્માવતી નામે દેવી છે. તેને સુવર્ણ વર્ણ, કુર્કુટ સર્પનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં કમળ અને પાશ છે તથા ડાબા બે હાથમાં ફળ અને અંકુશ છે.

૨૪. મહાવીરજિનની સિદ્ધાયિકા નામે દેવી છે. તેને લીલો વર્ણ, સિંહનું વાહન અને ચાર હાથ છે. જમણા બે હાથમાં પુસ્તક અને અભયમુદ્રા છે તથા ડાબા બે હાથમાં બીજોરૂ અને વીણા છે.

અહીં સૂત્રકારે યક્ષો અને યક્ષિણીઓના ફક્ત નામો જ કહ્યા છે. પણ આંખ, મોઢા, રંગ વગેરેનું સ્વરૂપ કહ્યું નથી પણ અમે શિષ્યના જ્ઞાન માટે નિર્વાણકલિકા ગ્રંથાનુસારે તેમના નેત્ર, મુખ, વર્ણ, શસ્ત્ર વગેરેનું સ્વરૂપ કહ્યું. (૩૭૫–૩૭૬)

૨૮. તીર્થંકરોનું દેહમાન

पंचधणूसय पढमो कमेण पण्णासहीण जा सुविही १०० ।
दसहीण जा अणंतो ५० पंचूणा जाव जिणनेमी १० ॥३७७॥
नवहत्थपमाणो पाससामिओ सत्तहत्थ जिणवीरो ।
उस्सेहअंगुलेणं सरीरमाणं जिणवराणं ॥३७८॥

પહેલા ઋષભદેવ ભગવાનની પાંચસો ધનુષ્ય પ્રમાણની કાયા છે. તે પછી અજિતનાથ ભગવાનથી સુવિધિનાથ ભગવાન સુધી પચાસ-પચાસ ધનુષ ઓછા કરતા જવું. તે પછી અનંતનાથ ભગવાન સુધી દશ-દશ ધનુષ ઓછા કરવા અને તે પછી નેમિનાથ ભગવાન સુધી પાંચ-પાંચ ધનુષ ઓછા કરવા. તથા પાર્શ્વનાથ ભગવાનના નવ હાથ અને વીર ભગવાનના સાત હાથ છે. આ જિનેશ્વરોનું શરીર પ્રમાણ ઉત્સેધાંગુલથી જાણવું.

૧. ઋષભદેવ ૫૦૦ ધનુષ, ૨. અજિતનાથ ૪૫૦ ધનુષ, ૩. સંભવનાથ ૪૦૦ ધનુષ, ૪. અભિનંદનસ્વામી ૩૫૦ ધનુષ, ૫. સુમતિનાથ ૩૦૦ ધનુષ, ૬. પદ્મપ્રભુ ૨૫૦ ધનુષ, ૭. સુપાર્શ્વનાથ ૨૦૦ ધનુષ, ૮. ચંદ્રપ્રભુ ૧૫૦ ધનુષ, ૯. સુવિધિનાથ ૧૦૦ ધનુષ, ૧૦. શીતલનાથ ૯૦ ધનુષ, ૧૧. શ્રેયાંસનાથ ૮૦ ધનુષ, ૧૨. વાસુપૂજ્ય-

સ્વામી ૭૦ ધનુષ, ૧૩. વિમલનાથ ૬૦ ધનુષ, ૧૪. અનંતનાથ ૫૦ ધનુષ, ૧૫. ધર્મનાથ ૪૫ ધનુષ, ૧૬. શાન્તિનાથ ૪૦ ધનુષ, ૧૭. કુંથુનાથ ૩૫ ધનુષ, ૧૮. અરનાથ ૩૦ ધનુષ, ૧૯. મલ્લિનાથ ૨૫ ધનુષ, ૨૦. મુનિસુવ્રતસ્વામી ૨૦ ધનુષ, ૨૧. નમિનાથ ૧૫ ધનુષ, ૨૨. નેમનાથ ૧૦ ધનુષ, ૨૩. પાર્શ્વનાથ ૯ હાથ, ૨૪. મહાવીરસ્વામી ૭ હાથ પ્રમાણ છે. તીર્થંકરોનું આ દેહપ્રમાણ પરમાણુ, રથરેણુ, ત્રસરેણુ આદિથી ઉત્પન્ન થયેલ ઉત્સેધાંગુલ વડે જાણવું. (૩૭૭–૩૭૮)

૨૯. લંછન

वसह १ गय २ तुरय ३ वानर ४ कूंचो ५ कमलं च ६ सत्थिओ ७ चंदो ८।
मयर ९ सिरिवच्छ १० गंडय ११ महिस १२ वराहो १३ य सेणो १४ य ॥३७९॥
वज्जं १५ हरिणो १६ छगलो १७ नंदावत्तो १८ य कलस १९ कुम्मो २० य ।
नीलुप्पल २१ संख २२ फणी २३ सीहो २४ य जिणाण चिन्धाइं ॥३८०॥

૧. વૃષભ, ૨. હાથી, ૩. ઘોડો ૪. વાનર, ૫. ક્રૌંચપક્ષી, ૬. કમળ, ૭. સાથીઓ, ૮. ચંદ્ર, ૯. મગર, ૧૦. શ્રીવત્સ, ૧૧. ગેંડો, ૧૨. પાડો, ૧૩. વરાહ, ૧૪. શ્યેનપક્ષી, ૧૫. વજ્ર, ૧૬. હરણ, ૧૭. બકરો, ૧૮. નંદાવર્ત, ૧૯. કુંભ, ૨૦. કાચબો, ૨૧. નીલકમલ, ૨૨. શંખ, ૨૩. સર્પ, ૨૪. સિંહ– આ ચોવીશ લંછન ઋષભદેવ વગેરે તીર્થંકરોના ક્રમશઃ જાણવા.(૩૭૯-૩૮૦)

૩૦. વર્ણ

पउमाभवासुपुज्जा रत्ता ससिपुप्फदंत ससिगोरा ।
सुव्वयनेमी काला पासो मल्ली पियंगाभा ॥३८१॥
वरतवियकणयगोरा सोलस तित्थंकरा मुणेयव्वा ।
एसो वन्नविभागो चउवीसाए जिणिंदाणं ॥३८२॥

[आव. नि. २२४–५]

પદ્મપ્રભુ અને વાસુપૂજ્ય જાસુદના ફૂલ જેવા રાતા, ચંદ્રપ્રભુ અને સુવિધિનાથ ચંદ્ર જેવા સફેદ, મુનિસુવ્રત અને નેમનાથ ઇન્દ્રનીલમણી જેવા શ્યામ પાર્શ્વનાથ અને મલ્લિનાથ રાયણના વૃક્ષ જેવા લીલા, બાકીના સોળ તીર્થંકરો શુદ્ધ તપાવેલ સોના જેવા વર્ણવાળા જાણવા. આ પ્રમાણે ચોવીસ તીર્થંકરોનાં વર્ણ છે. (૩૮૧–૩૮૨)

૩૧. દીક્ષા સમયનો પરિવાર

एगो भगवं वीरो पासो मल्ली य तिहि तिहि सएहिं ।
भगवंपि वासुपुज्जो छहिं पुरिससएहिं निक्खंतो ॥३८३॥
उग्गाणं भोगाणं रायण्णाणं च खत्तियाणं च ।
चउहिं सहस्सेहिं उसहो सेसा उ १९ सहस्सपरिवारा ॥३८४॥

[आव. नि. २२४–५]

૧. મહાવીરસ્વામીએ ફક્ત એકલાએ જ દીક્ષા લીધી બીજા કોઈ સાથે ન હતા. પાર્શ્વનાથ અને [1]મલ્લિનાથની સાથે ૩૦૦ જણા. વાસુપૂજ્યસ્વામિ ૬૦૦ પુરુષો સાથે સંસાર જંગલમાંથી નીકળ્યા. આરક્ષક સ્થાનીય ઉગ્રકુળવાળા, વડીલ જેવા ભોગ કુળવાળા, મિત્ર સમાન રાજન્યકુળવાળા તથા સામન્ત વગેરે ક્ષત્રિય કુલવાળા ચાર હજાર પુરુષો સાથે ઋષભદેવ ભગવાને દીક્ષા લીધી. બાકીના મહાવીરસ્વામિ, મલ્લિનાથ, પાર્શ્વનાથ, વાસુપૂજ્ય અને ઋષભદેવ સિવાયના અજિતનાથ વગેરે ૧૯ તીર્થંકરોએ ૧૦૦૦ પુરુષ પરિવાર સાથે દીક્ષા લીધી. (૩૮૩–૩૮૪)

૩૨. આયુષ્ય

चउरासीइ १ बिसत्तरि २ सट्ठी ३ पन्नास ४ मेव लक्खाइं ।
चत्ता ५ तीसा ६ वीसा ७ दस ८ दो ९ एगं १० च पुव्वाणं ॥३८५॥
चउरासी ११ बावत्तरी १२ य सट्ठी १३ य होइ वासाणं ।
तीसा १४ य दस १५ य एगं १६ एवं एए सयसहस्सा ॥३८६॥
पंचाणउइ सहस्सा १७ चउरासीई १८ य पंचवन्ना १९ य ।
तीसा २० य दस २१ य एगं २२ सयं २३ च बावत्तरी २४ चेव ॥३८७॥

ઋષભદેવનું સર્વાયુ-ચોર્યાસીલાખ (૮૪,૦૦,૦૦૦) પૂર્વ વર્ષ, ૨. અજિતનાથનુ બહોંતેરલાખ (૭૨,૦૦,૦૦૦) પૂર્વનું, ૩. સંભવનાથનું સાઇઠલાખ (૬૦,૦૦૦,૦૦) પૂર્વ, ૪. અભિનંદનસ્વામીનું પચાસ લાખ (૫૦,૦૦૦,૦૦) પૂર્વ, ૫. સુમતિનાથનું ચાલીશ લાખ (૪૦,૦૦૦,૦૦) પૂર્વ, ૬. પદ્મપ્રભનું ત્રીશ લાખ (૩૦,૦૦૦,૦૦) પૂર્વ, ૭. સુપાર્શ્વનાથનું વીશલાખ (૨૦,૦૦૦,૦૦)

૧. અહીં મલ્લિનાથ ૩૦૦ પુરુષો અને ૩૦૦ સ્ત્રીઓ કુલ્લે ૬૦૦ સાથે દીક્ષિત થયા. સૂત્રમાં જે ૩૦૦ કહ્યા તે ફક્ત સ્ત્રી કે પુરુષ જાણવા. બીજો પક્ષ હોવા છતાં પણ સૂત્રમાં વિવક્ષા કરી નથી. એ પ્રમાણે પરંપરા છે. સ્થાનાંગ સૂત્રમાં પણ કહ્યું છે કે "**मल्लिजिनः स्त्रीशतैरपित्रिभिः** મલ્લિનાથ ભગવાન સાથે ત્રણસો પુરુષ તથા ત્રણસો સ્ત્રીઓએ પણ દીક્ષા લીધી."

પૂર્વ, ૮. ચંદ્રપ્રભનું દશલાખ (૧૦,૦૦,૦૦૦) પૂર્વ, ૯. સુવિધિનાથનું બે લાખ (૨,૦૦,૦૦૦) પૂર્વ, ૧૦. શીતલનાથનું એક લાખ (૧,૦૦,૦૦૦) પૂર્વ, ૧૧. શ્રેયાંસનાથનું ચોર્યાસી લાખ (૮૪,૦૦૦૦૦) વર્ષ, ૧૨. વાસુપૂજ્યસ્વામીનું બહોતેર લાખ (૭૨,૦૦,૦૦૦) વર્ષ, ૧૩. વિમલનાથનું સાઇઠ લાખ (૬૦,૦૦,૦૦૦) વર્ષ, ૧૪. અનંતનાથનું ત્રીશ લાખ (૩૦,૦૦,૦૦૦) વર્ષ, ૧૫. ધર્મનાથનું દશ લાખ (૧૦,૦૦,૦૦૦) વર્ષ, ૧૬. શાન્તિનાથનું એક લાખ (૧,૦૦,૦૦૦) વર્ષ, ૧૭. કુંથુનાથનું પંચાણું હજાર (૯૫,૦૦૦) વર્ષ, ૧૮. અરનાથનું ચોર્યાસી હજાર (૮૪,૦૦૦) વર્ષ, ૧૯. મલ્લિનાથનું પંચાવન હજાર (૫૫,૦૦૦) વર્ષ, ૨૦. મુનિસુવ્રતસ્વામિનું ત્રીશ હજાર (૩૦,૦૦૦) વર્ષ, ૨૧. નમિનાથનું દશ હજાર (૧૦,૦૦૦) વર્ષ, ૨૨. નેમનાથનું એક હજાર (૧૦૦૦) વર્ષ, ૨૩. પાર્શ્વનાથનું ૧૦૦ વર્ષ, ૨૪. મહાવીરસ્વામી ૭૨ વર્ષ. (૩૮૫-૩૮૭)

૩૩. નિર્વાણ સમયે પરિવાર

એગો ભગવં વીરો તેત્તીસાએ સહ નિવ્વુઓ પાસો ।
છત્તીસેહિં પંચહિ સએહિં નેમી ઉ સિદ્ધિગઓ ॥૩૮૮॥
પંચહિં સમણસએહિં મલ્લી સંતી ઉ નવસએહિં તુ ।
અટ્ઠસએણં ધમ્મો સએહિં છહિં વાસુપુજ્જજિણો ॥૩૮૯॥
સત્તસહસ્સાણંતઇજિણસ્સ વિમલસ્સ છસ્સહસ્સાઇં ।
પંચ સયાઇં સુપાસે પઉમાભે તિણ્ણિ અટ્ઠસયા ॥૩૯૦॥
દસહિં સહસ્સેહિં ઉસહો સેસા ઉ સહસ્સપરિવુડા સિદ્ધા ।
તિત્થયરા ઉ દુવાલસ પરિનિટ્ઠિયઅટ્ઠકમ્મમરા ॥૩૯૧॥

મહાવીરસ્વામી એકાકી નિર્વાણ પામ્યા, પાર્શ્વનાથ ૩૩ સાધુ સાથે, નેમનાથ ૫૩૬ સાથે, મલ્લિનાથ ૫૦૦ સાધુ સાથે, શાન્તિનાથ ૯૦૦ સાધુઓ સાથે, ધર્મનાથ ૧૦૮ સાથે, વાસુપૂજ્ય ૧૦૦ સાથે, અનંતનાથ ૭૦૦૦ સાથે, વિમલનાથ ૬૦૦૦ સાથે, સુપાર્શ્વનાથ ૫૦૦ સાથે, પદ્મપ્રભુ ૩૦૮ સાથે મતાંતરે ૮૦૩, તત્વં તુ કેવલિ ગમ્યમ્ તથા ઋષભદેવ ભગવાન દશ હજાર સાથે પરમ આનંદરૂપી લક્ષ્મીને ભેટ્યા. બાકીના અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, ચંદ્રપ્રભુ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, કુંથુનાથ, અરજિન, મુનિસુવ્રતસ્વામી અને નમિનાથ. આ બાર તીર્થંકરો દરેક-૧-૧ હજારના પરિવાર સાથે આઠ કર્મનો ક્ષય કરી મોક્ષમાં ગયા. (૩૮૮-૩૯૧)

૩૪. નિર્વાણગમન સ્થાન

अट्ठावयचंपुज्जितपावासम्मेयसेलसिहरेसुं ।
उसभवसुपुज्जनेमी वीरो सेसा य सिद्धिगया ॥ ३९२॥

ઋષભદેવ અષ્ટાપદ ઉપર, વાસુપૂજ્યસ્વામી ચંપાપુરીમાં, નેમનાથ ગીરનાર ઉપર, મહાવીરસ્વામી પાવાપુરીમાં અને બાકીના અજીતનાથાદિ વીસ તીર્થંકરો સમેતશિખર પર મોક્ષે ગયા. (૩૯૨)

૩૫. જિનેશ્વરોના આંતરા

इत्तो जिणंतराइं वोच्छं किल उसभसामिणो अजिओ ।
पण्णासकोडिलक्खेहिं सायराणं समुप्पण्णो ॥ ३९३ ॥

ઋષભદેવસ્વામિથી અજિતનાથ પચાસ લાખ ક્રોડ સાગરોપમ પછી [1]સિદ્ધ થયા. (૩૯૩)

---

૧. અહીં '**लक्खेहिं**' વગેરે પદોમાં ત્રીજી વિભક્તિ સાતમીના અર્થમાં છે. તેથી ઋષભદેવ પછીથી અજિતનાથ પચાસ લાખ ક્રોડ સાગરોપમ પૂર્ણ થયે છતે મોક્ષમાં સિદ્ધરૂપે ઉત્પન્ન થયા. અહીં 'સમુત્પન્ન'નો અર્થ 'જન્મ લેવો' એવો અર્થ ન કરવો, પરંતુ સિદ્ધ થવાના અર્થમાં લેવો, ક્રમકે ધાતુઓ અનેક અર્થવાળા છે. અહિં '**उसहसमित्ते**' વગેરે પદોમાં પંચમી વિભક્તિ અવધિ અર્થમાં છે. તે અવધિ-અભિવિધિ અને મર્યાદા એમ બે અર્થમાં છે, અહીં જો પંચમી વિભક્તિ અભિવિધિ અર્થમાં લઈને સમુત્પન્નનો અર્થ "જન્મ્યા" એવો કરીએ તો ઋષભદેવના જન્મ વખતથી લઈ અજિતનાથના જન્મ કાલ સુધીનું પ્રમાણ આવશે, જેથી ઋષભદેવના સર્વાયુ કાળ પ્રમાણથી અધિક દુષમસુષમા આરાના ૮૯ પખવાડીયા રહ્યે છતે અર્થાત્ ચોર્યાસી લાખ પૂર્વ અને નેવ્યાસી પખવાડીયે મહાવીરસ્વામિની સિદ્ધિ થશે. આગમમાં તો ફક્ત ૮૯ પખવાડીયા બાકી રહ્યે છતે મહાવીરસ્વામિની સિદ્ધિ કહી છે, માટે આગમ સાથે વિરોધનો પ્રસંગ આવતો હોવાથી પંચમી વિભક્તિ મર્યાદા અર્થમાં જ લેવી. અભિવિધિ અર્થમાં નહીં.

પંચમી વિભક્તિનો મર્યાદાના અર્થમાં પણ જો સમુત્પન્નનો અર્થ 'જન્મથી' વ્યાખ્યા કરીએ તો પણ ઋષભદેવ વગેરેના નિર્વાણ કાળથી અજિતનાથ વગેરેના જન્મ કાળ સુધીનો જ સમય આવે છે. તેથી જિનેશ્વરોના આંતરાના કાળ માન વડે જ ચોથો આરો પૂરો થઈ જાય. અને અજિતનાથ વગેરે ત્રેવીસ જિનના સંપૂર્ણ આયુષ્યકાળ પ્રમાણમાં જિનોનો આંતરા કાળ ન લેવાયેલ હોવાથી તે વધારાના સમય રૂપે થશે. આથી આવતી ઉત્સર્પિણીમાં શ્રી મહાવીરસ્વામિની સિદ્ધિ થયાની આપત્તિ આવશે. અને તે બરાબર નથી. માટે ઋષભદેવ વગેરેના નિર્વાણ કાળથી લઈ અજિતનાથ વગેરે સિદ્ધ થયા એમ જ વ્યાખ્યા કરવી. બીજી રીતે નહીં.

તીસાએ સંભવજિણો દસહિ ઉ અભિનંદણો જિણવરિંદો ।
નવહિ ઉ સુમઇજિણિંદો ઉપ્પણ્ણો કોડિલક્ખેહિં ॥૩૯૪॥

અજિતનાથના નિર્વાણથી ત્રીસ લાખ ક્રોડ સાગરોપમ ગયા પછી સંભવનાથનું નિર્વાણ, સંભવનાથના નિર્વાણથી દશ લાખ ક્રોડ સાગરોપમ ગયા પછી અભિનંદનસ્વામીનું નિર્વાણ, અભિનંદનસ્વામીના નિર્વાણથી નવ લાખ ક્રોડ સાગરોપમ ગયા પછી સુમતિનાથનું નિર્વાણ. (૩૯૪)

નઉઈઇ સહસ્સેહિં કોડીણં વોલિયાણ પઉમાભો ।
નવહિ સહસ્સેહિં તઓ સુપાસનામો સમુપ્પણ્ણો ॥૩૯૫॥

સુમતિનાથના નિર્વાણથી ૯૦ હજાર ક્રોડ સાગરોપમ ગયા પછી પદ્મપ્રભુનું નિર્વાણ, પદ્મપ્રભુના નિર્વાણથી ૯ હજાર ક્રોડ સાગરોપમ ગયા પછી સુપાર્શ્વનાથનું નિર્વાણ. (૩૯૫)

કોડિસએહિં નવહિ ઉ જાઓ ચંદપ્પહો જણાણંદો ।
નઉઈએ કોડીહિં સુવિહિજિણો દેસિઓ સમએ ॥૩૯૬॥

સુપાર્શ્વનાથના નિર્વાણથી ૯૦૦ ક્રોડ સાગરોપમ ગયા પછી ચંદ્રપ્રભુનું નિર્વાણ, તે પછી ૯૦ ક્રોડ સાગરોપમ ગયા પછી સુવિધિનાથનું નિર્વાણ.(૩૯૬)

સીયલજિણો મહપ્પા તત્તો કોડીહિ નવહિં નિદ્દિટ્ઠો ।
કોડીએ સેયંસો ઊણાઇ ઇમેણ કાલેણ ॥૩૯૭॥
સાગરસણ એગેણ તહ ય છાવટ્ઠિવરિસલક્ખેહિં ।
છવ્વીસાઇ સહસ્સેહિં તઓ પુરો અંતરેસુત્તિ ॥૩૯૮॥

સુવિધિનાથના નિર્વાણથી નવ ક્રોડ સાગરોપમ ગયા પછી શીતલનાથનું નિર્વાણ, શીતલનાથના નિર્વાણથી એકસો સાગરોપમ ઉપર ૬૬ લાખ ૨૬ હજાર વર્ષ ન્યૂન ક્રોડ સાગરોપમે શ્રેયાંસનાથનું નિર્વાણ. (૩૯૭-૩૯૮)

ચઉપણ્ણા અયરેહિં વસુપુજ્જજિણો જગુત્તમો જાઓ ।
વિમલો વિમલગુણોહો તીસહિ અયરેહિ ૨યરહિઓ ॥૩૯૯॥

શ્રેયાંસનાથના નિર્વાણથી ચોપ્પન સાગરોપમ વાસુપૂજ્યસ્વામીનું નિર્વાણ, તે પછી વિમલનાથનું ૩૦ સાગરોપમ ગયા પછી નિર્વાણ. (૩૯૯)

નવહિં અયરેહિં અણંતો ચઉહિ ઉ ધમ્મો ઉ ધમ્મધુરધવલો ।
તિહિ ઊણેહિં સંતી તિહિ ચઉભાગેહિં પલિયસ્સ ॥૪૦૦॥
ભાગેહિ દોહિં કુંથૂ પલિયસ્સ અરો ઉ એગભાગેણં ।
કોડિસહસ્સોણેણં વાસાણ જિણેસરો ભણિઓ ॥૪૦૧॥

વિમલનાથના નિર્વાણથી નવ સાગરોપમ ગયા પછી અનંતનાથનું નિર્વાણ, તે પછી ચાર સાગરોપમ વીત્યા પછી ધર્મનાથનું નિર્વાણ, તે પછી પોણો પલ્યોપમ ન્યૂન ૩ સાગરોપમ વીત્યા પછી શાંતિનાથનું નિર્વાણ, તે પછી એક પલ્યોપમના પોણા ભાગમાંથી બે ભાગ ગયા પછી કુંથુનાથનું નિર્વાણ, તે પછી બાકી રહેલા પા પલ્યોપમમાં એક હજાર ક્રોડ વર્ષ ન્યૂન એવો પલ્યોપમનો ચોથો ભાગ ગયા પછી અરનાથનું નિર્વાણ. (૪૦૦-૪૦૧)

મલ્લી તિસલ્લરહિઓ જાઓ વાસાણ કોડિસહસેણ ।
ચઉપણ્ણવાસલક્ખેહિં સુવ્વઓ સુવ્વઓ સિદ્ધો ॥૪૦૨॥
જાઓ છહિ નમિનાહો પંચહિ લક્ખેહિં જિણવરો નેમી ।
પાસો અદ્ધટ્ઠમસય સમહિયતેસીઇસહસેહિં ॥૪૦૩॥

તે પછી મલ્લિનાથ, એક હજાર ક્રોડ વર્ષ ગયા પછી નિર્વાણ પામ્યા. તે પછી ૫૪ લાખ વર્ષ ગયા પછી મુનિસુવ્રતસ્વામી નિર્વાણ પામ્યા. ત્યારથી ૬ લાખ વર્ષ પછી નમિનાથનું નિર્વાણ. ત્યારબાદ પાંચ લાખ વર્ષ ગયા પછી નેમનાથનું નિર્વાણ. ત્યારબાદ ૮૩૭૫૦ વર્ષ પછી પાર્શ્વનાથનું નિર્વાણ. ત્યારબાદ અઢીસો વર્ષ ગયા પછી વીર જિનેશ્વર નિર્વાણ પામ્યા. (૪૦૨-૪૦૩)

અડ્ઢાઇજ્જસએહિં ગએહિં વીરો જિણેસરો જાઓ ।
દૂસમઅઇદૂસમાણં દોણ્હંપિ દુચત્તસહસેહિં ॥૪૦૪॥
પુજ્જઇ કોડાકોડી ઉસહજિણાઓ ઇમેણ કાલેણ ।
ભણિયં અંતરદારં એયં સમયાણુસારેણં ॥૪૦૫॥

હવે દુઃષમ અને અતિદુઃષમ બંનેનું કાળ પ્રમાણ ૪૨,૦૦૦ વર્ષ ઉમેરવાથી ઋષભજિનના નિર્વાણથી એક કોડાકોડી સાગરોપમ કાળ પૂર્ણ થાય છે. આ પ્રમાણે સિદ્ધાંતાનુસારે અંતરદ્વાર કહ્યું.

ત્રીજા આરામાં ૮૯ પખવાડીયાં ઓછા હતા ત્યારે આદિનાથ ભગવાન સિદ્ધ થયા. અને શ્રી મહાવીરસ્વામી ચોથા આરામાં ૮૯ પખવાડીયા બાકી હતા ને સિદ્ધ થયા. એ પ્રમાણે ચોથા આરાના કાળ પ્રમાણ સર્વ જિનોના આંતરાનો કાળ થયો. ચોથો આરો ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તેથી ૪૨,૦૦૦ વર્ષ યુક્ત જિનાંતર કાલ એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય.

તે એક કોડાકોડી કાળ પૂરો કરવા માટે દુઃષમ અતિદુઃષમા કાળરૂપ પાંચમા છઠ્ઠા આરાના ૪૨,૦૦૦ વર્ષ કાળ ઉમેરવાથી ઋષભદેવ વગેરેના નિર્વાણથી પૂર્વોક્ત જિનાંતર

કાળ એક કોડાકોડી સાગરોપમ થાય છે. આ પ્રમાણે અંતરદ્વાર સિદ્ધાંતાનુસારે કહ્યું. (૪૦૪-૪૦૫)

એક કોડાકોડી આ પ્રમાણે પૂર્ણ થાય છે.

૫૦ લાખ ક્રોડ સાગરોપમ ઋષભદેવ અને અજિતનાથનું અંતર
૩૦ ,, ,, ,, અજિતનાથ અને સંભવનાથનું અંતર
૧૦ ,, ,, ,, સંભવનાથ અને અભિનંદનસ્વામિનું અંતર
૯ ,, ,, ,, અભિનંદનસ્વામી અને સુમતિનાથનું અંતર

---

૯૯ લાખ ક્રોડ સાગરોપમ થયા.
૯૦ હજાર ક્રોડ સાગરોપમ સુમતિનાથ અને પદ્મપ્રભુનું અંતર
૯ ,, ,, ,, પદ્મપ્રભુ અને સુપાર્શ્વનાથનું અંતર

---

૯૯ હજાર ક્રોડ સાગરોપમ થયા.
૯૦૦ નવસો ક્રોડ સાગરોપમ સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભુનું અંતર
૯૦ ,, ,, ચંદ્રપ્રભુ અને સુવિધિનાથનું અંતર
૯ ક્રોડ સાગરોપમ સુવિધિનાથ અને શીતલનાથનું અંતર
૧ ,, ,, શીતલનાથ અને શ્રેયાંસનાથનું અંતર

૧૦૦૦ એક હજાર ક્રોડ સાગરોપમ થયા.

૯૯,૦૦,૦૦૦ ક્રોડ સાગરોપમ
++૯૯,૦૦૦ ,, ,,
+++૧,૦૦૦ ,, ,,

૧,૦૦૦,૦૦૦૦ ક્રોડ સાગરોપમ

પણ શ્રેયાંસનાથથી એક ક્રોડ સાગરોપમ કહ્યા છે, તે સંપૂર્ણ ન લેવા પણ એકસો સાગારોપમ તથા ૬૬ લાખ ૨૬ હજાર વર્ષ ન્યૂન લેવાના છે. આ એકસો સાગરોપમનો કાળ એક ક્રોડમાંથી કાઢવાથી જ પૂરો થાય છે.

જેમ ૫૪ સાગરોપમ વાસુપૂજ્યસ્વામીના, ૩૦ સાગરોપમ વિમલનાથના, ૯ અનંતનાથના, ચાર ધર્મનાથના એમ કુલ્લે ૯૭ સાગરોપમ થયા.

તે પછી શાંતિનાથના પોણો પલ્યોપમ ઓછા એવા ૩ સાગરોપમ. તે પછી ઉપર જે પોણો પલ્યોપમ હતો એમાંથી એક ભાગ ન્યૂન બે ભાગ પલ્યોપમ એટલે અડધો પલ્યોપમ કુંથુનાથ અને બાકી રહેલ એક ભાગ એટલે પા પલ્યોપમ અરનાથનું અંતર, તે પણ હજાર ક્રોડ વર્ષ ન્યૂન પા પલ્યોપમ સમજવા. તે હજાર ક્રોડ મલ્લિનાથનું અંતર. આમ શ્રેયાંસનાથનાં એક ક્રોડમાંથી ઓછા કરેલા સો સાગરોપમ પૂરા થયા.

છાસઠ લાખ છવીસ હજાર, (૬૬,૨૬,૦૦૦), બાકી રહ્યા તેનું પ્રતિપાદન કરે છે. તેમાં ૫૪ લાખ વર્ષ મુનિસુવ્રતસ્વામિના, ૬ લાખ નમિનાથના, ૫ લાખ નેમનાથના એટલે કુલ્લે ૬૫ લાખ થયા.

પાર્શ્વનાથના ૮૩,૭૫૦ વર્ષ અને ૨૫૦ વર્ષ મહાવીરસ્વામીના એટલે પાર્શ્વ અને મહાવીરસ્વામીના મળી ૮૪,૦૦૦ વર્ષ થયા. બાકીનો કાળ ૨૧,૦૦૦ વર્ષ પ્રમાણ દુઃષમ નામનો પાંચમો આરો અને અતિ દુઃષમ નામનો ૨૧,૦૦૦ વર્ષનો છઠ્ઠો આરો, તે બંનેના ૪૨,૦૦૦ વર્ષ મેળવતા, આગળના ૮૪,૦૦૦માં ૪૨,૦૦૦ ઉમેરતાં ૧ લાખ ૨૬ હજાર થયા. તેને ઉપરના ૬૫ લાખમાં ઉમેરતાં ૬૬,૨૬,૦૦૦ થયા. તે ૬૬,૨૬,૦૦૦ તથા આગળના એકસો સાગરોપમને શ્રેયાંસનાથના એક ક્રોડ સાગરોપમમાં ન્યૂન કાળમાં ઉમેરતાં સંપૂર્ણ એક ક્રોડ સાગરોપમ થયા. તેને ઉપરના ૯૯,૯૯,૯૯૯ ક્રોડ સાગરોપમમાં ઉમેરતાં એક કોડાકોડી સાગરોપમ થાય છે. (૪૦૪–૪૦૫)

૩૫. તીર્થંકર ચક્રવર્તી–વાસુદેવનાં આયુષ્યાદિનું યંત્ર

હવે પ્રકારાંતરે સર્વ તીર્થંકર, ચક્રવર્તિ, વાસુદેવ વગેરે આંતરા તથા જે તીર્થંકરના અવાંતર કાળમાં જે ચક્રવર્તિ, વાસુદેવ થયા તેમનું શરીર આયુષ્ય વગેરે શિષ્યના જ્ઞાન માટે કહેવાય છે.

बत्तीसं घरयाइं काउं तिरियाअयाहि रेहाहिं ।
उड्ढाययाहिं काउं पंच घराइं तओ पढमे ॥४०६॥
पन्नरस जिण निरंतर सुन्नदुगं तिजिण सुन्नतियगं च ।
दो जिण सुन्न जिणिंदो सुन्न जिणो सुन्न दोन्नि जिणा ॥४०७॥

અહીં ગ્રંથકાર આ લેખ જણાવવા માટે કોઠાની ઉભી સ્થાપના કરે છે. પણ આડી નહીં. તેમાં આડી લાંબી લાઈન ૩૩ દોરે, જેથી ૩૨ ખાના થાય. પછી ઉભી છ રેખા દોરી ૩૨ ખાનાના ઉભા પાંચ ખાના કરે. આ પ્રમાણે પાંચ ખાના કરી, તેમાં ઉભા પહેલા ખાનામાં ૩૨ આડા ખાનામાંથી પહેલા ૧૫ ખાનામાં ઋષભદેવથી ધર્મનાથ સુધીની સ્થાપના કરવી.

પછી બીજા ખાનામાં બે શૂન્ય. તે પછી ત્રણ ખાનામાં શાન્તિનાથ, કુંથુનાથ, અરનાથની સ્થાપના. તે પછી ત્રણ ખાનામાં ત્રણ શૂન્ય, પછી બે ખાનામાં મલ્લિનાથ અને મુનિસુવ્રતસ્વામી સ્થાપવા. પછી એક ખાનામાં શૂન્ય. તે પછી એક ખાનામાં નમિનાથ. તે પછીના ખાનામાં શૂન્ય. તે પછીના ખાનામાં નેમનાથ સ્થાપવા. તે પછીના ખાનામાં શૂન્ય અને પછીના બે ખાનામાં પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી સ્થાપવા. આ પ્રમાણે પહેલા ઉભા ખાનામાં ભરવું. (૪૦૬–૪૦૭)

बिईयपंतिठवणा–

दो चक्कि सुन्न तेरस पण चक्की सुण्ण चक्कि दो सुण्णा ।
चक्की सुन्न दुचक्की सुण्णं चक्की दुसुण्णं च ॥४०८॥

હવે બીજી બાજુ ઉભી પંક્તિમાં ૩૨ આડા ખાનામાંની સ્થાપના કરે છે. પહેલા બે ખાનામાં ભરત અને સગરચક્રવર્તી સ્થાપવા. પછી તેર ખાનામાં શૂન્ય, પછી પાંચ ખાનામાં મઘવા, સનતકુમાર, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ–આ પાંચ ચક્રવર્તી સ્થાપવા. તે પછીના ખાનામાં શૂન્ય, તે પછીના ખાનામાં સુભૂમ ચક્રવર્તી. તે પછી બે ખાનામાં શૂન્ય. તે પછીના ખાનામાં મહાપદ્મ ચક્રવર્તી. તે પછીના ખાનામાં શૂન્ય. તેની આગળના બે ખાનામાં હરિષેણ અને જય નામના ચક્રવર્તી સ્થાપવા. તે પછીના ખાનામાં શૂન્ય. તે પછીના ખાનામાં બ્રહ્મદત્ત ચેક્રવર્તી. તે પછીના બે ખાનામાં શૂન્ય. (૪૦૮)

तईयपंतिठवणा–

दससुण्ण पंच केसव पणसुण्णं केसि सुण्ण केसी य ।
दो सुण्ण केसवोऽवि य सुण्णदुगं केसव तिसुण्णं ॥४०९॥

ઉભી ત્રીજી પંક્તિની સ્થાપના બતાવાય છે. ઉભી પંક્તિનાં ત્રીજા ખાનામાં બત્રીસ આડા ખાનામાંથી પહેલા આડા દશ ખાનામાં શૂન્ય. તે પછી પાંચ ખાનામાં ત્રિપૃષ્ઠ, દ્વિપૃષ્ઠ, સ્વયંભૂ, પુરુષોત્તમ અને પુરુષસિંહ નામના પાંચ વાસુદેવ સ્થાપવા. તે પછી પાંચ ખાનામાં પાંચ શૂન્ય. તે પછીના ખાનામાં પુરુષપુંડરીક નામના વાસુદેવ સ્થાપવા. તે પછીના ખાનામાં શૂન્ય. તે પછીના ખાનામાં કેશીદત્ત વાસુદેવ સ્થાપવા તે પછીના બે ખાનામાં બે શૂન્ય. તે પછીના ખાનામાં નારાયણ નામે વાસુદેવ. તે પછીના બે ખાનામાં બે શૂન્ય. તે પછીના ખાનામાં કૃષ્ણ નામના વાસુદેવ. તે પછીના ત્રણ ખાનામાં ત્રણ શૂન્ય સ્થાપવા. (૪૦૯)

चउत्थपंतिठवणा–

उसहभरहाण दोण्हवि उच्चत्तं पंचधणुसए हुंति ।
अजियसगराण दोण्हवि उच्चत्तं चारि अद्धं च ॥४१०॥
पन्नासं पन्नासं धणुपरिहाणी जिणाण तेण परं ।
ता जाव पुप्फदंतो धणुसयमेगं भवे उच्चो ॥४११॥
नउइ धणू सीयलस्स सेज्जंसतिबिट्ठुमाइणं पुरओ ।
जा धम्मपुरिससीहो उच्चत्तं तेसिमं होइ ॥४१२॥
कमसो असीइ सत्तरि सट्ठी पण्णास तह य पणयाला ।
एए हवंति धणुया बायालद्धं च मघवस्स ॥४१३॥

इगयालं धणु सद्धं च सणंकुमारस्स चक्कवट्टिस्स ।
संतिस्स य चत्ताला कुंथुजिणिंदस्स पणतीसा ॥४१४॥
तीस धणूणि अरस्स उ इगुतीसं पुरिसपुंडरीयस्स ।
अट्ठावीस सुभूमे छव्वीस धणूणि दत्तस्स ॥४१५॥
मल्लिस्स य पणुवीसा वीसं च धणूणि सुव्वए पउमे ।
नारायणस्स सोलस पनरस नमिनाहहरिसेणे ॥४१६॥
बारस जयनामस्स य नेमीकण्हाण दसधणुच्चत्तं ।
सत्तधणु बंभदत्तो नव रयणीओ य पासस्स ॥४१७॥
वीरस्स सत्त रयणी उच्चत्तं भणियमाउअं अहुणा ।
पंचमघरयनिविट्ठं कमेण सव्वेसि वोच्छामि ॥४१८॥

ચોથી પંક્તિના ખાનાની સ્થાપના.

આડા પહેલા ખાનામાં રહેલા ઋષભદેવ અને ભરત ચક્રવર્તીના શરીરની ઊંચાઈ ૫૦૦ ધનુષ્યની.

બીજા ખાનામાં રહેલ અજિતનાથ અને સગરચક્રવર્તીની ઊંચાઈ ૪૫૦ ધનુષ છે. તે પછી સંભવનાથ વગેરે જિનેશ્વરોના પચાસ–પચાસ ધનુષ ઓછાં કરતાં સુવિધિનાથ સુધી સો ધનુષ આવે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

ત્રીજા ખાનામાં સંભવનાથનું શરીરમાન ૪૦૦ ધનુષ.

ચોથા ખાનામાં અભિનંદનસ્વામિનું શરીરમાન ૩૫૦ ધનુષ.

પાંચમા ખાનામાં સુમતિનાથનું દેહમાન ૩૦૦ ધનુષ.

છઠ્ઠા ખાનામાં પદ્મપ્રભુનું દેહમાન ૨૫૦ ધનુષ.

સાતમા ખાનામાં સુપાર્શ્વનાથનું દેહમાન ૨૦૦ ધનુષ.

આઠમા ખાનામાં ચંદ્રપ્રભુનું દેહમાન ૧૫૦ ધનુષ.

નવમા ખાનામાં સુવિધિનાથનું દેહમાન ૧૦૦ ધનુષ.

દશમા ખાનામાં શીતલનાથનું દેહમાન ૯૦ ધનુષ.

શ્રેયાંસનાથ અને ત્રિપૃષ્ઠવાસુદેવથી માંડી ધર્મનાથ અને પુરુષસિંહ સુધી તેઓની ઊંચાઈ ૮૦ આદિ ધનુષ આ ક્રમથી થાય છે.

અગ્યારમા ખાનામાં શ્રેયાંસનાથનું અને ત્રિપૃષ્ઠ વાસુદેવનું દેહમાન ૮૦ ધનુષ.

બારમા ખાનામાં વાસુપૂજ્યસ્વામી અને દ્વિપૃષ્ઠ વાસુદેવનું દેહમાન ૭૦ ધનુષ.

તેરમા ખાનામાં વિમલનાથ અને સ્વયંભૂ વાસુદેવનું દેહમાન ૬૦ ધનુષ.

ચૌદમા ખાનામાં અનંતનાથ અને પુરુષોત્તમ વાસુદેવનું દેહમાન ૫૦ ધનુષ.

પંદરમા ખાનામાં ધર્મનાથ અને પુરુષસિંહ વાસુદેવનું દેહમાન ૪૫ ધનુષ.

સોળમા આનામાં મઘવા ચક્રવર્તીનું દેહમાન ૪૨।। ધનુષ.
સત્તરમા આનામાં સનતકુમાર ચક્રવર્તીનું દેહમાન ૪૧।। ધનુષ.
અઢારમા આનામાં શાંતિનાથનું દેહમાન ૪૦ ધનુષ.
ઓગણીસમા આનામાં કુંથુનાથનું દેહમાન ૩૫ ધનુષ.
વીસમા આનામાં અરનાથનું દેહમાન ૩૦ ધનુષ.
એકવીશમા આનામાં પુરુષપુંડરિકવાસુદેવનું દેહમાન ૨૯ ધનુષ.
બાવીસમા આનામાં સુભૂમ ચક્રવર્તીનું દેહમાન ૨૮ ધનુષ.
ત્રેવીશમા આનામાં દત્ત વાસુદેવનું દેહમાન ૨૬ ધનુષ.
ચોવીશમા આનામાં મલ્લિનાથનું દેહમાન ૨૫ ધનુષ.
પચ્ચીસમા આનામાં મુનિસુવ્રતસ્વામી અને મહાપદ્મ ચક્રવર્તીનું દેહમાન ૨૦ ધનુષ.
છવીશમા આનામાં નારાયણવાસુદેવનું દેહમાન ૧૬ ધનુષ.
સત્યાવીશમા આનામાં હરિષેણ ચક્રવર્તીનું દેહમાન ૧૫ ધનુષ.
અઠ્યાવીશમા આનામાં જય ચક્રવર્તીનું દેહમાન બાર ધનુષ.
ઓગણત્રીશમા આનામાં નેમનાથ અને કૃષ્ણવાસુદેવનું દેહમાન ૧૦ ધનુષ.
ત્રીશમા આનામાં બ્રહ્મદત્ત ચક્રવર્તીનું દેહમાન ૭ ધનુષ.
એકત્રીશમા આનામાં પાર્શ્વનાથનું દેહમાન ૯ હાથ.
બત્રીશમા આનામાં મહાવીરસ્વામીનું દેહમાન ૭ હાથ કહ્યું છે. (૪૧૦-૪૧૮)

उसहभरहाण दोण्हवि चुलसीई पुव्वसयसहस्साइं ।
अजियसगराण दोण्हवि बावत्तरि सयसहस्साइं ।।४१९।।
पुरओ जहक्कमेणं सट्ठी पण्णास चत्त तीसा य ।
वीसा दस दो चेव य लक्खेगो चेव पुव्वाणं ।।४२०।।
सिज्जंसतिविट्ठूणं चुलसीई वाससयसहस्साइं ।
पुरओ जिणकेसीणं धम्मो ता जाव तुल्लमिणं ।।४२१।।
कमसो बावत्तरि सट्ठि तीस दस चेव सयसहस्साइं ।
मघवस्स चक्किणो पुण पंचेव य वासलक्खाइं ।।४२२।।
तिन्नि य सणंकुमारे संतिस्स य वासलक्खमेगं तु ।
पंचाणउइ सहस्सा कुंथुस्स य आउयं भणियं ।।४२३।।
चुलसीइ सहस्साइं तु आउयं होइ अरजिणिंदस्स ।
पणसट्ठिसहस्साइं आऊ सिरिपुंडरीयस्स ।।४२४।।
सट्ठिसहस्स सुभूमे छप्पन्न सहस्स हुंति दत्तस्स ।
पणपण्णसहस्साइं मल्लिस्सवि आउयं भणियं ।।४२५।।

सुव्वयमहपउमाणं तीस सहस्साइं आउयं भणियं ।
बारस वाससहस्सा आऊ नारायणस्स भवे ॥४२६॥
दस वाससहस्साइं नमिहरिसेणाण हुंति दुण्हंपि ।
तिण्णेव सहस्साइं आऊ जयनामचक्किस्स ॥४२७॥
वाससहस्सा आऊ नेमीकण्हाण होइ दोण्हंपि ।
सत्त य वाससयाइं चक्कीसरबंभदत्तस्स ॥ ४२८ ॥
वाससयं पासस्स य वासा बावत्तरिं च वीरस्स ।
इय बत्तीस घराइं समयविहाणेण भणियाइं ॥४२९॥

પાંચમી પંક્તિઓના ખાનામાં સર્વ જિનેશ્વર આદિનાં આયુષ્ય.

ઋષભદેવ અને ભરત ચક્રવર્તીનું ૮૪ લાખ વર્ષ પૂર્વનું આયુષ્ય.

બીજા ખાનામાં અજિતનાથ અને સગરચક્રવર્તીનું ૭૨ લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય.

ત્રીજા ખાનામાં સંભવનાથનું ૬૦ લાખ પૂર્વ વર્ષ આયુ.

ચોથા ખાનામાં અભિનંદનસ્વામિનું ૫૦ લાખ પૂર્વ વર્ષાયુ.

પાંચમા ખાનામાં સુમતિનાથનું ૪૦ લાખ પૂર્વ વર્ષાયુ.

છઠ્ઠા ખાનામાં પદ્મપ્રભસ્વામિનું ૩૦ લાખ પૂર્વ વર્ષાયુ.

સાતમા ખાનામાં સુપાર્શ્વનાથનું ૨૦ લાખ પૂર્વ વર્ષાયુ.

આઠમા ખાનામાં ચંદ્રપ્રભુનું ૧૦ લાખ પૂર્વ વર્ષાયુ.

નવમા ખાનામાં સુવિધિનાથનું ૨ લાખ પૂર્વ વર્ષાયુ.

ત્યારપછીના તીર્થંકર અને વાસુદેવોનું ધર્મનાથ અને પુરુષસિંહ સુધી પરસ્પર તુલ્ય આયુષ્ય જાણવું.

દશમા ખાનામાં શીતલનાથનું એક લાખ પૂર્વ વર્ષાયુ.

અગ્યારમા ખાનામાં શ્રેયાંસનાથ અને ત્રિપૃષ્ઠ વાસુદેવનું ચોર્યાસીલાખ (૮૪,૦૦,૦૦૦) વર્ષ.

બારમા ખાનામાં વાસુપૂજ્યસ્વામી અને દ્વિપૃષ્ઠવાસુદેવનું ૭૨ લાખ વર્ષાયુ.

તેરમા ખાનામાં વિમલનાથ અને સ્વયંભૂ વાસુદેવનું ૬૦ લાખ વર્ષાયુ.

ચૌદમા ખાનામાં અનંતનાથ અને પુરુષોત્તમ વાસુદેવનું ૩૦ લાખ વર્ષાયુ.

પંદરમા ખાનામાં ધર્મનાથ અને પુરુષસિંહ વાસુદેવનું ૧૦ લાખ વર્ષાયુ.

સોળમા ખાનામાં મઘવા ચક્રવર્તીનું ૫ લાખ વર્ષાયુ.

સત્તરમા ખાનામાં સનતકુમાર ચક્રવર્તીનું ૩ લાખ વર્ષાયુ.

અઢારમા ખાનામાં શાંતિનાથને એક લાખ વર્ષાયુ.

ઓગણીસમા ખાનામાં કુંથુનાથનું ૯૫ હજાર વર્ષાયુ.
વીસમા ખાનામાં અરનાથનું ૮૪ હજાર વર્ષાયુ.
એકવીશમા ખાનામાં પુંડરીક વાસુદેવનું ૬૫ હજાર વર્ષાયુ.
બાવીશમા ખાનામાં સુભૂમચક્રવર્તીનું ૬૦ હજાર વર્ષાયુ.
ત્રેવીશમા ખાનામાં દત્ત વાસુદેવનું ૫૬ હજાર વર્ષાયુ.
ચોવીશમા ખાનામાં મલ્લિનાથનું ૫૫ હજાર વર્ષાયુ.
પચ્ચીસમા ખાનામાં મુનિસુવ્રતસ્વામિનું અને મહાપદ્મ ચક્રવર્તીનું ૩૦ હજાર વર્ષાયુ.
છવ્વીશમા ખાનામાં નારાયણવાસુદેવનું ૧૨ હજાર વર્ષાયુ.
સત્યાવીશમા ખાનામાં નમિનાથ અને હરિષેણ ચક્રવર્તીનું દશ હજાર વર્ષાયુ.
અઠ્યાવીશમા ખાનામાં જય ચક્રવર્તીનું ૩૦૦૦ વર્ષાયુ.
ઓગણત્રીશમા ખાનામાં નેમનાથ અને કૃષ્ણવાસુદેવનું ૧૦૦૦ વર્ષાયુ.
ત્રીશમા ખાનામાં બ્રહ્મદત્ત ચક્રવર્તીનું ૭૦૦ વર્ષાયુ.
એકત્રીશમા ખાનામાં પાર્શ્વનાથનું ૧૦૦ વર્ષાયુ.
બત્રીશમા ખાનામાં મહાવીરસ્વામિનું ૭૨ વર્ષાયુ.

આ પ્રમાણે સિદ્ધાંતાનુસારે બત્રીશ ખાનામાં આયુષ્ય કહ્યા એનો કોઠો નીચે પ્રમાણે જાણવો. (૪૧૯–૪૨૯)

ક્રમાંશ	જિનેશ્વરો	ચક્રવર્તી	વાસુદેવ	શરીર પ્રમાણ	આયુષ્ય
૧	૧	૧	૦	૫૦૦ ધનુષ	૮૪ લાખ પૂર્વવર્ષ
૨	૨	૨	૦	૪૫૦ ,,	૭૨ ,,
૩	૩	૦	૦	૪૦૦ ,,	૬૦ ,,
૪	૪	૦	૦	૩૫૦ ,,	૫૦ ,,
૫	૫	૦	૦	૩૦૦ ,,	૪૦ ,,
૬	૬	૦	૦	૨૫૦ ,,	૩૦ ,,
૭	૭	૦	૦	૨૦૦ ,,	૨૦ ,,
૮	૮	૦	૦	૧૫૦ ,,	૧૦ ,,
૯	૯	૦	૦	૧૦૦ ,,	૨ ,,
૧૦	૧૦	૦	૦	૯૦ ,,	૧ ,,

ક્રમાંશ	જિનેશ્વરો	ચક્રવર્તી	વાસુદેવ	શરીર પ્રમાણ	આયુષ્ય
૧૧	૧૧	૦	૧	૮૦ ધનુષ	૮૪ લાખ વર્ષ
૧૨	૧૨	૦	૨	૭૦ ,,	૭૨ ,, ,,
૧૩	૧૩	૦	૩	૬૦ ,,	૬૦ ,, ,,
૧૪	૧૪	૦	૪	૫૦ ,,	૩૦ ,, ,,
૧૫	૧૫	૦	૫	૪૫ ,,	૧૦ ,, ,,
૧૬	૦	૩	૦	૪૨½ ,,	૫ ,, ,,
૧૭	૦	૪	૦	૪૧½ ,,	૩ ,, ,,
૧૮	૧૬	૫	૦	૪૦ ,,	૧ ,, ,,
૧૯	૧૭	૬	૦	૩૫ ,,	૯૫ હજાર વર્ષ
૨૦	૧૮	૭	૦	૩૦ ,,	૮૪ ,,
૨૧	૦	૦	૬	૨૯ ,,	૬૫ ,,
૨૨	૦	૮	૦	૨૮ ,,	૬૦ ,,
૨૩	૦	૦	૭	૨૬ ,,	૫૬ ,,
૨૪	૧૯	૦	૦	૨૫ ,,	૫૫ ,,
૨૫	૨૦	૯	૦	૨૦ ,,	૩૦ ,,
૨૬	૦	૦	૮	૧૬ ,,	૧૨ ,,
૨૭	૨૧	૧૦	૦	૧૫ ,,	૧૦ ,,
૨૮	૦	૧૧	૦	૧૨ ,,	૩ ,,
૨૯	૨૨	૦	૯	૧૦ ,,	૧ ,,
૩૦	૦	૧૨	૦	૭ ,,	૭૦૦ વર્ષ
૩૧	૨૩	૦	૦	૯ હાથ	૧૦૦ ,,
૩૨	૨૪	૦	૦	૭ ,,	૭૨ ,,

૩૬. તીર્થવિચ્છેદ

पुरिमंतिमअट्ठंतरेसु तित्थस्स नत्थि वोच्छेओ ।
मज्झिल्लएसु सत्तसु एत्तियकालं तु वुच्छेओ ।।४३०।।
चउभागं चउभागो तिन्नि य चउभाग पलियचउभागो ।
तिण्णेव य चउभागा चउत्थभागो य चउभागो ।।४३१।।

પહેલા આઠ આંતરામાં તથા છેલ્લા આઠ આંતરામાં તીર્થ વિચ્છેદ નથી. પણ વચ્ચેના સાત આંતરામાં આગળ કહ્યા પ્રમાણે તીર્થવિચ્છેદ છે.

જેમ ચાર આંગળના ત્રણ આંતરા હોય છે. તેમ ચોવીસ તીર્થંકરની વચ્ચે ત્રેવીસ આંતરા હોય છે. તેમાં પહેલા ઋષભદેવથી લઇ નવમા સુવિધિનાથ સુધીમાં આઠ આંતરા થાય છે. તેમાં તથા શાંતિનાથ અને મહાવીરસ્વામી વચ્ચે આઠ આંતરા થાય છે. તેમાં ચાર પ્રકારના શ્રમણસંઘરૂપ તીર્થનો વિચ્છેદ થયો નથી.

વચ્ચેના સુવિધિનાથ અને શાંતિનાથના સાત આંતરામાં આગળ ઉપર કહેવાશે તે પ્રમાણેનો તીર્થવિચ્છેદ જાણવો.

સુવિધિનાથ અને શીતલનાથ વચ્ચે એક પલ્યોપમના ચાર ભાગ કરીએ, તેમાંનો ચોથો એક ભાગ પ્રમાણ એટલે $\frac{1}{4}$(પા) પલ્યોપમ કાળ સુધી તીર્થવિચ્છેદ થયો. એટલે અરિહંતના ધર્મની વાત પણ નાશ પામી જાય.

શીતલનાથ અને શ્રેયાંસનાથ વચ્ચે પલ્યોપમનો ચોથો ભાગ એટલે $\frac{1}{4}$ (પા) પલ્યોપમ તીર્થ વિચ્છેદ. શ્રેયાંસનાથ અને વાસુપૂજ્યસ્વામી વચ્ચે $\frac{3}{4}$ (પોણો) પલ્યોપમ. વાસુપૂજ્ય સ્વામી અને વિમલનાથ વચ્ચે $\frac{1}{4}$ (પા) પલ્યોપમ. વિમલનાથ અને અનંતનાથવચ્ચે $\frac{3}{4}$ (પોણો) પલ્યોપમ. અનંતનાથ અને ધર્મનાથ વચ્ચે $\frac{1}{4}$ (પા) પલ્યોપમ. ધર્મનાથ અને શાન્તિનાથ વચ્ચે $\frac{1}{4}$ (પા) પલ્યોપમ તીર્થવિચ્છેદ. આ પ્રમાણે સાતે આંતરાનો કાળ ભેગો કરતાં ૨$\frac{3}{4}$ (પોણા ત્રણ) પલ્યોપમ કાળ થાય. (૪૩૦–૪૩૧)

૩૭. દશ આશાતના

तंबोल १ पाण २ भोयण ३ पाणह ४ थीभोग ५ सुयण ६ निट्ठवणे ७ ।
मुत्त ८ च्चारं ९ जूयं १० वज्जे जिणमंदिरस्संतो ।। ४३२।।

[संबोध प्र. १/८७]

(૧) તંબોલ (મુખવાસ), (૨) પાણી, (૩) ભોજન, (૪) પગરખા, (૫) સ્ત્રી-ભોગ, (૬) શયન, (૭) થુંકવું, (૮) લઘુનીતિ, (૯) વડીનીતિ, (૧૦) જુગાર રમવો. આ ક્રિયાઓ તીર્થંકરની આશાતનારૂપ હોવાથી વિવેકીએ દેરાસરમાં ત્યાગ કરવો. (૪૩૨)

૩૮. ચોર્યાશી આશાતના

खेलं १ केलि २ कलिं ३ कला ४ कुललयं ५ तंबोल ६ मुग्गालयं ७ ।
गाली ८ कंगुलिया ९ सरीरधुवणं १० केसे ११ नहे १२ लोहियं १३ ।
भत्तोसं १४ तय १५ पित्त १६ वंत १७ दसणे १८ विस्सामणं १९ दामणं २० ।
दंत २१ च्छी २२ नह २३ गंड २४ नासिय २५ सिरो २६ सोत २७ च्छवीणं
मलं २८ ॥[1]४३३॥

मंतु २९ म्मीलण ३० लेक्खयं ३१ विभजणं ३२ भंडार ३३ दुट्ठासणं ३४ ।
छाणी ३५ कप्पड ३६ दालि ३७ पप्पड ३८ वडी ३९ विस्सारणं नासणं ४० ।
अकंदं ४१ विकहं ४२ सरत्थवडणं ४३ तेरिच्छसंठावणं ४४ ।
अग्गीसेवण ४५ रंधणं ४६ परिखणं ४७ निस्सीहियाभंजणं ४८ ॥४३४॥
छत्तो ४९ वाणह ५० सत्थ ५१ चामर ५२ मणोऽणेगत्त ५३ मब्भंगणं ५४।
सच्चित्ताणमचाय ५५ चायमजिए ५६ दिट्ठोअ नो अंजली ५७ ।
साडेगुत्तरसंगभंग ५८ मउडं ५९ मउलिं ६० सिरोसेहरं ६१,
हुड्डा ६२ जिंडुहगिड्डियाइरमणं ६३ जोहार ६४ भंडकियं ६५ ॥४३५॥
रेकारं ६६ धरणं ६७ रणं ६८ त्तिवरणं वालाण ६९ पल्हत्थियं ७० ।
पाओ ७१ पायपसारणं ७२ पुडपुडी ७३ पंकं ७४ रओ ७५ मेहुणं ७६ ।
जूया ७७ जेमण ७८ गुज्झ ७९ विज्ज ८० वणिजं ८१ सेज्जं ८२ जलं ८३ मज्जणं ८४ ।
एमाईयमवज्जकज्जमुजुओ वज्जे जिणिंदालए ॥ ४३६ ॥

જિનમંદિરમાં આ પ્રમાણે કરવાથી આશાતના થાય છે. આશાતનાએટલે સમસ્તકલ્યાણરૂપી સંપત્તિની વેલડીનું અવંધ્ય બીજ સમાન જ્ઞાનાદિના લાભનો નાશ કરે તે.

(૧) જિનમંદિરમાં મોઢાનું શ્લેષ્મ એટલે કફના ગળફા નાંખે.
(૨) ક્રીડા કરે.
(૩) વચનથી ઝગડો કરે.
(૪) અખાડાની જેમ ધનુષ, બાણ વગેરે કળાઓ શીખે.
(૫) કોગળા કરે.
(૬) મુખવાસ ખાય.
(૭) તાંબુલ ખાઇને પાનની પીચકારી ત્યાં મારે.

---

૧. આ ચારે શ્લોક શાર્દુલવિક્રીડીત છંદમાં છે.

(૮) જકાર, ચકાર, મકાર, વગેરેની ગાળો બોલે.
(૯) ઝાડો (વડીનીતિ), પેશાબ (લઘુનીતિ) કરે.
(૧૦) શરીરને નવડાવે–ધોવડાવે.
(૧૧) દાઢી, મૂછ, માથાની હજામત કરાવે.
(૧૨) હાથ પગના નખ કોતરાવે.
(૧૩) શરીરમાંથી નીકળતું લોહી ત્યાં નાંખે.
(૧૪) સુખડી વિગેરે ભાતું ત્યાં ખાય.
(૧૫) ઘા વગેરેની ચામડીને ત્યાં નાંખે.
(૧૬) દવા વગેરેથી ત્યાં પિત્ત કાઢે.
(૧૭) ઉલ્ટી કરે.
(૧૮) દાંતોને નાંખે કે દાંત ઘસે.
(૧૯) અંગોપાંગ દબાવડાવે.
(૨૦) બકરા વગેરે પશુઓને બાંધે.
(૨૧) થી (૨૮) દાંત, આંખ, નાક, કાન, ગાલ, માથુ, નખ અને ચામડીનો મેલ ત્યાં નાંખે.
(૨૯) મંત્ર એટલે ભૂત વગેરે નિગ્રહરૂપ અથવા રાજાદિના કાર્યની વિચારણા રૂપ. તે દેરાસરમાં કરે.
(૩૦) પોતાના લગ્ન વગેરે કાર્ય માટે વૃદ્ધ વગેરે પુરુષોરૂપ જ્ઞાતિને (પંચને ભેગુ કરે) ભેગી કરે.
(૩૧) વેપાર વગેરેના દસ્તાવેજના લેખ કરે.
(૩૨) ભાગીદાર વગેરેના ભાગો ત્યાં પાડે.
(૩૩) પોતાના પૈસા વગેરેનો ત્યાં ભંડાર કરે.
(૩૪) પગ ઉપર પગ ચડાવીને ઔચિત્ય વિના બેસે.
(૩૫) છાણા સૂકવે.
(૩૬) કપડા સૂકવે.
(૩૭)–(૩૯) મગ વગેરેની દાળ, પાપડ, વડી વગેરે સૂકવે.
(૪૦) રાજા, લેણદાર વગેરેના ભયથી દેરાસરના ગભારા વગેરેમાં સંતાય.
(૪૧) સ્ત્રી, પુત્ર, વગેરેના વિયોગથી દેરાસરમાં રડે.
(૪૨) જુદી જુદી જાતની સ્ત્રી વગેરેની સુંદર કથાઓરૂપ વિકથા કરે.
(૪૩) બાણ, અસ્ત્ર, ધનુષ્ય વગેરે ઘડાવે.
(૪૪) ગાય, ઘોડા વગેરે ત્યાં રાખે.

(૪૫) ઠંડી વગેરેમાં તાપણું કરે.
(૪૬) રસોઈ કરે.
(૪૭) દ્રમ્મ વગેરે નાણાની પરીક્ષા કરે.
(૪૮) દેરાસરમાં પેસતાં નિસિહી જરૂર કરવી જોઇએ તે જો ન કરે.
(૪૯)-(૫૨) છત્રી, પગરખા, જોડા, તલવાર વગેરે શસ્ત્ર અને ચામર દેરાસરની બહાર મૂકે નહીં પણ અંદર લઈ જાય.
(૫૩) જુદા જુદા વિચાર કરવારૂપ મનની અસ્થિરતા કરે.
(૫૪) તેલ વગેરેથી પોતે માલિસ કરે.
(૫૫) સચિત્ત ફૂલ, તંબોલ વગેરેના પાંદડાને બહાર ન મૂકે.
(૫૬) હાર, રત્ન, મુદ્રિકા (વીંટી) વગેરે અજીવને બહાર મૂકે તો આશાતના. કેમકે બહાર મૂકે તો 'અરે! આ તો ભિખારીનો ધર્મ છે.' એ પ્રમાણે ધર્મની નિંદા દુષ્ટ લોકો કરે.
(૫૭) જિનપ્રતિમાને જોતાંની સાથે હાથ ન જોડે.
(૫૮) એક શાટક ઉત્તરાસંગ ન કરે એટલે ખેસ ન નાંખે.
(૫૯) માથે મુગટ ધારણ કરે.
(૬૦) માથા ઉપર મૌલિ એટલે શિરોવેષ્ટનરૂપ પાઘડી અથવા ફેંટો બાંધે.
(૬૧) માથા ઉપર ફૂલ વગેરેની વેણી કરે.
(૬૨) કબૂતર, નાળિયેર વગેરેની હોડ કરે.
(૬૩) જિંડુહ એટલે દડો, ગેડી, લખોટી, કોડી વગેરેની રમતો રમે.
(૬૪) પિતા વગેરેને જુહાર કરે.
(૬૫) ભાંડ, વિટ, નટ, વગેરેની જેમ કક્ષા (બગલ) વાદન વગેરેની ક્રિયા કરે.
(૬૬) તિરસ્કાર જણાવનાર 'રે' કાર વગેરે શબ્દો વાપરે.
(૬૭) શત્રુને અથવા દેવાદારને પકડે.
(૬૮) લડાઈ કરે.
(૬૯) વાળને ખુલ્લા કરે, ઓળે.
(૭૦) પલાંઠી વાળીને બેસે.
(૭૧) લાકડાની પાદુકા પહેરે.
(૭૨) પગ લાંબા કરી સંકોચ વિના બેસે.
(૭૩) પુટપુટિકાદ્વાપન [એટલે મોંઢાથી આવાજ કરે?]
(૭૪) પોતાના શરીરના અવયવો ધોવા દ્વારા કાદવ કરે.
(૭૫) પગ પર લાગેલ ધૂળ ઝાટકે.

(૭૬) મૈથુન સેવે.
(૭૭) માથા વગેરેમાંથી જુ વગેરે કાઢી ત્યાં નાખે.
(૭૮) ભોજન કરે.
(૭૯) ગુહ્યલિંગ પ્રકટ કરે. અથવા યુદ્ધ અર્થ લે તો મુઠી, દૃષ્ટિ, બાહુ વિગેરેથી યુદ્ધ કરે.
(૮૦) ચિકિત્સા કરે.
(૮૧) લેવા દેવા રૂપ વેપારની લેવડ-દેવડ કરે.
(૮૨) પથારી કરી સૂવે.
(૮૩) પીવા માટે પાણી મૂકે અથવા પીએ.
(૮૪) પાણીમાં ડુબકી મારતો સ્નાન કરે.

આવા પ્રકારના દોષકારી સાવદ્ય કાર્યો સરળ સ્વભાવીએ દેરાસરમાં છોડી દેવા. આટલી જ આશાતના છે એમ ન જાણવું. એ સિવાય બીજી પણ હસવું, એક બીજાને વળગવું, વગેરે અનુચિત ક્રિયા છે. તે પણ આશાતાનરૂપ જ જાણવી.

પ્રશ્ન :-'तंबोल पाण' ગાથા દ્વારા દશ આશાતનાનું પ્રતિપાદન કર્યું છે અને તે દશમા આ બધી ઉપલક્ષણથી આવી જાય છે, તો પછી અલગ દ્વાર શા માટે ?

ઉત્તર:-કેમકે સામાન્યથી કહેલ હોવા છતાં પણ બાલ જીવોના જ્ઞાન માટે વિશેષ હકીકત જણાવાય છે. જેમ બ્રાહ્મણો આવ્યા છે અને વશિષ્ટ પણ આવ્યા છે. માટે બધું નિર્દોષ છે.

પ્રશ્ન :-આ આશાતના જિનાલયમાં કરતાં ગૃહસ્થોને જ દોષ લાગે છે ? કે બીજાને પણ લાગે છે ? કે જેથી આ આશાતના ન કરવી.

ઉત્તર :-સર્વસાવદ્યકાર્યમાં તત્પર ફક્ત ગૃહસ્થોને જ ભવ ભ્રમણ વગેરે દોષ લાગે છે-એવું નથી પણ નિરવદ્યાચારમાં તત્પર મુનિઓને પણ દોષ લાગે છે. માટે કહ્યું છે કે-(૪૩૩-૪૩૬)

आसायणा उ भवभमणकारणं इय विभाविउं जइणो ।
मलमलिणत्ति न जिणमंदिरंमि निवसंति इय समओ ॥४३७॥

પ્રગટ રીતે આ આશાતનાઓ વિવિધ પ્રકારના દુઃખ પરંપરાનું અને સંસાર ભ્રમણનું કારણ હોવાથી, સ્નાન નહિ કરવાનાં કારણે મલથી મલિન દેહવાળા સાધુઓ જિનમંદિરમાં વસતા નથી—એમ સિદ્ધાંતમાં કહ્યું છે. (૪૩૭)

दुब्भिगंधमलस्सावि, तणुरप्पेस ण्हाणियो ।
दुहा वायवहो वावि, तेणं ठंति न चेइए ॥४३८॥

સ્નાન કરાવેલું પણ આ શરીર દુર્ગંધ તથા મલને ઝરનારું છે, તેથી (યતિઓ) મંદિરમાં વાસ કરતાં નથી.

આગળની ગાથામાં જણાવેલ વાતને વ્યવહારભાષ્યાધારે દૃઢ કરે છે.

આ શરીરમાં બે પ્રકારે વાયુનો માર્ગ છે. તેને નવડાવવા છતાં દુર્ગંધ, મેલ, પરસેવો વગેરે તેમાંથી ઝરે છે તથા અધોવાયુ અને શ્વાસોશ્વાસથી વાયુ છૂટે છે માટે આશાતનાના કારણરૂપ હોવાથી, સાધુઓ જિનમંદિરમાં રહેતા નથી. (૪૩૮)

तिन्नि वा कड्ढई जाव, थुइओ तिसिलोइया ।
ताव तत्थ अणुन्नायं, कारणेण परेण उ ॥४३९॥

ત્રણ સ્તુતિ અને ઉપર ત્રણ શ્લોક (સિદ્ધાણું બુદ્ધાણું સ્તોત્રનાં) કહેવાય ત્યાં સુધી તથા બીજા પણ કારણવશથી ત્યાં (જિનમંદિરમાં) રહેવા માટે યતિઓને અનુજ્ઞા અપાઇ છે. (૪૩૯)

પ્રશ્ન :–જો સાધુને દેરાસરમાં રહેવાથી આશાતના થતી હોય તો આશાતના ભીરૂ સાધુઓએ દેરાસરમાં કચારેય ન જવું જોઈએ.

ઉત્તર :–કાયોત્સર્ગ પછી જે ત્રણ સ્તુતિ અને સિદ્ધાણું–બુદ્ધાણું'નાં ત્રણ શ્લોક ન બોલાય ત્યાં સુધી સાધુને જિનમંદિરમાં રહેવાની અનુજ્ઞા છે. એટલે કાઉસ્સગ્ગ કર્યા પછી જે બોલાય તે ત્રણ થોયો તથા છંદ વિશેષ રૂપ ત્રણ શ્લોકો બોલાય ત્યાં સુધી દેરાસરમાં રહે. તેમાં પહેલો શ્લોક 'સિદ્ધાણું બુદ્ધાણું' રૂપ, બીજો શ્લોક 'જો દેવાણ વિ' રૂપ અને ત્રીજો શ્લોક इक्को वि नमुक्कारो આ ત્રણ શ્લોક અને તે પછીની બે ગાથા અને ચોથી થોય ગીતાર્થ આચરણરૂપ હોવાથી કરાય છે. આટલા ટાઈમ પૂરતું જ જિનમંદિરમાં સાધુને રહેવાની રજા છે.

ગીતાર્થ આચરણ મૂલ ગણધર કથિતની જેમ સર્વે મુમુક્ષુઓએ સર્વ રીતે આરાધવું જોઈએ.

ચૈત્યવંદન બાદ વધારે ટાઈમ પણ જો ધર્મશ્રવણ કરવા માટે ભવિક લોકો આવ્યા હોય અને તે દ્વારા ઉપકાર થતો હોય તો તે કારણે મુનિઓને જિનમંદિરમાં રહેવાની અનુજ્ઞા કરાયેલ છે.

એ સિવાયના કાળમાં સાધુઓને જિન આશાતનાના ભયથી તીર્થંકર ગણધરોએ રજા આપી નથી. તેથી સાધુ ભગવંતોએ પણ આ પ્રમાણે આશાતના તજવી જોઈએ. ગૃહસ્થોએ તો વિશેષ પ્રકારે છોડવી જોઈએ. એમ તીર્થંકરોની આજ્ઞા છે અને આજ્ઞા-ભંગ મોટા અનર્થ માટે થાય છે. બૃહતકલ્પભાષ્યમાં 'आणाइ च्चिय चरणं' આજ્ઞા વડે જ ચારિત્ર છે. –એમ કહ્યું છે. (૪૩૯)

૩૯. આઠ મહાપ્રાતિહાર્ય

कंकिल्लि १ कुसुमवुट्ठी २ दिव्वज्झुणि ३ चामरा ४ ऽऽसणाइं ५ च ।
भावलय ६ भेरि ७ छत्तं ८ जयंति जिणपाडिहेराइं ॥४४०॥

જિનેશ્વરદેવોના કંકેલિ એટલે અશોકવૃક્ષ, કુસુમવૃષ્ટિ, દિવ્યધ્વનિ, સિંહાસન, ભામંડલ, દુંદુભિ અને છત્ર વિગેરે પ્રાતિહાર્યો જય પામે છે.

પ્રતિહાર એટલે દરવાન અથવા દ્વાર રક્ષકની જેમ ઈન્દ્ર મહારાજાએ દ્વારપાલ રૂપ અધિકૃત કરાયેલ દેવોને કરવા યોગ્ય જે કાર્યો, તે પ્રાતિહાર્યો. તે પ્રાતિહાર્યો આઠ છે. તે આ પ્રમાણે.

૧. અશોકવૃક્ષ :–ભગવાનનાં મસ્તક ઉપર અતિ મનોહર આકાર યુક્ત, વિશાલ એવા કંકેલિ એટલે અશોકવૃક્ષને કરે છે. જે વૃક્ષમાં રતાશને ધારણ કરતી ઘણી કુંપણો છે તથા સર્વ ઋતુઓનાં વિવિધ પ્રકારના અસાધારણ ફૂલના સમૂહમાંથી ઉત્તમ સુગંધ પ્રસરે છે. તે સુંગધથી ખેંચાયેલા ભમરાઓના સમૂહ ગુંજારવ કરે છે, તે ગુંજારવ, નમ્ર એવા ભવ્ય લોકોના કાનમાં પ્રવેશ કરીને ઠંડક આપે છે.

૨. સુરપુષ્પવૃષ્ટિ :–જમીન અને પાણીમાં કુદરતિ ઉત્પન્ન થયેલ તથા દેવોએ વિકુર્વેલ એવા પુષ્પોની જાનુ પ્રમાણ વૃષ્ટિ દેવો કરે છે. તે વખતે દરેક પુષ્પનું ડીંટીયું નીચે રહે છે અને ખીલેલો ભાગ ઉપર રહે છે. (તે પુષ્પોનાં જીવોની કીલામણા થતી નથી.)

૩. દિવ્યધ્વનિ :–દેવો અમૃત સમાન રસવંત એવી દિવ્યધ્વનિ પ્રસરાવે છે. એ દિવ્યધ્વનિનાં સ્વરથી આકર્ષાયેલા એવા હરણો, જુદા–જુદા પ્રદેશમાંથી આવીને સર્વ કાર્યને છોડીને અત્યંત આકુલતાપૂર્વક તે દિવ્યધ્વનિને સાંભળે છે. અને સકલ લોક પણ ધ્વનિ સાંભળીને આનંદિત થાય છે.

૪. ચામર :–સુંદર–સુવર્ણનાં દંડથી યુક્ત ચામરને દેવો વિંજે છે. જે અત્યંત કોમળ કદલીનાં કંદ જેવા તાંતણા યુક્ત છે, તથા સુંદર ચમરી ગાયના વાળના જથ્થાથી શોભે છે, તેમાં ઉત્તમોત્તમ પ્રકારનાં રત્નોની વિવિધ પ્રકારની રચના કરેલી છે અને તેમાંથી નીકળતો કિરણોનો સમુહ ચારે દિશામાં મેઘ ધનુષ્યની રચના કરી રહ્યો છે.

૫. સિંહાસન :–સિંહની આકૃતિથી શોભતું સિંહાસન દેવો રચે છે. તે સિંહની આકૃતિમાં સિંહના સ્કંધ ઉપર અતિ તેજસ્વી કેશરા શોભે છે. તેનું મુખ ખુલ્લું હોવાથી દાઢા સ્પષ્ટ દેખાય છે. તેથી તે સિંહ જીવતો હોય તેવો લાગે છે તથા અનેક પ્રકારના ઉત્તમ રત્નોમાંથી નીકળતા સુંદર કિરણો, ચારે બાજુ પ્રસારતા અંધકારનો નાશ કરે છે

૬. ભામંડલ :–ભગવાનના મસ્તકની પાછળ ગોળાકાર એવું ભામંડલ દેવો કરે છે. તે પ્રકૃતિથી તેજસ્વી એવા તીર્થંકરની કાયાથી અત્યંત તેજસ્વી અને પ્રભુના શરીરનાં ન જોઇ શકાય એવા તીવ્ર તેજને અલ્પ તેજ કરનારૂં અને શરદકાલમાં દેદીપ્યમાન કીરણ યુક્ત સૂર્યનાં તેજ જેવું, દૃષ્ટિ ન નાંખી શકાય એવું હોય છે.

૭. ભેરી :–અત્યંત મધુરસ્વર વડે ત્રણ ભુવનને અવાજથી ભરનાર એવી ભેરી દેવતાઓ બનાવે છે.

૮. છત્રત્રય :–ત્રણે ભુવનના એક છત્રી સામ્રાજ્યને સૂચવનાર, શરદઋતુના ચંદ્ર;

મચકુંદનાં ફૂલ–કુમુદના જેવા લટકતા ઉજ્જવળ મોતીયેાનાં ઝુલની શ્રેણીઓથી સુંદર–એવા ત્રણ છત્ર દેવેા રચે છે.

જિનેશ્વર ભગવંતેાનાં આવા પ્રકારના આઠ પ્રાતિહાર્ય શેાભે છે.

અશેાકવૃક્ષ મહાવીર ભગવંતને બત્રીસ ધનુષ ઊંચુ હતું અને બાકીના ઋષભદેવથી પાર્શ્વનાથ સુધીના ૨૩ તીર્થંકરેાને પેાતાના શરીર પ્રમાણથી બારગણુ ઊંચુ હતું. કહ્યું છે કે 'ઋષભદેવને ત્રણ ગાઉ અને વર્ધમાનસ્વામિને ૩૨ ધનુષ અને બાકીના જિનેાને પેાતાના શરીરથી બારગણુ અશેાકવૃક્ષ હેાય છે.' (૧)

પ્રશ્ન :–કેટલાક મહાવીરસ્વામીને પણ પેાતાના શરીરથી બારગણુ અશેાકવૃક્ષ કહે છે. જે આવશ્યકચૂર્ણીમાં મહાવીર સમવસરણના પ્રસંગે કહ્યું છે કે–

असोगवरपायवं जिणउच्चत्ताओ बारसगुण सक्को विउव्वइत्ति.

તેા પછી આ વાત કેવી રીતે ઘટે ?

ઉત્તર :–આવશ્યકચૂર્ણીમાં જે માપ કહ્યું છે તે ફક્ત અશેાકવૃક્ષનું જ માપ છે. અહીં તેા માત્ર (એકલેા અશેાકવૃક્ષ બાર ગણેા જ છે. તે સાત હાથના ભગવાનના શરીરને બારગણું કરતા ૨૧ ધનુષ થાય છે અને સાલવૃક્ષપણ અગ્યાર ધનુષ પ્રમાણ છે તેથી બે ભેગા કરતા બત્રીશ ધનુષ્ય થાય છે. સમવાર્યાંગમાં પણ કહ્યું છે.

बत्तीसं धणुयाइं चेइयरुक्खोउ वद्धमाणस्स ।
निच्चोउगो असोगो उच्छन्नो सालरुक्खेणं ॥१॥

અર્થ :–હંમેશા ખીલેલા પુષ્પ વિગેરેથી યુક્ત અશેાક નામે વૃક્ષ જે સમવસરણ ભૂમિમાં હેાય છે, તે સાલવૃક્ષથી ઢંકાયેલ હેાય છે. તેથી સાલવૃક્ષની ઊંચાઈ પણ ઉમેરી દેવી.

પ્રશ્ન :–યેાજન સુધીની ભૂમિ ઉપર કુસુમની વૃષ્ટિના વિષયમાં કૃપાથી આર્દ્ર હૃદયવાળા કેટલાક પ્રશ્ન કરે છે કે જીવઘાતના કારણુ રૂપ વિકસિત સુંદર ફૂલેાના સમૂહથી ભરેલ સમવસરણની જગ્યામાં જીવદયા પ્રિય મનવાળા મુનિઓ હેાવાથી સ્થિરતા અને ગમનાગમન વિગેરે કેવી રીતે કરી શકે ?

ઉત્તર :– ત્યારે કેટલાક ઉત્તર આપે છે 'તે ફૂલેા સચિત્ત નથી હેાતા' કેમકે દેવેાએ વિકુર્વેલા હેાવાથી અચિત્ત હેાય છે—તે જવાબ બરાબર નથી. કારણ કે ત્યાં વિકુર્વેલા જ ફૂલેા નથી હેાતા પણ પાણીના અને જમીનના ઉત્પન્ન થયેલાં ફૂલેા હેાવાની પણ સંભાવના છે. આ વાત આગમમાં પણ કહેલી છે.

આવશ્યકનિર્યુક્તિમાં પણ કહ્યું છે કે 'નીચે ડીંટીયાવાળા, સુગંધિ–જળમાં અને સ્થળમાં ઉત્પન્ન થયેલા, પાંચ રંગનાં દેવસંબંધિ ફૂલેાથી પણ અધિક શેાભતા ફૂલેાની ચારે

તરફ કુસુમવૃષ્ટિ કરે છે. એ પ્રમાણે સાંભળીને પોતાને બુદ્ધિશાળી માનતા કેટલાક કહે છે કે-'જ્યાં સાધુઓ હોય તે ભાગમાં દેવો ફૂલો વર્ષાવતા નથી. આ પણ ઉત્તરાભાસ છે. કેમકે સાધુઓ ત્યાં લાકડાની જેવી અવસ્થાવાળા થઈને તે એક જ ભાગમાં બેસી રહેતા નથી પણ કાર્ય વિશેષે તેમની અવર જવર થાય છે. માટે અહીં સમસ્ત ગીતાર્થોને સમ્મત એવો જવાબ અપાય છે.

એક યોજન પ્રમાણની સમવસરણ ભૂમિમાં અનેક દેવ દાનવ વગેરે લોકોથી તેનું મર્દન થતું હોવા છતાં પણ પરસ્પર ફૂલોના જીવોને કંઈપણ પીડા થતી નથી. જાનું પ્રમાણ વેરાયેલા ઘણા મકરંદ-પુષ્પરસરૂપી સમ્પત્તિથી યુક્ત, કલ્પવૃક્ષના ફૂલો, મચકુંદ, કુંદ, કુમુદ, કમલની પાંદડીઓ, મુકુલ-માલતી, વિકચ-વિચકીલ વિગેરે ફૂલોના સમૂહની ઉપર ફરતા અને ઉભા રહેલા મુનિઓના સમુદાય હોય કે વિવિધ લોક સમૂહ હોય છતાં તેઓને પીડા નથી થતી પરંતુ અમૃતથી સિંચાતા હોય તેની જેમ તેઓ ઘણા જ ઉલ્લસિત થાય છે. આમાં તીર્થંકરના નિરૂપમ પ્રભાવથી ઉત્પન્ન થએલી અચિંત્ય કૃપા જ કારણ રૂપે છે.

પ્રશ્ન :-દિવ્ય ધ્વનિના વિષયમાં કોઈક પ્રશ્ન કરે છે કે 'સમસ્ત લોકોને આલ્હાદ આપનાર, જાતિવંત સાકર દ્રાક્ષ વગેરેના રસ મિશ્રિત અને બરાબર ઉકાળેલા, ચીકાશવાળા, દૂધ સમાન મીઠાશવાળા તીર્થંકરના અવાજનાં વિષયમાં દેવકૃત પ્રાતિહાર્ય કેવી રીતે ઘટે?

ઉત્તર :-આ સુંદર બુદ્ધિશાળીએ કહેલ વાત યોગ્ય છે. જો કે ખરેખર તીર્થંકરની વાણી મનોહર પદાર્થના સમૂહથી અતિશય સુંદર શબ્દોવાળી સ્વભાવથી જ હોય છે. પરંતુ જ્યારે માલવ કૈશીકી વગેરે રાગોથી ભવ્યજનોના ઉપકાર માટે ભગવાન દેશના આપે છે, ત્યારે બંને પડખે રહેલા દેવો અતિ મનોહર વેણુ, વીણા, વાંસળી વગેરેના મનોહર અવાજ કરવા દ્વારા તીર્થંકરના શબ્દોને અત્યંત મનોહર કરે છે. જેમ મીઠા અવાજે ગાતા યુવાન ગવૈયાના ગીતના અવાજને વીણા વાંસળી વગેરે વગાડનાર માણસો સુંદર કરે છે. તેથી આ અપેક્ષાએ દિવ્ય ધ્વનિ સ્વરૂપ પ્રાતિહાર્ય ઘટે છે એમાં કોઈ વિરોધ આવતો નથી. (૪૪૦)

૪૦. ચોત્રીશ અતિશય

रयरोयसेयरहिओ देहो १ धवलाइं मंसरुहिराइं २ ।
आहारानीहारा अदिस्सा ३ सुरहिणो सासा ४ ॥४४१॥
जम्माउ इमे चउरो एक्कारस कम्मखयभवा इण्हिं ।
खेत्ते जोयणमेत्ते तिजयजणो माइ बहुओऽवि ५ ॥४४२॥

नियभासाए नरतिरिसुराण धम्मावबोहया वाणी ६ ।
पुव्वभवा रोगा उवसमंति ७ न य हुंति वेराइं ८ ॥४४३॥
दुब्भिक्ख ९ डमर १० दुम्मारि ११ ईई १२ अइवुट्ठि १३अणभिवुट्ठीओ १४ ।
हुंति न जियबहुतरणी पसरइ भामंडलुज्जोओ १५ ॥४४४॥

સહજ ચાર અતિશય :–

૧. તીર્થંકર ભગવંતનો દેહ રજ એટલે મેલ, રોગ, પરસેવા રહિત હોય છે. ઉપલક્ષણથી લોકોત્તર રૂપ, રસ, ગંધથી સુંદર હોય છે.

૨. માંસ અને લોહી, ગાયના દૂધની ધારા જેવું સફેદ અને અભિભત્સ હોય છે.

૩. આહાર એટલે ભોજનવિધિ તથા નિહાર એટલે લઘુનીતિ–વડીનીતિની ક્રિયાને ચર્મચક્ષુવાળા જોઈ શકે નહીં. અવધિજ્ઞાની જોઈ શકે.

૪. ભગવાનનાં શ્વાસોશ્વાસ ખીલેલા કમલની સુગંધ જેવા હોય છે.

આ ચાર અતિશયો તીર્થંકરને જન્મથી હોય છે.

કર્મક્ષયથી અગ્યાર અતિશય :–

જ્ઞાનાવરણ વગેરે ચાર ઘાતિકર્મોના ક્ષયથી અગિયાર અતિશયો ઉત્પન્ન થાય છે, તે જણાવે છે.

૫. એક યોજન પ્રમાણ સમોવસરણ ભૂમિમાં કોડાકોડી પ્રમાણ દેવ, મનુષ્ય, તિર્યંચો પણ એકબીજાને પીડા ઉપજાવ્યા વગર સુખપૂર્વક સમાય છે.

૬. અર્ધમાગધી ભાષામાં બોલવા છતાં પણ ભગવાનની વાણી મનુષ્ય–તિર્યંચ અને દેવોને પોતપોતાની ભાષામાં ધર્મબોધ આપે છે. આનો ભાવાર્થ આ છે કે–યોજન સુધી વ્યાપિને રહેલી ભગવાનની વાણી એક સરખી હોવા છતાં પણ જેમ વાદળામાંથી પડેલું વરસાદનું પાણી, તે તે આશ્રય (સ્થાનરૂપે) પરિણમે છે તેમ અહીં પણ શ્રવણ કરનારના બોધરૂપે પરિણમે છે. કહ્યું છે કે,

ભગવાનની વાણીને દેવો દૈવી ભાષારૂપે, મનુષ્યો મનુષ્યની ભાષારૂપે, ભીલો ભીલ-ભાષારૂપે અને તિર્યંચો તિર્યંચી ભાષારૂપે સાંભળતા હોય છે.

આવા પ્રકારનો ઉપકાર જગતમાં અદ્‌ભુત એવા અતિશય વગર એકીસાથે જીવો ઉપર કરવો શક્ય નથી.

૭. પહેલા ઉત્પન્ન થયેલા રોગો; તાવ, અરુચી વિગેરે ઉપશમે છે અને નવા ઉત્પન્ન થતા નથી.

૮. પૂર્વમાં બંધાયેલા વૈર અને જાતિવૈરવાળા જીવોનો પરસ્પર વિરોધ થતો નથી.

૯. ભગવાનની હાજરીમાં દુષ્કાળ પડતો નથી.

૧૦. સ્વચક્ર એટલે સ્વરાજ્ય તથા પરચક્ર એટલે પરરાજ્ય તરફથી વિપ્લવ (ઉપદ્રવ) થતો નથી.

૧૧. દુષ્ટ દેવ વગેરેએ કરેલ સર્વ લોકોને મરણ આપનારી મારી-મરકી થતી નથી.

૧૨. ઘણા તીડ, પોપટ, ઉંદર વગેરે અનાજ નાશક જીવોની ઉત્પત્તિ થતી નથી.

૧૩. અતિવૃષ્ટિ એટલે ઘણો વરસાદ એટલે લીલો દુષ્કાળ પડતો નથી.

૧૪. અનાવૃષ્ટિ એટલે બિલકુલ વરસાદનો અભાવ થતો નથી.

આ ઉપરના રોગ વગેરે ઉપદ્રવો ભગવાન જ્યાં જ્યાં વિચરે ત્યાં ચારે દિશામાં પચ્ચીશ-પચ્ચીશ યોજન સુધી થતા નથી.

સમવાયાંગસૂત્રમાં કહ્યું છે કે 'જ્યાં જ્યાં અરિહંત ભગવંત વિચરે છે, ત્યાં ત્યાં પચ્ચીશ યોજન સુધીમાં ઈતિ થતી નથી. મારી થતી નથી. પરચક્ર કે સ્વચક્ર તરફથી ભય થતો નથી, અતિવૃષ્ટિ થતી નથી, અનાવૃષ્ટિ થતી નથી, દુર્ભિક્ષ થતો નથી, પૂર્વોત્પન્ન રોગો તરત જ ઉપશમી જાય છે. (સૂ. ૩૪)

સ્થાનાંગસૂત્રમાં દશ સ્થાનક ટીકામાં પણ કહ્યું છે કે, ભગવાન મહાવીરના પોતાના પ્રભાવથી વૈર, મારી, ઉપદ્રવ, દુર્ભિક્ષ વિગેરે ઉપદ્રવો સો યોજન સુધીમાં ઉપશમી ગયા હતા.

૧૫. જિનેશ્વરના માથાના પાછળના ભાગે ઘણા સૂર્યના તેજને જીતનારું ભામંડલની પ્રભા પસરે છે. અર્થાત્ બાર સૂર્યના તેજને જીતનાર એવા તેજનાં સમૂહરૂપ ભામંડલની કાંતિ પ્રસરે છે. (૪૪૧-૪૪૪)

सुररइयाणिगुवीसा मणिमयसीहासणं सपयवीढं १६ ।
छत्तत्तय १७ इंदद्धय १८ सियचामर १९ धम्मचक्काइं २० ॥४४५॥
सह जगगुरुणा गयणट्ठियाइं पंचवि इमाइं वियरंति ।
पाउब्भवइ असोओ २१ चिट्ठइ जत्थप्पहू तत्थ ॥४४६॥
चउमुहमुत्तिचउक्कं २२ मणिकंचणताररइयसालतिगं २३ ।
नवकणयपंकयाइं २४ अहोमुहा कंटया हुंति २५ ॥४४७॥
निच्चमवट्ठियमित्ता पहुणो चिट्ठंति केसरोमनहा २६ ।
इंदियअत्था पंचवि मणोरमा २७ हुंति छप्पि रिऊ २८ ॥४४८॥
गंधोदयस्स वुट्ठी २९ वुट्ठी कुसुमाण पंचवन्नाणं ३० ।
दिंति पयाहिण सउणा ३१ पहुणो पवणोऽवि अणुकूलो ३२ ॥४४९॥
पणमंति दुमा ३३ वज्जंति दुंदुहीओ गहीरघोसाओ ३४ ।
चउतीसाइसयाणं सव्वजिणिंदाण हुंति इमा ॥४५०॥

દેવકૃત ઓગણીસ અતિશય :–

દેવ રચિત ૧૯ અતિશયો છે. તે આ પ્રમાણે ૧૬. પાદપીઠ સહિત મણિમય સિંહાસન, ૧૭. ત્રણ છત્ર, ૧૮. ઇન્દ્રધ્વજ ૧૯. સફેદ ચામર, ૨૦. ધર્મચક્ર–આ પાંચ જગત્ગુરુ પરમાત્મા જ્યાં વિચરે ત્યાં આકાશમાં રહીને સાથે ચાલે છે.

૨૧. જ્યાં પ્રભુ ઉભા રહે ત્યાં અશોકવૃક્ષ પ્રગટ થાય છે.

૨૨. ચાર દિશામાં ચાર મૂર્તિઓની રચના, ૨૩.સુવર્ણ, મણિ, રજતમય ત્રણ ગઢની રચના, ૨૪. નવ સુવર્ણકમલ, ૨૫. કાંટા ઉંધા થાય, ૨૬. પ્રભુના વાળ રોમરાજી અને નખ જે પ્રમાણે હોય તે પ્રમાણે કાયમ રહે, ૨૭. પાંચ ઇંદ્રિયના પદાર્થો અનુકૂલ હોય, ૨૮. છ ઋતુઓ અનુકૂલ રહે, ૨૯. સુગંધી જલવૃષ્ટિ, ૩૦. પાંચવર્ણી પુષ્પ વૃષ્ટિ, ૩૧. પક્ષીઓ પ્રદક્ષિણા આપે, ૩૨. પવન પણ અનુકૂલ હોય, ૩૩. વૃક્ષો નમે, ૩૪. ગંભીર અવાજપૂર્વક દુદુંભિ વાગે, આ ચોત્રીસ અતિશયો સર્વ જિનેશ્વરોને હોય છે.

હવે દેવરચિત ઓગણીસ અતિશયો કહે છે.

૧૬. આકાશની જેમ અતિ નિર્મલ સ્ફટીક મણિમય પાદ પીઠવાળુ સિંહાસન હોય.

૧૭. મસ્તક ઉપર અતિ પવિત્ર ત્રણ છત્રો હોય.

૧૮. ભગવાનની આગળ સંપૂર્ણ રત્નમય, ઊંચો, હજારો નાની ધજાઓ સહિત, અજોડ ધ્વજ હોય છે. તે બીજા ધ્વજોની અપેક્ષાએ અતિમોટો હોવાથી અથવા ઇન્દ્ર-પણાનો સૂચક હોવાથી મહેન્દ્રધ્વજ કહેવાય છે.

૧૯. બંને પડખે યક્ષોના હાથમાં બે–બે સફેદ ચામર હોય છે.

૨૦. ભગવાન આગળ કમળ પર રહેલું, કિરણોથી દેદીપ્યમાન થતું, ધર્મના પ્રકાશને કરનારૂં ચકાકાર ધર્મચક્ર હોય છે.

આ સિંહાસન વગેરે પાંચ અતિશયો જ્યાં જ્યાં જગતગુરુ વિચરે છે. ત્યાં ત્યાં આકાશમાં રહીને સાથે ચાલે છે.

૨૧. તથા જ્યાં જ્યાં પ્રભુ ઉભા રહે ત્યાં જુદા જુદા પ્રકારના પાંદડા, ફૂલો, કુંપળોથી મનોહર, છત્ર, ધજા, ઘંટ, પતાકા વગેરેથી યુક્ત અશોક વૃક્ષ પ્રગટ થાય છે.

૨૨. ચાર દિશામાં ચાર મૂર્તિઓની સ્થાપના હોય છે, તેમાં પૂર્વ દિશા સન્મુખ ભગવાન પોતે જાતે બેસે છે. બીજી ત્રણ દિશામાં ભગવાનના આકારવાળી ત્રણ મૂર્તિઓ તીર્થંકરના પ્રભાવથી તીર્થંકરદેવ જેવાજ રૂપવાળી તથા સિંહાસન વગેરેથી યુક્ત દેવો કરે છે. જેથી બીજી દિશામાં રહેલા બીજા દેવ વગેરે શ્રોતાઓને લાગે કે ભગવાન પોતે જ અમને કહે છે, એવો વિશ્વાસ પેદા થાય છે.

૨૩. સમવસરણમાં મણિ, સુવર્ણ અને રજતમય ત્રણ ગઢની રચના દેવો કરે, તેમાં વૈમાનિક દેવો તીર્થંકરની પાસેનો પહેલો ગઢ જુદા જુદા પ્રકારના અજોડ રત્નોવડે બનાવે છે, બીજો વચ્ચેનો ગઢ જ્યોતિષીદેવો સુંદર સુવર્ણમય રચે છે અને ત્રીજો બહારનો ભવનપતિ દેવો અતિ તેજસ્વી કાંતિવાળો રૂપાનો ગઢ બનાવે છે.

૨૪. માખણ જેવા કોમળ, નવ સંખ્યાવાળા સુવર્ણ કમળો દેવો કરે છે. એમાં રહેલા બે કમળ પર ભગવાન પોતાના ચરણ યુગલને સ્થાપીને વિચરે છે અને બીજા સાત પાછળ પાછળ રહે. તે સાત કમળમાં જે કમળ છેલ્લું હોય, તે પગ સ્થાપન કરતી વખતે પ્રભુની આગળ આવે છે.

૨૫. ભગવાન જ્યાં જ્યાં વિહાર કરે છે ત્યાં ત્યાં કાંટા નીચામુખવાળા થાય છે.

૨૬. ભગવાનના દાઢી, મૂછ અને માથાના વાળ, શરીરની રોમરાજી હાથ–પગના નખ વધતા નથી. હંમેશા એક સરખા રહે છે.

૨૭. પાંચ ઈન્દ્રિયના સ્પર્શ, રૂપ, રસ, ગંધ શબ્દ–આ પાંચ સુંદર વિષયો પ્રગટ થાય છે અને અશુભ વિષયો દૂર થાય છે.

૨૮. વસંત વગેરે છ ઋતુઓ શરીરને અનુકૂળ તથા હંમેશા પોત–પોતાની ઋતુનાં વિકસિત ફૂલોના કારણે મનોહર હોય છે.

૨૯. જ્યાં ભગવાન રહ્યા હોય, ત્યાં ઉડતી ધૂળને શમાવવા માટે સુગંધી ઘનસાર, કસ્તુરી વગેરેથી મિશ્રિત મનોહર સુગંધી પાણીની વૃષ્ટિ થાય છે.

૩૦. મંદાર, પારિજાત, ચંપો વગેરે લાલ, સફેદ, પીળા, લીલા, કાળા–એમ પાંચ વર્ણના ફૂલોની વૃષ્ટિ થાય છે.

૩૧. જ્યાં ભગવાન વિચરે ત્યાં ચાષ, મોર વગેરે પક્ષીઓ પ્રદક્ષિણા આપે છે.

૩૨. એક યોજનભૂમિની શુદ્ધિ કરવા માટે સુગંધી, ઠંડો, મંદમંદ ગતિથી સુખને આપનારો, સંવર્તક નામનો વાયુ વાય છે. સમવાયાંગમાં કહ્યું છે કે

સુખ સ્પર્શવાળો ઠંડો સુગંધી પવન એક યોજન પ્રમાણ ભૂમિને સંપૂર્ણપણે ચારે બાજુથી સારી રીતે સાફ કરે છે.

૩૩. ભગવાન જ્યાંથી પસાર થાય ત્યાં રહેલા વૃક્ષો નમે છે.

૩૪. પ્રભુ લીલાપૂર્વક જ્યાં વિચરે છે ત્યાં દુંદુભિ એટલે મોટી ઢક્કા (નગારા), પાણી ભરેલ વાદળાની જેમ ગંભીર અવાજથી ત્રણ ભુવનને સંભળાય, તે રીતે વાગે છે.

આ પ્રમાણે સર્વ જિનેશ્વરદેવોના ચાર, અગ્યાર, ઓગણીસ અતિશયોને મેળવતા કુલ ચોત્રીસ અતિશયો થાય છે.

આ અતિશયોમાં સમવાયાંગ સૂત્ર સાથે કંઈક જુદાપણુ જણાય છે, તે મતાંતર રૂપે જાણવું. મતાંતરનું મૂળ કેવળી ભગવંત જાણે. (૪૪૫–૪૫૦)

૪૧. અઢાર દોષો

અન્નાણ ૧ કોહ ૨ મય ૩ માણ ૪ લોહ ૫ માયા ૬ રઈ ૭ ય અરઈ ૮ ય ।
નિદ્દા ૯ સોય ૧૦ અલિયવયણ ૧૧ ચોરિયા ૧૨ મચ્છર ૧૩ ભયા ૧૪ ય ॥૪૫૧॥
પાણિવહ ૧૫ પેમ ૧૬ કીલાપસંગ ૧૭ હાસા ૧૮ ય જસ્સ ઇય દોસા ।
અટ્ઠારસવિ પણટ્ઠા નમામિ દેવાહિદેવં તં ॥૪૫૨॥

અજ્ઞાન-ક્રોધ-મદ-માન-લોભ-માયા-રતિ-અરતિ, નિદ્રા, શોક, અસત્ય વચન, ચોરી, મત્સર, ભય, પ્રાણીની હિંસા, પ્રેમ, ક્રીડામાં આસક્તિ અને હાસ્ય-આ અઢારદોષો જેમના નાશ પામી ગયા છે, તે દેવાધિદેવને હું નમસ્કાર કરું છું.

(૧) અજ્ઞાન એટલે સંશય, અનધ્યવસાય અને વિપર્યયરૂપ મૂઢતા છે.
(૨) ક્રોધ.
(૩) મદ એટલે કુલ, બળ, ઐશ્વર્ય, રૂપ, વિદ્યા વગેરેનો અહંકાર કરવો અથવા બીજાને તિરસ્કાર કરવાના કારણભૂત અધ્યવસાય તે.
(૪) માન એટલે આગ્રહ રાખવો અને બીજાએ કહેલ યોગ્ય વાતને ગ્રહણ ન કરવી તે.
(૫) લોભ એટલે આસક્તિ.
(૬) માયા એટલે દંભ
(૭) રતિ એટલે ઇચ્છિત પદાર્થ પર મનનો રાગ.
(૮) અરતિ એટલે અનિષ્ટ પદાર્થના સંયોગ પર માનસિક દુઃખ.
(૯) નિદ્રા એટલે ઉંઘ
(૧૦) શોક એટલે ચિત્તની વિધુરતા (ખેદ)
(૧૧) અલીકવચન એટલે જુઠું બોલવું.
(૧૨) ચોરી એટલે પરદ્રવ્ય હરણ કરવું.
(૧૩) મત્સર એટલે ઇર્ષ્યા. પરની સંપત્તિને ન સહવી.
(૧૪) ભય.
(૧૫) પ્રાણીવધ-જીવહિંસા
(૧૬) પ્રેમ એટલે વ્યક્તિગત રાગ
(૧૭) ક્રિડામાં આસક્તિ
(૧૮) હાસ્ય. આ અઢાર દોષો જેમના નાશ પામ્યા છે એવા દેવાધિદેવને હું નમસ્કાર કરું છું. (૪૫૧-૪૫૨)

૪૨. અરિહંતના ચાર નિક્ષેપા

जिणनामा नामजिणा केवलिणो सिवगया य भावजिणा ।
ठवणजिणा पडिमाओ दव्वजिणा भाविजिणजीवा ॥४५३॥

જિનેશ્વરદેવનું નામ તે નામજિન, કેવલજ્ઞાની થયેલા અને મોક્ષપદને પામેલા તે ભાવજિન, પ્રતિમા તે સ્થાપનાજિને અને ભાવિમાં થનારા જિનેશ્વરદેવના જીવો, તે દ્રવ્યજિન કહેવાય.

નામજિન–ભાવજિન–દ્રવ્યજિન-સ્થાપનાજિન એમ–ચાર પ્રકારે જિનેશ્વરો છે.

નામજિન :- ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, વગેરે જે તીર્થંકરોના નામ તે.

ભાવજિન :–અષ્ટમહાપ્રાતિહાર્યાદિ સમૃદ્ધિને સાક્ષાત્ અનુભવતા કેવલી ભગવંતો અને મોક્ષપદને પામેલા અરિહંતો વાસ્તવિકપણે ભાવજિન છે.

સ્થાપનાજિનઃ–સુવર્ણ, રજત, મોતી, પાષાણ, મરકત વગેરેથી બનાવેલ પ્રતિમા તે.

દ્રવ્યજિન :-જે આત્માઓ ભવિષ્યમાં જિનેશ્વરરૂપે થનારા હોય તે, જેમકે શ્રેણિક વગેરેનાં જીવો. (૪૫૩)

૪૩. જિનેશ્વરોનો દીક્ષા સમયે તપ

सुमइत्थ निच्चभत्तेण निग्गओ वासुपुज्जजिणो चउत्थेण ।
पासो मल्लीवि य अट्ठमेण सेसा उ छट्ठेणं ॥ ४५४ ॥

આ અવસર્પિણીની ચોવીસીમાં, પાંચમા સુમતિનાથ ભગવાન નિત્યભક્ત એટલે એકાસણું કરી ઘરવાસથી નીકળી પ્રવ્રજિત થયા. બારમા વાસુપૂજ્યસ્વામી ચોથભક્ત એટલે એક ઉપવાસ કરી દીક્ષા લીધી. ત્રેવીશમા પાર્શ્વનાથ અને ઓગણીશમા મલ્લિનાથ અઠ્ઠમ એટલે કે ત્રણ ઉપવાસ કરીને દીક્ષા લીધી અને ઋષભદેવ વગેરે બાકીના વીશ તીર્થંકરોએ છઠ્ઠ એટલે બે ઉપવાસ કરી દીક્ષા લીધી. (૪૫૪)

૪૪. જિનેશ્વરોનું કેવળજ્ઞાન સમયનું તપ

अट्ठमभत्तवसाणे पासोसहमल्लिरिट्ठनेमीणं ।
वसुपुज्जस्स चउत्थेण छट्ठभत्तेण सेसाणं ॥४५५॥

પાર્શ્વનાથ, ઋષભદેવ, મલ્લિનાથ, નેમનાથભગવાનને અઠ્ઠમ એટલે ત્રણ ઉપવાસને અંતે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

વાસુપૂજ્યસ્વામિને એક ઉપવાસ અને બાકીના અજિતનાથ વગેરે ઓગણીસ તીર્થંકરોને બે ઉપવાસને અંતે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. (૪૫૫)

૪૫. જિનેશ્વરોને નિર્વાણ સમયનું તપ

निव्वाणं संपत्तो चउदसभत्तेण पढमजिणचन्दो ।
सेसा उणमासिएणं वीरजिणिंदो य छट्ठेणं ॥४५६॥

પહેલા ઋષભદેવ ભગવાન ચૌદભક્ત એટલે ૬ ઉપવાસ કરવાપૂર્વક નિર્વાણ પામ્યા. અજિતનાથથી પાર્શ્વનાથ સુધીના બાવીસ તીર્થંકરો એક મહિનાનું અણસણ કરી મોક્ષ પામ્યા. મહાવીરસ્વામી છઠ્ઠ એટલે બે ઉપવાસ કરી નિર્વાણ પામ્યા. (૪૫૬)

૪૬. ભાવી ચોવીશીના જીવો

वीरवरस्स भगवओ वोलिय चुलसीइ वरिस सहस्सेहिं ।
पढमाइ चउवीस जह हुंति जिणा तहा थुणिमो ॥ ४५७ ॥

સમગ્ર ઐશ્વર્યાદિ ગુણયુક્ત ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૮૪,૦૦૦૦ (ચોરાશી હજાર) [1]વર્ષ વિત્યા પછી પદ્મનાભ વગેરે ચોવીશ તીર્થંકરો જે પ્રમાણે થશે તેમના નામ લેવાપૂર્વક અમે સ્તુતિ કરીએ છીએ.

આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે. આ અવસર્પિણિમાં દુષમ સુષમરૂપ ચોથા આરાનાં છેડે ૮૯ પખવાડીયા બાકી રહ્યા ત્યારે વર્ધમાનસ્વામી મોક્ષે ગયા. તે પછી ૮૯ પખવાડીયા બાદ ૨૧ હજાર પ્રમાણનો પાંચમો પછી તેટલા જ પ્રમાણનો છઠ્ઠો આરો પૂરો થયા પછી ઉત્સર્પિણિમાં પણ આટલા જ પ્રમાણવાળા પહેલો બીજો આરો વિત્યા પછી દુષમ સુષમરૂપ ત્રીજા આરાના ૮૯ પખવાડિયા ગયા બાદ પદ્મનાભ નામનાં તીર્થંકર ઉત્પન્ન થશે. (૪૫૭)

पढमं च पउमनाहं सेणियजीवं जिणेसरं नमिमो ।
बीयं च सूरदेवं वंदे जीवं सुपासस्स ॥ ४५८ ॥
तइयं सुपासनामं उदायिजीवं पणट्ठभववासं ।
वंदे सयंपभजिणं पुट्ठिल्लजीवं चउत्थमहं ॥ ४५९ ॥
सव्वाणुभूइनामं दढाउजीवं च पंचमं वंदे ।
छट्ठं देवसुयजिणं वंदे जीवं च कित्तिस्स ॥ ४६० ॥
सत्तमयं उदयजिणं वंदे जीवं च संखनामस्स ।
पेढालं अट्ठमयं आणंदजियं नमंसामि ॥ ४६१ ॥

---

૧. બન્ને બાજુ ૮૯ પખવાડીયા વધુ હોવા છતાં પણ તે કાળ અલ્પ હોવાથી ગણ્યા નથી.

पोट्टिलजिणं च नवमं सुरकयसेवं सुनंदजीवस्स ।
सयकित्तिजिणं दसमं वंदे सयगस्स जीवंति ॥ ४६२ ॥
एगारसमं मुणिसुव्वयं च वंदामि देवईजीयं ।
बारसमं अममजिणं सच्चइजीवं जयपईवं ॥ ४६३ ॥
निकसायं तेरसमं वंदे जीवं च वासुदेवस्स ।
बलदेवजियं वंदे चउदसमं निप्पुलायजिणं ॥ ४६४ ॥
सुलसाजीवं वंदे पन्नरसमं निम्ममत्तजिणनामं ।
रोहिणिजीवं नमिमो सोलसमं चित्तगुत्तंति ॥ ४६५ ॥
सत्तरसमं च वंदे रेवइजीवं समाहिनामाणं ।
संवरमट्ठारसमं सयालिजीवं पणिवयामि ॥४६६॥
दीवायणस्स जीवं जसोहरं वंदिमो इगुणवीसं ।
कण्हजियं गयतण्हं वीसइमं विजयमभिवंदे ॥४६७॥
वंदे इगवीसइमं नारयजीवं च मल्लिनामाणं ।
देवजिणं बावीसं अंबडजीवस्स वंदेऽहं ॥४६८॥
अमरजियं तेवीसं अणंतविरियाभिहं जिणं वंदे ।
तह साइबुद्धजीवं चउवीसं भद्दजिणनामं ॥४६९॥
उस्सप्पिणिए चउवीस जिणवरा कित्तिया सनामेहिं ।
सिरिचंदसूरिनामेहिं सुहयरा हुंतु सयकालं ॥४७०॥

૧. પ્રથમ શ્રેણિક રાજાના જીવ, પદ્મનાભ તીર્થંકરને હું નમું છું.
૨. બીજા મહાવીર ભગવાનનાં કાકા સુપાર્શ્વ રાજાનો જીવ, સુરદેવ પ્રભુને હું નમું છું.
૩. ત્રીજા કોણિકપુત્ર ઉદાયી મહારાજાનાં જીવ, કે જેમનો ભવવાસ નાશ પામ્યો છે, તે સુપાર્શ્વ નામનાં તીર્થંકરને હું વંદુ છું.
૪. ચોથા પોટીલનાં જીવ, સ્વયંપ્રભ નામનાં જિનને હું વંદુ છું.
૫. પાંચમા દૃઢાયુષના જીવ, એવા સર્વાનુભૂતિ નામના તીર્થંકરને હું વંદુ છું,
૬. છઠ્ઠા કીર્તિના જીવ, દેવશ્રુત જિનને હું વંદુ છું.
૭. સાતમા શંખ નામના શ્રાવકના જીવ, ઉદયી નામના જિનને હું વંદુ છું.
૮. આઠમા આનંદના જીવ, પેઢાલ નામનાં જિનેશ્વરને હું નમું છું.
૯. નવમા દેવની સેવાને પામેલા એવા સુનંદના જીવ, પોટીલ નામે તીર્થંકરને હું નમું છું.

૧૦ દશમા શતકના જીવ, શતકીર્તિ નામે જિનને હું વંદુ છું.
૧૧. અગ્યારમા દેવકીના જીવ, મુનિસુવ્રત તીર્થંકરને હું નમું છું.
૧૨. બારમા સત્યકીના જીવ, જગપ્રદીપ સમાન અમમ નામના જિનને હું નમું છું.
૧૩. તેરમા વાસુદેવના જીવ, નિષ્કષાય નામના જિનને હું નમું છું.
૧૪. ચૌદમા બલદેવના જીવ, નિષ્પુલાક નામના જિનને હું નમું છું.
૧૫. પંદરમા સુલસા શ્રાવિકાના જીવ, નિર્મમ નામના જિનને હું વંદુ છું.
૧૬. સોલમા રોહિણીના જીવ, ચિત્રગુપ્ત નામના જિનને હું નમું છું.
૧૭. સત્તરમા રેવતી શ્રાવિકાના જીવ, સમાધિ નામના જિનને હું વંદુ છું.
૧૮. અઢારમા શતાલિના જીવ, સંવર નામના જિનેશ્વરને હું નમું છું.
૧૯. ઓગણીસમા દ્વૈપાયનના જીવ, યશોધર નામના જિનેશ્વરને હું વંદુ છું.
૨૦. વીશમા કૃષ્ણ વાસુદેવના જીવ, તૃષ્ણા રહિત એવા વિજય નામના જિનને હું વંદુ છું.
૨૧. એકવીસમા નારદના જીવ, મલ્લિ નામના જિનને હું વંદુ છું.
૨૨. બાવીશમા અંબડના જીવ, દેવ નામનાં જિનને હું વંદુ છું.
૨૩. ત્રેવીશમા અમરના જીવ, અનંત વીર્ય નામનાં જિનને હું વંદુ છું.
૨૪. ચોવીશમા સ્વાતિબુદ્ધના જીવ, ભદ્રજિન નામના જિનને હું વંદુ છું.

ઉત્સર્પિણી કાળમાં ભાવિ ચોવીશીમા થનારા તીર્થંકરોના પૂર્વભવનાં નામોલ્લેખપૂર્વક શ્રી ચંદ્રસૂરિજી નામના આચાર્યદેવ વડે સ્તુતિ કરાય છે, તે જિનેશ્વરો સર્વકાળ સુખને અને શુભને કરનારા થાઓ.

આ ભાવી તીર્થંકરોની બાબત બીજા શાસ્ત્રોમાં જુદી રીતે આવે છે. પણ તેવા પ્રકારની પરંપરાનો અભાવ હોવાથી વિશેષ વર્ણન કર્યું નથી. (૪૫૮–૪૭૦)

૪૭. ઉર્ધ્વ–અધો અને તિચ્છીલોકમાં થનાર સિદ્ધની સંખ્યા

चत्तारि उड्ढलोए दुवे समुद्दे तओ जले चेव ।
बावीसमहोलोए तिरिए अट्ठुत्तरसयं तु ॥४७१॥

ઉર્ધ્વલોકમાં ચાર, સમુદ્રમાં બે, શેષ જલમાં ત્રણ, અધોલોકમાં બાવીશ અને તિર્યગ્લોકમાં એક સમયમાં એકસો આઠ સિદ્ધ થાય છે.

એક સમયમાં ઉત્કૃષ્ટથી ઊર્ધ્વલોકમાંથી ચાર જ સિદ્ધ થાય છે. બે સમુદ્રમાંથી બે, નદી–સરોવર વિગેરે બાકીના શેષ જલાશયોમાંથી ત્રણ, સિદ્ધપ્રાભૃત ગ્રંથાધારે જલાશયોમાંથી ચાર કહ્યા છે. અધોગ્રામ વગેરે અધોલોકમાંથી એક સમયે બાવીસ સિદ્ધ થાય છે. સિદ્ધપ્રાભૃતમાં પણ કહ્યું છે કે ચાર ઉર્ધ્વલોકમાંથી, ચાર જલાશયોમાંથી, બે

સમુદ્રમાંથી, એકસો આઠ તિર્ચ્છાલોકમાંથી, વીશ પૃથક્ત્વ અધોલોકમાંથી અને એની ટીકામાં વીશ પૃથક્ત્વનો અર્થ બે વીશી (અર્થાત્ ચાલીશ) પ્રમાણે લીધો છે. કેમકે પૃથક્ત્વ એટલે બેથી નવ સુધીની સંખ્યા. તેથી આ ગાથામાં પણ દોવીસમહોલોએ આ પ્રમાણે બોલાય તો સારૂ થાય. તથા તિર્ચ્છાલોકમાં ઉત્કૃષ્ટથી એક સમયમાં એકસો આઠ સિદ્ધ થાય છે. (૪૭૧)

૪૮. એક સમયમાં થનાર સિદ્ધની સંખ્યા

एक्को व दो व तिन्नि व अट्ठसयं जाव एक्कसमयम्मि ।
मणुयगईए सिज्झइ संखाउयवीयरागा उ ॥ ४७२ ॥

મનુષ્યગતિમાંથી સંખ્યાતવર્ષના આયુષ્યવાળા વીતરાગ ભગવંતો એક સમયે એક, બે અથવા ત્રણ યાવત્ ૧૦૮ સુધી સિદ્ધ થઈ શકે છે.

સમસ્ત કર્મોનો નાશ કરી વીતરાગ અવસ્થાને પામેલા જીવો એક સમયે જઘન્યથી એક, બે અથવા ત્રણ સિદ્ધ થાય છે. અને ઉત્કૃષ્ટથી ૧૦૮... અને તેઓ સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્યો જ સિદ્ધ થાય છે. અસંખ્યાતવર્ષના આયુષ્યવાળા તથા અન્ય ગતિમાં રહેલા જીવો સિદ્ધ થતા નથી. કારણકે મનુષ્યગતિ સિવાય ત્રણ ગતિમાંથી મોક્ષમાં જવાનો અભાવ છે. (૪૭૨)

૪૯. પંદર પ્રકારે સિદ્ધ

तित्थयर १ अतित्थयरा २ तित्थ ३ सलिंग ४ ऽन्नलिंग ५ थी ६ पुरिसा ७ ।
गिहिलिंग ८ नपुंसक ९ अतित्थसिद्ध १० पत्तेयबुद्धा ११ य ॥ ४७३ ॥
एग १२ अणेग १३ सयंबुद्ध १४ बुद्धबोहिय १५ पभेयओ भणिया ।
सिद्धंते सिद्धाणं भेया पन्नरससंखत्ति ॥ ४७४ ॥

૧. તીર્થંકરસિદ્ધ, ૨. અતીર્થંકરસિદ્ધ, ૩. તીર્થસિદ્ધ, ૪. સ્વલિંગસિદ્ધ, ૫. અન્યલિંગસિદ્ધ, ૬. સ્ત્રીલિંગસિદ્ધ, ૭. પુરુષલિંગસિદ્ધ, ૮. ગૃહસ્થલિંગ સિદ્ધ, ૯. નપુંસકલિંગસિદ્ધ, ૧૦. અતીર્થસિદ્ધ, ૧૧. પ્રત્યેકબુદ્ધસિદ્ધ ૧૨. એકસિદ્ધ, ૧૩. અનેકસિદ્ધ, ૧૪. સ્વયંબુદ્ધસિદ્ધ, ૧૫. બુદ્ધબોધિતસિદ્ધ–આ પ્રમાણે સિદ્ધાંતમાં સિદ્ધોના પંદર ભેદ કહ્યા છે.

૧. તીર્થંકર સિદ્ધ થાય, તે તીર્થંકરસિદ્ધ.

૨. તીર્થંકર થયા વગર સામાન્ય કેવલીરૂપે જે સિદ્ધ થાય, તે અતીર્થંકરસિદ્ધ.

૩. સંસાર સાગર જેનાથી તરાય તે તીર્થ એટલે તીર્થંકરો કેવળજ્ઞાનની પ્રાપ્તિબાદ

જીવ અજીવ આદિ પદાર્થોના સમૂહને પ્રરૂપે છે. તેના આધારે ગણધરો દ્વાદશાંગી રચે છે. તે દ્વાદશાંગીનો આધાર ચતુર્વિધ શ્રી સંઘ અથવા ગણધર છે. તે સંઘ અથવા ગણધર ઉત્પન્ન થયા પછી જે મોક્ષે જાય તે તીર્થસિદ્ધ.

૪. રજોહરણ આદિ સાધુલિંગે રહેલા જે સિદ્ધ થાય, તે સ્વલિંગસિદ્ધ.

૫. વલ્કલ અથવા ભગવા વેષધારી પરિવ્રાજક તાપસ વગેરે દ્રવ્યલિંગમાં રહી જે સિદ્ધ થાય, તે અન્યલિંગસિદ્ધ.

ભાવથી સમ્યક્ત્વ વગેરેની પ્રાપ્તિ થયા બાદ જ અન્યલિંગીઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે અને તે જ વખતે કાળ કરે તો અન્યલિંગસિદ્ધ જાણવા. જો પોતાનું આયુષ્ય લાંબુ જુએ તો તે પણ સાધુલિંગને સ્વીકારે છે.

૬. સ્ત્રીના લિંગે એટલે સ્ત્રી શરીરે સિદ્ધ થાય, તે સ્ત્રીલિંગસિદ્ધ.

તે ત્રણ પ્રકારે છે. ૧. વેદથી એટલે ઈચ્છાથી, ૨. શરીરની રચનાથી અને ૩. પહેરવેશથી. તેમાં અહીં શરીરથી બનેલ સ્ત્રી ગ્રહણ કરવી પણ વેદ કે નેપથ્યરૂપ (પહેરવેશ) નહિ. કારણ કે વેદના ઉદયમાં સિદ્ધિનો અભાવ છે. અને પહેરવેશ તો અપ્રમાણ છે માટે સ્ત્રીના શરીરથી સિદ્ધ થાય, તે સ્ત્રીલિંગસિદ્ધ.

૭. પુરુષના લિંગે એટલે પુરુષના શરીરે જે સિદ્ધ થાય, તે પુરુષલિંગસિદ્ધ.

૮. ગૃહસ્થપણામાં રહ્યા હોય અને સિદ્ધ થાય, તે ગૃહસ્થલિંગસિદ્ધ. જેમ મરૂદેવા માતા વગેરે.

૯. તથા નપુંસકલિંગે રહ્યા હોય અને જે સિદ્ધ થાય, તે નપુસકલિંગસિદ્ધ.

૧૦. તીર્થ ઉત્પન્ન થયું ન હોય અથવા તીર્થ વિચ્છેદ થયો હોય, તે તીર્થનો અભાવ કહેવાય. તે વખતે જે સિદ્ધ થાય તે અતીર્થસિદ્ધ. તેમાં મરૂદેવા માતા તીર્થ ઉત્પન્ન થયા પહેલા સિદ્ધ થયા કેમકે મરૂદેવા માતા સિદ્ધ થયા ત્યારે તીર્થ ઉત્પન્ન થયું ન હતું.

સુવિધિનાથસ્વામી વગેરેના આંતરાઓમાં જે તીર્થવિચ્છેદ થયો હતો, તે વખતે જાતિસ્મરણ વગેરે દ્વારા કોઈક મોક્ષ પ્રાપ્ત કરે, તે અતીર્થસિદ્ધ.

૧૧. અનિત્યાદિભાવના કારણરૂપ કોઈ એક બળદ વગેરેના નિમિત્ત દ્વારા સાચા અર્થનો બોધ પામે, તે પ્રત્યેકબુદ્ધ. તે પ્રત્યેકબુદ્ધ થઈ જે સિદ્ધ થાય, તે પ્રત્યેકબુદ્ધસિદ્ધ.

૧૨. એક સમયમાં જે એક જ સિદ્ધ થાય, તે એકસિદ્ધ.

૧૩. એક સમયમાં જે અનેકસિદ્ધ થાય, તે અનેકસિદ્ધ.

૧૪. જેઓ જાતે જ તત્ત્વને જાણી બોધ પામ્યા તે સ્વયંબુદ્ધ, તે સ્વયંબુદ્ધ થઈ જે સિદ્ધ થાય, તે સ્વયંબુદ્ધસિદ્ધ.

૧૫. બુદ્ધ એટલે આચાર્યો. તેમના વડે જે બોધ પામી સિદ્ધ થાય તે બુદ્ધબોધિતસિદ્ધ. (આચાર્યના ઉપલક્ષણથી ઉપાધ્યાય મુનિ વગેરે ગુરુ ભગવંતો પણ સમજી લેવા.)

ઉપરોક્ત તીર્થંકરસિદ્ધ વગેરે સિદ્ધના ભેદો સિદ્ધાંતમાં પંદર પ્રકારે કહેલા છે.

પ્રશ્ન :– તીર્થંકરસિદ્ધ અને અતીર્થંકરસિદ્ધ કે તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધરૂપ બે ભેદોમાં બાકીના ભેદોનો સમાવેશ થઈ જાય છે. પછી બાકીના ભેદો અલગ શા માટે કહ્યા ?

ઉત્તર :– સાચી વાત છે. બધાનો સમાવેશ થઈ જાય છે છતાં પણ બે ભેદો કહેવા માત્રથી બીજા ભેદોનું જ્ઞાન થતું નથી. માટે વિશેષ જાણકારી માટે જ બીજા ભેદોને ગ્રહણ કરવા શાસ્ત્રોનો પ્રયાસ છે. (૪૭૩–૪૭૪)

૫૦. અવગાહનાએ સિદ્ધ

दो चेवुक्कोसाए चउर जहन्नाए मज्झिमाए उ ।
अट्ठाहियं सयं खलु सिज्झइ ओगाहणाइ तहा ॥ ४७५ ॥

ઉત્કૃષ્ટઅવગાહનાવાળા એક સમયમાં ઉત્કૃષ્ટથી બે જીવો સિદ્ધ થાય. જઘન્યઅવગાહનાવાળા ચાર સિદ્ધ થાય અને મધ્યમઅવગાહનાવાળા ૧૦૮ સિદ્ધ થાય છે.

એકજ સમયમાં એકીસાથે ૫૦૦ ધનુષની ઉત્કૃષ્ટ અવગાહના હોય તો ઉત્કૃષ્ટથી બે જ સિદ્ધ થાય છે. બે હાથ પ્રમાણની જઘન્ય અવગાહનાવાળા ચાર આત્માઓ એક સમયમાં ઉત્કૃષ્ટથી સિદ્ધ થાય છે અને અજઘન્યોત્કૃષ્ટરૂપ મધ્યમઅવગાહનાવાળા ૧૦૮ સિદ્ધ થાય છે.

પ્રશ્ન :– પાંચસો પચ્ચીસ ધનુષ્યની કાયાવાળા નાભિકુલકરના પત્ની હોવાથી મરૂદેવીની ઊંચાઈ પણ તેટલી જ હોવી જોઈએ. કેમકે કહ્યું છે કે, કુલકરના પત્નીઓની સંઘયણ, સંસ્થાન અને ઊંચાઈ કુલકરોના સમાન હોય છે, માટે મરૂદેવા માતા ૫૨૫ ધનુષપ્રમાણ દેહમાનવાળા હોવા છતાં સિદ્ધ થયા છે. તો પછી ૫૦૦ ધનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહનામાં સિદ્ધત્વ શી રીતે ઘટે ?

ઉત્તર :– અહીં દોષ નથી. કેમકે મરૂદેવી માતા નાભિકુલકરથી હીન દેહમાનવાળા હતા, ઉત્તમ સંસ્થાનવાળા પુરુષોથી ઉત્તમ સંસ્થાનવાળી સ્ત્રીઓ પોતપોતાના કાલની અપેક્ષાએ કંઈક હીન પ્રમાણવાળી હોય છે, તેથી ૫૦૦ ધનુષ પ્રમાણ હોવામાં કોઈ દોષ નથી. અને હાથીના સ્કંધ ઉપર બેઠેલા હોવાથી સંકુચીત શરીરવાળા સિદ્ધ થયા હોવાથી અધિક અવગાહનાનો સંભવ નથી. માટે કોઈ જાતનો વિરોધ નથી. અથવા આગમમાં જે ૫૦૦ ધનુષ્ય ઉત્કૃષ્ટ દેહમાન કહ્યું છે, તે બહુલતાની અપેક્ષાએ જાણવું. કેમકે ૫૨૫ ધનુષ્ય પ્રમાણની ઉત્કૃષ્ટ અવગાહના મરૂદેવાના કાળ વખતની છે અને મતાંતરે મરૂદેવા નાભિકુલકરના સમાન છે. સિદ્ધપ્રાભૃત ટીકામાં કહ્યું છે ' મરૂદેવી મતાંતરે નાભિકુલકર તુલ્ય છે. સિદ્ધપ્રાભૃત સૂત્રમાં પણ કહ્યું છે કે–

ओगाहणा जहन्ना रयणीदुगं अहपुणाई उक्कोसा ।
पंचेव धणुसयाइं धणुह पुहुत्तेण अहियाइं ॥१॥

જઘન્યઅવગાહના બે હાથની છે. અને ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ અને ધનુષ પૃથક્ત્વ અધિક જાણવી. અહીં પૃથક્ત્વ શબ્દ બહુત્વવાચક જાણવો અને એ બહુત્વ પચ્ચીસરૂપ સમજવું (૪૭૫)

૫૧. ગૃહિલિંગ—અન્યલિંગ—સ્વલિંગ સિદ્ધની સંખ્યા

इह चउरो गिहिलिंगे दसऽन्नलिंगे सयं च अट्ठअहियं ।
विन्नेयं च सलिंगे समएणं सिज्झमाणाणं ॥ ४७६ ॥

મનુષ્યલોકમાં ગૃહસ્થપણે રહેલા એક સમયમાં ઉત્કૃષ્ટથી ચાર આત્મા સિદ્ધ થાય છે. તેમાં તાપસ વગેરે અન્યલિંગે રહેલા ઉત્કૃષ્ટથી ૧૦ આત્મા એક સમયમાં સિદ્ધ થાય છે અને સાધુલિંગરૂપ સ્વલિંગે રહેલા ઉત્કૃષ્ટથી એક સમયમાં ૧૦૮ સિદ્ધ થાય છે. (૪૭૬)

૫૨. સતત સિદ્ધિગમનની સંખ્યા

बत्तीसाई सिज्झंति अविरयं जाव अहिअयट्ठसयं ।
अट्ठसमएहिं एक्केक्कूणं जावेक्कसमयंमि ॥ ४७७ ॥
बत्तीसा अडयाला सट्ठी बावत्तरी य बोद्धव्वा ।
चुलसीई छन्नउई दुरहियमट्ठोत्तरसयं च ॥ ४७८ ॥

૩૨ થી માંડીને ૧૦૮ સંખ્યાવાળા જીવો સતત સિદ્ધ થાય છે. તેમાં એકેકેઉણા ૮ સમયથી માંડીને યાવત્ એક સમય સુધી. અનુક્રમે ૩૨, ૪૮, ૬૦, ૭૨, ૮૪, ૯૬, ૧૦૨, ૧૦૮ સિદ્ધ થાય છે.

પ્રથમ સમયે જઘન્યથી એક કે બે નિરંતર સિદ્ધ થાય અથવા ઉત્કૃષ્ટથી બત્રીસ સિદ્ધ થાય. બીજા સમયે પણ જઘન્યથી એક–બે અને ઉત્કૃષ્ટથી બત્રીશ એજ પ્રમાણે ત્રીજા સમયે ચોથા સમયે એમ આઠમા સમય સુધી જઘન્યથી એક બે અને ઉત્કૃષ્ટથી બત્રીસ સિદ્ધ થાય છે. તે પછી સમય વગેરેનું આંતરૂ જરૂર પડે છે. તેમાં કોઈ સિદ્ધ થતું નથી.

તેત્રીસથી અડતાલીસ સુધીની સંખ્યાવાળા આત્માઓ સતત સિદ્ધ થાય, તો સાત સમય સુધી થાય. તે પછી સમય વગેરેનું અંતર જરૂર પડે છે.

એગણપચાસથી સાંઇઠ સુધી સતત સિદ્ધ થાય, તો ઉત્કૃષ્ટથી ૬ સમય સુધી થાય છે. તે પછી જરૂર અંતર પડે છે.

એકસઠથી બહોંત્તેર સુધી સતત સિદ્ધ થાય, તો ઉત્કૃષ્ટથી પાંચ સમય સુધી સતત સિદ્ધ થાય. ત્યારપછી નિયમા આંતરુ પડે છે.

તોંતેરથી ચોર્યાસી સુધી સતત સિદ્ધ થાય, તો ઉત્કૃષ્ટથી ચાર સમય સુધી સતત સિદ્ધ થાય છે. તે પછી જરૂર અંતર પડે છે.

પંચ્યાસીથી છન્નુ સુધી સતત સિદ્ધ થાય, તો ત્રણ સમય સુધી સિદ્ધ થાય. તે પછી જરૂર આંતરૂ પડે.

સત્તાણુથી એકસો બે સુધી સતત સિદ્ધ થાય, તો બે સમય સુધી સિદ્ધ થાય, તે પછી જરૂર આંતરૂ પડે.

એકસો ત્રણથી એકસો આઠ સુધી સિદ્ધ થાય, તો નિયમા એક જ સમય સુધી સિદ્ધ થાય, તે પછી જરૂર એક સમય આંતરુ પડે.

જઘન્યથી એક આત્મા સિદ્ધ થયા પછી એક સમયમાં બીજો આત્મા સિદ્ધ થાય તો તેમાં ઉત્કૃષ્ટથી છ મહિનાનું અંતર પડે એટલે એક આત્મા સિદ્ધ થયા પછી ઉત્કૃષ્ટથી છ મહિના સુધી કોઈ સિદ્ધ ન થાય પણ તે પછી તો અવશ્ય સિદ્ધ થાય. (૪૭૭-૪૭૮)

૫૩. સ્ત્રી-પુરુષ-નપુંસકલિંગે થનાર સિદ્ધની સંખ્યા

વીસિત્થીગાઉ પુરિસાણ અટ્ઠસયં એગસમયઓ સિજ્ઝે ।
દસ ચેવ નપુંસા તહ ઉવરિં સમએણ પડિસેહો ॥ ૪૭૯ ॥

સ્ત્રીઓ એક સમયમાં ઉત્કૃષ્ટથી વીસ સિદ્ધ થાય છે. પુરુષો એક સમયમાં ઉત્કૃષ્ટથી ૧૦૮ સિદ્ધ થાય. અને નપુંસકો એક સમયમાં ઉત્કૃષ્ટથી દશ સિદ્ધ થાય છે. તેનાથી વધુ એક સમયમાં સિદ્ધ ન થાય. (૪૭૯)

વીસ નરકપ્પજોઇસ્સ પંચ ય ભવણવણ દસ ય તિરિયાણં ।
ઇત્થીઓ પુરિસા પુણ દસ દસ સવ્વેઽવિ કપ્પવિણા ॥૪૮૦॥
કપ્પદુસયં પુઢવી આઊ પંકપ્પભાઉ ચત્તારિ ।
રયણાઇસુ તિસુ દસ દસ છ તરૂણમણંતરં સિજ્ઝે ॥ ૪૮૧ ॥

જે મનુષ્ય સ્ત્રી, વૈમાનિક અથવા જ્યોતિષમાંથી આવી હોય, તો તે વીસ, ભવનપતિ વ્યંતરમાંથી આવી હોય તો પાંચ, તિર્યંચમાંથી આવેલ દસ સ્ત્રીઓ એક સમયમાં ઉત્કૃષ્ટથી સિદ્ધ થાય છે.

પુરુષો વૈમાનિક સિવાય નરક, મનુષ્ય, જ્યોતિષ, ભવનપતિ, વ્યંતર, અને તિર્યંચમાંથી આવ્યા હોય, તો દશ દશ એક સમયમાં ઉત્કૃષ્ટથી સિદ્ધ થાય છે. વૈમાનિકમાંથી ૧૦૮ પૃથ્વીકાય, અપ્કાય, પંકપ્રભાનારકમાંથી

આવેલ ચાર રત્નપ્રભા વગેરે પહેલી ત્રણ નારકમાંથી દશ દશ, વનસ્પતિમાંથી આવેલ છ સિદ્ધ થાય છે. (૪૮૦–૪૮૧)

હવે આ જ દ્વારમાં કઈ ગતિમાંથી આવેલા કેટલા એક સમયમાં ઉત્કૃષ્ટથી સિદ્ધ થાય છે, તેનું વિશેષ પ્રકારે પ્રતિપાદન કરે છે

મનુષ્યની [1]સ્ત્રી સ્ત્રીપણામાંથી નીકળી બીજા ભવે મનુષ્યગતિમાં આવે, તો એક સમયમાં ઉત્કૃષ્ટથી વીસ સિદ્ધ થાય છે. સૌધર્મ, ઈશાન દેવલોકમાંની દેવીઓ પોતાના ભવમાંથી નીકળી બીજા ભવે મનુષ્યગતિને પામીને વીસ સિદ્ધ થાય છે. વૈમાનિકમાં પહેલાં બે દેવલોકમાં જ દેવીઓ ઉત્પન્ન થાય છે. માટે અહિં 'કલ્પ' સામાન્યથી કહેલ હોવા છતાં પણ સૌધર્મ ઈશાનની એમ કહ્યું છે– એમ સમજવું. એ પ્રમાણે જ્યોતિષિ દેવીઓ પણ દેવીપણામાંથી નીકળી વીસ સિદ્ધ થાય છે. અસુરકુમાર વગેરે દસ પ્રકારના ભવનપતિઓની તેમજ બત્રીશ જાતના વ્યંતરોની દેવીઓ સ્ત્રીપણામાંથી નીકળી દરેક પાંચ પાંચ સિદ્ધ થાય છે. પંચેન્દ્રિયતિર્યંચસ્ત્રીઓ સ્ત્રીપણામાંથી નીકળી દશ સિદ્ધ થાય છે. એ પ્રમાણે સર્વે પણ વૈમાનિક સિવાયના મનુષ્યગતિ, જ્યોતિષી, ભવનપતિ, વ્યંતર, તિર્યંચ–એમ પાંચ પ્રકારના પુરુષપણામાંથી નીકળી બીજા ભવમાં મનુષ્યગતિ પામેલ એક સમયમાં ઉત્કૃષ્ટથી દશ સિદ્ધ થાય છે.

અહીં કલ્પ=વૈમાનિક વિના એ પ્રમાણે કહ્યું છે, તેથી વૈમાનિકમાંથી નીકળેલા કેટલા સિદ્ધ થાય ? તેમાં કહે છે કે વિમાનવાસીદેવો બીજા ભવમાં પુરુષપણું પામી એક સમયમાં ઉત્કૃષ્ટથી એકસો આઠ સિદ્ધ થાય છે.

પૃથ્વીકાય, અપ્કાય, પંકપ્રભા (ચોથી નારકી) માંથી નીકળેલા દરેક ચાર ચાર સિદ્ધ થાય છે.

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, આ પહેલી ત્રણ નરકપૃથ્વીમાંથી નીકળેલા દરેક દશ દશ સિદ્ધ થાય છે.

ધૂમપ્રભા વગેરે ૫–૬–૭ ત્રણ નારક પૃથ્વીમાંથી આવેલા તથાસ્વભાવે સિદ્ધ થતા નથી.

વનસ્પતિમાંથી નીકળી પછી તરતજ મનુષ્યભવમાં આવેલા ઉત્કૃષ્ટથી એક સમયમાં છ જ સિદ્ધ થાય છે. તેઉકાય, વાઉકાયને બીજા ભવમાં મનુષ્યપણાની પ્રાપ્તિ થતી નથી. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિયોની તથાસ્વભાવે જ બીજા ભવમાં સિદ્ધ થતા નથી. પ્રજ્ઞાપનામાં પણ કહ્યું છે,

પ્રશ્ન :–હે ભગવન્ ! નારકીઓ એક સમયમાં કેટલા અંતર ક્રિયાને કરે છે. એટલે મોક્ષ પામે છે ?

ઉત્તર :–હે ગૌતમ ! જઘન્યથી ૧,૨,૩ અને ઉકૃષ્ટથી દસ એ પ્રમાણે રત્નપ્રભાથી

---

૧. આ ગાથામાં કહેલું **'इत्थीउ'** પદ બધા પદો સાથે જોડવું.

વાલુકાપ્રભા સુધીના નારકો અંતઃક્રિયા કરે છે. પંકપ્રભા નારકીના નારકો ઉત્કૃષ્ટથી ૪, અસુરકુમારો ૧૦, અસુરકુમારી ૫–એ પ્રમાણે અસુરકુમાર અને એની દેવીની જેમ સ્તનીતકુમાર અને એની દેવી સુધીના નવ ભવનપતિમાં જાણી લેવું. પૃથ્વીકાયમાંથી ૪, અપ્કાયમાંથી ૪, વનસ્પતિકાયમાંથી ૬, પંચેન્દ્રિય તિર્યંચ પુરુષ અને સ્ત્રીમાંથી દસ, દસ. મનુષ્ય પુરુષમાંથી દસ, મનુષ્ય સ્ત્રીમાંથી ૨૦, વાણવ્યંતરમાંથી દસ, વાણવ્યંતરી-માંથી પાંચ, જ્યોતિષદેવમાંથી દસ, જ્યોતિષીદેવીમાંથી વીસ, વૈમાનિકદેવમાંથી એકસો આઠ અને દેવીમાંથી વીસ.

સિદ્ધપ્રાભૃતની ૪૮મી ગાથામાં 'सेसाण गईण दस दसगं' એ પ્રમાણે દેવગતિ સિવાયની બીજી ત્રણ ગતિમાંથી દસ-દસ કહેલા છે. तत्त्वं केवलि गम्यं.

અહીં પુરુષવેદી દેવો વગેરેમાંથી નીકળી બીજા ભવમાં કેટલાક જીવો પુરુષરૂપે, કેટલાક સ્ત્રીરૂપે, કેટલાક નપુંસકરૂપે ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સ્ત્રીવેદ અને [1]નપુંસક-વેદમાંથી નીકળનારની પહેલાંની જેમ ત્રિભંગી જાણવી. એટલે કુલ નવ ભાંગા થાય. તેમાં પુરુષમાંથી નીકળી પુરુષ થઈ જે સિદ્ધ થાય, તે એક સમયમાં એકસો આઠ સિદ્ધ થાય. બાકીના આઠ ભાંગામાંથી દશ-દશ જ સિદ્ધ થાય છે.

આનો ભાવાર્થ આ પ્રમાણે છે કે, દેવોમાંથી આવી પુરુષ થઈને એક સમયમાં એકસો આઠ સિદ્ધ થાય છે. સ્ત્રી અને નપુંસક થઈને દરેક દસ દસ સિદ્ધ થાય છે.

દેવીમાંથી આવેલ પુરુષ થઈને દસ જ સિદ્ધ થાય છે. એ પ્રમાણે સ્ત્રી અને નપુંસક થઈને પણ દસ સિદ્ધ થાય છે. જે વૈમાનિકદેવી, જ્યોતિષદેવી, મનુષ્ય સ્ત્રીમાંથી આવેલા હોય, તે વીસ સિદ્ધ થાય એમ કહ્યું છે. તે પુરુષ, સ્ત્રી, નપુંસકના બે સંયોગી કે ત્રણ સંયોગી ભાંગા ભેગા કરવાથી વીસ સિદ્ધ થાય છે, પણ ફક્ત પુરુષ, સ્ત્રીઓ કે નપુંસકો નહીં, જો કે વીસ સ્ત્રીઓ એક સમયમાં સિદ્ધ થાય છે, એમ કહ્યું છે. તેમાં પણ કેટલાક પુરુષમાંથી આવેલા, કેટલાક સ્ત્રીઓમાંથી, કેટલાક નપુંસકમાંથી આવેલાને ભેગા કરવાથી વીસસિદ્ધ થાય છે. પણ કેવળ પુરુષમાંથી આવેલ કે કેવળ સ્ત્રીમાંથી આવેલ કે કેવળ નપુંસકમાંથી આવેલ સિદ્ધ થતા નથી. આ રીતે સર્વ ભાંગાઓનો વિચાર કરવો.

સિદ્ધપ્રાભૃત સૂત્રમાં કહ્યું છે કે બાકીના આઠ ભાંગામાં દસ દસ એક સમયમાં સિદ્ધ થાય છે. (સિદ્ધપ્રાભૃત ગાથા ૫૦)

અહીં બીજી પણ વિશેષ હકીકત બતાવે છે. નંદનવનમાંથી એક સમયમાં ચાર સિદ્ધ થાય છે એમ સિદ્ધપ્રાભૃત ટીકામાં કહ્યું છે. તથા એક વિજયમાંથી વીસસિદ્ધ થાય છે. વીસા એગયરે વિજયે એ વચનથી સંહરણ દ્વારા કર્મભૂમિ, અકર્મભૂમિ, કૂટ, પર્વત વગેરે સર્વે સ્થાનોમાંથી એક સમયમાં દસ દસ સિદ્ધ થાય છે.

---

૧. નારકીઓ બધા નપુંસક હોય છે.

પાંડુકવનમાંથી સંહરણ દ્વારા બે સિદ્ધ થાય છે. દરેક પંદર કર્મભૂમિમાંથી જન્મથી એકસો આઠ સિદ્ધ થાય છે. સિદ્ધપ્રાભૃત સૂત્રમાં પણ કહ્યું છે કે, સંહરણ દ્વારા દસ, પાંડુકવનમાંથી બે અને પંદરકર્મભૂમિમાંથી એક સમયમાં એકસો આઠ સિદ્ધ થાય છે. તથા ઉત્સર્પિણી, અવસર્પિણીના ત્રીજા ચોથા આરામાં એક સમયે એક સો આઠ અને અવસર્પિણીના પાંચમા આરામાં એક સમયે વીસસિદ્ધ થાય છે. ઉત્સર્પિણી અવસર્પિણીના બાકીના દરેક આરામાં સંહરણથી દસ સિદ્ધ થાય છે.

સિદ્ધપ્રાભૃતમાં કહ્યું છે કે 'ઉત્સર્પિણી અવસર્પિણીના ત્રીજા ચોથા આરે એક સો આઠ, અવસર્પિણીના પાંચમા આરામાં વીસ સિદ્ધ થાય છે' નહીં કે ઉત્સર્પિણીના પાંચમા આરામાં કેમકે તેમાં તીર્થનો અભાવ છે અને બાકીના આરામાં દસ દસ એક સમયમાં સિદ્ધ થાય છે.' (૪૮૦–૪૮૧)

૫૪. સિદ્ધનું સંસ્થાન

दीहं वा हस्सं वा जं संठाणं तु आसि पुव्वभवे ।
तत्तो तिभागहीणा सिद्धाणोगाहणा भणिया ॥ ४८२ ॥

દીર્ઘ=ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્ય પ્રમાણ અને હ્રસ્વ=જઘન્ય બે હાથ પ્રમાણ [1]મધ્યમઃ વિવિધ પ્રકારના સંસ્થાન એટલે આકૃતિ, જે ચરમભવમાં હોય તેનો પેટ વગેરેનો પોલાણ ભાગ પૂરાવાથી ત્રીજોભાગ ઓછી સિદ્ધોની અવગાહના હોય છે. એમ તીર્થંકર ગણધરોએ કહ્યું છે. એટલે કે સિદ્ધગતિમાં સિદ્ધ ભગવાનનાં સંસ્થાનના પ્રમાણથી ત્રીજો ભાગ હીન સંસ્થાનનું પ્રમાણ હોય છે. (૪૮૨)

जं संठाणं तु इहं भवं चयंतस्स चरिमसमयंमि ।
आसीय पएसघणं तं संठाणं तहिं तस्स ॥ ४८३ ॥

ઉપરોક્ત વાતને જ એકદમ સ્પષ્ટ રીતે બતાવે છે. મનુષ્યભવમાં જેટલા પ્રમાણનું સંસ્થાન હોય. તે ભવ છોડતી વખતે એટલે શરીર કે સંસારને છોડતી વખતે એટલે કાયયોગને છોડતી વખતે ચરમ સમયે અપ્રતિપાતિ ધ્યાનના બળથી મુખ–પેટ વગેરે પોલાણ ભાગ પૂરીને ત્રીજો ભાગ ઓછો એવો આત્મપ્રદેશોનો પ્રદેશઘન થવાની સૂક્ષ્મક્રિયા થાય છે. તે પ્રદેશઘન મૂળ અવગાહનાની અપેક્ષાએ ત્રીજો ભાગ ઓછો હોય છે. એજ પ્રમાણવાળી લોકના અગ્રભાગે સિદ્ધોની અવગાહના હોય છે. (૪૮૩)

उत्ताणओ य पासिल्लओ य ठियओ निसन्नओ चेव ।
जो जह करेइ कालं सो तह उववज्जए सिद्धो ॥४८४॥

---

૧. ગાથામાં વા શબ્દ છે તે મધ્યમ અવગાહના માટે છે.

પ્રશ્ન :– હવે તેઓ એક જ આકારે સિદ્ધ થાય છે કે બીજા આકારે પણ ?

ઉત્તર :–બીજા અન્ય આકારે પણ સિદ્ધ થાય છે. ઉત્તાન–એટલે પીઠને (પાછળ) અડધા નમેલા (વાંકા વળેલા) અથવા સમાન આકારે વળેલા વગેરે, આકારથી ઉંચા રહેલા, પાર્શ્વ–સ્થિત એટલે તિરછા રહેલા (સૂતેલા), અતિસ્થિત એટલે ઉભા રહેલા, નિષન્ન એટલે બેસેલા, જે જે આકારે રહીને કાલ કરે, તે આકારે સિદ્ધ રૂપે ઉત્પન્ન થાય છે. (૪૮૪)

૫૫. સિદ્ધશિલાનું વર્ણન

ईसिप्पब्भाराए उवरिं खलु जोयणस्स जो कोसो ।
कोसस्स य छब्भाए सिद्धाणोगाहणा भणिया ॥ ४८५ ॥
अलोए पडिहया सिद्धा, लोयग्गे य पइट्ठिया ।
इहं बोंदिं चइत्ताणं, तत्थ गंतूण सिज्झइ ॥ ४८६ ॥

ઇષત્પ્રાક્ભારા નામની સિદ્ધશિલા પૃથ્વીની ઉપરનાં એક યોજનના ચોથા ભાગના એક ગાઉના છટ્ઠા ભાગમાં સિદ્ધોની અવગાહના કહી છે. અહીંથી શરીર છોડીને સિદ્ધશિલા ઉપર જઇ લોકના છેડે અલોકને સ્પર્શીને સિદ્ધ થાય છે.

સર્વાર્થસિદ્ધ વિમાનની ઉપર [૧]બાર યોજન પછી પિસ્તાલીસ લાખ–યોજન લાંબી–પહોળી ઇષત્પ્રાગ્ભારા નામની સિદ્ધશિલા છે. તે બરાબર મધ્યભાગે ૮ યોજન લાંબી–પહોળી છે. અને પછી બધી દિશા અને વિદિશાઓમાં એક પ્રદેશ હાનિથી ઓછી ઓછી થતી છેલ્લે માખીની પાંખથી પણ પાતળી હોવાથી અંગુલનાં અસંખ્યાત ભાગ જાડી રહે છે. તે બિલકુલ સંપૂર્ણ સફેદ સુવર્ણમય સ્ફટીક જેવી નિર્મળ છે. તેનો આકાર ખુલ્લી ઉંધી છત્રી જેવો અથવા ઘીથી ભરેલ તેવા પ્રકારના વાટકા જેવો છે. તેનો આકાર ◡ આવો છે.

તે ઇષત્પ્રાક્ભારના ઉપર એક યોજન ગયા બાદ લોકાન્ત આવે છે. તે યોજનના ઉપરનો કોષ એટલે ચોથો ગાઉ, તેઓ ગાઉના સર્વથી ઉપરના છટ્ઠા ભાગે એટલે ૩૩૩ ધનુષ અને એક ધનુષ્યનો ત્રીજો ભાગ એટલે ૩૩૩$\frac{1}{3}$ ધનુષ્યમાં સિદ્ધોની અવગાહના એટલે અવસ્થિતિ કહી છે આટલી સિદ્ધોની અવગાહના સંભવે છે.

કહ્યું છે કે ૩૩૩$\frac{1}{3}$ ધનુષ્ય એટલે ગાઉનો છટ્ઠો ભાગ અને તે જ ઉત્કૃષ્ટ અવગાહના છે.

---

૧. અન્ય આચાર્યો સર્વાર્થસિદ્ધ વિમાનથી બાર યોજને લોકાન્ત માને છે.

અલોકમાં ધર્માસ્તિકાય વગેરે ન હોવાથી અલોકને અડીને સિદ્ધો રહેલા છે. પણ અલોકનો સંબંધ થવાથી વિઘાતરૂપ સ્ખલના નથી, કેમકે સિદ્ધો અપ્રતિઘાતવાળા છે. જે પ્રતિઘાતવાળા હોય તેને સંબંધ થાય એટલે વિઘાત થાય છે, બીજાને નહીં. પંચાસ્તિકાયરૂપ લોકના અગ્રભાગે એટલે મસ્તકે અપુનરાગમન (ફરી ન આવવું તે) પૂર્વક રહેલા છે. અહીં મનુષ્યક્ષેત્રમાં જ શરીર છોડીને ત્યાં લોકને છેડે બીજા સમયને સ્પર્શ કર્યા વગર એક સમયમાં તથા બીજા પ્રદેશને સ્પર્શ્યા વગર જઈને સિદ્ધ થાય છે. (૪૮૫-૪૮૬)

૫૬. સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના

तिण्णि सया तेत्तीसा धणुत्तिभागो य होइ बोद्धव्वो ।
एसा खलु सिद्धाणं उक्कोसोगाहणा भणिया ॥ ४८७ ॥

૩૩૩ ધનુષ્ય અને એક ધનુષ્યનો ત્રીજો ભાગ એટલે ૩૩૩ ૧/૩ પ્રમાણ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના કહી છે. આની ભાવના આ પ્રમાણે છે. સિદ્ધિગમન યોગ્ય ઉત્કૃષ્ટ અવગાહના પાંચસો ધનુષ્ય છે. તેનો ત્રીજો ભાગ એકસો છાસઠ (૧૬૬) ધનુષ્ય અને ચોસઠ (૬૪) આંગળ થાય. તે મોક્ષગમન વખતે મુખ-પેટ વગેરે પોલાણ ભાગને પૂરવાથી આત્મપ્રદેશનો સંકોચ થાય છે. આથી પાંચસો ધનુષ્યમાંથી ત્રીજો ભાગ ઓછો થાય એટલે પાંચસો ધનુષ્યમાંથી એકસો છાસઠ ધનુષ્ય અને ચોસઠ આંગળ બાદ કરતાં બાકીનો ભાગ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના રૂપે રહે છે.

જે સિદ્ધિગમનયોગ્ય મરૂદેવી આદિનું પાંચસો પચીસ ધનુષ્ય પ્રમાણ ઉત્કૃષ્ટ અવગાહનાનું પ્રમાણ કયાંક સંભળાય છે. તે મતાંતરે જાણવું. (૪૮૭)

૫૭. સિદ્ધોની મધ્યમ અવગાહના

चत्तारि य रयणीओ रयणि तिभागूणिया य बोद्धव्वा ।
एसा खलु सिद्धाणं मज्झिमओगाहणा भणिया ॥ ४८८ ॥

૪ ૨/૩ હાથ પ્રમાણની સિદ્ધોની મધ્યમ અવગાહના કહી છે.

ચાર હાથ અને એક હાથનો ત્રીજો ભાગ ન્યૂન એવી સિદ્ધોની મધ્યમઅવગાહના કહેલી છે. મહાવીર ભગવાનને સાત હાથનું શરીર હતું. તેમનું સિદ્ધાવસ્થામાં પોલાણ પૂરાવાથી બે હાથ અને આઠ આંગળરૂપ ત્રીજો ભાગ ઓછો થતાં ચાર હાથ અને સોળ આંગળ મધ્યમઅવગાહના થાય છે. આમ મધ્યમઅવગાહના ઉપલક્ષણથી છે. બાકી તો ઉત્કૃષ્ટ અવગાહનાથી લઈ જઘન્ય અવગાહના સુધીની વચ્ચેની બધી મધ્યમઅવગાહના જાણવી.

પ્રશ્ન : આગમમાં જઘન્યથી સાત હાથની અવગાહનાવાળાને સિદ્ધિ કહી છે. માટે આ તો જઘન્યઅવગાહના છે. મધ્યમઅવગાહના શી રીતે થાય ?

ઉત્તર :- વસ્તુતત્ત્વની જાણકારી ન હોવાથી તમારી વાત બરાબર નથી. તીર્થંકરની અપેક્ષાએ સાત હાથની અવગાહનાવાળાની જઘન્યપણે સિદ્ધિ કહી છે. બાકી હીન અવગાહનાવાળા સામાન્ય કેવળીઓની પણ સિદ્ધિ હોય છે. આમ મધ્યમ અવગાહનાનું માન સામાન્ય સિદ્ધની અપેક્ષાએ વિચારીએ તો કોઇ દોષ નથી. (૪૮૮)

૫૮. સિદ્ધોની જઘન્યઅવગાહના

एगा य होइ रयणी अट्ठव य अंगुलाइ साहीया ।
एसा खलु सिद्धाणं जहण्णओगाहणा भणिया ॥ ४८९ ॥

સિદ્ધોની જઘન્યઅવગાહના તીર્થંકર-ગણધરભગવંતોએ એક હાથઅને આઠ આંગળ કહી છે. મોક્ષમાં જવાને યોગ્ય જીવોની જઘન્ય અવગાહના બે હાથ પ્રમાણ છે. તેમાંથી પોલાણ ભાગ પૂરાવાથી સોળ આંગળરૂપ ત્રીજો ભાગ ઓછો કરવાથી એક હાથ આઠ આંગળની જઘન્ય અવગાહના થાય છે. આ બે હાથની જઘન્ય અવગાહના કૂર્માપુત્ર વગેરેની જાણવી અથવા યંત્રપીલણ વગેરે (વિઘાત)થી સંકુચિત થયેલ સાત હાથના શરીરવાળાની પણ આ જઘન્ય અવગાહના થઈ શકે છે. (૪૮૯)

૫૯. શાશ્વત જિનપ્રતિમાનાં નામ

सिरि उसहसेणपहु १ वारिसेण २ सिरिवद्धमाणजिणनाह ३ ।
चंदाणण ४ जिण सव्वेवि भवहरा होह मह तुब्भे ॥ ४९० ॥

હે શ્રી ઋષભસેન પ્રભુ, શ્રી વારિષેણ, શ્રી વર્ધમાનજિન, શ્રી ચન્દ્રાનનજિન! તમે સર્વે મારા ભવ (સંસાર)નો નાશ કરનારા થાઓ. (૪૯૦)

૬૦. જિનકલ્પીઓના ઉપકરણની સંખ્યા

पत्तं पत्ताबंधो पायट्ठवणं च पायकेसरिया ।
पडलाइं रयत्ताणं च गुच्छओ पायनिज्जोगो ॥ ४९१ ॥
तिन्नेव य पच्छागा रयहरणं चेव होइ मुहपोत्ती ।
एसो दुवालसविहो उवही जिणकप्पियाणं तु ॥ ४९२ ॥

પાત્રા, પાત્રબંધ (ઝોળી), ગુચ્છો, પાત્રકેસરીકા (ચરવલી), પલ્લા, રજસ્ત્રાણ, પાત્રસ્થાપન-આ સાત પ્રકારનો પાત્ર નિર્યોગ (ઉપધિ) છે. તથા ત્રણ કપડા, રજોહરણ અને મુહપત્તિ-એમ બાર પ્રકારે જિનકલ્પીઓની ઉપધિ છે.

જેના વડે સાધુ પર ઉપકાર થાય, તે ઉપકરણ એટલે ઉપધિ. તે બે પ્રકારે છે. ૧. ઔઘિક અને ૨. ઔપગ્રહિક. ઓઘ એટલે પ્રવાહ. સામાન્ય ઉપધિ–સામાન્યથી જે હંમેશાં પાસે રખાય તેવી ઉપધિ હોય તે ઔઘિક. ઉપ એટલે પોતાની પાસે સંયમના ઉપકાર માટે જે વસ્તુ લેવાય તે ઉપગ્રહ. સંયમ ઉપકાર માટે જે ગ્રહણ કરાય તે ઔપગ્રહિક. જે કારણે સંયમ પાલન માટે લેવાય પણ હંમેશ માટે નહિ, તે ઔપગ્રહિકઉપકરણ કહેવાય છે.

તેમાં ઔઘિકઉપધિ બે પ્રકારે છે. (૧) ગણનાપ્રમાણ અને (૨) માન પ્રમાણ તેનાં ગણનાપ્રમાણમાં એક, બે, ત્રણ ગણત્રી સંખ્યારૂપ છે. અને માનપ્રમાણમાં આટલું લાંબુ પહોળુ છે. એ પ્રમાણે ઔપગ્રહિકઉપધિના પણ બે ભેદ જાણવા.

અહીં જિનકલ્પીઓને ઔઘિકઉપધિ ગણના પ્રમાણથી કહે છે. (૧) પાત્રા, (૨) જેમાં પાત્રા રખાય તે પાત્રબંધરૂપ ચોરસ વસ્ત્રનો ટુકડો એટલે ઝોળી, (૩) કામળીનો પાત્રા મૂકવા માટેનો ગરમ ટૂકડો તે પાત્રસ્થાપન, (૪) પાત્ર પડિલેહવા માટેની ચરવળી તે પાત્રકેસરીકા, (૫) ગોચરી ફરતી વખતે પાત્ર ઢાંકવા માટેના પડલાં, (૬) પાત્રાને વીંટવા માટેનું કપડું તે રજસ્ત્રાણ, (૭) ગરમ કપડાનો ટૂકડો જે પાત્ર પર મૂકવા માટે છે, તે ગુચ્છો. આ સાત પ્રકારનો પાત્ર નિર્યોગ એટલે પરિકર છે. ત્રણ કપડા એટલે બે ચાદર અને એક ગરમ કામળી, રજોહરણ અને મુહપત્તિ–આ બાર પ્રકારની ઉપધિ જિનકલ્પીને ઉત્કૃષ્ટથી હોય છે. (૪૯૧–૪૯૨)

जिणकप्पियावि दुविहा पाणीपाया पडिग्गहधरा य ।
पाउरणमपाउरणा एक्केक्का ते भवे दुविहा ॥ ४९३ ॥

જિનકલ્પીઓ એક જ સ્વરૂપવાળા છે કે જુદા જુદા સ્વરૂપવાળા છે ? તે કહે છે. જિનેશ્વરોનો કલ્પ એટલે આચાર તે જિનકલ્પ. તે જિનકલ્પ જેમને હોય તે જિનકલ્પી કહેવાય. તે જિનકલ્પીઓ બે પ્રકારે છે. ૧ કરપાત્રી એટલે હાથમાં ભોજન કરનારા અને (૨) પતદ્ગ્રહ–ધર એટલે પાત્રામાં ભોજન કરનારા. તે બન્ને પણ પાછા બે બે પ્રકારે છે. સપ્રાવરણ અને અપ્રાવારણ એટલે વસ્ત્રધારી અને નિર્વસ્ત્રી. (૪૯૩)

दुग १ तिग २ चउक्क ३ पणगं ४ नव ५ दस ६ एक्कारसेव ७ बारसगं ८ ।
एए अट्ठ विगप्पा जिणकप्पे हुंति उवहिस्स ॥ ४९४ ॥

પ્રશ્ન :–જિનકલ્પીઓને બાર પ્રકારની ઉપધિ કહી છે, તે બધાને એક સરખી હોય છે ?

ઉત્તર :–બધાને એક સરખી ઉપધિ નથી હોતી પણ બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે, નવ પ્રકારે, દસ પ્રકારે, અગિયાર પ્રકારે અને બાર પ્રકારે એમ આઠ રીતે જિનકલ્પીઓને ઉપધિ હોય છે. (૪૯૪)

पुत्तीरयहरणेहिं दुविहो तिविहो य एक्ककप्पजुओ ।
चउहा कप्पदुगेणं कप्पतिगेणं तु पंचविहो ॥ ४९५ ॥
दुविहो तिविहो चउहा पंचविहोऽविहु सपायनिज्जोगो ।
जायइ नवहा दसहा एक्कारसहा दुवालसहा ॥ ४९६ ॥

બે પ્રકારની ઉપધિવાળા મુહપત્તિ અને રજોહરણ–એમ બે ઉપકરણ ધારણ કરે છે એટલે કરપાત્રી અને વસ્ત્રરહિત જિનકલ્પી મુનિવરો મુહપત્તિ રજોહરણ બે ઉપકરણ જ ધારણ કરે છે. (૨) મુહપત્તિ–રજોહરણ અને એક વસ્ત્ર યુક્ત ત્રણ ઉપકરણ વડે ત્રિવિધ ઉપકરણવાળા જિનકલ્પીઓ હોય છે. (૩) મુહપત્તિ, રજોહરણ અને બે વસ્ત્ર એમ ચાર ઉપકરણ વડે ચતુર્વિધ ઉપધિવાળા જિનકલ્પીઓ, (૪) ત્રણ વસ્ત્ર અને રજોહરણ મુહપત્તિવડે પાંચવિધ ઉપકરણવાળા જિનકલ્પીઓ હોય છે, (૫) ઉપરોક્ત દ્વિવિધ-ત્રિવિધ–ચતુર્વિધ અને પંચવિધ ઉપધિ જ્યારે સાત પ્રકારના પાત્રાની ઉપધિ સહિત થાય તો અનુક્રમે નવ પ્રકારની, દસ પ્રકારની, અગિયાર પ્રકારની અને બાર પ્રકારની ઉપધિ થાય છે. તેમાં રજોહરણ મુહપત્તિ અને સાત પ્રકારની પાત્ર ઉપધિ સહિત નવ પ્રકારની ઉપધિ વસ્ત્રરહિત પાત્રભોજીને હોય છે. બાકીના દશવિધ, એકાદશવિધ, દ્વાદશવિધ ઉપધિ પાત્રભોજી અને વસ્ત્રવાળાને હોય છે. (૪૯૫–૪૯૬)

अहवा दुगं च नवगं उवगरणे हुंति दुन्नि उ विगप्पा ।
पाउरणवज्जियाणं विसुद्धजिणकप्पियाणं तु ॥ ४९७ ॥

હવે સૂત્રકાર વસ્ત્ર વગરનાની ઉપકરણની સંખ્યા કહે છે. આગળની ગાથામાં જિનકલ્પીઓની ઉપધિના આઠ ભેદો સામાન્યથી જણાવ્યા છે. તેમાં મુહપત્તિ, રજોહરણરૂપ દ્વિવિધ ઉપધિવાળા અને મુહપત્તિ, રજોહરણ તથા પાત્રનિર્યોગવાળા નવવિધ ઉપધિવાળા જિનકલ્પીઓ અલ્પ ઉપધિવાળા હોવાથી વસ્ત્રરહિત છે. માટે વિશુદ્ધ જિનકલ્પી કહેવાય છે. આ દ્વિવિધ અને નવવિધ ઉપકરણભેદ–એ બે ભેદ વિશુદ્ધ જિનકલ્પીઓને છે. અને બાકીના ઉપરોક્ત ભેદો અવિશુદ્ધ જિનકલ્પીઓના છે. (૪૯૭)

तवेण सत्तेण, सुत्तेण एगत्तेण बलेण य ।
तुलणा पंचहा वुत्ता, जिणकप्पं पडिवज्जओ ॥ ४९८ ॥

તપ, સૂત્ર, સત્ત્વ, એકત્વ અને બલવડે–એમ પાંચ પ્રકારે તુલના કરવાની જિનકલ્પ સ્વીકારનારને કહી છે.

જિનકલ્પનો સ્વીકાર પરિકર્મ કરવાપૂર્વક થાય છે. આથી પરિકર્મનું સ્વરૂપ કહે છે. જેનાથી આત્મા તોલાય એટલે પરીક્ષા કરાય તે તુલના કે પરિકર્મણા કહેવાય એટલે પોતાને જિનકલ્પ સ્વીકારવા માટે આત્માની પરીક્ષા કરવી તે પરિકર્મ કહેવાય છે. તે પરિકર્મ જિનકલ્પ સ્વીકારનારને પાંચ પ્રકારે હોય છે.

(૧) તેમાં તપવડે ચોથભક્ત (એક ઉપવાસ)થી લઇ છ મહિના સુધીના તપના અભ્યાસથી આત્માને ભાવિત કરે. અભ્યાસ કરે, જો આટલો તપ કરતાં પોતે બાધિત ન થાય તો જિનકલ્પ સ્વીકારે, નહિ તો ન સ્વીકારે–એ તપતુલના.

(૨) જિનકલ્પને ઉચિત એવા નવ પૂર્વ વગેરેનો એવી રીતે અભ્યાસ કરે, કે જેથી પશ્ચાનુપૂર્વી વગેરે દ્વારા પુનરાવર્તન કરી શકે તે સૂત્રતૂલના.

(૩) માનસિક સ્થિરતા માટે આત્માની પરીક્ષા કરે, જેમ શૂન્યગૃહ, ચોરો, સ્મશાન વગેરે ભયજનક સ્થાનોમાં કાયોત્સર્ગ વગેરે કરતી વખતે સ્વાભાવિક અનેક ભયંકર પરિસહ ઉપસર્ગો વડે જે અક્ષોભ્ય એટલે ગભરાય નહિ અને મનને સ્થિર રાખે તે **સત્ત્વભાવના.**

(૪) એકલા ફરતા જો વિશ્રોતસિકા વગેરે એટલે સંયમ વિરૂદ્ધ ચિત્તની વિક્રિયા વડે જો બાધિત ન થાય તો જિનકલ્પ સ્વીકારે, નહિ તો ન સ્વીકારે એ એકત્વતુલના.

(૫) એક અંગુઠા વગેરેના આધારે લાંબો વખત ઉભા રહેવું વગેરે રૂપે શરીર-બલ, ધૈર્યતારૂપ માનસિકબલ તથા આત્માની પરીક્ષા કરે તે બલ તુલના–આ પાંચ પ્રકારે તુલના કરીને પછી જિનકલ્પનો સ્વીકાર કરવો જોઈએ. (૪૯૮)

૬૧ સ્થવિરકલ્પી મુનિઓના ઉપકરણની સંખ્યા

एए चेव दुवालस मत्तग अइरेग चोलपट्टो उ ।
एसो चउदसरूवो उवही पुण थेरकप्पंमि ॥ ४९९ ॥

ઉપરોક્ત જિનકલ્પિનો પાત્રા વગેરેથી મુહપત્તિ સુધીનો બાર પ્રકારનો ઉપધિ તથા ઉપર માત્રક (મોટું પાત્રું) અને ચોલપટ્ટો–એમ ચૌદ પ્રકારની ઉપધિ સ્થવિરકલ્પીને હોય છે. (૪૯૯)

तिण्णि विहत्थी चउरंगुलं च भाणस्स मज्झिमपमाणं ।
एत्तो हीण जहन्नं अइरेगयरं तु उक्कोसं ॥ ५०० ॥

હવે પાત્રાના પ્રમાણ કહે છે. ત્રણવેંત અને ચાર આંગળ—આ પાત્રાનું મધ્યમ પ્રમાણ છે. તે ગોળ અથવા ચારે બાજુથી સમચોરસ એટલે બધી બાજુથી એક સમાન સુપ્રતિષ્ઠિત, કાણા વગરનું, ઘા વગરનું, સ્નિગ્ધવર્ણ (રંગ)વાળુ હોય છે.

પાત્રાની પરિધિ જો દોરાથી માપીએ ત્યારે માપવાનો દોરો ત્રણવેંત ચાર આંગળ થાય, ત્યારે તે પાત્રું મધ્યમ પ્રમાણવાળુ કહેવાય છે. આ મધ્યમ પ્રમાણથી ઓછી એક વેંત કે બે વેંત પ્રમાણ હોય, તો તે પાત્રુ જઘન્ય કહેવાય અને મધ્યમ પ્રમાણથી વધારે હોય, તો ઉત્કૃષ્ટ પાત્ર કહેવાય છે. (૫૦૦)

पत्ताबंधपमाणं भाणपमाणेण होइ कायव्वं ।
जह गंठिमि कयंमि कोणा चउरंगुला हुंति ॥ ५०१ ॥

પાત્રબંધક એટલે ઝોળીનું પ્રમાણ કહે છે. પાત્ર બંધનનું માપ ભાજન એટલે પાત્રાના પ્રમાણનું રાખવું. જો મધ્યમ પાત્ર હોય, તો પાત્ર બંધન પણ તે પ્રમાણનું કરવું. જઘન્ય પાત્ર હોય, તો તે જઘન્ય પ્રમાણે અને ઉત્કૃષ્ટપાત્ર હોય, તો પાત્રબંધન ઉત્કૃષ્ટ પ્રમાણે કરવું. પાત્ર બંધનને ગાંઠ વાળ્યા પછી તેના છેડા ચાર આંગળ રહે, તેવું પાત્ર બંધન કરવું. (૫૦૧)

पत्तगठवणं तह गुच्छगो य पायपडिलेहणी चेव ।
तिण्हंपि उप्पमाणं विहत्थि चउरंगुलं चेव ॥ ५०२ ॥

હવે પાત્રસ્થાપનક, પાત્રપડિલેહણી (ચરવલી) તથા ગુચ્છાનું માપ કહે છે. પાત્રસ્થાપન, ગુચ્છા અને ચરવલી આ ત્રણેનું માપ એકવેંત અને ચાર આંગલ છે. એટલે ૧૬ આંગળનું માપ સમજવું. પાત્રબંધન અને પાત્ર સ્થાપનનું પ્રયોજન પાત્રાની ધૂળ વગેરેથી રક્ષા માટે છે. અને ગુચ્છાનું પ્રયોજન પાત્રાના વસ્ત્રો જે પલ્લા તેની પડિલેહણ માટે છે. તથા પાત્ર પડિલેહણી—ચરવલીનું પ્રયોજન પાત્રાના પડિલેહણ માટે છે. કહ્યું છે કે

रयमाइरक्खणट्ठा पत्ताबंधो य पायठवणं च होइपमज्जणहेऊ तु गुच्छओ भाणवत्थाणं पायपमज्जणहेऊ केसरीया इत्थ होइ नायव्वा.

પાત્ર બંધન અને પાત્ર સ્થાપન ધૂળ વગેરેથી રક્ષા માટે, ભાજનના વસ્ત્રો અને પલ્લાની પડિલેહણા માટે ગુચ્છા છે. પાત્રા પ્રમાર્જન માટે કેસરીકા એટલે ચરવળી છે. (૫૦૨)

अड्ढाइज्जा हत्था दीहा छत्तीसअंगुले रुंदा ।
बीयं पडिग्गहाओ ससरीराओ य निप्फण्णं ॥५०३॥

પલ્લાનું પ્રમાણ–માન

કયલીગબ્ભદલસમા પડલા ઉક્કિટ્ઠમજ્ઝિમજહણ્ણા ।
ગિમ્હે હેમંતંમિ ય વાસાસુ ય પાણરક્ખટ્ઠા ॥ ૫૦૪ ॥
તિણ્ણિ ચઉ પંચ ગિમ્હે ચઉરો પંચચ્છગં ચ હેમંતે ।
પંચચ્છ સત્ત વાસાસુ હોંતિ ઘણમસિણરૂવા તે ॥ ૫૦૫ ॥

અઢી હાથ લાંબા, છત્રીસ આંગળ પહોળા, અથવા બીજી રીતે પાત્રા અને પોતાના શરીર પ્રમાણે પલ્લા કરવા. ગ્રિષ્મ, હેમંત અને વર્ષાઋતુમાં જીવોની રક્ષા માટે કેળના ગર્ભભાગ સમાન કોમળ પલ્લા ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્યરૂપે રાખવા, તે આ પ્રમાણે–ઉનાળામાં ત્રણ, ચાર, કે પાંચ. શિયાળામાં ચાર, પાંચ, છ અને ચોમાસામાં પાંચ, છ, સાત પલ્લા રાખવા.

પલ્લાનું પ્રમાણ કહે છે. અઢી હાથ લાંબા અને છત્રીસ આંગળ એટલે એક હાથ અને બાર આંગળ પહોળા પલ્લા હોય છે. અથવા બીજી રીતે પાત્રા અને શરીરના પ્રમાણથી કરવા એટલે મોટા પાત્રા હોય તથા જાડું શરીર હોય કે નાના પાત્રા અને પાતળું શરીર હોય, તો તે પ્રમાણે પલ્લા કરવા.

તે પડલા કેળના ગર્ભ (કોમલ) ભાગ જેવા સફેદ તથા કોમલ અને સ્નિગ્ધ, ઘટ્ટ પલ્લા હોવા જોઈએ. તે પલ્લાઓ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટથી ત્રણ પ્રકારે છે. ઉત્કૃષ્ટત્વ, મધ્યમત્વ અને જઘન્યત્વ સારા-નરસાની અપેક્ષાએ ગ્રહણ કરવા, પરન્તુ સંખ્યાની અપેક્ષાએ નહીં.

તે પલ્લાઓ ઉનાળામાં શિયાળામાં અને ચોમાસામાં તે દરેક ઋતુમાં ત્રણ ત્રણ પ્રકારે હોય છે. તે પલ્લા સંપાતિમ વગેરે જીવોના રક્ષણ માટે ઉપલક્ષણથી પક્ષી, વિષ્ટા, ધૂળ વગેરે ન પડે તેની રક્ષા માટે તથા લિંગ ઢાંકવા માટે હોય છે. કહેવાનું તાત્પર્ય આ પ્રમાણે છે.

ઢાંક્યા વગરના પાત્રામાં ઉડતી જીવાતો, પવનથી હાલતા ઝાડ વગેરેના પાંદડા, ફૂલો, ફળો અને સચિત્ત ધૂળ, પાણી વગેરે પડે છે. આકાશમાં ઉડતા પક્ષીઓની વિષ્ટા, વંટોળીયાથી ઉડેલી ધૂળ વગેરે પડે છે. તેની રક્ષા માટે પલ્લા રખાય છે તથા ભિક્ષામાટે ફરતા સાધુને કયારેક વેદોદય થવાનો પણ સંભવ હોય છે, ત્યારે તેના વડે વિકૃતલિંગને ઢાંકે છે.

હવે ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય પલ્લાઓની ઉનાળા વગેરેમાં સંખ્યા કહે છે. ઉનાળામાં અત્યંત શોભનીય ત્રણ પલ્લા રાખે. તે સમય અતિ સૂકો હોવાથી સચિત્ત પૃથ્વી–પાણી–ધૂળ વગેરે તરત જ પરિણમી જતી એટલે નાશ પામી જતી હોવાથી પલ્લાને ભેદી શકે નહીં.

મધ્યમ એટલે અતિ સારા નહિ તેમ અતિ ખરાબ પણ નહીં એવા હોય, તો ચાર પલ્લા રાખે, તે ઘણા હોય ત્યારે જ પોતાનુ કાર્ય કરી શકે છે. જઘન્ય એટલે જૂના જેવા અતિ સામાન્ય હોય, તો પાંચ પલ્લા રાખે.

હેમંતઋતુમાં ઉત્કૃષ્ટ ચાર પલ્લા રાખે કેમકે કાળ સ્નિગ્ધ એટલે લેજવાળો હોવાથી પૃથ્વી, ધૂળ વગેરે દબાય તો અચિત્ત થાય. તેથી તેનાવડે પલ્લા ભેદાય છે. મધ્યમ પાંચ પલ્લા અને જઘન્ય છ પલ્લા રાખે.

વર્ષાઋતુમાં ઉત્કૃષ્ટ પાંચ પલ્લા રાખે. કેમકે તે કાલ–અતિ સ્નિગ્ધ એટલે ઘણા લેજવાળો હોય છે. તેથી પૃથ્વીરજ વગેરે ઘણા લાંબા ટાઇમે અચિત્ત થાય છે એટલે પલ્લાને ભેદી શકે છે. મધ્યમ છ અને જઘન્ય સાત પલ્લા હોય છે. તે પલ્લા કોમળ અને ઘટ્ટ રાખવા. જેથી તેનાથી ઢંકાયેલો સૂરજ જોઇએ તો તે પણ ન દેખાય. (૫૦૩–૫૦૫)

રજસ્ત્રાણનું પ્રમાણ :–

माणं तु रयणत्ताणे भाणपमाणेण होइ निप्फन्नं ।
पायाहिणं करंतं मज्झे चउरंगुलं कमइ ॥ ५०६ ॥

રજસ્ત્રાણનું પ્રમાણ કહે છે. રજસ્ત્રાણનું પ્રમાણ પાત્રાના પ્રમાણે જાણવું. તે માપ આ રીતે સમજવું. પાત્રાને રજસ્ત્રાણ પ્રદક્ષિણાક્રમે વીંટાળતા છેલ્લે ચાર આંગળ વધે, એ રીતે રાખવું. માટે કહ્યું છે કે પાત્રાનુસારે રજસ્ત્રાણ કરવું. પ્રદક્ષિણા ક્રમે તિરછું રજસ્ત્રાણ ઓળંગાય એટલે ચાર આંગળ વધારે હોય, આવા પ્રકારનું રજસ્ત્રાણ કરવું. એનું કારણ પાત્રાને ઉંદર કરડી ન ખાય. ધૂળનો સમૂહ, વરસાદનું પાણી, ઝાકળ, સચિત્ત પૃથ્વીકાય વગેરેથી રક્ષા થાય.

કહ્યું છે કે રજસ્ત્રાણ રાખવાથી ઉંદર, ધૂળનો સમૂહ, ઝાકળથી રક્ષા થાય, તે લાભ છે. (૫૦૬)

કપડાનું પ્રમાણ :–

कप्पा आयपमाणा अड्ढाइज्जा य वित्थडा हत्था ।
दो चेव सुत्तियाओ उण्णिय तइओ मुणेयव्वो ॥ ५०७ ॥

કલ્પ એટલે કપડો કે ચાદર. તે શરીર પ્રમાણ એટલે સાડાત્રણ હાથ પ્રમાણ લાંબો અને અઢી હાથ પહોળો કરવો તેમાં બે કપડા સુતરાઉ અને ત્રીજો ઉનની કામળી હોય છે. (૫૦૭)

ઓઘાનું પ્રમાણ :–

बत्तीसंगुल दीहं चउवीसं अंगुलाइं दंडो से ।
अट्ठंगुला दसाओ एगयरं हीणमहियं वा ॥ ५०८ ॥

સામાન્યથી રજોહરણ એટલે ઓઘો તે બત્રીસ આંગળનો કરવો. તેમાં ચોવીસ આંગળની રજોહરણની દાંડી રાખવી અને આઠ આંગળની દસી રાખવી અથવા એમાંથી એક ઓછો વધતો પણ કરાય એટલે કે દાંડી નાની હોય તો દસી મોટી કરવી અને દસી નાની હોય તો દાંડી મોટી રાખવી પણ બંનેને ભેગા કરતા બત્રીસ આંગળનું રજોહરણ કરવું જોઇએ.

હવે જે આધુનિક કેટલાક શિથિલ સાધુ આ પ્રમાણે કહે છે, કે

પ્રશ્ન–રજોહરણ મધ્યમભાગમાં ત્રણ દોરાના આંટા યુક્ત હોવું જોઇએ. કેમકે સિદ્ધાંતમાં 'મજ્ઝેતિપાસિયંકુજ્જા' એ પ્રમાણે કહ્યું છે. જેઓ નીચેનો દોરો ઓઘામાં બાંધે તે સાધુઓ ભગવાનની આજ્ઞા ભંગ કરનારા હોવાથી મિથ્યાદૃષ્ટિ છે ?

ઉત્તર–રજોહરણમાં નીચેનો દોરો બાંધવાનું આચરણ ગીતાર્થોએ કરેલ હોવાથી રજોહરણમાં દોરો બાંધનાર સાધુઓ મિથ્યાદૃષ્ટિ થતાં નથી. કેમકે ઓઘામાં નીચે દોરો બાંધવાની પ્રવૃત્તિ ગીતાર્થોએ આચરેલ છે અને અશઠ એવા ગીતાર્થોએ આચરેલ પ્રવૃત્તિને આચરતા ભગવાનની આજ્ઞાનો કાંઇપણ ભંગ થતો નથી.

ગણધરોએ પણ કહ્યું છે કે 'રાગ–દ્વેષ રહિત અશઠ ગીતાર્થ વડે જે કંઈ (દ્રવ્ય ક્ષેત્ર કાળ વગેરે કારણોથી) સ્વાભાવિકપણે અસાવદ્ય એવું જે કંઈ આચરાયું હોય અને બીજા તત્કાલિન ગીતાર્થોએ તેનો નિષેધ ન કર્યો હોય, તે ઘણા ગુણવાળું હોવાથી અને આચરિત કહેવાય છે.

ઉપર પ્રમાણે ગીતાર્થાચરિતનો વિરોધ કરનારાઓને જ મિથ્યાદૃષ્ટિપણાનો પ્રસંગ થાય છે.

હવે અમે સિદ્ધાંતોક્ત કરનારા છીએ એમ માનનારાઓને પૂછે કે તમો સિદ્ધાંતમાં કહેલ વાતથી વધારે કાંઈ પણ નથી કરતા ?

બીજી વાત રહેવા દો. ઓઘો પણ કેવો રાખવો તે બતાવ તે કહે છે કે મૂળમાં મજબૂતપણે વીંટલારૂપ ઘન બનાવવો. મધ્યભાગમાં સ્થિર એટલે દૃઢ. આગળ એટલે દશીના છેડે કોમળ રાખવો એટલે દશીઓ કોમળ રાખવી.

એકાંગીક એટલે એક જ દોરામાંથી બનાવેલ, બે ત્રણ ટુકડાઓ જોડીને નહીં. અશુષિર એટલે રોમવાળી કે ગાંઠવાળી નહીં. પોરાયામમ્ એટલે અંગૂઠાના પર્વમાં–વેઢામાં પ્રદેશીનીના વચ્ચેના ભાગ જેટલા પ્રમાણવાળી દશી ત્રણ દોરાના વીંટાવડે બાંધેલ આવા પ્રકારનો ઓઘો રાખવો.

અપ્પોલં એટલે દૃઢ વીંટવાથી પોલાણ વગરના ભાગવાળો તથા કોમળ દશીવાળો, બહારના બે નિશિથીયા યુક્ત સંપૂર્ણ એક હાથ પ્રમાણવાળો. સંપૂર્ણ હાથ ભરાય એવો. અંગુઠાના પર્વમાં લાગેલ પ્રદેશિનીના પોલાણ ભાગને પૂરનારો આવા પ્રકારનો રજોહરણ કરવો.'

આ પ્રમાણે આગમમાં કહેલ ન હોવાથી તમોને પણ ભગવાનની આજ્ઞા ભંગ કરવાના દોષથી મિથ્યાત્વ લાગશે. તેથી તમારે પણ ગીતાર્થાચરિત અવશ્ય સ્વીકારવું જોઈએ નહીં તો ઘણા દોષનો સંભવ છે. (૫૦૮)

મુહપત્તિનું પ્રમાણ :–

चउरंगुलं विहत्थी एयं मुहणंतगस्स उ पमाणं ।
वीओऽवि य आएसो मुहप्पमाणेण निप्फण्णं ॥ ५०९ ॥

મુહપત્તિનું પ્રમાણ કહે છે. એકવેંત અને ચાર આંગળ ચોરસ ટુકડો મુહપત્તિનું પ્રમાણ છે. અથવા મતાંતરે મોઢાના પ્રમાણની મુહપત્તિ રાખવી. એટલે કે વસતિની પ્રમાર્જના કરતા સાધુની નાસિકા અને મુખમાં ધૂળ પડતી રોકવા માટે તથા સ્થંડિલ ભૂમિમાં ત્યાંની દુર્ગંધથી નાકમાં મસા ન થાય માટે જેટલા પ્રમાણના ટુકડા વડે મોઢું ઢંકાય તેટલી મુહપત્તિ રાખે.

મુહપત્તિના ટુકડા ત્રિકોણ કરી બે છેડા પકડી પાછળ ડોક પર ગાંઠવાળી શકાય એટલા પ્રમાણની મુહપત્તિ રાખવી. (૫૦૯)

માત્રકનું પ્રમાણ :–

जो मागहओ पत्थो सविसेसयरं तु मत्तगपमाणं ।
दोसुवि दव्वग्गहणं वासावासे य अहिगारो ॥ ५१० ॥

જે માગધપ્રસ્થથી કંઇક વિશેષ પ્રમાણનું માત્રકનું પ્રમાણ છે. એમાં વર્ષાકાળ અને ઋતુબદ્ધકાળમાં ગુર્વાદિ માટે દ્રવ્યગ્રહણનો અધિકાર છે.

હવે માત્રકનું પ્રમાણ કહે છે. મગધદેશમાં વપરાતો પ્રસ્થ આ પ્રમાણે છે. બે અસતિની એક પસલી, બે પસલીની એક સેતિકા, ચાર સેતિકાનો એક કુલક, ચાર કુલકનો એક માગધપ્રસ્થ છે.' તે માગધપ્રસ્થના પ્રમાણથી કંઈક અધિક પ્રમાણવાળું માત્રકનું પ્રમાણ થાય છે. એ માત્રકનું પ્રયોજન, વર્ષાકાળ અને ઋતુબદ્ધ–એ બંને કાળમાં ગુરુ વગેરેના યોગ્ય દ્રવ્ય ગ્રહણ કરવા માટે છે.

આનો ભાવાર્થ આ પ્રમાણે. જો તે ક્ષેત્રમાં ગુરુ, ગ્લાન, પ્રાઘૂર્ણક (અતિથિ) વગેરેને યોગ્ય દ્રવ્ય અવશ્ય મળતું હોય, તો વૈયાવચ્ચ કરનાર સંઘાટક જ માત્રકમાં તેઓને યોગ્ય દ્રવ્ય ગ્રહણ કરે. કારણ કે કોને શું મળશે અથવા શું નહીં મળે ? તે તો કંઈ જણાતું નથી. તથા જે ક્ષેત્ર અથવા કાળમાં આહાર પાણી સ્વાભાવિક સંસક્તપણે મળતા હોય, તો ત્યાં પહેલા માત્રકમાં ગ્રહણ કરે પછી તે સંશોધીને આહાર પાણી બીજા પાત્રમાં નાખે. તથા દુર્લભ ઘી વગેરે દ્રવ્ય લેવા માટે અને અચાનક દાન ગ્રહણ પણ માત્રકથી કરે વગેરે માત્રકનું પ્રયોજન છે. (૫૧૦)

सूवोयणस्स भरियं दुगाउअद्धाणमागओ साहू ।
भुंजइ एगट्ठाणे एयं किर मत्तगपमाणं ॥ ५११ ॥

હવે માત્રકનું બીજું પ્રમાણ બતાવે છે. ભાત અને દાળથી ભરેલ એક પાત્રાનો આહાર લઈને બે ગાઉથી આવેલ સાધુ જેટલો ઉપયોગ કરી શકે, તે એક માત્રકનું બીજુ પ્રમાણ છે. આનો ભાવાર્થ આ રીતે છે મૂળ નગરથી, આજુબાજુમાં બે ગાઉ સુધીના પરા–ગોકુલ વગેરેમાં ગોચરી ફરીને, વસ્તિમાં આવીને પાત્રકમાં બધું નાંખીને આટલા શ્રમથી એકજ જગ્યાએ બેસી ભાત વગેરે વાપરે છે. એમાં જેટલા ભાત–દાળ વાપરી શકે તેટલા પ્રમાણનું માત્રકમાં હોય છે. ઓછું વધતું નહીં. આટલું માત્રકનું પ્રમાણ છે. (૫૧૧)

ચોલપટ્ટાનું પ્રમાણ :

दुगुणो चउग्गुणो वा हत्थो चउरस्स चोलपट्टो उ ।
थेरजुवाणाणट्ठा सण्हे थुल्लंमि य विभासा ॥ ५१२ ॥

બે હાથ કે ચાર હાથ પ્રમાણ અને ચાર ખૂણાવાળો ચોલપટ્ટો હોય છે. ચોલ એટલે પુરુષચિહ્ન, તેને ઢાંકવાનું જે વસ્ત્ર તે ચોલપટ્ટો. આ પ્રમાણ વૃદ્ધ કે જુવાન સાધુને અનુલક્ષીને છે. વૃદ્ધ સાધુને ઇન્દ્રિયોનું પ્રબલ સામર્થ્ય ન હોવાથી અલ્પ આવરણથી પણ ચાલે માટે બે હાથનો ચોલપટ્ટો છે અને જુવાન સાધુને ચાર હાથનો ચોલપટ્ટો કરવો. જાડો પાતળો ચોલપટ્ટો પણ વૃદ્ધ જુવાનને અનુસરી કરવો એટલે વૃદ્ધ સાધુને પતલો ચોલપટ્ટો કરવો કેમકે એમને એમની ઇન્દ્રિયના સ્પર્શથી ચોલપટ્ટાને ઉપઘાતનો અભાવ હોય છે. જુવાન સાધુને જાડો ચોલપટ્ટો કરવો. (૫૧૨)

સંથારા–ઉત્તરપટ્ટાનું પ્રમાણ :

संथारुत्तरपट्टो अड्ढाइज्जा य आयया हत्था ।
दोण्हंपि य वित्थारो हत्थो चउरंगुलं चेव ॥ ५१३ ॥

હવે પહેલા નહીં બતાવેલ અને ઔધિક ઉપધિમાં ન ગણેલ હોવા છતાં પણ ઉપકરણના પ્રસંગાનુસારે ઔપગ્રહિક ઉપધિરૂપ સંથારો અને ઉત્તરપટ્ટાનું માપ કહે છે.

સંથારો અને ઉત્તરપટ્ટો બંને અઢી હાથ લાંબા અને એક હાથ ચાર આંગળ પહોળા હોય છે. અને તેમાં સંથારા ઉત્તરપટ્ટાનું પ્રયોજન જીવજંતુ અને ધૂળથી રક્ષા કરવી. સંથારા વગર શુદ્ધ ભૂમિમાં સૂનાર સાધુને પૃથ્વીકાય વગેરે જીવોની વિરાધના થાય અને શરીર પર ધૂળ લાગે.

કીડી વગેરે જીવોની રક્ષા માટે સંથારા ઉપર કોમળ અને સુતરાઉ ઉત્તરપટ્ટો પાથરવામાં આવે છે, નહીં તો ઉનના સંથારો અને શરીરનું ઘર્ષણ થવાથી કીડી વગેરેની વિરાધના થાય છે. (૫૧૩)

રજોહરણનું પ્રયોજન :–

आयाणे निक्खिवणे ठाणे निसियण तुयट्ट संकोए ।
पुव्वि पमज्जणट्ठा लिंगट्ठा चेव रयहरणं ॥ ५१४ ॥

હવે કેટલાક ઉપકરણોનાં પ્રયોજનને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર ભગવંત પ્રથમ રજોહરણનું પ્રયોજન કહે છે.

લેવું, મૂકવું, ઉભા રહેવું, બેસવું, સુવું, પડખું ફેરવવું, પગ લાંબા કરવા, સંકોચવા વગેરે કરતા સંપાતિત વગેરે સૂક્ષ્મ જીવોની રક્ષા માટે પહેલા જમીન વગેરે પૂંજવા માટે રજોહરણ રાખવાનું તીર્થંકરોએ કહ્યું છે.

પ્રથમ પ્રમાર્જ્યા વગર પાત્રા વગેરેને લેતા અવશ્યમેવ (મસા–મચ્છર) કુંથુ વગેરે જીવોનો ઘાત થાય છે. રજોહરણથી પ્રમાર્જના કરવાથી તેની રક્ષા થાય છે. તથા આ (રજોહરણ) અરિહંત શાસનની દીક્ષાનું પ્રથમ લિંગ એટલે ચિહ્ન છે. (૫૧૪)

મુહપત્તિનું પ્રયોજન :–

संपाइमरयरेणू पमज्जणट्ठा वयंति मुहपोत्तीं ।
नासं मुहं च बंधइ तीए वसहिं पमज्जंतो ॥ ५१५ ॥

હવે મુહપત્તિનું પ્રયોજન કહે છે, ઉડતા માખી મચ્છર વગેરે જીવોની રક્ષા માટે બોલતી વખતે મુખ પાસે મુહપત્તિ રાખવી જોઈએ. સચિત્ત પૃથ્વીકાયરૂપ રજની પ્રમાર્જના માટે મુહપત્તિનું વિધાન તીર્થંકર ભગવંત વિગેરેએ કહેલ છે. તથા વસતિ એટલે ઉપાશ્રયની પ્રમાર્જના કરતી વખતે સાધુ નાક અને મોઢું ઢાંકી દે છે, જેથી મોઢામાં ધૂળ વગેરે ન પેસે. (૫૧૫)

પાત્રનું પ્રયોજન :–

छक्कायरक्खणट्ठा पायग्गहणं जिणेहिं पन्नत्तं ।
जे य गुणा संभोगे हवंति ते पायगहणेऽवि ॥ ५१६ ॥

હવે પાત્ર ગ્રહણનું પ્રયોજન કહે છે. છ કાયની રક્ષા માટે જિનેશ્વરોએ પાત્ર ગ્રહણ કરવાનું કહ્યું છે. પાત્રા વગરનો આહારાર્થી સાધુ ખરડાવાથી કે નીચે દાણા વગેરે પડવાથી છ જીવનિકાયનો વિરાધક થાય છે. ગુરુ, ગ્લાન (બિમાર), વૃદ્ધ, બાલ, ભિક્ષા ફરવામાં અસહિષ્ણુ, રાજપુત્ર, પ્રાર્ઘૂર્ણક, અલબ્ધિમાન સાધુ વગેરેને ભિક્ષા આપવી વિગેરે સંભોગમાં (એક માંડલીમાં ભોજન કરવું) જે ગુણો (લાભ) સિદ્ધાંતમાં કહ્યા છે, તે જ ગુણો (લાભ) પાત્રા રાખવામાં પણ છે. પાત્રા રાખવાથી ઉપરોક્ત સંભોગિકો માટે ભિક્ષા લાવી શકાય. (૫૧૬)

કપડાનું પ્રયોજન :–

तणगहणानलसेवानिवारणा धम्मसुक्कझाणट्ठा ।
दिट्ठं कप्पग्गहणं गिलाणमरणट्ठया चेव ॥ ५१७ ॥

તૃણ ગ્રહણ અને અગ્નિ સેવનના નિવારણ માટે, ધર્મ, શુક્લ ધ્યાન માટે ગ્લાન, અને મૃતકમાટે કલ્પગ્રહણ કહ્યું છે.

હવે કલ્પ એટલે કપડાનું પ્રયોજન કહે છે. ડાંગર, પલાલ વગેરે ઘાસનું ગ્રહણ અને અગ્નિ સેવનના નિવારણ માટે કલ્પગ્રહણ છે. જો કલ્પ ન હોય, તો ગાઢ ઠંડી વગેરેમાં ઘાસ, અગ્નિનું સેવન જરૂર કરવું પડે, તે કરવામાં જીવનો વધ છે તથા ધર્મ, શુક્લધ્યાન માટે પણ કલ્પગ્રહણની અનુજ્ઞા તીર્થંકરોએ આપી છે. કેમકે ઠંડી વગેરેના ઉપદ્રવમાં વસ્ત્ર પહેરેલ હોય, તો આત્મા સુખપૂર્વક ધર્મ–શુક્લધ્યાન ધ્યાવી શકે, નહીં તો ઠંડીથી ધ્રૂજતા શરીરવાળો દાંતની વીણાને સતત વગાડતો તે ધ્યાન શી રીતે કરે ? ગ્લાન વધારે ગ્લાન થઈ જાય.

મરણ માટે એટલે મૃતકના ઉપર ઢાંકવા માટે વસ્ત્રનો સ્વીકાર કરાય છે. જો ન સ્વીકારે તો લોકવ્યવહારમાં બાધા આવે છે. (૫૧૭)

ચોલપટ્ટાનું પ્રયોજન :–

वेउव्वडवाउडे वाइए य ही खद्धपजणणे चेव ।
तेसिं अणुग्गहट्ठा लिंगुदयट्ठा य पट्टो य ॥ ५१८ ॥

ચોલપટ્ટો ન પહેરવાથી લિંગ વિકૃત થાય. લિંગ વાયુવાળુ થાય. કેટલાકને દીર્ઘલિંગ હોય અને કેટલાકને લિંગોદય થાય. તે લિંગને ઢાંકવા માટે ચોલપટ્ટો કહ્યો છે.

હવે ચોલપટ્ટાનું પ્રયોજન કહે છે. જે સાધુનું પુરુષ ચિહ્ન વિકૃત હોય, જેમકે દક્ષિણ પ્રદેશમાં પુરુષનું લિંગ અગ્રભાગે વિંધવામાં આવે છે. તેવા પ્રકારના વિકૃતલિંગને ઢાંકવા માટે, લિંગના અગ્રભાગની ચામડી ન હોવાના કારણે અથવા દુશ્ચર્મ હોય તેને ઢાંકવા માટે, કોઈ સાધુ વાયુનો દર્દી હોય અને વાયુના કારણે તેનું લિંગ અદ્ધર રહેતું હોય, તો તેને ઢાંકવા માટે તથા કોઇ સાધુ સ્વભાવથી લજ્જાલુ હોય, તો તેને માટે, કોઇનું લિંગ સ્વભાવે મોટું હોય અને તેવું લિંગ જોઇ લોકો હસે, તો તેના અનુગ્રહને માટે, કોઇને સુંદર રૂપવતી સ્ત્રી જોઈ લિંગોદય થાય અથવા સાધુનું ખુલ્લુ મનોહર લિંગ જોઈ સ્ત્રીને વેદોદય થાય માટે ચોલપટ્ટાની અનુજ્ઞા કહી છે. આ બધા દોષો ચોલપટ્ટો ન પહેરવાના કારણે છે. માટે ચોલપટ્ટાની આજ્ઞા છે. (૫૧૮)

હવે આજ દ્વારમાં ઉપકરણ વગેરેની વ્યવસ્થા માટે સાધુના ભેદો કહે છે.

अवरेवि सयंबुद्धा हवंति पत्तेयबुद्धमुणिणोऽवि ।
पढमा दुविहा एगे तित्थयरा तदियरा अवरे ॥ ५१९ ॥

પૂર્વોક્ત જિનકલ્પી અને સ્થવિરકલ્પી સિવાય પણ બીજા સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધ--એમ બે પ્રકારના મુનિઓ છે.

(૧) સ્વયંબુદ્ધ બે પ્રકારના છે. તીર્થંકર અને તીર્થંકર સિવાયના. અહીં તીર્થંકર સિવાયના જે સ્વયંબુદ્ધ છે, તેનો અધિકાર છે. સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધ વચ્ચે બોધિ, ઉપધિ, શ્રુત અને લિંગના આધારે તફાવત છે. (૫૧૯)

સ્વયંબુદ્ધ મુનિનાં બોધિઆદિ :–

तित्थयरवज्जियाणं बोही उवही सुयं च लिंगं च ।
नेयाइँ तेसि बोही जाइस्सरणाइणा होइ ॥ ५२० ॥
मुहपत्ती रयहरणं कप्पतिगं सत्त पायनिज्जोगो ।
इय बारसहा उवही होइ सयंबुद्धसाहूणं ॥ ५२१ ॥
हवइ इमेसि मुणीणं पुव्वाहीयं सुअं अहव नत्थि ।
जइ होइ देवया से लिंगं अप्पइ अहव गुरुणो ॥ ५२२ ॥
जइ एगागीवि हु विहरणक्खमो तारिसी व से इच्छा ।
तो कुणइ तमन्नहा गच्छवासमणुसरइ निअमेणं ॥ ५२३ ॥

હવે સ્વયંબુદ્ધની બોધિ વગેરે કહે છે. તીર્થંકરવર્જિત સ્વયંબુદ્ધોની (૧) બોધિ એટલે ધર્મ પ્રાપ્તિ, (૨) ઉપકરણો, (૩) શ્રુતજ્ઞાન અને (૪) લિંગ. આ ચાર વિષયમાં પ્રત્યેક બુદ્ધોથી સ્વયંબુદ્ધો જુદા પડે છે તેને જ ક્રમથી કહે છે.

(૧) **બોધિ** :–સ્વયંબુદ્ધને ધર્મ પ્રાપ્તિ બાહ્ય નિમિત્ત વગર પોતાનાં જાતિસ્મરણ વગેરેથી થાય છે.

(૨) **ઉપધિ** :–મુહપત્તિ રજોહરણ, ત્રણ કપડા, સાત પ્રકારના પાત્રાનાં ઉપકરણ –એમ બાર પ્રકારની ઉપધિ હોય છે.

(૩) **શ્રુતજ્ઞાન** :–પૂર્વ જન્મમાં ભણેલું અથવા નવું ભણેલ હોય છે.

(૪) **લિંગ** :–જો પૂર્વાધીત શ્રુત તેમને હોય તો દેવો રજોહરણ વગેરે સાધુ વેશ-રૂપ લિંગ આપે છે. અથવા ગુરુ પાસે જઈને પણ વેશ સ્વીકારે છે અને જો પૂર્વાધીત શ્રુત ન હોય તો ગુરુ જ લિંગ આપે છે.

આ સ્વયંબુદ્ધ સાધુ એકલા પણ વિહાર કરવા સમર્થ હોય, અથવા તેમની

એવી ઇચ્છા હોય તો એકાકી વિહાર કરે. અથવા એકાકી વિહાર કરવા સમર્થ ન હોય કે ઇચ્છા ન હોય તો ગચ્છવાસ સ્વીકારે જ છે. આ વાત પૂર્વાધીતશ્રુત હોય તો જ જાણવી. પૂર્વાધીત શ્રુતના અભાવમાં અવશ્ય ગચ્છવાસ જ સ્વીકારે.

આવશ્યકચૂર્ણિમાં કહ્યું છે કે 'પૂર્વાધીતશ્રુત હોય અથવા ન પણ હોય. જો ન હોય તો લિંગ (વેશ) ગુરુ પાસે સ્વીકારે અને ગચ્છમાં વિચરે અને જો પૂર્વાધીતશ્રુત હોય, તો તેને લિંગ દેવ આપે અથવા ગુરુ પાસે સ્વીકારે. જો એકાકી વિહાર કરવા સમર્થ હોય અથવા ઇચ્છા હોય તો જ એકાકી વિચરે, નહીં તો ગચ્છમાં વિચરે. (૫૨૦-૫૨૩)

પ્રત્યેકબુદ્ધમુનિના બોધિ આદિ :

पत्तेयबुद्धसाहूण होइ वसहाइदंसणे बोही ।
पोत्तियरयहरणेहिं तेसि जहण्णो दुहा उवही ॥ ५२४ ॥

मुहपोत्ती रयहरणं तह सत्त य पत्तयाइनिज्जोगो ।
उक्कोसोऽवि नवविहो सुयं पुणो पुव्वभवपढियं ॥ ५२५ ॥

एक्कारस अंगाइं जहन्नओ होइ तं तहुक्कोसं ।
देसेण असंपुन्नाइं हुंति पुव्वाइं दस तस्स ॥ ५२६ ॥

लिंगं तु देवया देइ होइ कइयावि लिंगरहिओवि ।
एगागीच्चिय विहरइ नागच्छइ गच्छवासे सो ॥ ५२७ ॥

પ્રત્યેકબુદ્ધના બોધિ વગેરે ચાર સ્થાનો કહે છે.

૧. **બોધિ :-** પ્રત્યેકબુદ્ધ સાધુઓને બાહ્ય બળદ વગેરે નિમિત્તો જોવાથી જ બોધિ (ધર્મપ્રાપ્તિ) થાય છે.

૨. **ઉપધિ :-** જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારે ઉપધિ હોય છે. તેમાં જઘન્ય ઉપધિ મુહપત્તિ, રજોહરણરૂપ બે પ્રકારની અને ઉત્કૃષ્ટ મુહપત્તિ, રજોહરણ અને સાત પ્રકારનો પાત્ર નિયોગ-એમ નવ પ્રકારના ઉપકરણ હોય છે.

૩. **શ્રુતજ્ઞાન:-**તેમને પૂર્વભવનું જ ભણેલ શ્રુતજ્ઞાન હોય છે અને તે જઘન્યથી આચારાંગ વગેરે અગ્યાર અંગ અને ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન દશ પૂર્વો.

૪. **લિંગ:-**એમને રજોહરણ વગેરે લિંગ દેવો જ આપે છે. કોઈક વખત લિંગ વગરના પણ હોય છે. તથા પૃથ્વી પર એકલા જ વિચરે છે. પણ ગચ્છવાસમાં રહેતા નથી. (૫૨૪-૫૨૭)

૬૨. સાધ્વીજીઓના ઉપકરણ

उवगरणाइं चउद्दस अचोलपट्टाइं कमढयजुयाइं ।
अज्जाणवि भणियाइं अहियाणि वि हुंति ताणेवं ॥ ५२८ ॥

ચોલપટ્ટા વગર અને કમઢક યુક્ત ચૌદ ઉપકરણ અને તે સિવાય બીજા પણ અધિક ઉપકરણો સાધ્વીને કહ્યા છે.

ચોલપટ્ટા વિના (ગાથા નં. ૪૯૧–૪૯૨ માં બતાવેલ) ચૌદ ઉપકરણો તથા કમઢક–તુંબડું ઉમેરી ચૌદ પાત્રા વગેરે ઉપકરણો હોય છે. તેઓનું પ્રમાણ–સ્વરૂપ સ્થવિરોની જેમ સાધ્વીને પણ જાણવું.

કમઢક એટલે લેપ કરેલ તુંબડાનું પાત્ર. જે કાંસાના મોટા છાલિયાના આકારનું દરેક સાધ્વી પાસે પોતપોતાના ઉદર (ખોરાક) પ્રમાણે એક એક હોય છે. સાધ્વીની માંડલી વચ્ચે પાત્રુ ફરતું નથી એટલે એક સાધ્વીનું પાત્ર બીજી સાધ્વીને કામમાં આવતું નથી. કારણકે તેમના સ્વભાવ તુચ્છ હોય છે અને સાધ્વીઓ કમઢકમાં જ ભોજન વાપરે છે. આથી કમઢક ગ્રહણ કર્યું છે. (૫૨૮)

ઉપરોક્ત ચૌદ ઉપકરણ સિવાય બીજા પણ ઉપકરણો સાધ્વીઓને હોય છે. તે આ પ્રમાણે–

उग्गहऽणंतग १ पट्टो २ अद्धोरुय ३ चलणिया ४ य बोद्धव्वा ।
अब्भितर ५ बाहिनियंसणी ६ य तह कंचुए ७ चेव ॥ ५२९ ॥
उक्कच्छिय ८ वेगच्छिय ९ संघाडी १० चेव खंधगरणी ११ य ।
ओहोवहिंमि एए अज्जाणं पन्नवीसं तु ॥ ५३० ॥

૧. અવગ્રહાનંતક, ૨. પટ્ટક, ૩. અર્ધોરુક, ૪. ચલનિકા, ૫. અભ્યંતરનિર્વસની, ૬. બહિર્નિર્વસની, ૭. કંચુક, ૮. ઉપકક્ષિકા, ૯. વૈકક્ષિકા, ૧૦. સંઘાટી અને સ્કંધકરણી –આ સાધ્વીની ઉપધિના ૨૫ પ્રકાર છે. (૫૨૯–૫૩૦)

અવગ્રહાનંતક :–

अह उग्गहणंतगं नावसंठियं गुज्झदेसरक्खट्ठा ।
तं तु पमाणेणेक्कं घणमसिणं देहमासज्ज ॥ ५३१ ॥

ગુહ્યદેશની રક્ષા માટે જાડું અને કોમળ વસ્ત્રનું નાવડા આકારનું એક અવગ્રહાનંતક શરીરના પ્રમાણે હોય છે.

અવગ્રહ એટલે યોનિદ્વારની સૈદ્ધાંતિક સંજ્ઞા છે. તેનું આનંતક એટલે વસ્ત્ર, તે અવગ્રહાનંતક નાવડાના આકારે એટલે વચ્ચેનો ભાગ પહોળો અને છેડાના બંને ભાગ સાંકડા તે અવગ્રહાનંતક. તેને ગુહ્યપ્રદેશની તથા બ્રહ્મચર્યની રક્ષા માટે રખાય છે. તેની સંખ્યા એક હોય છે. તથા બીજપાતની રક્ષા માટે જાડા વસ્ત્રનું બનાવાય છે. પુરુષ સમાન કર્કશ-સ્પર્શ વિનાનું કોમળ વસ્ત્રનું કરાય છે. કેમકે કોમળ વસ્ત્રનો સ્પર્શ સ્ત્રીની યોનિના સ્પર્શ જેવો હોય છે. સજાતિયને સજાતિયનો સ્પર્શ વિકાર માટે થતો નથી. એટલે કોમળ વસ્ત્ર લીધું છે. તે અવગ્રહાનંતક શરીર પ્રમાણનું કરવું. કેમકે કોઇનું શરીર જાડું હોય કોઇનું પાતળું હોય છે માટે શરીર પ્રમાણે કરવું. (૫૩૧)

(૨) પટ્ટક :–

पट्टोऽवि होइ एगो देहपमाणेण सो उ भइयव्वो ।
छायंतोग्गहणंतं कडिबद्धो मल्लकच्छा व ॥५३२॥

પટ્ટો પણ એક રાખવો. તેના છેડાનો ભાગ બીટક એટલે પાનના બીડા જેવા (બીડું) બંધવાળું, સાધિક ચાર આંગળ પહોળો અને સ્ત્રીની કમ્મર પ્રમાણ લાંબો હોય છે. એટલે પહોળી કમ્મરવાળાનો લાંબો હોય અને પતલી કમ્મરવાળાને ટૂંકો હોય છે. આનું પ્રયોજન અવગ્રહાનંતકના પાછળ અને આગળના છેડાને ઢાંકી વર્ધાની જેમ કમ્મર પર બંધાય છે. તે બાંધી દેવાથી કોઇ મલ્લના કચ્છ જેવું લાગે. (૫૩૨)

(૩) અધોરુક :–(૪) ચલનિકા :–

अद्धोरुगोवि ते दोवि गिण्हिउं छायए कडीभागं ।
जाणुपमाणा चलणी असीविया लंखियाए व ॥ ५३३ ॥

ઉરુ એટલે જાનુનો નીચેનો અડધો ભાગ. તે જેનાથી ઢંકાય તે અધોરુક. તે અવગ્રહાનંતક અને પટ્ટો ઢંકાય તેવું મલ્લની ચડ્ડી પ્રમાણ હોય છે. તે બે ઉરૂની વચ્ચે કસથી બંધાયેલું હોય છે તથા ચલનિકા પણ તેવી જ હોય છે. તેનો નીચેનો ભાગ ફક્ત જાનુ પ્રમાણનો સીવ્યા વગર દોરાથી બાંધેલ હોય છે તેથી તે લંખિકા એટલે વાંસ-પર નાચનારી નર્તકીના કપડા જેવું થાય છે. (૫૩૩)

(૫) અભ્યંતરનિર્વસની :
(૬) બહિર્નિવસની :

अंतोनियंसणी पुण लीणतरी जाव अद्धजंघाओ ।
बाहिरगा जा खलुगा कडीइ दोरेण पडिबद्धा ॥ ५३४ ॥

અન્તર્નિર્વસની કમ્મરનો ઉપરના ભાગથી લઇ અડધી જાંઘ સુધીની હોય છે. તે પહેરતી વખતે કંદોરક ફીટ રખાય છે. કેમકે ફીટ કરવાથી લોકોમાં મશ્કરી ન થાય.

ઉપર કમ્મરથી શરૂ કરીને નીચે પગની ગુલ્ફ સુધી નીચેનો ભાગ ખુલ્લો રખાય છે. અને ઉપર કમ્મરમાં દોરી બાંધાય છે. તે બહિર્નિર્વસની. તે અત્યારે સાડા તરીકે પ્રચલિત છે. (૫૩૪)

छाएइ अणुक्कइए उरोरुहे कंचुओ असिव्वियओ ।
एमेव य ओकच्छिय सा नवरं दाहिणे पासे ॥ ५३५ ॥

સીવ્યા વગરનો અને કંદોરક ઢીલો સ્તનને ઢાંકે તે કંચુક. એ જ પ્રમાણે જમણા પડખેથી ઉપકક્ષિકા પણ પહેરે. (૫૩૫)

(૭) કંચુક :

શરીરની નીચેના ભાગના છ ઉપકરણો કહ્યા હવે શરીરની ઉપરના ઉપકરણો કહે છે. પોતાના હાથે અઢી હાથ લાંબો અને એક હાથ પહોળો અથવા પોતપોતાના શરીર પ્રમાણ પહોળાઇવાળો, સીવ્યા વગરનો અને બંને પડખેદોરીથી બાંધેલ, કાપાલિકનાં કંચુવા જેવો કંચુવો કરે જે સ્તનને ઢાંકનારો થાય. અને તે કંચુવો થોડો ઢીલો રાખે જેથી કંચવામાં સ્તન હાલે તે જણાય નહીં. ફીટ હોય તો સ્તન હાલે તે જણાઈ આવે જે લોકોના મનને-આંખને ગમે એવા હોય છે માટે કંચુવો ઢીલો પહેરવો જોઇએ.

(૮) ઉપકક્ષિકા :

બગલની પાસેનો જે ભાગ તે ઉપકક્ષ કહેવાય, તેને ઢાંકનાર ઉપકક્ષિકા. તે પણ કંચુક જેવી જ હોય છે. તે પણ સીવ્યા વગરની, સમચોરસ, પોતાના હાથથી દોઢ હાથ પ્રમાણની, છાતીની જમણી બાજુથી લઈ પીઠને ઢાંકી ડાબી બાજુએ પાનના બીડાની ગાંઠ બંધાય તે રીતે પહેરાય છે.

वेगच्छिया उ पट्टो कंचुगमुक्कज्छिगं च छायंतो ।
संघाडीओ चउरो तत्थ दुहत्था उवसयंमि ॥ ५३६ ॥
दोन्नि तिहत्थायामा भिक्खट्ठा एग एगमुच्चारे ।
ओसरणे चउहत्थाऽनिसण्णपच्छायणा मसिणा ॥ ५३७ ॥

વૈકક્ષિકા, પટ-કચુંક અને ઉત્કટિકાને ઢાંકે છે. ચાર પ્રકારની સંઘાટીકા છે. (કપડા) એમાં ઉપાશ્રયમાં વાપરવા માટે એક-બે હાથની, બે-ત્રણ હાથની. એક ભિક્ષા માટે અને એક સ્થંડિલ જવા માટે. ચાર હાથની સમવસરણ વગેરેમાં જવા માટે કેમ કે ત્યાં બેસવાનું હોતું નથી. આ વસ્ત્રો કોમળ કરાય છે.

૯. વૈકક્ષિકા :

ઉપકક્ષિકાથી વિપરીત વૈકક્ષિકારૂપ વસ્ત્ર હોય છે. તેને ડાબા પડખેથી પહેરીને જમણા પડખે ગાંઠ બાંધવી. તે વૈકક્ષિકા-કંચુવો અને ઉપકક્ષિકાને ઢાંકે છે.

૧૦. સંઘાટી :

ઉપર ઓઢવા માટે ચાર સંઘાટીકા (કપડા) હોય છે. એક કપડો બે હાથ પહોળો, બે કપડા ત્રણ હાથ પહોળા, એક કપડો ચાર હાથ પહોળો અને ચારેની લંબાઈ સાડા ત્રણ હાથ કે ચાર હાથની હોય છે. તેમાં બે હાથની ઉપાશ્રયમાં વાપરવા માટે છે. કેમકે તે પહેર્યા વગર ખુલ્લા શરીરે કયારે પણ ન બેસવું એવો ભાવ છે. જે ત્રણ હાથની બે સંઘાટીકા છે. તેમાંથી એક ગોચરી જવા માટે અને એક સ્થંડિલ જવા માટે હોય છે.

આ બે જુદી રાખવાનું કારણ ગોચરી વગેરેમાં સરખા કપડા વગેરે ન જણાય તે માટે તથા ચાર હાથ પહોળી સંઘાટીકા સમવસરણ, વ્યાખ્યાન, સ્નાત્ર વગેરેમાં વાપરવા માટે છે. કેમકે સાધ્વીઓને સમવસરણમાં બેસવાનું હોતું નથી ઉભા જ રહેવાનું હોય છે. તેથી ખભાથી લઈ પગ ઢંકાય તે રીતે શરીરે ઓઢાય તેવો કપડો રાખે.

આ ચારે સંઘાટીકા કોમળ હોય અને તે પહેલા પહેરેલા વેષને ઢાંકવા માટે અને પ્રલાઘા (લોકો જોઈને પ્રશંસા કરે તે માટે) જણાવવા માટે હોય છે. આ ચારે એક-એક જ રાખવી. કારણકે બધીયે એક સાથે વાપરવાનો સંભવ નથી. (૫૩૬-૫૩૭)

૧૧. સ્કંધકરણી :

खंधकरणी उ चउहत्थवित्थडा वायविहुयरक्खट्ठा ।
खुज्जकरणी उकीरइ रूववईणं कुडहहेऊ ॥ ५३८ ॥

સ્કંધકરણી ચાર હાથ લાંબી અને સમચોરસ કપડાના ટુકડાની હોય છે. તે વાયુ-પીડાની રક્ષા માટે ચાર પડ કરી ખભા ઉપર રખાય છે. અથવા રૂપવતી સાધ્વીને કુબડી કરવા માટે પીઠપર લેગી કરી કોમળ વસ્ત્રની પોટલીમાં મૂકી ઉપકક્ષિકા અને વૈકક્ષિકા સાથે બાંધીને વિરૂપતા કરવા માટે કુબડી કરવામાં આવે તે માટે. (૫૩૮)

૬૩. એક જ વસ્તિમાં ઉત્કૃષ્ટથી જિનકલ્પીઓની સંખ્યા

जिणकप्पिया य साहू उक्कोसेणं तु एगवसहीए ।
सत्त य हवंति कहमवि अहिया कइयावि नो हुंति ॥ ५३९ ॥

જિનકલ્પી સાધુઓ એક વિસ્તારમાં ઉત્કૃષ્ટથી સાત હોય છે. એનાથી અધિક કયારે પણ કોઈ પણ રીતે હોતા-નથી.

જિનકલ્પનું સ્વરૂપઃ–

અપ્રસિદ્ધ એવું જિનકલ્પીઓનું સ્વરૂપ શિષ્યોના કંઈક ઉપકાર માટે કહેવાય છે. જે આગળ યથાછંદ વિગેરે સાધુઓનાં વર્ણનમાં ઉપયોગી છે.

જિનકલ્પ સ્વીકારનાર રાત્રિનાં પહેલા અને છેલ્લા પ્રહરમાં આ પ્રમાણે વિચારે કે, "મેં વિશુદ્ધ ચારિત્ર દ્વારા આત્મકલ્યાણ કર્યું અને શિષ્ય વગેરેને દીક્ષા આપીને પરહિત કર્યું. હવે મારા શિષ્યો પણ ગચ્છનું પરિપાલન કરવામાં સમર્થ થયા છે. માટે મારે હવે વિશેષ પ્રકારે આત્મહિતકારી અનુષ્ઠાનો આચરવા જોઈએ."

એ પ્રમાણે વિચારી પોતાનું આયુષ્ય કેટલું બાકી છે, તે જાતે વિચારે. પોતે ન જાણતો હોય તો, જાણકાર બીજા અતિશયજ્ઞાની આચાર્ય વગેરેને પૂછે. જો એકદમ થોડું આયુષ્ય હોય તો, ભક્તપરિજ્ઞા વગેરે કોઈ પણ મરણ (અનશન) સ્વીકારે. જો લાંબું આયુષ્ય હોય, પણ જંઘાબલ ક્ષીણ થયું હોય, તો વૃદ્ધવાસને સ્વીકારે અને જંઘાબલ પુષ્ટ હોય તો જિનકલ્પ સ્વીકારે છે.

તે સ્વીકાર કરવાની ઇચ્છાવાન આત્મા પહેલા પાંચ તુલના (ભાવના) વડે આત્માની તુલના (ભાવના) કરે છે. તે આ પ્રમાણે.

જિનકલ્પ સ્વીકારનારને તપ, સત્ત્વ, સૂત્ર, એકત્વ અને બલ-એમ પાંચ પ્રકારે તુલના કહી છે.

તુલના–ભાવના કે પરિકર્મ, આ બધા એક અર્થવાળા શબ્દો છે.

પ્રાયઃ કરી આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેદક સ્વરૂપ જિનકલ્પને સ્વીકારવાની ઇચ્છાવાળા–આ પાંચ જ આત્માઓ આ પ્રશસ્ત પાંચભાવના વડે, પહેલા આત્માને ભાવિત કરે છે અને અપ્રશસ્ત એવી, કંદર્પ, કિલ્બિષીદેવ, આભિયોગિકી, આસુરી, સંમોહ સ્વરૂપ–પાંચ અપ્રશસ્ત ભાવનાઓ કે જેનું સ્વરૂપ આગળ કહેવાશે તેનો સર્વથા દૂરથી ત્યાગ કરે છે.

૧. તપભાવનાઃ–તેમાં તપવડે આત્માને એવી રીતે ભાવિત કરે, કે જેથી ભૂખને જીતી શકે. જેમાં દેવ વગેરેના ઉપસર્ગ વગેરેથી અનેષણીય આહાર બને તો છ મહિના સુધી આહાર વિના પણ બાધા ન પામે.

૨. સત્ત્વભાવના :–તેમાં સત્ત્વ વડે ભય અને નિદ્રાને જીતે. ભય અને નિદ્રાને જીતવા માટે રાત્રે બધા સાધુ સૂઈ જાય, પછી ઉપાશ્રયમાં કાઉસ્સગ્ગ કરે તે પહેલી સત્ત્વભાવના કહેવાય. બીજી વગેરે તો ઉપાશ્રયની બહારના પ્રદેશ વગેરેમાં કહી છે.

બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે, પહેલી ઉપાશ્રયમાં, બીજી ઉપાશ્રયની બહાર, ત્રીજી-ચોકમાં, ચોથી શૂન્યઘરમાં, પાંચમી સ્મશાનમાં.

૩. **સૂત્રભાવના** :–સૂત્રને પોતાના નામની જેમ પરિચિત કરે, જેથી દિવસે કે રાત્રે શરીરની છાયા વગેરેના અભાવમાં પણ ઉચ્છ્વાસ, પ્રાણ, સ્તોક, મુહૂર્ત વગેરે કાળને સૂત્રપરાવર્તનાનુસારે સારી રીતે જાણી શકે.

૪. **એકત્વભાવના**:–એકત્વભાવનાવડે આત્માને ભાવતો સંઘાટક સાધુ વગેરેની સાથે પૂર્વમાં બનેલી વાતો સૂત્રાર્થ સુખ–દુઃખ વગેરે પ્રશ્નોરૂપ પરસ્પર કથાવૃત્તાન્તનો ત્યાગ કરે છે. તેથી બાહ્ય મમત્વ મૂલથી જ નાશ થયા બાદ તે હવે શરીર ઉપધિ વગેરેથી પણ આત્માને ભિન્ન જોતો તે તે પદાર્થોમાં પણ નિરાસક્ત રહે છે.

૫. **બળભાવના** :–શારીરિકબળ અને મનોધૈર્યબળ–એમ બળ બે પ્રકારે છે. જિનકલ્પ સ્વીકારનારને અન્યલોકથી શારીરિકબળ અધિક હોય છે. પરન્તું તપ વગેરે પ્રવૃત્તિથી શરીરબળ તેવા પ્રકારનું ન હોવા છતાં પણ ધૈર્યબળથી આત્માને એવો ભાવિત કરે કે મોટા પરિષહ–ઉપસર્ગોથી પણ ચલાયમાન ન થાય.

આ પાંચ ભાવનાથી ભાવિત આત્મા ગચ્છમાં રહેવા છતાં પણ જિનકલ્પસમાન ઉપધિ અને આહાર વિષયક બંને પરિકર્મણા કરે. તેમાં જો કરપાત્રની લબ્ધિ હોય, તો તેના અનુરૂપ પરિકર્મ કરે છે અને કરપાત્રની લબ્ધિ ન હોય, તો પાત્રધારીપણાનું પરિકર્મ કરે છે. આહાર પરિકર્મમાં તો ત્રીજી પોરિસી શરૂ થયા પછી નીકળી, જે વાલ–ચણા વગેરે લૂખા સૂકા તુચ્છ આહારને વાપરે.

૧. સંસૃષ્ટ ૨. અસંસૃષ્ટ ૩. ઉદ્ધૃત ૪. અવલેપિકા, ૫. અવગૃહિતા ૬. પ્રગૃહિતા, ૭. ઉજ્ઝિતધર્મા. આ સાત પ્રકારની પિંડેષણા (ગોચરી) માંથી પહેલી બેને છોડી, બાકીની પાંચમાંથી કોઈ પણ બેનો અભિગ્રહ કરવાપૂર્વક આહારને ગ્રહણ કરે છે. તેમાં એક એષણાદ્વારા પાણી અને બીજી એષણા દ્વારા આહાર લે છે.

એ પ્રમાણે પૂર્વ આગમોક્ત વિધિપૂર્વક ગચ્છમાં રહી, પહેલા આત્માને પરિકર્મિત કરી, પછી જિનકલ્પ સ્વીકારવાની ઇચ્છાવાળો આખા સંઘને ભેગો કરે. સંઘનો અભાવ હોય, તો પોતાના ગણને ભેગો કરે. પછી તીર્થંકર પાસે, તેના અભાવે ગણધર પાસે, તેમના અભાવે ચૌદપૂર્વધર પાસે, તે ન હોય તો દશપૂર્વી પાસે, તે ન હોય તો વડ, પીપળો, અશોકવૃક્ષની નીચે મોટા ઠાઠમાઠથી જિનકલ્પ સ્વીકારે. પોતાના પદ પર સ્થાપેલ આચાર્ય, બાળ, વૃદ્ધાદિગચ્છને અને વિશેષ પ્રકારે પૂર્વમાં જેની સાથે વિરોધ થયો હોય તેમની સાથે ક્ષમાપના કરે.

બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે 'જે કંઇ પ્રમાદથી ભૂતકાળમાં તમારી સાથે મેં સારુ વર્તન ન કર્યું હોય, તેને હું નિઃશલ્ય–નિષ્કષાય બનીને ખમાવું છું. તમે પણ ખમાવો.

ત્યારે જમીન પર મસ્તક અડાડીને શિષ્યો આનંદના આંસુપૂર્વક યથાયોગ્ય પર્યાય પ્રમાણે એટલે જે મોટા હોય તે પહેલા–એ રીતે ક્ષમાપના કરે. તે આચાર્ય પણ ક્રમશઃ ક્ષમાપના કરે પછી પોતાના પદે સ્થાપેલ આચાર્ય અને બાકીના સાધુને હિતશિક્ષા આપે. તે આ પ્રમાણે–

સર્વત્ર અપ્રતિબદ્ધપણે રહી આ ગચ્છનું પાલન કરી અને અંતે તમે પણ આ પરંપરાને એટલે જિનકલ્પને સ્વીકારો. પદ ઉપર સ્થાપિત થનારને કહે કે પૂર્વ પ્રવર્જિત દીક્ષિત હોય, એવા વિનય યોગ્ય વડીલોના વિનય યોગમાં પ્રમાદ ન કરશો અને જે સાધુ, જે પ્રકારે ઉપયોગવાળો એટલે નિર્જરાકારક થાય તેવા યોગમાં તેને પ્રવર્તાવવા જોડવો.

શેષ સાધુઓને શિખામણ આપતા કહે કે આ આચાર્ય મહારાજ તમારાથી નાના હોય કે અલ્પશ્રુતવાળા હોય કે તમારા સમાન હોય, તો પણ તમારે એમનો પરાભવ ન કરવો. હવે તમારે માટે એ વિશેષ પૂજનીય છે. વગેરે શિક્ષા આપીને ગચ્છમાંથી નીકળી જાય. સાધુઓ પણ ગુરુમહારાજ દેખાય ત્યાં સુધી ઉભા રહી આનંદિત થયેલા પાછા વળે છે.

એ પ્રમાણે જિનકલ્પ સ્વીકારેલ મુનિ જે ગામ વગેરેમાં માસકલ્પ કે ચાતુર્માસ કરે, ત્યાં ગામ વગેરેના છ ભાગો કરે તેમાં જે ભાગમાં જે દિવસે ગોચરી માટે ફર્યા હોય, તે ભાગમાં ફરી સાતમે દિવસે જ ફરે. ગોચરી અને વિહાર ત્રીજી પોરિસીમાં જ કરે. ચોથી પોરિસી જ્યાં શરૂ થાય ત્યાં નક્કી ઉભા રહી જાય.

આહાર પાણી પૂર્વોક્ત બે એષણાના અભિગ્રહપૂર્વક અલેપકૃત જ લે. એષણાના વિષય સિવાય કોઈની પણ સાથે બોલે નહીં. સર્વે ઉપસર્ગ–પરિસહોને સહન કરે, રોગની ચિકિત્સા પણ કરાવે નહીં અને રોગની વેદનાને સારી રીતે સહન કરે. એકલાજ રહે. ઠલ્લે પણ અનાપાત અસંલોક વગેરે દશ ગુણ યુક્ત શુદ્ધભૂમિમાં જ જાય અને જૂના વસ્ત્રો પણ ત્યાં જ પરઠવે.

પ્રમાર્જના વગેરે પરિકર્મથી રહિત ઉપાશ્રયમાં રહે. જો બેસે તો ઉભડક પગે જ બેસે. સીધી રીતે ન બેસે. તેમને ઔપગ્રહિક ઉપકરણનો અભાવ હોય છે.

માસકલ્પના ક્રમે જ વિહાર કરે. મદોન્મત્ત હાથી–વાઘ–સિંહ વગેરે સામે આવે, તો પણ ઉન્માર્ગે જઈને ઈર્યાસમિતિનો ભંગ ન કરે. શ્રુત સંપત્તિ પણ એમને જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધીની હોય છે. કેમકે તેમાં જ સૂક્ષ્મતાથી કાળનું જ્ઞાન થઈ શકે છે અને ઉત્કૃષ્ટથી ન્યૂન દશપૂર્વ. વજ્રની દિવાલ સમાન મજબૂત શરીર અને પ્રથમ સંઘયણવાળા હોય છે. તેઓ હમેંશા લોચ કરતા હોય છે.

એમને ૧. આવશ્યકી, ૨. નૈષેધિકી, ૩. મિથ્યાદુષ્કૃત, ૪. ગૃહિવિષયક પૃચ્છા અને ૫. ઉપસંપદારૂપ—પાંચ સામાચારી હોય છે. બીજા કહે છે કે એમને આવશ્યકી,

નૈષેધિકી, ગૃહસ્થોપસંપત્‌રૂપ ત્રણ જ સામાચારી હોય છે. કેમકે બગીચા વગેરેમાં રહેનારાને પૃચ્છા વગેરેનો સંભવ નથી હોતો. વગેરે બીજી પણ જિનકલ્પિઓની સામાચારી (બૃહત્‌) કલ્પ વગેરેથી જાણી લેવી.

અહીં ઉપયોગી હોવાથી જિનકલ્પીના આચારનું પ્રતિપાદન કરવા માટે કેટલાક દ્વારોનું વર્ણન કરે છે. તે આ પ્રમાણે–

૧. ક્ષેત્ર, ૨. કાળ, ૩. ચારિત્ર, ૪. તીર્થ, ૫. પર્યાય, ૬. આગમ, ૭. વેદ, ૮. કલ્પ, ૯. લિંગ, ૧૦. ધ્યાન, ૧૧. ગણના, ૧૨. અભિગ્રહ, ૧૩. પ્રવ્રજ્યા, ૧૪. નિષ્પ્રતિકર્મ, ૧૫. ભિક્ષા ૧૬. પથ. એમ સોળ દ્વારો થયા.

તેમાં તીર્થ, પર્યાય, આગમ, વેદ, ધ્યાન, અભિગ્રહ, પ્રવ્રજ્યા, નિષ્પ્રતિકર્મ, ભિક્ષા અને પથ–આ દશ દ્વારોનું વર્ણન ૬૯ મા પરિહાર વિશુદ્ધિ દ્વારમાં જે પ્રમાણે વર્ણન કરશે તે પ્રમાણે જ અહીં પણ જાણવું.

૧. ક્ષેત્રદ્વાર–જન્મ અને સદ્‌ભાવથી પંદરે કર્મભૂમિમાં હોય છે અને સંહરણથી અકર્મભૂમિમાં પણ હોય છે.

૨. કાળદ્વાર–જન્મથી અવસર્પિણીકાળમાં ત્રીજા–ચોથા આરામાં અને વ્રતથી પાંચમા આરામાં પણ હોય તથા ઉત્સર્પિણીમાં વ્રતથી ત્રીજા–ચોથા આરામાં અને જન્મથી બીજા આરામાં પણ હોય છે.

દુષમસુષમારૂપ પ્રતિ ભાગકાળ (સમાન કાળ ?) જ્યાં છે, તે મહાવિદેહક્ષેત્રની અપેક્ષાએ જન્મથી અને સદ્‌ભાવથી હમેંશા જિનકલ્પ હોય છે. સંહરણની અપેક્ષાએ સર્વકાળમાં હોય છે.

૩. ચારિત્રદ્વાર–જિનકલ્પ સ્વીકારનાર સામાયિક છેદોપસ્થાપનીય ચારિત્રવાળા જ હોય છે. એમાં મધ્યમના બાવીસ તીર્થંકરો તથા મહાવિદેહના જિનેશ્વરના શાસનમાં સામાયિક ચારિત્રમાં જ અને પહેલા–છેલ્લા જિનના શાસનમાં છેદોપસ્થાપનીય ચારિત્રમાં જ જિનકલ્પ સ્વીકાર હોય છે.

પૂર્વપ્રતિપન્ન એટલે જિનકલ્પ સ્વીકાર્યો બાદ સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર પણ હોય છે અને તે ચારિત્ર ઉપશમશ્રેણીમાં જ હોય છે. ક્ષપકશ્રેણીમાં નહીં કેમકે જિનકલ્પીને તે જ ભવમાં કેવળજ્ઞાન ન થાય, તેમ પંચવસ્તુક ગ્રંથમાં કહ્યું છે.

૪. કલ્પદ્વાર–સ્થિતકલ્પ અને અસ્થિતકલ્પ બન્નેમાં જિનકલ્પ હોય છે.

૫ લિંગદ્વાર–જિનકલ્પ સ્વીકારનાર દ્રવ્ય અને ભાવ બંને લિંગે હોય છે. પૂર્વે કલ્પ સ્વીકારેલ તો ભાવલિંગમાં જ હોય, દ્રવ્યલિંગની તો ભજના જાણવી. અપહરણ થવાના કારણે કે જીર્ણ થવા વગેરે કારણે લિંગનો અભાવ હોય છે.

૬. ગણુનાદ્વાર–જિનકલ્પને સ્વીકારનાર જઘન્યથી એક વગેરે અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ= (૨૦૦ થી ૯૦૦) હોય છે અને પૂર્વપ્રતિપન્ન=પૂર્વ સ્વીકાર કરેલ જિનકલ્પિઓ જઘન્ય અને ઉત્કૃષ્ટથી સહસ્ર પૃથક્ત્વ પણ હોય છે. પણ ઉત્કૃષ્ટથી જઘન્ય નાનું જાણવું. વગેરે બીજું પણ જિનકલ્પીઓનું સ્વરૂપ સિદ્ધાંત સાગરથી જાણવું.

હવે ગાથા (સૂત્ર)ની વ્યાખ્યા કરે છે. ગચ્છમાંથી નીકળેલા સાધુ વિશેષ તે જિન, તેમનો જે કલ્પ એટલે આચાર. તે આચારવડે જે જીવે તે જિનકલ્પિ. તે જિનકલ્પિ સાધુઓ એક વસ્તિમાં ઉત્કૃષ્ટથી સાત હોય છે. તેથી અધિક કોઈપણ રીતે કયારેય હોતા નથી. એક વસ્તિમાં ઉત્કૃષ્ટથી સાત જિનકલ્પીઓ રહ્યા હોય, છતાં પરસ્પર ધર્મવાર્તા પણ કરતા નથી. એક શેરીમાં એકજ જિનકલ્પિ ગોચરી માટે ફરે, બીજા ન ફરે. કહ્યું છે કે, "એક વસ્તિમાં ઉત્કૃષ્ટથી સાત જિનકલ્પિઓ વસે છે. તેઓ પરસ્પર સંભાષણ તથા એકબીજાની શેરીનો ત્યાગ કરે છે." (૫૩૯)

૬૪. આચાર્યના છત્રીસ ગુણ

अट्ठविहा गणिसंपय चउग्गुणा नवरि हुंति बत्तीसं ।
विणओ य चउब्भेओ छत्तीस गुणा इमे गुरूणो ॥५४०॥

ગુણોનો કે સાધુઓનો જે સમુદાય તે ગણ એટલે અતિશયવાન ગુણોવાળા કે ઘણા સાધુવાળા જે હોય, તે ગણિ આચાર્ય. તેમની જે ભાવરૂપ સંપદા–સમૃદ્ધિ તે ગણિસંપદા. તે સંપદા આચાર વગેરે આઠ પ્રકારની છે. તે દરેકના ચાર ચાર ભેદ કરવાથી આઠને ચારે ગુણતા બત્રીસ ભેદો થાય તે અને વિનયના ચાર ભેદ ઉમેરતા ગુરુના એટલે આચાર્યના છત્રીસ ગુણો થાય. (૫૪૦)

आयार १ सुय २ सरीरे ३ वयणे ४ वायण ५ मई ६ पओगमई ७ ।
एएसु संपया खलु अट्ठमिया संगहपरिण्णा ८ (१) ॥५४१॥

તે આઠ સંપદાઓના નામ ૧. આચારસંપત્ ૨- શ્રુતસંપત્ ૩. શરીરસંપત્ ૪. વચનસંપત્ ૫. વાચનાસંપત્, ૬. મતિસંપત્ ૭. પ્રયોગસંપત્ અને ૮. સંગ્રહપરિજ્ઞાસંપત્.

આચરણ તે આચાર (અનુષ્ઠાન). તદ્વિષયક જે સંપદા વિભૂતિ–વૈભવ અથવા આચાર સંપત્તિની પ્રાપ્તિ તે આચાર-સંપત્. એ પ્રમાણે આગળના શબ્દોમાં પણ અર્થ વિચારવો. (૫૪૧)

चरणजुओ मयरहिओ अनिययवित्ती अचंचलो चेव (४) ।
जुगपरिचिय उस्सग्गी उदत्तघोसाइ विन्नेओ (८) ॥५४२॥

આચાર સંપત્તિના ચાર પ્રકાર ૧. ચરણયુક્તા, ૨. મદરહિત, ૩. અનિયતવૃત્તિ અને ૪. અચંચલ.

૧. શ્રુતસંપત્તિના ચાર પ્રકાર યુગપ્રધાનાગમ, ૨. પરિચિત સૂત્રતા, ૩. ઉત્સર્ગ અપવાદ વેદી, ૪. ઉદાત્ત (સ્પષ્ટ) ઘોષવાળો.

૧ આચારસંપદા :

તે આચાર સંપદા ચાર પ્રકારે છે.

૧. ચરણયુક્ત :-ચરણ એટલે ચારિત્ર, વ્રત, શ્રમણધર્મ વગેરે ૭૦ સીત્તેર ભેદરૂપ ચરણ સિત્તરીથી યુક્ત હોય છે.

અન્ય સ્થાને "સંયમ ધ્રુવ યોગ યુક્તતા" નામે સંપદા કહી છે. તેનો પણ ભાવાર્થ આ પ્રમાણે જ છે. સંયમ એટલે ચારિત્ર. તે ચારિત્રમાં સતત યોગ (સમાધિ) યુક્ત એટલે સતત ઉપયોગવાન્.

૨. જાતિ, કુલ, તપ, શ્રુત વગેરે મદોથી રહિત તે મદરહિત. ગ્રન્થાતરમાં "અસંપ્રગ્રહ" કહેવાય છે. તેનો પણ ભાવાર્થ આ પ્રમાણે જ છે. સંપ્રગ્રહ એટલે ચારે તરફથી સારી રીતે આત્માનું જે જાતિ, શ્રુત, તપ, રૂપ વગેરેના ઉત્કર્ષ વડે ગ્રહણ થવું તે, એટલે હું જાતિવંત છું વગેરે રૂપે પકડવું તે સંપ્રગ્રહ કહેવાય. તે સંપ્રગ્રહ જેને ન હોય, તે અસંપ્રગ્રહ છે. એટલે જાતિ વગેરેનાં ઉત્કર્ષરહિત હોય છે.

૩. અનિયત વૃત્તિ એટલે ગામ વગેરેમાં અનિયત વિહાર કરવો તે.

૪. અચંચલ એટલે ઇન્દ્રિયોને વશ કરનાર. અન્ય જગ્યાએ "વૃદ્ધશીલતા" કહી છે. વૃદ્ધશીલતા એટલે સ્ત્રીના મનને લોભાવનારું યૌવન, મન અને શરીરમાં હોવા છતાં પણ નિભૃત સ્વભાવ એટલે ગંભીર સ્વભાવ યુક્ત હોય છે અર્થાત્ નિર્વિકારી હોય છે.

કહ્યું છે કે વિદ્વાન્ યૌવન વયમાં પણ મનમાં વૃદ્ધત્વ ભાવવાળો થાય છે. જ્યારે બીજા મૂર્ખાઓ વૃદ્ધાવસ્થામાં પણ ચંચલ વૃત્તિવાળા હોય છે.

૨ શ્રુતસંપદા :

૨. શ્રુતસંપદા ચાર પ્રકારે છે.

૧. યુગપ્રધાનાગમ તે-તે યુગમાં જે ઉત્કૃષ્ટ આગમ હોય, તેના જાણકાર.

૨. પરિચિતસૂત્ર એટલે શાસ્ત્રોની ક્રમ અને ઉત્ક્રમ વાચના દ્વારા સિદ્ધાંતને સ્થિર કરેલ હોય છે.

૩. ઉત્સર્ગી એટલે ઉત્સર્ગ, અપવાદ અથવા સ્વસમય પરસમય (સિદ્ધાંત) વગેરેના જાણકાર.

૪. સૂત્રોચ્ચારમાં ઉદાત્ત અનુદાત્ત ઘોષ વગેરે સ્વર વિશુદ્ધિને કરાવનાર.

૧. અન્ય ગ્રંથોમાં બહુશ્રુતના, ૨. પરિચિતસૂત્રતા, ૩. વિચિત્રસૂત્રતા, ૪. ઘોષ-વિશુદ્ધકરણતા કહી છે. એનો અર્થ પણ ઉપર પ્રમાણે છે.

चउरंसोऽकुंटाई बहिरत्तणवज्जिओ तवे सत्तो (१२) ।
वाई महुरत्तऽनिस्सिय फुडवयणो संपया वयणे (१६) ॥५४३॥

શરીર સંપદા :-૧. ચતુરસ્ર, ૨. અકુટ, ૩. બહેરાશથી રહિત, ૪. તપમાં સમર્થ

વચન સંપદા ૧. વાદિ ૨. મધુરતા ૩. અનિશ્રિત વચન, ૪. સ્ફુટવચન

૩ શરીર સંપદા :

શરીર સંપદા ચાર પ્રકારે છે.

૧. ચતુરસ્ર સંસ્થાનવાળા એટલે સર્વ અંગોપાંગ ખામી વગરના હોવા તે. તથા લક્ષણવંત શરીરવાન.

૨. અકુંટ એટલે સંપૂર્ણ હાથ-પગ વગેરે અવયવવાન્.

૩. બહેરાશ વગેરે દોષ રહિત અર્થાત્ સંપૂર્ણ ઇન્દ્રિયવાળા.

૪. મજબૂત સંઘયણ હોવાથી બાહ્ય અભ્યંતર બંને તપમાં સમર્થ.

બીજા ગ્રંથોમાં ૧. આરોહ પરિણાહ યુક્ત, ૨. અનવત્રાપ્યતા જેમનામાં ધર્મ પાલન કરવામાં લજ્જા ન હોય, અથવા સંપૂર્ણ સર્વાંગ પૂર્ણ શરીર હોવાથી અલજ્જા કર શરીરવાળા તે અનવત્રાપ્ય. ૩. પરિપૂર્ણ ઇન્દ્રિયતા ૪. સ્થિર સંહનનતા કહી છે. આનો અર્થ ઉપર પ્રમાણે છે.

૪ વચન સંપદા :

૪. વચનસંપદા ચાર પ્રકારે છે. :-

૧. વાદિ, ૨. મધુરવચન, ૩. અનિશ્રિત વચન, ૪. સ્પષ્ટવચન.

૧. બોલવું તે વાદ કહેવાય, તે પ્રશસ્ત અને અતિશય યુક્ત જેને હોય, તે વાદિ કહેવાય એટલે આદેયવચનવાળા હોય.

૨. શ્રેષ્ઠ અર્થ પ્રતિપાદક. કોમળ, સુસ્વર, ગંભીરતા વગેરે ગુણ યુક્ત હોવાથી સાંભળનારના મનને આનંદ કરનાર, વચન જેને હોય તે મધુર વચની.

૩. રાગ દ્વેષ વગેરેથી અનિશ્રિત એટલે અકલુષિત જેનું વચન તે અનિશ્રિત વચન.

૪. સ્ફૂટ એટલે સ્પષ્ટ, બધાયને સમજાય એવું જે વચન તે સ્ફૂટવચન કહેવાય.

બીજા ગ્રંથોમાં ૧. આદેયવચનતા, ૨. મધુરવચનતા, ૩. અનિશ્રિતવચનતા, ૪. અસંદિગ્ધ વચનતા પણ નામ છે. એનો અર્થ પૂર્વોક્ત પ્રમાણે જ જાણવો. (૫૪૩)

जोगो परिणयवायण निज्जविया वायणाए निव्वहणे (२०) ।
ओग्गह ईहावाया धारण मइसंपया चउरो (२४) ॥५४४॥

૫. વાચના સંપદા ૧. યોગ્ય વાંચના, ૨. પરિણત વાંચના, ૩. નિર્યાપક, ૪. નિર્વાહક ૬. મતિ સંપદા ૧. અવગ્રહ, ૨. ઈહા ૩. અપાય, ૪. ધારણા એમ ચાર પ્રકારે છે.

૫. વાંચના સંપદા :

વાંચનાસંપદા ચાર પ્રકારે છે.

૧. યોગ્ય વાંચના એટલે પારિણામિક વગેરે ગુણોયુક્ત શિષ્યોને જાણી, જેને જે યોગ્ય હોય, તેને તે સૂત્રનો ઉદ્દેશ અથવા સમુદ્દેશપૂર્વક આપે તે યોગ્ય વાંચના કહેવાય. અપરિણામી વગેરેમાં અપક્વ ઘડામાં રાખેલ પાણી વગેરેની જેમ દોષનો સંભવ હોવાથી તેવાને વાંચના ન આપવી તે યોગ્યવાચના.

૨. પૂર્વમાં આપેલ સૂત્રના આલાવાને શિષ્યને સારી રીતે પરિણમાવી, બીજા–બીજા આલાવાની વાંચના આપવી તે પરિણત વાંચના.

૩. નિર્યાપયિતા એટલે નિર્વાહક શિષ્યને ઉત્સાહિત કરી ગ્રંથને ઝટ પૂરો કરે પણ વચ્ચે ન છોડી દે.

૪. નિર્વાહણ એટલે પૂર્વાપરના સંબંધને સંગત કરીને સ્વયંજ્ઞાનથી અથવા બીજાને કહીને સમ્યગ્ અર્થ જણાવે. ગ્રથાંતરમાં તો આ પ્રમાણે કહ્યું છે. ૧. વિદિત્વોદ્દેશ ૨. વિદિત્વાસમુદ્દેશ એટલે પરિણામિકાદિ શિષ્યને જાણી ઉદ્દેશ સમુદ્દેશ કરે. ૩. પરિનિર્વાપ્ય વાંચના એટલે પૂર્વમાં આપેલ આલાવાને જાણી, ફરી શિષ્યને સૂત્રદાન કરે. ૪. અર્થ નિર્યાપણા એટલે પૂર્વાપર સંબંધ દ્વારા અર્થની જાણકારી મેળવવી.

૬. મતિસંપદા :

મતિ સંપદા ચાર પ્રકારે છે. ૧. અવગ્રહ, ૨. ઈહા, ૩. અપાય અને ૪. ધારણા–આનું સ્વરૂપ બસો સોળમા (૨૧૬) દ્વારમાં આગળ કહેશે. (૫૪૪)

सत्तीं पुरिसं खित्तं वत्थुं नाउं पउंजए वायं (२८) ।
गणजोग्गं संसत्तं सज्झाए सिक्खणं जाणे (३२) ॥५४५॥

૧. શક્તિ, ૨. પુરુષ, ૩. ક્ષેત્ર, અને ૪. વસ્તુ, જાણીને વાદ કરે તે પ્રયોગમતિ. ૧. ગણને યોગ્ય વસ્તુનું ગ્રહણ, ૨. સંસક્ત, ૩. સ્વાધ્યાય, ૪. શિક્ષા એ સંગ્રહપરિજ્ઞાનાં ચાર પ્રકાર છે.

૭. પ્રયોગમતિસંપદા :

વાદ વગેરેના પ્રયોજનની સિદ્ધિ માટેનો જે વ્યાપાર તે પ્રયોગ. તે પ્રયોગ

વખતે વસ્તુની પરીક્ષા કરવી તે પ્રયોગમતિ. તે ચાર પ્રકારે છે. ૧. શક્તિ, ૨. પુરુષ, ૩. ક્ષેત્ર અને ૪. વસ્તુ જાણીને વાદ કરે.

૧. શક્તિ એટલે વાદ વગેરેના પ્રસંગે આ વાચાળ વાદીને જીતવાની મારામાં શક્તિ છે કે નહિ—એ પ્રમાણે પોતાની શક્તિનો વિચાર કરવો.

૨. પુરુષજ્ઞાન એટલે આ વાદી પુરુષ બૌદ્ધ છે, સાંખ્ય છે કે વૈશેષિક છે. બીજો કોઈ અથવા પ્રતિભાવાન્ કે પ્રતિભાહીન છે, વગેરે વિચારવું.

૩. ક્ષેત્રવિચારણા કે આ ક્ષેત્ર માયાવી છે કે સરલ. સાધુ—ભાવિત છે કે અભાવિત છે. વગેરે વિચારવું.

૪. વસ્તુજ્ઞાન એટલે શું આ રાજા, મંત્રી કે સભાસદ વિગેરે કઠોર છે કે કોમળ અથવા ભદ્રિક છે કે અભિદ્રક છે. તેની વિચારણા.

૮. સંગ્રહપરિજ્ઞાસંપદા :

સંગ્રહ એટલે સ્વીકાર અને પરિજ્ઞાન એટલે અભિધાન. નામ સ્વીકારવાનું નામ તે સંગ્રહપરિજ્ઞા. તે ચાર પ્રકારે છે.

૧. ગણ યોગ્ય એટલે બાલ, દુર્બલ, ગ્લાન આદિ ઘણા સાધુ સમુદાય ગણ એટલે ગચ્છના નિર્વાહ યોગ્ય ક્ષેત્રનું ગ્રહણ, તે ગણ યોગ્ય ઉપસંગ્રહ સંપદા.

૨. ભદ્રિક વગેરે પુરુષને લક્ષ્ય રાખી તેના અનુરૂપ દેશના વગેરે કરવી.

સંસક્તસંપદા બીજા ગ્રંથોમાં તો નિષદ્યા વગેરેની મલિનતાને દૂર કરવા માટે પીઠ, પાટપાટલા, વગેરે ગ્રહણ કરવા. પાટ, પાટલા વગેરે ગ્રહણ ન કરાય તે વાત બરાબર નથી. કેમકે સિદ્ધાંતમાં તેને ગ્રાહ્યરૂપે કહ્યા છે. જીતકલ્પસૂત્રમાં કહ્યું છે કે પીઠ, પાટીયુ વગેરેને ગ્રહણ કરવાથી નિષદ્યા વગેરે મેલા થતા નથી વર્ષાઋતુમાં વિશેષ પ્રકારે ગ્રહણ કરવા જોઈએ. અન્યકાળ માટે બીજા સ્થાનથી જાણવું. કેમકે ચોમાસામાં કુંથુવા વગેરે જીવો વિશેષ હોય છે. તેથી ગ્રહણ કરવું.

૩. યથાયોગ્ય કાળે જ સ્વાધ્યાય, પડિલેહણ, ગોચરી, ઉપધિ વગેરે સમુત્પાદનરૂપ સ્વાધ્યાય.

૪. ગુરુ, દીક્ષાદાતા અધ્યાપક, જ્ઞાનદાતા, રત્નાધિક, વગેરેની ઉપધિ ઉપાડવી. પગ વગેરે દબાવવારૂપ વિશ્રામણા, ઉભા થવું, દાંડો લેવો વગેરે શિક્ષણરૂપ શિક્ષોપસંગ્રહસંપદા—આ ચાર પ્રકારે સંગ્રહપરિજ્ઞાસંપદા જાણવી. એ પ્રમાણે ગણિસંપદાના બત્રીશ ભેદ થયા. (૫૪૫)

आयारे सुयविणए विक्खिवणे चेव होइ बोधव्वा ।
दोसस्स परीघाए विणए चउहेस पडिवत्ती (३६) ॥५४६॥

૧. આચારવિનય, ૨. શ્રુતવિનય, ૩. વિક્ષેપણવિનય, ૪. દોષપરિઘાત-વિનય, આ ચાર પ્રકારે વિનય જાણવો.

વિનય : હવે ચાર પ્રકારે વિનય કહે છે. ૧. આચારવિનય, ૨ શ્રુતવિનય, ૩. વિક્ષેપણવિનય અને ૪. દ્વેષપરિઘાતવિનય. આ ચાર પ્રકાર વિનયના જાણવા.

૧. આચારવિનય :

આચારવિનય, સાધુઓની સમાચારીનું પાલન, તે જ આચારવિનય. જે આચાર કર્મોને દૂર કરે તે આચારવિનય ચાર પ્રકારે છે.

૧. સંયમસમાચારી ૨. તપસમાચારી ૩. ગણસમાચારી ૪. એકાકીવિહારસમાચરી.

૧. સંયમસમાચારી એટલે સ્વયં સંયમ આચરે, બીજા પાસે સંયમ પળાવે, સંયમમાં સીદાતાને સ્થિર કરે અને સંયમમાં ઉજમાળ થયેલાની ઉપબૃંહણા કરે.

૨. તપસમાચારી એટલે પક્ષિખ વગેરે પોતે તપ કરે અને બીજા પાસે કરાવે. ભિક્ષાચર્યામાં પોતે પ્રવર્તે અને બીજાને પણ ગોચરીમાં જોડે, તે તપ સમાચારી.

૩. ગણસમાચારી એટલે બાલ–વૃદ્ધ વગેરેની પડિલેહણ વગેરે વૈયાવચ્ચના કામમાં પોતે જાતે અગ્લાનિપણે ઉજમાળ હોય અને ગણને પણ પ્રેરણા કરે.

૪. એકાકીવિહારસમાચારી એટલે એકાકી વિહારપ્રતિમા પોતે સ્વીકારે અને બીજાને ગ્રહણ કરાવે.

૨. શ્રુતવિનય :

શ્રુતવિનય પણ ચાર પ્રકારે છે.

૧. સૂત્રની વાચના આપે.

૨. અર્થની વાચના આપે.

૩. હિતશિક્ષા આપે તે હિતવાચના. હિતવાચના ત્યારે જ થાય, કે પારિણામિક આદિ ગુણયુક્ત શિષ્યને સમજીને જેને જે યોગ્ય હોય, તે સૂત્ર–અર્થ અને તદુભય આપે.

૪. સૂત્ર અથવા અર્થ ગ્રંથની સમાપ્તિ સુધી સંપૂર્ણ વંચાવે. પરન્તુ વચ્ચે અસ્થિરપણાથી છોડી ન દે.

૩. વિક્ષેપણવિનય :

જેનો વિક્ષેપ કરાય તે વિક્ષેપણ. તે વિક્ષેપણવિનય ચાર પ્રકારે છે.

૧. મિથ્યાત્વીને મિથ્યામાર્ગથી વિક્ષેપ કરી સમ્યક્ત્વ–સન્માર્ગ ગ્રહણ કરાવે.

૨. સમ્યક્ત્વી ગૃહસ્થને ગૃહસ્થભાવ છોડાવી દીક્ષા આપે.

૩. સમ્યક્ત્વ અથવા ચારિત્ર ભાવથી જે ભ્રષ્ટ થયો હોય, તેને ફરી સમ્યક્ત્વ અથવા ચારિત્રના ભાવમાં સ્થાપે.

૪. પોતે ચારિત્ર ધર્મની અભિવૃદ્ધિ જે પ્રમાણે થાય તે રીતે તેમાં પ્રવર્તે. જેમ અનેષણીય પરિભોગ વગેરે ત્યાગપૂર્વક એષણીય પરિભોગનો સ્વીકાર કરવાપૂર્વક પ્રવર્તે.

૪. દોષપરિઘાતવિનય :

દોષપરિઘાતવિનય એટલે ક્રોધ વગેરે દોષો નાશ કરવા. તે ચાર પ્રકારે છે.

૧. ક્રોધીના ક્રોધને દેશના વગેરે દ્વારા દૂર કરે.

૨. વિષય-કષાયથી કલુષિત ભાવવાળાના કલુષિતભાવો દૂર કરે.

૩. ભોજન પાણી વિષયક કાંક્ષા એટલે ઇચ્છા અથવા બીજા ધર્મની ઇચ્છારૂપ જે કાંક્ષા, તેને અટકાવે.

૪. અને પોતે ક્રોધ-દ્વેષ અને કાંક્ષા રહિત સુસમાધિપૂર્વક પ્રવર્તે-આ પ્રમાણે ગુરુના બધા મળી છત્રીસ ગુણો થયા. (૫૪૬)

અથવા બીજી રીતે પણ ગુરુના છત્રીસ ગુણો થાય, તે બતાવે છે.

सम्मत्त-नाण-चरणा पत्तेयं अट्ठअट्ठभेइल्ला ।
बारसभेओ य तवो सूरिगुणा हुंति छत्तीसं (२) ॥५४७॥

નિઃશંકિત વગેરે દર્શનાચારના આઠ ભેદ, કાળવિનય વગેરે જ્ઞાનાચારના આઠભેદ, સમિતિ વગેરે ચારિત્રાચારના આઠ ભેદ અને બાહ્ય અભ્યંતરરૂપ છ-છ પ્રકાર તપના બાર ભેદ મેળવતા છત્રીસ ભેદો થાય છે. તે છત્રીશગુણોને આચરનાર આચાર્ય હોય છે. (૫૪૭)

आयाराई अट्ठ उ तह चेव य दसविहो य ठियकप्पो ।
बारस तव छावस्सग सूरिगुणा हुंति छत्तीसं (३) ॥५४८॥

બીજી રીતે આચાર આદિ આઠ સંપદા તથા દશ પ્રકારનો સ્થિતકલ્પ, બાર પ્રકારનો તપ અને છ પ્રકારના આવશ્યક-એ છત્રીસ આચાર્યના ગુણો છે.

હવે બીજી રીતે પણ ગુરુના છત્રીસ ગુણો કહે છે.

પૂર્વમાં વર્ણવેલ આચારશ્રુતવગેરે પોતાના પેટા ભેદોની વિવક્ષા વગર આઠગણિ સંપદા, અચેલક, ઔદ્દેશિક, શય્યાતર રાજપિંડ, કૃતિકર્મ, વૃતજ્યેષ્ઠ, પ્રતિક્રમણ, માસકલ્પ અને પર્યુષણાકલ્પ-એ દશ પ્રકારનો સ્થિતકલ્પ, જેનું સ્વરૂપ આગળ કહેવાશે.

પૂર્વોક્ત બાર પ્રકારનો તપ.

સામાયિક ચતુર્વિંશતિસ્તવ,વંદન, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પ્રત્યાખ્યાનરૂપ છ આવશ્યકો. આ બધાને ભેગા કરતા ગુરુના છત્રીસ ગુણો થાય અહીં બીજી પણ છત્રીસીઓ થાય છે. તે ગ્રંથ વિસ્તારના ભયથી કહેતા નથી. કંઇક ઉપયોગી અને પ્રસિદ્ધએવી આ છત્રીસી કહીએ છીએ.

૧. દેશયુક્ત, ૨. કુલયુક્ત, ૩. જાતિયુક્ત, ૪. રૂપયુક્ત, ૫. સંઘયણવાન્ ૬. ધૈર્યવાન્, ૭. અનાશંસી, ૮. અવિકત્થી, ૯. અમાયી, ૧૦. સ્થિરપરિપાટીવાન્, ૧૧. ગૃહિત વાક્યવાન્, ૧૨. જિતપર્ષદી, ૧૩. જિતનિદ્રાવાન્, ૧૪. મધ્યસ્થ, ૧૫-૧૬-૧૭ દેશ-કાળ અને

ભાવને જાણનાર, ૧૮. લબ્ધિપ્રતિભાવાન્, ૧૯ જુદા-જુદા દેશની ભાષા જાણનાર, ૨૦થી૨૪ પાંચ પ્રકારના આચારવાન્, ૨૫. સૂત્રાર્થ તદુભયની વિધિ જાણનાર, ૨૬-૨૯. ઉદાહરણ, હેતુ, ઉપનય અને નયમાં નિપુણ, ૩૦. ગ્રાહણા કુશલ, ૩૧. સ્વસમય-શાસ્ત્ર જાણનાર, ૩૨. પર-શાસ્ત્રનો જાણકાર, ૩૩. ગંભીર, ૩૪. દ્વિમમાન, ૩૫. શિવ, ૩૬. સૌમ્ય વગેરે સેંકડો ગુણયુક્ત ગુરુ, પ્રવચનના સારને કહેવા માટે યોગ્ય છે. તેની વ્યાખ્યા નીચે પ્રમાણે.

૧. દેશયુક્ત એટલે મધ્યદેશમાં અથવા સાડાપચ્ચીસ આર્યદેશોમાં ઉત્પન્ન થયેલ હોય તે. દેશયુક્ત જ આર્યદેશમાં કહેલ વસ્તુને જાણે છે. તેથી સુખપૂર્વક બધા શિષ્યો તેની પાસે ભણી શકે.

૨. પિતાના વંશ સંબંધી હોય તે કુલ કહેવાય, લોકમાં પણ વ્યવહાર છે, કે આ ઇક્ષ્વાકુકુલમાં ઉત્પન્ન થયેલ છે, તેથી તે કુલવાન્ સ્વીકારેલ અર્થ (કાર્ય)ને પૂર્ણકરનાર થાય છે.

૩. માતાનો વંશ તે જાતિ. જાતિવાન હોય તે વિનયાદિ ગુણ યુક્ત હોય છે.

૪. રૂપવાન, લોકોને ગુણવિષયક બહુમાન પ્રાપ્ત થાય છે. કહ્યું છે, કે જેવી આકૃતિ હોય તેવા ગુણો હોય છે. એ કહેવત મુજબ કુરૂપ વ્યક્તિ આદેય નથી બનતો.

૫. સંઘયણવાન હોય, જેથી વિશિષ્ટ શરીરબલ દ્વારા વ્યાખ્યાન કરવામાં થાકે નહીં.

૬. ધૃતિવાન એટલે વિશિષ્ટ માનસિક સ્થિરતાવાન. તે અતિગહન પદાર્થોમાં પણ ભ્રમ (મુંઝવણ) ન પામે.

૭. અનાશંસી એટલે શ્રોતા વગેરે પાસેથી વસ્ત્ર વગેરેની ઇચ્છા વગરનો.

૮. અવિકત્થન :-અતિ બોલનાર નહીં અથવા કોઈના નાના-થોડા અપરાધમાં વારંવાર બોલે નહિ.

૯. શઠતા રહિત-અમાયાવી.

૧૦. સ્થિર પરિપાટી એટલે સતત અભ્યાસથી અનુયોગની પરિપાટીને એવી સ્થિર કરી હોય, કે જેથી જરાપણ સૂત્રકે અર્થ ભૂલાય નહીં, તે સ્થિરપરિપાટી.

૧૧. ગૃહિત વાક્ય એટલે ઉપાદેય વચની. એમનું થોડું વચન પણ મહાર્થ જેવુ લાગે.

૧૨. જિતપર્ષદ એટલે મોટી સભામાં પણ ક્ષોભ ન પામે.

૧૩. જિતનિદ્ર એટલે અલ્પ નિદ્રાવાન્ તે રાત્રે સૂત્ર અને અર્થની વિચારણા કરતી વખતે નિદ્રાથી બાધિત ન થાય.

૧૪. મધ્યસ્થ એટલે બધા શિષ્યોપર સમભાવવાળા.

૧૫-૧૬-૧૭-દેશ કાળ અને ભાવને જાણનાર. તે તે લોકાના દેશ, કાળ અને ભાવ જાણીને સુખે વિચરી શકે અથવા શિષ્યોના ભાવ જાણીને તેને તે રીતે સુખે પ્રવર્તાવે.

૧૮. આસન્નલબ્ધપ્રતિભાવાન્ એટલે કર્મના ક્ષયોપશમથી તત્કાલ પરતીર્થિકના પ્રશ્નોના જવાબ આપવામાં સમર્થ હોય, તે આસન્નલબ્ધ-પ્રતિભાવંત.

૧૯. વિવિધ દેશની ભાષા જાણે, જેથી વિવિધ દેશોના શિષ્યોને સહેલાઈથી શાસ્ત્રો ભણાવી શકે અને તે તે દેશના લોકોને તે-તે ભાષાવડે ધર્મ માર્ગમાં જોડી શકાય.

૨૦-૨૪. પંચવિધ જ્ઞાનાચાર વગેરે આચારોથી યુક્ત એટલે ઉજમાળ. કારણ કે પોતે આચારમાં અસ્થિર હોય તો બીજાઓને આચારોમાં પ્રવર્તાવી શકતા નથી.

૨૫. સૂત્રાર્થ અને તદુભયના જાણકાર, તે સૂત્રાર્થ-તદુભયવિજ્ઞ. તેની ચતુર્ભંગી આ પ્રમાણે છે.

૧. સૂત્ર આવડે અર્થ નહીં ૨. અર્થ આવડે પણ સૂત્ર નહીં. ૩. સૂત્ર અર્થ બંને આવડે, ૪. સૂત્ર-અર્થ બંને ન આવડે. આમાં ત્રીજો ભાંગો ગ્રહણ કરવો. તેથી સૂત્રાર્થ અને તદુભય વિધિને જે ભણે, તે સૂત્રાર્થ તદુભયવિધિજ્ઞ કહેવાય છે.

૨૬-૨૭. આહરણ એટલે દૃષ્ટાંત હેતુ કારક અને જ્ઞાપક-એમ બે પ્રકારે છે. જેમ ઘટનો કર્તા કુંભાર તે કારકહેતુ અને અંધારામાંથી ઘડાને પ્રકાશમાં લાવનાર દીવો જ્ઞાપક હેતુ છે. ઉપનય એટલે ઉપસંહાર. દૃષ્ટાંતથી જોયેલ જાણેલ પદાર્થને ચાલુ વિષયમાં જોડવો તે ઉપનય-કારણ. એ પ્રમાણે પાઠ હોય, તો કારણ એટલે નિમિત્ત સમજવું. નય એટલે નૈગમ વગેરે. આહરણ, હેતુ, ઉપનય, કારણ અને નય વગેરેમાં નિપુણ હોય, તે જેવો શ્રોતા હોય, તે પ્રમાણે કયારેક દૃષ્ટાંત, કયારેક હેતુ વગેરેનું પ્રતિપાદન કરી તત્ત્વ સ્વીકારાવે છે.

૨૮. ઉપસંહારનિપુણ હોય તે સારી રીતે અધિકૃત અર્થનો ઉપસંહાર કરી શકે.

૨૯. નયનિપુણ હોય, તે સારી રીતે અધિકૃત નયના કથન વખતે સારી રીતે વિસ્તારથી વિભાગપૂર્વક નયોને કહી શકે.

૩૦. પ્રતિપાદનની શક્તિ યુક્ત તે ગ્રાહણકુશલ.

૩૧-૩૨. સ્વશાસ્ત્ર-પરશાસ્ત્રને જાણે તે. બીજા વડે આક્ષેપ કરાયેલ સ્વપક્ષ પરપક્ષના આક્ષેપોને દૂર કરે.

૩૩. અતુચ્છ સ્વભાવ એટલે ગંભીર.

૩૪. દીપ્તિમાન :-પરવાદીથી પરાભવ ન પામે તેવા.

૩૫. શિવ એટલે ગુસ્સા વગરના અથવા તેજસ્વી. જ્યાં વિચરે ત્યાં કલ્યાણને કરનારા.

૩૬. સોમ એટલે શાંત દૃષ્ટિવાળા-આ પ્રમાણે છત્રીસ ગુણોવાળા ગુરુ જાણવા.

ઉપલક્ષણથી આચાર્ય ચંદ્રના કિરણોનાં સમૂહ જેવા મનોહર ઔદાર્ય-સ્થૈર્ય આદિ ગુણોથી યુક્ત એટલે શોભતા અને પ્રવચનના ઉપદેશક હોય છે. તેથી કહ્યું છે, કે મૂળ-ગુણ-ઉત્તરગુણરૂપ સેંકડો ગુણો યુક્ત ગુરુ, સારી રીતે દ્વાદશાંગીના સારરૂપ પ્રવચન કહી શકે છે. જે મૂળગુણ વગેરે ગુણો યુક્ત છે. તેના વચન ઘીથી સિંચાયેલ અગ્નિની જેમ શોભે છે. ગુણહીનના વચનો તેલ વગરના દિવાની જેમ શોભતા નથી. (૫૪૮)

૬૫. વિનયના ભાવન ભેદ

तित्थयर १ सिद्ध २ कुल ३ गण ४ संघ ५ किरिय ६ धम्म ७ णाण ८ णाणीणं ९ ।
आयरिय १० थेरू ११ वज्झाय १२ गणीणं १३ तेरस पयाइं ॥५४९॥
अणासायणा १ य भत्ती २ बहुमाणो ३ तह य वण्णसंजलणा ४ ।
तित्थयराई तेरस चउग्गुणा हुंति बावण्णा ॥५५०॥

૧. તીર્થંકર ૨. સિદ્ધ. ૩. નાગેન્દ્રાદિકુલ ૪. કોટીક વગેરે ગણ, ૫. સંઘ, ૬. અસ્તિવાદરૂપક્રિયા, ૭. સાધુ-શ્રાવકરૂપ ધર્મ, ૮. મતિ વગેરે જ્ઞાન, ૯. જ્ઞાની, ૧૦. આચાર્ય, ૧૧. સીદાતાને સ્થિર કરનાર સ્થવીર, ૧૨. ઉપાધ્યાય, ૧૩. કેટલાક સાધુના અધિપતિ ગણી.

આ તેર સ્થાનની ૧. જાત્યાદિ હીલનારૂપ આશાતનાનો ત્યાગ કરવો.

૨. આ તેર પદની ઉચિત ઉપચારરૂપ ભક્તિ કરવી.

૩. એના ઉપર આંતર પ્રીતિરૂપ બહુમાન કરવું. તથા

૪. આ તેરની વર્ણસંજ્વલના ગુણાનુવાદ કરવા.

આ પ્રમાણે તીર્થંકર વગેરે તેર પદોને ચારવડે ગુણતા બાવન (૫૨) ભેદો વિનયના થાય છે. (૫૪૯-૫૫૦)

वय ५ समणधम्म १० संजम १७ वेयावच्चं १० च बंभगुत्तीओ ९ ।
नाणाइतियं ३ तव १२ कोहनिग्गहा ४ इइ चरणमेयं ७० ॥५५१॥

૬૬. ચરણસિત્તરી

વ્રત, શ્રમણધર્મ, સંયમ, વૈયાવચ્ચ, બ્રહ્મચર્યની ગુપ્તિ, જ્ઞાનાદિ-ત્રિક, તપ, ક્રોધાદિ નિગ્રહ-આ ચરણસિત્તરી છે.

પ્રાણાતિપાતવિરમણથી પરિગ્રહ વિરમણ સુધીના પાંચ વ્રતો. શ્રમણ એટલે સાધુના ધર્મરૂપ ક્ષાન્તિ, માર્દવ વગેરે શ્રમણધર્મના દશ ભેદો. સંયમ એટલે એકી સાથે પાપથી અટકવું, તે સત્તર પ્રકારે. જે પોતાની જાતને બીજાની સેવામાં જોડે તે વ્યાપૃતિ, તેનો જે ભાવ તે વૈયાવૃત્ય. તે આચાર્ય વગેરેના ભેદે દશ પ્રકારે છે. બ્રહ્મચર્યની ગુપ્તિ તે વસતિ વગેરે ભેદે નવ પ્રકારે છે. જેનાથી જાણી શકાય તે મતિજ્ઞાન વગેરે જ્ઞાન, તે પાંચ પ્રકારે છે. અને આદિ શબ્દથી સમ્યક્‌દર્શન અને ચારિત્રને લેવું, તે જ્ઞાનાદિત્રિક છે. તથા બાર પ્રકારનો અનશન વગેરે તપ. ક્રોધનો નિગ્રહ તે ક્રોધ નિગ્રહ. એ રીતે માન-માયા-લોભ પણ સમજી લેવા. આ રીતે ચરણનાં સિત્તેર ભેદરૂપ ચરણસિત્તરી જાણવી.

પ્રશ્ન :–ચોથા મહાવ્રતમાં ગુપ્તિઓ આવી જાય છે, માટે જુદી ન કહેવી. હવે ગુપ્તિઓ ચોથા મહાવ્રતના પરિવારરૂપે જ કહેવાય છે. તો પછી પ્રાણાતિપાત વિરમણ વગેરે વ્રતોની ભાવના પણ તેના પરિવારરૂપે જુદી ગણવી જોઈએ. જો ગુપ્તિ કહો તો પછી ચતુર્થવ્રત ન કહેવું.

જ્ઞાનાદિત્રિકને ન લેવું. ફક્ત જ્ઞાન અને સમ્યક્ત્વ જ લેવું.

ચારિત્રનું ગ્રહણ તો વ્રતગ્રહણથી થાય તથા શ્રમણધર્મ ગ્રહણ કર્યા પછી સંયમ ગ્રહણ અને તપ ગ્રહણ પણ વધારાનું થાય છે. માટે સંયમ અને તપને છોડી દેવા જોઈએ અથવા શ્રમણધર્મનું પ્રતિપાદન સંયમ અને તપને છોડીને કરવું જોઈએ.

તપનું ગ્રહણ કર્યા પછી વૈયાવચ્ચની પ્રરૂપણા નકામી છે. કેમકે વૈયાવચ્ચ તપમાં આવી જાય છે.

ક્ષમા વગેરે દશ યતિધર્મ લીધા પછી ક્રોધાદિનિગ્રહ લેવું તે નિરર્થક છે.

આ રીતે આ ગાથા વિચારતા આલૂનવિશીર્ણ એટલે નકામી છે.

ઉત્તર :– વ્રત ગ્રહણ કર્યા પછી બ્રહ્મગુપ્તિઓ જુદી ન કહેવી જોઈએ, તે વાત બરાબર નથી. કારણ કે ચોથુ વ્રત નિરૂપવાદ છે તે બતાવવા **માટે જ બ્રહ્મચર્યની** ગુપ્તિઓ જુદી લીધી છે. આગમમાં પણ કહ્યું છે કે **જિનવરેન્દ્રોએ મૈથુનભાવ** સિવાય કોઈપણ વસ્તુનો એકાંતે નિષેધ પણ કર્યો નથી. અને એકાંતે વિધાન પણ કર્યું નથી. કારણ કે તે મૈથુન રાગ–દ્વેષ વગર થતું નથી. તથા પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પરિગ્રહવ્રતથી આ મહાવ્રત જુદું છે. તે જણાવવા માટે ભેદ કરવાપૂર્વક ગ્રહણ કર્યું છે.

હવે જે કહે છે કે વ્રત ગ્રહણ કર્યા પછી જ્ઞાનાદિત્રિક ન કહેવું પણ દર્શન અને જ્ઞાન બે જ કહેવા. કેમકે ચારિત્રતો વ્રત ગ્રહણમાં આવી જાય છે, તે વાત બરાબર નથી. જે વ્રતરૂપ ચારિત્ર છે, તે સામાયિક વગેરે પાંચ પ્રકારના ચારિત્રનો એક અંશ છે. હજુ ચાર પ્રકારના ચારિત્રનું ગ્રહણ થયું નથી, તે ગ્રહણ કરવા માટે જ્ઞાન વગેરે ત્રણનો ઉપન્યાસ કર્યો છે.

હવે જે કહ્યું કે દશ પ્રકારનો શ્રમણધર્મ લીધા પછી તપ અને સંયમને જુદા લેવાની જરૂર નથી. કેમકે યતિ ધર્મમાં તેનો સમાવેશ થઈ જાય છે, તે પણ બરાબર નથી કેમકે સંયમ અને તપ મોક્ષનું પ્રધાન કારણ છે, માટે અલગ ગ્રહણ કર્યાં છે. અપૂર્વકર્મના આશ્રવ માટે સંવરરૂપ સંયમ એ મોક્ષનું મુખ્ય કારણ છે અને પૂર્વોપાર્જિત કર્મના ક્ષય માટે તપ કારણ છે, માટે મોક્ષના કારણમાં એ બે મુખ્ય છે માટે યતિધર્મમાં અંતર્ગત હોવા છતાં પણ પ્રધાન કારણરૂપે જુદા ગ્રહણ કર્યા છે. આવો વ્યવહાર પણ જોયો છે કે બ્રાહ્મણો આવ્યા સાથે વશિષ્ટ પણ આવ્યા. અહીં

ગ્રાહ્યણ લેવાથી વશિષ્ટ આવી જ જાય છે છતાં અલગ લીધા જ છે. કેમકે મુખ્યતાએ અલગરૂપે કહ્યા છે,

જે કહ્યું કે તપ ગ્રહણ કરવાથી વૈયાવચ્ચનું ગ્રહણ થતું હોવાથી અલગ ગ્રહણ ન કરવું જોઈએ, તે પણ બરાબર નથી. કારણ કે વૈયાવચ્ચ સ્વપર ઉપકારનું કારણ હોવાથી જે પ્રધાનતા એની, છે એવી પ્રધાનતા અનશન વગેરે બાકીના તપમાં નથી તે બતાવવા માટે ભેદરૂપે ગ્રહણ કરેલ છે.

હવે જે કહ્યું કે શ્રમણધર્મ ગ્રહણ કરવાથી ક્રોધાદિ નિગ્રહ આવી જાય છે. માટે જુદુ ન કહેવું, તે પણ બરાબર નથી. કારણ કે ક્રોધાદિ બે પ્રકારે છે. ઉદયમાં આવેલ, અને ઉદયમાં નહિ આવેલા. ઉદયમાં આવેલા–ક્રોધાદિનો નિગ્રહ તે ક્રોધનિગ્રહ કહેવાય છે. અને ઉદયમાં નહિ આવેલા–ક્રોધાદિનો ઉદય રોકવો તે ક્ષાન્તિ વગેરે છે, તે જણાવવા માટે અલગ લીધા છે. અથવા વસ્તુ ત્રણ પ્રકારે હોય છે.

૧. ગ્રાહ્ય, ૨. ત્યાજ્ય, ૩. ઉપેક્ષણીય. તેમાં ક્ષાન્તિ વગેરે ગ્રાહ્ય છે અને ક્રોધાદિ ત્યાજ્ય છે માટે તેનો નિગ્રહ કરવો. આ પ્રમાણે આ અર્થનો ઉપન્યાસ કરવો. માટે બધાયે ભેદો નિર્દોષ છે. (૫૫૧)

વ્રતો :–

पाणिवह मुसावाए अदत्त मेहुण परिग्गहे चेव ।
एयाइं ४ होंति पंच ५ उ महव्वयाइं जईणं तु ॥५५२॥

પ્રાણીવધવિરમણ, મૃષાવાદવિરમણ, અદત્તાદાનવિરમણ, મૈથુનવિરમણ અને પરિગ્રહવિરમણ–આ પાંચ સાધુના મહાવ્રતો છે.

૧. પ્રાણીવધ વિરમણ :–

પ્રથમવ્રત ત્રસ અને સ્થાવરરૂપ પ્રાણીઓને ૧. અજ્ઞાન, ૨. સંશય, ૩. વિપર્યય, ૪. રાગ, ૫. દ્વેષ, ૬. સ્મૃતિભ્રંશ, ૭. યોગદુષ્પ્રણિધાન, ૮. ધર્મમાં અનાદર –એમ આઠ પ્રકારના પ્રમાદ યોગથી જે વધ કરવો, તે પ્રાણિવધ. તેની જે વિરતિ એટલે સમ્યક્જ્ઞાન શ્રદ્ધાપૂર્વક નિવૃત્તિ. તે પ્રાણીવધ વિરમણ નામનું પ્રથમ વ્રત છે.

૨. મૃષાવાદ વિરમણ :–

મૃષાવાદ એટલે જુઠ બોલવું તે. પ્રિય, પથ્ય, તથ્ય વચન છોડીને જે બોલવું તે મૃષાવાદ છે, તેની જે વિરતિ તે બીજું વ્રત છે.

જે વચન સાંભળતા આનંદ થાય તે પ્રિય.

જેનુ પરિણામ હિતકારી હોય તે પથ્ય.

સત્ય વચન તે તથ્ય.

વ્યવહાર અપેક્ષાએ સાચુ પણ જો અપ્રિય હોય તો તે સત્ય નથી. જેમકે તુ ચોર છે? કોઢીયાને તું કોઢીયો છે? એવું સત્યવચન પણ અપ્રિય હોવાથી તથ્ય નથી.

તથ્ય વચન પણ જે અહિતકારી હોય, તે તથ્ય નથી. જેમકે શિકારીએ પૂછ્યું હોય, કે હરણો જોયા! તો કહે કે જોયા છે અને બતાવે, તો તે જીવઘાતના પાપનું નિમિત્ત હોવાથી તથ્ય નથી.

૩. અદત્તાદાન વિરમણ :-

અદત્તાદાન એટલે માલિકે ન આપેલ વસ્તુ લેવી તે. તે અદત્તાદાન સ્વામિઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત અને ગુરુઅદત્ત -એમ ચાર પ્રકારે છે.

૧. સ્વામિઅદત્ત :- ઘાસ, લાકડું, પત્થર, વગેરે તેના સ્વામિએ આપ્યા વગર લેવું, તે સ્વામિ-અદત.

૨. જીવ-અદત્ત :- સ્વામિએ આપ્યું હોય, પણ જે વસ્તુ અપાતી હોય, તે તેના જીવે ન આપી હોય, તો તે જીવ-અદત્ત. જેમકે દીક્ષાની ભાવના વગરના પુત્રને મા-બાપે ગુરુને આપ્યો હોય તે અને સચિત્ત પૃથ્વીકાય વગેરે તેના સ્વામિએ આપ્યું હોય પણ તેના અધિષ્ઠિત જીવે ન આપ્યું હોય.

૩. તીર્થંકર અદત્ત :- તીર્થંકરે નિષેધ કરેલ જે આધાકર્મી વગેરે લે તો તીર્થંકરઅદત્ત.

૪. ગુરુઅદત્ત :- માલિકે આપેલ આધાકર્મ દોષથી રહિત વસ્તુને, ગુરુની રજા વગર લે, તો ગુરુ-અદત્ત. આ ચારની વિરતિ તે ત્રીજું વ્રત.

૪. મૈથુન વિરમણ :-

સ્ત્રી પુરુષરૂપ યુગલ વડે કરાતી જે ક્રિયા, તે મૈથુન. તેની વિરતિ તે ચોથું મૈથુન વિરમણવ્રત.

૫. પરિગ્રહવિરમણ :-

જે લેવાય તે અથવા જે ભેગું કરવું, તે પરિગ્રહ. તે ધન, ધાન્ય, ખેતર, મકાન, રૂપુ, સોનું, ચતુષ્પદ, દ્વિપદ, કુપ્ય, ભેદથી નવ પ્રકારે છે. તેની વિરતિ એટલે મૂર્ચ્છાનો ત્યાગ કરવો. કેમકે મૂર્ચ્છા એજ પરિગ્રહ એવું આગમ વચન છે. ફક્ત દ્રવ્યાદિ પદાર્થોના ત્યાગથી પરિગ્રહ ત્યાગ નથી.

કેમકે અવિદ્યમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં મૂર્ચ્છા વડે પ્રશમભાવના સુખનો અભાવ થવાથી ચિત્ત ભંગ થાય છે અને દ્રવ્યાદિ પદાર્થો હોવા છતાં, પણ જેને મૂર્ચ્છાનો ત્યાગ કર્યો છે, એવા મનવાળા ને નિરૂપમ પ્રશમ સુખની પ્રાપ્તિથી ચિત્ત ભંગ (સમાધિભંગ) થતો નથી.

આથી જ ધર્મોપકરણધારી મુનિઓને શરીર અને ઉપકરણમાં નિર્મમભાવ હોવાથી અપરિગ્રહપણુ છે. અમારા ગુરુએ પણુ કહ્યું છે કે,

'ધર્મ સાધન નિમિત્તે' ઉપકારી એવા વસ્ત્ર, પાત્ર તથા શરીરને ધારણ કરતા સાધુઓ, પરિગ્રહી થતા નથી. કેમકે એમને મૂર્ચ્છા સાથે પ્રેમ નથી.

આ પાંચેય મહાવ્રતો સાધુઓને હોય છે. પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પાંચ જ મહાવ્રતો હોય છે. મોટા જે વ્રતો તે મહાવ્રતો. સર્વ જીવ વગેરે મહાવિષય હોવાથી તેમનું મોટાપણું થાય છે. કહ્યું છે કે,

પહેલા મહાવ્રતનો વિષય સર્વ જીવો છે. બીજા અને છેલ્લા વ્રતનો વિષય સર્વ દ્રવ્યો છે. બાકીના મહાવ્રતોનો વિષય દ્રવ્યોનો એક દેશવિષય છે. (૫૫૨)

શ્રમણધર્મ :–

खंती य मद्दवऽज्जव मुत्ती तव संजमे य बोद्धव्वे ।
सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो ॥५५३॥

ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન અને બ્રહ્મચર્ય–એ દશ યતિના ધર્મો જાણવા.

ક્ષમા :–

ક્ષાન્તિ એટલે ક્ષમા. શક્તિવાન તરફથી કે અશક્ત તરફથી થતાં ઉપસર્ગને સહન કરવાનો પરિણામ એટલે સર્વથા ક્રોધ ત્યાગ તે ક્ષમા.

૨. માર્દવતાઃ–

મૃદુ એટલે કોમળ અથવા નમ્રપણાનો જે ભાવ અથવા ક્રિયા તે માર્દવ. નમ્ર રહેવું તથા અભિમાન ન કરવું તે માર્દવ.

૩. આર્જવઃ–

ઋજુ એટલે અવક્ર–સરળપણે મન–વચન–કાયાની ક્રિયા અથવા ભાવ તે આર્જવ. મન–વચન–કાયાની વિક્રિયાનો (કુટિલતાનો) અભાવ અથવા માયારહિતપણું તે આર્જવ.

૪. મુક્તિઃ–

મોચન એટલે છોડવું. બાહ્ય–આભ્યંતર પદાર્થોમાંથી તૃષ્ણાનો જે ત્યાગ એટલે લોભનો ત્યાગ તે મુક્તિ.

૫. તપઃ–

રસાદિ ધાતુ અથવા કર્મો જેનાથી તપે તે તપ. તે અનશન વગેરે બાર પ્રકારે છે.

૬. સંયમઃ–

આશ્રવની વિરતિ તે સંયમ.

૭. સત્યઃ–

મૃષાવાદની વિરતિ તે સત્ય.

૮. શૌચઃ–

સંયમમાં નિરતિચારતા તે શૌચ.

૯. અકિંચનઃ–

જેની પાસે કોઈ પણ દ્રવ્ય ન હોય તે અકિંચન. તેનો જે ભાવ તે અકિંચન્ય. ઉપલક્ષણથી શરીર અને ધર્મોપકરણ વગેરે ઉપર નિર્મમપણાનો જે ભાવ તે આકિંચન્ય.

૧૦ બ્રહ્મચર્ય :–

બ્રહ્મચર્યની નવ ગુપ્તિ સહિત ઉપસ્થ (લિંગ)નો જે સંયમ તે બ્રહ્મચર્ય. આ દશ પ્રકારનો યતિધર્મ છે. બીજાઓ દશ પ્રકારનો યતિધર્મ આ પ્રમાણે કહે છે.

ક્ષમા, માર્દવતા, આર્જવતા, મુક્તિ, લઘુતા, તપ, સંયમ, ત્યાગ, અકિંચન્ય અને બ્રહ્મચર્ય.

૧. લઘુતા એટલે દ્રવ્યથી અલ્પ ઉપધિ અને ભાવથી ગૌરવત્યાગ.

ત્યાગ–સર્વ સંગોનો ત્યાગ અથવા સંયમીને વસ્ત્રાદિ આપવું. તે. બાકીનાં ઉપર પ્રમાણે. (૫૫૩)

૧. સંયમ :–

पंचासवा विरमणं पंचिंदियनिग्गहो कसायजयो ।
दंडत्तयस्स विरई सतरसहा संजमो होइ ॥५५४॥

પાંચ આશ્રવનો વિરમણ, પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ, કષાયજય, ત્રણ દંડની વિરતિ–એમ સત્તર પ્રકારે સંયમ હોય છે.

પાંચ આશ્રવવિરમણઃ–જેના વડે કર્મો આવે તે આશ્રવ એટલે નવા કર્મબંધના કારણ તે–૧. પ્રાણાતિપાત, ૨. મૃષાવાદ ૩. અદત્તાદાન ૪. મૈથુન અને ૫. પરિગ્રહ એમ પાંચ છે તેનાથી વિરમવું અટકવું તે વિરમણ તે સંયમ.

પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ :–૧. સ્પર્શેન્દ્રિય, ૨. રસેંદ્રિય, ૩. ઘ્રાણેંદ્રિય, ૪. ચક્ષુરિન્દ્રિય, ૫. શ્રોત્રેન્દ્રિય–આ પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ એટલે નિયંત્રણ સ્પર્શાદિ વિષયોમાં લંપટપણાનો જે ત્યાગ, તે નિગ્રહ.

કષાયજય :–ક્રોધ, માન, માયા, લોભ–આ ચાર કષાયોનો જય એટલે ઉદયમાં આવેલાને નિષ્ફળ કરીને અને અનુદયમાં રહેલાને ઉત્પન્ન ન થવા દેવા તે.

ત્રણ દંડવિરતિઃ–જે ચારિત્રરૂપી ઐશ્વર્ય લુંટીને અસાર બનાવે તે દંડ અશુભ, મન–વચન–કાયાની જે ક્રિયારૂપ ત્રણદંડની વિરતિ એટલે અશુભ પ્રવૃત્તિનો નિરોધ તે. આ સત્તર પ્રકારનો સંયમ થાય છે. (૫૫૪)

૨. સંયમઃ–

पुढवी दग अगणि मारूय वणस्सइ बि ति चउ पणिंदि अज्जीवे १० ।
पेहु ११ प्पेह १२ पमज्जण १३ परिठवण १४ मणो १५ वई १६ काए १७ ॥५५५॥

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, પંચેંદ્રિય, અજીવ, પ્રેક્ષા, ઉપેક્ષા, પ્રમાર્જના, પરિસ્થાપના, મન–વચન–અને કાયા–એમ સત્તર પ્રકારનો સંયમ છે.

બીજી રીતે પણ સંયમ સત્તર પ્રકારે છે. (૧–૯) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય અને પંચેન્દ્રિયરૂપ નવ પ્રકારના જીવોનો મન–વચન–કાયા દ્વારા આરંભ–સમારંભ–સંરંભ કરવા, કરાવવા અને અનુમતિનો ત્યાગ એ નવ પ્રકારનો જીવ સંયમ છે. કહ્યું છે કે જીવહિંસાનો સંકલ્પ કરવો તે સંરંભ. પરિતાપ કરવો તે સમારંભ અને ઉપદ્રવ કરવો તેઆરંભ.

૧૦. નિશ્ચયનયથી તો દરેક ક્રિયામાં ત્રણે પ્રકારનો અસંયમ આવે છે. દુષ્મા વગેરે કાળનાં પ્રભાવે તેવા પ્રકારની બુદ્ધિ, આયુષ્ય, સંવેગ, ઉદ્યમ, બલ વગેરેની હીનતાના કારણે વર્તમાન કાલિન શિષ્યોના ઉપકાર માટે પ્રતિલેખના–પ્રમાર્જના અને જયણાપૂર્વક પુસ્તક વગેરે રાખે તે અજીવસંયમ છે.

૧૧. પ્રેક્ષાસંયમ એટલે આંખવડે જોઇ બીજ, વનસ્પતિ, જીવજંતુનાં સંપર્કથી રહિત સ્થાનને છોડી, શયન આસન, ચાલવું વગેરે કરવું તે પ્રેક્ષાસંયમ.

૧૨. ઉપેક્ષા સંયમઃ–પાપવ્યાપાર કરતા ગૃહસ્થની ઉપેક્ષા કરવી. પણ આ ગામની ચિંતા વગેરેનો ઉપયોગ કરો, વગેરેનો ઉપદેશ ન આપે.

અથવા સંયમમાં સીદાતા સાધુને પ્રેરણા કરવી તે પ્રેક્ષાસંયમ, અને પાસત્થા વગેરે નિર્ધ્વંસ પરિણામી સાધુની પ્રત્યુપેક્ષણારૂપ વ્યાપારની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષાસંયમ.

૧૩. જોયેલી શુદ્ધ ભૂમિ, વસ્ત્ર, પાત્ર વગેરેને રજોહરણથી પ્રમાર્જીને શયન–આસનને લેવા મૂકવા વગેરે કરતો અને કાળી માટીના પ્રદેશમાંથી પીળીભૂમિના પ્રદેશમાં જતા સચિત્ત–અચિત્ત–મિશ્ર રજથી ખરડાયેલ પગ વગેરેને ઓઘાથી ગૃહસ્થ ન જુએ એ રીતે પ્રમાર્જે, ગૃહસ્થ જુએ તો ન પ્રમાર્જે આ પ્રમાણે કરે, તો પ્રમાર્જનાસંયમ થાય છે. કહ્યું છે કે સાગારિક એટલે ગૃહસ્થ હોય, ત્યારે પગને ન પ્રમાર્જે તો સંયમ છે અને ગૃહસ્થ ન હોય ત્યારે પગ પ્રમાર્જે તો સંયમ છે.

૧૪. ભોજન-પાણી-વસ્ત્ર-પાત્ર વગેરે જો જીવથી સંયુક્ત, અશુદ્ધ કે સંયમને અનુપકારી હોય તો જંતુરહિત સ્થાને સિદ્ધાંતમાં કહેલ વિધિપૂર્વક પરઠવે તે પરિષ્ઠાપનાસંયમ.

૧૫. મનમાંથી દ્રોહ, ઇર્ષ્યા, અભિમાન વગેરેની નિવૃત્તિ અને ધર્મધ્યાન વગેરેમાં મનની પ્રવૃતિ તે મનસંયમ.

૧૬. હિંસક, કઠોર-વાણીથી નિવૃત્તિ અને શુભ ભાષામાં પ્રવૃત્તિ તે વાણીસંયમ.

૧૭. જવા આવવા વગેરે આવશ્યક કરણીમાં ઉપયોગપૂર્વક કાયાનો જે વ્યાપાર તે કાયસંયમ-એ પ્રમાણે સત્તર પ્રકારે પ્રાણાતિપાત નિવૃત્તિરૂપ સંયમ થાય છે. (૫૫૫)

વૈયાવચ્ચ :-

आयरिय१ उवज्झाए२ तवस्सि३ सेहे४ गिलाण५ साहूसुं६ ।
समणोन्न७ संघ८ कुल९ गण१० वेयावच्च हवइ दसहा ॥५५६॥

આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, સાધુ, સમનોજ્ઞ, સંઘ, કુલ, ગણ-એમ વૈયાવચ્ચ દશની કહી છે.

૧. જ્ઞાનાચાર વગેરે પાંચ પ્રકારના આચારોને સાધુઓ કે આચાર્યો જે સેવે તે આચાર્ય.

૨. ઉપ એટલે નજીક, અધ્યાય એટલે ભણવું. સાધુઓ જેની પાસે નજીક આવીને ભણે, તે ઉપાધ્યાય.

૩. વિકૃષ્ટ (કઠોર) અવિકૃષ્ટ (અકઠોર) તપને કરે તે તપસ્વિ.

૪. નૂતન દીક્ષિત જે હજુ શિક્ષાને લાયક હોય તે શૈક્ષક.

૫. તાવ વગેરે રોગોથી ઘેરાયેલ તે ગ્લાન.

૬. સ્થવિર સાધુઓ.

૭. એક સમાચારીને આચરનારા તે સમનોજ્ઞો.

૮. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ.

૯. ઘણા ગચ્છનો એક જાતિય સમૂહ તે કુલ, ચાંદ્રકુલ વગેરે.

૧૦. ગચ્છ એટલે એક આચાર્યથી બનેલ સાધુ સમૂહ. કૂલોનો જે સમુદાય તે ગણ, કોટિક વગેરે.

આ આચાર્ય વગેરેને અન્નપાન, વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય, પીઠ, પાટીયા, સંથારા વગેરે ધર્મોપકરણ દ્વારા ઉપકાર કરવો, શુશ્રુષા કરવી. ઔષધ આપવું અને જંગલમાં હોય અથવા રોગોપસર્ગમાં પરિપાલન કરવું વગેરે વૈયાવચ્ચ છે. (૫૫૬)

બ્રહ્મચર્યની ગુપ્તિ:-

वसहि१ कह२ निसिज्जिइ३ दिय४ कुड्डंतर५ पुव्वकीलियइ६ पणीए७ ।
अइमायाहार८ विभूसणाइं९ नव बंभगुत्तीओ ॥५५७॥

વસતિ, કથા, નિષદ્યા, ઇન્દ્રિય, કુડ્યંતર, પૂર્વક્રીડા, પ્રણીતાહાર, અતિઆહાર અને વિભૂષા—એ બ્રહ્મચર્યની નવ ગુપ્તિ છે.

૧. વસતિ :-

બ્રહ્મચારીએ સ્ત્રી, પશુ, નપુંસક રહિત વસતિ વાપરવી. તેમાં સ્ત્રી, દેવ અને મનુષ્યના ભેદથી બે પ્રકારે છે. તેના પણ બે પ્રકાર છે. સચિત્ત એટલે જીવવાળી સ્ત્રી અને અચિત્ત એટલે પુસ્તક, લેપકર્મ તથા ચિત્રકર્મમાં આલેખેલ સ્ત્રી.

પશુઓ એટલે તિર્યંચો ગાય, ભેંસ, ઘેટી, બકરી વગેરે.

જેની સાથે મૈથુન સંભવી શકે એવા પંડકો એટલે નપુંસક વેદના ઉદયવાળા. મહામોહકર્મ કરનારા-સ્ત્રી પુરુષને સેવવાની ઇચ્છાવાળા તેના સંપર્કવાળી વસતિમાં રહેવાથી તેને કરેલ વિકારો જોઇને મનોવિકારનો સંભવ હોવાથી બ્રહ્મચર્યને બાધા થાય છે.

૨. કથા :-

ફક્ત એકલી સ્ત્રીને એકલાએ ધર્મ દેશના વગેરે સ્વરૂપ કથા ન કરવી અથવા સ્ત્રી વિષયક કથા એટલે વાતો જેમકે કર્ણાટક દેશની સ્ત્રીઓ કામશાસ્ત્રમાં ચતુર હોય છે. લાટ દેશની સ્ત્રીઓ હોશિયાર હોય છે. વગેરે વાતો ન કરે. કારણ કે તે રાગનું કારણ છે.

સ્ત્રી સંબંધી દેશ-જાતિ-કુલ, નેપથ્ય, ભાષા, ચાલ, વિભ્રમ, ગીત, હાસ્ય, લીલા, કટાક્ષ, પ્રેમ, કલહ, શણગાર તથા રસયુક્ત સ્ત્રી કથા મુનિઓના મનને વિકારી બનાવે છે.

૩. નિષદ્યા :-

નિષદ્યા એટલે આસન. સ્ત્રીની સાથે એકજ આસને ન બેસવું અને ઉઠ્યા પછી પણ તે જગ્યાએ એક મુહૂર્ત સુધી ન બેસવું. કારણ કે સ્ત્રીએ વાપરેલ જગ્યા, આસન ચિત્તવિકારનું કારણ થાય છે. કહ્યું છે કે જેમ કોઢના સ્પર્શદોષથી શરીર દુષિત થાય તેમ સ્ત્રીએ સેવેલ શયનાસન સેવવાથી સ્પર્શદોષના કારણે સાધુનું મન દુષિત થાય છે.

૪. ઇન્દ્રિય :-

અવિવેકી લોકની અપેક્ષાએ સ્ત્રીની ઇન્દ્રિયો ચાહવા યોગ્ય હોય છે. ઇન્દ્રિય એટલે આંખ, નાક, કાન, મુખ, શરીર વગેરેના ઉપલક્ષણથી સ્તન, જંઘા વગેરેને અપૂર્વ રસપૂર્વક, આંખ ફાડીને ન જોવા અને જોવાઈ જાય તો તેના વિષે અહો ! આંખનું લાવણ્ય કેવું છે ? નાસિકાની સરળતા કેવી છે ? ગમી જાય એવા સ્તન છે. વગેરે એકાગ્ર મને ચિંતવે નહીં. કારણકે અંગોપાંગને જોવા અને ચિંતવવા તે મોહોદયનું કારણ છે.

૫. કુડ્યાંતર :-

કુડ્યાંતર એટલે ભીંત વગેરેના આંતરે દંપતિના સુરતાદિના શબ્દ સંભળાય માટે બ્રહ્મચારીએ બ્રહ્મચર્ય ભંગના ભયથી તે સ્થાનનો ત્યાગ કરવો.

૬. પૂર્વક્રિડા :–

પૂર્વે ગૃહસ્થ અવસ્થામાં કરેલ સ્ત્રી–સંભોગની ક્રિયા તથા દ્યૂત વગેરે રમતોને યાદ ન કરે કેમકે તે યાદ કરવાથી ઇંધણ નાખવાથી અગ્નિની જેમ કામાગ્નિ પ્રગટે છે.

૭. પ્રણીતાહાર :–

પ્રણીતભોજન ત્યાગ એટલે ઘી-તેલયુક્ત મધુર રસોવાળું ભોજન ન વાપરે હમેંશા સ્નિગ્ધ ભોજન કરવાથી મુખ્યધાતુ વીર્યનું પોષણ થવાના કારણે વેદોદયથી અબ્રહ્મનું સેવન થાય છે.

૮. અતિ–આહાર :–

અતિશય લુખ્ખુ ભોજન પણ ત્યાગ કરે. આકંઠ સુધી પેટ ભરીને ખાવાનું છોડે કેમકે શરીરને પીડાકારી અને બ્રહ્મચર્યમાં બાધાકારક છે.

૯. વિભૂષા :–

વિભૂષા એટલે સ્નાન, વિલેપન, ધૂપન, નખ, દાંત, બાલ વગેરે સમારવા આદિ દ્વારા પોતાના શરીરની શોભા ન કરે. અશુચિ એવા શરીરની શોભા કરનારો મૂર્ખ તે તે ઉંબાડીયા જેવા વિકલ્પોથી પોતાના આત્માને ફોગટ દુઃખી કરે છે.

આ બ્રહ્મચર્યની મૈથુનવિરમણવ્રતની રક્ષા કરવા માટેના ઉપાયરૂપ બ્રહ્મચર્યની નવગુપ્તિઓ છે. (૫૫૭)

જ્ઞાનાદિત્રિક :–

बारस अंगाईयं नाणं तत्तत्थ सद्दहाणं तु ।
दंसणमेयं चरणं विरई देसे य सव्वे य ॥५५८॥

૧. જ્ઞાન :–કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ બોધ, તે જ્ઞાન છે. તે બોધના કારણરૂપ દ્વાદશાંગી વગેરે હોવાથી તે પણ જ્ઞાન કહેવાય. આદિ શબ્દથી ઉપાંગ, પયન્ના વગેરે સમજવા.

૨. દર્શન :–જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષરૂપ તત્ત્વો તેનો અર્થ જાણવો અને શ્રદ્ધા કરવી એટલે તત્ સ્વરૂપ છે એવી સ્વીકાર રૂપી રૂચિ, તે દર્શન.

૩. ચારિત્ર :–ચારિત્ર એટલે સર્વ પાપ વ્યાપારનો જ્ઞાન શ્રદ્ધાપૂર્વક ત્યાગ કરવો તે ચારિત્ર છે. તે બે પ્રકારે છે. સર્વથી અને દેશથી. તેમાં દેશથી શ્રાવકોને અને સર્વથી સાધુઓને હોય છે. (૫૫૮)

તપ :–

अणसणमूणोयरिया वितिसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥५५९॥

पायच्छित्तं विणओ वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गोवि य अब्भितरओ तवो होइ ॥५६०॥

હવે બાર પ્રકારે તપ કહે છે. અનશન, ઉનોદરિકા વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલિનતા એ બાહ્યતપ છે, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એઅભ્યંતર તપ છે. આ બાર પ્રકારના તપનું સ્વરૂપ તપની અતિચારની વ્યાખ્યા વખતે કરેલ હોવાથી ફરી કહેતા નથી. (૫૫૯–૫૬૦)

ક્રોધાદિનિગ્રહ :–

कोहो माणो माया लोभो चउरो हवंति हु कसाया ।
एएसिं निग्गहणं चरणस्स हवंति मे भेया ॥५६१॥

જેમાં પ્રાણીઓની હિંસા થાય તે કષ એટલે સંસાર તેને જે પ્રાપ્ત કરાવે તે કષાય. તે ચાર પ્રકારે છે. ક્રોધ–માન–માયા અને લોભ. તેનો જે નિગ્રહ તે કષાયનિગ્રહ.

[1]આ ચરણસિત્તરીના ભેદોનો સરવાળો કુલ્લે સીત્તેર થાય છે. પાંચ વ્રતો, દશ યતિ-ધર્મ, સત્તર પ્રકારે સંયમ, દશ વૈયાવચ્ચ નવ બ્રહ્મચર્યગુપ્તિ, જ્ઞાનાદિત્રિક, બારપ્રકારે તપ અને ચાર ક્રોધનો નિગ્રહ વગેરે. (૫૬૧)

૬૭. કરણસિત્તરી

पिंडविसोही ४ समिई ५ भावण १२ पडिमा १२ य इंदियनिरोहो ५ ।
पडिलेहण २५ गुत्तीओ ३ अभिग्गहा ४ चेव करणं तु ७० ॥५६२॥

પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, પ્રતિમા, ઇન્દ્રિયનિરોધ, પ્રતિલેખના, ગુપ્તિ, અભિગ્રહો–એ કરણસિત્તરી છે.

પિંડવિશુદ્ધિ:–ઘણા સજાતીય–વિજાતીય કઠિન દ્રવ્યોને એકઠા કરવા, તે [2]પિંડ, અનેક આધાકર્મ વગેરે દોષોના ત્યાગપૂર્વક તે પિંડની જે શુદ્ધિ, તે પિંડવિશુદ્ધિ.

સમિતિ:–સમ્ એટલે સમ્યક્. પ્રશસ્ત અર્હત્ પ્રવચનાનુસારે ઇતિ એટલે ચેષ્ટા. તે ઇર્યાસમિતિ વગેરે સમિતિ.

ભાવના:–જે ભાવી શકાય તે ભાવના. તે અનિત્યાદિની અનુપ્રેક્ષા સ્વરૂપ છે.

---

૧. ૫ વ્રત + ૧૦ યતિધર્મ + ૧૭ સંયમ + ૧૦ વૈયાવચ્ચ = ૪૨
૯ બ્રહ્મચર્ય + ૩ જ્ઞાનાદિ + ૧૨ તપ + ૪ કષાયનિગ્રહ = + ૨૮
૭૦

૨. સમુદાયોથી સમુદાય કથંચિત્ અભિન્ન હોવાથી તે ઘણા પદાર્થો એક જગ્યાએ ભેગા થવાથી પિંડ શબ્દરૂપ કહેવાય છે.

પ્રતિમાઃ–પ્રતિમા એટલે માસિકી વગેરે અભિગ્રહરૂપ પ્રતિજ્ઞા.

ઇંદ્રિયનિરોધઃ–સ્પર્શનેન્દ્રિય વગેરે ઇન્દ્રિયોનો નિરોધ એટલે પોત-પોતાના ઇષ્ટ અનિષ્ટ વિષયોમાં રાગ–દ્વેષનો અભાવ કરવો તે.

પ્રતિલેખનાઃ–આગમાનુસારે ચોલપટ્ટાવગેરે ઉપકરણોને જોવા રૂપ ક્રિયા તે પ્રતિલેખના.

ગુપ્તિઃ–ગુપ્તિ એટલે મુમુક્ષુનું યોગનિગ્રહરૂપ આત્મ સંરક્ષણ કરવું તે.

અભિગ્રહઃ–અભિગ્રહ એટલે દ્રવ્ય વગેરે ભેદો દ્વારા ગ્રહણ કરાતા નિયમ વિશેષ.

આ કરણસપ્તતિ છે. જેના વડે કરાય તે કરણ એટલે મોક્ષાર્થી સાધુ વડે જે કરાય તે કરણ. મૂલગુણની હાજરીમાં જ કરણસિત્તરી સાર્થક છે.

પ્રશ્નઃ–સમિતિનું ગ્રહણ કર્યું તેમાં પિંડવિશુદ્ધિનું ગ્રહણ થઈ જાય છે. માટે પિંડ-વિશુદ્ધિને ગ્રહણ કરવાની જરૂર રહેતી નથી. કેમકે એષણાસમિતિમાં બધીયે એષણા ગ્રહણ કરેલ છે અને પિંડવિશુદ્ધિ પણ એષણા જ છે, તો પછી ભેદ શા માટે ?

ઉત્તરઃ–પિંડ એટલે દ્રવ્ય તે સિવાય પણ વસતિ વગેરેની એષણા હોય છે તે લેવા માટે એષણાસમિતિનું ગ્રહણ કરેલ છે. પિંડવિશુદ્ધિને અલગ ઉપન્યાસ એટલા માટે કર્યો છે તે કારણ હોય ત્યારે જ પિંડ ગ્રહણ કરવો, અકારણે નહીં તે જણાવવા માટે છે. અથવા તો આહાર વિના પિંડવિશુદ્ધિ વગેરે સર્વ કરણસિત્તરીની પાલના કરવી અશક્ય છે તેથી ભેદપૂર્વક પ્રરૂપણા કરી છે. (૫૬૨)

હવે ગ્રંથકાર જાતે જ આ ગાથાના દરેક પદોની વ્યાખ્યા કરતા જે દોષોથી રહિત પિંડની વિશુદ્ધિ થાય છે તે દોષોને સામાન્યથી ત્રણ ભેદ પૂર્વક કહે છે.

પિંડવિશુદ્ધિઃ–

सोलस उग्गमदोसा सोलस उपायणाय दोसत्ति ।
दस एसणाय दोसा बायालीसं इह हवन्ति ॥५६३॥

સોળ ઉદ્ગમના દોષો, ઉદ્ગમ એટલે પિંડની ઉત્પત્તિ વખતે થતા આધાકર્મી વગેરે દોષો તે ઉદ્ગમદોષો.

સોલ ઉત્પાદનાના દોષો, મૂળથી શુદ્ધ એવા પિંડને ધાત્રીપણુ કરીને પિંડને દૂષિત કરતાં, જે દોષો ઉત્પન્ન થાય તે ઉત્પાદના દોષો.

દશ એષણાના દોષો. શોધવું તે એષણા, અશન વગેરેના ગ્રહણ વખતે શંકા વગેરે દોષો દ્વારા એષણા કરવી તે એષણાના દોષો છે. આ ત્રણેને ભેગા કરતા બેતાલીસ દોષો થાય છે. (૫૬૩)

ઉદ્ગમદોષ :–

आहाकम्मु १ देसिय २ पूईकम्मे ३ य मीसजाए य ४ ।
ठवणा ५ पाहुडियाए ६ पाओयर ७ कीय ८ पामिच्चे ९ ॥५६४॥

परियट्टिए १० अभिहडु ११ भिन्ने १२ मालोहडे १३ य अच्छिज्जे १४।
अणिसिट्ठे १५ ऽज्झोयरए १६ सोलस पीण्डुग्गमे दोसा ॥५६५॥

૧. આધાકર્મ, ૨. ઔદ્દેશિક, ૩. પૂતિકર્મ, ૪. મિશ્રજાત, ૫. સ્થાપના, ૬. પ્રાભૃતિકા, ૭. પ્રાદુષ્કરણ, ૮. ક્રિત, ૯. પ્રામિત્ય, ૧૦. પરિવર્તિત, ૧૧. અભ્યાહૃત, ૧૨. ઉદ્ભિન્ન, ૧૩. માલાપહૃત, ૧૪. આચ્છેદ્ય, ૧૫. અનિસૃષ્ટ, ૧૬. અધ્યવપૂરક–આ સોલ પિંડના ઉદ્ગમ દોષો છે.

૧. **આધાકર્મ** :–સાધુના નિમિત્તે ચિત્તનું જે પ્રણિધાન તે આધા. જેમકે મારે અમુક સાધુ માટે ભોજન વગેરે બનાવવું છે. આધાવડે જે કર્મ એટલે ભોજન વગેરે પકાવવાની ક્રિયા તે આધાકર્મ. તેના યોગથી તે ભોજન વગેરે પણ આધાકર્મ કહેવાય.

અહીં દોષનું વર્ણન કરવાનો પ્રસંગ હોવા છતાં પણ, જે દોષવાળા આહારની વાત ચાલે છે, તે દોષવાળો આહાર જાણવો. કારણ કે દોષ અને દોષવાનની અભેદપણે વિવક્ષા થાય છે. એ પ્રમાણે બીજા સ્થળે પણ જાણવું.

સાધુને મનમાં ધારીને જે ભોજન વગેરે કરાય તે આધાકર્મ. એટલે સાધુ નિમિત્તે સચિત્ત દ્રવ્યને અચિત્ત કરવું અને અચિત્ત દ્રવ્યને પકાવવું તે.

૨. **ઔદ્દેશિક** :–ઉદ્દેશ કે લક્ષ્યપૂર્વક જે કરવું, તે ઔદ્દેશિક. એટલે યાવદર્થિક વગેરેના પ્રણિધાનપૂર્વક બનેલ, કે તે પ્રણિધાન માટે જે કરાય, તે ઔદ્દેશિક. તે ઔદ્દેશિક–ઓઘ અને વિભાગ–એમ બે પ્રકારે છે. ઓઘ એટલે સામાન્ય અને વિભાગ એટલે પૃથક્કરણ. તેની ભાવના આ રીતે છે. જેમકે આપ્યા વગર કશું મળતું નથી માટે અમે પણ કંઇ આપીએ–એવી બુદ્ધિથી થોડાક વધારે ચોખા વગેરે નાખવા દ્વારા જે અશન વગેરે બનાવાય, તે ઔઘૌદ્દેશિક અર્થાત્ પોતાના અને પારકાનો વિભાગ કર્યા વગરનું જે બનાવાય, તે ઔઘૌદ્દેશિક.

વિવાહ વગેરે પ્રસંગોમાં આહાર વધ્યો હોય, તેને દાન આપવા માટે જુદો કરી રાખે, તે વિભાગૌદ્દેશિક. વિભાગ એટલે પોતાની માલિકી હટાવી જુદુ કરવાવડે તેનો ઉદ્દેશ રાખવો, તે વિભાગૌદ્દેશિક.

(૧) **ઓઘઔદ્દેશિક** :–પ્રાયઃ કરી આ પ્રમાણે હોય છે, દુષ્કાળમાં ભૂખના દુઃખને અનુભવેલ હોય, એવો ગૃહસ્થ સુકાળમાં આમ વિચારે કે 'આપણે ઘણા કષ્ટથી આ દુકાળમાં જીવ્યા છીએ, હવે કંઇક અવસર મળેલ છે, એવા આપણી પાસે દરરોજ યાચકોને સંપૂર્ણ ભોજન દાન કરવાની શક્તિ નથી તો પણ મારે કેટલાક યાચકોને ભિક્ષા આપવી જોઇએ. આપ્યા વગર આ ભવમાં કે પરભવમાં સ્વર્ગ વગેરેમાં સુખાદિ ભોગવી

શકાતા નથી. તેથી આપ્યા પછી જ ભોગવવું જોઈએ. દાતાને પુણ્ય કર્યા વગર સ્વર્ગ ગમન વગેરે પ્રાપ્ત થતા નથી. કરેલ પુણ્ય જ ફલદાન કરવા સમર્થ હોય છે, માટે પુણ્ય ઉપાર્જન બુદ્ધિથી ગૃહસ્થ જ્યારે દરરોજ જેટલા પ્રમાણમાં ભોજન રાંધે તેટલાં પ્રમાણમાં જ ભોજન રાંધતી વખતે ભિક્ષુક કે ગૃહસ્થ કોઈપણ આવશે, તો તેને ભિક્ષા દાન માટે આટલું અને પોતાના માટે આટલું-એવા વિભાગ વગર વધારે પૈાંઆ વગેરે રાંધે ત્યારે આદ્યૌદ્દેશિક થાય છે.

(૨) **વિભાગૌદ્દેશિક** :-તે ત્રણ પ્રકારે છે. ૧. ઉદ્દિષ્ટ, ૨. કૃત, ૩. કર્મ.

૧. જે અશનાદિક પોતાના માટે જ રાંધ્યું હોય, તેમાંથી ભિક્ષાચરોના દાન માટે જુદુ રાખે, તે ઉદ્દિષ્ટ.

૨. જે વધેલા ભાત-શાલિ વગેરેનો ભિક્ષા દાન માટે જ કરંબા વગેરે રૂપે કરે, તે કૃત.

૩. વિવાહ વગેરે પ્રસંગે વધેલા લાડવા વગેરેના ભૂકાને ભિક્ષાચરોને આપવા માટે ગોળ વગેરેના પાક દ્વારા ફરી લાડવા વગેરે રૂપે કરે, તે કર્મ કહેવાય. આ ત્રણેના ફરી ચાર ચાર ભેદ છે.

ઉદ્દેશ, સમુદ્દેશ, આદેશ, સમાદેશ.

૧. તેમાં જે ઉદ્દિષ્ટ, કૃત કે કર્મ વિભાગૌદ્દેશિક ઉદ્દેશ ત્યારે કહેવાય કે જ્યારે આ પ્રમાણે સંકલ્પ કરે કે કોઈપણ ભિક્ષાચરો, પાખંડીઓ કે ગૃહસ્થો આવશે તો તે બધાને મારે આપવું ત્યારે ઉદ્દેશ કહેવાય.

૨. જ્યારે પાખંડીઓને આપવું આવો નિશ્ચય કરે, -તે તે સમુદ્દેશ કહેવાય.

૩. જ્યારે શ્રમણો એટલે બૌદ્ધ શાકય વગેરેને આપીશ-એવું વિચારે ત્યારે આદેશ કહેવાય.

૪. નિર્ગ્રંથ જૈન સાધુને જ આપીશ એવું નિર્ધારે-તે સમાદેશ કહેવાય છે.

આ વાત નવી નથી પણ ઋષિમુનિઓની છે. પિંડનિર્યુક્તિમાં કહ્યું છે કે, જે કોઈપણ આવે તેને આપવું, તે ઉદ્દેશ, પાખંડીઓ માટે કરે, તે સમુદ્દેશ, શ્રમણોને માટે કરે, તે આદેશ અને નિર્ગ્રંથો માટે કરે, તે સમાદેશ થાય છે.

આ પ્રમાણે વિભાગૌદ્દેશિકનાં બાર પ્રકાર થયા.

પ્રશ્ન :-આધાકર્મ અને કર્મ-ઔદ્દેશિકમાં પરસ્પર શું તફાવત છે ?

ઉત્તર :-જે આધાકર્મ છે, તે પહેલેથી જ સાધુ માટે જ બનાવ્યું હોય છે અને કર્મ ઔદ્દેશિક પહેલા તો પોતાના માટે રાંધ્યુ હોય, પણ પછી ઘણા પાકના સંસ્કાર કરવાપૂર્વક બનાવે, તે કર્મઔદ્દેશિક છે.

૩. પૂતિકર્મ :-ઉદ્ગમ વગેરે દોષો રહિત પવિત્ર એવા ભોજન વગેરેને અવિશુદ્ધ કોટીવાળા ભોજનના અવયવ સાથે મેળવી અપવિત્ર કરવું. પવિત્ર ભોજનને જે અશુદ્ધ ભોજન દ્વારા કર્મ કરવું તે પૂતિકર્મ. તેના યોગથી ભોજન વગેરે પણ પૂતિકર્મ કહેવાય.

આનો ભાવાર્થ આ રીતે છે. જેમ સુગંધી મનોહર વગેરે ગુણોથી વિશિષ્ટ શાલિ વગેરેના ભોજનને સડેલા, ગંધાતા, અપવિત્ર વગેરે દ્રવ્યના એક નાના અંશ દ્વારા પણ તે વિશિષ્ટ ભોજન અપવિત્ર થાય છે. અને વિશિષ્ટ લોકોને ત્યાજ્ય થાય છે. તેવી રીતે નિરતિચાર ચારિત્રવાળા સાધુના નિરતિચાર ચારિત્રને સાતિચાર રૂપે અપવિત્ર કરવાના કારણે અવિશુદ્ધ કોટી દ્રવ્યના સંપર્ક માત્રથી સ્વરૂપથી શુદ્ધ આહાર પણ વાપરતાં ભાવપૂર્તિનું કારણ હોવાથી પૂતિકર્મ થાય છે. આધાકર્મ વિગેરે અવયવના લેશમાત્રથી પણ ખરડાયેલ થાળી–ચમચો–વાટકી વિગેરે પૂતિરૂપ હોવાથી છોડી દેવી.

૪. **મિશ્રજાત**–કુટુંબના વિચાર તથા સાધુનો વિચાર કરી બન્ને ભાવ મેળવી જે રસોઈ વિગેરે રાંધી હોય, તે મિશ્રજાત. તે ત્રણ પ્રકારે છે.

૧. યાવદર્થિક, ૨. પાંખંડીમિશ્ર, ૩. સાધુમિશ્ર.

૧. દુષ્કાળ વિગેરેના ટાઈમે ઘણા ભિક્ષુકોને જોઈ તેની દયાની બુદ્ધિથી જે કોઈ ગૃહસ્થો કે ભિક્ષાચરો આવશે, તેઓને આપવા માટે તથા કુટુંબને ખાવા માટેની બુદ્ધિથી સામાન્યરૂપ ભિક્ષુક યોગ્ય અને કુટુંબ યોગ્ય ભેગું કરી જે રાંધે, તે યાવદર્થિકમિશ્રજાત.

૨. જે ફક્ત પાખંડી માટે અને પોતાના માટે જ રાંધે, તે પાખંડીમિશ્રજાત.

૩. જે ફક્ત સાધુ અને પોતાના માટે ભેગું રાંધે, તે સાધુમિશ્રજાત. શ્રમણોને પાખંડીઓમાં ગણેલા હોવાથી જુદા લીધા નથી.

૫. **સ્થાપના** :–સાધુ માટે કેટલાક વખત સુધી જે વસ્તુ રાખી મુકાય, તે સ્થાપના. અથવા આ વસ્તુ સાધુને આપવાની છે–એવી બુદ્ધિથી કેટલાક વખત રાખવું તે સ્થાપના. તે સ્થાપના સંબંધથી આપવા યોગ્ય પદાર્થ પણ સ્થાપના કહેવાય છે. તે સ્થાપના ચૂલા–થાળી વિગેરેમાં સ્વસ્થાન કહેવાય છે. અને શિકા છાબડી વિગેરેમાં પરસ્થાન કહેવાય છે. તથા ચિરકાલીન અને અલ્પકાલીન જે સાધુદાન નિમિત્તે અશનાદિને રાખવું, તે સ્થાપના એ ભાવ છે.

૬. **પ્રાભૃતિકા** :–કોઈક ઇષ્ટ વ્યક્તિને કે પૂજ્યને બહુમાનપૂર્વક જે ઈચ્છિત વસ્તુ અપાય તે, પ્રાભૃત એટલે ભેટ કહેવાય છે. તે ભેટની જેમ સાધુઓને પણ આપવા લાયક ભિક્ષા વગેરે જે વસ્તુ અપાય તે જ [૧]પ્રાભૃતિકા.

તે બે પ્રકારે છે. ૧. મોટા આરંભવાળી તે બાદર એટલે સ્થૂલ અને ૨. અલ્પારંભવાળી તે સૂક્ષ્મ. તે બેને પણ ૧. ઉત્વષ્કણ અને અવષ્વકણ–એમ બે પ્રકારે છે.

ઉત્વષ્કણ એટલે પોતાને કરવા યોગ્ય પ્રવૃત્તિને જે કાળ હોય, તેને કરવાના કાળ પછી કરવી એટલે કામકાજનો સમય મોડો કરવો.

અવષ્વકણ એટલે પોતાને કરવાની પ્રવૃત્તિ હોય, તેને તેના સમય પહેલા કરવી તે.

---

૧. 'પ્ર' એટલે પ્રકર્ષથી એટલે સારી રીતે. 'આ' એટલે સાધુદાનની મર્યાદાપૂર્વક. 'ભૃતિ' એટલે બનાવે, 'યત્ના' એટલે ભિક્ષા, તે પ્રાભૃતા. પછી સ્વાર્થિક 'ક' પ્રત્યય લાગવાથી પ્રાભૃતિકા થયું.

બાદર ઉત્ષ્વષ્કણ પ્રાભૃતિકા પર દૃષ્ટાંતઃ-

જેમ કોઈક નગરમાં કોઈક શ્રાવકે પોતાના સંતાનના વિવાહ કરવાનો વિચાર કર્યો. જોષીએ સારૂં મુહૂર્ત પણ આપ્યું. પણ તે વખતે બીજી તરફ વિચરતાં ગુરુ, તે ગામમાં હતા નહિ. તેથી શ્રાવકે વિચાર્યું કે લગ્નના રસોડામાં અનેક અશન, ખાદ્ય વગેરે મનોરમ બાવા યોગ્ય ચીજો બનશે. તે બાદ્ય ચીજો સાધુના ઉપયોગમાં આવશે નહિ. માટે થોડા દિવસ પછી ગુરુ મહારાજ વિહાર કરતાં કરતાં અહીં આવશે તેમ સંભળાય છે. તો તે વખતે જ મારે લગ્ન રાખવા જોઇએ. જેથી સાધુઓને અશન વગેરે ઘણું ઘણું આપી શકું. જો સુપાત્રમાં અપાય તો અશન વગેરે સાર્થક છે. આ પ્રમાણે કરવાથી મહાપૂણ્યનો લાભ થાય. મોટું કલ્યાણ પ્રાપ્ત થાય. આ રીતે વિચારીને નિર્ધારિત લગ્નને ગુરુને આવવાના સમયે કરે. આ પ્રમાણે વિવાહના દિવસને પાછો ઠેલીને, જે ભોજન વગેરે પકાવાય તે બાદરઉત્ષ્વષ્કણપ્રાભૃતિકા કહેવાય છે.

બાદરઅવષ્વષ્કણપ્રાભૃતિક પર દૃષ્ટાંતઃ-

કોઈક શ્રાવકે પોતાના પુત્ર વિગેરેના વિવાહનો દિવસ નક્કી કર્યો હોય, તેમાં વિવાહના દિવસ પહેલાં જ સાધુઓ વિહાર કરતાં ત્યાં આવી પહોંચે ત્યારે વિચારે કે, 'આ સાધુઓને મારે વિશિષ્ટ અને ઘણું ભોજન પાન વગેરે પૂણ્ય માટે આપવું છે. તે મોટે ભાગે વિવાહ વગેરે મોટા પ્રસંગે ભોજન ઘણું થાય છે. મારા પુત્ર વગેરેનો વિવાહ જ્યારે આવશે, ત્યારે સાધુઓ બીજે વિહાર કરી જશે, તો લાભ નહિ મળે. એમ વિચારી સાધુઓ રોકાયા હોય, તે વખતમાં જ બીજુ મુહૂર્ત નક્કી કરી લગ્ન કરે. અહીં લગ્ન મુહૂર્તનો દિવસ જે થોડા વખત પછીનો હતો, તેને અવષ્કણ કરીને એટલે નજીક કરીને જે ભોજન વગેરે પકાવાય તે બાદરઅવષ્કણપ્રાભૃતિકા છે.

સૂક્ષ્મઉત્ષ્વષ્કણપ્રાભૃતિકા પર દૃષ્ટાંતઃ

કોઈક બાઇ સૂતર કાંતતી હતી. તે વખતે રડતાં બાળકે ભોજન માંગ્યું કે, હે! મા! મને બાવાનું આપ. તે વખતે નજીકના ઘરોમાં બે સાધુને ગોચરી માટે આવેલા જોયા. ત્યારે સૂતર કાંતવાના લોભથી રડતા અને ભૂમ મારતા છોકરાને કહ્યું કે, બેટા તું રડ નહિ, રાડ ન પાડ. આપણા ઘરે સાધુઓ ફરતા ફરતા આવશે, ત્યારે ગોચરી વહોરાવવા ઉભી થઇશ, ત્યારે તને પણ તે વખતે જ બાવાનું આપીશ. પછી બે સાધુ આવ્યા, ત્યારે વહોરાવવા ઉભી થઇ, તે વખતે સાધુને ગોચરી વહોરાવી અને બાળકને ભોજન આપ્યું. અહીં બાળકે જે વખતે ભોજન માંગ્યુ, તે વખતે તે પુત્રને ભોજન આપવું ઉચિત હતું, તે ભવિષ્યમાં સાધુના દાન વખતે જ કરવું તે ઉત્ષ્વષ્કણ. આ સૂક્ષ્મઉત્ષ્વષ્કણ પ્રાભૃતિકા છે.

સૂક્ષ્મ–અવષ્વષ્કણપ્રાભૃતિકા પર દૃષ્ટાંત :–

કોઈ ગૃહસ્થ બાઈ સૂતર કાંતતી હતી. તે વખતે બાળકે ભોજન માંગ્યુ. તો તેને કહ્યું કે, એક પૂણી કાંતી લઉં પછી તને ભોજન આપીશ. એટલામાં સાધુ આવ્યા. તેમને વહોરાવવા માટે ઉભી થઈ. તે વખતે બાળકને ભોજન આપ્યું. અહીં રૂની પૂણી કાંત્યા પછી બાળકને ભોજન આપવાનું નક્કી કરેલ, તે સાધુ નિમિત્તે વહેલા ઉઠીને બાળકને ભોજન આપવું, તે સૂક્ષ્મઅવષ્વષ્કણપ્રાભૃતિકા છે. આ પ્રાભૃતિકા, સાધુ માટે ઉઠેલ અને બાળકને ભોજન આપ્યા પછી હાથ વગેરે ધોવા દ્વારા અપ્કાય વગેરેની વિરાધનાનું કારણ હોવાથી અકલ્પ્ય છે.

૭. **પ્રાદુષ્કરણઃ**–સાધુને આપવા માટે યોગ્ય વસ્તુને દીવો, અગ્નિ કે મણિ વગેરે મૂકીને કે ભીંત વગેરે દૂર કરીને કે બહાર કાઢીને કે રાખીને પ્રગટ કરવી તે પ્રાદુષ્કરણ. તે પ્રાદુષ્કરણ સંબંધથી તે દેવા યોગ્ય ચીજ પણ પ્રાદુષ્કરણ કહેવાય.

જેને પ્રગટ કરાય તે પ્રાદુષ્કરણ. તે બે પ્રકારે છે. પ્રકાશ કરવા વડે અને પ્રગટ કરવા વડે.

કોઈક સાધુ પ્રત્યેની ભક્તિવાળો શ્રાવક, હમેંશા સુપાત્ર દાનથી પવિત્ર કરેલ પોતાના હાથવાળો, તે કંઈક અલ્પ વિવેકના કારણે પોતાના અંધારીયા ઘરમાં રહેલ–સાધુને આપવા યોગ્ય–પદાર્થ દેખાતા ન હોવાથી સાધુને ખપે નહીં–એમ વિચારી, તે પદાર્થને પ્રકાશમાં લાવવા માટે તેજસ્વી મણિ ત્યાં મૂકે અથવા દીવો કે અગ્નિ પેટાવે, અથવા ઝરૂખા કરે, નાનું બારણું મોટું કરે, ભીંતમાં બારી વગેરે મૂકાવે. આ પ્રમાણે દેવા યોગ્ય વસ્તુ જે જગ્યાએ રહી હોય તેને પ્રકાશિત કરવી તે પ્રકાશકરણ.

ઘરમાં જે ચૂલા વગેરે ઉપર પોતાના ઘર માટે રાંધેલ ભાત વગેરેને અંધારામાંથી લઈને બહારના ચૂલાના ભાગે કે ચૂલા સિવાયના બીજા કોઈ પણ ઉજાસવાળા સ્થાને સાધુને વહોરાવવા માટે રાખવું, તે પ્રકટકરણ. આ બંને પ્રકારના પ્રાદુષ્કરણ છજીવ-નિકાયની વિરાધના વગેરે દોષનું કારણ હોવાથી સાધુએ છોડી દેવા.

૮. **ક્રીતદોષઃ**–સાધુ માટે મૂલ્ય વગેરે દ્વારા જે ખરીદ્યું હોય તે ક્રીત. તે ક્રીત ચાર પ્રકારે છે. ૧. આત્મદ્રવ્યક્રીત. ૨. આત્મભાવક્રીત, ૩. પરદ્રવ્યક્રીત, ૪. પરભાવક્રીત.

આત્મદ્રવ્યક્રીતઃ–પોતાના જ દ્રવ્ય એટલે ઉજ્જયંત વગેરે તીર્થોની શેષ વગેરે, રૂપ પરાવર્તન વગેરે કરનારી ગુટીકા, સૌભાગ્ય વગેરે કરનારી રાખડી વગેરે આપવા દ્વારા બીજાને આકર્ષી ભોજન વગેરે લે, તે આત્મદ્રવ્યક્રીત છે. આમાં ઉજ્જયંત વગેરે તીર્થોની શેષ વગેરે આપ્યા પછી નસીબ યોગે તે ગૃહસ્થને અચાનક તાવ વગેરે આવવાથી બિમાર પડે, તો વિચારે કે બોલે કે "આ સાધુએ નિરોગી એવા મને માંદો પાડ્યો" આથી શાસનઅપભ્રાજના થાય. આ વાત રાજા વગેરે જાણે તો પકડે કે મારે વગેરે કરે. હવે જો

પહેલા રોગી હોય અને શેષ વગેરે આપવા દ્વારા નિરોગી થાય, તો આ સાધુઓ ચાટુકારી છે–એ પ્રમાણે સાધુનો લોકમાં ઉડ્ડાહ થાય તથા નિર્માલ્ય વગેરે આપવાથી સારા શરીરવાળો થઈ ઘરના વેપાર વગેરે કાર્યો દ્વારા છ જીવનિકાયનો વિરાધક થવાથી કર્મ બંધન વિગેરે દોષો થાય.

૨. **આત્મભાવક્રીતઃ**–પોતે જાતે ભોજન વગેરે માટે ધર્મકથક, વાદી, તપસ્વી, આતાપના કરનાર તથા કવિ વગેરે ધર્મકથાદિ કરવા દ્વારા લોકોને આકર્ષી તેમની પાસે જે અશનાદિ ગ્રહણ કરે, તે આત્મભાવક્રીત છે. અહીં પોતાના નિર્મલ અનુષ્ઠાન નિષ્ફલ કરવા વગેરે દોષો થાય છે.

૩. **પરદ્રવ્યક્રીતઃ**–પર એટલે ગૃહસ્થે સાધુ નિમિત્તે સચિત્ત, અચિત્ત તથા મિશ્ર દ્રવ્યથી અશનાદિને ખરીદી, સાધુને વહોરાવે તે પરદ્રવ્યક્રીત. આમાં છજીવનિકાયની વિરાધના વગેરે દોષો સમજાય એવા છે.

૪. **પરભાવક્રીતઃ**–પર એટલે મંખ વગેરે, સાધુપરની ભક્તિનાં વશથી પોતાની કળા, વિજ્ઞાન વગેરે બતાવીને કે ધર્મકથા કરીને બીજાને આવર્જીને જે ગ્રહણ કર્યું હોય, તે પરભાવક્રીત. મંખ એટલે કેદારક કે જે પટ બતાવીને લોકોનું આકર્ષણ કરે.

ઉપરાંત નીચે પ્રમાણના પરભાવક્રીતમાં ત્રણ દોષો થાય છે.

૧. ક્રીતદોષ

૨. બીજાના ઘરેથી લાવેલા હોવાથી અભ્યાહૃત.

૩. લાવી લાવીને સાધુ માટે એક જગ્યાએ ભેગું કરી રાખે માટે સ્થાપના દોષ.

૯. **પ્રામિત્યઃ**–'તને ફરી ઘણું આપીશ' એમ કહી સાધુ માટે જે ઉછીનું લેવું, તે અપમિત્ય કે પ્રામિત્ય કહેવાય. અહીં જે ઉછીનું લેવાય, તે ઉપચારઅપમિત્ય કહેવાય, તે બે પ્રકારે છે. લૌકિક અને લોકોત્તર.

૧. લૌકિકમાં ગૃહસ્થે બીજા પાસે ઉછીનું લઈને ઘી વગેરે સાધુને આપે. એમાં દાસપણું, બેડી, બંધન વગેરેના દોષો છે.

૨. લોકોત્તર વસ્ત્રાદિ વિષયક સાધુઓને પરસ્પર જાણવું. તે બે પ્રકારે છે.

A. કોઇનું વસ્ત્ર વગેરે કોઈ લઈ કહે કે, થોડા દિવસ વાપરી પાછું તમને આપીશ.

B. કોઈક વસ્ત્ર વગેરે લઇ એને કહે કે આટલા દિવસ પછી તને આવું જ બીજું વસ્ત્ર આપીશ.

તેમાં પહેલા પ્રકારમાં શરીરાદિના મેલથી મેલું થાય કે ફાટી જાય કે ચોર વગેરે ચોરી જાય કે ખોવાઈ જાય કે પડી જાય, તો તે વસ્ત્ર બાબતેઝ ઘડા વગેરે થાય. આ દોષો થાય અને બીજા પ્રકારમાં માંગનારને દુષ્કર રુચિના કારણે સારું એવું વિશિષ્ટતર બીજું વસ્ત્રાદિ આપવા છતાં ઘણી મહેનતે તેને પ્રસન્ન કરી શકાય. તેથી ગમા–અણગમાના કારણે ઝઘડા વગેરે દોષો સંભવે છે.

૧૦. **પરિવર્તિતઃ**–સાધુના નિમિત્તે જે પરાવર્તન એટલે અદલાબદલી કરવી તે. તેના લૌકિક અને લોકોત્તર–એમ બે પ્રકાર છે. તે બંને પ્રકારના પણ બે–બે પ્રકાર છે.

૧. તદ્દદ્રવ્યવિષયક, ૨. અન્યદ્રવ્યવિષયક.

તેમાં તદ્દદ્રવ્ય વિષયક આ રીતે છે. જેમ કુથિત એટલે બગડેલું ઘી આપીને સાધુ માટે સુગંધી ઘી લે વગેરે.

અન્યવિષયકમાં કોદરા, કૂર વગેરે આપીને શાલિ, ભાત વગેરે લે. આ લૌકિક છે.

લોકોત્તરમાં સાધુને–સાધુની સાથે વસ્ત્રાદિ પરાવર્તનનું સ્વરૂપ પણ બે પ્રકારે જાણી લેવું. આમાં જે દોષો છે તે આગળ પ્રમાણે જાણવા.

૧૧. **અભ્યાહૃતઃ**–ગૃહસ્થે સાધુના નિમિત્તે બીજા સ્થાનેથી લાવેલ આહાર વગેરે તે અભ્યાહૃત. તે બે પ્રકારે છે. આચીર્ણ અને અનાચીર્ણ.

(૧) અનાચીર્ણપ્રચ્છન્ન, (૨) અનાચીર્ણપ્રકટ–એમ બે પ્રકારે છે.

૧. જેમાં સાધુને અભ્યાહતરૂપે બિલકુલ ખબર ન હોય તે પ્રચ્છન્ન.

૨. જેમાં સાધુને ખબર હોય, તે પ્રગટ.

તે બન્ને પણ સ્વગામવિષયક અને પરગામવિષયક–એમ બે પ્રકારે છે. જે ગામમાં સાધુ રહ્યા હોય, તે સ્વગામ અને બાકીના પરગામ.

પ્રચ્છન્નસ્વગામવિષયકઅભ્યાહૃત ઉપર દૃષ્ટાંત :

કોઈક ભક્તિવાળી શ્રાવિકા સાધુને લાભ લેવા માટે સાધુને અભ્યાહૃતદોષની શંકા ન આવે એટલા માટે લહાણીના બહાને લાડુ વગેરે લઈ, સાધુ આગળ એમ કહે કે, હે ભગવંત! હું મારા ભાઈના ઘરે જમણમાં ગઈ હતી; ત્યાંથી મને આ બધું આપ્યું છે. અથવા હું મારા સગાને ત્યાં આ લહાણી મારા ઘરેથી આપવા ગઈ હતી, પણ કોઈક રીસના કારણે તે એમને ન લીધી, તે લઈ પાછી જતી હતી. વચ્ચે ઉપાશ્રય આવ્યો એટલે વંદન કરવા આવી છું. જો આપને ખપે એવું હોય, તો લાભ આપો. તે વખતે જે આપે તે પ્રચ્છન્ન સ્વગામવિષયક અભ્યાહૃત છે.

પ્રચ્છન્નપરગામવિષયકઅભ્યાહૃત ઉપર દૃષ્ટાંતઃ–

કોઈક ગામમાં ઘણા શ્રાવકો હોય અને તે બધા પરસ્પર કુટુંબી હોય, હવે કોઈક વખતે તેમને ત્યાં વિવાહ થયો. તે વિવાહ પૂરો થયો ત્યારે ઘણા લાડવા વગેરે વધ્યા. ત્યારે એમને વિચાર્યું કે જો આ સાધુને વહોરાવીએ તો આપણને મોટું પુણ્ય થાય. કેટલાક સાધુઓ નજીકમાં છે, કેટલાક દૂર છે. વચ્ચે નદી છે માટે અપ્કાયની વિરાધનાના ભયથી આવશે નહીં અને આવેલા સાધુ પણ ઘણા લાડુ વગેરે જોઈને શુદ્ધ છે–એમ કહેવા છતાં પણ આધાકર્મની શંકાથી લેશે નહીં. તેથી જે ગામમાં સાધુઓ છે, ત્યાં છુપી રીતે લઈ જઈએ. એમ વિચારી ત્યાં લઈ ગયા. પછી ઘણાએ વિચાર્યું કે જો સાધુને બોલાવીને આપીશું, તો તે અશુદ્ધની શંકા કરીને લેશે નહીં. માટે બ્રાહ્મણ વગેરેને પણ થોડું થોડું

આપો. આ પ્રમાણે અપાતું સાધુઓ જોશે નહીં તો પણ તેમને અશુદ્ધની શંકા રહેશે માટે જ્યાં આગળથી સાધુ, ઠલ્લે વગેરે જતા આવતા નીકળેલા હોય અને જુએ ત્યાં આગળ બ્રાહ્મણ વગેરેને આપીએ, આમ વિચારી કોઇક નક્કી જગ્યાએ બ્રાહ્મણ વગેરેને થોડું થોડું આપવા માંડે. તે વખતે ઠલ્લે વગેરે કામ માટે નીકળેલા કેટલાક સાધુઓને જોયા અને તેમને આમંત્રણ આપ્યું કે, હે સાધુઓ! આ અમારા વધેલા લાડુઓ ઘણા છે. જો તમને કંઇક ખપ હોય, તો લાભ આપો. સાધુઓ પણ શુદ્ધ જાણીને લે. આ પ્રચ્છન્ન પરગામવિષયકઅભ્યાહૃત છે. આ જો પરંપરાએ ખબર પડે તો પરઠવવું.

પ્રગટસ્વગામવિષયકઅભ્યાહૃત ઉપર દૃષ્ટાંતઃ-

કોઇક સાધુ ભિક્ષા માટે ફરતા ફરતા કોઇ ઘરે ગયા. ત્યાં માનનીય સગાવહાલા વગેરેને જમણ વગેરે ચાલતું હોવાથી તે વખતે સાધુને વહોરાવી ન શકચા હોય, વગેરે કારણોથી કોઇક શ્રાવિકા પોતાના ઘરેથી સાધુના ઉપાશ્રયે લાડુ વગેરે લાવી જે વહોરાવે, તે પ્રગટસ્વગામવિષયકઅભ્યાહૃત છે.

એ પ્રમાણે પરગામવિષયકપ્રગટઅનાચીર્ણ અભ્યાહૃત પણ જાણવું.

આચીર્ણ અભ્યાહૃતઃ-

આચીર્ણઅભ્યાહૃત ક્ષેત્રવિષયક અને ગૃહવિષયક-એમ બે પ્રકારે છે.

ક્ષેત્રવિષયક=ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય-એમ ત્રણ પ્રકારે છે.

કોઇક મોટા ઘરમાં ઘણા જમનારાઓની પંગત બેઠી હોય અને પંગતના એક છેડે સાધુઓ હોય અને બીજે છેડે અશનાદિ દેય ચીજો પડી હોય, ત્યાં સાધુ સંઘાટક સંઘટ્ટા વગેરેના ભયથી જઇ ન શકે, તો સો હાથ પ્રમાણના ક્ષેત્રમાંથી જે લાવ્યા હોય, તે ઉત્કૃષ્ટ આચીર્ણક્ષેત્રાભ્યાહૃત છે. સો હાથ ઉપરથી લાવેલ હોય તો તેનો નિષેધ છે.

મધ્યમક્ષેત્રાભ્યાહૃત-એક હાથના પરાવર્તનથી લઇ સો હાથમાં કંઇક ન્યૂન ક્ષેત્રમાંથી લાવે.

એક હાથનું પરાવર્તનવાળું જઘન્ય ક્ષેત્રાભ્યાહૃત છે,

કર પરાવર્તન એટલે કંઇક હાથ હલાવી શકાય તેટલું ક્ષેત્ર. જેમ કોઇક આપનાર વ્યક્તિ ઉભી રહીને અથવા બેસીને પોતે જાતે હાથમાં રાખેલ લાડું, માંડા વગેરેને આપવા માટે હાથ લંબાવીને રહી હોય, આ પ્રકારે રહેલી તે સાધુના સંઘાટક તે જોઇ તેમને લાડુ દેખાડીને આમંત્રણ આપે ત્યારે તે સંઘાટક તેના હાથ નીચે પાત્રુ રાખે ત્યારે તે બાઈ પોતાના હાથને હલાવ્યા વગર કંઇક મુઠ્ઠી ઢીલી કરે એટલે માંડો વગેરે પાત્રામાં પડે આ ક્ષેત્રવિષયક આચીર્ણ.

ગૃહવિષયકઆચીર્ણઅભ્યાહૃત-આ પ્રમાણે થાય છે. એક લાઇનમાં ત્રણ ઘર રહેલા હોય, તેમાં જ્યારે સાધુ સંઘાટક ભિક્ષા લે, ત્યારે એક સાધુ ધર્મલાભ આપેલ ઘરે ભિક્ષા લે, તે ઘરમાં ભિક્ષા લેતા ઉપયોગ રાખે. પાછળ રહેલ બીજો સાધુ ધર્મલાભ આપેલ સિવાયના બે ઘરમાંથી લવાતી ભિક્ષામાં દાતાના હાથ વગેરેમાં ઉપયોગ રાખે. ત્રણ ઘરમાંથી લેવાયેલ અશનાદિકઆચીર્ણ છે. ચાટ (સાધન વિશેષ) વગેરેમાંથી હોય તો અનાચીર્ણ.

૧૨. ઉદ્ભિન્ન:-ઉદ્ભેદ કરવો એટલે ખોલવું તે. સાધુ વગેરેને ઘી વગેરેનું દાન કરવા માટે, ગાયના છાણ વગેરેથી ઢાંકેલ ઘડા વગેરેના મોઢાને ખોલવું, તે ઉદ્ભિન્ન કહેવાય.

તે પિહિતોદ્ભિન્ન-અને કપાટોદ્ભિન્ન-એમ બે પ્રકારે છે.

(૧) પિહિતોદ્ભિન્ન:-જે છાણ, અગ્નિથી તપાવેલ લાખ, સચિત્ત પૃથ્વીકાય વગેરે ચાંટે એવી ચીકણી ચીજો દ્વારા, દરરોજ ન વાપરવા યોગ્ય ખાંડ, ઘી, ગોળ, વગેરેથી ભરેલા ઘડા, મશક, કુતુપ, કુશૂલ વગેરેના મોઢાને ઢાંકેલ હોય, તેને સાધુના દાન માટે ખોલીને ખાંડ વગેરે સાધુને આપે, તે પિહિતોદ્ભિન્ન કહેવાય છે.

(૨) કપાટોદ્ભિન્ન:-જે ખાંડ, ઘી, ગોળ વગેરેને ઓરડા વગેરે તેમજ મજબૂત અને નિશ્ચલ એવા કબાટના, રોજ નહીં ખોલાતા બારણાને સાધુને દાન આપવા માટે ખોલીને, ગોળ, ખાંડ વગેરે સાધુને આપવા, તે કપાટોદ્ભિન્ન.

અહીં આગળ છજીવનિકાયની વિરાધના વગેરે દોષો છે. તે આ પ્રમાણે :-કુતુપ વગેરેના મોઢાથી સાધુને ઘી વગેરે આપી બીજાની રક્ષા માટે ફરીવાર કુતુપ વગેરેના મોઢાને સચિત્ત પૃથ્વીકાયને પાણીથી ભિંજાવી ઉપર લેપ કરે તેથી પૃથ્વીકાય અને અપ-કાયની વિરાધના થાય. પૃથ્વીકાયમાં મગ વગેરે અને કીડી વગેરે હોવાની સંભાવના હોવાથી ત્રસકાયની પણ વિરાધના થાય.

કોઈક નિશાની માટે લાખ તપાવીને કુતુપ વગેરેના મોઢે લાખની મુદ્રા મારે, તો તેઉકાયની વિરાધના, જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ પણ હોય છે માટે વાયુકાયની પણ વિરાધના, તથા કુતુપ વગેરે પર લેપ કરવા માટે માટી વગેરેને શોધતા દાતાને કોઈક વખત વીંછી વગેરે કરડે અને પીડાય તો લોકો બોલે કે 'અહો ! આ સાધુઓ મહા-પ્રભાવિક છે. જેમને દાન કરવા માત્રથી તરત જ આ ફળ મલ્યું એમ લોકમાં મશ્કરી થાય. જો પહેલેથી કુતુપ વગેરેનું મોઢું સાધુ માટે ખુલ્લું કરી રાખે, તો છોકરા વગેરેને ઘી વગેરે આપવાથી તેમજ ખરીદવા વેચવા દ્વારા પાપ પ્રવૃત્તિ થાય. તે કુતુપ વગેરેના મોઢાને ઢાંકવાનું ભૂલી જાય તો અંદર ઉંદર વગેરે જીવો પડે તો મરી જાય.

કપાટોદ્ભિન્નમાં પણ આ જ દોષો જેમકે કબાટની આગળ કોઈપણ કારણથી પૃથ્વીકાય કે પાણી ભરેલ કરવક એટલે (લોટો) અથવા બીજોરૂ વગેરે મૂકયા હોય, તો તે બારણાને ઉઘાડવાથી તેની વિરાધના થાય. પાણી ભરેલ કરવક (લોટો) વગેરે ઢળી જતા કે ફૂટી જતા પાણી પસરતુ નજીકના ચૂલા વગેરેમાં પણ જાય. ત્યાં અગ્નિ હોય તો તેની વિરાધના થાય. જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ હોય એટલે વાયુકાયની વિરાધના. ઉંદર વગેરેના ઘરમાં પેસે તો કીડી-ગરોળી વગેરે જીવોની વિરાધનાથી ત્રસકાયની વિરા-ધના. તથા દાન કરવું, લે, વેચાણ કરવું વગેરે દ્વારા અધિકરણની પ્રવૃત્તિ થાય, માટે બંને પ્રકારનું ઉદ્ભિન્ન ગ્રહણ ન કરવું.

જો કુતુપ વગેરેના મુખબંધ દરરોજ બંધાતા અને છોડાતા હોય અને તે લાખની મુદ્રા વગર ફક્ત કપડાની ગાંઠ બાંધતા હોય અને સચિત્ત પૃથ્વીકાય વગેરેનો લેપ કરતા ન હોય, તો સાધુ માટે બોલીને પણ જો આપે તો સાધુ ગ્રહણ કરે.

કપાટોદ્ઘાટિનમાં પણ જો બારણું રોજ બોલાતું હોય અને એનો આગળો જમીન સાથે ઘસાય તેવો ન હોય, તેવા કબાટ કે ઓરડા વગેરેમાં રહેલ અશન વગેરે કલ્પે છે.

૧૩. માલાપહૃત :–માળ એટલે શિકા વગેરે. તેના ઉપરથી સાધુ માટે જે ભોજન વગેરે લવાય તે માલાપહૃત છે. તે ચાર પ્રકારે છે. ૧. ઉર્ધ્વમાલાપહૃત, ૨. અધોમાલાપહૃત, ૩. ઉભયમાલાપહૃત, ૪. તિર્યગ્માલાપહૃત.

(૧) ઉર્ધ્વમાલાપહૃત :–જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારે છે.

A. ઊંચે ટીંગાડેલ શિકા વગેરે પરથી ન લઇ શકવાથી પગની પાની ઉંચી કરી પગના અંગુઠા પર ઉભા રહી આંખથી જે ન દેખાતા હોય તેવા અશન વગેરેને જમીન પર રહીને લેવું. પાની થોડી ઊંચી કરી ગ્રહણ થતું હોવાથી જઘન્યઉર્ધ્વમાલાપહૃત છે.

B. નીસરણી વગેરે પર ચઢી, મકાન પર જઇ દાતાર બેન જે આપે તે લેવું તે. નીસરણી વગેરે પર ચડવું વગેરે મોટી ક્રિયાપૂર્વક નીચે લાવી ગ્રહણ થતું હોવાથી ઉત્કૃષ્ટ માલાપહૃત છે.

C. આ બેની વચ્ચેનું મધ્યમમાલાપહૃત છે.

(૨) અધોમાલાપહૃત :–સાધુ માટે ભોંયરા વગેરેમાં જઇ, ત્યાં રહેલ ભોજન વગેરેને લાવી જે આપે તે અધોમાલાપાહૃત.

(૩) ઉભયમાલાપહૃત :–ઊંટડી એટલે કુંભી, કળશ, પેટી, કોઠી, વગેરેમાં રહેલ અશનાદિને આપનાર જો કંઈક કષ્ટપૂર્વક આપતી હોય, તો તે ઉભય એટલે ઉર્ધ્વમાલાપહૃત છે. આમાં ઊંચે અને નીચેની ક્રિયારૂપ કુંભી, કળશ, પેટી, કોઠી વગેરેમાંથી પગ ઊંચા કરી કમ્મરમાંથી વાંકાવળીને કાઢવાનું હોવાથી ઉભયમાલાપહૃત છે. તો આ પ્રમાણે કે મોટી અને ઊંચી કોઠી વગેરેમાં રહેલ દેય પદાર્થને લેવા માટે દાતારને પોતાની પાની ઊંચી કરી એટલે ઉર્ધ્વાશ્રિતમાલાપહૃત અને નીચે તરફ હાથ અને મોઢું કરવાથી એટલે વાંકા વળવાના કારણે અધોમાલાપહૃત એમ બંને પ્રકાર મલવાથી ઉભયમાલાપહૃત થાય છે.

(૪) તિર્યગ્માલાપહૃત :–જ્યારે ભીંત વગેરેમાં ખભા જેટલી ઊંચી જગ્યામાં રહેલ, ગોખલા વગેરેમાં રહેલ તથા મોટા ગવાક્ષ વગેરેમાં રહેલ, પદાર્થને તીર્છો હાથ લાંબો કરી જે પ્રાયઃ આંખવડે અદૃશ્ય હોય, તે અશનાદિ દેય વસ્તુને દાતા આપે, ત્યારે તિર્યગ્માલાપહૃત છે.

પ્રશ્ન :–માળ શબ્દ વડે ઊંચો પ્રદેશ જ કહેવાય છે. તો પછી ભોંયરા વગેરે નીચી ભૂમિમાં રહેલ જગ્યાને માળ શબ્દ શી રીતે કહેવાય ?

ઉત્તર :—અહીં લોક રૂઢિથી ઉચ્ચપ્રદેશ વાચક માળ શબ્દ ન લેવો. પરંતુ સૈદ્ધાંતિક ભાષામાં માળ શબ્દથી ભૂમિગૃહ વગેરે પણ લેવાય છે.

માલાપહૃતમાં બીજા પણ નીચે મુજબ દોષો લાગે છે. માંચડા, માંચી, ઉખરો વગેરે પર ચડી પગની પાની ઊંચી કરી લટકતા સિક્કા વગેરેમાંથી લાડુ વગેરે લેતા કોઇક રીતે માંચા વગેરે ખસી જતા દાતાર ખાઈ પડી જાય તો નીચે રહેલ કીડી વગેરે અને પૃથ્વીકાય વગેરેની વિરાધના થાય અને બાઇનો હાથ વગેરે ભાંગે. જો વિષમ રીતે પડ્યા હોય અને કોઈક અસ્થાન (મર્મ) ભાગમાં વાગે તો જીવ પણ જાય. શાસનની અપ-ભ્રાજના થાય કે 'સાધુ માટે ભિક્ષા લેતા મરી ગઇ' માટે આ સાધુઓ કલ્યાણકારી નથી. દાત્રીનું આ પ્રમાણે અનર્થ થાય છે. એ પણ જાણતા નથી. લોકમાં મૂર્ખપણાનો પ્રવાદ થાય' વગેરે અપભ્રાજના થાય માટે સાધુએ માલપહૃત ન લેવું.

જે દાદર વગેરેના પગથીયા વગેરેથી સુખે ઉતરચડ થતી હોય તેના પર ચડી આપે તો માલપહૃત ન થાય.

સાધુ પણ એષણા શુદ્ધિ નિમિત્તે દાદર વડે મકાન ઉપર ચડે. અપવાદમાર્ગે સાધુ જમીન પર રહ્યા હોય અને ઉપરથી લાવી આપે, તો પણ ગ્રહણ કરે.

૧૪. આચ્છેદ્ય :—સાધુના દાન માટે નોકર કે પુત્ર વગેરેની ઇચ્છા વગર તેની પાસેથી ઝુંટવી લેવું, તે આચ્છેદ્ય. તે ત્રણ પ્રકારે, સ્વામિવિષયક, પ્રભુવિષયક અને ચોર-વિષયક. ગામ વગેરેનો નાયક તે સ્વામિ. પોતાના ઘરનો જ નાયક તે પ્રભુ. સ્તેન એટલે ચોર.

૧. ગામ વગેરેનો મુખી, સાધુઓને જોઈ ભદ્રિકપણાથી કજીયો કરીને કે કજીયો કર્યા વગર બળાત્કારે સાધુ નિમિત્તે કુટુંબીઓ પાસેથી અશનાદિ ઝૂંટવીને સાધુને જે આપે, તે સ્વામિવિષયક આચ્છેદ્ય.

૨. ગોળદીક(ગોવાળ), નોકર, પુત્ર, પુત્રી,વહુ, સ્ત્રી વગેરેનું દૂધ વગેરે અશનાદિ. એમની પાસેથી એમની ઇચ્છા વગર ગૃહનાયક, ઝૂંટવીને સાધુને આપે તો તે પ્રભુવિષયક આચ્છેદ્ય.

૩. કેટલાક ચોરો સાધુ તરફ ભક્તિવાળા હોય છે. તેથી તેઓ રસ્તે આવતા કોઈક વખત સાર્થ સાથે આવેલા અને ભોજન માટે સાર્થના માણસોમાં ગોચરી ફરવા છતાં પણ પૂરી ભિક્ષા ન મળેલ, એવા સાધુઓને જોઈ, તેમના માટે પોતાના કે સાર્થના માણસો પાસેથી બળાત્કારે ઝૂંટવી ભાથુ વગેરે આપે, તે સ્તેનવિષયક આચ્છેદ્ય.

આ ત્રણે પ્રકારનું આચ્છેદ્ય સાધુઓને ખપે નહીં. કારણ કે અપ્રીતિ, કલહ, આપઘાત, અંતરાય દ્વેષ વગેરે અનેક દોષોનો સંભવ છે. ફક્ત સ્તેનાછેદ્યમાં આટલી વિશેષતા છે કે જેમનું ભોજન વગેરે ઝૂંટવીને ચોરો સાધુને આપતા હોય, ચોરો દ્વારા આપતી વખતે તે જ સાર્થિકો જો આ પ્રમાણે બોલે કે 'ચોરો અમારું જરૂર લેવાના છે. તો પછી ચોરો જો તમને અપાવે તો અમને મોટો સંતોષ છે' આ પ્રમાણે સાર્થના માણસોની રજા

મળવાથી, સાધુ ગોચરી લઈ શકે. ચોરની બીકથી જો લીધું હોય તો ચોરોના ગયા પછી ફરી લીધેલું તે પાછું તેમને આપી દે અને 'કહે કે ચોરના ભયથી અમે લીધું હતું, હવે તે જતો રહ્યા છે. તેથી આ તમારૂં દ્રવ્ય તમે લઈ લો' આ પ્રમાણે કહ્યા પછી જો તેઓ રજા આપે કે 'અમે પણ તમને આપ્યું છે' તો ખપે એવું હોવાથી, વાપરી શકે.

૧૫. અનિસૃષ્ટ :–બધા માલિકોએ જે વસ્તુને સાધુના દાન માટે રજા ન આપી હોય, તે અનિસૃષ્ટ. ૧. તે સાધારણઅનિસૃષ્ટ, ૨. ચોલ્લકઅનિસૃષ્ટ, ૩. જડ્ડુઅનિસૃષ્ટ એમ ત્રણ પ્રકારે છે.

૧. ઘણા જણા વચ્ચેની જે વસ્તુ હોય તે સાધારણ.

૨. શેઠે ખેતરમાં રહેલા નોકરને આપેલ કે સેનાપતિ (રાજા)એ સૈનિકોને આપેલ, જે દેશી ભાષામાં ભક્ત (ભાથુ) કહેવાય છે, તે ચોલ્લક.

૩. જડ્ડુ એટલે હાથી તેને માટેનું જે ભોજન, તેઓની રજાવગર સાધુઓને લેવું ખપે નહીં

૧. સાધારણ અનિસૃષ્ટ : યંત્ર, દુકાન, ઘર વગેરેમાં રહેલ તલકુટ્ટી તેલ, વસ્ત્ર, લાડુ, દહીં વગેરે આપવા યોગ્ય વસ્તુ અનેક પ્રકારની હોય છે. ઘાણી વગેરે યંત્રમાં તલકુટ્ટી અને તેલ, દુકાનમાં વસ્ત્ર વગેરે, ઘરમાં અશનાદિ જે સર્વજન સાધારણ હોય, તેને સર્વ સ્વામિ રજા ન આપે અને કોઈક એક જણ સાધુને આપે, તો તે સાધારણ અનિસૃષ્ટ.

૨. ચોલ્લક : છિન્ન અને અચ્છિન્ન એમ બે પ્રકારે છે. તેમાં કોઈક–કુટુંબી ખેતરમાં હળ ખેડનારાઓને કોઈના દ્વારા ભોજન મોકલે. તે જો દરેક હળખેડનારને જુદા જુદા વાસણમાં અલગ કરીને મોકલાવ્યું હોય તો છિન્ન ચોલ્લક કહેવાય અને બધા હળ ખેડનારના માટે એક જ વાસણમાં ભેગુ કરીને મોકલે તો અછિન્ન.

તેમાં જે ચોલ્લક જેના નિમિત્તનો જે ભાગ હોય તે–તે ચોલ્લક દ્વારા મૂળ સ્વામિના જોતા કે ન જોતા આપે તો સાધુને ખપે. કેમકે ભાગ પડવાથી પોતાની માલિકી કરી આપ્યું છે માટે ખપે.

અછિન્ન પણ કૌટુંબિક વડે જે હળ ખેડનારાઓને યોગ્ય મોકલાવેલ ભાગ, તે બધાયે હળખેડનારા વડે દાન માટે રજા અપાયી હોય, મૂળ માલિક જોતો હોય કે ન જોતો હોય, તો પણ ખપે. તે બધાએ રજા ન આપી હોય અને મૂળ માલિકની રજા હોય, તો ન ખપે. કેમકે દ્વેષ અંતરાય, પરસ્પર કલેશ થવાના કારણે દોષ લાગે છે.

૩. જડ્ડુઅનિસૃષ્ટ એટલે હાથી અને રાજાએ રજા ન આપી હોવાથી મહાવત દ્વારા અપાયેલ ભોજન ન ખપે. કેમકે હાથીનું ભોજન રાજાની માલિકીનું છે. તેથી રાજાની રજા–વગર લેવાથી પકડવા, બાંધવા, વેષ પડાવી લેવો વગેરે દોષો થાય. અથવા મારી રજા આજ્ઞા વગર આ સાધુને ભિક્ષા આપે છે –એમ વિચારી ગુસ્સે થઇ રાજા મહાવતને નોકરીમાંથી છૂટો કરે. આથી તેની આજીવિકા સાધુના નિમિત્તે નાશ પામી એટલે સાધુને

અંતરાયદોષ થાય અને સાધુને રાજાની રજા વગર લેવાથી અદત્તાદાનનો દોષ લાગે. અને હાથીના દેખતા તો મહાવતના ભાગનું પણ ન લેવું. કેમકે હાથી સચેતન (બુદ્ધિશાળી) છે. તેથી મારા ખાવામાંથી આ સાધુ ભિક્ષા લે છે–એ પ્રમાણે વિચારી કદાચિત્ ગુસ્સે થયેલ તે રસ્તે ફરતા ઉપાશ્રયમાં સાધુને જોઈ તેમના ઉપાશ્રયને તોડી નાંખે કે સાધુને પણ ગમે તે રીતે મારી નાંખે.

૧૬. **અધ્યવપૂરક** :– અધિ એટલે વધારે. અવપૂરણ એટલે ભરવું, ઉમેરવું. પોતાના લાભ માટે આપેલ ઉપાશ્રય વગેરેમાંથી સાધુને આવેલા જાણી, તેમના લાયક ભોજન બનાવવા માટે અધિક ઉમેરવું તે અધ્યવપૂરક. તે અધ્યવપૂરકથી યુક્ત જે ભોજન પણ અધ્યવપૂરક કહેવાય. ૧. તે સ્વગૃહ્યાવદર્થિકમિશ્ર, ૨. સ્વગૃહસાધુમિશ્ર, ૩. સ્વગૃહ-પાખંડમિશ્ર–એમ ત્રણ પ્રકારે છે.

સ્વગૃહશ્રમણમિશ્ર તો સ્વગૃહપાખંડમિશ્રમાં અંતર્ગત છે માટે જુદું કહ્યું નથી.

યાવદર્થિક વગેરેના આવવા પહેલા ચૂલો સળગાવવો, તપેલીમાં પાણી ગરમ કરવું વગેરે આરંભ પોતાના માટે કર્યો હોય અને પછી યથા સંભવ યાવદર્થિક વગેરે ત્રણમાંથી કોઈપણ આવે, ત્યારે તેના માટે વધારે ભાત વગેરે ઉમેરે તો આ અધ્યવપૂરક કહેવાય.

પ્રશ્ન :– અધ્યવપૂરક અને મિશ્રજાતમાં શું ભેદ છે?

ઉત્તર :– મિશ્રજાતદોષ પહેલેથી યાવદર્થિક વગેરે સાધુના માટે તેમજ પોતાના માટે બનાવાય છે. અને અધ્યવપૂરકમાં પ્રથમ તો પોતાના માટે બનાવાતું હોય છે, પછી યાવદર્થિક સાધુ કે પાખંડી આવ્યા છે –એમ જાણી, તેમના માટે પાછળથી વધારે પાણી ચોળા વગેરે ઉમેરાય છે.

અહીં સ્વગૃહયાવદર્થિકમિશ્ર અધ્યવપૂરક શુદ્ધ આહારમાં, જેટલા કણીયા કાર્પટિક વગેરે માટે પાછળથી નાંખ્યા હોય, તેટલા કણીયા વાસણમાંથી દૂર કર્યા પછી કે કાર્પટિક વગેરેને આપ્યા પછી, જે બચેલું ભોજન હોય, તે સાધુને ખપે. આથી જ આ વિશોધિ કોટિ કહેવાય છે.

સ્વગૃહપાખંડમિશ્ર કે સ્વગૃહસાધુમિશ્રમાં શુદ્ધાહારમાં પડેલ જેટલું અધ્યવપૂરક નાંખેલ હતું તે વાસણમાંથી જુદું કર્યા પછી કે પાખંડી વગેરેને આપ્યા પછી જે બચે તે સાધુને ન ખપે. કારણ કે તે સમસ્ત આહાર પૂતિદોષવાળો થઈ ગયો છે. ૫૬૪–૫૬૫.

ઉત્પાદના દોષ–

धाई १ दूइ २ निमित्ते ३ आजीव ४ वणीमगे ५ तिगिच्छा ६ य ।
कोहे ७ माणे ८ माया ९ लोभे १० य हवंति दस एए ॥५६६॥
पुव्वि पच्छा संथव ११ विज्जा १२ मंते १३ य चुण्ण १४ जोगे १५ य।
उप्पायणाय दोसा सोलसमे मूलकम्मे १३य ॥५६७॥

૧. ધાત્રી, ૨. દૂતિ, ૩. નિમિત્ત, ૪. આજીવક, ૫. વણિમગ, ૬. ચિકિત્સા, ૭. ક્રોધ, ૮. માન, ૯. માયા, ૧૦. લોભ, ૧૧. પૂર્વ સંસ્તવ-પશ્ચાત્ સંસ્તવ, ૧૨. વિદ્યા, ૧૩. મંત્ર, ૧૪. ચૂર્ણ, ૧૫. યોગ, ૧૬. મૂળકર્મ-આ ઉત્પાદના સોળ દોષો છે.

૧. ધાત્રીપિંડ :- ધાત્રી એટલે બાળકો જેને ધાવે પીવે તે ધાત્રી. અથવા બાળકોને દૂધ પીવડાવવા માટે જે ધારણ કરે તે ધાત્રી. બાળકને પાળનારી સ્ત્રી. તેના પાંચ પ્રકાર છે. ૧. દૂધધાત્રી, ૨. મજ્જનધાત્રી, ૩. ક્રીડનધાત્રી, ૪. મંડનધાત્રી, ૫. ઉત્સંગધાત્રી.

અહીં ધાત્રીપણું કરવું કે કરાવવું તે વિવક્ષાથી ધાત્રી શબ્દ કહેવાય છે. માટે ધાત્રીનો જે પિંડ (આહાર) તે ધાત્રીપિંડ. ધાત્રીપણું કરવા-કરાવવા દ્વારા જે પિંડપ્રાપ્ત કરાય તે ધાત્રીપિંડ. એ પ્રમાણે દૂતિ વગેરે પિંડમાં પણ વિચારવું.

આની વિચારણા આ પ્રમાણે છે :-કોઈક સાધુ ગોચરી માટે પૂર્વ પરિચિત ઘરે ગયા, ત્યાં રડતા છોકરાને જોઈ તેની માતાને કહ્યું કે ' હજુ આ બાળક દૂધ પીતો (ધાવણો) છે માટે દૂધ વગર ભૂખ્યો થયેલ, તે રડે છે. તેથી મને જલ્દી ગોચરી વહોરાવ પછી આ બાળકને ધવડાવ. અથવા પહેલા આ બાળકને ધવડાવ પછી મને વહોરાવ. અથવા તો હમણા મારે ગોચરી જોઇતી નથી, બાળકને જ ધવડાવ. હું બીજા ઘરોએ જઇને પાછો અહીં આવીશ, તું શાંતિથી બેસ, હું જ કોઈ જગ્યાએથી દૂધ લાવી પીવડાવું. આ પ્રમાણે ધાત્રીપણું કરે.

એમ કહે કે બાળકને ધવડાવવાથી બાળક બુદ્ધિશાળી, દીર્ઘાયુ અને નિરોગી થાય અને અપમાનિત કરવાથી આનાથી વિપરીત થાય છે. લોકમાં પુત્ર દર્શન દુર્લભ છે. માટે બીજા બધા કામ છોડી આ બાળકને ધવડાવ.

આ પ્રમાણે કરવાથી ઘણા દોષો થાય છે. બાળકની મા જો ભદ્રિક હોય તો આકર્ષિત થઈને આધાકર્મ વગેરે કરે. તથા સાધુને ચાટુ કરતા જોઈ બાળકના સગા અને આડોસી-પાડોશીઓ બાળકની માતા સાથે સાધુના સંબંધની સંભાવના કરે. જો બાળકની માતા અધર્મી હોય તો દ્વેષ કરે કે ' અહો જુઓ આ સાધુની પારકી પંચાત ! તથા વેદનીય કર્મના વશથી કદાચ બાળકને તાવ વગેરે માંદગી થાય, તો બાળકની માતા સાધુ સાથે ઝઘડો કરે કે ' તમે મારા બાળકને માંદો પાડયો ' આથી શાસનની હીલના થાય.

કોઇક શેઠના ઘરે બાળકને ધવડાવનારી ધાત્રીને પોતાની બુદ્ધિના પ્રપંચ વડે દૂર કરાવી, બીજીને સ્થાપન કરવા માટે ધાત્રીપણાના લક્ષણ અને દોષ કહે છે. તે આ પ્રમાણે-

ગોચરી ગયેલ કોઇક સાધુ, કોઇક ઘરમાં, કોઇક બાઈને શોક કરતી જોઇને પૂછે ' કેમ આજે તમને ઉદાસીનતા દેખાય છે ?' તે બાઈ કહે કે ' હે સાધુ મહારાજ ! દુઃખ તો દુઃખમાં સહાયક થનારને જ કહેવાય.' સાધુ કહે ' સહાયક કોને કહેવાય ?' તે બાઈ

કહે કે 'જે કહેવાયેલા દુઃખને દૂર કરે, તે દુઃખ સહાયક કહેવાય.' સાધુ કહે કે 'મારા સિવાય બીજો કોણ તેવો છે?' તે કહે કે 'હે ભગવંત! અમુક ઘરમાં બીજી ધાત્રીએ મને ધાત્રીપણાથી દૂર કરાવી, તેથી હું દુઃખી છું?' ત્યારે સાધુ અભિમાનમાં આવી એમ કહે કે 'જ્યાં સુધી તને ત્યાં આગળ રખાવું નહીં ત્યાં સુધી તારી ભિક્ષા હું લઇશ નહીં.'

આ પ્રમાણે કહી જેને દૂર કરવાની છે તે ધાત્રીને ન જોઈ હોવાથી તેના સ્વરૂપને ન જાણતો, તે તેના સ્વરૂપને પૂછે કે 'તે યુવાન છે, પ્રૌઢા છે કે ઘરડી છે? નાના સ્તનવાળી છે કે મોટા સ્તનવાળી છે. અણીદાર સ્તનવાળી છે? માંસ ભરપૂર છે કે પતલી છે? કાળી છે કે ગોરી છે?' વગેરે પૂછીને તે શેઠને ત્યાં જઈ તે બાળકને જોઇ શેઠની આગળ ધાત્રીના દોષો બોલે કે ઘરડી ધાત્રીના સ્તન નબળા હોય છે, તેને ધાવનારો બાળક પણ નિર્બળ થાય. પતલી ધાત્રીના સ્તન નાના હોય, તેને ધાવનારો બાળક પણ પૂરૂં ધાવણ ન મળવાના કારણે દુઃખી થવાથી પતલો જ રહે. મોટા સ્તનવાળી ધાત્રીને ધાવવાથી બાળક કોમળ અંગવાળો હોવાથી સ્તન દ્વારા નાક દબાવવાના કારણે ચિબડા નાકવાળો થાય છે. કૂર્પરાકાર સ્તનવાળી ધાત્રીને ધાવવાથી બાળકને હમેંશા સ્તન તરફ મોઢું લંબાવવું પડતું હોવાથી સૂચી (સોય) ના જેવા મોઢાવાળો થાય.

કહ્યું છે કે ઘરડીને ધાવવાથી નિર્બળ, કૂર્પર સ્તન ધાવવાથી સૂચીમુખ, મોટા સ્તનવાળીને ધાવવાથી ચીપટા નાકવાળો અને પાતળીને ધાવવાથી પતલો થાય. જાડીને ધાવવાથી જડ થાય અને પતલીને ધાવવાથી નિર્બળ થાય માટે મધ્યમ બળવાળી ધાત્રીનું ધાવણ પુષ્ટિકર થાય છે.

હવે નવી સ્થાપેલ ધાત્રી કાળા વગેરે જે અધિક વર્ણવાળી હોય, તો તેને તે રીતે નિંદે જેમકે, કાળી ધાત્રી બાળકના રંગને નાશ કરે છે. ગોરી ધાત્રી બળહીન હોય માટે શ્યામા (ઘઉંવર્ણી) બળ વર્ણ માટે ઉત્તમ છે.

આવી વાતો ઘરના માલિક સાંભળીને વૃદ્ધ વગેરે સ્વરૂપવાળી ચાલુ ધાત્રીને દૂર કરી અને સાધુ સમ્મત ધાત્રીને રાખે. તે ધાત્રી પ્રસન્ન થઇને સાધુને સુંદર ઘણી ગોચરી વહોરાવે તે ધાત્રીપિંડ.

આમાં ઘણા દોષો છે, તે આ પ્રમાણે. જે ધાત્રીને દૂર કરાવી તે દ્વેષને ધારણ કરે તથા સાધુને કલંક આપે કે "આ ધાત્રી સાથે સાધુને આડો સંબંધ છે.' અતિ દ્વેષ થાય તો ઝેર વગેરે આપી કયારેક મારી પણ નાંખે. હવે જે જૂનીને દૂર કરી નવી ધાત્રી રાખી હોય તે પણ કયારેક એમ વિચારે કે જેમ આને જૂનીને દૂર કરી મને રખાવી, તેમ બીજી કોઇની વિનંતિથી મને પણ અહીંથી ધાત્રીપણાથી દૂર કરાવશે માટે એવું કરું કે એ સાધુ જ ન રહે. એમ વિચારી ઝેર વગેરેના પ્રયોગથી મારી નાંખે.

એ પ્રમાણે મજ્જન એટલે સ્નાન, મંડન એટલે શણગાર, ક્રિડનક એટલે રમાડવું, અંક એટલે ખોળામાં બેસાડવું આદિ ધાત્રીપણું કરવા કરાવવામાં દોષો વિચારીને જાણવા.

૨. દૂતિદોષ :–દૂત એટલે એક બીજાના સંદેશા પહોંચાડનાર. તેથી દૂતીત્વ એટલે પરસ્પરના સંદેશો પહોંચાડીને સાધુ દ્વારા જે પિંડ મેળવાય તે દૂતીપિંડ. તે સ્વગામ અને પરગામવિષયક એમ બે પ્રકારે છે.–

જે ગામમાં સાધુ રહ્યા હોય તે જ ગામમાં જે સંદેશો કહે, તો સ્વગામ દૂતી.

જે પરગામમાં જઇને સંદેશો કહે, તો પરગામ દૂતી.

આ બન્ને ગુપ્ત અને પ્રગટ એમ બે–બે પ્રકારે છે તેમાં પ્રચ્છન્ન એટલે ગુપ્ત તે બે પ્રકારે છે.

૧. લોકોત્તરવિષયક એટલે બીજા સંઘાટક સાધુથી પણ ગુપ્ત.

૨. લોક લોકોત્તર વિષયક એટલે બાજુમાં રહેલ લોક અને બીજા સંઘાટક સાધુથી પણ ગુપ્ત.

કોઇક સાધુ ભિક્ષા માટે જતા, તેના વિશેષ લાભ માટે તે જ ગામના મહોલ્લામાં કે બીજા ગામમાં માતા વગેરેના સંદેશાને તેની પુત્રી વગેરે આગળ જઈ કહે, કે તારી માતા કે તારા પિતા કે તારા ભાઇએ તને કહેવડાવ્યું છે કે, તારે આજે અહીં આવવું વગેરે. આ પ્રમાણે સ્વપક્ષ–પરપક્ષને સાંભળતા નિઃશંકપણે કહે તે પ્રગટ સ્વગામ પરગામ વિષયક દૂતીત્વ.

કોઇક સાધુને કોઇક દિકરીએ માતાને પોતાના ગામમાં કે પરગામમાં સંદેશો કહેવા માટે વિનંતી કરી. ત્યારે તે સંદેશો ધારી તેની માતા વગેરે પાસે જઈ એમ વિચારે, કે દૂતીપણું પાપકારી હોવાથી નિંદનીય છે. તેથી સંઘાટક બીજો સાધુ મને દૂતી દોષ દુષ્ટ આહાર છે –એમ જાણીને નિષેધ ન કરે માટે, બીજી રીતે કહે કે 'હે શ્રાવિકા ! તારી દિકરી અતિભોળી છે કે જે સાવદ્ય યોગના પચ્ચક્ખાણવાળા અમને કહે, કે 'મારી માને આટલું કહેજો, હું આ પ્રયોજનથી આવવાની છું વગેરે' ત્યારે તે શ્રાવિકા પણ ચતુરાઇથી મનનો ભાવ જાણી બીજા સંઘાટક સાધુને વહેમ ન પડે માટે કહે કે 'હું હવે તેને તમારી આગળ આવી વાત કરતા રોકીશ' આ પ્રમાણે સંઘાટક સાધુથી છૂપાવવાથી અને લોક આગળ નહીં છૂપાવવાથી લોકોત્તર પ્રચ્છન્ન સ્વગામ પરગામ વિષયક દૂતીપણું છે.

લોક લોકોત્તર ઉભય પ્રચ્છન્ન આ પ્રમાણે છે. કોઇક શ્રાવિકા સાધુને આ પ્રમાણે કહે કે ' મારી મા વગેરેને તમે આમ કહેજો કે ' તારું કામ ' જે તને ખબર છે તે તું જાણે છે તે રીતે થઈ ગયું છે' અહીં સંઘાટક સાધુ અને લોકોથી સંદેશાનો ભાવ ન જાણતો હોવાથી ઉભય પ્રચ્છન્નપણું છે.

આ બધામાં ગૃહસ્થના સાવદ્યકાર્યમાં પ્રવૃતિ દ્વારા જીવવિરાધના વગેરે દોષો થાય છે.

૩. **નિમિત્ત** :– ભૂતકાળ વગેરેને જાણવા માટેની શુભ–અશુભ ચેષ્ટા વગેરેનું જે જ્ઞાન, તે નિમિત્ત. તેનું જે જ્ઞાન પણ ઉપચારથી નિમિત્ત કહેવાય. તે નિમિત્ત કહીને મેળવેલ પિંડ (આહાર) તે નિમિત્તપિંડ.

કોઈક સાધુ ગોચરી વગેરે મેળવવા માટે ગૃહસ્થ આગળ નિમિત્તોને કહે. જેમ 'ગઈકાલે તને આવું સુખ–દુઃખ થયું હતું.' અથવા ભવિષ્યમાં 'અમુક ટાઈમ કે દિવસે તને રાજા તરફથી લાભ થશે. અથવા આજે તને આવું આવું થશે.' તે ગૃહસ્થો પણ લાભ–અલાભ, સુખ–દુઃખ, જીવિત–મરણ વગેરે વિષયક પૂછેલ કે ન પૂછેલને ધૃષ્ટતા-પૂર્વક કહે. તેની કહેલી વાત સાંભળીને આકર્ષિત થયેલ, તેઓ સાધુને લાડુ વગેરે વિશિષ્ટ ગોચરી ઘણી આપે, તે નિમિત્તપિંડ કહેવાય. એ સાધુને ન ખપે.

આત્મવિષયક પરવિષયક કે ઉભયવિષયક નિમિત્તથી અનેક જીવોના વધ વગેરેનો સંભવ હોવારૂપ અનેક દોષો છે.

૪. **આજીવક** :–જેનાથી જીવાય તે આજીવન એટલે આજીવિકા. તે આજીવિકા પાંચ પ્રકારે ૧. જાતિવિષયક ૨. કુલવિષયક ૩. ગણવિષયક ૪. કર્મવિષયક ૫. શિલ્પવિષયક. તે સૂચા અને અસૂચા એમ બે પ્રકારે છે. સૂચા એટલે કોઈક વિશિષ્ટ વચન રચના વડે કહેવું તે અને અસૂચા એટલે પ્રગટ વચન વડે જણાવવું તે. સાધુ સૂચા અને અસૂચા વડે પોતાની જાતિ પ્રગટ કરી જીવે તે જાતિઆજીવક.

જેમ કોઈ સાધુ ભિક્ષા માટે ફરતા કોઈ બ્રાહ્મણના ઘરે પ્રવેશ કરે, ત્યાં બ્રાહ્મણના છોકરાને હોમ વગેરેની ક્રિયાને સારી રીતે કરતો જોઈ, તેના બાપ આગળ પોતાની જાત પ્રગટ કરવા માટે કહે કે, સમિધ, મંત્ર, આહુતિ, સ્થાન, યાગ, કાળ, ઘોષ વગેરેને આશ્રયિને શુદ્ધ કે અશુદ્ધ ક્રિયા થાય છે. લીલાપીપળા વગેરે ડાળખીનો ટુકડો સમિધરૂપે છે. ૐ વગેરે પ્રણવાક્ષરરૂપ વર્ણો મંત્રો છે. અગ્નિમાં ઘી વગેરે નાંખવા તે આહુતિ છે. ઉત્કટુક વગેરે આસનોને સ્થાન કહેવાય. અશ્વમેધ વગેરે યજ્ઞો કહેવાય. પ્રભાત વગેરે કાળ. ઉદાત્ત–અનુદાત વગેરે ઘોષ. જ્યાં જે યોજવો જોઇએ ત્યાં તે યોજાય તે સમ્યક્ક્રિયા. જ્યાં સમિધ વગેરે ઓછા વધતા કે વિપરીતરૂપે પ્રયોગાય તે સમ્યક્ક્રિયા ન કહેવાય.

આ તમારો પુત્ર હોમ વગેરેની સમ્યક્ક્રિયા કરતો હોવાથી શ્રોત્રિયનો પુત્ર છે અથવા વેદ વગેરે શાસ્ત્રના પારંગત ઉપાધ્યાયની પાસે સારી રીતે ભણ્યો છે–એમ જણાઇ આવે છે. આ પ્રમાણે કહેવાથી તે બ્રાહ્મણ કહે 'હે સાધુ! તમે જરૂર બ્રાહ્મણ છો. એટલે હોમ વગેરેની ભૂલ વગરની વાતો જાણો છો અને સાધુ મૌન રહે. આ સૂચા વડે **સ્વજાતિ પ્રકટન છે.**

અસૂયા જાતિઆજીવક એટલે આહાર માટે પોતાની જાતિ પ્રગટ કરે, જેમકે હું બ્રાહ્મણ છું.

આમાં ઘણા દોષો છે. તે આ પ્રમાણે કે જો તે બ્રાહ્મણ ભદ્રિક હોય તો પોતાની જાતિ પક્ષપાતથી ઘણો આહાર વગેરે સાધુના નિમિત્તે બનાવીને આપે, તેથી આધાકર્મનો દોષ લાગે. હવે જો અભદ્રિક હોય, તો આ પાપાત્મા ભ્રષ્ટ થયો છે જેથી બ્રાહ્મણપણું છોડી દીધું છે.–એમ વિચારી પોતાના ઘરમાંથી બહાર કાઢી મૂકે. એ પ્રમાણે ક્ષત્રિય વગેરે જાતિઓમાં પણ જાણવું તથા કુલ વગેરેમાં પણ સમજવું.

૫. વનિપક :–વન્ ધાતુ માંગવાના અર્થમાં છે. વનિપક એટલે દાતારને માન્ય શ્રમણ વગેરેનો પોતે ભગત છે—એમ બતાવી જે પિંડ–આહાર માંગવો તે.

કોઈક સાધુ–યતિ, નિર્ગ્રંથ, શાક્ય, તાપસ, પરિવ્રાજક, આજીવક, બ્રાહ્મણ, પ્રાધૂર્ણક, શ્વાન (કૂતરા), કાગડા, પોપટ, વગેરેના ભક્ત ગૃહસ્થના ઘરે ભિક્ષા માટે પ્રવેશ કરે અને તેની આગળ અશનાદિ લેવા માટે નિર્ગ્રંથ વગેરેના ગુણ વર્ણવવા દ્વારા પોતાને નિર્ગ્રંથ વગેરેનો ભક્ત જણાવે. તે આ પ્રમાણે.

તે સાધુ નિર્ગ્રંથ ભક્ત શ્રાવકના ઘરે પ્રવેશ કરી નિર્ગ્રંથોને આશ્રયિને બોલે કે, 'હે કુલતિલક શ્રાવક ! તમારા આ ગુરુ તો અતિશય જ્ઞાન વગેરેથી શોભે છે. બહુશ્રુત છે. શુદ્ધ ક્રિયાનુષ્ઠાન પાલન પરાયણ છે. સુંદર સામાચારી આચરવા વડે ચતુર ધર્મીજનોના મનને આશ્ચર્ય પમાડનાર છે. મોક્ષ નગરના રસ્તામાં સાર્થવાહ જેવા છે વગેરે. તથા બૌદ્ધોપાસકના ઘરે જાય તો ત્યાં બૌદ્ધ સાધુને જમતા જોઈ તેના ઉપાસકો આગળ તેમની પ્રશંસા કરે કે, અહો ! આ મહાનુભાવો બુદ્ધશિષ્યો ચિત્રમાં ચિતરેલાની જેમ સ્થિર અને પ્રશાંત ચિત્તવૃત્તિવાળા બેઠા રહ્યા છે. મહાત્માઓએ આવી રીતે જ જમવું જોઈએ. આ લોકો દયાળુ છે અને દાનવીર છે. વગેરે પ્રશંસા કરે.

એ પ્રમાણે તાપસ, પરિવ્રાજક, આજીવક, બ્રાહ્મણ વગેરે આશ્રયિને તેમના ગુણો તેમના દાન વગેરેની પ્રશંસા કરવા વડે વનિપક–પણું જાણવું.

અતિથિ ભક્તની આગળ એમ બોલે કે લોકોમાં મોટે ભાગે ઓળખીતાને, આશ્રિતોને કે ઉપકારીઓને જ આપે છે. પણ માર્ગ પરિશ્રમથી થાકેલા અતિથિને જે પૂજે છે. તે જ દાન જગતમાં શ્રેષ્ઠ છે.

શ્વાન ભક્ત આગળ કહે કે આ કૂતરા એ કૂતરા નથી પણ કૈલાસ પર્વતથી આવેલા યક્ષો જ કૂતરા રૂપે પૃથ્વી પર ફરે છે માટે એમની પૂજા મોટા કલ્યાણ માટે થાય છે. એ પ્રમાણે કાગડા વગેરે માટે પણ વિચારવું.

આ પ્રમાણે વનિપકપણું કરી મેળવેલો આહાર તે વનિપકપિંડ છે. આમાં ઘણા–ઘણા દોષો છે. જેમકે ધર્મી કે અધર્મીને પાત્રમાં આપેલ દાન નકામું જતું નથી.

એ પ્રમાણે કહેવાથી અપાત્ર દાનને સુપાત્રદાન સમાન પ્રશંસવાથી સમકિતીનો અતિચાર થાય છે. તો પછી બૌદ્ધ વગેરે કુપાત્રોને સાક્ષાત્ પ્રશંસાથી શું ન થાય ? કહ્યું છે કે 'પાત્ર અપાત્રમાં આપેલું દાન નિષ્ફળ નથી જતું એમ બોલવાથી પણ દોષ છે. તો પછી અપાત્રદાનની પ્રશંસાથી કેમ ન હોય ?

આ પ્રમાણે બૌદ્ધ વગેરેની પ્રશંસાથી લોકમાં મિથ્યાત્વને સ્થિર કર્યું કહેવાય. સાધુઓ પણ આ લોકોને પ્રશંસે છે માટે આમનો ધર્મ સાચો લાગે છે—એમ લોકો માને. જો બૌદ્ધ વગેરેના ભક્તો ભદ્રિક હોય, તો આ રીતે સાધુને પ્રશંસા કરતા જોઈ એમના માટે આધાકર્મ વગેરે કરે. તેથી તે આધાકર્મ આહારના લોભથી કદાચ બૌદ્ધ વગેરે વ્રતને સ્વીકારે. તથા લોકમાં પણ આ સાધુઓ ખુશામતિયા છે. 'જન્માંતરમાં' દાન ન આપ્યું હોવાથી આહાર માટે કૂતરાની જેમ પોતાને ચાટુ (ખુશામત) કરી બતાવે છે. આ પ્રમાણે નિંદા થાય. કોઈ શાસનનો શત્રુ હોય, તો ઘરમાંથી બહાર કાઢી મૂકે. સર્વ સાવદ્યમાં રક્ત એવા તેમની પ્રશંસા કરવાથી મૃષાવાદ તથા પ્રાણાતિપાત વગેરે અનુમોદ્યા કહેવાય.

૬. **ચિકિત્સા** :—રોગનો પ્રતિકાર કરવો કે રોગ પ્રતિકારનો ઉપદેશ કરવો તે ચિકિત્સા. સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે ચિકિત્સા છે. દવા અથવા વૈદ્યને જણાવવું તે સૂક્ષ્મચિકિત્સા. જાતે ચિકિત્સા કરવા વડે કે બીજા પાસે કરાવવાવડે બાદરચિકિત્સા.

તાવ વગેરે રોગથી ઘેરાયેલ કોઈક ગૃહસ્થ, પોતાના ઘરે ગોચરી માટે આવેલા સાધુને જોઈ પૂછે, કે "હે ભગવંત ! આ મારા રોગની કંઈ ચિકિત્સા જાણો છો ?" તે સાધુ કહે, 'હે શ્રાવક ! જેવો તમને રોગ થયો છે, તેવો રોગ મને પણ એક વખત થયો હતો. તે મને અમુક દવાથી સારો થયો—એ પ્રમાણે અજાણ અને રોગી ગૃહસ્થને દવા કરવાના અભિપ્રાય જણાવવાથી ઔષધનું સૂચન કર્યું. અથવા રોગીએ ચિકિત્સા પૂછી હોય ત્યારે કહે કે 'હું વૈદ્ય છું ? કે જેથી રોગનો પ્રતિકાર જાણું ? આ પ્રમાણે કહેવાથી અજાણ રોગીને આ વિષયમાં વૈદ્યને પૂછવાનું સૂચન કર્યું, તે સૂક્ષ્મચિકિત્સા.

જ્યારે પોતે જાતે વૈદ્ય થઈ વમન, વિરેચન, ઉકાળા, ક્વાથ વગેરે કરે કે બીજા પાસે કરાવે તો બાદરચિકિત્સા. 'આ પ્રમાણે' ઉપકાર થવાથી પ્રસન્ન થયેલ ગૃહસ્થ મને સારી ઊંચી ભિક્ષા આપશે—એમ વિચારી સાધુ બંને પ્રકારની ચિકિત્સા કરે.

તુચ્છ આહાર માટે સાધુએ અનેક દોષનો સંભવ હોવાથી આ પ્રમાણે કરવું ઉચિત નથી. કેમકે ચિકિત્સા કરતી વખતે કંદમૂળ, ફળ, મૂળીયા વગેરેના જીવનો વધ થાય છે. ક્વાથ વગેરેના સૂચનથી પાપ વ્યાપારમાં પ્રવૃત્તિ કરાવવાથી સાધુને અસંયમ થાય છે. નિરોગી થયેલ ગૃહસ્થ તપેલા લોખંડના ગોળા જેવો હોય છે એટલે દુર્બળ અને આંધળો વાઘ સારો થાય તો અનેક જીવનો નાશ કરે, તેમ અનેક જીવનો ઘાત કરે.

નસીબયેાગે સાધુએ ચિકિત્સા કરતા રેાગીનેા રેાગ વધી જાય તેા ગુસ્સે થયેલા તેના પુત્ર વગેરે સાધુને રાજકુલ વગેરેમાં પકડાવે તથા લેાકમાં આહાર લેાલુપી આ સાધુએ। આવું આવું વૈદુ કરે છે–એમ પ્રવચનની હિલના થાય.

૭. **ક્રોધપિંડ** :–ક્રોધ ગુસ્સેા કરવા દ્વારા જે આહાર મેળવાય તે ક્રોધપિંડ. તે ક્રોધપિંડ શી રીતે થાય ? કેાઇક સાધુનું ઉચ્ચાટન, મારણ વગેરે વિદ્યા, પ્રભાવ, શ્રાપ-દાન, તપ પ્રભાવ, સહસ્રયેાધિપણાનું બળ કે રાજા વગેરેના પ્રિય જાણીને અથવા શ્રાપ આપવા વડે કેાઇનું મરણ જોઈ દાતાર, ભયથી જે તેને આપે, તે ક્રોધપિંડ.

અથવા બીજા બ્રાહ્મણ વગેરેને દાન અપાતું જોઇ સાધુ પણ યાચના કરે અને ન મળે ત્યારે અલબ્ધિમાન થયેલ ગુસ્સેા કરે, તે વખતે સાધુને ગુસ્સે થયેલ જોઈ દાતા 'સાધુ ગુસ્સે થાય તે સારુ નહીં–એમ વિચારી જે આપે તે ક્રોધપિંડ. અહીં બધે ગુસ્સેા જ આહાર મેળવવામાં મુખ્ય કારણરૂપે જાણવેા. વિદ્યા, તપ, પ્રભાવ વગેરે તેા તેના સહ-કારી કારણરૂપે છે. માટે વિદ્યાપિંડ વગેરેના લક્ષણ સાથે આના લક્ષણને ભેળવવું નહીં.

૮. **માનપિંડ** :–માન એટલે ગર્વ. તે જેમાં કારણ રૂપે હેાય, તેવેા પિંડ માનપિંડ કહેવાય. એનેા ભાવાર્થ આ પ્રમાણે છે, કે

કેાઇક સાધુને બીજા કેાઈ સાધુએ કહ્યું 'તને લબ્ધિધારી ત્યારે માનું કે તું આ, આ ચીજો અમને વપરાવે' વગેરે વચનેાથી ઉત્તેજિત કરે. અથવા 'તારાથી કંઈ ન થાય' એ પ્રમાણે અપમાનિત થયેલ અથવા અભિમાની બનેલ પેાતાની લબ્ધિ પ્રશંસા વગેરે બીજા વડે કહેવાતી સાંભળી 'જ્યાં હું જાઉં ત્યાં મને બધુંયે મળે છે.' એમ લેાકેા મને પ્રશંસે–એવા વધતા અભિમાનવાળેા કેાઇ ગૃહસ્થને ત્યાં જઈ તે ગૃહસ્થને એવી એવી દાનની વાતેા કરવા વડે અભિમાનમાં ચડાવે, ત્યારે તે ગૃહસ્થ અભિમાનવાળેા થઇને બીજા સ્ત્રી–પુત્ર વગેરે ન ઇચ્છતા હેાય, તેા પણ જે અશનાદિ આપે તે માનપિંડ.

૯. **માયાપિંડ** :–માયા એટલે બીજાને ઠગવાની બુદ્ધિ, તેના વડે જે આહાર મેળવે તે માયાપિંડ. કેાઇ સાધુ, મંત્ર યેાગ વગેરે ઉપાયમાં કુશળ હેાવાથી પેાતાના રૂપ પરાવર્તન વગેરે કરવાં વડે જે લાડુ વગેરે ગેાચરી મેળવે તે માયાપિંડ.

૧૦. **લેાભપિંડ** :–લેાભ એટલે આસક્તિ–ગૃદ્ધિ. ગૃદ્ધિપૂર્વક જે ભિક્ષા લેવાય તે લેાભપિંડ. એની ભાવના આ પ્રમાણે છે.

કેાઇક સાધુ આજે હું ગેાચરીમાં સિંહ કેસરીયા લાડુ વગેરે લઇશ–એવી બુદ્ધિથી વાલ, ચણા વગેરે મળતા હેાય, તે પણ છેાડીદે પરંતુ પેાતાનું ઇષ્ટ મળે તે જ લે તે લેાભપિંડ. અથવા પહેલા તેવી બુદ્ધિ ન હેાવા છતાં, પણ સહજ ભાવે મળતી લાપસી વગેરેને સારી સ્વાદિષ્ટ છે–એમ વિચારી લેવી તે લેાભપિંડ. અથવા દૂધ વગેરે મલ્યા હેાય પછી ખાંડ સાકર વગેરે મળી જાય તેા સારુ–આમ વિચારી તે મેળવવા માટે ફરી ફરીને જે

મેળવે તે લોભપિંડ. આ ક્રોધાદિ ચારે પિંડ સાધુઓને ન ખપે. કારણ કે પ્રદ્વેષ, કર્મબંધ, પ્રવચન લઘુતા વગેરે દોષોનો સંભવ છે.

૧૧. પૂર્વપશ્ચાત્સંસ્તવ–વચનસંસ્તવ અને સંબંધીસંસ્તવ–એમ બે પ્રકારે સંસ્તવ છે. વચન એટલે પ્રશંસારૂપ જે સંસ્તવ, તે વચનસંસ્તવ. માતા વગેરે અને સાસુ વગેરેરૂપ સંબંધીઓનો જે સંસ્તવ, તે સંબંધીસંસ્તવ. તે બંને સંસ્તવ પૂર્વ અને પશ્ચાત્ એમ બે ભેદે છે.

દાન મેળવ્યા પહેલા જ દાતારના જે ગુણો વર્ણવે, તે પૂર્વસંસ્તવ. દાન મેળવ્યા પછી દાતાના ગુણો પ્રશંસે, તે પશ્ચાત્સંસ્તવ. આની ભાવના આ પ્રમાણે છે.

કોઈક સાધુ ભિક્ષા માટે ફરતા, કોઈ શેઠને દાતાર જોઈ દાન લેતા પહેલા સાચા ખોટા ઉદારતા વગેરે ગુણોને પ્રશંસે. જેમકે 'અહો દાનપતિ! તમારી વાતો તો પહેલા સાંભળી હતી, પણ આજે તો પ્રત્યક્ષ જોવા મલ્યું. તથા અનેક જગ્યાએ ફરતા અમે આવી ઉદારતા વગેરે ગુણો બીજા કોઇના જોયા નથી કે સાંભળ્યા નથી. ધન્ય છે તમને, કે જે ગુણો બધી જગ્યાએ અસ્ખલિતપણે સર્વ દિશામાં ફેલાયા છે.' આ પ્રમાણે પૂર્વસંસ્તવ.

ગૃહસ્થે દાન આપ્યા પછી જે સ્તુતિ કરે કે તમને જોવાથી આજે અમારી આંખો અને મનને ઠંડક થઇ. આ આમાં આશ્ચર્ય શું? કે દાતારના ગુણોને જોયા પછી કોણે આનંદ ન થાય? આ પ્રમાણે પશ્ચાત્સંસ્તવ. આ બંને સંસ્તવમાં માયામૃષાવાદ, અસંયત અનુમોદના વગેરે દોષો થાય છે.

માતા–પિતા વગેરે રૂપ જે **સંસ્તવ** એટલે પરિચય તે પૂર્વ સંબંધી સંસ્તવ. કેમકે માતા વગેરેનો સંબંધ પહેલા હોય છે. સાસુ–સસરા વગેરેનો જે સંબંધ તે પશ્ચાત્ સંસ્તવ. સાસુ વગેરેનો સંબંધ પછી થાય છે.

જેમકે કોઈક સાધુ ગોચરી માટે કોઇકના ઘરે પ્રવેશ કરી આહાર લંપટપણાથી પોતાની ઉંમર અને ઘરમાં રહેલ વ્યક્તિની વય જાણી, તેને અનુરૂપ સંબંધ ગોઠવે. જો તે વૃદ્ધ હોય અને પોતે મધ્યમવયવાળો હોય, તો તે પોતાની માતા વગેરેના સમાન મહિલાને જોઈ માયા વડે કંઇક આંસુ પાડવા માંડે, ત્યારે તે બાઈ પૂછે કે, હે સાધુ મહારાજ! કેમ રડો છો? સાધુ પણ કહે કે 'તમારા જેવી જ મારે મા હતી. જો તે બાઈ મધ્યવયવાળી હોય, તો તમારા જેવી જ મારે બેન હતી. જો તે બાઈ બાળવયની હોય તો 'તારા જેવી જ મારે દિકરી હતી—એમ કહે. આ પ્રમાણે પશ્ચાત્સંસ્તવમાં પણ વિચારવું.

આમાં ઘણા દોષો છે. તે આ પ્રમાણે:–તે ગૃહસ્થો જો ભદ્રિક હોય, તો સાધુ પર પ્રતિબદ્ધ એટલે રાગવાળા થાય અને રાગવાળા થઇને આધાકર્મ વગેરે કરીને આપે. જો

અધર્મી હોય, તો કાર્પટિક (ભિખારી) જેવો, આ અમને ભિખારી જેવા વગેરે કલ્પી અમારી હલકાઈ કરે છે–એમ વિચારી પોતાના ઘરમાંથી કાઢી મૂકવા વગેરે કરે. અધૃતિથી આંસુ પાંડવા વગેરે કરે, તો આ માયાવી અમને આકર્ષવા માટે ચાળા (ચાટુ) કરે છે–એમ નિંદા થાય.

તમે મારી મા છો એમ કહેવાથી તે બાઇ પોતાના મરેલા છોકરાની જગ્યાએ આ મારો છોકરો છે–એમ વિચારી તે સાધુને પોતાની વહુ વગેરે આપે. તમારા જેવી મારી સાસુ હતી. એમ કહેવાથી પોતાની વિધવા દિકરી કે કુરંડા પુત્રીને આપે. ઇત્યાદિ દોષો થાય છે. તેથી સંસ્તવપિંડ યતિઓને ન ખપે.

૧૨–૧૩. **વિદ્યા અને મંત્ર** :– પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યા એટલે સ્ત્રી દેવતા જેનાં અધિષ્ઠાયક હોય અથવા જપ હોમ આદિ દ્વારા સિદ્ધ થાય તેવા અક્ષરોની રચના તે. મંત્ર એટલે પુરુષ દેવતાધિષ્ઠિત અને પાઠ માત્રથી સિદ્ધ થનાર અક્ષર રચના વિશેષ રૂપ હોય છે. તે મંત્રવિદ્યાદ્વારા જે આહાર મેળવાય, તે વિદ્યામંત્રપિંડ કહેવાય. વિદ્યા અને મંત્રથી મંત્રિત કરી જેની પાસેથી દાન લેવાય તે દાતાર પાછો સ્વસ્થ થયા પછી કદાચ દ્વેષી પણ થાય અથવા બીજો તેનો પક્ષપાતી કે સગો વગેરે દ્વેષી થાય તો પ્રતિવિદ્યા વડે સ્તંભન ઉચ્ચાટન મારણ વગેરે કરે. તથા વિદ્યા વગેરે દ્વારા પરદ્રોહ કરવા વડે આ સાધુઓ જીવનારા છે અને લુચ્ચા છે–એમ લોકોમાં નિંદા થાય. આ કામણ ટુમણ કરનારા છે–એમ કહી રાજદરબારમાં પકડી જાય, ખેંચી જાય, વેષ લઇ લે, કદર્થના કરી મારી નાંખે વગેરે કરે.

૧૪–૧૫. **ચૂર્ણ અને યોગપિંડ**:–ચૂર્ણ એટલે આંખમાં અંજન વગેરે આંજવાથી અદૃશ્ય થવું તે અને યોગ એટલે પગ ઉપર લેપ વગેરે કરવા દ્વારા રૂપ, સૌભાગ્ય–દુર્ભાગ્ય કરવું તે છે. આ ચૂર્ણ અને યોગ કરવા વડે જે પિંડ મેળવાય તે ચૂર્ણ–યોગપિંડ કહેવાય છે. આમાં દોષો પૂર્વોક્ત વિદ્યા–મંત્રની જેમ જ જાણવા.

પ્રશ્ન:–ચૂર્ણ અને યોગ બંને ભૂકીરૂપ હોય છે. તો એમાં પરસ્પર શું તફાવત છે ? જેથી યોગદ્વાર જુદુ કહો છો.

ઉત્તર:–આ સાચી વાત છે. પરંતુ શરીરના બહારના ભાગે ઉપયોગી હોય તે ચૂર્ણ કહેવાય અને અંદર અને બહાર બંને સ્થાને ઉપયોગી હોય તે યોગ કહેવાય. જેથી યોગ ખાવા લાયક અને ન ખાવા લાયક–એમ બે પ્રકારે હોય છે. પાણી વગેરે પીવડાવવું વગેરે તે અભ્યવહાર્ય કે આહાર્ય યોગ છે. અને પગ વગેરે ઉપર લેપ લગાડવો તે અનાહારી યોગ છે. આ ચૂર્ણ અને યોગનો તફાવત છે.

૧૬. **મૂળકર્મ**:–અતિગહન સંસારરૂપ વનનું જે મૂળ એટલે કારણ બને, તેવી પાપકારી ક્રિયારૂપ જે કર્મ, તે મૂળકર્મ. મૂળ એ જ કર્મ છે તે મૂળકર્મ એટલે

ગર્ભસ્તંભન, ગર્ભધાન, ગર્ભપાત, અક્ષતયોનિ, ક્ષીણયોનિ આદિ કરવા દ્વારા જે પિંડ મેળવવો, તે મૂળકર્મ. આ સાધુને ન ખપે. કારણકે પ્રદ્વેષ, પ્રવચનમાલિન્ય, જીવઘાત વગેરે અનેક દોષોનો સંભવ છે. તે આ પ્રમાણે:—ગર્ભસ્તંભન કે ગર્ભપાત સાધુએ કરાવ્યો—એમ જાણવાથી દ્વેષ થાય, તેથી શરીરનો પણ નાશ થાય. ગર્ભાધાન, અક્ષતયોનિપણું કરવાથી યાવજ્જીવ મૈથુનપ્રવૃતિ ચાલે. પુત્ર ઉત્પત્તિમાં ગર્ભધાન થવાથી એ પ્રવૃત્તિ પ્રાયઃ કરી ઈષ્ટ બને છે. ક્ષીણયોનિપણું કરવાથી ભોગાંતરાય વગેરે દોષ થાય છે. (૫૬૭)

ઉત્પાદનાના સોળદોષ કહ્યા. હવે એષણાના દશ દોષો કહે છે.

એષણાદોષઃ—

संकिय १ मक्खिय २ निक्खित्त ३ पिहिय ४ साहरिय ५ दायगु ६ मिस्से ७।
अपरिणय ८ लित्त ९ छड्डिय १० एसणदोसा दस हवंति ॥५६८॥

શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત,સંહૃત, દાયક, ઉન્મિશ્ર,અપરિણત, લિપ્ત, છર્દિત—આ એષણાના દશ દોષો છે.

૧. **શંકિતઃ**—આધાકર્મ વગેરેના દોષના સંભવની શંકા રાખવી, તે શંકિત તેના ચાર ભાંગા થાય છે.

૧. ગોચરી લેતી વખતે અને વાપરતી વખતે શંકા રહે.
૨. ગોચરી લેતી વખતે શંકા અને વાપરતી વખતે નિઃશંક.
૩. વાપરતી વખતે શંકા પણ લેતી વખતે નિઃશંક.
૪. લેતી વખતે અને વાપરતી વખતે નિઃશંક.

પહેલા ત્રણ ભાંગામાં સોળ ઉદ્ગમ અને નવ એષણાના દોષ—એમ પચ્ચીસ દોષોમાંથી જે દોષની શંકા રહે, તે દોષ લેનાર વાપરનારને લાગે. એટલે કે જો આધાકર્મની શંકાથી જો ગ્રહણ કરે કે વાપરે, તો આધાકર્મનો દોષ લાગે અને જો ઔદ્દેશિકપણાની શંકા હોય, તો ઔદ્દેશિક દોષ લાગે.

ચોથો ભાંગો શુદ્ધ છે. તેમાં કોઈપણ દોષ લાગતો નથી. આ ભાંગાઓ આ રીતે સંભવે છે.

જે કોઈક સાધુ સ્વભાવે શરમાળ હોય, તે કોઈક ઘરે ગોચરી માટે ગયો હોય, ત્યાં ઘણી ભિક્ષા મળતી જોઈ વિચારે કે 'અહીં કેમ આટલી બધી ભિક્ષા અપાય છે?' પણ શરમના કારણે પૂછી ન શકે, તેથી શંકાપૂર્વક લે અને શંકા યુક્ત વાપરે—એ પહેલો ભાંગો

ભિક્ષા માટે ગયેલ કોઈક સાધુ કોઈ ઘરે શંકિત મનથી ઘણી ભિક્ષા લઈ પોતાના ઉપાશ્રયે આવે. વાપરતી વખતે તે સાધુનું મન શંકિત જોઈ બીજો સાધુ ભિક્ષાદાયક ઘરની હકીકત જાણતો હોવાથી, તે સાધુને કહે કે 'હે સાધુ! જ્યાં તમને ઘણી ભિક્ષા

મળી તે ઘરે આજે મોટો પ્રસંગ છે કે મોટો લાભ થયો છે–'એ પ્રમાણે' તેની વાત સાંભળી આ શુદ્ધ છે–એવો નિશ્ચય કરી નિઃશંકપણે વાપરે એ બીજો ભાંગો.

કોઈક સાધુ કોઈક શેઠના ઘરેથી નિઃશંકપણે ઘણી ગોચરી લઇ ઉપાશ્રયે આવેલ હોય, ત્યાં બીજા સાધુઓને ગુરુની આગળ પોતાની ભિક્ષા સમાન જ ભિક્ષાને આલોચના કરતા સાંભળી શંકિત થઇ વિચારે કે જેમ મેં ઘણી ભિક્ષા મેળવી છે, તેમ બીજા સંઘાટકોએ મેળવી છે, માટે નક્કી આ આધાકર્મ વગેરે દોષવાળુ હશે. આ પ્રમાણે વિચારતો વાપરે. તે ત્રીજો ભાંગો.

૨ **પ્રક્ષિતઃ**–પૃથ્વી વગેરેથી ખરડાયેલ અથવા સંયુક્ત હોય તે પ્રક્ષિત. તે પ્રક્ષિત સચિત્ત અને અચિત્ત–એમ બે પ્રકારે છે.

પૃથ્વીકાયપ્રક્ષિત, અપકાયપ્રક્ષિત અને વનસ્પતિકાયપ્રક્ષિત–એમ સચિત્તપ્રક્ષિત ત્રણ પ્રકારે છે.

સૂકી કે ભીની સચિત્ત પૃથ્વીકાયથી આપવા યોગ્ય વસ્તુ વાસણ કે હાથ વગેરે જો ખરડાયેલ હોય, તો તે સચિત્ત પૃથ્વીકાયપ્રક્ષિત છે.

અપકાયપ્રક્ષિતના ચાર ભેદો છે, ૧. પુરસ્કર્મ ૨. પશ્ચાત્કર્મ ૩. સસ્નિગ્ધ અને ૪. ઉદકાર્દ્ર.

A. **પુરઃકર્મ**ઃ–સાધુને ભોજન આપવા પહેલાજે હાથ વાસણ વગેરે પાણીથી ધોવા તે.

B. **પશ્ચાતકર્મ**ઃ–જે ભોજન આપ્યા પછી હાથ વગેરે ધોવા તે.

C. **સસ્નિગ્ધઃ**–કંઈક પાણીથી ખરડાયેલ એટલે છાંટા ઉડેલ હાથ વગેરે હોય તે.

D. **ઉદકાર્દ્રઃ**–સ્પષ્ટપણે પાણીનો સંપર્ક જણાતો હોય તે.

કેરી વગેરેના તરત કરેલ ટૂકડા વગેરેથી જે હાથ વગેરે ખરડાયેલ હોય, તે વનસ્પતિકાયપ્રક્ષિત.

અગ્નિ,વાયુ અને ત્રસકાયથી પ્રક્ષિતપણું હોતું નથી. અગ્નિ વગેરેનો સંસર્ગ હોવા છતાં પણ લોકમાં પ્રક્ષિતપણાનો વ્યવહાર નથી.

અચિત્ત પ્રક્ષિત ગર્હિત અને અગર્હિત એમ-બે પ્રકારે છે.

ગર્હિત એટલે ચરબી વગેરે નિંદનીય ચીજથી ખરડાયેલ તે.

અગર્હિત એટલે ઘી વગેરેથી ખરડાયેલ તે.

અહીં સચિત્તપ્રક્ષિત તો સાધુને બિલકુલ ન ખપે. અચિત્તપ્રક્ષિત તો લોકમાં અગર્હિત ઘી વગેરેથી ખરડાયેલ હોય, તે ખપે પણ નિંદિત જે ચરબી વગેરેથી ખરડાયેલ હોય તે ન ખપે.

૩. **નિક્ષિપ્ત** :–સચિત્ત વસ્તુ પર જે રાખેલ હોય, તે નિક્ષિપ્ત. તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, અને ત્રસ નિક્ષિપ્ત–એમ છ પ્રકારે જાણવું. તે છ પ્રકારો અનંતર અને પરંપર–એમ બે પ્રકારે છે.

અનંતર એટલે કોઇ જાતના આંતરા વગર રાખેલું ભોજન હોય તે. જેમ સચિત્ત માટી વગેરેપર જે પક્વાન્ન, માંડા વગેરે કોઈપણ જાતના આંતરા વગર રાખ્યા હોય, તે અનંતરનિક્ષિપ્ત કહેવાય.

પરંપર એટલે આંતરાપૂર્વક જે રખાયેલ હોય તે. જેમ સચિત્તમાટી વગેરે પર રહેલ તાવડી વગેરેમાં જે પક્વાન્ન વગેરે રહેલ હોય, તે પરંપરનિક્ષિપ્ત કહેવાય.

માખણ કે થીજેલુ ઘી વગેરેને સચિત્ત પાણીમાં જે રાખ્યું હોય, તે અનંતરનિક્ષિપ્ત તથા તે જ માખણ વગેરે કે પક્વાન્ન વગેરેને પાણીમાં રહેલી નાવડી વગેરેમાં રાખ્યા હોય, તે પરંપરનિક્ષિપ્ત.

અગ્નિ પર જે પાપડ વગેરે સેકે તે અનંતરનિક્ષિપ્ત અને અગ્નિ પર રહેલ તાવડી વગેરેમાં જે રખાય, તે પરંપરનિક્ષિપ્ત.

વાયુ (પવન)થી ઉડેલા ચોખા, પાપડ વગેરે અનંતરનિક્ષિપ્ત. અહીં જેનાથી જે ઉડે તે ત્યાં રહેલ છે– એવી વિવક્ષાથી અનંતરનિક્ષિપ્ત ગણવામાં આવ્યું છે. વાયુથી ભરેલ મશક–વગેરે પર રહેલ માંડા વગેરે ચીજો તે પરંપર નિક્ષિપ્ત.

સચિત્ત દાણા, ફળ વગેરે પર રહેલા પુરી–માંડા વગેરે અનંતરનિક્ષિપ્ત. લીલોતરી પર રહેલ તાવડી વગેરેમાં રખાયેલ પુડલા વગેરે પરંપરનિક્ષિપ્ત.

બળદ વગેરેની પીઠ પર રખાયેલ પુડલા, લાડુ વગેરે ત્રસઅનંતરનિક્ષિપ્ત અને બળદ વગેરેની પીઠ પર રખાયેલ કુતુપ (ચામડાની કોથળી) વગેરે વાસણોમાં રખાયેલ ઘી લાડુ વગેરે પરંપરનિક્ષિપ્ત.

આમાં પૃથ્વી વગેરે પર રહેલ અનંતર નિક્ષિપ્ત ચીજો સચિત્ત પૃથ્વી વગેરે પર રહેલ હોવાથી સંઘટ્ટા વગેરે દોષના સંભવના કારણે સાધુઓને અકલ્પ્ય છે. પરંપર નિક્ષિપ્ત તો સચિત્ત સંઘટ્ટા વગેરેના ત્યાગપૂર્વક જયણાથી આપે તો લઈ શકાય. ફક્ત તેજસ્કાયપરંપરનિક્ષિપ્ત ગ્રહણમાં જે વિશેષ છે, તે કહે છે.

જેમ શેરડીનો રસ પકાવવાની જગ્યાએ અગ્નિ પર રહેલ કઢાઇ વગેરેને જો ચારે તરફથી માટીનો લેપ કરેલ હોય તથા અપાતો શેરડીનો રસ ઢોળાતો ન હોય અને તે કઢાઇનું મોઢું વિશાળ હોય, શેરડીનો રસ કઢાઇમાં નાંખ્યાને ઘણો ટાઈમ થયો હોવાથી ઘણો ગરમ ન હોય, એવો શેરડીનો રસ આપે, તો ખપે.

અહીં અપાતા શેરડીના રસનું ટીપુ જો કોઈ રીતે બહાર પડે, તો લેપ પર જ રહે, પણ ચૂલામાં રહેલ અગ્નિકાયમાં ન પડે, તેથી માટીથી લેપ કરેલ કઢાઈ–એમ કહ્યું. તથા વિશાળ મોઢાવાળી કઢાઇ વગેરેમાંથી રસ લેતા ડોયો વગેરે કઢાઈના કાનાને ન લાગે એટલે કઢાઇ ભાંગે નહીં. આથી તેઉકાયની વિરાધના ન થાય માટે વિશાળ મુખ કહ્યું.

તથા અતિગરમ જો શેરડીનો રસ અપાય, તો જે વાસણમાં લેવાય તે વાસણ ગરમ થઇ જવાથી વહોરનાર સાધુનો હાથ બળે–આ રીતે આત્મ વિરાધના. જે વાસણ વડે દાત્રી આપે, તે વાસણ અતિગરમ હોવાથી તે દાતાર બાઇ પણ દાઝે. અતિગરમ શેરડીના રસ વગેરેને આપતા દાતાર બાઇ તકલીફપૂર્વક આપી શકે. કષ્ટપૂર્વક આપવાથી ગમે તે રીતે સાધુના પાત્રમાંથી બહાર રસ વગેરે પડવાથી અપાતો શેરડીનો રસ બગડે અને સાધુનું પાત્ર (કૂટે) બગડે. ઉપાશ્રયમાં લાવવા માટે સાધુએ ઉપાડેલ પાત્રુ અતિગરમ હોવાથી, જમીન પર પડવાથી ફૂટી જાય કે દાતાબાઇએ આપવા માટે હાથા વગનો ડોયો લીધો હોય તો તે પણ અતિગરમ હોવાથી હાથમાંથી છટકી જવાના કારણે જમીન પર પડવાથી ફૂટી જાય તેથી છ જીવનિકાયની વિરાધના અને સંયમ વિરાધના થાય છે. માટે અતિ-ઉષ્ણ નહીં, એમ કહ્યું છે.

૪. **પિહિતઃ**–સચિત્તવડે ઢાંકવું તે પિહિત. તે પૃથ્વીકાય વગેરેના છ ભેદે છે અને તે છ ભેદ પણ અનંતર અને પરંપર–એમ બે પ્રકારે છે.

૧. સચિત્તપૃથ્વીકાય વડે માંડા વગેરેને ઢાંકવું તે સચિત્તપૃથ્વીકાય–અનંતરપિહિત. સચિત્ત પૃથ્વીકાયરૂપ પિઠર વચ્ચે રાખીને ઢાંકવું, તે સચિત્તપૃથ્વીકાયપરંપરપિહિત.

૨. બરફ વગેરે સચિત્ત અપ્કાય વડે માંડા વગેરેને ઢાંકવું તે સચિત-અપ્કાય-અનંતર-પિહિત. બરફ વગેરે જેમાં રહેલા હોય તેવા ઢાંકણા વગેરે વડે ઢાંકવું તે સચિત્તઅપ્કાય-પરંપરપિહિત.

૩. થાળી વગેરેમાં સંસ્વેદિમ પદાર્થ વગેરે વચ્ચે અંગારા મૂકીને હિંગ વગેરેનો વઘાર જ્યારે અપાય, ત્યારે તે અંગારા વડે કેટલાક સંસ્વેદિમને પણ સ્પર્શ થયેલ હોય છે, તે તેજસ્કાયઅનંતરપિહિત. એ પ્રમાણે મુર્મુર–અંગારા વગેરેમાં નાખેલ ચણા, મમરા વગેરે પણ અનંતરપિહિત જાણવું.

અંગારા ભરેલ શરાવડા તથા ઢાંકેલ તાવડી વગેરે તે પરંપરપિહિત.

૪. અંગારાના ધૂમાડા કે ધૂપ વગેરે સીધો અડતો હોય, તે અનંતરવાયુપિહિત જાણવું. કેમકે જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ હોય છે. એવા પ્રકારના વચનથી વાયુઅનંતર-પિહિત જાણવું. વાયુ ભરેલ મશક વગેરેથી ઢાંકેલ હોય, તે પરંપર પિહિત.

૫. ફળ વગેરેના સીધા સંપર્કપૂર્વક ઢાંકેલ તે વનસ્પતિઅનંતરપિહિત. ફળ ભરેલ છબડી વગેરે વડે ઢંકાયેલ પરંપરપિહિત.

૬. માંડા–લાડુ વગેરે ઉપર ચાલતી કીડીની હાર વગેરે ત્રસઅનંતરપિહિત. કીડી વગેરેથી ઘેરાયેલ શરાવડા વગેરેથી ઢાંકેલ તે ત્રસપરંપરપિહિત.

આમાં પૃથ્વીકાય વગેરે અનંતરપિહિત તો સાધુને સંઘટ્ટા વગેરે દોષના કારણે ન ખપે. પરંપરપિહિત તો યતનાપૂર્વક લઈ શકાય. અચિત્ત દેય વસ્તુ અચિત્ત વસ્તુથી ઢાંકેલ હોય તેની ચતુર્ભંગી આ પ્રમાણે થાય છે.

૧. ભારે ચીજને ભારે ચીજ વડે ઢાંકવી.
૨. ભારે ચીજને હલકી ચીજ વડે ઢાંકવી.
૩. હલકી ચીજને ભારે ચીજ વડે ઢાંકવી.
૪. હલકી ચીજને હલકી ચીજ વડે ઢાંકવી.

આમાં પહેલો અને ત્રીજો ભાંગો અગ્રાહ્ય છે, કેમકે ભારે ચીજને ઉપાડવાથી કોઈક વખતે પડવાથી પગ વગેરે ભાંગવાનો સંભવ છે.

બીજો અને ચોથો ભાંગો દોષોનો અભાવ હોવાથી ગ્રાહ્ય છે.

દેય વસ્તુ જેમાં રાખેલ હોય, તે તાવડી વગેરે હોય તો પણ વાટકી વગેરે વડે દાન આપી શકાય છે.

૫. સંહૃત :–કોઈ દાતા બાઈ વાટકી વગેરે વડે જે ભોજન વગેરે આપવા ઇચ્છતી હોય, તે અપવા યોગ્ય ભોજન વગેરેમાં કોઈક સચિત્ત, અચિત્ત કે મિશ્ર અદેય પદાર્થ હોય, તો તે ન આપવા યોગ્ય સચિત્ત ચીજને બીજી જગ્યાએ મૂકી તે દેય ચીજ આપે, તે સંહૃત કહેવાય છે.

તે અદેય ચીજ કયારેક સચિત્ત પૃથ્વી વગેરેમાં નાંખે કે કયારેક અચિત્તમાં કે કયારેક મિશ્રમાં નાંખે. મિશ્ર સચિત્તમાં જ અંતર્ગત હોવાથી સચિત્ત અચિત્ત પદ વડે ચાર ભાંગા થાય છે.

૧. સચિત્તનું સચિત્તમાં સંહરણ.
૨. સચિત્તમાં અચિત્તનું સંહરણ.
૩. અચિત્તમાં સચિત્તનું સંહરણ.
૪. અચિત્તમાં અચિત્તનું સંહરણ.

આમાં પહેલા ત્રણ ભાંગામાં સચિત્તનો સંઘટ્ટા વગેરે દોષો સંભવતા હોવાથી ન ખપે. ચોથા ભાંગામાં તેવા દોષનો સંભવ ન હોવાથી ખપે છે.

અહીં પણ અનંતર પરંપર પ્રરૂપણા વિચારણા આગળ પ્રમાણે કરવી.

જેમ સચિત્તપૃથ્વીકાયમાં જે સંહરે તો અનંતર સચિત્ત પૃથ્વીકાય સંહૃત કહેવાય અને જો સચિત્ત પૃથ્વીકાય પર રહેલ તાવડી વગેરેમાં જો સંહરે તો પરંપર સચિત્ત પૃથ્વીકાય સંહૃત કહેવાય, એ પ્રમાણે અપ્કાય વગેરેમાં વિચારવું. અનંતર સંહૃત ન લેવું પરંપર સંહૃત જો સચિત્ત પૃથ્વીકાય વગેરેનો સંઘટ્ટો ન હોય તો લેવું.

૬. દાયક :–દાયક દોષથી યુક્ત પિંડ. દાયક એટલે દાતા તે અનેક પ્રકારના હોય છે. તે આ પ્રમાણે 1. સ્થવિર, 2. અપ્રભુ, 3. નપુંસક, 4. ધ્રુજતા શરીરવાળો, 5. તાવવાળો, 6. અંધ, 7. બાળક, 8. મત્ત, 9. ઉન્મત્ત (ગાંડો), 10. કપાયેલ હાથવાળો, 11. કપાયેલ પગવાળો, 12. ગળત્ કોઢવાળો, 13. બંધાયેલ, 14. પાદુકા પહેરેલ, 15.

ખાંડતી, 16. પીસતી કે વાટતી, 17. પીંજતી, 18. ભુંજતી, 19. કાંતતી, 20. દળતી, 21. જમતી, 22. ગર્ભવતી, 23. નાના બાળકવાળી, 24. છકાયનો સંઘટ્ટો કરતી, 25. કપાસમાંથી રૂ જુદુ કરતી, 26. રૂ ને હાથ વડે છુટું કરતી, 27. વલોણું કરતી, 28. છ જીવનિકાયની હિંસા કરતો, 29. ઉપદ્રવવાળો. એવા પ્રકારના સ્વરૂપવાળો દાતાર ગોચરી આપે, તો ન ખપે.

1. **સ્થવિર** :–સીત્તેર વર્ષનો કે મતાંતરે ૬૦ વર્ષની ઉપરનો હોય તે વૃદ્ધ કહેવાય. તેને મોટે ભાગે મોઢામાંથી લાળ પડતી હોય છે, તેથી દેય ચીજને લાળથી ખરડી (બગાડી) નાખે છે. આથી લોકોમાં જુગુપ્સા થાય.

તેના હાથ કંપતા હોય તો હાથ કંપતો હોવાથી દેય ચીજને જમીન પર પાડે, તેથી છ જીવનિકાયથી વિરાધના થાય તથા પોતે અથવા વૃદ્ધ દાન આપતો આપતો જમીન પર પડે, તેથી તેને પણ પીડા થાય અને જમીન પર રહેલ છ જીવનિકાયની વિરાધના થાય.

2. **અપ્રભુ** :–મોટે ભાગે વૃદ્ધ પુરુષ ઘરનો સ્વામિ હોતો નથી, તેથી તે વૃદ્ધ દાન આપે તો જે ઘરના માલિક રૂપે હોય તેને એમ થાય કે 'આ વૃદ્ધને દાન આપવાનો શો અધિકાર છે ? એ પ્રમાણે દ્વેષ થાય. વૃદ્ધ પણ જો ઘરનો માલિક હોય, ધ્રુજતો હોય પણ બીજો એનો હાથ વગેરે પકડીને દાન આપે અથવા તે વૃદ્ધ મજબૂત સ્વસ્થ શરીર-વાળો હોય, તો તેના હાથે પણ ખપે.

3. **નપુંસક** :–નપુંસક પાસેથી વારંવાર ભિક્ષા ગ્રહણ કરવાથી અતિપરિચય થવાના કારણે તે નપુંસકને કે સાધુને વેદોદય થાય, તેના કારણે નપુંસકનું સાધુને ભેટવા વગેરે કરવાથી બંનેને કર્મબંધ થાય. તથા લોકમાં પણ 'આ સાધુઓ હલકા નપુંસકો પાસેથી ભિક્ષા લે છે.' એમ લોકનિંદા થાય. આમાં આ અપવાદ છે કે વર્ધિતક. ચિપ્પિત, મન્ત્રોપહત, ઋષિશપ્ત, દેવશપ્ત વગેરેમાં કોઈક અપ્રતિસેવી, (દુરાચાર ન સેવનાર) હોય તેની પાસે ભિક્ષા લેવાય.

4. **ધ્રુજતા શરીરવાળો** :–ધ્રુજતા શરીરવાળો પણ ભિક્ષા આપવાના વખતે વસ્તુ લાવતા લાવતા જમીન પર વેરે તથા સાધુના પાત્રાની બહાર ભિક્ષા નાંખે, અથવા દેય ચીજનું વાસણ જમીન પર પાડવાના કારણે ફોડી નાંખે.

તે ધ્રુજતા શરીરવાળો પણ જો મજબૂત રીતે ભિક્ષા આપવાનું વાસણ પકડે અથવા પુત્ર વગેરે મજબૂત રીતે હાથ પકડી ભિક્ષા અપાવે તો ખપે.

5. **તાવવાળો** :–તાવવાળા પાસે ભિક્ષા લેવાથી તાવનું સંક્રમણ સાધુમાં પણ થાય, લોકોમાં 'અહો આ લોકો કેવા આહાર લંપટ છે, કે આવા તાવવાળા પાસેથી પણ ભિક્ષા લે છે' એમ અપભ્રાજના થાય. હવે જો ચેપ ન લાગે એવો જો તાવ હોય, તો જયણાપૂર્વક લઈ શકાય.

6, **અંધ** :–અંધ પાસે ભિક્ષા ગ્રહણ કરવાથી અપભ્રાજના થાય કે, અરે આ લોકો કેવા ખાઉધરા છે, કે જે આપી ન શકે એવા અંધ પાસેથી પણ ભિક્ષા લે છે. તથા અંધ જોતો ન હોવાથી જમીન પર રહેલ ષડ્જીવનિકાયને વિરાધે. અંધ પત્થર વગેરે સાથે ઠોકર લાગવાથી જમીન પર પડી પણ જાય, તેથી ભિક્ષા આપવા માટે ઉપાડેલ થાળી વગેરે હાથમાંથી પડવાના કારણે ભાંગી જાય અને સાધુના પાત્રાની બહાર નાંખવાના કારણે ગોચરી ઢોળાય જાય.

તે અંધ પણ છોકરા વગેરેનો હાથ પકડી જયણાપૂર્વક આપે તો ખપે.

7. **બાળક** :–બાળક એટલે જન્મથી આઠ વર્ષની અંદરનો હોય છે તે. જો તેની માતા વગેરે હાજર ન હોય અને આપવાના પ્રમાણને ન જાણતો હોવાથી વધારે ભિક્ષા આપી દે, તો 'અરે ! આ સાધુ સારા આચારવાળા નથી પણ લૂંટારા છે ? એ પ્રમાણે હીલના થાય અને માતા વગેરેને સાધુ ઉપર દ્વેષ થઈ જાય.

જો માતા વગેરે કોઈ કારણ પ્રસંગે બહાર જતી વખતે કહ્યું હોય કે, સાધુ આવે ત્યારે તારે આ આ ચીજો આપવી તો ખપે. અથવા મા વગેરેએ કહ્યું ન હોય છતાં પણ થોડું કંઈક આપે તો લે. આ પ્રમાણે લેવાથી માતા વગેરેની સાથે ઝઘડા વગેરે થવાનો સંભવ રહેતો નથી.

8. **મત્ત** :–મત્ત એટલે દારૂ વગેરે પીધેલ હોય તે. તે ભિક્ષા આપે તો નશો કરેલ હોવાથી કદાચ સાધુને ભેટી પડે. પાત્રા ભાંગી નાખે અથવા ગોચરી આપતા આપતા પીધેલ દારૂની ઉલટી કરે કે ઉલટી કરતા સાધુને કે સાધુના પાત્રાને ખરડી નાંખે. તેથી લોકમાં જુગુપ્સા થાય કે આ સાધુઓને ધિક્કાર હો કે, જેઓ નશાખોર પાસેથી ભિક્ષા લે છે.' તથા કોઈ નશાખોર નશામાં ચકચૂર હોવાથી, હે મુંડિયા ! અહીં કેમ આવ્યો છે ? એ પ્રમાણે બોલતો ઘાત પણ કરે.

9. **ઉન્મત્ત** :–ઉન્મત્ત એટલે અભિમાની અથવા ગ્રહ–ભૂત–વગેરેથી ઘેરાયેલ હોય. આમાં પણ ઉપરોક્ત જ ઉલટી સિવાયના આલિંગન વગેરે દોષો જાણવા.

મત્ત પણ જો ભદ્રિક અને નશા વગરનો હોય અને ત્યાં કોઈ ગૃહસ્થ ન હોય, તો તેના હાથે પણ ખપે. બાકી ન ખપે. ઉન્મત્ત પણ જો પવિત્ર અને ભદ્રિક હોય, તો ખપે.

10. **કપાયેલ હાથવાળો** :–છિન્નકર એટલે હાથ કપાયેલ હોવાથી પેશાબ–સંડાસ વગેરેમાં પાણી શૌચના અભાવથી અપવિત્ર જ હોય છે. તેના હાથે લેવાથી લોકો નિંદા કરે. હાથ ન હોવાથી જે વાસણ વડે ભિક્ષા આપે, તે વાસણ કે દેય વસ્તુ જમીન પર પડે. તેથી છ જીવનિકાયની હિંસા થાય.

11. **કપાયેલ પગવાળો** :–છિન્નચરણમાં પણ આ દોષો જ જાણવા. પગ

ન હોવાથી ભિક્ષા આપવા માટે ચાલતા-ચાલતા પડી જાય તથા જમીન પર રહેલ કીડી વગેરે ઘણા જીવોનો નાશ થાય.

કપાયેલ હાથવાળો પણ જો ગૃહસ્થનો અભાવ હોય, ત્યારે આપે તો જયણાપૂર્વક લઇ શકાય. કપાયેલ પગવાળો પણ ગૃહસ્થ ન હોય, ત્યારે બેઠા બેઠા આપે તો લઈ શકાય.

12. **ગળત્-કોઢવાળો** :-ગળતા કોઢવાળા પાસેથી લેવાથી તેનો શ્વાસોશ્વાસ, ચામડીનો સ્પર્શ, અર્ધપક્વ લોહી, પરસેવો, મેલ, લાળ વગેરે વડે ચેપ લાગવાથી સાધુને કોઢ રોગનો સંક્રમ થાય. જો તે કોઢ ફક્ત [1]મંડલ પ્રસૂતિરૂપ એટલે સફેદ ડાઘરૂપ જ હોય, એવા શરીરવાળા પાસે ગૃહસ્થનો અભાવ હોય, ત્યારે આપે તો ખપે. પરંતુ બીજા ગળત્કોઢવાળા પાસેથી નહિ પણ ગૃહસ્થ જોતા હોય ત્યારે તો ન ખપે.

13. **બંધાયેલ** :-હાથમાં લાકડાનું બંધન તે હસ્તાકડુ તથા પગને લોખંડનું જે બંધન તે બેડી (નિગડ). હાથ-પગની બેડીથી બંધાયેલ દાતા, જો ભિક્ષા આપે તો તેને દુઃખ થાય. ઝાડો પેશાબમાં શુદ્ધિ ન કરી શકવાથી ભિક્ષા ગ્રહણ કરે, તો લોકમાં નિંદા થાય કે 'આ લોકો અપવિત્ર છે. કેમકે અપવિત્રની પાસેથી પણ ભિક્ષા લે છે.

પગથી બંધાયેલ આજુ-બાજુમાં પીડા વગર જઈ શકતો હોય, તો તેની પાસેથી ખપે. હવે જો આજુ-બાજુ ન જઈ શકતો હોય, તે જો બેસીને આપે અને ત્યાં કોઈ ગૃહસ્થ ન હોય, તો ખપે. હાથમાં બેડીવાળો તો ભિક્ષા આપવા અસમર્થ હોવાથી ત્યાં નિષેધ જ છે. એમાં કોઈ વિકલ્પ જ નથી.

14. **પાદુકા** :- પાદુકા એટલે લાકડાની ચાખડી. તે પહેરેલ દાતા ભિક્ષા આપવા માટે ચાલતા ક્યારેક બરાબર ન પહેરાયા હોય, તો પડી જાય માટે ન ખપે. પાદુકા પહેરેલ જો સ્થિર હોય તો કારણે ખપે.

15. **ખાંડતી** :- ખાંડતી-(છડતી) હોય. ઉખરામાં ભાત વગેરેને છડતી (ખાંડતી) હોય તો ન લેવાય. કારણ કે ઉખારામાં નાંખેલ ભાત વગેરેના બીજનો સંઘટ્ટો કરતી હોવાથી તથા ભિક્ષાદાન પહેલા અને પછી પાણી વડે હાથ ધોવાથી પુરઃકર્મ અને પશ્ચાતકર્મ વગેરે દોષો થાય છે.

જો અહીં ખાંડનારી બાઈએ ખાંડવા માટે મુશલ ઉપાડયું હોય, અને મુશળની [2]કાંચી ઉપર બીજ લાગેલ ન હોય અને તે વખતે જો સાધુ આવી જાય. ત્યારે તે બાઈ મુશલને ન પડે એવી રીતે ઘરના ખૂણા વગેરેમાં મૂકી ભિક્ષા આપે તો ખપે.

---

૧. મંડલ એટલે ગોળાકાર ચગદા (દાદર) પ્રસૂતિ એટલે નખથી ખણવા છતાં પણ પીડા ન થાય તેવા દાગ.

૨. લોખંડની ગોળાકાર બંગડી જેવું છેડા પર જે લગાડેલ હોય તે.

16. **પિસતી** :– વાટવાના પત્થર પર તલ–આમળા વગેરેને વાટતી હોય, ત્યારે ભિક્ષા આપવા માટે ઉભી થાય તે વખતે તલ વગેરેના સચિત્ત નખીયા હાથ વગેરે પર લાગ્યા હોય છે. તેને ભિક્ષા આપવા માટે ઝાટકતા અથવા ભિક્ષા આપતી વખતે તેના સંપર્કથી તેની વિરાધના થાય છે અને ભિક્ષા આપ્યા પછી ખરડાયેલ બંને હાથ પાણીથી ધોતા અપ્કાયની વિરાધના થાય છે.

વાટવાનું પૂરુ થઈ ગયું હોય અથવા અચિત્ત વસ્તુ વાટતી હોય અને આપે તો ખપે.

17. **ભુંજતી** :– ચૂલા પર કઢાઈ વગેરેમાં ચણા વગેરે ભુંજતી વખતે ભિક્ષા આપતા વાર લાગે, તો તે વખતે ચણા વગેરે બળી જાય તો દ્વેષ થાય છે.

આમાં જે સચિત્ત ઘઉ વગેરે કઢાઈમાં નાંખેલ હોય તે ફૂટી ગયા પછી ઉતારી લીધા હોય અને બીજા દાણા નાખવા માટે હાથમાં હજુ લીધા ન હોય, તે વખતે સાધુ ગોચરી માટે આવી ગયા હોય અને ઉઠીને આપે તો ખપે.

18.–21. **કાંતતી–પીંજતી–કપાસીયા કાઢતી અને રૂ છૂટું કરતી** :– કાંતતી, પીંજતી, કપાસીયા કાઢતી અને રૂ છૂટું કરતી દાત્રી આપે તો ન ખપે.

રેંટીયા વડે રૂની પૂણીને સૂતર રૂપે કરતી હોય તે કાંતતી કહેવાય.

લોઢી પર એટલે લોખંડની પાટલી પર કપાસમાંથી ઠણકવડે એટલે લોખંડના સળીયા વડે કપાસીયાને છૂટા કરી રૂ બનાવે તે લોઢતી કહેવાય.

બે હાથ વડે રૂને વારંવાર છૂટું કરે તે.

પિંજવા વડે રૂને છૂટું કરે તે પીંજતી.

દેય વસ્તુથી ખરડાયેલ હાથ ધોવારૂપ પુરઃકર્મ, પશ્ચાતકર્મ વગેરે દોષોના સંભવ છે અને કપાસીયા વગેરે સચિત્ત સંઘટ્ટાનો સંભવ છે.

આમાં કાંતતી વખતે જો સુતરને અતિ સફેદાઈ લાવવા માટે શંખ ચૂર્ણ વડે હાથ ખરડતા ન હોય અથવા હાથ ખરડેલા હોય તેને પાણીથી ન ધુએ, તો ખપે. રૂ છૂટું કરતા કે રૂ પીંજતા જો પશ્ચાતકર્મ ન થતું હોય, તો ખપે.

22 **દળતી** :–ઘંટીમાં ઘઉં વગેરે દળતી હોય તે વખતે આપે, તો ઘંટીમાં નાંખેલ બીજનો સંઘટ્ટો થાય અને હાથ ધુએ તો પાણીની વિરાધના થાય.

સચિત્ત ભાગ વગેરે દળાઇ ગયા હોય અને ઘંટી છોડી દીધી હોય, તે વખતે સાધુ આવી જાય અથવા અચિત્ત મગ વગેરેની દાળ દળતી હોય, તો તેના હાથે ખપે.

23. **વલોણુ કરતી** :–દહિંને મથતી આપે તો દહિં વગેરે સંસક્ત એટલે જીવવાળું હોય તેને મંથન કરતી હોય તે વખતે સચિત્ત પાણી આદ્રિથી સંસક્ત દહિં વગેરેથી ખરડાયેલ હાથવાળી ભિક્ષા આપતી હોવાથી તે દહિં વગેરેમાં રહેલ અપ્કાય જીવોનો વધ થાય છે. અહિં જો અસંસક્ત દહિં વગેરે મંથન કરતા હોય, તો તે ખપે.

24. **ખાતી** :–દાતાર બાઇ ખાતી–ખાતી ભિક્ષાદાન માટે ઉભી થાય એટલે હાથ ધુએ અને હાથ ધોવાથી પાણીના જીવોની વિરાધના થાય છે. હવે હાથ ન ધુએ તો લોકોમાં જુગુપ્સા થાય. કહ્યું છે કે 'છકાયની દયાવાળા સાધુ પણ જો આહાર નિહાર અને ગોચરી વહોરવામાં દુર્ગંછનીય કરે તો બોધિ દુર્લભ કરે છે.'

25. **ગર્ભવતી** :–ગર્ભવતીબાઈ પાસે ભિક્ષા ન લેવી. કેમકે તેને ભિક્ષા માટે ઉભા થતા કે ભિક્ષા આપીને બેસતા ગર્ભને પીડા થાય. સ્થવિર કલ્પીને, આઠ મહિના સુધીના ગર્ભવાળીના હાથે ખપે, પ્રસવ થવાના મહિનામાં ન ખપે. ઉઠ–બેસ કર્યા વગર જે પ્રમાણે હોય તે પ્રમાણે રહીને ભિક્ષા આપે તો પ્રસવ થવાના મહિનામાં પણ ખપે.

26. **નાના બાળકવાળી** :–નાના બાળકવાળી બાઇ, બાળકને જમીન પર કે ખાટલા પર મૂકીને જો ભિક્ષા આપે, તો તે બાળકને બિલાડી–કૂતરા વગેરે માંસનો ટુકડો કે સસલાનું બચ્ચું છે–એમ જાણી મારી નાખે તથા આહારથી ખરડાયેલ હાથ સુકાવાથી કર્કશ થાય, તેથી ભિક્ષા આપીને દાત્રી બાઈ હાથવડે બાળકને લે, તો બાળકને પીડા થાય. જેનો બાળક આહાર કરતો હોય અને જમીન પર મૂકતા રડતો ન હોય, તો તેના હાથે સ્થવિર કલ્પીને ભિક્ષા ખપે. કેમકે આહાર ગ્રહણ કરતો બાળક પ્રાયઃ કરી શરીરે મોટો હોય છે, તેથી બિલાડી વગેરે દ્વારા મરવાનો પ્રસંગ ન થાય.

જિનકલ્પી ભગવંતો, નિરપવાદ સૂત્રવાળા હોવાથી ગર્ભાધાન વગેરે જાણીને પહેલેથી ગર્ભવતી અને બાળકવાળી બાઇના હાથની ભિક્ષા બિલકુલ છોડી દે.

27. **છકાયનો સંઘટ્ટો કરતી** :–પૃથ્વી, અપ્, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિ અને ત્રસકાય. આ છજીવનિકાયને હાથ પગ વગેરે શરીરના અવયવથી સંઘટ્ટો થતો હોય. સચિત્ત મીઠું, પાણી, અગ્નિ, પવનથી ભરેલ મશક, બીજોરા વગેરે ફળાદિ હાથમાં રહેલ હોય, સિદ્ધાર્થક (અડદ વગેરેના દાણા) દૂર્વા, ઘાસ, પલ્લવ, માલતી, શતપત્રિકા, કમલીની વગેરે ફૂલો માથા પર રહેલ હોય, માલતી વગેરે ફૂલની માળા છાતી પર પહેરેલ હોય, જાસુદ વગેરે ફૂલોના આભૂષણરૂપે કાનમાં પહેરેલ હોય, પરિધાનની અંદર કમરમાં સારા ડીંટીયાવાળા તાંબૂલ નાગરવેલના પાન રાખેલ હોય. સચિત્ત પાણીના કણીયા વગેરે પગ પર લાગેલ હોય ને જો આપે તો ન ખપે. સંઘટ્ટા વગેરે દોષનો સંભવ હોવાથી.

28. **છકાયની હિંસા કરતી** :–પૃથ્વીકાય વગેરે છજીવનિકાયનો નાશ કરતા આપે, તો ન ખપે.

કોશ (હળ) વગેરે વડે જમીન ખોદવા વડે પૃથ્વીકાયનો નાશ, સ્નાન, કપડા ધોવા, ઝાડને પાણી સિંચવા વડે અપ્કાયનો નાશ. ઉંબાડીયા વગેરે અડવા કે ઘસવા વડે અગ્નિકાયનો નાશ. ચૂલામાં અગ્નિ ફૂંકવાવડે, વાયુ ભરેલ મશક વગેરેને આમ–તેમ

ફેંકવા વડે વાયુકાયનો નાશ. ચિભડા વગેરેને છેદવાથી વનસ્પતિકાયનો નાશ, ખાટલા, માંચા વગેરેમાં માંકડને મારવાથી ત્રસકાયનો નાશ કરતી દાતારબાઈ આપે, તો ન ખપે.

29. **સપ્રત્યપાય** :–જેમાં ઉપદ્રવનો સંભવ હોય તે અપાય. તે અપાયો તિર્ચ્છો, ઉપર અને નીચેના–એમ ત્રણ પ્રકારે છે. ગાય વગેરે પ્રાણીઓ વડે તિર્ચ્છો અપાય થાય. બારણાની બારશાખનાં લાકડા વગેરે વાગવાથી ઉર્ધ્વ અપાય. સાપ, કાંટા વગેરેથી અધો–અપાય છે. આ રીતે ત્રણે અપાયોમાંથી કોઈપણ અપાયને બુદ્ધિ વડે કલ્પી (વિચારી) ત્યાંથી ભિક્ષા ન લે.

અહીં છજીવનિકાયને સંઘટ્ટો કરતા કે વિનાશ કરતા આપે તેમાં તથા સપ્રત્યપાયમાં અપવાદ નથી, તેથી તે રીતે આપે, તો બિલકુલ ન જ ખપે બાકીના દાયકોમાં અપવાદ બતાવ્યા જ છે. બીજા પણ દાયક દોષો જાતે શાસ્ત્રાંતરથી વિચારી ત્યાગ કરવા.

૭. **ઉન્મિશ્ર** :–સચિત્ત સાથે મિશ્રિત તે ઉન્મિશ્ર. કોઈક ગૃહસ્થ આ વસ્તુ સાધુને આપવા માટે થોડી છે –એમ વિચારીને, શરમથી જુદી જુદી બે વસ્તુ મેળવવામાં સમય લાગશે –એમ ઉત્સુકતાથી વિચારીને, બે વસ્તુ મેળવવાથી મીઠી થશે એમ વિચારીને ભક્તિથી, આમનો સચિત્ત ભક્ષણનો નિયમ ભાંગો –એમ વિચારીને શત્રુતાથી અથવા અનુપયોગથી સાધુઓને કલ્પનીય રૂપ ઉચિત પૂરણ વગેરે અથવા સાધુઓને અકલ્પનીય અનુચિત કરમદા–દાડમના દાણા વગેરે વડે મિશ્રિત કરીને જે આપે, તે ઉન્મિશ્ર.

અહીં કલ્પ્ય અકલ્પરૂપ બંને વસ્તુ મેળવીને જે આપે, તે ઉન્મિશ્ર.

સંહરણતો વાસણમાં રહેલ અદેય વસ્તુને બીજી છાબડી વગેરેમાં સંહરીને આપવું તે સંહૃત–એમ ઉન્મિશ્ર અને સંહૃતનો ભેદ છે.

૮. **અપરિણત** :–અપ્રાસુક એટલે અચિત્ત ન થયેલ તે. તેમાં સામાન્યથી દ્રવ્ય અને ભાવ–એમ બે પ્રકાર છે. આ બંનેના પણ દાતા વિષયક અને ગ્રહણ કરનાર વિષયક–એમ બે પ્રકાર છે.

દ્રવ્યરૂપે અપરિણત એટલે પૃથ્વીકાય વગેરે સજીવ સ્વરૂપે હોય તે, પરિણત એટલે જે અચિત્ત થયેલ હોય તે; તે પૃથ્વીકાય વગેરે દાતાના કબજામાં હોય, તો દાતૃવિષયક અને ગ્રાહકના કબજામાં હોય તો ગ્રાહકવિષયક.

ભાવવિષયક :–બે અથવા ઘણી વ્યક્તિ જે દેય પદાર્થના માલિક હોય, તેમાંથી કોઇક એકને દાન આપું એવો ભાવ થાય અને બીજાઓને ન થાય–એ ભાવથી દાતૃ વિષયકઅપરિણત.

અહીં સાધારણ અનિસૃષ્ટદોષમાં દાતા પરોક્ષમાં હોય છે. દાતૃભાવઅપરિણતમાં દાતા હાજર હોય છે –એમ બંને વચ્ચે તફાવત છે.

સંઘાટકરૂપે બે સાધુઓ ગૃહસ્થને ત્યાં ગોચરી માટે ગયા હોય, તેમાં એક સાધુને લેવા યોગ્ય અશનાદિને શુદ્ધ છે –એમ મનમાં લાગ્યું હોય એટલે પરિણમ્યું હોય અને બીજા સાધુને ન પરિણમ્યું હોય, તે ગ્રાહકવિષયકભાવાપરિણત છે. આ સાધુને ન ખપે, શંકિત હોવાથી અને ઝઘડા વગેરે દોષનો સંભવ હોવાથી.

૯. **લિપ્ત** :–દહિં, દૂધ, ઓસામણ વગેરે હાથ અને પાત્રને લેપ કરનાર–એવા પદાર્થને ઉત્સર્ગથી સાધુએ ન લેવા. કારણ કે દૂધ, દહિં વગેરે રસોના વપરાંશથી લંપટતા વધવાનો સંભવ છે. દહિં વગેરેથી લેપાયેલ હાથ ધોવા વગેરેરૂપ પશ્ચાત્કર્મ વગેરે અનેક દોષોનો સંભવ છે. સાધુને અલેપકૃત વાલ, ચણા, ભાત વગેરે જ ખપે.

તથાવિધ શક્તિનો અભાવ હોય, કે નિરંતર સ્વાધ્યાય અધ્યયન વગેરે કંઈક બીજા પુષ્ટ કારણ આશ્રયીને લેપકૃત પણ ખપે.

લેપકૃત ગ્રહણ કરતા દાતાનો હાથ સંસૃષ્ટ અથવા અસંસૃષ્ટ હોય છે અને જે વાસણ વડે ભિક્ષા આપવાની હોય, તે વાસણ માત્રક વાટકી વગેરે પણ સંસૃષ્ટ અથવા અસંસૃષ્ટ હોય છે.

ઢેય પદાર્થ પણ સાવશેષ એટલે પાછળ કંઇક બચે તે સાવશેષ અને પાછળ કંઈ ન બચે તે નિરવશેષ–એમ બે પ્રકારે છે.

આ ત્રણ પદો ૧. સંસૃષ્ટ હાથ, ૨. સંસૃષ્ટમાત્રક, ૩. સાવશેષ દ્રવ્યના વિરોધી પદો સાથે પરસ્પર યોગ કરવાથી (મેળવવાથી) આઠ ભાંગા થાય છે. તે આ પ્રમાણે–

૧. સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટમાત્રક, સાવશેષદ્રવ્ય.
૨. સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટમાત્રક, નિરવશેષદ્રવ્ય.
૩. સંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટમાત્રક, સાવશેષદ્રવ્ય.
૪. સંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટમાત્રક, નિરવશેષદ્રવ્ય.
૫. અસંસૃષ્ટ હાથ, સંસૃષ્ટમાત્રક, સાવશેષદ્રવ્ય.
૬. અસંસૃષ્ટ હાથ, સંસૃષ્ટમાત્રક, નિરવશેષદ્રવ્ય.
૭. અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટમાત્રક, સાવશેષદ્રવ્ય.
૮. અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટમાત્રક નિરવશેષદ્રવ્ય.

આ આઠ ભાંગાઓમાં વિષમ એક, ત્રણ, પાંચ અને સાતમા ભાંગામાં લઈ શકાય પણ બે, ચાર, છ અને આઠ–એ સમભાંગામાં ન લઈ શકાય.

કેમકે અહીં હાથ અને વાસણ બંને સ્વયોગથી સંસૃષ્ટ હોય કે અસંસૃષ્ટ હોય, તો પશ્ચાત કર્મ થાય છે. કારણકે પાછળ દ્રવ્ય બચે છે માટે.

જેમ વાસણમાં દ્રવ્ય બચે છે, તે વાસણને ભલે સાધુ માટે ખરડ્યું હોય, છતાં દાતા બાઈ ધોતી નથી કેમકે ફરીવાર તેમાંથી બચેલ વસ્તુ પીરસી શકાય છે. જે વાસણમાં સાધુને વહોરાવ્યા પછી થોડું પણ દ્રવ્ય ન બચે, તો નક્કી તે થાળી માત્રક વગેરે વાસણ કે હાથને ધોઈ નાંખે છે. માટે બીજા વગેરે ભાંગામાં નિરવશેષદ્રવ્ય હોવાથી પશ્ચાતકર્મનો સંભવ હોવાથી ન ખપે. પહેલા વગેરે ભાંગાઓમાં પશ્ચાતકર્મનો સંભવ ન હોવાથી ખપે છે.

૧૦. **છર્દિતઃ**–છર્દિત એટલે ત્યાગવું, છોડવું, ઢાળવું, તે સચિત્ત, અચિત્ત અને મિશ્ર–એમ ત્રણ પ્રકારે છે. તે છર્દિત પણ કયારેક સચિત્તમાં, કયારેક મિશ્રમાં ને કયારેક અચિત્તમાં થાય છે, એમાં મિશ્રનું આધાર આધેય બંનેરૂપે સચિત્તમાં જ અંતર્ભાવ હોવાથી છોડવા. ફેંકવા વિષયકમાં સચિત્ત–અચિત્તદ્રવ્યનો આધાર રૂપે અને આધેયરૂપ સંયોગથી ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણેઃ–

૧. સચિત્તમાં સચિત્તનો [1]ત્યાગ.
૨. સચિત્તમાં અચિત્તનો ત્યાગ.
૩. અચિત્તમાં સચિત્તનો ત્યાગ.
૪. અચિત્તમાં અચિત્તનો ત્યાગ.

આમાં પહેલા ત્રણ ભાંગાઓમાં સચિત્તના સંઘટ્ટા વગેરે દોષનો સંભવ હોવાથી ન ખપે. અને છેલ્લામાં ઢાળાતું હોવાથી ન ખપે. કારણકે ઢાળવામાં મહાન દોષ છે. ગરમ પદાર્થને ઢાળતો ભિક્ષા આપે તો દાઝે અને જમીન પર રહેલા પૃથ્વીકાય વગેરેને બાળે.

ઠંડુ દ્રવ્ય ઢાળાય તો જમીનપર રહેલા પૃથ્વીકાય વગેરેને વિરાધે.

આ દશ એષણાના દોષો છે. આ પ્રમાણે સંક્ષેપથી ગોચરીના બેતાલીસ (૪૨) દોષ કહ્યા. વિસ્તારથી પિંડનિર્યુક્તિમાંથી જાણવા. (૫૬૮)

હવે પિંડવિશુદ્ધિનો સારાંશ કહે છે. (સર્વ સંગ્રહ)

પિંડવિશુદ્ધિનો સાર :

પિંડેસણા ય સવ્વા સંખિત્તોયરઇ નવસુ કોડીસુ ।
ન હણઇ ન કિણઇ ન પયઇ કારાવણઅણુમઈહિ નવ ॥૫૬૯॥

પિંડેષણા એટલે પિંડવિશુદ્ધિ. તે સંપૂર્ણપણે સંક્ષેપમાં નવ પ્રકારની કોટીમાં એટલે વિભાગમાં આવી જાય છે. તે આ પ્રમાણે. ૧. પોતે જાતે ન હણે, ૨. ન ખરીદે, ૩. ન પકાવે (રાંધે), ૪. ન હણાવે, ૫. ન ખરીદાવે, ૬. ન રંધાવે, ૭. હણનારાને, ૮. ખરીદનારને અને ૯. રાંધનારને અનુમોદન ન આપે. આ નવ પ્રકારે પિંડ વિશુદ્ધિનો સંગ્રહ થાય છે. (૫૬૯)

આગળ સોળપ્રકારના ઉદ્ગમના દોષો કહ્યા, તે સામાન્યથી–બે પ્રકારે છે. ૧. વિશોધિકોટિ અને ૨. અવિશોધિકોટિ.

---

૧. ત્યાગ એટલે મૂકવું.

૧. દોષથી દુષ્ટ થયેલુ ભોજન બીજા નિર્દોષ ભોજન સાથે હોય અને તેમાંથી દોષિત જેટલો આહાર હોય, તેટલો આહાર કાઢી નાંખ્યા પછી બીજો આહાર ખપે, તે દોષો વિશોધિકોટિના કહેવાય.

૨. જે દોષોમાં દોષિત આહાર કાઢ્યા પછી પણ નિર્દોષ આહાર ન ખપે–એવા દોષો અવિશોધિકોટિના છે.

૧. અવિશોધિકોટિના દોષ :

कम्मुद्देसियचरिमे तिय पूइयमीसचरिमपाहुडिया ।
अज्झोयर अविसोही विसोहिकोडी भवे सेसा ॥५७०॥

આધાકર્મ, ઔદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદ, પૂતિકર્મ, મિશ્રજાત, છેલ્લી બાદર પ્રાભૃતિકા અને અધ્યવપૂરક–આ દોષો અવિશોધિકોટિના છે. બાકીના બધા વિશોધિકોટિના છે.

કર્મ એટલે ભેદો સહિત આધાકર્મ, ઔદ્દેશિકમાં–વિભાગૌદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદો, ભોજન–પાણીરૂપ પૂતિદોષ, પાખંડીગૃહિમિશ્ર અને સાધુગૃહિમિશ્રરૂપ મિશ્રજાત, છેલ્લી એટલે બાદર પ્રાભૃતિકા, અધ્યવપૂરકના છેલ્લા બે સ્વગૃહિ પાખંડી મિશ્ર અને સ્વગૃહી સાધુમિશ્ર બે ભેદો લેવા. આ ઉદ્ગમના દોષો અવિશોધિકોટિના છે.

આ અવિશોધિકોટીના દોષવાળા સુકા, સક્થુ વગેરે કે છાશના છાંટાનો લેપ વગેરે ઉડવાથી અથવા અલેપકારી વાલ, ચણા વગેરેથી અડેલા છાંટાથી સ્પર્શાયેલા શુદ્ધ આહારને પણ કાઢી નાંખ્યા બાદ ત્રણ કલ્પ એટલે ત્રણ વખત પાત્ર ધોયા વગર જો શુદ્ધ આહાર પાછો લીધો હોય, તે પૂતિ જાણવું.

૨. વિશોધિકોટિના દોષોઃ-

ઔદ્દશિકના નવ ભેદો અને વિભાગૌદ્દેશિક, ઉપકરણ પૂતિકર્મ, મિશ્રનો પહેલો ભેદ, સ્થાપના, સૂક્ષ્મપ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્ય, પરિવર્તિત, અભ્યાહૃત, ઉદ્ભિન્ન માલાપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અધ્યવપૂરકનો પહેલો ભેદ–આ ભેદો વિશોધિકોટિના છે.

જેમાંથી અશુદ્ધ ભોજન કાઢી લીધા પછી બાકીનો આહાર વિશુદ્ધ રહે, તે વિશોધિ-કોટિ અથવા પાત્રાને ત્રણ વાર ધોયા વગર પણ જેમાં છોડ્યા પછી ખપે તે વિશોધિકોટિ.

કહ્યું છે કે–ઔદ્દેશિકમાં નવ, ઉપકરણ પૂતિ, યાવદર્થિક મિશ્રજાત, અધ્યવપૂરકનો પહેલો ભેદ, પરાવર્તિત, અભ્યાહૃત, ઉદ્ભિન્ન, માલાપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, પાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્ય, સૂક્ષ્મપ્રાભૃતિકા, બે પ્રકારનો સ્થાપના પિંડ–આ બધા દોષો વિશોધિકોટિના જાણવા.

ગોચરી માટે ફરતા પહેલા શુદ્ધ આહાર લીધો પછી અનુપયોગ વગેરે કારણથી તેમાં વિશોધિકોટિવાળા દોષવાળો આહાર લીધો. તેનો પાછળથી ખ્યાલ આવે કે આ

આહાર વિશોધિકોટિનો છે. જો તે આહાર વગર ચાલી શકે એમ હોય, તો બધોયે આહાર વિધિપૂર્વક પરઠવે. જો નિર્વાહ થાય તેમ ન હોય, જેટલો વિશોધિકોટિ દોષવાળો આહાર હોય તેટલા આહારને સારી રીતે જાણી પરઠવે. જો જાણતા સરખા રંગ, ગંધ વગેરે પ્રવાહીથી મિશ્રિત થયેલ હોય, તો તે બધાયે આહારનો ત્યાગ કરવો. બધાનો ત્યાગ કર્યા પછી જો આહારના સૂક્ષ્મ અવયવો છતાં પણ ત્યાગ કરેલ આહાર વિશોધિ-કોટિવાળો હોવાથી તે પાત્રામાં કલ્પ કર્યા વગર બીજો શુદ્ધ આહાર લઇ શકાય છે. (૫૭૦)

સમિતિઃ-

इरिया १ भासा २ एसण ३ आयाणाईसु ४ तह परिट्ठवणा ५ ।
सम्मं जा उ पवित्ती सा समिई पंचहा एवं ॥५७१॥

ઇર્યા, ભાષા, એષણા, આદાન તથા પરિષ્ઠાપના. આ પ્રમાણે પાંચ સમિતિ છે. સમ્યગ્ પ્રકારે જે પ્રવૃત્તિ, તે સમિતિ કહેવાય.

ઇર્યા એટલે ગતિ, બોલવું તે ભાષા, એષણા એટલે શોધવું, આદાન એટલે લેવું, દરેક ક્રિયાઓમાં લેવું- તે પ્રથમ હોવાથી આદાન શબ્દથી નિક્ષેપ પણ સમજી લેવું, પરિષ્ઠાપના એટલે છોડવું, ત્યાગવું. તેમાં આગમાનુસારે જે સમ્યગ્ પ્રવૃત્તિ, ક્રિયા તે સમિતિ.

આ પાંચ ક્રિયાની શાસ્ત્રીય જે સંજ્ઞા તે સમિતિ. તેથી ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપસમિતિ, પરિષ્ઠાપનાસમિતિ-એ પ્રમાણે પાંચ પ્રકારે સમિતિ છે.

૧. ઇર્યાસમિતિઃ-ત્રસ-સ્થાવર જીવોના સમુદાય પ્રત્યે અભયદાન માટે દીક્ષિત થયેલ સાધુને આવશ્યક પ્રયોજન ઉભું થાય, ત્યારે લોકો વડે ખૂંદાયેલ, સૂર્યના કિરણથી તપેલ, અચિત્ત માર્ગમાં જતાં જંતુરક્ષા અને સ્વશરીર રક્ષા માટે પગના આગળના ભાગથી એક યુગ એટલે સાડાત્રણહાથ જેટલા ક્ષેત્રને જોઇને જે ગતિ કરવી, તે ઇર્યાસમિતિ. દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે-

એક યુગ પ્રમાણ ભૂમિને આગળ સારી રીતે જોતો તથા અનેક પ્રકારના બીજ, વનસ્પતિ, બેઇન્દ્રિય વગેરે ત્રસ જીવો, સચિત્ત પાણી તથા માટીનો ત્યાગ કરતો પૃથ્વી પર ચાલે.

ખાડા, ઊંચી-નીચી જમીન, ઉભા લાકડા, પાણી વગરના કાદવનો ત્યાગ કરી બીજો રસ્તો હોય, તો પાણી વગેરેમાં વચ્ચે મૂકેલ પાટીયા, કે પથ્થર વગેરે પરથી પણ ન જાય.

આ પ્રમાણે ઉપયોગપૂર્વક જતાં સાધુથી કદાચ જીવ હિંસા થાય, તો તે હિંસાનું પાપ ન લાગે. ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે-

'જવા માટે ઇર્યાસમિતિમાં ઉપયોગવંત સાધુ પગ ઉંચો કરે, તે વખતે બેઇન્દ્રિય વગેરે જીવ મરી જાય, તો તે મરી જવાના કારણે સાધુને જીવહિંસા નિમિત્તક સૂક્ષ્મ પણ કર્મબંધ સિદ્ધાંતમાં બતાવ્યો નથી. કેમકે ભાવથી સાધુ સર્વથા અનવદ્ય પ્રયોગવાળો એટલે કે નિષ્પાપ યોગવાળો છે માટે.'

પ્રવચનસારમાં પણ કહ્યું છે કે–

'જીવ મરે કે જીવે પણ અજયણાના આચારવાળાને નિશ્ચયથી હિંસા છે પણ જયણાવાળા સમિત સાધુને હિંસા માત્રથી પણ બંધ નથી.'

૨. ભાષાસમિતિ:–વાક્યશુદ્ધિ નામના દશવૈકાલિકના સાતમા અધ્યયનમાં કહેલ સાવદ્યભાષા અને ધૂર્ત્ત, કામી, ચોર, દાઢીયો, જુગારી, નાસ્તિક વગેરે વડે બોલાયેલ ભાષાને નિર્દંભપણે છોડીને બધાને હિતકારી થોડી પણ ઘણા કાર્યને સાધનારી, સ્પષ્ટ, વાણી બોલવી તે ભાષાસમિતિ.

૩. એષણાસમિતિ :–ગ્રહણૈષણા, ગ્રાસૈષણા–એમ ગવેષણાના બે પ્રકાર છે. તે ગવેષણાના દોષોથી અદૂષિત અન્ન પાણી વિગેરે રજોહરણ, મુહપત્તિ વગેરે ઔધિક ઉપધિ, શય્યા, પાટ, પાછળ અઢેલવાનું પાટીયું, ચર્મ, દાંડો વગેરે ઔપગ્રહિક ઉપધિમાં જે નિર્દોષ હોય તે લેવું–તે એષણાસમિતિ છે.

૪. આદાના-નિક્ષેપસમિતિ:–આસન, સંથારો, પીઠનું પાટીયું, વસ્ત્ર, પાત્ર, દાંડો વગેરેને આંખથી જોઈ-પડીલેહી, સારી રીતે ઉપયોગપૂર્વક ઓઘાથી પડીલેહીને લે. અને જોયેલી, પડિલેહેલી ભૂમિમાં મૂકે તે આદાનનિક્ષેપસમિતિ. ઉપયોગ વગરનાને તો પડિલેહણ કરીને લે અને મૂકે તો પણ સમિતિ શુદ્ધ નથી. કહ્યું છે કે–

પડિલેહણ કરતાં પરસ્પર વાતો કરે અથવા દેશકથા કરે, પચ્ચક્ખાણ આપે, વાચના પોતે લે કે આપે, તો તે પડિલેહણમાં પ્રમાદી ષડ્જીવનિકાયનો વિરાધક કહ્યો છે.

૫. પારિષ્ઠાપનિકાસમિતિ :–વિષ્ટા, પેશાબ, લેંટ, કફ, શરીરનો મેલ, બિન-જરૂરી વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી વગેરેને જીવસમૂહ વગરની નિર્દોષ ભૂમિમાં ઉપયોગ-પૂર્વક ત્યાગ કરવો–તે પારિષ્ઠાપનિકાસમિતિ. (૫૭૧)

બારભાવના :–

पढममणिच्च १ मसरणं २ संसारो ३ एगया य ४ अन्नत्तं ५ ।
असुइत्तं ६ आसव ७ संवरो ८ य तह निज्जरा ९ नवमी ॥५७२॥
लोगसहावो १० बोहि य दुलहा ११ धम्मस्स साहओ अरहा १२ ।
एयाउ हुंति बारस जहक्कमं भावणीयाओ ॥५७३॥

૧. અનિત્ય, ૨. અશરણ, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિત્વ, ૭. આશ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦. લોકસ્વભાવ, ૧૧. બોધિદુર્લભ, ૧૨. ધર્મકથક અરિહંત–આ બાર ભાવનાઓ યથાક્રમે હંમેશા ભાવવા જેવી છે. આ ભાવનાનું યત્કિંચિત્ સ્વરૂપ કહીએ છીએ.

૧. અનિત્યભાવના:–અનિત્યતારૂપ રાક્ષસ વડે વજ્ર જેવા મજબૂત શરીરવાળા પણ કેળિયા થઈ જાય છે. તો પછી કેળના ગર્ભ જેવા નિઃસાર શરીરવાળાની શી વાત કરવી ?

બિલાડી જેમ દૂધનો આનંદથી સ્વાદ કરે છે પણ મારવા માટે ઉઠાવેલી લાકડીને જોતી નથી–તેમ લોકો પણ વિષયસુખનો સ્વાદ કરતાં હંમેશા યમને જોતા નથી. અરે અમે શું કરીએ ? પર્વતમાંથી પડતી નદીના પ્રવાહ જેવું શરીર છે. જીવોનું આયુષ્ય પવનથી હાલતી ધજા સમાન અસ્થિર છે. શરીરનું લાવણ્ય સ્ત્રીના ચંચળ નયનની પાંપણ જેવું છે. યુવાની મદોન્મત્ત હાથીના કાન સમાન ચંચળ છે. શેઠાઇ, સ્વામીપણું સ્વપ્નની હારમાળા જેવું છે. લક્ષ્મી વીજળી જેવી ચપળ છે. પ્રેમ બે–ત્રણ ક્ષણ રહેનારો છે. સુખ સ્થિરતા વગરનું છે.

સર્વ બાબતમાં અનિત્યભાવના ભાવનાર પ્રાણ–પ્રિય પુત્ર વગેરે મરી જાય તો પણ શોક કરતા નથી. બધીયે વસ્તુમાં નિત્યતાની બુદ્ધિવાળો મૂરખ ભાંગી–તૂટી ઝૂંપડી તૂટી જાય તો પણ હંમેશાં રડે છે. -માટે તૃષ્ણાના નાશપૂર્વક નિર્મમભાવને કરનારી અનિત્યભાવના શુદ્ધ બુદ્ધિવાળાએ હંમેશાં ભાવવી.

૨. અશરણુભાવના:–પિતા, માતા, ભાઈ, બેન, પુત્ર, પત્ની વગેરેની સમક્ષ જ અનેક આધિ–વ્યાધિના સમૂહે બંધાયેલા રાડ પાડતા પ્રાણીઓને કર્મરૂપી ચોરટાઓ યમના મુખરૂપ ગુફામાં નાખે છે. હા હા ! કેવું કષ્ટ કે શરણ રહિત લોક કેવી રીતે રહી શકે છે.

જેઓ જુદા જુદા શાસ્ત્રને વિસ્તારથી જાણે છે. જેઓ મંત્ર તંત્રની ક્રિયાઓમાં હોશિયારી ધરાવે છે. જેઓ જ્યોતિષશાસ્ત્રમાં કુશળતા રાખે છે. તેઓ પણ સમસ્ત ત્રણ લોકનો નાશ કરવામાં વ્યગ્ર એવા યમનો પ્રતિકાર કરવાના કાર્યમાં હોશિયારી ધારણ કરતા નથી.

જુદા જુદા પ્રકારની શસ્ત્રકળામાં કુશળ એવા ઉદ્ભટ સુભટો વડે ચારે તરફથી વિંટળાયેલ અને તેજ ગતિવાળા મદોન્મત્ત સેંકડો હાથી વચ્ચે રહેલા હોવાથી કયારેય પણ, કોઈથી પણ પહોંચી જાણી ન શકાય એવા ઈંદ્ર, વાસુદેવ, ચક્રવર્તીઓને પણ બળાત્કારે યમના દૂતો અચાનક યમઘરે ઘસડી જાય છે. હા ! હા ! કેવી જીવોની અશરણુતા છે.

જેઓ જરા પણ કષ્ટ વગર મેરુપર્વતને દંડ અને પૃથ્વીને છત્ર સમાન કરવા માટે સમર્થ, તથા અસમાન બળને ધારણ કરનારા તીર્થંકરો પણ, અહો ! સમસ્ત જનસમૂહના યમ ભયને દૂર કરવામાં સમર્થ નથી.

સ્ત્રી, પુત્ર, મિત્ર વગેરેના સ્નેહરાગના બંધથી બચવા માટે શુદ્ધમતિથી અશરણુભાવના ભાવવી જોઇએ.

૩. **સંસારભાવના**:—આ ભવરૂપી નાટકમાં મોટે ભાગે બુદ્ધિશાળી કે મૂર્ખ, પૈસાદાર કે નિર્ધન, સુખી કે દુઃખી, રૂપવાન કે કદરૂપો, સ્વામી કે સેવક, પ્રિય કે અપ્રિય, રાજા કે પ્રજા, દેવ કે પશુ, મનુષ્ય કે નારક બધાય નૃત્ય કરે છે.

અનેક પાપકારી મહાઆરંભ વગેરે કારણો સેવી, પાપો બાંધી, ચારે દિશામાં ભયંકર અંધકારવાળી નારક ભૂમિમાં જઈ, અંગ છેદન—ભેદન—દહન—ક્લેશ આદિ મોટા દુઃખોને જીવો પામે છે. તે કહેવા માટે ચાર મોઢાવાળા બ્રહ્મા પણ સમર્થ નથી.

માયા, આર્તધ્યાન વગેરે અનેક પ્રકારના કારણો વડે સિંહ, વાઘ, હાથી, બકરા, ઘેટા, બળદ, ગાય વગેરેરૂપ તિર્યંચગતિને પ્રાપ્ત કરે છે. ત્યાં ભૂખ, તરસ, વધ, બંધ, માર સહન કરવો, રોગ, ભાર વહન કરવો વગેરે જે દુઃખોને હંમેશાં જીવ સહન કરે છે. તે કહેવા માટે કોઈ પણ સમર્થ નથી.

ભક્ષ્યા—ભક્ષ્યના વિવેક વગરના, બેશરમ, સેવ્ય—અસેવ્યની વિધિમાં ભાન વગરના, નિર્દયતા પ્રિય, અનાર્ય મનુષ્યો હંમેશાં મહારંભ સમારંભ વગેરે દુઃસહ ક્લેશને કરતા મહા દુઃખદાયક કર્મને બાંધે છે.

આર્યદેશોમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો પણ ક્ષત્રિય, બ્રાહ્મણ વગેરે પણ અજ્ઞાન, દરિદ્રતા વ્યસન, દુર્ભાગ્યતા, રોગ, નોકરી, અપમાન, અવજ્ઞા વગેરે વડે હંમેશાં જે દુઃખને સહન કરે છે, તે દુઃખને દેવો પણ કહી શકતા નથી.

કેળના ગર્ભ સમાન કોમળ શરીરવાળા, યુવાન, સુખી પુરુષને અગ્નિના જેવા લાલચોળ લોખંડની સોયો વડે દરેક રોમરાજીમાં ભોંકવામાં આવે, તે વખતે જે દુઃખ થાય, તેનાથી આઠ ઘણું દુઃખ સ્ત્રીના ગર્ભમાં રહેલ જીવને હોય છે. અને તેનાથી અનંતગણું દુઃખ જન્મ વખતે હોય છે.

બાલ્યાવસ્થામાં અજ્ઞાન વગેરેથી પેશાબ, વિષ્ટા, ધૂળ વગેરેમાં આળોટવાની નિંદિત પ્રવૃત્તિ કરી આનંદ માન્યો, યુવાવસ્થામાં વૈભવ પ્રાપ્ત કરવામાં, ઈષ્ટ વિરહ, અનિષ્ટ સંયોગ વગેરેમાં પીડા સહન કરી, વૃદ્ધાવસ્થામાં શરીર કાંપે, આંખે દેખાય નહીં, શ્વાસ ચાલે —આ બધામાં એવી કઈ દશા છે કે જેમાં સુખને પામે ?

સમ્યક્ત્વ વગેરેને પાળવા વડે મેળવેલ દેવભવમાં જીવો, શોક, વિષાદ, ઈર્ષ્યા, ભય, અલ્પઋદ્ધિ, અદેખાઈ, કામ, માન વગેરેની અત્યંત પીડાથી દુઃખી થયેલા દીનતાપૂર્વક પોતાનું લાંબુ આયુષ્ય કષ્ટપૂર્વક ખપાવે છે.

આ પ્રમાણે બુદ્ધિમાન શિવફળને કરનારી, ભવવૈરાગ્યરૂપ વૃક્ષ માટે સુધાવૃષ્ટિ કરનારી—આ સંસારભાવના ભાવવી જોઈએ.

૪. **એકત્વભાવના** :— અહીં સંસારમાં જીવ એકલો જ ઉત્પન્ન થાય છે. એકલો જ મરે છે. એકલો જ કર્મ બાંધે છે અને તેના વિવિધ પ્રકારના ફળો એકલો જ

ભોગવે છે. જીવે જે ધન પોતે અનેક પ્રકારના કષ્ટો વડે મેળવ્યું હોય, તે સ્ત્રી, પુત્ર, મિત્ર, ભાઈ વગેરે ભેગા થઈને ભોગવે છે અને તે કર્મના કારણે મનુષ્ય, દેવ, નરક, તિર્યંચભવોમાં અસંખ્ય દુઃસહ દુઃખોને જીવ એકલો જ સહન કરે છે. જીવ જે શરીરના માટે ચારે દિશામાં ભમે છે, દીનતા ધરે છે, ધર્મથી ભ્રષ્ટ થાય છે, અતિહિતકારીઓને પણ ઠગે છે, ન્યાયમાર્ગ ઉલ્લંઘે છે–તે શરીર પણ બીજા ભવમાં એક પગલું પણ આત્મા સાથે જતું નથી. તો પછી હે જીવ! તું કહે કે પરલોક જતાં કોની સહાય લઈશ?

સ્વજનો અને સ્વદેહ સ્વાર્થમાં જ રત છે– એમ સારી રીતે જાણીને બુદ્ધિમાને સર્વ સ્થાને કલ્યાણના કારણરૂપ એક ધર્મ જ સહાય કરનારો છે–એમ ભાવના ભાવવી જોઈએ.

૫. અન્યત્વભાવના :– અહો! જીવ આ શરીરને પણ છોડી પરલોકમાં જાય છે, માટે આ શરીરથી જીવ જુદો છે, તો પછી પૈસા વગેરે પદાર્થ સમૂહની શી વાત કરવી? માટે કોઈ શરીરને ચંદનનું વિલેપન કરે કે દંડ વગેરેથી મારે, ધન વગેરે કોઈ આપે કે કોઈ લઈ જાય, તે બધા પર સમભાવ રાખે. આ પ્રમાણે જે મહામતિ અન્યત્વ ભાવના ભાવે છે, તેનું સર્વસ્વ નાશ થવા છતાં પણ શોકનો અંશ માત્ર પણ હોતો નથી.

૬. અશુચિભાવના :– જેમ દરિયામાં પડેલો પદાર્થ ખારાશમાં પરિણમે છે, તેમ શરીરના સંપર્કમાં આવેલા પદાર્થો પણ મેલરૂપે પરિણમે છે. માટે આ શરીર હંમેશા અશુચિમય છે.

લોહી અને શુક્રના મિલનથી બનેલ, ગર્ભમાં જરાયુથી વિંટળાયેલ, માતાએ ખાધેલા પીધેલા પદાર્થોથી વધેલ, ગંદી ધાતુથી ઘેરાયેલું, કરમીયા, રોગ, ગુંબડા વગેરેના સ્થાનરૂપ–આવા સર્વ મલોથી ગંદકીમય શરીરને કયો બુદ્ધિમાન્ પવિત્ર માને?

સ્વાદિષ્ટ, સુગંધી લાડુ, દહીં, ખીર, શેરડી, શાલિ, ઓદન, દ્રાક્ષ, પાપડી, અમૃતપાક, ઘેબર, સુંવાળી, કેરી વગેરે જે કંઈ ખાધુ હોય, તે તુરત જ જ્યાં બધી રીતે મલરૂપે થાય છે–તે અશુચિમય શરીરને મોહથી અંધ બનેલા જીવો પવિત્ર માને છે.

મૂર્ખાઓ સેંકડો ઘડા પાણી વડે શરીરને સાફ કરી થોડો ટાઈમ સ્વચ્છ કરે છે. ઉત્તમ કસ્તૂરી વડે સુગંધી કરે છે. છતાં વિષ્ણના કોથળા જેવા આ શરીરમાં શી રીતે પવિત્રતા અને સુગંધી આવી રહે?

દિવ્ય સુગંધની સમૃદ્ધિ વડે દિશાઓને વાસીત કરતા ચંદન, કસ્તૂરી, કપૂર, અગરૂ, કુંકુમ વગેરે પદાર્થો પણ જેના સ્પર્શ માત્રથી ક્ષણવારમાં દુર્ગંધી અને મલીન બની જાય છે, તે શરીરને કેટલાક પવિત્રરૂપ માને છે–તેઓની મૂર્ખતા જુઓ.

આ પ્રમાણે શરીરની પરમાર્થથી અપવિત્રતા વિચારી બુદ્ધિમાન્ તે શરીરમાં કદીય મમતા ન કરે.

૭. આશ્રવભાવના :– મન, વચન, કાયાના યોગો વડે શુભ કે અશુભ કર્મોને જે ભવિ આત્મા આવવા દે છે, તે યોગોને જિનેશ્વરે આશ્રવ કહ્યા છે.

સર્વ જીવો પર મૈત્રીભાવ વડે, ગુણાધિક પર પ્રમોદભાવના વડે, અવિનિત જીવો પર મધ્યસ્થભાવના વડે અને દુઃખી પર દયાભાવ વડે સતત વાસિત જે પુણ્યશાળી પોતાના અંતઃકરણને કરે છે. તે બેતાલીસ (૪૨) પ્રકારનું શુભ કર્મ બાંધે છે.

આર્તધ્યાન, મિથ્યાત્વ, કષાય, વિષય વડે જેનું મન ઘેરાયેલ હોય છે, તે બ્યાસી (૮૨) પ્રકારનું અશુભ કર્મ બાંધે છે.

કેવળી, ગુરુ, સિદ્ધાંત, સંઘના સદ્‌ગુણના વર્ણનરૂપ હિતકારી પથ્ય વચનવડે શુભ કર્મ બંધાય છે.

શ્રી સંઘ, ગુરુ, સર્વજ્ઞ, ધર્મ, ધાર્મિકતાને દૂષિત કરનારા ઉન્માર્ગદર્શક વચનો વડે અશુભ કર્મ બાંધે છે.

દેવપૂજા, ગુરુપાસના, સાધુવૈયાવચ્ચ, કાયગુપ્તિને પાળનાર શુભ કર્મ બાંધે છે.

માંસભક્ષણ, દારૂપાન, જીવહિંસા, ચોરી, પરદારા સેવન કરનાર અશુભ કર્મને બાંધે છે.

આ આશ્રવભાવનાને જે સતત ભાવથી ભાવે છે, તે અનર્થની પરંપરાજનક દુષ્ટાશ્રવના સમૂહથી મનને અટકાવી શકે છે. માટે સમસ્ત દુઃખરૂપી અગ્નિને માટે મેઘ સમાન તથા સમસ્ત સુખની શ્રેણીને રચવામાં શ્રેષ્ઠ–એવી શુભાશ્રવ ભાવના–સમૂહમાં હંમેશાં રતિ કરવી જોઇએ.

૮. સંવરભાવના :– આશ્રવને રોકવું તે સંવર. તે સર્વસંવર અને દેશ–સંવર–એમ બે પ્રકારે કહ્યો છે.

સર્વસંવર અયોગીકેવળીમાં જ હોય છે. દેશસંવર એક બે આશ્રવનો રોધ કરવાથી થાય છે.

તે બંને સંવરો પણ દ્રવ્ય અને ભાવના ભેદથી બે–બે પ્રકારે છે. આત્મામાં આશ્રવથી જે દ્રવ્યપુદ્‌ગલરૂપકર્મોનું સર્વ અને દેશથી છેદન (રોકાણ) તે દ્રવ્યસંવર.

સંસારના કારણરૂપ ક્રિયાનો જે ત્યાગ, તે ભાવસંવર છે. મિથ્યાત્વ કષાય વગેરે આશ્રવોને રોકવા માટે બુદ્ધિમાને વિરોધી ઉપાયો યોજવા જોઇએ. જેમ મિથ્યાત્વ અને આર્ત–રૌદ્રધ્યાનને નિષ્કલંક સમ્યગ્દર્શન અને શુક્લધ્યાન વડે જીતવા જોઇએ. ક્ષમાથી ક્રોધ નમ્રતાથી માન, સરલતાથી માયા અને સંતોષથી લોભને અટકાવવા જોઇએ.

રાગ દ્વેષના ત્યાગપૂર્વક ઇષ્ટ–અનિષ્ટ શબ્દાદિ વિષયોને તજવા જોઈએ.

જે મનુષ્ય આ ભાવનાનો સંગ કરે છે. તે સૌભાગ્યવાન્ થાય છે અને સ્વર્ગ, મોક્ષની લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

૯. નિર્જરા :– સંસારના કારણરૂપ કર્મ પરંપરાનો જે ક્ષય, તે નિર્જરા. તે નિર્જરા સકામ અને અકામ–એમ બે પ્રકારે છે.

સાધુઓને સકામનિર્જરા અને બીજા જીવોને અકામનિર્જરા થાય.

કેરીના પાકની જેમ કર્મનો વિપાક સ્વાભાવિક અને પ્રયત્નથી થાય છે. અમારા કર્મના ક્ષય થાઓ એવા આશયવાળા સજ્જનો (સંતો) તપસ્યા વગેરે કરતા સકામ-નિર્જરા કરે છે.

સદ્જ્ઞાન રહિત એકેન્દ્રિય વગેરે જીવોને ઠંડી, ગરમી, વરસાદ, આગ, છેદન, ભેદન, વગેરે વડે હંમેશાં કષ્ટ ભોગવતા–જે કર્મોનો નાશ થાય છે–તેને જ્ઞાનીઓએ અકામ-નિર્જરા કહી છે.

જે કારણથી તપ વગેરે વડે વૃદ્ધિ પામતી નિર્જરા મમત્વ, કર્મ અને સંસારને હણે છે, તેથી નિર્જરાભાવના ભાવવી જોઈએ.

૧૦. લોકસ્વભાવભાવના :– વૈશાખસંસ્થાન એટલે કમર પર બે હાથ રાખી, બે પગ પહોળા કરી, ઉભો રહેલ મનુષ્ય જેવી આકૃતિ તે. લોક, ઉત્પત્તિ, સ્થિતિ, વ્યય સ્વરૂપ દ્રવ્યોથી ભરેલ છે. તે લોક ઉર્ધ્વ, અધો અને તિર્ચ્છા એમ ત્રણ પ્રકારે જિનેશ્વરોએ કહ્યો છે.

મેરૂપર્વતના મધ્યમાં આઠ રૂચક પ્રદેશથી ઉપર નીચે નવસો નવસો યોજન–કુલ અઢારસો યોજન પ્રમાણ તિર્ચ્છાલોક વિવિધ પ્રકારના પદાર્થોથી ભરેલો છે.

તિર્ચ્છાલોકના ઉપર સાત રજ્જુ પ્રમાણ ઉર્ધ્વલોક અને એટલા જ પ્રમાણવાળો અધોલોક કહ્યો છે.

રત્નપ્રભા વગેરે અંધકારમય સાત નારક પૃથ્વીઓ ઘનોદધિ, ઘનવાત અને તન-વાતથી વીંટળાયેલી છે. ત્યાં નારકો ભૂખ, તરસ, વધ, આઘાત, છેદ ભેદ, વગેરે દુઃખોને સતત ભોગવે છે.

પહેલી પૃથ્વીની જાડાઈ ૧,૮૦,૦૦૦ યોજન છે. તેમાંથી ઉપર નીચે એક–એક હજાર છોડી બાકીના યોજનોમાં ભવનપતિદેવોના ભવનો છે. તે ભવનપતિ, અસુરકુમાર, નાગકુમાર, તડિતકુનાર, સુપર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, દિક્કુમાર–એમ દશ પ્રકારે છે.

તેઓના ભવન ઉત્તર–દક્ષિણદિશામાં છે.

તેમાં અસુરકુમારોમાં દક્ષિણ દિશાના અસુરકુમારનિકાયનાં સ્વામી ચમરેંદ્ર છે અને ઉત્તર દિશાના બલીંદ્ર છે.

એ પ્રમાણે નાગકુમાર વગેરે નવ નિકાયના બન્ને દિશાનાં ઇન્દ્રોના નામો આ પ્રમાણે છે.

(૨) ધરણેન્દ્ર, ભૂતાનંદ (૩) હરિ, હરિસહ (૪) વેણુદેવ, વેણુદાલી (૫) અગ્નિ-શિખ, અગ્નિમાનવ (૬) વેલંબ, પ્રભંજન (૭) સુઘોષ, મહાઘોષ (૮) જલકાંત, જલ-પ્રભ (૯) પૂર્ણ, વિશિષ્ટક (૧૦) અમિત, મિતવાહન છે.

આ પૃથ્વીના ઉપરના એક હજાર યોજનમાં ઉપર નીચે સો–સો યોજન છોડી વચ્ચેના આઠસો યોજનમાં ચંચલ પ્રકૃતિવાળા પિશાચ વગેરે આઠ વ્યંતરોના ઉત્તર–દક્ષિણમાં નગરો છે. તે વ્યંતરો (૧) પિશાચ, (૨) ભૂત, (૩) યક્ષ, (૪) રાક્ષસ, (૫) કિન્નર, (૬) કિંપુરુષ, (૭) મહોરગ, (૮) ગાંધર્વ–એમ આઠ પ્રકારે છે.

તે આઠે નિકાયનાં દક્ષિણ અને ઉત્તર દિશાના વ્યંતરેન્દ્રો અનુક્રમે નીચે મુજબ છે.

(૧) કાળ, મહાકાળ (૨) સુરૂપ, પ્રતિરૂપ (૩) પૂર્ણભદ્ર, માણીભદ્ર (૪) ભીમ, મહાભીમ, (૫) કિન્નર, કિંપુરુષ (૬) સત્પુરુષ, મહાપુરુષ (૭) અતિકાય, મહાકાય (૮) ગતિરતિ, ગીતયશા.

આ જ પૃથ્વીના ઉપરના સો યોજનમાંથી ઉપર નીચે દશ દશ યોજન વચ્ચેના એંસી યોજનમાં અપ્રજ્ઞપ્તિ વગેરે કંઈક અલ્પ ઋદ્ધિવાળા આઠ વાણવ્યંતરો રહે છે. આ આઠે નિકાયમાં દરેકનાં મહા તેજસ્વી બે–બે ઇંદ્રો ઉત્તર-દક્ષિણ વિભાગમાં જાણવા.

અધોલોકની ઉપર એક લાખ યોજન પ્રમાણ જંબૂદ્વીપ છે. તેના મધ્યમાં એક લાખ યોજન ઊંચો સુવર્ણમય મેરૂપર્વત છે. તથા ભરતાદિ સાતક્ષેત્ર અને હિમવંત આદિ છ પર્વતો છે. તેના ઉપર શાશ્વત જિનાલયો શોભે છે.

જંબૂદ્વીપ પછી બે લાખ યોજન પ્રમાણ લવણસમુદ્ર છે. ત્યાર પછીના ધાતકી-ખંડ અને કાલોદધિ આદિ અસંખ્યદ્વીપ–સમુદ્ર–બમણા–બમણા પ્રમાણનાં છે. છેલ્લા સ્વયંભૂરમણદ્વીપ અને સ્વયંભૂરમણસમુદ્ર છે. ચાર સમુદ્રો પોતાના નામ પ્રમાણે રસવાળા, ત્રણ પાણી જેવાં રસવાળા બાકીના શેરડીના રસ જેવા સ્વાદવાળા છે. ઉત્તમ અને મનોહર દ્રવ્યોમાંથી બનાવેલ દારૂ સમાન સ્વાદવાળા પાણીવાળો વારૂણીવર સમુદ્ર છે.

સારી રીતે ઉકાળેલ અને ખાંડ વગેરે મિશ્રિત દૂધ જેવા પાણીવાળો ક્ષીરોદધિસમુદ્ર છે.

તપાવેલા ગાયના તાજા ઘી જેવા સ્વાદવાળો ઘૃતવરસમુદ્ર છે.

મીઠા જેવા ખારા પાણીવાળો લવણસમુદ્ર છે.

કાલોદધિ, પુષ્કરવર અને સ્વયંભૂરમણ સમુદ્ર વરસાદના પાણી જેવા છે. પરંતુ કાલોદધિનું પાણી કાળુ અને ભારે પરિણામવાળું છે અને પુષ્કરોદધિનું તથા સ્વયં-ભૂરમણનું પાણી હિતકારી અને હલકું છે. બાકીના સમુદ્રોનું પાણી ત્રણ ઉકાળા સુધી સારી રીતે ઉકાળેલ શેરડીના રસ જેવા સ્વાદવાળું છે.

પૃથ્વીના સમભૂતલ ભાગથી સાતસો નેવું યોજન ઊંચે ગયા પછી જ્યોતિષિ વિમાનોની નીચેનું તળિયું આવે છે. તેના પર દશ યોજન ગયા પછી સૂર્ય વિમાન, તે પછી એંસી યોજન ગયા પછી ચંદ્ર વિમાન, તે પછી વીસ યોજન બાદ ગ્રહો વગેરે હોય છે. એમ એકસો દસ યોજનમાં જ્યોતિષદેવલોક છે.

જંબૂદ્વીપમાં બે બે લવણ સમુદ્રમાં ચાર ચાર, ધાતકી ખંડમાં બાર બાર, કાલોદધિમાં ૪૨-૪૨ અને પુષ્કરાર્ધદ્વીપમાં ૭૨-૭૨ સૂર્ય ચંદ્ર ફરે છે. આ પ્રમાણે મનુષ્યક્ષેત્રમાં એકસો બત્રીસ ચંદ્રો અને સૂર્યો છે.

માનુષોત્તરપર્વત પછીના દ્વીપ-સમુદ્રમાં સૂર્યથી ચંદ્ર અને ચંદ્રથી સૂર્ય પચાસ હજાર યોજનનાં અંતરે રહેલા છે. અને મનુષ્યક્ષેત્રના સૂર્ય ચંદ્રના પ્રમાણથી અર્ધ પ્રમાણ યુક્ત છે અને તે તે ક્ષેત્રની પરિધિ વધવાના કારણે દરેકની સંખ્યા વધે છે. એ રીતે સ્વયંભૂરમણસમુદ્ર સુધી, ઘંટાકારે શુભ અને મંદ લેશ્યાવાળા હંમેશાં સ્થિર રહેલા અસંખ્યાતા સૂર્ય-ચંદ્રો છે.

સમભુતલાથી દોઢ રાજલોક ગયા પછી વિપુલ સંપત્તિવાળા સૌધર્મ અને ઈશાન નામના દેવલોક છે અને અઢીરાજલોક ગયા પછી ઉત્તર-દક્ષિણ દિશામાં સનતકુમાર અને માહેન્દ્ર નામના મનોહર બે દેવલોક છે.

તેના ઉપર ઉર્ધ્વલોકના વચ્ચે બ્રહ્મ નામનો દેવલોક છે. તેની ઉપર લાંતક, તેની ઉપર મહાશુક્ર અને તેની ઉપર સહસ્સાર નામે દેવલોક પાંચમા રાજલોકમાં છે. તે પછી એક ઈંદ્રિવાળા, ચંદ્રની જેમ ગોળાકાર આનત અને પ્રાણત નામે બે દેવલોક છે. તે પછી છઠ્ઠા રાજલોકમાં એક ઈંદ્રિવાળા ચંદ્ર જેવા ગોળ આકારે આરણ અને અચ્યુત નામે બે દેવલોક છે. આ પ્રમાણે બાર દેવલોક કહ્યા.

ત્રણ અધસ્તનગ્રૈવેયક, ત્રણ મધ્યમગ્રૈવેયક અને ત્રણ ઉપરિતનગ્રૈવેયક છે. એમ કુલ નવ ગ્રૈવેયક છે.

તેના ઉપર પાંચ અનુત્તર વિમાનો છે. પૂર્વ દિશામાં વિજય, દક્ષિણ દિશામાં વૈજયંત, પશ્ચિમમાં જયંત અને ઉત્તરમાં અપરાજિત અને આ ચારેની મધ્યમાં સર્વોત્તમ સર્વાર્થસિદ્ધ નામે પાંચમું વિમાન છે.

સૌધર્મદેવલોકથી સર્વાર્થસિદ્ધ સુધીના આ બધા દેવો આયુષ્ય, પ્રભાવ, લેશ્યા, વિશુદ્ધિ, અવધિજ્ઞાન, તેજ અને સુખ વગેરેમાં આગળ આગળના દેવોથી ઉત્તરોત્તર વધતા પ્રમાણવાળા છે અને શરીર, ગતિ, ગર્વ તથા પરિગ્રહમાં હીન હીન પ્રમાણવાળા છે.

પહેલા બે દેવલોકના વિમાનો ઘનોદધિ પર રહેલા છે. તે પછી ત્રણ દેવલોકના વિમાનો વાયુ પર રહેલા છે. પછી ત્રણ દેવલોકના વિમાનો વાયુ અને ઉદધિ પર રહેલા છે. તેના ઉપરના સર્વ દેવલોકના વિમાનો આકાશ ઉપર રહેલા છે. આ પ્રમાણે ઉર્ધ્વલોકમાં વિમાનોની રહેવાની સ્થિતિ કહી.

સર્વાર્થસિદ્ધ વિમાનથી બાર યોજન ઉપર ગયા પછી હિમ જેવી સફેદ ૪૫ લાખ યોજન લાંબી પહોળી અને ગોળાકાર તથા વચ્ચે આઠ યોજન જાડાઈવાળી શુદ્ધ સ્ફટિક જેવી નિર્મળ, જિનશાસનમાં પ્રસિદ્ધ સિદ્ધશિલારૂપ ઈષત્પ્રાગ્ભાર નામે પૃથ્વી છે.

તેના ઉપરના છેલ્લા યોજનના ત્રણ ગાઉ ગયા પછી ચોથા ગાઉના છઠ્ઠા ભાગમાં નિરામયી સિદ્ધો રહ્યા છે. તે સિદ્ધો હંમેશા અનંત સુખ, જ્ઞાન, વીર્ય, સદ્દદર્શનવાળા, લોકાંતને અડી, પરસ્પર અવગાહીને શાશ્વતકાળ માટે રહેલા છે.

આ પ્રમાણે લોક વિષયક ભાવના ભાવતાં ભવ્યાત્માનું મન સંસારના કારણ રૂપ વિષય સમૂહમાં દોડતું નથી. પણ અન્ય અન્ય પદાર્થોની ભાવનાથી જાગેલા જ્ઞાનથી ધર્મધ્યાનમાં વધુ સ્થિર થાય છે.

૧૧. બોધિદુર્લભ ભાવના :– આ ભયંકર સંસારમાં અનંતા પુદ્ગલ પરાવર્તોથી જીવ પોતાના કઠોર કર્મો વડે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિમાં ફરતાં ફરતાં ઘણી અકામનિર્જરા દ્વારા શુભ પુણ્ય પ્રાપ્ત કરીને દુર્લભ એવા બેઇંદ્રિય, તેઇંદ્રિય વગેરે ત્રસપણાને પામે છે. તે ત્રસપણામાં પણ આર્યક્ષેત્ર, સુજાતિ, સત્કુલ, નિરોગી શરીર, સંપત્તિ, વિશાળ રાજ્ય, સુખ વગેરે કર્મની લઘુતાના કારણે પ્રાપ્ત કરે છે.

પરંતુ તત્ત્વાતત્ત્વનો વિવેક કરવામાં કુશળ સર્વજ્ઞ દર્શિત અને અક્ષય મોક્ષસુખને ઉત્પન્ન કરનારી એવી બોધિને જીવે કોઈ પણ જગ્યાએ પ્રાપ્ત કરી નથી. જો આ જીવોએ એક વખત પણ બોધિ પ્રાપ્ત કરી હોત, તો આટલો વખત તે જીવોનું પર્યટન ન થાય. આ જીવે દ્રવ્યચારિત્ર તો ઘણીવાર પ્રાપ્ત કર્યું છે પણ સમ્યગ્જ્ઞાન કરાવનારી બોધિ કદીયે પ્રાપ્ત કરી નથી. ભૂતકાળમાં જે સિદ્ધ થયા છે, સિદ્ધ થાય છે અને ભવિષ્યમાં સિદ્ધ થશે–તે સર્વે એ બોધિના મહિમાથી જ થાય છે, માટે દુર્લભ એવી બોધિની ઉપાસના કરવી જોઈએ.

૧૨. ધર્મકથકઅરિહંતની ભાવના :– અરિહંતો કેવળજ્ઞાનના પ્રકાશથી લોકાલોકને જોનાર હોવાથી યથાર્થ ધર્મ કહેવા માટે સમર્થ છે, બીજાઓ નહીં વીતરાગો જ સર્વત્ર પરાર્થકરણમાં તત્પર હોવાથી કોઈપણ સ્થાને અસત્ય બોલતા નથી, માટે તેમનો ધર્મ સત્ય છે.

જિનેશ્વરોએ ક્ષમા વગેરે દશ પ્રકારે ધર્મ કહ્યો છે. જે ધર્મને કરવાથી જીવો સંસારમાં ડૂબતા નથી.

હિંસાદિ કરાવનારા, પૂર્વાપર વિરૂદ્ધ, વિચિત્ર સ્વરૂપવાળા વચનોને પોતાની ઈચ્છા મુજબ રચતા, કુતિર્થિઓ વડે રચાયેલા ધર્મ, સદ્ગતિના વિરોધી હોવાથી સંપૂર્ણ ધર્મ ન કહેવાય. તેમના સિદ્ધાંતમાંથી જે કાંઈ સત્ય, દયા વગેરેની વાતો જણાય છે, તે વચન માત્ર છે પણ તાત્વિક નહીં.

જે શ્રેષ્ઠ મદોન્મત્ત હાથીઓના સમૂહવાળું સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે, સમસ્ત લોકોને આનંદ આપનારો વૈભવ મળે છે, પૂર્ણ ચંદ્ર સમાન તેજસ્વી ગુણોનો સમૂહ પ્રાપ્ત થાય છે. પરમ ઉચ્ચ કોટીનું સૌભાગ્ય મળે છે–આ બધો ધર્મનો જ પ્રભાવ છે.

સેંકડો મોજાથી વ્યાપ્ત સમુદ્ર પૃથ્વીને ડૂબાડતો નથી, જે સમસ્ત પૃથ્વી ઉપર મેઘ પાણી વડે વર્ષે છે. જગતમાં ચંદ્ર સૂર્ય ઉગીને સર્વ અંધકારનો નાશ કરે છે–આ સર્વ જે થાય છે, તે નક્કી ધર્મનો જ પ્રભાવ છે.

બંધુ વગરના માટે બંધુ સમાન, મિત્ર વગરના માટે મિત્ર જેવો, રોગથી પીડાયેલાના માટે સારા વૈદ્ય જેવો, નિર્ધનપણાથી દુઃખી મનવાળાના માટે ધન સમાન, અનાથ માટે નાથ સમાન, ગુણો રહિત માટે ગુણોના ભંડાર સમાન, એવા હિતોના સમૂહને ઉત્પન્ન કરનાર ધર્મ જ એક જય પામે છે.

અરિહંતોએ કહેલ આ ધર્મ જ સત્ય છે. એ પ્રમાણે ભાવના ભાવતાં સર્વ સંપત્તિકર ધર્મમાં બુદ્ધિમાને દૃઢ થવું જોઈએ.

આ ભાવનાઓમાંથી એક પણ ભાવનાને જે જે ભવ્યાત્મા સતત ભાવે છે. તે દુઃખદાયક સમસ્ત પાપને હણે છે. જેને સમસ્ત જૈન સિદ્ધાંતનો અભ્યાસ કર્યો હોય, તેને આ બારે ભાવનાનો અભ્યાસ આદરપૂર્વક કરવો જોઈએ. જે ભાવનાનો અભ્યાસ કરે છે તે અનુપમ સુખને પામે છે. તેમાં આશ્ચર્ય શું છે? (૫૭૨–૫૭૩)

પ્રતિમા :–

હવે બાર પ્રતિમાનું પ્રતિપાદન કરે છે.

मासाई सत्तंता ७ पढमा ८ बिइ ९ तइय सत्तराइदिणा १० ।
अहराइ ११ एगराई १२ भिक्खूपडिमाण बारसगं ॥५७४॥

એકથી સાત માસની એક માસિકી વગેરે સાત પ્રતિમાઓ, આઠમી, નવમી, દશમી પ્રતિમા સાત રાત-દિવસની, અગ્યારમી અહોરાત્ર પ્રમાણની અને છેલ્લી બારમી એક રાત્રી પ્રમાણની–એમ બાર ભિક્ષુપ્રતિમા છે,

એક એક માસની વૃદ્ધિપૂર્વક સાત માસ સુધીની સાત પ્રતિમાઓ છે. તેમાં એક મહિનાના પ્રમાણની એક માસિકી પહેલી, બે માસ પ્રમાણની બે માસિકી બીજી, ત્રણ મહિનાની ત્રિ માસિકી ત્રીજી, એમ સાત મહિના પ્રમાણની સપ્ત માસિકી સાતમી પ્રતિમા છે.

આ પ્રતિમાની ઉપર પહેલી સાત રાત્રિ દિવસ પ્રમાણની આઠમી, બીજી સાત રાત દિવસ પ્રમાણની નવમી અને ત્રીજી સાત રાત્રિ-દિવસ પ્રમાણની દશમી પ્રતિમા છે.

સંપૂર્ણ રાત-દિવસ પ્રમાણની અગ્યારમી પ્રતિમા અને એક રાત્રિ પ્રમાણની બારમી પ્રતિમા–એમ સાધુની પ્રતિજ્ઞા વિશેષ બાર ભિક્ષુ પ્રતિમાઓ છે. (૫૭૪)

पडिवज्जइ एयाओ संघयणधिइजुओ महासत्तो ।
पडिमाओ भावियप्पा सम्मं गुरुणा अणुन्नाओ ॥५७५॥
गच्छेच्चिय निम्माओ जा पुव्वा दस भवे असंपुण्णा ।
नवमस्स तइय वत्थुं होइ जहण्णो सुआभिगमो ॥५७६॥
वोसट्ठचत्तदेहो उवसग्गसहो जहेव जिणकप्पी ।
एसणअभिग्गहीया भत्तं च अलेवडं तस्स ॥५७७॥

આ પ્રતિમાઓ સંઘયણ અને ધૈર્યયુક્ત, મહાસત્ત્વશાળી, સમ્યક્ પ્રકારે ભાવિતાત્મા, ગુરુની અનુજ્ઞાપૂર્વક સ્વીકારે છે. ગચ્છમાં રહીને જે આહારાદિ વિષયમાં તૈયાર થયેલ હોય, (ઉત્કૃષ્ટથી) સંપૂર્ણ દશ પૂર્વ અને જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધીનો અભ્યાસ કરેલ હોય, હંમેશા જિનકલ્પીની જેમ કાઉસ્સગ્ગ મુદ્રાએત્યક્ત દેહવાળો હોય, ઉપસર્ગને સહનાર, અભિગ્રહ યુક્ત ભિક્ષાવાળા તથા અલેપકૃત ભોજનને ગ્રહણ કરનારા હોય છે.

ઉપરોક્ત પ્રતિમાઓ વજ્રઋષભનારાચ વગેરે પહેલા ત્રણ સંઘયણમાંથી કોઈ પણ સંઘયણવાળો જ સ્વીકારી શકે છે. કારણ કે તે જ પરિસહ સહન કરવામાં અતિ સમર્થ હોય છે.

ચિત્ત સ્વાસ્થ્યરૂપ ધૃતિથી યુક્ત એવા ધૃતિમાન આત્માને રતિ-અરતિની બાધા હોતી નથી. મહાસત્ત્વશાળી અનુકૂળ પ્રતિકૂલ ઉપસર્ગોમાં હર્ષ વિષાદ ધારણ કરતો નથી. સદ્ભાવનાથી ભાવિત અંતઃકરણવાળો પ્રતિમા સ્વીકારી શકે છે.

તે પ્રતિમા સ્વીકારનારને તપ, સત્ત્વ, સૂત્ર, એકત્વ અને બળ-એમ પાંચ પ્રકારે તુલના કરવાની કહી છે. (આ પાંચ તુલનાનું સ્વરૂપ આગળ કહ્યું છે.)

ગુરુ એટલે આચાર્યની અનુમતિપૂર્વક અથવા જો આચાર્ય પોતે જ પ્રતિમા સ્વીકારનાર હોય તો ગચ્છ અથવા સ્થાપિત આચાર્યની અનુમતિપૂર્વક પ્રતિમાનો સ્વીકાર કરે.

સાધુ સમુદાયરૂપ ગચ્છમાં જ રહીને આહારાદિ વિષયક પ્રતિમા કલ્પ તથા આહારાદિ વિષયક પરિકર્મમાં જે નિષ્ણાત થયેલ હોય, તે સ્વીકારે છે. કહ્યું છે કે-

પ્રતિમાકલ્પતુલ્ય બે પ્રકારનું આહાર અને ઉપધિ વગેરે વિષયક પરિકર્મ ગચ્છમાં રહીને જ કરે છે. પછી કલ્પ સ્વીકારે છે.

પરિકર્મનું પ્રમાણ:-માસિકી વગેરે સાત પ્રતિમામાં જે પ્રતિમાનું જે પ્રમાણ હોય, તેટલુ જ પ્રમાણ પરિકર્મનું છે. વર્ષાઋતુમાં આ પ્રતિમાઓનો સ્વીકાર ન કરાય. અને પરિકર્મ પણ ન કરાય. પહેલી બેપ્રતિમાનું પરિકર્મ અને પ્રતિમા એક જ વર્ષમાં થાય છે. ત્રીજી અને ચોથી પ્રતિમા એક એક વર્ષમાં, બીજી ત્રણ પ્રતિમાઓનો એક વર્ષમાં પરિકર્મ અને બીજા વર્ષે પ્રતિમા-એમ નવ વર્ષે પહેલી સાત પ્રતિમાઓ પૂરી થાય.

પ્રતિમા સ્વીકારનારને કંઈક ન્યૂન દશપૂર્વનો ઉત્કૃષ્ટથી શ્રુતનો બોધ હોય છે. સંપૂર્ણ દશપૂર્વધારી અમોઘ વચની હોવાથી ધર્મદેશના દ્વારા ભવ્યાત્માઓ ઉપર ઉપકાર કરીને તીર્થવૃદ્ધિ કરનાર હોવાથી પ્રતિમા વગેરે કલ્પોને સ્વીકારતા નથી. જઘન્યથી નવમા પ્રત્યાખ્યાન પૂર્વની ત્રીજી આચાર નામની વસ્તુ સુધીનો શ્રુતાધિગમ સૂત્ર અને અર્થથી હોય છે, એટલે તે પૂર્વનો તેટલો ભાગ વિશેષ હોય તે જઘન્ય. આટલા શ્રુતથી રહિત તો નિરતિશય જ્ઞાનવાળો હોવાથી કાળ વગેરેને જાણી શકતો નથી.

મમત્વના ત્યાગપૂર્વક તથા શારિરીક પરિકર્મના અભાવપૂર્વક આ પ્રતિમા ધારણ કરનાર હંમેશાં કાયોત્સર્ગમાં જિનકલ્પીની જેમ રહે છે અને દેવ, મનુષ્ય તથા તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સહન કરે છે.

પિંડ ગ્રહણની જે વિધિ તે એષણા, તે સાત પ્રકારે છે. ૧. સંસૃષ્ટ, ૨. અસંસૃષ્ટ, ૩. ઉદ્ધૃતા, ૪. અલ્પલેપી, ૫. અવગૃહિતા, ૬. પરિગૃહિતા, ૭. ઉજ્ઝિતધર્મા. તેનું સ્વરૂપ આગળ કહેશે. આ એષણાના અભિગ્રહ આ પ્રમાણે કરે, તે સાત એષણામાંથી પહેલી બે એષણા સિવાય પાંચનો અભિગ્રહ ગ્રહણ કરે. અમુક દિવસે છેલ્લી પાંચમાંથી એક ભોજન માટે અને એક પાણી માટે–એમ બે નો અભિગ્રહ કરે.

પ્રતિમા સ્વીકારવાની ઈચ્છાવાળો પરિકર્મ કરતાં અલેપકારક વાલ ચણા વગેરેરૂપ અન્ન ગ્રહણ કરે. અને ઉપધિ પણ પોતાની બે એષણામાં મળેલ જ લે, ન મળે તો યથાકૃત ઉચિત પ્રાપ્તિ જે રીતે થાય તે રીતે કરે. ઉચિત ઉપધિ મળી જાય તો તેને છોડી દે. કહ્યું છે કે–

'પોતાના કલ્પને જે ઉચિત હોય. તે ઉપકરણને શુદ્ધ બે એષણા યુક્ત ગ્રહણ કરે. તેનો અભાવ હોય, તો યથાકૃતને (જેવું હોય તેવું) જ્યાં સુધી ઉચિત ન મળે ત્યાં સુધી લે, ઉચિત મળે એટલે યથાકૃત ત્યાગ કરે–એ પ્રમાણે ગચ્છવાસીને પણ સમજવું.

કલ્પોચિત ઉપધિ પોતાની બે એષણા વડે મેળવે. આ એષણા ચતુષ્કર્મા અંતિમ એષણા છે.

૧. કપાસ વગેરેનું ઉદ્દિષ્ટ જ વસ્ત્ર લઈશ.

૨. પ્રેક્ષિત જ લઈશ.

૩. વપરાયેલ જેવા ઉત્તરીય (ખેસ) વગેરે લઈશ.

૪. વપરાયેલ જેવા ઉત્તરીય વગેરે પણ ઉજ્ઝિત એટલે ફેંકવા જેવા થયેલ હોય તે લઈશ. (૫૭૭)

પરિકર્મ કર્યા પછી જે કરે, તે કહે છે.

गच्छा विणिक्खमित्ता पडिवज्जइ मासियं महापडिमं ।
दत्तेगा भोयणस्स पाणस्सवि तत्थ एग भवे ॥५७८॥

जत्थऽत्थमेइ सूरो न तओ ठाणा पयंपि संचलइ ।
नाएगराइवासी एगं च दुगं च अण्णाए ॥५७९॥
दुट्ठाण हत्थिमाईण नो भएणं पयंपि ओसरइ ।
एमाइनियमसेवी विहरइ जाऽखण्डिओ मासो ॥५८०॥

ગચ્છમાંથી નીકળી માસિકી મહા પ્રતિમાને સ્વીકારે છે. તેમાં ભોજનની અને પાણીની એક એક દત્તી છે. જ્યાં સૂર્ય આથમે ત્યાંથી એક ડગલું પણ આગળ ન ચાલે. એક એક જગ્યાએ એક રાત્રી રહે, બીજી રાત નહીં. કોઇને ખબર ન હોય તો એટલે અજ્ઞાતદશામાં બીજી રાત રહે. હાથી વગેરેના ભયથી એક ડગલું પણ દૂર સ્થાનમાં ન જાય. આવા નિયમો સેવવાપૂર્વક સંપૂર્ણ એક માસ અખંડિતપણે વિચરે.

સાધુ સમૂહરૂપ ગચ્છમાંથી નીકળીને, પ્રતિમા સ્વીકારનાર જો આચાર્ય વગેરે હોય, તો થોડા ટાઈમ માટે બીજા સાધુને પોતાના પદ પર સ્થાપી, શુભ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં, શરદઋતુ વગેરે હોય ત્યારે, સકળ સાધુને બોલાવી ક્ષમાપના કરવાપૂર્વક એક માસ પ્રમાણ મોટી પ્રતિજ્ઞાવાળી મહા પ્રતિમા સ્વીકારે છે. કહ્યું છે કે–

'અત્યંત સંવેગપૂર્વક બાળ, વૃદ્ધ સહિત સમસ્ત સંઘને યથોચિતપણે તથા વિશેષ પૂર્વક પૂર્વ કાળના વિરોધને ખમાવે, કે પૂર્વ કાળમાં મેં પ્રમાદ વશ જે કંઈ તમારી સાથે સારુ વર્તન ન કર્યું હોય, તેને હું તમને નિઃશલ્ય અને નિષ્કષાયપણે ખમાવું છું.

તે પ્રતિમા અખંડધારારૂપ ભોજનની એક દત્તિ અને પાણીની એક દત્તિ લે, ભોજન અજ્ઞાતપણે ગ્રહણ કરે. ઉદ્ધૃત વગેરે પાછળની પાંચ ભિક્ષામાંથી અલેપકારી અને કૃપણ વગેરે પણ ન ઇચ્છે તેવી એક સ્વામિની માલિકીવાળી ગ્રહણ કરે. તેમાં પણ ગર્ભવતી, બાળવત્સા તથા ધાવતા છોકરાવાળી બાઈને છોડીને આપનાર હોય અને જેનો એક પગ ઉંબરામાં હોય અને બીજો પગ બહાર હોય–એ રીતે આપે તો ગ્રહણ કરે. (૫૭૮)

જળ, સ્થળ, પર્વત વગેરે પર રહ્યા હોય અને ત્યાં જ સૂર્ય અસ્ત થઈ જાય, તો તે સ્થાનથી (બસે) જ્યાં સુધી સૂર્યોદય ન થાય, ત્યાં સુધી એક ડગલું પણ ચાલે નહીં.

જ્યાં આગળ લોકો જાણે કે આ સાધુ પ્રતિમાધારી છે, તો તે ગામ વગેરેમાં એક અહોરાત્ર રહે વધારે નહીં.

જે ગામમાં લોકોને ખબર ન હોય કે 'આ સાધુ પ્રતિમાધારી છે.' તો એક કે બે રાત્રિ રહે વધારે નહીં.

દુષ્ટ એટલે હિંસક હાથી, સિંહ, વાઘ વગેરે જંગલી પ્રાણીઓના ભયથી એક ડગલું માત્ર પણ દૂર જતા નથી. જંગલી પ્રાણી મારવા આવતું હોય, ત્યારે સાધુ દૂર

ખસે તો લીલોતરી વગેરેની વિરાધના થવાના ભયથી દૂર ન થાય. પણ અદુષ્ટ પ્રાણી હોય, તો સાધુ બાજુ પર જવાથી પોતાના માર્ગે જતું રહે. તેથી લીલોતરી વગેરેની વિરાધના ન થાય. એ આશયથી બાજુ પર ખસે. આવા પ્રકારના વિવિધ અભિગ્રહોના પાલક એટલે છાયામાંથી તડકામાં, તડકામાંથી છાયામાં ન જવું. વગેરે અભિગ્રહોપૂર્વક ગ્રામાનુગ્રામ અખંડિત વ્રત-પૂર્વક સંપૂર્ણ માસ વિચરે.

આદિ શબ્દથી બીજા પણ ઘણા નિયમ-વિશેષો જાણવા. કેમકે સંથારો, ઉપાશ્રય વગેરેની યાચના માટે, શંકાસ્પદ સૂત્ર કે અર્થને પૂછવા માટે, ઘર વગેરે બાબત પૂછવા માટે, ઘાસ લાકડા વગેરેની અનુજ્ઞા માટે, પૂછાયેલ સૂત્રના એક કે બે વાર જવાબ આપવા માટે પ્રતિમાધારી બોલે, બીજી વાતો ન બોલે, અથવા 'જ'કારપૂર્વકની ભાષા ન બોલે.

આગંતુક આગાર એટલે જ્યાં કાર્પટીક વગેરે મુસાફરોની અવર જવર હોય એટલે ધર્મશાળા જેવા મકાનમાં, ખુલ્લા ઘરમાં એટલે નીચે તળીયું ન હોય. અને ઉપર છાપરૂં ન હોય, વૃક્ષના મૂળમાં એટલે કરીર વગેરે ઝાડના મૂળ આગળ-એવી ત્રણ પ્રકારની નિર્દોષ વસ્તીમાં જ રહે. બીજે ન રહે. કહ્યું છે કે-

'વાચના, પૃચ્છા, અનુજ્ઞા, પૂછાના જવાબમાં જ બોલનારા અને આગમન, વિવૃત-ગૃહ, વૃક્ષમૂળ-આ ત્રણ વસ્તીમાં જ રહેનારા પ્રતિમાધારી હોય છે.'

અગ્નિથી ડરે નહીં એટલે ઉપાશ્રયમાં આગ લાગે તો ડરીને ઉપાશ્રયમાંથી નીકળી ન જાય, પણ જો કોઈ હાથ પકડી ખેંચીને બહાર લઈ જાય તો નીકળી જાય. પગમાં લાગેલ લાકડું, કાંટો કે કાંકરા વગેરેને ન કાઢે. આંખમાં લાગેલ ધૂળ, ઘાસ, મેલ વગેરેને પણ દૂર ન કરે. હાથ પગ મોઢા વગેરે અંગ નિર્દોષ પાણીથી પણ ન ધુવે. બીજા સાધુઓ વિશિષ્ટ કારણે પગ વગેરેને ધુવે પણ ખરા. (૫૭૯-૫૮૦)

पच्छा गच्छमुवेई एवं दुमासी तिमासि जा सत्त ।
नवरं दत्ती वड्ढइ जा सत्त उ सत्तमासीए ॥५८१॥

પછી ગચ્છમાં આવે. એ પ્રમાણે બે માસિકી, ત્રણ માસિકીથી લઇ સાત માસિકી સુધીની સાત પ્રતિમાઓ દત્તિની વૃદ્ધિપૂર્વક સાતમી પ્રતિમામાં સાત દત્તિ સુધી કરે.

એક મહીનો પૂરો થયા પછી ઠાઠમાઠથી (વિભૂતિપૂર્વક) સાધુ સમુદાયરૂપ ગચ્છમાં પાછા આવે. તે આ પ્રમાણે :-જ્યાં ગચ્છ હોય તેની નજીકના ગામે પ્રતિમાધારી સાધુ આવે, ત્યારે આચાર્ય મહારાજ તેના સમાચાર મેળવે અને રાજા વગેરેને જણાવે કે 'પ્રતિમા સ્વરૂપ મહાન તપને પરિપૂર્ણ પાલન કરીને સાધુ મહારાજ અહીં પધાર્યા છે.' ત્યારે તે રાજા વગેરે લોકો અને શ્રમણસંઘ બહુમાનપૂર્વક તેના તપના બહુમાન માટે અને

બીજા લોકોની શ્રદ્ધા વૃદ્ધિ તથા પ્રવચન પ્રભાવના માટે પ્રવેશ કરાવે. આ પ્રમાણે પહેલી પ્રતિમા કહી. બાકીની છ સંક્ષેપમાં કહે છે.

આ ક્રમ મુજબ બે માસિકી, ત્રણ માસિકી વગેરે સાતમી સપ્ત માસિકી પ્રતિમા સુધી કરે. પરંતુ પહેલી પ્રતિમા કરતાં બે માસી વગેરે પ્રતિમામાં દત્તિઓનો ફરક છે. તેમાં દત્તિઓ વધે છે. બે માસિકીમાં ભોજનની બે દત્તિ અને પાણીની બે દત્તિ, ત્રિમાસિકીમાં ભોજન–પાણીની ત્રણ ત્રણ દત્તિઓ–એમ સાતમી પ્રતિમા સુધી એક એક વધારતા સાતમી પ્રતિમામાં સાત સાત દત્તિ આવે. (૫૮૧)

तत्तो य अट्ठमीया भवई इह पढमं सत्तराइंदी ।
तीइ चउत्थचउत्थेणऽपाणएणं अह विसेसो ॥५८२॥

उत्ताणगणसल्ली नेसज्जी वावि ठाण ठाइत्ता ।
सहउस्सग्गे घोरे दिव्वाई तत्थ अविकंपो ॥५८३॥

તે પછી આઠમી સાત રાત્રિ દિવસની પ્રતિમા છે. તેમાં વિશેષતા એ છે કે ચૌવિહાર ચોથ ભક્તને પારણે ચૌવિહાર ચોથભક્ત કરે. ઉર્ધ્વ, મુખ સુધને, પડખે સુધને અથવા બેસીને, આસનમાં રહીને, ઘોર દેવતાદ વગેરે ઉપસર્ગોને અવિકલ્પપણે સહન કરે.

સાતમી પ્રતિમા પછી પ્રથમ સાત રાત–દિવસ પ્રમાણની આઠમી પ્રતિમા છે. તેમાં પહેલા સાત રાત દિવસમાં એકાંતરા ચૌવિહાર ઉપવાસ કરે. પૂર્વની સાત પ્રતિમાઓથી આટલો તફાવત છે. એકાંતરા ઉપવાસના પારણામાં આયંબીલ કરે. એમાં દત્તિનો નિયમ નથી. તથા કાયાની વિશિષ્ટ ક્રિયા સ્વરૂપ ઊંચુ મોઢું રાખીને સૂવે, પડખે સૂવે, પલાંઠી વાળીને બેસે અથવા સમાન આસને બેસે. તે રીતે ગામ વગેરેની બહાર રહેલા, તે પ્રતિમાસ્થિત સાધુ, દેવ–મનુષ્ય–તિર્યંચ વગેરેના થયેલ ભયંકર ઉપસર્ગોને મન અને કાયાથી જરા પણ ચલિત થયા વગર સહન કરે. (૫૮૨–૫૮૩)

दोच्चावि एरिसच्चिय बहिया गामाइयाण नवरं तु ।
उक्कुडलंगडसाई दण्डाययउव्व ठाइत्ता ॥५८४॥

બીજી સાત રાત–દિવસ પ્રમાણની નવમી પ્રતિમા પણ આગળની જેમ ગામ વગેરેની બહાર રહી ઉત્કટુક લંગડ, દંડાયત આસનપૂર્વક રહી પૂર્ણ કરે.

તપ અને પારણાની સામ્યતાવાળી, ગામ બહાર રહેવારૂપ બીજી સાત રાત્રિ–દિવસ પ્રમાણની નવમી પ્રતિમા પણ પહેલી સાત રાત્રિ–દિન જેવી જ જાણવી. આ પ્રસ્તુત પ્રતિમામાં આસનનો તફાવત છે. અહીં ઉત્કટુક એટલે ઉભડક પગે બેસી, લંગડ

આસન એટલે અસ્તવ્યસ્ત લાકડાની જેમ સુવું તે, તેવી રીતે સુઈને, જેમ માથું અને પગની પાની જમીનને અડેલા હોય અથવા પગની પાની અને માથુ અદ્ધર હોય, તે લંગડશાયી કહેવાય.

દંડ એટલે લાકડાની જેમ પગ લાંબો કરીને જમીન પર પડેલ હોય, તે દંડાયત કહેવાય. આ પ્રમાણે રહી દેવતાઈ વગેરે ઉપસર્ગોને સહન કરે. (૫૮૪)

तच्चावि एरिसच्चिय नवरं ठाणं तु तस्स गोदोही ।
वीरासणमहवावि चिट्ठिज्जा अंबखुज्जो वा ॥५८५॥

સાત રાત દિવસની દશમી પ્રતિમા પણ ઉપર પ્રમાણે જ છે. પરંતુ તે ગોદોહિકા, વીરાસન કે કેરીના જેવા વક્ર આકારવાળા આસને બેસે.

ઉપરોક્ત તપ, પારણા, ગ્રામાદિ બહાર નિવાસ સ્થાનની સામ્યતાવાળી પ્રથમ સાત રાત્રિ દિવસની પ્રતિમાની સમાન દશમી પ્રતિમા પણ સાત રાત્રિ દિવસના પ્રમાણની છે. પરંતુ શરીરના આસનમાં તફાવત છે.

તે પ્રતિમાધારીએ ગાયને દોહતી વખતે જેમ ગુદા અને પાની (એડી) ભેગા થઇ જાય અને પગના આગળના આંગળા પર બેઠા હોય—એવી રીતે બેસવું તે ગોદોહિકા આસન કહેવાય.

વીર એટલે મજબૂત સંઘયણવાળાનું જે આસન તે વીરાસન. જમીન પર પગ ટેકવીને સિંહાસન પર બેઠા હોય અને પછી સિંહાસન લઈ લેવાય, તે વખતે સ્થિર રહેવાનું જે આસન હોય, તે વીરાસન. અથવા ડાબો પગ જમણા સાથળ પર અને જમણો પગ ડાબા સાથળ પર હોય અને નાભિ આગળ ડાબા હાથની હથેલી (તળિયા) પર જમણા હાથની હથેળી રાખવામાં આવે તે વીરાસન અથવા આમ્રકુબ્જ એટલે આંબાના ફળની જેમ વાંકા આસને રહે. એમ ત્રણ સાત રાત—દિવસની પ્રતિમાઓ એકવીસ દિવસે પૂરી થાય. (૫૮૫)

एमेव अहोराई छट्ठं भत्तं अपाणगं नवरं ।
गामनगराण बहिया वग्घारियपाणिए ठाणं ॥ ५८६ ॥
एमेव एगराई अट्ठमभत्तेण ठाण बाहिरओ ।
ईसीपब्भारगए अणिमिसनयणेगदिट्ठीए ॥ ५८७ ॥

ઉપરોક્ત રીતે જ અગ્યારમી અહોરાત્રિકી પ્રતિમા હોય છે. પરંતુ તપમાં ચૌવિહાર [1]છઠ્ઠ કરવાનો હોય છે.

---

૧. છ ભોજન ત્યાગરૂપ છઠ્ઠ એટલે બે ઉપવાસના ચાર ભોજન અને આગળ પાછળના એકા-સણાનાં એક એક ભોજનનો ત્યાગ હોવાથી છ ભોજન ત્યાગ કહેવાય. તે છઠ્ઠ; પાણીના ત્યાગરૂપ ચૌવિહાર હોય છે.

આ પ્રતિમામાં પ્રતિમાધારીને નગરની બહાર હાથ લંબાવીને રહેવાનું હોય છે. આ પ્રતિમા ત્રણ દિવસે પૂરી થાય છે. અહોરાત્રિ પછી છઠ્ઠ કરવાનો હોવાથી 'કહ્યું છે કે અહોરાત્રની પછી છઠ્ઠ કરે.' માટે ત્રણ દિવસ. બારમી એક રાત્રિ પ્રતિમા પણ ઉપર પ્રમાણે જ અહોરાત્રિની જેમ હોય છે. પણ તફાવત એ છે કે એમાં ચૌવિહાર ત્રણ ઉપવાસ રૂપ અટ્ઠમ કરવાનો હોય છે અને પ્રતિમાધારી ગામ બહાર નદી વગેરેના કાંઠે રહી, કંઈક નમીને, અનિમેષ આંખે કોઇ એક પુદ્ગલ વગેરે પર નજર (ધ્યાન) રાખી યથાસ્થિત શરીરવાળો અને સર્વેન્દ્રિયને ગુપ્ત કરી રહે. (૫૮૬-૫૮૭)

साहट्टु दोवि पाए वग्घारियपाणि ठायए ठाणं ।
वाघारियलंबियभुओ अंते य इमीइ लद्धित्ति ॥ ५८८ ॥

બે પગ એકઠા કરી, હાથ લાંબા કરી, આ મુદ્રાએ શરીરને રાખે. વ્યાઘારિત હાથવાળાને અંતે વિશેષ લબ્ધિ પ્રાપ્ત થાય છે.

બે પગ સંકોચીને જિનમુદ્રાએ ઉભો રહે. વ્યાઘારિતપાણિપૂર્વક કાયાને રાખી ઉભો રહે. વ્યાઘારિતપાણિ એટલે લંબાવેલા બે હાથ. આ એક રાત્રિકી પ્રતિમાને સારી રીતે છેવટ સુધી પાળવાથી લબ્ધિ એટલે લાભ વિશેષ થાય છે. કહ્યું છે કે,

એક રાત્રિકી ભિક્ષુક પ્રતિમા સારી રીતે પાળવાથી ત્રણ લાભો થાય છે. તે આ પ્રમાણે ૧. અવધિજ્ઞાન ઉત્પન્ન થાય, ૨. મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય, ૩. ભૂતકાળમાં કદી ન ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

વિરાધના કરવાથી ઉન્માદ (ગાંડપણ)ને પામે છે. દીર્ઘકાલિન રોગને પામે કે કેવલિપ્રજ્ઞપ્તધર્મથી ભ્રષ્ટ થાય, આ પ્રતિમાની રાત્રિ પછી અટ્ઠમ તપ કરાતો હોવાથી ચાર રાત-દિવસ પ્રમાણની આ પ્રતિમા છે. કહ્યું છે કે એક રાત્રિ પૂરી થયા પછી અટ્ઠમ કરે માટે ચાર દિવસની પ્રતિમા.

અહીં "साहट्टु दोवि पाए, वाघारिय पाणि ठायए ठाणं
वाघारियलंबियभुओ, अंते य इमिय लद्धित्ति"

આ ગાથા કોઇ સૂત્ર પુસ્તકોમાં દેખાતી નથી. (૫૮૮)

ઇન્દ્રિય નિરોધ :-

फासण १ रसणं २ घाणं ३ चक्खू ४ सोयंति ५ इंदियाणेसिं ।
फास १ रस २ गंध ३ वण्णा ४ सद्दा ५ विसया विणिद्दिट्ठा ॥ ५८९ ॥

ચામડી, જીભ, નાક, આંખ અનેકાન-એ પાંચ ઇંદ્રિયો છે. તેના વિષયો અનુક્રમે સ્પર્શ, સ્વાદ, ગંધ, વર્ણ અને શબ્દ છે. અહીં ઇંદ્રિયનિરોધનો પ્રસંગ હોવાથી આ પાંચ વિષયોમાં ઇંદ્રિયોની આસક્તિનો ત્યાગ કરવો. એવો અર્થ ઘટાવવો. કારણ કે અનિયંત્રિત ઇંદ્રિયો પગલે પગલે દુઃખરૂપ સાગરમાં પાડે છે. કહ્યું છે કે-

શબ્દમાં આસક્ત હરણ, સ્પર્શમાં આસક્ત હાથી, સ્વાદમાં આસક્ત માછલી, રૂપમાં આસક્ત પતંગીયું અને ગંધમાં આસક્ત ભ્રમર નાશ પામે છે. જેમાં પરમાર્થને નહીં જાણતા એવા હરણ વગેરે પાંચે જુદા જુદા પાંચ વિષયમાં આસક્ત થવાથી નાશ પામ્યા તો પછી એક જ આત્મા પાંચે વિષયમાં આસક્ત થાય, તો તે મૂરખ રાખ બરાબર થઇ જાય છે.

ચપળ એવા ઘોડાઓની જેમ દુર્દાન્ત ઇંદ્રિયો જીવોને ખેંચી ઘનઘોર દુખદ એવા ઉન્માર્ગમાં લઈ જાય છે. માટે બુદ્ધિમાનોએ ઇન્દ્રિયોના જયમાં પ્રયત્ન કરવો જોઇએ. કેમકે તેના જયથી ઇહલોક-પરલોકમાં ભવ્યાત્માઓને સુખ થાય છે. (૫૮૯)

પડિલેહણા :-

पडिलेहणाण गोसावराण्हउग्घाडपोरिसीसु तिगं ।
तत्थ पढमा अणुग्गय सूरे पडिक्कमणकरणाओ ॥ ५९०॥

દરરોજ સાધુઓને દિવસમાં ત્રણ વખત પડિલેહણા કરવાની હોય છે. ૧. એક તો પ્રભાતે, ૨. ત્રીજા પ્રહરના અંતે બપોરે, ૩. ઉગ્ઘાડા પોરિસી એટલે સૂર્યોદયથી પોણા પ્રહર વિત્યા પછી.

આ ત્રણ પડિલેહણામાં પહેલી સવારની પડિલેહણા, પ્રતિક્રમણ કર્યા પછી સૂર્ય ઉગ્ગે પહેલા દશ ઉપકરણ પડિલેહણા થાય એ રીતે પડિલેહણ કરે. (૫૯૦)

પહેલી પડિલેહણા :-

मुहपोत्ति १ चोलपट्टो २ कप्पतिगं ३-४-५ दो निसिज्ज ६-७ रयहरणं ८ ।
संथारु ९ त्तरपट्टो १० दस पेहाऽणुग्गए सूरे ॥ ५९१ ॥

નીચે મુજબ દશ ઉપકરણોની પડિલેહણા કરે, (૧) મુહપત્તિ, (૨) ચોલપટ્ટો, (૩, ૪, ૫) એક ઉનનું અને બે સુતરાઉ કપડા એટલે ત્રણ કલ્પત્રિક (ત્રણ કપડા) (૬, ૭) એક સુતરાઉ અંદરનું અને એક ગરમ બહારનું આસન-એમ બે ઓઘાના નિશેથીયા, (૮) રજોહરણ, (૯) સંથારો, (૧૦) ઉત્તરપટ્ટો-આ દશ ઉપકરણોની પડિલેહણા પૂરી કરતાં સૂર્યોદય થાય. આનો ભાવાર્થ એ છે કે-આ દશ ઉપકરણોની પડિલેહણા થાય અને સૂર્ય ઉગે એવી રીતે પ્રભાતની પડિલેહણા કરવી જોઇએ. કેટલાક અગ્યારમાં દાંડો પણ કહે છે. નિશીથચૂર્ણી તથા કલ્પચૂર્ણીમાં પણ એ પ્રમાણે જ કહ્યું છે. બાકીની ઉપાશ્રય વગેરેની. પડિલેહણા સૂર્ય ઉગ્યા પછી જ કરે.

અહીં ગાથામાં પડિલેહણ કરવા યોગ્ય ઉપકરણો જણાવ્યા, પણ પ્રતિલેખનાના ઉપકરણોનો ક્રમ નથી જણાવ્યો. કેમકે પ્રતિલેખનાનો ક્રમ આગમમાં જુદા પ્રકારે કહેલ છે. નિશીથચૂર્ણીમાં કહ્યું છે કે-

પ્રભાતે ઉપધિમાં પહેલા મુહપત્તિ, પછી રજોહરણ, પછી અંદરનું નિશેથીયું, પછી બહારનું નિશેથીયું (ઓઘારીયું) પછી ચોલપટ્ટો, પછી ત્રણ કલ્પ, ઉત્તરપટ્ટો, સંથારો, દાંડો. આ ક્રમ છે. બાકીનો બધો ઉત્ક્રમ છે.

સૌથી પહેલા આચાર્યની પછી પરિજ્ઞાની (અનશનીની), તે પછી ગ્લાનની, તે પછી શૈક્ષકની બીજી રીતે કરે તો ઉત્ક્રમ કહેવાય. (૫૯૧)

બીજી પડિલેહણા :–

उग्गरणचउद्दसगं पडिलेहिज्जइ दिणस्स पहरतिगे ।
उग्घाडपोरिसीए उ पत्तनिज्जोगपडिलेहा ॥ ५९२ ॥

દિવસના ત્રીજા પ્રહરે ચૌદ ઉપકરણો પડિલેહે. ઉગ્ઘાડા પોરિસિ વખતે પાત્ર નિયોગ પડિલેહે.

દિવસનો ત્રીજો પ્રહર પૂરો થયા પછી, સ્થવિરકલ્પિની ઔધિકઉપકરણરૂપ ચૌદ ઉપકરણોને પડિલેહે. તેમાં પ્રથમ મુહપત્તિ, પછી ચોલપટ્ટો, તે પછી ગુચ્છો, ચરવળી, પાત્રબંધન (ઝોળી), પડલા, રજસ્ત્રાણ, પાત્ર સ્થાપન, માત્રક, પાત્રા, રજોહરણ ત્રણ કલ્પ–આ ચૌદ ઉપકરણની પડિલેહણા પછી બાકીની બીજી ઔપગ્રહિકઉપધિની પણ પડિલેહણા કરી લેવી. (૫૯૨)

ત્રીજી પડિલેહણા :–

ઉગ્ઘાડા પોરિસિમાં સાત પ્રકારના પાત્ર નિયોગની પડિલેહણા હોય છે. તેમાં પ્રથમ આસન પર બેસી મુહપત્તિ પડિલેહી ગુચ્છાની પડિલેહણા કરે, પછી પડલા, પાત્ર કેસરીકાં (ચરવળી), ઝોળી, રજસ્ત્રાણ, પાત્રા તે પછી પાત્ર સ્થાપન–આ પ્રમાણે પડિલેહણા વિધિ છે. વિસ્તારના ભયથી વધુ નથી લખતા. વિસ્તૃત વિધિ ઓઘનિર્યુક્તિ–પંચ વસ્તુ વગેરેથી જાતે જાણી લેવી. (૫૯૨)

पडिलेहिऊण उवहिं गोसंमि पमज्जणा उ वसहीए ।
अवरण्हे पुण पढमं पमज्जणा तयणु पडिलेहा ॥ ५९३ ॥

સવારે મુહપત્તિ વગેરે પૂર્વોક્ત ઉપધિને પડિલેહે, તે પછી સાધુને રહેવાની વસતીનું ઉપયોગવંત સાધુ પડિલેહણ કરે. બપોરે પહેલાં વસતીનું પ્રમાર્જન પછી ઉપધિનું પડિલેહણ કરે. (૫૯૩)

दोन्नि य पमज्जणाओ उउंमि वासासु तइय मज्झण्हे ।
वसहिं बहुसो पमज्जण अइसंघट्टऽन्नहिं गच्छे ॥ ५९४ ॥

ઋતુબદ્ધકાળમાં બે વખત વસ્તીનું પ્રમાર્જન અને વર્ષાઋતુમાં મધ્યાહ્ન કાળે ત્રીજી વખત પ્રમાર્જન હોય છે. તથા ઋતુબદ્ધ કાળે

અથવા વર્ષાઋતુમાં કુંથુવા વગેરે જીવો ઘણા થયા હોય, તો વારંવાર વસતિની પ્રમાર્જના કરે એટલે કાજો લે.

જે વસતિમાં જીવજંતુનો ઉપદ્રવ ન હોય ત્યાં પણ ઋતુબદ્ધકાળમાં (શેષકાળ) બે વખત અવશ્ય વસતિ પ્રમાર્જે. એક સવારે અને બીજી વાર સાંજની પડિલેહણમાં.

વર્ષાઋતુમાં ત્રીજીવાર વસતિ પ્રમાર્જવી જોઈએ. બે પૂર્વોક્ત સમયે અને ત્રીજી મધ્યાહ્ન સમયે.

ઋતુબદ્ધકાળમાં અથવા વર્ષાઋતુમાં જો કુંથુવા વગેરે ઘણા જીવોની ઉત્પત્તિ થઈ ગઈ હોય, તો ઘણીવાર પણ વસતિ પ્રમાર્જે. જો જીવ સંસક્તવાળી વસતિ પણ પૂર્વોક્ત પ્રમાર્જના વડે જ જીવજંતુ વગરની થઈ જાય, તો વધારે વાર પ્રમાર્જના ન કરવી, નહીં તો ઘણીવાર પ્રમાર્જના કરવી. હવે ઘણીવાર વસતિની પ્રમાર્જના કરવા છતાં પણ જીવ જંતુનો અતિ ઉપદ્રવ (ઉત્પત્તિ) હોય, તો બીજી વસતિમાં કે બીજા ગામે વિહાર કરી જાય. (૫૯૪)

ગુપ્તિ :–

मणगुत्तिमाइयाओ गुत्तीओ तिन्नि हुंति नायव्वा ।
अकुसलनिवित्तिरूवा कुसलपवित्तिस्सरूवा य ॥ ५९५ ॥

મનગુપ્તિ વગેરે ત્રણ ગુપ્તિઓ જાણવી. તે ગુપ્તિ અકુશલ યોગની નિવૃત્તિરૂપ અને કુશલયોગની પ્રવૃત્તિરૂપ સ્વરૂપવાળી છે.

મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ–એમ ગુપ્તિઓ ત્રણ પ્રકારે છે. અકુશલ મન, વચન, કાયાના યોગોની નિવૃત્તિ અને કુશલ એટલે શુભ મન, વચન, કાયાના યોગોની પ્રવૃત્તિ, તે ગુપ્તિ કહેવાય.

૧. મનોગુપ્તિ :– આનો તાત્પર્યાર્થ આ રીતે છે. ૧. મનોગુપ્તિ ત્રણ પ્રકારે છે.
૧. આર્ત–રૌદ્રધ્યાનાનુબંધી જે વિચારણા, તેનો નિરોધ કરવો.
૨. શાસ્ત્રાનુસારી–પરલોક સાધનારી, ધર્મધ્યાનના અનુબંધવાળી માધ્યસ્થ પરિણતિ.
૩. શુભ કે અશુભ મનોવૃત્તિના નિરોધથી યોગનિરોધ અવસ્થા સમયની સ્વાત્મરમણતા.

૨. વચનગુપ્તિ :– વચનગુપ્તિ બે પ્રકારે છે. ૧. મુખ, હાથ, ભ્રમરના વિકાર, આંગળીની ચપટી વગાડવી, ઊંચા થવું, ખાંસી, છીંક, હુંકારો, ઢેકું–ઠાંકરી નાંખવા વગેરે અર્થસૂચક ચેષ્ટાના પરિહારપૂર્વક મારે આજે કશું ન બોલવું. મૌનનો અભિગ્રહ કરી ચેષ્ટા એટલે ઈશારા વગેરે દ્વારા પોતાના પ્રયોજનો સૂચવવાથી મૌન નિષ્ફળ જ થાય છે.

૨. લોક અને આગમથી અવિરુદ્ધપણે વાચના, પૃચ્છના, બીજાએ પૂછેલ પ્રશ્નોના ઉત્તર વગેરે, મુહપત્તિનાં ઉપયોગપૂર્વક વચનનું નિયંત્રણ.

આ બે ભેદો વડે વચનગુપ્તિનું જ જે સ્વરૂપ સર્વથા વચનનિરોધ અને સમ્યગ્ ભાષણરૂપ છે તે જણાવ્યું. ભાષાસમિતિમાં સમ્યગ્ પ્રવૃત્તિ જ છે. વચન-ગુપ્તિમાં પ્રવૃત્તિ અને નિરોધ બંને છે. ભાષાસમિતિમાં અને વચનગુપ્તિમાં આ તફાવત છે. કહ્યું છે કે જે આત્મા સમિતિવાળો છે, તે નિયમા ગુપ્તિવાન છે. જ્યારે ગુપ્તિવાળામાં ભજના છે. કેમકે ગુપ્તિવાન સમિતિવાળો હોય પણ ખરો અને ન પણ હોય. કુશળ વચન બોલતા વચનગુપ્તિવાળો ભાષાસમિતિવાળો છે.

૩. **કાયગુપ્તિ** :- કાયગુપ્તિ બે પ્રકારે છે. ૧. પ્રવૃતિનો રોધ, ૨. આગમાનુસારી પ્રવૃત્તિ.

૧. દેવ અને મનુષ્ય વિગેરેનાં ઉપસર્ગો અથવા ભૂખ, તરસ વગેરે પરિસહો હોવા છતાં, જે કાયોત્સર્ગ કરીને શરીરને નિશ્ચલ કર્યું હોય. તથા સર્વ યોગોને નિરોધ અવસ્થામાં સર્વથા કાયપ્રવૃત્તિનો રોધ, તે પહેલી કાયગુપ્તિ.

૨. ગુરુને પૂછીને સંથારો અને ભૂમિ વગેરેની પડિલેહણ-પ્રમાર્જના વગેરે કરી શાસ્ત્રોક્ત ક્રિયાપૂર્વક સાધુએ શયન કરવું જોઈએ. એટલે શયન-આસન લેવું, મૂકવું, વગેરેમાં સ્વચ્છંદ ચેષ્ટાના ત્યાગપૂર્વક, જે નિયત કાયચેષ્ટા તે બીજી કાયગુપ્તિ. (૫૯૫)

અભિગ્રહ :

दव्वे खित्ते काले भावे य अभिग्गहा विणिद्दिट्ठा ।
ते पुण अणेगभेया करणस्स इमं सरूवं तु ॥ ५९६ ॥

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ-એ ચાર પ્રકારે અભિગ્રહો કહ્યા છે. તે ચાર પણ અનેક ભેદવાળા છે.

જિનેશ્વરોએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ-એમ ચાર પ્રકારે અભિગ્રહ કહ્યા છે. તે ચાર પ્રકારોના પણ અનેક ભેદો છે.

જેમ ત્રિલોકસ્વામી શ્રી મહાવીર પ્રભુએ છદ્મસ્થ-અવસ્થામાં વિચરતા, કૌશાંબીમાં અભિગ્રહો લીધા હતા કે **દ્રવ્યથી**-મને જો સૂપડાના ખૂણામાં રહેલા અડદના બાકળા મળશે તો લઈશ. **ક્ષેત્રથી**-દાતાર બાઇના પગ બેડીથી બંધાયેલા હોય અને એક પગ ઉંબરાની અંદર અને એક પગ બહાર હોય. **કાળથી**-દિવસના બીજા પ્રહર વીત્યા પછી અને **ભાવથી**-મુંડાયેલ માથાવાળી, રડતી ભિક્ષા આપશે, તો હું ગ્રહણ કરીશ, નહીં તો નહીં. આવા અભિગ્રહોથી ભગવાનને પાંચ દિવસ ન્યૂન છ મહિનાના ઉપવાસનો તપ થયો. આ રીતે દ્રવ્ય આદિ અભિગ્રહો જાણવા.

ઉપરોક્ત પ્રકારે કરણસિત્તરીના સીત્તેર ભેદોનું સ્વરૂપ શ્રી ગુરુએ કહ્યું છે. તે આ પ્રમાણે : આધાકર્મી વગેરે બેતાલીસ દોષો હોવા છતાં પણ પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર,

રૂપ ચાર વસ્તુ માટે હોવાથી ચાર જ ગણાય છે. સમિતિ પાંચ, ભાવના બાર, પ્રતિમાઓ બાર, પાંચ, ઇંદ્રિય નિરોધ, પચ્ચીસ પડિલેહણા, ત્રણ ગુપ્તિ અને ચાર અભિગ્રહ. એ પ્રમાણે બધા ભેદો મેળવતાં [1]સીત્તેર ભેદો થયા.

પ્રશ્ન :-ચરણસિત્તરી અને કરણસિત્તરીમાં શું તફાવત છે ?

ઉત્તર :-નિત્ય જે કરાય તે ચરણ અને વિશેષે પ્રયોજનથી કરાય તે કરણ. જેમ વ્રત વગેરે હંમેશા આરાધાય છે. વ્રત વગેરેનો કોઈપણ કાળ હોતો નથી. માટે તે ચરણ. અને પિંડવિશુદ્ધિ વગેરે પ્રયોજન હોય, ત્યારે જ કરાય છે. માટે તે કરણ. (૫૯૬)

૬૭. જંઘાચારણ-વિદ્યાચારણની ગમન શક્તિ

अइसयचरणसमत्था जंघाविज्जाहिं चारणा मुणओ ।
जंघाहिं जाइ पढमो निस्सं काउं रविकरेऽवि ॥५९७॥

જંઘા અને વિદ્યા વડે અતિશયપૂર્વક ચરણ એટલે જવા આવવામાં સમર્થ, તે ચારણ જાણવા. જંઘાચારણો જંઘા વડે સૂર્યના કિરણોનો પણ આશ્રય લઇ જઇ શકે છે. (૫૯૭)

ચરણ એટલે ગમન. તે જેને હોય, તેઓ [2]ચારણ કહેવાય.

બીજા મુનિઓને પણ ગમન તો હોય છે. માટે અહીં વિશેષણ એવા ચરણ શબ્દથી વિશિષ્ટ ગમનાગમન જાણવું. જવા આવવાની અતિશય લબ્ધિ સંપન્ન જે મુનિઓ તે ચારણ મુનિઓ છે. તે ચારણ મુનિઓના બે પ્રકાર છે. (૧) જંઘાચારણ અને (૨) વિદ્યાચારણ.

ચારિત્ર અને વિશિષ્ટ તપના પ્રભાવથી ઉત્પન્ન થયેલ જવા · આવવાની-શક્તિરૂપ જે લબ્ધિવંત તે જંઘાચરણ.

વિદ્યાના બળથી ઉત્પન્ન થયેલ જવા આવવાની વિશિષ્ટ શક્તિરૂપ લબ્ધિવંત, તે વિદ્યાચારણ.

જંઘાચારણ મુનિઓ રૂચકવર સુધી જવા સમર્થ હોય છે અને વિદ્યાચારણો નંદીશ્વરદ્વીપ સુધી જવા સમર્થ હોય છે. જંઘાચારણો ગમે ત્યાં જવાની ઇચ્છા કરે તો સૂર્યના કિરણોનો આધાર લઈને પણ જાય છે. વિદ્યાચારણો એમ ને એમ જાય છે. (૫૯૭)

---

૧. પિંડ-શય્યા-વસ્ત્ર-પાત્ર = ૪ + સમિતિ = ૫ + ભાવના = ૧૨ + પ્રતિમા = ૧૨ + ઇન્દ્રિયનિરોધ= ૫ + પડિલેહણા = ૨૫ + ગુપ્તિ = ૩ + અભિગ્રહ = ૪ + ૭૦

૨. **चर** ધાતુને **ज्योत्स्नादिभ्यऽण्** સૂત્રથી મત્વર્થી **अण** પ્રત્યય થવાથી ચારણરૂપ થયું.

एगुप्पाएण गओ रुयगवरंमि य तओ पडिनियत्तो ।
बीएणं नंदीसरमेइ तइएण समएणं ॥ ५९८ ॥
पढमेण पंडगवणं बीउप्पाएण नंदणं एइ ।
तइउप्पाएण तओ इह जंघाचारणो एइ ॥५९९॥

જંઘાચારણનું ગમન :–

જંઘાચારણ મુનિઓ રૂચકવરદ્વીપ તરફ જતાં, એક જ પગલે (કૂદકે) રૂચકવરદ્વીપ પહોંચી જાય છે. પાછા ફરતા એક પગલે નંદીશ્વરદ્વીપમાં આવે છે અને બીજે પગલે પોતાના સ્થાને આવે છે.

મેરૂપર્વતના શિખરે જવાની ઈચ્છા હોય, તો પહેલા પગલે પાંડકવનમાં પહોંચે અને પાછા ફરતાં એક પગલે નંદનવનમાં આવે છે અને બીજે પગલે પોતાના સ્થાને આવે છે.

જંઘાચારણ લબ્ધિચારિત્રના અતિશયથી હોય છે. તેથી લબ્ધિનો ઉપયોગ કરવામાં ઉત્સુકતા હોવાના કારણે પ્રમાદનો સંભવ હોવાથી ચારિત્રના અતિશયરૂપ લબ્ધિનો પ્રભાવ ઓછો થાય છે. માટે પાછા ફરતાં બે પગલે પોતાના સ્થાને આવે છે. (૫૯૮–૫૯૯)

વિદ્યાચારણનું ગમન :–

पढमेण माणुसोत्तरनगं तु नंदीसरं तु बीएणं ।
एइ तओ तइएणं कयचेइयवंदणो इहयं ॥६००॥
पढमेण नंदणवणे बीउप्पाएण पंडगवणंमि ।
एइ इहं तइएणं जो विज्जाचारणो होइ ॥ ६०१ ॥

વિદ્યાચારણ મુનિ પ્રથમ પગલે માનુષોત્તર પર્વત પર જાય છે અને બીજા પગલે નંદીશ્વર દ્વીપે જાય છે. અને ત્યાં જઈ ચૈત્યોને વંદન કરે છે. ત્યાંથી પાછા ફરતાં એક પગલે જ પોતાના સ્થાને આવે છે.

મેરૂ પર્વત પર જતાં પહેલા પગલે નંદનવનમાં જાય છે. અને બીજા પગલે પાંડકવનમાં જાય છે ત્યાં ચૈત્યોને વંદન કરી પાછા ફરતાં એક જ પગલે પોતાના સ્થાને આવે છે.

વિદ્યાચારણ વિદ્યાના કારણે થાય છે. વિદ્યાનું પરિશીલન (વારંવાર) કરવાથી સ્પષ્ટ, સ્પષ્ટતર થાય છે. તેથી પાછા ફરતાં શક્તિનો અતિશય સંભવ હોવાથી એક જ પગલે પોતાના સ્થાને આવે છે.

આ બે ચારણના ભેદના ઉપલક્ષણથી બીજા પણ ઘણા ચારણોના ભેદો હોય છે. તે આ પ્રમાણે.

૧. પર્યંકાસને કાયોત્સર્ગમાં રહીને કે પગ ઉપાડચા અને મૂકયા વગર આકાશમાં ગમન કરનાર આકાશગામીઓ.

૨. વાવ, સમુદ્ર, નદી વગેરેના પાણીમાં અપ્કાય જીવોને વિરાધ્યા વગર પગ ઉઠાવવા અને મૂકવામાં કુશળ એવા પાણીમાં જમીનની જેમ ચાલનારા જલચારી મુનિઓ.

૩. જમીન ઉપર ચાર આંગળ પ્રમાણ આકાશમાં અદ્ધર જંઘા મૂકવા, ઉઠાવવામાં નિપુણ જંઘાચારણ મુનિઓ.

૪. જુદા જુદા પ્રકારના ઝાડો, વેલડીઓ, ગુચ્છાઓ, ફૂલો વગેરેનો આધાર લઇ (વનસ્પતિ) ફૂલના જીવોને વિરાધ્યા વગર ફૂલના સમૂહ પડલનો આધાર લઈ ચાલનાર પુષ્પચારણ મુનિઓ.

૫. ચારસો યોજન ઊંચા નિષધ, નીલવંત પર્વતની ટંકછિન્ન શ્રેણીને પકડી, ઉપર અથવા નીચે પગ મૂકવા પૂર્વક ઉતરવા ચડવામાં કુશલ તે શ્રેણીચારણ.

૬. અગ્નિની શિખા (જવાલા)ને પકડી તેઉકાય જીવોને વિરાધ્યા વગર, અને પોતે બળ્યા વગર ચાલવામાં કુશળ તે અગ્નિ શિખાચારણ,

૭. ઉપર અથવા તિર્છી જતી ધુમાડાની સેરને પકડી અસ્ખલિતપણે ગમન કરનાર ધુમ્રચારણ.

૮. કુબ્જ (નાના)વૃક્ષની વચ્ચેના આકાશ પ્રદેશમાં કુબ્જ (નાના) ઝાડ વગેરેને લાગેલા કરોળિયાના જાળાના આલંબનથી પગ ઉપાડવા મૂકવા સમર્થ અને કરોળિયાની જાળના તંતુને તોડ્યા વગર જનારા મર્કટતંતુ ચારણ.

૯. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે કોઇપણ જ્યોતિષિના કિરણના સંપર્કથી જમીન ઉપર ચાલે તેમ આકાશમાં ચાલનારા જ્યોતિરશ્મિચારણ.

૧૦. સામો વાયુ હોય, અનુકૂળ વાયુ હોય, જુદી જુદી દિશાઓ કે ખૂણામાં વાતો વાયુ હોય, તેની પ્રદેશ શ્રેણીને પકડી અસ્ખલિત ગતિએ પગ મૂકવાપૂર્વક ગતિ કરે, તે વાયુચારણો.

૧૧. નીહાર (ધૂમ્મસ) નો આધાર લઇ અપ્કાય જીવોને વિરાધ્યા વગર અસંગતિ (સંઘટ્ટો કર્યા વિના) પૂર્વક ચાલનાર નિહારચારણ.

એ પ્રમાણે બીજાને પણ જલદ (વાદળ) ચારણ, અવશ્યાય (ઝાકળ) ચારણ, ફલ ચારણ જાણવા. (૬૦૦–૬૦૧)

૬૮. પરિહારવિશુદ્ધિ તપ

परिहारियाण उ तवो जहन्न मज्झो तहेव उक्कोसो ।
सीउण्हवासकाले भणिओ धीरेहिं पत्तेयं ॥ ६०२ ॥

ધીર પુરુષોએ પરિહારિકોને જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તપ શિયાળો, ઉનાળો અને ચોમાસાને અનુલક્ષીને કહ્યું છે.

પરિહાર એટલે તપ વિશેષ છે. તે તપને કરનાર પારિહારિકો કહેવાય. તે બે પ્રકારે છે. નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક.

૧. વિવક્ષિત તપ વિશેષને કરનાર નિર્વિશમાનક કહેવાય.

૨. વિવક્ષિત તપવિશેષ જેમને કરી લીધેલ હોય, તે નિર્વિષ્ટકાયિક કહેવાય.

અહીં નવનો સમૂહ (ગણ) હોય છે. એમાં ચાર નિર્વિશમાનક અને ચાર એમની સેવા કરનારા અને એક કલ્પસ્થિત વાચનાચાર્ય સ્થાપે. જો કે સર્વે પણ અતિશય શ્રુતજ્ઞાની હોય, તો પણ આચાર હોવાથી તેઓમાંથી એકને વાચનાચાર્ય રૂપે સ્થાપે. તે નિર્વિશમાનકો અને નિર્વિષ્ટકાયિકોનો તપ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ, શિયાળો, ઉનાળો અને ચોમાસાને આશ્રયિને તીર્થંકરોએ કહ્યું છે. (૬૦૨)

तत्थ जहन्नो गिम्हे चउत्थ छट्ठं तु होई मज्झिमओ ।
अट्ठममिहमुक्कोसो एत्तो सिसिरे पवक्खामि ॥ ६०३ ॥
सिसिरे तु जहन्न तवो छट्ठाई दसमचरमगो होइ ।
वासासु अट्ठमाई बारसपज्जंतगो नेओ ॥ ६०४ ॥
पारणगे आयामं पंचसु गहो दोसुऽभिग्गहो भिक्खे ।
कप्पट्ठियावि पइदिण करेंति एमेव आयामं ॥ ६०५ ॥

તે ત્રણે કાળની અંદર ઉનાળામાં અતિ રૂક્ષ કાળ હોવાથી જઘન્ય એક ઉપવાસ, મધ્યમ બે ઉપવાસ એટલે છઠ્ઠ અને ઉત્કૃષ્ટ અઠ્ઠમ એટલે ત્રણ ઉપવાસ છે.

શીતકાળ, ઉનાળાથી કંઈક સાધારણ ભેજવાળો હોવાથી જઘન્ય છઠ્ઠ, મધ્યમ અઠ્ઠમ અને ઉત્કૃષ્ટ ચાર ઉપવાસ સુધીનો હોય છે.

વર્ષાઋતુમાં સાધારણ કાળમા જઘન્ય અઠ્ઠમ, મધ્યમ ચાર અને ઉત્કૃષ્ટ પાંચ ઉપવાસ જાણવો. ત્રણેકાળમાં પારણે તો આયંબિલ હોય છે.

સંસૃષ્ટ વગેરે સાત પ્રકારની ભિક્ષા છે. તેમાંથી પાછળની પાંચ ઉદ્ધૃતા વગેરેમાં જ ભિક્ષા લે. પહેલી સંસૃષ્ટ અને અસંસૃષ્ટ એ બે ભિક્ષા છોડી દે, અમુક દિવસે છેલ્લે પાંચ ભિક્ષામાં પણ બેનો અભિગ્રહ કરે, કે આજે મારે બે અમુક જ ભિક્ષાઓમાં જ ગોચરી લેવી. તેમાં એક ભિક્ષાથી આહાર અને એક ભિક્ષાથી પાણી. આ ચારે પરિહારકોનો તપ છે. કલ્પમાં રહેલા ચાર અનુચારીઓ (ઉત્તર સાધક) અને એક વાચનાચાર્ય –એમ પાંચે પણ ઉપરોક્ત ભિક્ષાભિગ્રહપૂર્વક દરરોજ આયંબિલ કરે. (૬૦૩–૬૦૫)

एवं छम्मासतवं चरिउं परिहारिया अणुचरंति ।
अणुचरगे परिहारियपरिट्ठिए जाव छम्मासा ॥ ६०६ ॥

कप्पट्ठिओऽवि एवं छम्मासतवं करेइ सेसा उ ।
अणुपरिहारियभावं वयंति कप्पट्ठियत्तं च ॥ ६०७ ॥
एवं सो अट्ठारसमासपमाणो य वन्निओ कप्पो ।
संखेवओ विसेसो विसेससुत्ताउ नायव्वो ॥ ६०८ ॥

એ પ્રમાણે છ મહિના પરિહારિકો તપ કર્યા બાદ અનુચર એટલે વૈયાવચ્ચકારક થાય છે. જે અનુચર એટલે વૈયાવચ્ચકારક હતા તે પરિહારિક તપમાં સારી રીતે છ મહિના સુધી સ્થિર થાય છે. આનો ભાવાર્થ એવો છે કે, જે પૂર્વમાં વૈયાવચ્ચી હતા તે પૂર્વોક્ત પ્રકાર વડે છ મહિના સુધી નિર્વિશમાનક થાય છે. અને જે પૂર્વમાં તપ કરતા હતા તે વૈયાવચ્ચી થાય છે. બાર મહિના પછી કલ્પસ્થિત વાચનાચાર્ય પણ ઉપરોક્ત રીતે છ મહિના સુધી પરિહારિક તપ કરે છે. અને બાકીના આઠ વૈયાવચ્ચકારક અને વાચનાચાર્ય થાય છે. એટલે સાત વૈયાવચ્ચ કરનાર અને એક વાચનાચાર્ય થાય છે.

આ પ્રમાણે અઢાર માસ પ્રમાણનો કલ્પ સંક્ષેપથી વર્ણવ્યો. આમાં જે કંઈ વિશેષ છે, તે બૃહત્કલ્પ વગેરે વિશેષ સૂત્રથી જાણવું. (૬૦૬-૬૦૮)

कप्पसम्मत्तीए तयं जिणकप्पं वा उविंति गच्छं वा ।
पडिवज्जमाणगा पुण जिणस्सगासे पवज्जंति ॥ ६०९ ॥
तित्थयरसमीवासेवगस्स पासे व नो व अन्नस्स ।
एएसिं जं चरणं परिहारविसुद्धिगं तं तु ॥ ६१० ॥

આ કલ્પ સમાપ્ત થયા પછી જિનકલ્પ સ્વીકારે અથવા ગચ્છમાં પાછા આવે. પ્રતિપદ્યમાનક એટલે કલ્પ સ્વીકારનારા, તીર્થંકરો પાસે કલ્પ સ્વીકારે છે. અથવા તીર્થંકરની પાસે જેણે આ કલ્પ સેવ્યું હોય તેની પાસે સ્વીકારે છે. બીજા પાસે નહીં. એમનું જે ચારિત્ર તે પરિહાર-વિશુદ્ધિ ચારિત્ર કહેવાય છે.

પારિહારિક અનુષ્ઠાનરૂપ કલ્પ સમાપ્ત થયા પછી, તે જ પારિહારિક કલ્પને સ્વીકારે અથવા જિનકલ્પ સ્વીકારે કે ગચ્છમાં પાછા આવે. પારિહારવિશુદ્ધિકો ઇત્વરકથિક અને યાવત્કથિક એમ બે પ્રકારે છે.

તેમાં જેઓ કલ્પ સમાપ્ત થયા પછી તે જ કલ્પને સ્વીકારે અથવા ગચ્છમાં પાછા આવે છે, તે ઇત્વરકથિક છે.

જેઓ કલ્પ સમાપ્તિ પછી તરત જ જિનકલ્પ સ્વીકારે યાવત્કથિકો છે. પંચવસ્તુ તથા બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે, કે

સ્થવિરકલ્પમાં ઇત્વરકથિક છે. અને જિનકલ્પમાં યાવત્કથિક છે.

અહીં સ્થવિરકલ્પના ઉપલક્ષણથી સ્વકલ્પ એટલે પરિહાર વિશુદ્ધિ કલ્પ ગ્રહણ પણ જાણવું.

અહીં ઈત્વરકલ્પિકોને કલ્પના પ્રભાવથી જ દેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધી ઉપસર્ગો, સદ્યઘાતિ રોગો અને અતિવ અસહ્ય વેદનાઓ ઉત્પન્ન થતી નથી. જ્યારે યાવત્કથિકોને સંભવે છે. તેઓ જિનકલ્પ સ્વીકારનારાઓ જિનકલ્પના આચારને આચરે છે, અને જિનકલ્પીઓને ઉપસર્ગ વગેરે હોય છે. પંચવસ્તુ તથા બૃહત્કલ્પ-ભાષ્યમાં કહ્યું છે કે ઈત્વરકથિકોને ઉપસર્ગ, આતંક (રોગ) વેદના હોતી નથી, જ્યારે યાવત્કથિકોને ભજના હોય છે.

પરિહાર કલ્પ સ્વીકારવાની ઇચ્છાવાળાઓ તીર્થંકરની પાસે સ્વીકારે છે. અથવા તીર્થંકરની પાસે રહી પહેલા જેને આ કલ્પ સ્વીકાર્યો હોય તેની પાસે સ્વીકારે. આ બે સિવાય બીજા પાસે આ કલ્પ સ્વીકારતા નથી. આમનું જે ચારિત્ર તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહેવાય છે. જે ચારિત્રમાં પરિહાર એટલે તપ વિશેષથી વિશુદ્ધિ કે નિર્મલતા પ્રાપ્ત થાય, તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર કહેવાય.

પ્રશ્ન :– પરિહાર વિશુદ્ધિકો કયા ક્ષેત્ર કે કયા કાળમાં હોય છે?

ઉત્તર :– ક્ષેત્ર વગેરેના નિરૂપણ માટે ઘણા દ્વારો પ્રવચનમાં કહ્યા છે. ગ્રંથ વિસ્તારના ભયવાળા અમે પણ શિષ્યોના ઉપકાર માટે કેટલાક દ્વારો બતાવીએ છીએ.

૧. ક્ષેત્રદ્વાર :–ક્ષેત્રદ્વાર બે પ્રકારે છે. ૧. જન્મથી, ૨. સદ્ભાવથી એટલે વિદ્યમાનતાથી. જે ક્ષેત્રમાં જન્મ થયો હોય તે જન્મથી અને જે ક્ષેત્રમાં કલ્પ સ્વીકરાય તે સદ્ભાવથી.

તેમાં જન્મ અને સદ્ભાવથી પાંચ ભરત અને પાંચ ઐરવતક્ષેત્રમાં હોય છે. પરંતુ મહાવિદેહમાં નહીં. પરિહારવિશુદ્ધિ મુનિઓનું અપહરણ થતું નથી, કે જેથી જિનકલ્પી મુનિઓની જેમ બધી કર્મભૂમિઓ કે અકર્મભૂમિમાં મળે. કહ્યું છે કે, સંહરણ વર્જિતપણે ભરત, ઐરવતક્ષેત્રમાં નિયમા હોય છે.

૨. કાળદ્વાર :– (૧) જન્મથી અવસર્પિણીમાં ત્રીજા ચોથા આરામાં હોય છે. સદ્ભાવથી પાંચમા આરામાં પણ હોય છે.

(૨) ઉત્સર્પિણીમાં જન્મથી બીજા, ત્રીજા અને ચોથા આરામાં અને સદ્ભાવથી ત્રીજા, ચોથા આરામાં હોય છે. પંચવસ્તુ અને બૃહત્કલ્પમાં કહ્યું છે કે

અવસર્પિણીમાં જન્મથી બે આરામાં અને સદ્ભાવ ત્રણ આરામાં હોય છે. ઉત્સર્પિણીમાં વિપરિતપણે જન્મ અને સદ્ભાવથી હોય છે.

નોત્સર્પિણી–અવસર્પિણીરૂપ ચોથા આરામાં નથી હોતા, કારણ કે મહાવિદેહક્ષેત્રમાં તેઓનો સંભવ નથી.

૩. **તીર્થદ્વાર** :– પરિહારવિશુદ્ધિક નિયમા તીર્થ હોય ત્યારે જ હોય છે. પણ તીર્થના ઉચ્છેદ વખતે, તીર્થ ઉત્પત્તિ પહેલાં અને તીર્થના અભાવમાં તેઓ નિયમા ન હોય. તીર્થના અભાવમાં તીર્થ, વિચ્છેદ કાળમાં, તીર્થોત્પત્તિ પહેલા જાતિસ્મરણ વગેરે દ્વારા પણ હોતો નથી.

૪. **પર્યાયદ્વાર** :– પર્યાય બે પ્રકારે ગૃહસ્થપર્યાય અને સાધુપર્યાય. તે બંને બે બે પ્રકારે છે, જઘન્ય અને ઉત્કૃષ્ટ. તેમાં ગૃહસ્થપર્યાય જઘન્યથી ઓગણત્રીસ વર્ષ અને સાધુ પર્યાય વીસ વર્ષ બંનેનો ઉત્કૃષ્ટપર્યાય દેશોનપૂર્વક્રોડ વર્ષ પ્રમાણ છે. પંચવસ્તુમાં કહ્યું છે કે,

એમનો ગૃહિપર્યાય જઘન્યથા ઓગણત્રીસ વર્ષનો જાણવો. યતિપર્યાય વીસ વર્ષનો અને બંનેનો ઉત્કૃષ્ટપર્યાય દેશોનપૂર્વક્રોડ વર્ષનો હોય છે.

જે અહીં સૂત્રમાં કહ્યું છે કે, જન્મથી ત્રીસ વર્ષનો પર્યાય અને સાધુપર્યાય ઓગણત્રીસ વર્ષનો, હોય એવો મનુષ્ય પરિહારકલ્પ સ્વીકારવા માટે યોગ્ય છે, એમ કહ્યું છે, તે અસંગત જણાય છે. કારણકે કલ્પ વગેરે સૂત્રોથી વિરોધાભાસ જણાય છે.

બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે, "ગૃહસ્થ પર્યાયથી જઘન્યથી ઓગણત્રીસ વર્ષ, યતિ પર્યાય વીસ વર્ષ અને બંને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડ".

૫. **આગમ દ્વાર** :–અપૂર્વ એટલે નવું જ્ઞાન. તેઓ ભણતા નથી. જેથી તે પરિહારકલ્પને આશ્રયી ઉચિત યોગ આરાધનપૂર્વક મેળવેલ જ્ઞાનથી જ પોતાને કૃતકૃત્યમાને, પૂર્વમાં ભણેલ જ્ઞાનના પ્રવાહને અખંડ રાખવા માટે હંમેશાં એકાગ્રમને સારી રીતે યાદ કરે. કહ્યું છે કે,

તે કલ્પને આશ્રયી અપૂર્વ આગમને તેઓ ભણતા નથી. યોગ આરાધનથી જે ઉચિત જ્ઞાન મેળવેલ હોય, તેનાથી કૃતકૃત્ય પોતાને માને છે. અને પૂર્વમાં જાણેલ જ્ઞાનને હંમેશા તે વિશ્રોતસિકા (સંયમમાં શિથિલતા)ના ક્ષય માટે એકાગ્રમને સારી રીતે સ્મરણ કરે છે.

૬. **વેદદ્વાર**:– કલ્પપ્રવૃત્તિ કાળે પુરુષવેદ અથવા નપુંસકવેદ હોય છે, પણ સ્ત્રીવેદ નથી હોતો. કારણકે સ્ત્રીઓને પરિહારવિશુદ્ધિકલ્પ સ્વીકારનો અસંભવ છે. અતિતનયને આશ્રયિ પૂર્વ પ્રતિપન્નને વિચારતા તે સવેદી પણ હોય છે. અથવા અવેદી પણ હોય. તેમાં સવેદી શ્રેણીનો સ્વીકાર ન કર્યો હોય ત્યારે હોય છે. અને અવેદી ઉપશમ શ્રેણી કે ક્ષપકશ્રેણી સ્વીકારી હોય ત્યારે હોય છે. કહ્યું છે કે,

"પ્રવૃત્તિ કાળે વેદ સ્ત્રીવેદ છોડી કોઈ પણ એક હોય છે અને પૂર્વપ્રતિપન્ન તો સવેદી પણ હોય અને અવેદી પણ હોય."

૭. કલ્પદ્વાર :– આ કલ્પ, [૧]સ્થિતકલ્પમાં જ હોય છે. [૨]અસ્થિતકલ્પમાં નથી હોતો. 'સ્થિતકલ્પમાં નિયમા હોય છે.' એવું વચન છે.

તેમાં આચેલક્ય વગેરે દશ કલ્પોમાં જ સાધુઓ રહ્યા હોય તે કલ્પ સ્થિત કલ્પ કહેવાય. જે સાધુઓ શય્યાતરપિંડ વગેરે ચાર કલ્પોમાં રહેલા હોય અને આચેલક્ય વગેરે છ કલ્પોમાં ન રહ્યા હોય, તે અસ્થિતકલ્પ કહેવાય.

૮. લિંગદ્વાર :–બંને લિંગે હોય છે. [૩]દ્રવ્યલિંગ અને ભાવલિંગ બંનેમાંથી એક પણ વગર આ કલ્પમાં ઉચિત સામાચારીનો અભાવ છે.

૯. ધ્યાનદ્વાર :–વધતા ધર્મધ્યાનપૂર્વક પરિહાર વિશુદ્ધિસ્વીકારે. પૂર્વ પ્રતિપન્નને તો આર્ત–રૌદ્રધ્યાન પણ નિરનુબંધી હોય છે.

૧૦. ગણનાદ્વાર :–જઘન્યથી ત્રણ ગણ (સમૂહ) આ કલ્પ સ્વીકારે. ઉત્કૃષ્ટથી સો (ગણ) સ્વીકારે. પૂર્વ પ્રતિપન્નો તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી સો ગણ હોય છે.

પુરુષગણના વડે જઘન્યથી સ્વીકારનારા સત્તાવીસ જણા હોય છે. અને ઉત્કૃષ્ટથી એક હજાર હોય છે. અને પૂર્વ પ્રતિપન્ન જઘન્યથી સો અને ઉત્કૃષ્ટથી હજાર હોય છે. કહ્યું છે કે,

"ગણ આશ્રયી જઘન્યથી ત્રણ ગણ કલ્પ સ્વીકારનાર હોય છે. અને ઉત્કૃષ્ટથી સો ગણ હોય છે. પૂર્વ પ્રતિપન્નો તો ઉત્કૃષ્ટ અને જઘન્યથી સેંકડો જ હોય છે." પુરુષ આશ્રયી જઘન્યથી સત્તાવીસ પુરુષો અને ઉત્કૃષ્ટથી હજાર પુરુષ કલ્પ સ્વીકારનાર હોય છે.

બીજું જ્યારે પૂર્વ પ્રતિપન્ન કલ્પવાળાઓમાંથી એક નીકળી જાય અને બીજો પ્રવેશ કરે ત્યારે સ્વીકારનારમાં એક ઓછો હોય તેને ઉમેરતા કચારે એક અથવા પૃથક્ત્વ (૨ થી ૯) પણ સ્વીકારનાર હોય છે. પૂર્વપ્રતિપન્ન પણ આ પ્રમાણેની ભજના વડે કચારેક એક અથવા પૃથક્ત્વ હોય છે. કહ્યું છે, કે 'એક ઓછો થયેલ હોય ત્યારે સ્વીકારનાર એક પણ હોય છે. પૂર્વપ્રતિપન્નમાં પણ ભજનાએ એક અથવા પૃથક્ત્વ હોય છે.

૧૧. અભિગ્રહદ્વાર :– અભિગ્રહો ચાર પ્રકારે છે. ૧. દ્રવ્યાભિગ્રહ, ૨. ક્ષેત્રાભિગ્રહ, ૩. કાલાભિગ્રહ, ૪. ભાવાભિગ્રહ–આ ચારે અભિગ્રહો પરિહારવિશુદ્ધિકલ્પવાળાને હોતા નથી. કારણ કે આ કલ્પ જ યથોક્ત સ્વરૂપવાળો અભિગ્રહરૂપ છે. કહ્યું છે કે,

દ્રવ્યાદિ વિચિત્ર (જુદા જુદા) પ્રકારના કોઇપણ અભિગ્રહ તેમને હોતા નથી. કારણ કે એમને જ્યાં સુધી આ કલ્પ હોય છે. ત્યાં સુધી આ કલ્પ જ એમને અભિગ્રહરૂપે છે.

---

૧. સ્થિતકલ્પ એટલે પહેલા–છેલ્લા તીર્થંકરોના સમયનો આચાર.

૨. અસ્થિતકલ્પ એટલે વચલા બાવીશ તીર્થંકરોના સમયનો આચાર.

૩. દ્રવ્યલિંગ એટલે સાધુવેષ અને ભાવલિંગ એટલે સાધુતા.

આ કલ્પમાં ગોચરી વગેરેના અભિગ્રહો નિયમા અપવાદ વગરના છે. એનું પરમ પાલન જ એમનું વિશુદ્ધિસ્થાન છે.”

૧૨. પ્રવ્રજ્યાદ્વાર :–આ મુનિઓ બીજાને પોતાના કલ્પની સામાચારીના કારણે દીક્ષા આપતા નથી. કહ્યું છે કે,

‘પોતાના કલ્પની સ્થિતિના કારણે બીજાને પ્રવ્રજ્યા આપતા નથી.’ પરંતુ યથાશક્તિ ઉપદેશ આપે છે.

૧૩. નિષ્પ્રતિકર્મતા દ્વાર :–આ મહાત્માઓ પોતાના શરીરનું પ્રતિકર્મ એટલે સાર સંભાળ કરતા નથી. એટલે આંખનો મેલ કાઢવો વગેરે પણ કયારેય કરતા નથી. પ્રાણાંત કષ્ટ આવી પડે તો પણ અપવાદમાર્ગને સેવતા નથી. કહ્યું છે કે,

‘નિષ્પ્રતિકર્મ શરીરવાળા આ મહાત્મા કાયમ માટે આંખનો મેલ વગેરે દૂર કરવાનું પ્રતિકર્મ કરતા નથી. પ્રાણાંત કષ્ટ આવે તો પણ અપવાદ માર્ગ સેવતા નથી, અલ્પબહુત્વ એટલે લાભાલાભની વિચારણા સહિત એઓ હોય છે. અથવા શુભ ભાવથી ઘણું એમને હોય છે.’

૧૪–૧૫. ભિક્ષા અને વિહાર દ્વાર :–એમનો વિહાર અને ભિક્ષા ત્રીજી પોરિસિ એટલે ત્રીજા પ્રહરમાં જ હોય છે. બાકીની પોરિસિમાં કાયોત્સર્ગ હોય છે. એમની નિદ્રા પણ અલ્પ હોય છે. કદાચ એમનું જંઘાબળ ક્ષીણ થયું હોય, તો એ મહાભાગ્યશાળી વિહાર ન કરવા છતાં પણ અપવાદમાર્ગને સેવતા નથી. પરંતુ યથાકલ્પ પોતાના યોગને (પોતાના કલ્પને યથાસ્થિત) આરાધે છે. કહ્યું છે કે,

‘ત્રીજી પોરિસિમાં જ ભિક્ષાકાળ અને વિહારકાળ. બાકીના કાળે કાયોત્સર્ગ હોય છે. અને નિદ્રા પણ અલ્પ હોય છે. જંઘાબળ ક્ષીણ થવાના કારણે વિહાર ન કરે, તો પણ અપવાદને સેવતા નથી. અને તે મહાભાગ યથાકલ્પ યોગને આરાધે છે (કરે છે.) (૬૧૦)

૬૯. યથાલંદિકકલ્પ

लंदं तु होइ कालो सो पुण उक्कोस मज्झिम जहन्नो ।
उदउल्लकरो जाविह सुक्कइ सो होइ उ जहन्नो ॥६११॥
उक्कोस पुव्वकोडी मज्झे पुण होंति एगठाणाइं ।
एत्थ पुण पंचरत्तं उक्कोसं होइ अहलंदं ॥६१२॥
जम्हा उ पंचरत्तं चरंति तम्हा उ हुंतिऽहालंदी ।
पंचेव होइ गच्छो तेसिं उक्कोसपरिमाणं ॥६१३॥

जा चेव य जिणकप्पे मेरा सा चेव लंदियाणंपि ।
नाणत्तं पुण सुत्ते भिक्खायरिमासकप्पे य ॥६१४॥

લંદ એટલે કાળ એવો સિદ્ધાંતની પરિભાષાથી અર્થ થાય છે. તે કાળ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય–એમ ત્રણ પ્રકારે છે.

તેમાં પાણીથી ભીનો હાથ જેટલા સમયમાં સુકાઇ જાય, તેટલા સમયને લોકમાં જઘન્ય કાળ કહે છે. આ કાળનું જઘન્યપણું પ્રત્યાખ્યાન વિશેષના નિયમમાં વિશેષ પ્રકારે ઉપયોગી છે. નહીં તો સિદ્ધાંત પ્રમાણે એક સમયને જઘન્યકાળ કહ્યો છે.

ઉત્કૃષ્ટકાળ પૂર્વ ક્રોડ પ્રમાણ છે. આ ઉત્કૃષ્ટ કાળ, ચારિત્રના પ્રમાણને આશ્રયિને સમજવું. નહીં તો ઉત્કૃષ્ટ કાળ તો પલ્યોપમ વગેરે સંભવે છે.

મધ્યમ કાળ અનેક પ્રકારે છે. અહીં યથાલંદકલ્પને આશ્રયિને મધ્યમ કાળ, પાંચ રાત્રિ દિવસ પ્રમાણ છે.

આગમાનુસારે, યથાલંદના વિવરણમાં ઉત્કૃષ્ટકાળ પાંચ રાત્રિ–દિવસ છે.

પેટા, અર્ધપેટા વગેરેમાંથી કોઇ પણ પ્રકારે શેરીમાં ભિક્ષા માટે પાંચ દિવસ સુધી ફરે છે, તેથી યથાલંદ કહેવાય છે. આમાં યથાલંદકોનો પાંચ જ પુરુષનો ગચ્છ (ગણ) હોય છે. પાંચ પુરુષોનો સમૂહ જ આ કલ્પને સ્વીકારે છે. આ પ્રમાણે એક–એક ગણનું ઉત્કૃષ્ટ પુરુષ પ્રમાણ આ છે.

આ કલ્પમાં ઘણો વિષય કહેવા યોગ્ય છે. પણ સમસ્ત વિષય કહેવાથી ગ્રંથ વિસ્તાર ઘણો થઈ જાય માટે યથાલંદકલ્પને સંક્ષેપમાં કહે છે. પાંચ પ્રકારની તુલનાદ્વિરૂપ જિનકલ્પ વિષયક જે મર્યાદાઓ છે, તે જ પ્રાયઃ કરી યથાલંદિકોની પણ છે. યથાલંદિકોનો જિનકલ્પીઓથી જે તફાવત છે તે સૂત્ર વિષયક, ભિક્ષાચર્યા અને માસકલ્પ વિષયક છે. (૬૧૧–૬૧૪)

अहलंदिआण गच्छे अप्पडिबद्धाण जह जिणाणं तु ।
नवरं काल विसेसो उउवासे पणग चउमासो ॥६१५॥

યથાલંદિકો ગચ્છમાં પ્રતિબદ્ધ અને અપ્રતિબદ્ધ, જિનકલ્પીઓની જેમ આચારવાળા–એમ બે પ્રકારે છે. પરંતુ કાલના પ્રમાણના વિષયમાં ભેદ છે. ઋતુબદ્ધ કાળે પાંચ દિવસે અને વર્ષાકાળે ચાર માસ, એક જ જગ્યાએ સ્થિર રહે.

અલ્પ વક્તવ્ય હોવાથી પ્રથમ અતિ સંક્ષેપમાં માસકલ્પનો તફાવત કહે છે. યથાલંદિકો બે પ્રકારે છે. ૧. ગચ્છમાં પ્રતિબદ્ધ અને અપ્રતિબદ્ધ. ગચ્છમાં પ્રતિબદ્ધ યથાલંદિક, કંઈક નહીં સાંભળેલ સૂત્રના અર્થને સાંભળવા માટે ગચ્છ પ્રતિબદ્ધ હોય છે.

ગચ્છમાં પ્રતિબદ્ધ કે અપ્રતિબદ્ધ બંનેને તપ, સત્વ વગેરે ભાવનારૂપ સર્વ સામાચારી જિનકલ્પીઓની જે પ્રમાણે કહી છે. તે પ્રમાણે જ હોય છે. પરંતુ કાલ વિષયક ભેદ જાણવો. તે ભેદ કહે છે.

ઋતુબદ્ધકાળે પાંચ દિવસ અને વર્ષાઋતુમાં ચાર માસ એક જ જગ્યાએ સ્થિર રહે. આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે. ઋતુબદ્ધકાળે યથાલંદિક સાધુઓ જો ગામ મોટું હોય, તો ઘરની હારરૂપ છ શેરીઓને કલ્પી એક એક શેરી પાંચ પાંચ દિવસ ભિક્ષા કરે. અને ત્યાં રહે. એમ છ શેરીદ્વાર ગામમાં એક મહિનો પૂરો થાય. જો ગામ મોટું ન હોય, તો આજુબાજુ છ ગામોમાં પાંચ પાંચ દિવસ રહે. બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે

'એક એકમાં પાંચ દિવસ–એમ પાંચ–પાંચ દિવસ વડે મહિનો પૂરો થાય.' એની ચૂર્ણી આ પ્રમાણે છે. જો એક જ ગામ વિસ્તારવાળુ હોય, તો તેની છ શેરીઓ કરીને એક શેરીમાં પાંચ દિવસો ફરે. એમ બીજી શેરીમાં પણ પાંચ દિવસ, એમ છઠ્ઠી શેરીમાં પણ પાંચ દિવસો ફરે. એમ એક ગામમાં એક માસ થાય.

હવે જો એ ગામ મોટું ન હોય, તો યથાલંદિકો તે ક્ષેત્રની આજુબાજુના છ ગામોમાં એક એકમાં પાંચ પાંચ દિવસ ફરે. એ પ્રમાણે એક માસના પાંચ પાંચ દિવસનો ભાગ કરી પૂરો કરે.' (૬૧૫)

યથાલંદિકોનો પરસ્પરનો ભેદ :–

गच्छे पडिबद्धाणं अहलंदीणं तु अह पुण विसेसो ।
उग्गह जो तेसिं तु सो आयरियाण आभवइ ॥६१६॥

ગચ્છપ્રતિબદ્ધ યથાલંદિકોનો ગચ્છથી અપ્રતિબદ્ધ યથાલંદિકોથી ભેદ છે. ગચ્છ-પ્રતિબદ્ધ યથાલંદિકોનો પાંચ કોશ સુધી જ ક્ષેત્રાવગ્રહ હોય છે. કારણ કે આચાર્યોનો એટલો અવગ્રહ હોય છે. આચાર્યની નિશ્રાએ તેઓ વિચરે છે તેમને તે આચાર્યનો જ ક્ષેત્રાવગ્રહ થાય છે. ગચ્છઅપ્રતિબદ્ધ યથાલંદિકોનો જિનકલ્પીની જેમ ક્ષેત્રાવગ્રહ નથી હોતો. (૬૧૬)

एगवसहीए पणगं छव्वीहीओ य गामि कुव्वंति ।
दिवसे दिवसे अन्नं अडंति वीहीसु नियमेणं ॥६१७॥

એક વસ્તીમાં પાંચ દિવસ રહે અને ગામના શેરીનાં છ ભાગ કરી એક એક શેરીમાં પાંચ પાંચ દિવસ ફરે.

હવે બંને પ્રકારના યથાલંદિકોનો ભિક્ષાચર્યામાં જે તફાવત છે, તે કહે છે. ઋતુબદ્ધકાળે એક વસતિમાં પાંચ દિવસ સુધી રહે. વર્ષાઋતુમાં એક જ વસતિમાં ચાર માસ રહે. અને ગામના છ ભાગ (શેરી) કરે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે કે,

'યથાલંદિકોને, ગામના ઘરની હારરૂપ છ ભાગો કલ્પે. (ભાગો કરે છે) એક એક

ભાગમાં પાંચ પાંચ દિવસ ભિક્ષા માટે ફરે. અને ત્યાં જ સ્થિરતા કરે. પંચકલ્પ ચૂર્ણીમાં કહ્યું છે કે,

ગામના છ ભાગ કરે. એકેક ભાગમાં પાંચ દિવસ ભિક્ષા માટે ફરે અને ત્યાં જ વસતિ કરે. વર્ષાઋતુમાં એક જ જગ્યાએ ચાર માસ રહે.

તે શેરીઓમાં દરરોજ નિયમા જુદી જુદી ભિક્ષા માટે ફરે. એટલે ઉદ્ગતા વગેરે પાંચ ભિક્ષામાંથી જે ભિક્ષા પહેલા દિવસે લીધી હોય, તે ભિક્ષા બીજા દિવસે ન લે. પણ બીજી ભિક્ષાનો અભિગ્રહ કરે. અમે આ પ્રમાણે વ્યાખ્યા કરી છે. પણ શાસ્ત્ર સાપેક્ષ સદ્બુદ્ધિ વડે અન્ય પ્રકારે પણ વ્યાખ્યા કરી શકાય છે. (૬૧૭)

पडिबद्धा इयरेऽवि य एक्केक्का ते जिणा य थेरा य ।
अत्थस्स उ देसम्मि य असमत्ते तेसि पडिबंधो ॥६१८॥

હવે સૂત્રોનું વૈવિધ્ય બતાવવાની ઈચ્છાવાળા યથાલંદિકોના પ્રકાર કહે છે. યથાલંદિકો ગચ્છપ્રતિબદ્ધ અને ગચ્છઅપ્રતિબદ્ધ--એમ બે પ્રકારે છે. તે બંનેના પણ જિનકલ્પી અને સ્થવિરકલ્પીકો—એમ બે—બે પ્રકાર છે. તેમાં જેઓ યથાલંદિકકલ્પની પૂર્ણાહુતિ પછી જિનકલ્પને સ્વીકારે છે, તેઓ જિનકલ્પીઓ કહેવાય છે અને જેઓ સ્થવિર કલ્પને જ સ્વીકારે છે, તે સ્થવિરકલ્પી કહેવાય છે.

જેઓ ગચ્છમાં પ્રતિબદ્ધ છે, તેઓને આ કારણે ગચ્છ પ્રતિબદ્ધતા હોય છે. જેમને ગુરુ પાસે સૂત્ર સંપૂર્ણ લીધું હોય પણ અર્થનો થોડો ભાગ બાકી રહ્યો હોય, સંપૂર્ણ ન લીધો હોય તો તે લેવા માટે ગચ્છથી પ્રતિબદ્ધ હોય છે. તે અર્થને ગુરુ પાસે ગ્રહણ કરતા હોવાથી ગચ્છપ્રતિબદ્ધ છે. (૬૧૮)

लग्गाइसु तूरंते तो पडिवज्जित्तु खित्तबाहिठिया ।
गिण्हंति जं अगहियं तत्थ य गंतूण आयरिओ ॥६१९॥

સંપૂર્ણપણે સૂત્ર અને અર્થ ગુરુ પાસેથી લઇને પછી કલ્પ કેમ નથી સ્વીકારતા ? તેનું કારણ કહે છે.

શુભ એવું લગ્ન, યોગ, ચંદ્રબળ વગેરે મુહૂર્ત જલ્દી આવી ગયું હોય અને બીજું શુભ લગ્ન વગેરે મુહૂર્ત દૂર હોય અથવા તો આ મુહૂર્ત જેવું સારું મુહૂર્ત ન હોય, તો સંપૂર્ણ સૂત્ર અર્થ ન લીધા હોય, તો પણ સારૂ લગ્ન વગેરે હોવાના કારણે કલ્પને સ્વીકારી લે. તે કલ્પને સ્વીકારી ગચ્છમાંથી નીકળી ગુરુ જે ક્ષેત્રમાં રહ્યા હોય, તે ક્ષેત્રની બહાર દૂર પ્રદેશમાં રહી પોતાના વિશિષ્ટતર કઠોર સમસ્ત અનુષ્ઠાનોમાં રક્ત રહી, જે અર્થ ભણ્યા ન હોય, તે અર્થને ગ્રહણ કરે છે. (૬૧૯)

तेसिं तयं पयच्छइ खेत्तं इंताण तेसिमे दोसा ।
वंदंतमवंदंते लोगंमि य होइ परिवाओ ॥६२०॥

તેમને આચાર્ય જાતે જઈ તે અર્થ આપે છે. ક્ષેત્રમાં આવવાથી વંદન કરતા અને ન કરતા યથાલંદીકોને દોષ લાગે છે અને લોકમાં નિંદા થાય છે.

પ્રશ્નઃ–આચાર્ય પોતે જ ત્યાં જઇ, તે યથાલંદિકોને બાકી રહેલ અર્થ આપે છે, તો યથાલંદિકો પોતે જ આવીને અર્થ કેમ નથી લેતા ?

ઉત્તરઃ–ક્ષેત્રમાં આવવાથી યથાલંદિકોને આ દોષો થાય છે. ગચ્છમાં રહેલ સાધુઓને વંદન કરતા અને ન કરતા લોકમાં નિંદા થાય છે. કેમકે યથાલંદિકોના કલ્પનો આચાર એવા પ્રકારનો છે, કે તેઓ આચાર્ય સિવાય બીજા સાધુઓને પ્રણામ (વંદન) ન કરે અને ગચ્છના મોટા સાધુઓ પણ તે કલ્પધારી સાધુઓને વદન કરે પણ તે સાધુઓ સામા વંદન ન કરે. માટે લોકોમાં નિંદા થાય કે આ લોકો ખરાબ આચારવાળા છે. જેથી બીજા સાધુઓ વંદન કરે છે, તો સામે જવાબ પણ આપતા નથી કે વંદન પણ કરતા નથી. અથવા તો ગચ્છવાસી સાધુઓના ઉપર ભ્રષ્ટ આચારપણાની શંકા કરે કે જરૂર આ સાધુઓ દુરાચારી કે નિર્ગુણી હોવા જોઇએ જેથી આ લોકો વંદન કરતા નથી. અથવા આ લોકો આત્માર્થિક છે જેથી સામે વંદન ન મળતું હોવા છતાં વંદન કરે છે. (૬૨૦)

न तरेज्ज जई गंतुं आयरिओ ताहे एइ सो चेव ।
अंतरपल्लि पडिवसभ गामबहि अण्णवसहिं वा ॥६२१॥
तीए य अपरिभोगं ते वंदंते न वंदई सो उ ।
तं घेत्तु अपडिबद्धा तांहि जहिच्छाइ विहरंति ॥६२२॥

જો આચાર્ય જઇ શકે એમ ન હોય, તો પોતે, અંતરપલ્લિમાં, પ્રતિવૃષભ ગામમાં કે ગામ બહાર કે અન્ય વસતિ અથવા મૂળ વસતિમાં આવે.

હવે જો આચાર્ય પોતે જંઘાબળ ક્ષીણ હોવાના કારણે, તે યથાલંદિક મુનિ પાસે ન જઈ શકે, તો પોતે અ(નં)તર પલ્લિમાં એટલે મૂળ ક્ષેત્રથી અઢી ગાઉ પર રહેલા ગામમાં આવે. અથવા પ્રતિવૃષભ ગામમાં એટલે મૂળ ક્ષેત્રથી બે ગાઉ ઉપર રહેલ ભિક્ષાર્થચર્યાના ગામમાં આવે. અથવા મૂળક્ષેત્રની બહાર અથવા મૂળ-ક્ષેત્રમાં અન્ય વસતિમાં આવે અને કદાચ મૂળ વસતિમાં પણ આવે. આની વિચારણા આ પ્રમાણે છે.

જો આચાર્ય યથાલંદિકની પાસે જવા સમર્થ ન હોય, તો તે યથાલંદિકોમાં જે ધારણા કુશલ હોય, તે અંતર પલ્લિમાં આવે. આચાર્ય ત્યાં જઈ અર્થને કહે. અહીં સાધુઓનું સંઘાટક મૂળક્ષેત્રમાંથી આહાર પાણી લાવીને આચાર્યને આપે અને આચાર્ય પોતે સંધ્યા વખતે મૂળક્ષેત્રમાં આવે.

હવે જો આચાર્ય અંતરપલ્લિમાં આવવા સમર્થ ન હોય, તો અંતરપલ્લિ અને પ્રતિવૃષભ ગામની વચ્ચેના ક્ષેત્રમાં જઈ અર્થ કહે. ત્યાં પણ જવા સમર્થ ન હોય, તો પ્રતિવૃષભ ગામમાં. ત્યાં જવા પણ સમર્થ ન હોય તો પ્રતિવૃષભ ગામ અને મૂળક્ષેત્રની વચ્ચે. ત્યાં જવા પણ સમર્થ ન હોય તો મૂળક્ષેત્રની બહાર એકાંત પ્રદેશમાં. ત્યાં જવા પણ સમર્થ ન હોય તો મૂળક્ષેત્રમાં જ બીજી (જગ્યાએ) વસતિમાં જઇને અર્થ કહે. ત્યાં જવા પણ અસમર્થ હોય, તો મૂળ વસતિમાં જ એકાંત સ્થાને આચાર્ય–તે યથાલંદિકોને બાકી રહેલ અર્થ આપે.

કલ્પચૂર્ણીમાં કહ્યું છે કે ‘ આચાર્ય સૂત્રપોરિસિ અને અર્થપોરિસિ ગચ્છમાં રહેલાને આપી, યથાલંદિકોની પાસે જઈ અર્થ કહે છે. હવે જો બંને પોરિસિ આપી ત્યાં જવા સમર્થ ન હોય, તો સૂત્રપોરિસિ આપીને જાય અને અર્થપોરિસિ શિષ્ય પાસે અપાવડાવે. હવે જો સૂત્રપોરિસિ આપીને પણ ન જઈ શકે તો બંને પોરિસિ શિષ્ય પાસે અપાવડાવે અને પોતે યથાલંદિકોને વાચના આપે.

હવે જો આચાર્ય ક્ષેત્ર બહાર યથાલંદિક પાસે જઇ ન શકે, તો તે યથાલંદિકોમાં જે ધારણા કુશલ હોય, તે અંતરપલ્લિમાં બહારના ક્ષેત્રમાં આવે. આચાર્ય ત્યાં જઇ અર્થ કહે. અહીં આગળ સાધુ સંઘાટક ભક્ત (આહાર) પાણી લઇ આચાર્યને આપે. આચાર્ય પણ વૈકાલિક (સંધ્યા) સમયે પાછા મૂળ વસતિમાં આવે. આ પ્રમાણે કરવામાં જો આચાર્ય અસમર્થ હોય, તો અંતરપલ્લિ અને પ્રતિવૃષભ ગામની વચ્ચે વાચના આપે. એમાં પણ અશક્ત હોય તો વૃષભગામની બહાર વાચના આપે. એમાં પણ અશક્ત હોય તો સ્વગામમાં બીજી વસતિમાં વાચના આપે. ત્યાં પણ અસમર્થ હોય, તો એક વસતિમાં આવે. ત્યાં અપરિભોગ સ્થાન એટલે એકાંત જગ્યામાં વાચના આપે.

જે ગચ્છવાસી સાધુઓ મોટા હોય તો પણ તેઓ યથાલંદિકોને વંદન કરે છે. પણ તે યથાલંદિકો તેમને વંદન કરતા નથી. તે સમસ્ત અર્થ ગ્રહણ કર્યા પછી પોતાનું પ્રયોજન પુરૂં થયેલ હોવાથી ગચ્છમાં અપ્રતિબદ્ધ થઇને તે યથાલંદિકો પોતાના કલ્પાનુસાર પોતાના આચારને પાળે છે. (૬૨૧–૬૨૨)

જિનકલ્પીઓ અને સ્થવિરકલ્પી વચ્ચેનો પરસ્પર તફાવત કહે છે.

जिणकप्पियावि तहियं किंचि तिगिच्छपि ते न कारेंति ।
निप्पडिकम्मसरीरा अवि अच्छिमलंपि नऽवणिंति ॥६२३॥
थेराणं नाणत्तं अतरंतं अप्पिणंति गच्छस्स ।
तेऽवि य से फासुएणं करेंति सव्वपि परिकम्मं ॥६२४॥

જિનકલ્પને સ્વીકારનાર યથાલંદિક કલ્પ પાલન વખતે મારણાંતિક રોગ ઉત્પન્ન થાય તો પણ કોઈ જાતની ચિકિત્સા કરાવતા નથી. કારણ કે કલ્પનો તેવો આચાર છે.

તથા અપ્રમત્તતાયુક્ત અને નિષ્પ્રતિકર્મ શરીરવાળા એટલે શરીરની સાર સંભાળ વગરના હોવાથી શરીરની બીજી શુશ્રૂષા તો બાજુ પર રહો. પણ આંખનો મેલ પણ દૂર કરતા નથી.

સ્થવિરકલ્પી યથાલંદિક અશક્ત વ્યાધિના કારણે કલ્પને ન કરી શકે તો પોતાના સાધુને ગચ્છવાસી સાધુ સમૂહ સોંપી દે અને તેને સ્થાને પોતાના પાંચ સાધુની સંખ્યા પૂર્તિ માટે બીજા વિશિષ્ટ ધૃતિ સંઘયણ વગેરે યુક્ત મુનિને પોતાના કલ્પમાં પ્રવેશ આપે છે. તે ગચ્છવાસી સાધુઓ પણ તે અશક્ત સાધુની નિર્દોષ પ્રાસુક અન્ન પાણી વગેરે દ્વારા બધીયે સેવા કરે. (૬૨૩–૬૨૪)

एक्केक्कपडिग्गहगा सप्पाउरणा भवंति थेरा उ ।
जे पुण सिं जिणकप्पे भयएसिं वत्थपायाइं ॥६२५॥

દરેક સ્થવિરકલ્પી યથાલંદિકોની પાસે એક એક પાત્ર હોય છે તથા વસ્ત્રધારી હોય છે. અને જિનકલ્પીકયથાલંદિકો વસ્ત્ર, પાત્રમાં વસ્ત્રધારી પણ હોય અને નિર્વસ્ત્રી પણ હોય. પાત્રધારી પણ હોય અને કરપાત્રી પણ હોય. ભાવિજિનકલ્પની અપેક્ષાએ કેટલાકને વસ્ત્ર, પાત્રરૂપ ઉપકરણ હોય અને કેટલાકને ન પણ હોય. (૬૨૫)

गणमाणओ जहण्णा तिण्णि गणा सयग्गसो य उक्कोसा ।
पुरिसपमाणे पनरस सहस्ससो चेव उक्कोसा ॥६२६॥

હવે સામાન્યથી યથાલંદિકોનું પ્રમાણ કહે છે. ગણ પ્રમાણથી એટલે ગણને આશ્રયિ. જઘન્યથી ત્રણ ગણ પ્રતિપદ્યમાનક એટલે સ્વીકારનારની અપેક્ષાએ હોય છે. અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ પ્રમાણ ગણ હોય છે. પુરુષ પ્રમાણને વિષે જઘન્યથી પ્રતિપદ્યમાનક એટલે સ્વીકારનાર પંદર પુરુષો હોય છે. તે આ પ્રમાણે : પાંચ જણાનો એક ગણ આ કલ્પ સ્વીકારે. અને જઘન્યથી ત્રણ ગણ સ્વીકારે. એટલે પાંચને ત્રણે ગુણતા પંદર થાય. ઉત્કૃષ્ટથી પુરુષ સહસ્ર પૃથક્ત્વ પ્રમાણ હોય છે. (૬૨૬)

पडिवज्जमाणगा वा एक्काइ हवेज्ज ऊणपक्खेवे ।
होंति जहण्णा एए सयग्गसो चेव उक्कोसा ॥६२७॥

પુરુષ પ્રમાણ આશ્રયિ જે વિશેષતા છે, તે કહે છે. પ્રતિપદ્યમાનકો ગણમાં ઓછા થયેલા હોય તેની પૂર્તિ માટે જઘન્યથી એક વગેરે પણ પુરુષો હોય છે. યથાલંદિક કલ્પમાં પાંચ મુનિરૂપ ગચ્છ હોય છે. તેમાં જ્યારે ગ્લાન (બિમારી) વગેરેના કારણે ગચ્છમાં સાધુને સોંપવાથી ગણમાં ઓછા થયેલ સાધુની પૂર્તિ માટે એક વગેરે સાધુને

તે કલ્પમાં પ્રવેશ કરાવે જેથી પાંચનો ગચ્છ થાય. એ પ્રમાણે જઘન્યથી એક પ્રતિપદ્યમાન સાધુ હોય છે. ઉત્કૃષ્ટથી સેંકડો પ્રતિપદ્યમાનક હોય છે. (૬૨૭)

पुव्वपडिवन्नगाणवि उक्कोसजहण्णसो परिमाणं ।
कोडिपुहुत्तं भणियं होइ अहालंदियाणं तु ॥६२८॥

પૂર્વ પ્રતિપન્નો એટલે પૂર્વમાં સ્વીકારેલ યથાલંદિક. સામાન્યથી જઘન્ય અને ઉત્કૃષ્ટથી કોટિ પૃથક્ત્વ પ્રમાણ હોય છે.

કલ્પચૂર્ણીમાં કહ્યું છે કે 'પ્રતિપદ્યમાન જઘન્યથી ત્રણ ગણ હોય છે અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ ગણ હોય છે. પુરુષ પ્રમાણથી પ્રતિપદ્યમાન જઘન્યથી પંદર પુરુષો અને ઉત્કૃષ્ટથી હજાર પૃથક્ત્વ પ્રમાણ પુરુષ છે. પૂર્વ પ્રતિપન્ન જઘન્ય અને ઉત્કૃષ્ટથી કોટિ પૃથક્ત્વ છે.' પણ અહીં જઘન્યથી ઉત્કૃષ્ટની સંખ્યા મોટી જાણવી. (૬૨૮)

૭૦. નિર્યામક મુનિ

उव्वत्त १ दार २ संथार ३ कहग ४ वाईय ५ अग्गदारंमि ६ ।
भत्ते ७ पाण ८ वियारे ९–१० कहग ११ दिसा जे समत्था य १२ ॥६२९॥
एएसिं तु पयाणं चउक्कगेणं गुणिज्जमाणाणं ।
निज्जामयाण संखा होइ जहासमयनिद्दिट्ठा ॥६३०॥

અનસન કરનારની સેવા કરનારા તે નિર્યામક કહેવાય છે, તે નિર્યામકો પાસત્થા, અવસન્ના વગેરે દોષવાળા કે અગીતાર્થને ન કરવા. પરંતુ કાળાનુસાર ગીતાર્થતા વગેરે ગુણવાળા અને વિશેષ પ્રકારે વૈયાવચ્ચ કરવામાં તત્પર હોય તેમને નિર્યામક કરવા. એ નિર્યામકો ઉત્કૃષ્ટથી અડતાલીસ (૪૮) હોય છે. તે આ પ્રમાણે.

૧. ઉદ્વર્તન વગેરે શરીરની સેવા કરનારા.
૨. અંદરના બારણા આગળ રહેનારા.
૩. સંથારો કરનારા.
૪. અનશનિની આગળ ધર્મકથા કરનારા.
૫. વાદિ.
૬. મકાનના આગળના બારણે રહેનારા.
૭. અનશનિ યોગ્ય ભોજન લાવનારા.
૮. એમને યોગ્ય પાણી લાવનારા.
૯. સ્થંડિલ કરાવીને પરઠવનારા.

૧૦. માતરું કરાવીને પરઠવનારા.

૧૧. બહાર ધર્મકથા કરનારા.

૧૨. પૂર્વ વગેરે ચારે દિશામાં સહસ્રયોધિ જેવા સમર્થ સાધુઓ.

ઉપરોક્ત બારે પદોમાં દરેકમાં ચાર ચાર સાધુઓ રહેતા હોવાથી તે બાર પદોને ચારે ગુણતાં નિર્યામકોની સંખ્યા અડતાલીસ થાય છે.

બીજાઓ સ્થંડિલ અને માતરું બંનેના પરિષ્ઠાન માટે ચાર સાધુઓ કહે છે. અને ચારે દિશામાં બબ્બે મહાયોદ્ધા જેવા આઠ સાધુઓ માને છે. અને આ પ્રમાણે અડતાલીસ સાધુઓ કહ્યા છે. (૬૨૯–૬૩૦)

उव्वत्तंति परावत्तयंति पडिवण्णअणसणं चउरो १ ।
तह चउरो अब्भंतर दुवारमूलंमि चिट्ठंति २ ॥६३१॥
संथारयसंथरया चउरो ३ चउरो कहिंति धम्मं से ४ ।
चउरो य वाइणो ५ अग्गदारमूले मुणिचउक्कं ६ ॥६३२॥
चउरो भत्तं ७ चउरो य दाणियं तदुचियं निहालंति ८ ।
चउरो उच्चारं परिट्ठवंति ९ चउरो य पासवणं १० ॥६३३॥
चउरो बाहिं धम्मं कहिंति ११ चउरो य चउसुवि दिसासु ।
चिट्ठंति १२ उवद्देवरक्खया सहसजोहिणो मुणिणो ॥६३४॥

હવે સૂત્રકાર પોતે જ આ પદોનું વિવરણ કરે છે.

૧. ઉત્સર્ગથી અનશની પોતે જાતે જ ઉદ્વર્તન વગેરે કરે. પોતે ઉદ્વર્તન વગેરે ન કરી શકે, તો તે અનશનીને ચાર સાધુ ઉદ્વર્તન અને પડખાનું પરાવર્તન કરાવે. ઉદ્વર્તનના ઉપલક્ષણથી ઉઠવું, બેસવું, બહાર નીકળવું, અંદર પ્રવેશવું, ઉપધિ પડિલેહવી વગેરે તેમના સંબંધી જે પરિકર્મ (સેવા) તે તેઓ જ કરે છે.

૨. અભ્યંતરદ્વારના આગળ લોકોના ધસારાને રોકવા માટે ચાર સાધુઓ ઉભા રહે, લોકોના ધસારાના કારણે કચારેક અનશનીને અસમાધિ પણ થાય.

૩. ચાર સાધુઓ તે સાધુને અનુકૂલ સુખ સ્પર્શવાળો અને સમાધિવર્ધક સંથારો પાથરે.

૪. વિશિષ્ટદેશનાલબ્ધિસંપન્ન ચાર સાધુઓ સતત અનશનીને તત્ત્વને જાણતો હોવા છતાં પણ સંવેગભાવને ઉલ્લસિત કરનાર ધર્મકથાઓ કરે છે.

૫. તે અનશની સાધુની શ્રાવક લોકો વડે અતિશય પ્રભાવના કરાતી જોઈને કોઈ દુરાત્માથી તે સહન નહીં થતાં સર્વજ્ઞ મતને પરાજિત કરવા માટે વાદ કરવા આવે તો તેને હરાવવા, ચાર પ્રમાણ પ્રવિણ અને વાચાળ વાદિ મુનિઓ તૈયાર રહે.

૬. આગળના દરવાજે શત્રુ વગેરેના પ્રવેશ રોકવા માટે ચાર સામર્થ્યવાન મુનિઓ ઉભા રહે.

૭. આહારનું પચ્ચક્ખાણ હોવા છતાં પરિષહથી પીડાયને જો કદાચિત્ અનશની આહાર ઇચ્છે તો તે કોઇક પ્રત્યનીક દેવતાધિષ્ઠિત થઇને માંગે છે કે કેમ ? તેની પરીક્ષા કરવા માટે પહેલા તેને પૂછે કે તું કોણ છે, ગીતાર્થ કે અગીતાર્થ ? તેં અનશન લીધું છે કે નથી લીધું ? અત્યારે રાત છે કે દિવસ ? આ પ્રમાણે પૂછતાં જે હકીકત હોય તે કહે તો જાણવું કે દેવતાધિષ્ઠિત નથી, પરંતુ પરિષહથી પીડિત થઈ માગે છે. તે જાણી તેને સમાધિ આપવા માટે કંઇક આહાર આપવો. જેથી તે આહાર બળ વડે પરિષહ જીતી અનશનને પાર પામે છે.

જો ભૂખથી પીડાયેલ આહાર ન કરે, તો આર્તધ્યાનથી મરી તિર્યંચ, ભવનપતિ કે વ્યંતરમાં ઉત્પન્ન થાય. ભવનપતિ વ્યંતરમાં ઉત્પન્ન થયેલ તે શત્રુ થઈ પાછળ રહેલા સાધુઓને ગુસ્સાથી ઉપદ્રવ પણ કરે.

૮. ચાર સાધુઓ શરીરના દાહને ઠારવા વગેરે માટે પાણીની ગવેષણા કરે.

૯. ચાર સાધુઓ સ્થંડિલ પરઠવે.

૧૦. ચાર સાધુઓ માતરુ પરઠવે.

૧૧. ચાર સાધુઓ બહારના ભાગે લોકોની આગળ મનને આશ્ચર્ય પમાડનારી મનોહર ધર્મકથા કરે.

૧૨. ચારે દિશામાં ક્ષુદ્રોપદ્રવની રક્ષા કરનારા, સહસ્સયોધી–મહામલ્લ જેવા ચાર મુનિઓ રહે. (૬૩૧–૬૩૪)

ते सव्वाभावे ता कुज्जा एक्केक्कगेण ऊणा जा ।
तप्पासट्ठिय एगो जलाइअण्णेसओ बीओ ॥६३५॥

તે નિર્યામકો જો પૂરા અડતાલીસ ન મળે, તો એકેક ઓછા કરતા જઘન્ય બે નિર્યામક તો અવશ્ય કરવા. તેમાં એક હંમેશાં અનશની સ્વીકારનારની પાસે જ નજીકમાં કાયમ રહે. અને બીજો પાણી વગેરેની ગવેષણા માટે તથા આહાર વગેરે લાવવા માટે ફરે એક નિર્યામક હોય, તો અનશનનો સ્વીકાર કરવો નહીં. કહ્યું છે કે "જો એક નિર્યામક હોય ને અનશન સ્વીકારે તો તેને આત્મા અને પ્રવચનનો (શાસન) ત્યાગ કરેલ છે. તેથી બીજા નિર્યામકોનો અભાવ હોય, તો બીજો (બે) નિર્યામક અવશ્ય કરવો. (૬૩૫)

---

૭૧. પચ્ચીસ શુભભાવના

इरियासमिएसया जए १, उवेह भुंजेज्ज व पाणभोयणं २ ।
आयाणनिक्खेवदुगुंछ ३ संजए, समाहिए संजयए मणो ४ वई ५ ॥६३६॥

પ્રાણાતિપાત વગેરેના ત્યાગરૂપ મહાવ્રતોને દૃઢ કરવા માટે જે ભાવી શકાય તે ભાવના. જેમ વિદ્યાને વારંવાર ન વિચારાય તો તે મલિન થાય. તેમ મહાવ્રતોને પણ ભાવનાઓ વડે ભાવિત ન કરાય તો, મહાવ્રત મલિન થાય. તે ભાવના દરેક મહાવ્રતની પાંચ પાંચ છે. તેમાં પહેલા મહાવ્રતની પાંચ ભાવના કહે છે.

પહેલા મહાવ્રતની ભાવના :-

૧. જવું–ગમન કરવું તે ઇર્યા, તેમાં સમિતિ એટલે ઉપયોગ. તે ઇર્યાસમિતિ કહેવાય. જે ઇર્યાસમિતિમાં ઉપયોગવાળો ન હોય, તે જીવોની હિંસા કરે છે. આ પહેલી ભાવના.

૨. હંમેશાં સમ્યગ્ ઉપયોગપૂર્વક જોઇને ભોજન પાણી ગ્રહણ કરે. આનો તાત્પર્યાર્થ આ રીતે છે. દરેક ઘરે પાત્રમાં રહેલ પિંડને તેના સંબંધીત જીવો અથવા આવતા જીવોની રક્ષા માટે આંખ વગેરેના ઉપયોગપૂર્વક સારી રીતે જોવું અને વસ્તિમાં આવી પ્રકાશવાળી જગ્યાએ રહીને ભોજન પાણીને સારી રીતે જોઇને ઉપયોગ કરવો. પડિલેહીને જોયા વગર ખાનારને જીવ હિંસાનો સંભવ છે. તે બીજી ભાવના.

૩. પાત્રા વગેરેને લેવા મૂકવામાં આગમમાં જે નિષેધ કરેલ હોય, તે ન કરે તે આદાન–નિક્ષેપ જુગુપ્સક કહેવાય. આગમાનુસાર પડિલેહણ પ્રમાર્જનાના ઉપયોગપૂર્વક ઉપધિ વગેરે લેવા મૂકવાનું કરે. જુગુપ્સક જીવ હિંસા કરનાર થાય છે. તે ત્રીજી ભાવના.

૪. સમાધિવાળો સાધુ, અદુષ્ટ મનને પ્રવર્તાવે છે. એટલે સમાધિ ઇચ્છતો સાધુ મનને દુષ્ટ ન બનવા દે. કેમકે દુષ્ટ મન કરવાથી ભલે કાયસંક્લિનતા વગેરે હોય, છતાં કર્મબંધ થાય છે. કહેવાય છે કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ મનગુપ્તિ વડે અહિંસાવ્રતને ન ભાવવાથી હિંસા ન કરવા છતાં, સાતમી નરક પૃથ્વી યોગ્ય કર્મ બાંધ્યા. તે ચોથી ભાવના.

૫. વાણી પણ અદુષ્ટ વાપરે. દુષ્ટ વાણી પ્રયોગ કરવાથી જીવોની હિંસા થાય. તે પાંચમી ભાવના. તત્ત્વાર્થસૂત્રમાં પાંચમી વચનસંયમને બદલે એષણાસમિતિ કહી છે. (૬૩૬)

બીજા મહાવ્રતની ભાવના :-

अहस्ससच्च ६ अणुवीय भासए ७, जे कोह ८ लोह ९ भय १० मेव वज्जए ।
से दीहरायं समुपेहिया सया, मुणी हु मोसंपरिवज्जए सिया ॥६३७॥

૧. અહાસ્ય એટલે મશ્કરીના ત્યાગપૂર્વક સાચી વાણી બોલે, કેમકે મશ્કરીમાં જુઠ્ઠું પણ બોલાય.

૨. સમ્યગ્ જ્ઞાનપૂર્વક વિચારીને બોલે. કેમકે વિચાર્યા વગર કયારેક જુઠ્ઠું પણ બોલે. તેથી પોતાને વેર, પીડા, જીવહિંસા વગેરે પણ થાય.

૩. ક્રોધ, લોભ અને ભયથી અસત્યનો ત્યાગ કરે એટલે મોક્ષનો ઇચ્છુક મુનિ હંમેશા મૃષાવાદને છોડે.

ક્રોધાધીન થઇને બોલનાર સ્વ-પર નિરપેક્ષપણે જે કંઈ બોલે તેમાં જુઠ પણ બોલાય આથી ક્રોધનો ત્યાગ કરવો જોઇએ. તે જ કલ્યાણકારી છે. તે ત્રીજી ભાવના.

૪. લોભયુક્ત મનવાળો અતિ પદાર્થ મેળવવાની ઇચ્છાથી ખોટી સાક્ષી વગેરે વડે જુઠ્ઠું બોલનાર થાય. આથી સત્યવ્રતને પાળનારે લોભનું પચ્ચક્ખાણ કરવું જોઇએ.

૫. ભયથી દુઃખી થયેલ પોતાના પ્રાણની રક્ષાની ઇચ્છાથી સત્યવ્રતને છોડી દે તેથી પોતાના આત્માને નિર્ભયતાથી વંચિત કરે. આ પ્રમાણે પાંચમી. ભાવના છે. (૬૩૭)

ત્રીજા મહાવ્રતની ભાવના :-

सयमेव उ उग्गहजायणे ११ घडे, मइमं निसम्मा १२ सइ मिक्खु उग्गहं १३ ।
अणुन्नविय भुंजीय पाणभोयणं १४, जाइत्ता साहम्मियाण उग्गहं १५ ॥६३८॥

૧. સાધુ પોતે જાતે જ માલિક પાસે, ભગવાનની આજ્ઞા પ્રમાણે, દેવેન્દ્ર, રાજા, ગૃહપતિ, શય્યાતર અને સાધર્મિકના પ્રકારથી યુક્ત અવગ્રહની માલિક પાસે રજા માંગે. બીજા દ્વારા માંગવામાં કે માલિક ન હોય તેની પાસે માંગવામાં પરસ્પર વિરોધ થવાના કારણે કે અકાલે ધાડ વગેરે પડવાથી અદત્ત પરિભોગ વગેરે દોષોની સંભાવના છે.

૨. ઝઘડા થવાથી અનુજ્ઞા મળેલ અવગ્રહમાં ઘાસ વગેરે લેવા માટે બુદ્ધિમાન સાધુ અવગ્રહ આપનારનું ઘાસ વગેરે માટેની રજાનું વચન સાંભળ્યા પછી તે વસ્તુ લેવા પ્રવર્તે. નહીં તો સ્વામિઅદત્ત થાય.

૩. સાધુ હંમેશા સ્પષ્ટ મર્યાદાપૂર્વક અવગ્રહ યાચે. (માંગે) એનો ભાવાર્થ આ રીતે છે. એકવાર રજા આપી હોવા છતાં પણ વારંવાર અવગ્રહની યાચના કરવી. એટલે પહેલા મળેલ અવગ્રહમાં ગ્લાન વગેરે અવસ્થામાં સ્થંડિલ-માતરુ કરવા માટે, પાત્ર, હાથ-પગ ધોવા માટેના સ્થાન વગેરે દાતાના ચિત્તની પ્રસન્નતા ખાતર માંગવા.

(૪) ગુરુ કે બીજાની રજાપૂર્વક ભોજન પાણી વાપરે. એનો અર્થ આ પ્રમાણે છે, કે સૂત્રોક્ત વિધિ પૂર્વક જે પ્રાસુક એષણીય આહાર લાવીને આલોચનાપૂર્વક ગુરુને જણાવી, ગુરુની રજાપૂર્વક માંડલીમાં કે એકલો વાપરે. ઉપલક્ષણથી બીજી પણ જે કંઈ

ઔધિક કે ઔપગ્રહિક ભેદવાળા ધર્મસાધનરૂપ ઉપકરણોને ગુરુની રજાપૂર્વક જ વાપરે. નહીં તો અદત્ત જ ભોગવ્યાનો દોષ લાગે.

(૫) સમાન છે ધર્મ જેમનો તે સધર્મ, તે સધર્મપણે જે વર્તે છે. તેઓ સાધર્મિક એટલે એક જ શાસન સ્વીકારેલ સંવિજ્ઞ સાધુઓ તે સાધર્મિક સાધુઓ. પૂર્વમાં ગ્રહણ કરેલ પાંચ કોશ વગેરે રૂપ ક્ષેત્રના અવગ્રહને કે માસ વગેરે કાળ પ્રમાણરૂપ અવગ્રહને યાચીને સ્થાન વગેરે એટલે સ્થિરતા વગેરે કરવી. તે સાધર્મિક સાધુએ રજા આપેલ ઉપાશ્રય વગેરે દરેક ચીજ ગ્રહણ કરવી. નહીં તો ચોરીનો દોષ લાગે. (૬૩૮)

ચોથા મહાવ્રતની ભાવના :-

આહારગુત્તે ૧૬ અવિભૂસિયપ્પા ૧૭, ઇત્થી ન નિજ્ઝાય ૧૮ ન સંથવેજ્જા ૧૯ ।
બુદ્ધે મુણી ખુડ્ડકહં ન કુજ્જા ૨૦, ધમ્માણુપેહી સંધએ બંભચેરં ॥૬૩૯॥

(૧) આહારમાં ગુપ્ત એટલે સંયમિત હોય. એટલે સ્નિગ્ધ તથા વધુ પડતો આહાર જ ન કરે. જેથી નિરંતર સ્નિગ્ધ, ચિકાસવાળા મધુરરસથી લથપથ આહાર ખાવાથી શુક્રરૂપ પ્રધાન ધાતુનું પોષણ થવાથી વેદોદયથી અબ્રહ્મનુ સેવન પણ કરે. વધુ પડતો આહાર ખાવાથી તો માત્ર બ્રહ્મચર્ય વ્રતનો લોપ નથી થતો, પણ સાથે કાય-ક્લેશકારી થાય છે.

(૨) અવિભૂષિતઆત્મા એટલે ભૂષા રહિત, દેહસ્નાન, વિલેપન વગેરે વિવિધ વિભૂષામાં રક્ત, સતત ઉત્તેજિત ચિત્તના કારણે બ્રહ્મચર્યનો વિરાધક થાય છે.

(૩) સ્ત્રીને ન જુએ એટલે સ્ત્રીથી અભિન્ન એવા જે તેના અંગોપાંગ મુખ, સ્તન વગેરે સંસ્પૃહપણે ન જુએ. હંમેશાં સ્ત્રીના અનુપમ અવયવો જોવાથી બ્રહ્મચર્યને બાધા થવાનો સંભવ છે.

(૪) સ્ત્રીની સાથે પરિચય ન કરે અને તેણે વાપરેલ પથારી આસન વગેરે અથવા જે સ્થાનમાં સ્ત્રી રહી હોય, તે સ્થાનનો ત્યાગ કરે. નહીં તો બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય.

(૫) તત્ત્વને જાણકાર મુનિ બ્રહ્મચર્યને અનુલક્ષી સ્ત્રી કથારૂપ અપ્રશસ્ત વિકથા ન કરે. સ્ત્રીકથામાં આસક્ત થયેલાને મનમાં વિકારનો ઉન્માદ થાય છે.

આ પાંચ ભાવનાઓથી ભાવિત અંતઃકરણવાળો ધર્માનુપ્રેક્ષી એટલે ધર્મ સેવનમાં તત્પર સાધુ બ્રહ્મચર્યને સારી રીતે પુષ્ટ કરે છે. (૬૩૯)

પાંચમા મહાવ્રતની ભાવના :-

જે સદ્દ ૨૧ રૂવ ૨૨ રસ ૨૩ ગંધમાગએ ૨૪, ફાસે ય સંપપ્પ મણુણ્ણપાવએ ૨૫ ।
નેહિં પઓસં ન કરેજ્જ પંડિએ, સે હોઇ દંતે વિરએ અકિંચણે ॥૬૪૦॥

સાધુ ઇન્દ્રિયના વિષયમાં આવેલા ઇષ્ટ કે અનિષ્ટ શબ્દ, રૂપ, રસ, ગંધ અને

સ્પર્શને પામી આસક્તિરૂપ ગૃદ્ધિને અપ્રીતિરૂપ દ્વેષને ન કરે, કારણકે તત્ત્વને જાણનાર તે આત્મા જિતેન્દ્રિય હોય છે. અને સર્વ સાવદ્યયોગથી વિરત હોય છે. તથા બાહ્યાભ્યંતર પરિગ્રહથી રહિત હોવાથી અકિંચન પરિગ્રહ વિરતિવાળા છે. શબ્દાદિ આસક્તિ અને વિષયોમાં જો મૂર્ચ્છા હોય, તો પાંચમાવ્રતની વિરાધના થાય. માટે પાંચ વિષયોમાં આશક્તિ અને દ્વેષના ત્યાગથી પાંચમાવ્રતની પાંચ ભાવના થાય છે.

આ ભાવના સમવાયાંગ-તત્ત્વાર્થ વગેરેમાં કંઈક બીજી રીતે પણ બતાવેલ છે. (૬૪૦)

૭૨. પચ્ચીસ અશુભ ભાવના

कंदप्पदेव्व १ किव्विस २ अभिओगा ३ आसुरी ४ य सम्मोहा ५ ।
एसा हु अप्पसत्था पंचविहा भावणा तत्थ ॥६४१॥

૧. કાંદર્પી, ૨. દેવ કિલ્બિષિક, ૩. અભિયોગિકી ૪. આસુરી, ૫. સંમોહા. આ અપ્રશસ્ત પાંચ પ્રકારની ભાવનાઓ છે.

૧ કંદર્પ એટલે કામ, તે કામ પ્રધાન સતત નર્મ વગેરે પ્રવૃત્તિમાં રક્ત બની વિટની જેમ ક્રિયા કરનારા દેવ વિશેષો તે કંદર્પ. તેઓની જે આ ભાવના તે કાંદર્પી.

૨. દેવોમાં જે કિલ્બિષિક એટલે પાપી. આથી જ અસ્પૃશ્ય વગેરે આચારવાળા જે દેવો તે કિલ્બિષિ દેવો. તે કિલ્બિષી દેવોની જે ભાવના તે દૈવકિલ્બિષી.

૩. જેમનો બધી રીતે મુખ્યપણે પ્રેષ્યકર્મમાં એટલે નોકર કાર્યમાં ઉપયોગ કરાય તે આભિયોગિક એટલે નોકર જેવા દેવ વિશેષો તેમની જે ભાવના તે આભિયોગિકી.

૪. અસુર એટલે ભવનવાસીદેવ વિશેષો. તેમની જે ભાવના તે આસુરી.

૫. સંમોહન કરે તે સંમોહા એટલે મૂઢ (મૂરખ) જેવા દેવ વિશેષ. તેમની જે ભાવના તે સંમોહી.

આ પાંચ પ્રકારની અપ્રશસ્ત સંક્લિષ્ટ ભાવનાઓ. જેવા નામ તેવા પ્રકારના સ્વભાવના અભ્યાસરૂપ કહી છે. સાધુ પણ જો આમાંથી કોઈ પણ એક ભાવનામાં કંઈક મંદ પરિણામના કારણે વર્તે, તો તે સાધુ ચારિત્રના યત્કિંચન પ્રભાવથી કંદર્પ વગેરે પ્રકારના દેવોમાં ઉત્પન્ન થાય છે. કહ્યું છે, કે

જે સંયત આવા પ્રકારની અપ્રશસ્ત ભાવનાઓમાં કયારે પણ વર્તે છે. તે તેવા પ્રકારના દેવોમાં ઉત્પન્ન થાય છે. પણ સર્વથા ચારિત્રહીન હોય તેની ભજના જાણવી.'

સર્વથા ચારિત્ર રહિત હોય તેનો વિકલ્પ છે એટલે કદાચ બે પ્રકારના દેવોમાં જ ઉત્પન્ન થાય. કદાચ નારક, તિર્યંચ કે મનુષ્યમાં પણ ઉત્પન્ન થાય. (૬૪૧)

૧. કંદર્પ ભાવના :–

कंदप्पे १ कुक्कुइए २ दोसीलत्ते य ३ हासकरणे ४ य ।
परविम्हियजणणेऽवि य ५ कंदप्पोऽणेगहा तह य ॥६४२॥

૧. કંદર્પ, ૨. કૌકુચ્ય, ૩. દુઃશીલત્વ, ૪. હાસ્યકરણ, ૫. પરવિસ્મયજનના તથા કંદર્પ અનેક પ્રકારે પણ છે.

૧. કંદર્પ એટલે ઊંચા સ્વરે હસવું, પરસ્પર મશ્કરી કરવી. ગુરુ વગેરેની સાથે નિષ્ઠુરતાપૂર્વક વક્રોક્તિ વગેરે સ્વચ્છંદતાપૂર્વક બોલવું, કામ કથાઓ કરવી, આમ કર, આમ કર–એ પ્રમાણે કહેવા દ્વારા કામોપદેશ કરવો, તથા કામવિષયક પ્રશંસા કરવી. આ બધું કંદર્પના વિષયમાં ગણાય છે. કહ્યું છે કે,

ખડખડાટ હસવું, સ્પષ્ટપણે નહીં પણ ટોણા રૂપે બોલવું, કામકથાઓ કરવી, કામોપદેશ આપવો અને કામ પ્રશંસા કરવી, તે કંદર્પ કહેવાય.

૨. કુકુચ્ય એટલે ભાંડચેષ્ટા. તેનો જે ભાવ તે કૌકુચ્ય. તે બે પ્રકારે છે. કાયકૌકુચ્ય અને વાક્કૌકુચ્ય.

કાયકૌકુચ્ય એટલે જે પોતે હસ્યા વગર જ ભ્રમર, આંખ વગેરે શરીરના અવયવો વડે એવી ચેષ્ટાઓ કરે કે જેથી બીજાને હસાવે. કહ્યું છે, કે ભ્રમર, આંખ, મોઢું, હોઠ, હાથ, પગ, કાન વગેરે વડે એવી એવી ચેષ્ટા કરે કે પોતે હસ્યા વગર બીજાઓ હસે.

વાક્કૌકુચ્યમાં જે હાસ્યપ્રધાન વચનોથી જુદા જુદા જીવોના અવાજ, મોઢાથી વાજિંત્રના અવાજ કરીને જે બીજાને હસાવે, તે વાક્કૌકુચ્ય. કહ્યું છે, કે વાણીકૌકુચ્ય તે કે છે, જેના વડે બીજાઓ હસે. જુદા જુદા જીવોના રૂદનના અવાજો કાઢે તથા મુખેથી વાજિંત્રના અવાજ કાઢે.

૩. દુઃશીલત્વ એટલે દુરાચારી સ્વભાવવાળો તે દુઃશીલ. તેનો જે ભાવ તે દુઃશીલત્વ. જે સંભ્રમ અને આવેશના કારણે વિચાર્યા વગર જલ્દી જલ્દી બોલે, જે શરદૃતુના મદોન્મત્ત બળદની જેમ જલ્દી જલ્દી ચાલે, જે બધી જગ્યાએ વિચાર્યા વગર કામો જલ્દી જલ્દી કરે, જે સ્વભાવ સ્થિત હોવા છતાં પણ તીવ્ર આકુળતાના વશથી અભિમાનના કારણે જાણે ફૂટતો ન હોય, તેમ ફૂટે છે. આ દુઃશીલપણું કહેવાય. કહ્યું છે, કે જે જલ્દી જલ્દી બોલે છે. જે શરદૃતુના મદોન્મત્ત બળદની જેમ જલ્દી જલ્દી ચાલે છે. બધું જલ્દી જલ્દી કરે. સ્વભાવ સ્થિત હોવા છતાં પણ અભિમાનથી ફાટી પડે છે.

૪. હાસ્યકારણ–ભાંડની જેમ બીજાના છિદ્ર, બીજાનો વિરૂપ વેષ, ભાષા વગેરે વિષયો સતત શોધીને વિચિત્ર પ્રકારના તેવા જ વેષ ભાષા વગેરેનું અનુકરણ કરીને, જે જોનારને તથા પોતાને હાસ્ય કરાવે, (હસાવે) તે હાસ્ય કારણ છે.

૫. પરવિસ્મયજનન–ઇન્દ્રજાલ વગેરે કુતૂહલ વડે પ્રહેલિકા, કુહેટિકા (ઉખાણા, અંતકડી) તેવા પ્રકારના ગામડાના લોકોમાં પ્રસિદ્ધ જે રમતો કે, જેનાથી પોતે આશ્ચર્ય ન પામે પણ બીજા ભોળા જેવા લોકોને મનમાં આશ્ચર્ય પમાડે, તે પરવિસ્મયજનન. કહ્યું છે કે ઇન્દ્રજાલ તથા પ્રહેલિકાથી તેવા પ્રકારના ભોળા લોકોને આશ્ચર્ય કરાવે અને પોતે આશ્ચર્ય ન પામે, તે પરવિસ્મયજનન" (૬૪૨)

૨. દૈવકિલ્બિષીક ભાવના :–

सुयनाण १ केवलीणं २ धम्मायरियाण ३ संघ ४ साहूणं ।
माई अवण्णवाई किव्विसियं भावणं कुणइ ॥६४३॥

૧. શ્રુતજ્ઞાન, ૨. કેવલી, ૩. ધર્માચાર્ય, ૪. સંઘ, ૫. સાધુ વગેરેનો અવર્ણવાદ એટલે નિંદા અને માયા કરનાર કિલ્બિષીક ભાવના કરે છે.

દ્વાદશાંગી રૂપ શ્રુતજ્ઞાન, કેવલજ્ઞાની ધર્મોપદેશક ધર્માચાર્ય, સાધુ-સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘ તથા સાધુઓનો અવર્ણવાદ (નિંદા) બોલનાર તથા પોતાની શક્તિ છુપાવવા દ્વારા માયા કરનાર દૈવ કિલ્બિષીક ભાવના કરે છે.

અવર્ણવાદ એટલે નિંદા. અસત્‌દોષોને ખુલ્લા કરવા તે.

શ્રુતજ્ઞાન અવર્ણવાદ –શ્રુત કે પૃથ્વીકાય વગેર ષડ્‌ જીવનિકાયનું વર્ણન દશવૈકાલિકનાં ષડ્‌જીવનિકાયઅધ્યયનમાં છે. અને તે જ વર્ણન ઘણું ખરૂં શસ્ત્રપરિજ્ઞાધ્યયન આચારાંગમાં છે. એ પ્રમાણે પ્રાણાતિપાત વગેરે વ્રતો પણ વારંવાર તે તે સૂત્રોમાં કહ્યા છે. તથા તે જ મદ્ય વગેરે પ્રમાદો અને એના વિરોધી અપ્રમાદો વારંવાર તે તે સૂત્રોમાં કહે છે. પણ બીજું કંઈ વધારે કહેતા નથી એટલે શાસ્ત્રો પુનરુક્ત દોષવાળા છે. બીજું મોક્ષ માટે જો ધર્મ કરવાનો છે, તો પછી સૂર્યપ્રજ્ઞપ્તિ વગેરે જ્યોતિષશાસ્ત્રના ગ્રંથોની શી જરૂર છે? તથા મોક્ષ માટે જ પ્રયત્ન કરનારા સાધુઓને યોનિપ્રાભૃત વગેરે ગ્રંથોની શી જરૂર છે? કારણ કે જ્યોતિષશાસ્ત્ર યોનિપ્રાભૃત વગેરે સંસારના કારણરૂપ છે. કહ્યું છે કે "તે જ છ કાયો, તે જ વ્રતો, તે જ પ્રમાદ અને અપ્રમાદો કહ્યા છે. મોક્ષાધિકારીઓને જ્યોતિષશાસ્ત્ર અને યોનિપ્રાભૃત વગેરેથી શું કાર્ય છે?

૨. કેવલિ અવર્ણવાદ – શું કેવલિઓને જ્ઞાન-દર્શનનો ઉપયોગ ક્રમિક હોય છે કે એક સાથે હોય છે? જો ક્રમસર હોય–એ પક્ષ સ્વીકારીએ તો જ્ઞાનના સમયે દર્શન ન હોય અને દર્શનના સમયે જ્ઞાન ન હોય, બંને એક બીજાને આવરનારા થાય છે. હવે જો 'એકી સાથે હોય–એમ બીજા પક્ષ સ્વીકારીએ તો તે પણ બરાબર નથી. કારણ કે એક જ કાળ હોવાથી બંનેને એકરૂપ હોવાની આપત્તિ આવશે. જ્ઞાન-દર્શન ભિન્ન છે –એમ નહીં રહે. કહ્યું છે કે એકાંતરે જ્ઞાન દર્શનની ઉત્પત્તિ માને તો બંનેને અન્યોન્ય આવરણપણાનો દોષ આવે છે. હવે એક જ કાળે કેવલજ્ઞાન-દર્શન માને તો બંનેનું એકરૂપ થવાનો પ્રસંગ આવશે."

૩. **ધર્માચાર્યનો અવર્ણવાદ** :– જેમ કે "આ આચાર્યની જ્ઞાતિ સારી નથી, આ લોકવ્યવહારમાં કુશળ નથી, આ ઔચિત્યને જાણતા નથી. વગેરે વિવિધ દૂષણો આચાર્યોના બોલે.' એમના પ્રતિ વિનયપૂર્વક ન વર્તે. તથા આચાર્યના ખરાબ છિદ્રોને જોતો બધાની આગળ ગુરુના અસત્ દોષો પણ બોલે, અને હંમેશા તેમનાથી પ્રતિકૂળપણે વર્તે. કહ્યું છે 'જાત્યાદિ દૂષણો બોલે. ઉપચાર વિનય પણ ન કરે. ખરાબ છિદ્રો જુએ અને બોલે (પ્રકાશે) અને પ્રતિકૂલપણે વર્તે.

૪. **સંઘનો અવર્ણવાદ** :– જેમકે શિયાળ વગેરે પશુઓના પણ સંઘો હોય છે. તો પછી આ કયો સંઘ તમારે આરાધનીય છે. વગેરે બોલે.

૫. **સાધુઓનો અવર્ણવાદ** :– જેમકે આ સાધુઓ પરસ્પર એક બીજાને સહી શકતા નથી. આથી દેશાંતરમાં એક-બીજાની હરિફાઈપૂર્વક ફરે છે. નહીં તો એક જગ્યાએ બધા ભેગા ન રહે. લોકોને આકર્ષવા માટે હંમેશાં માયાવીપણાથી ધીમા ધીમા ચાલે છે. મોટા તરફ પણ સ્વભાવથી જ નિષ્ઠુર છે. ગુસ્સે (રુષ્ટ) તરત થાય. તુષ્ટ પણ તરત થઈ જાય. ગૃહસ્થોને એવા એવા ચાટુ વચનો વડે રાજી કરે. હંમેશાં બધી વસ્તુઓને સંઘરનારા છે. કહ્યું છે કે, "બીજાને ન સહેનારા, ધીમા ધીમા ચાલનારા, ગુરુઓને પ્રતિકૂળ રહેનારા, વાતવાતમાં ગુસ્સે થનારા અને ખુશ થનારા, ગૃહસ્થો પ્રત્યે પ્રેમ રાખનારા અને સંગ્રહ કરનારા છે."

બીજાઓએ પણ કહ્યું છે કે "સાધુઓ અનિત્યતાના ઉદાહરણ આપે છે. અને એક ભાંગી તુંબડી માટે પણ શોક કરે છે. બીજું પણ યથા તથા ઘણું બોલે છે, પણ એક હરડે પણ છોડતા નથી."

બીજા ગ્રંથોમાં કહ્યું છે, કે પોતાનો સ્વભાવ (દોષ) છુપાવે. બીજાના વિદ્યમાન ગુણોને ઢાંકે એટલે બોલે નહીં. ચોરની જેમ બધી જગ્યાએ શંકા રાખે. ગુઢાચારવાળો તે માયી હોય છે. (૬૪૩)

૩ **આભિયોગિકી ભાવના–**

कोउय १ भूईकम्मे २ पसिणेहिं ३ तह य पसिणपसिणेहिं ४ ।
तहय निमित्तेणं ५ चिय पंचवियप्पा भवे सा य ॥६४४॥

૧. કૌતુક, ૨. ભૂતિકર્મ, ૩. પ્રશ્ન, ૪. પ્રશ્નાપ્રશ્ન, ૫. નિમિત્ત–એમ આભિયોગિકી ભાવનાના પાંચ ભેદ છે.

૧. **કૌતુક** :– બાળકની રક્ષા કરવા માટે સ્નાન કરાવવું, હાથ ફેરવીને મંત્રવું, ફૂંકવું, ધૂપ આપવો વગેરે જે કરાય, તે કૌતુક કહેવાય. કહ્યું છે કે 'સ્નાન, હોમ, માથા પર હાથ ફેરવવું, (નજર ઉતારવા માટે માથે ફેરવે તે,) ક્ષાર, દહન કરવો, ધૂપ કરવો, અસદૃશ વેષ લેવો. અવત્રાસન કરવું, સ્થંભન કરવું, બંધન કરવું.'

૨. **ભૂતિકર્મ** :- વસતિ, શરીર, વાસણની રક્ષા માટે અને ભસ્મ, સૂતર વગેરે દ્વારા જે વિંટવું. તે ભૂતિકર્મ. કહ્યું છે, કે ભૂતિ એટલે રાખ વડે, માટી વડે કે સૂત્ર વડે ભૂતિકર્મ થાય છે. વસતિ, શરીર, વાસણની રક્ષા માટે જે વિંટવું, તે આભિયોગિક કર્મ.

૩. **પ્રશ્ન** :-બીજા પાસે જે લાભ-અલાભ વગેરે પૂછાય કે તે પોતે અથવા બીજા પાસે અંગુઠા, દર્પણ, ખડ્ગ, પાણી વગેરેમાં જે જવાબ જોવાય તે પ્રશ્ન. કહ્યું છે કે પૂછવું તે પ્રશ્ન કહેવાય. અથવા પોતાના દ્વારા જોવાય તે પ્રશ્ન કહેવાય. વાદ્ય, અંગુઠામાં, ઉચ્છિષ્ટ-પદમાં, દર્પણમાં, તરવારમાં, પાણીમાં અને ભીંત વગેરેમાં જે જોવાય તે પ્રશ્ન કહેવાય.

૪. **પ્રશ્નાપ્રશ્ન** :- સ્વપ્નમાં આવીને વિદ્યા સ્વયં કહે તે અથવા ઘંટડી વગેરેમાં ઉતારેલ દેવતા જે બીજાને શુભાશુભ જીવન મરણ વગેરે કહે તે પ્રશ્નાપ્રશ્ન. કહ્યું છે કે 'સ્વપ્નમાં જે વિદ્યાએ કહેલ હોય તે બીજાને કહેવું અથવા ઘંટડી વગેરેમાં ઉતારેલ દેવતાએ કહેલ કહેવું તે પ્રશ્નાપ્રશ્ન.'

૫. **નિમિત્ત** :- ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ વિષયક પદાર્થને જાણવાના કારણરૂપ જે જ્ઞાન વિશેષ, તે નિમિત્ત.

કહ્યું છે, કે-નિમિત્ત ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ એમ ત્રણ પ્રકારે છે. તે નિમિત્ત વગર જ્ઞેય પદાર્થ જાણી શકતા નથી, માટે તે નિમિત્ત કહેવાય છે.

આ કૌતુક, ભૂતિકર્મ વગેરે સાધુ પોતાના ગૌરવ વગેરે માટે કરે તો અભિયોગ નિમિત્તક કર્મ બાંધે છે. અપવાદ માર્ગે અતિશય જ્ઞાન હોય અને ગૌરવ વગર નિસ્પૃહપણે જો-આ કરે તો તે સાધુ આરાધક થાય છે. અને ઉચ્ચગોત્ર પણ બાંધે. કહ્યું છે કે 'આ ગૌરવ માટે કરે તો સાધુ અભિયોગિકકર્મ બાંધે છે. અપવાદ માર્ગે ગૌરવ રહિતપણે કરે, તો તે આરાધક થાય છે અને તીર્થની ઉન્નતિ કરવાને કારણે ઉચ્ચકર્મ બાંધે છે.(૬૪૪)

૪. આસુરી ભાવના :-

सइ विग्गहसीलत्तं १ संसत्ततवो २ निमित्तकहणं च ३ ।
निक्किवयावि य ४ अवरा पंचमगं निरणुकंपत्तं ५ ॥६४५॥

૧. હંમેશા ઝઘડાખોર, ૨. સંસક્તતપ, ૩. નિમિત્તકથન, ૪. નિસ્કૃપતા (નિર્દયતા), ૫. નિરનુકંપતા-એમ પાંચ પ્રકારે આસુરીભાવના છે.

૧. **ઝઘડાખોર** :- હંમેશા વિગ્રહ એટલે ઝઘડાખોર એટલે પશ્ચાત્તાપ વગરનો, દરેક સાથે વિરોધવાળો, ક્ષમાપના વગેરેમાં પ્રસન્નતા ન પામનાર જે હોય, તે સદા વિગ્રહશીલ કહેવાય. કહ્યું છે, કે હંમેશા ઝઘડા કરવાના સ્વભાવવાળો અને ઝઘડા કર્યા પછી પશ્ચાત્તાપ વગરનો, સ્વપક્ષ કે પરપક્ષ તરફ ક્ષમાપના થવા છતાં જે પ્રસન્ન ન થનારો હોય છે.

૨. **સંસક્ત તપ** :- આહાર, શય્યા, ઉપધિ વગેરેમાં આસક્તિવાળો (પ્રતિબદ્ધ-ભાવવાળો) થઈ આહાર વગેરે માટે અનશનાદિ તપ કરે, તે સંસક્ત તપ કહેવાય. કહ્યું છે કે 'આહાર, ઉપધિ, શય્યા વગેરેમાં જેનો ભાવ હંમેશા લાગેલ હોય છે, તે ઉપહત ભાવવાળો. તે તપનું આરાધન તેના માટે જ કરે છે.

૩. **નિમિત્તકથન** :- ત્રણ કાળ સંબંધી, લાભ-અલાભ, સુખ-દુઃખ, જીવન મરણ વિષયક નિમિત્તનું જે અભિમાનથી કે અભિનિવેશ (હઠાગ્રહ)થી કહેવું તે નિમિત્ત કહ્યું છે. પૂર્વમાં વર્ણવેલ ' ત્રણ પ્રકારના નિમિત્તના એકેકના છ પ્રકાર છે. તેને અભિમાનથી કે અભિનિવેશથી જે જવાબ આપવો તે આસુરીભાવના કહી છે.

૪. **નિષ્કૃપતા** :- સ્થાવર વગેરે જીવોને અજીવ માનીને દયા વગરનો થઈ બીજા કામોમાં વ્યાકુળ થવા પૂર્વક જવા બેસવા વગેરેની જે ક્રિયા કરે અને કરીને કોઈના કહેવા છતાં પશ્ચાત્તાપ ન કરે, તે નિષ્કૃપ કહેવાય, તેનો જે ભાવ તે નિષ્કૃપતા. કહ્યું છે, કે ' જવા વગેરે ક્રિયામાં આસક્ત થઈને સ્થાવર વગેરે જીવો પર ઘણો નિર્દય અને તેમની હિંસા કર્યા પછી પશ્ચાત્તાપ ન કરે તે નિષ્કૃપ હોય છે.'

૫. **નિરનુકંપતા** :- દયાપાત્રને કોઈક કારણથી કંપતો જોઈને, ક્રૂરપણાના કારણે કઠોર ભાવથી જે અનુકંપાવાળો નથી થતો તે નિરનુકંપ છે. તેનો જે ભાવ તે નિરનુકંપત્વ છે. કહ્યું છે કે " જે બીજાને કાંપતો જોઈને કઠીન ભાવના કારણે કંપતો નથી તેને વીતરાગ ભગવંતે નિરનુકંપ કહ્યો છે." (૬૪૫)

૫ સંમોહી ભાવના :-

उम्मग्गदेसणा १ मग्गदूसणं २ मग्गविपडिवित्ती य ३ ।
मोहो य ४ मोहजणणं ५ एवं सा हवइ पंचविहा ॥६४६॥ [पंचाशक १७-२६]

(૧) ઉન્માર્ગદેશના, (૨) માર્ગદૂષણ, (૩) માર્ગવિપ્રત્તિપત્તિ, (૪) મોહ, (૫) મોહજનન એ પાંચ પ્રકારની સંમોહી ભાવના થાય છે.

(૧) ઉન્માર્ગદેશના :-દૂષણ આપ્યા વિના પારમાર્થિક જ્ઞાન વગેરેને તેનાથી વિપરીત ધર્મ માર્ગની પ્રરૂપણા કરે, તે ઉન્માર્ગદેશના. કહ્યું છે, કે "જ્ઞાન વગેરેને અદૂષિત કરતો અને તેનાથી વિપરીત ઉન્માર્ગનો ઉપદેશ કરતો ઉન્માર્ગદેશક પોતાના અને બીજાના આત્માનું અહિત કરે છે.

(૨) માર્ગદૂષણ :-પારમાર્થિક જ્ઞાનદર્શન, ચારિત્ર સ્વરૂપ ભાવમાર્ગને અને તે માર્ગને સ્વીકારેલ સાધુઓને, જે પોતાને પંડિત માનતો એવી પોતાની મતિ કલ્પનાથી કલ્પેલા જાતિ વગેરે દૂષણોથી કદર્થિત કરે, તે માર્ગદૂષણ. કહ્યું છે, કે જે અબુધ (મૂર્ખ) જ્ઞાનાદિ ત્રિકરૂપ માર્ગને અને તે માર્ગ સ્વીકારેલાને જાતિ દ્વારા દૂષણ આપે છે, તે માર્ગદૂષણ કહેવાય."

૩. **માર્ગવિપ્રતિપત્તિ** :–જ્ઞાનાદિ માર્ગને અસત્ દૂષણોથી દૂષિત કરી, જમાલિની જેમ ઉન્માર્ગનો જે સ્વીકાર કરે, તે માર્ગવિપ્રતિપત્તિ. કહ્યું છે કે 'જે અપંડિત પોતાના કુતર્કો વડે, તે જ જ્ઞાનાદિ માર્ગને દૂષિત કરી ઉન્માર્ગને સ્વીકારે, તે માર્ગની વિપ્રતિપત્તિ.

૪. **મોહ** :– જે પોતાની ઘણી અલ્પ બુદ્ધિના કારણે, અતિ ગહન જ્ઞાનાદિ વિચારો (પદાર્થો)માં મુંઝાય છે. અને પરતીર્થિઓ સંબંધી વિવિધ પ્રકારની સમૃદ્ધિ જોઈ, જે મોહ પામે (મુંઝાય) તે સંમોહ. કહ્યું છે કે 'ઉપહત (જડ) બુદ્ધિવાળો જ્ઞાન અને ચારિત્રમાં મુંઝાય છે. અને મિથ્યાત્વીઓની ઘણા પ્રકારની સમૃદ્ધિ જોઈને જે મુંઝાય છે તે મોહ કહેવાય.'

૫. **મોહજનન** :– સ્વાભાવિકપણે કે કપટથી જે બીજાને અન્ય દર્શન (ધર્મ)માં મોહ પમાડે, તે મોહજનન કહેવાય. કહ્યું છે કે 'જે સ્વાભાવિક કે કપટથી મોહ પમાડે તે અબોધિ લાભ માટે સંમોહભાવના કરે છે.

આ પચ્ચીસે ભાવનાઓ સમ્યક્ ચારિત્રમાં વિઘ્ન કરનારી હોવાથી અશુભ છે, માટે સાધુઓએ છોડવા લાયક છે. કહ્યું છે કે 'આ ભાવનાઓ ચારિત્રમાં વિઘ્નભૂત હોવાથી વિશેષ પ્રકારે છોડવી. એના નિરોધથી જ સમ્યક્ચારિત્ર પણ પ્રાપ્ત થાય છે. (૬૪૬)

૭૩. મહાવ્રતોની સંખ્યા

पंचवओ खलु धम्मो पुरिमस्स य पच्छिमस्स य जिणस्स ।
मज्झिमयाण जिणाणं चउव्वओ होइ विन्नओ ॥६४७॥

પહેલા અને છેલ્લા જિનેશ્વરના સાધુઓને પાંચ મહાવ્રતરૂપ ધર્મ અને મધ્યમ જિનેશ્વરના સાધુઓને ચાર મહાવ્રતરૂપ ધર્મ જાણવો.

પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદવિરમણ, અદત્તાદાનવિરમણ, મૈથુનવિરમણ, પરિગ્રહવિરમણ–આ પાંચ મહાવ્રતરૂપ ચારિત્રધર્મ, પ્રથમ ઋષભદેવ અને છેલ્લા વર્ધમાનસ્વામિ જિનેશ્વરના સાધુઓને હોય છે. અજિતનાથથી પાર્શ્વનાથ સુધીનાં બાવીસ તીર્થંકરના સાધુઓને ચાર મહાવ્રતરૂપ ધર્મ હોય છે.

આ ભેદ તે તે કાળના સ્વભાવથી ત્રણ પ્રકારના જીવોના કારણે છે, તે આ પ્રમાણે

૧. ઋજુ–જડ, ૨. વક્રજડ, અને ૩. ઋજુ–પ્રાજ્ઞ.

ઋજુ એટલે શઠતા (લુચ્ચાઈ-કપટ) વગરના અને જડ એટલે તથાપ્રકારની વિચારણા વગર ફક્ત કહેવાયેલ અર્થને જ ગ્રહણ કરનારા. ઋજુ અને જડ–પ્રથમ તીર્થંકરના કેટલાક સાધુઓ હોય છે. તેમનું ઋજુ–જડપણું નટ જોવાના દૃષ્ટાંતથી આ પ્રમાણે જાણવું.

કેટલાક પ્રથમ તીર્થંકરના સાધુઓ ઠલ્લે કે ગોચરી ગયા હતા, ત્યાંથી ઘણા સમયે મુકામમાં આવ્યા એટલે ગુરુએ પૂછ્યું કે, તમને આવતા આટલી વાર કેમ થઈ?' તેઓએ સરળ હોવાથી કહ્યું, કે અમે 'નાચતા નટને જોવા ઊભા રહ્યા હતા.' ત્યારે ગુરુએ તેમને શિખામણ આપી કે નટ વિગેરેનું નાચ રાગનું કારણ હોવાથી તમારે ફરી ન જોવું. ત્યારે તેમણે પણ ગુરુની આ શિખામણનો સ્વીકાર કર્યો. બીજા દિવસે ફરીવાર આ પ્રમાણે જ થયું. ત્યારે ગુરુએ ફરી પૂછ્યું તો કહેવા લાગ્યા કે 'નટડી નાચતી હતી તે જોવા ઉભા રહ્યા હતા' ગુરુએ કહ્યું કે તમને પહેલા જ જોવાનો નિષેધ કરેલ છે. ત્યારે તેઓ ઋજુ–જડ હોવાથી કહેવા લાગ્યા કે નટના નાચનો નિષેધ કર્યો હતો, પણ નટીના નાચનો નિષેધ નહોતો કર્યો. 'નટના નિષેધમાં રાગનું કારણ હોવાથી નટીનો નિષેધ જ હોય છે–એમ તેઓ ઋજુ–જડ હોવાથી સમજી શકયા નહીં.

વક્ર–જડ એટલે શઠતા અને મૂર્ખતા–એ બે ગુણ યુક્ત જે જીવો હોય, તે વક્ર–જડ. જે છેલ્લા તીર્થંકરના કેટલાક સાધુઓ આવા હોય છે. તેમનું વક્ર અને જડ પણું નટના દૃષ્ટાંતથી જાણવું.

તેઓને પણ ઉપરના દૃષ્ટાંત પ્રમાણે ગુરુએ નટ જોવાનો નિષેધ કર્યો. પછી ફરીવાર નટીનો નાચ જોઇ ઘણા મોડા આવ્યા અને ગુરુએ પૂછ્યું, ત્યારે વક્ર–જડપણાથી પેટની પીડા વગેરે ગમે તેવા જવાબો આપવા માંડ્યાં. એટલે ગુરુએ અતિદૃઢાણુપૂર્વક પૂછ્યું ત્યારે કહ્યું કે, અમે નાચતી નટી જોવા ઉભા રહ્યા હતા. ગુરુએ પ્રગટ ઠપકો આપ્યો એટલે જડ પણાથી કહેવા લાગ્યા, કે અમે તો એમ જ જાણુતા હતા કે નટ જ ન જોવાય.'

મધ્યનાં બાવીસ તીર્થંકરના અને મહાવિદેહ ક્ષેત્રના સાધુઓ સરળતા અને બુદ્ધિમતા યુક્ત એવા ઋજુ, પ્રાજ્ઞ હોય છે. તેઓને પણ નટના દૃષ્ટાંતથી જાણવા.

તેઓને પણ ઉપર પ્રમાણે નટ જોવાનો નિષેધ કર્યો તેના પરથી બુદ્ધિશાળી હોવાથી જાતે જ વિચારી રાગાદિના કારણરૂપ નટી નિરીક્ષણનો ત્યાગ કર્યો. આમ મધ્યમ જિનના સાધુઓ ઋજુ હોવાથી જે પ્રમાણે ઉપદેશ કર્યો હોય, તે પ્રમાણે પાળનારા હોય છે. અને પ્રાજ્ઞ હોવાથી ઉપદેશ માત્રથી સમસ્ત ત્યાજ્ય પદાર્થનો વિચારપૂર્વક કરવા સમર્થ થાય છે. માટે સુખ પ્રતિબોધ્ય છે.

આથી 'સ્ત્રીને ગ્રહણ (પરિગ્રહ) કર્યા વગેર સ્ત્રીનો પરિભોગ થતો નથી.' એમ પરિગ્રહ વિરમણવડે મૈથુનની વિરતિનો સ્વીકાર કરે છે. માટે તેઓને પરમાર્થથી પાંચ મહાવ્રત હોવા છતાં પણ ચાર મહાવ્રત છે.

પ્રથમ જિનના સાધુઓને ઋજુજડ હોવાથી ઘણા પ્રકારના ઘણા ઉપદેશથી સમસ્ત ત્યાજ્ય પદાર્થનું જ્ઞાન સંભવે છે. અને ચરમજિનના સાધુ વક્રજડ હોવાથી કોઇને કોઈ બહાને ત્યાજ્ય પદાર્થોને સેવવાનો સંભવ હોવાથી પરિગ્રહવિરતિના વ્રતવડે મૈથુનવિરતિ વ્રત પણ આવી જાય છે– એમ સ્વીકાર નથી કરી શકતા માટે પાંચ મહાવ્રતરૂપ ધર્મ તેઓને કહ્યો છે.(૬૪૭)

૭૪. દિવસમાં કરવાના વંદનની સંખ્યા–

चत्तारि पडिक्कमणे किइकम्मा तिण्णि हुंति सज्झाए ।
पुव्वण्हे अवरण्हे किइकम्मा चउद्दस हवंति ॥६४८॥

ચાર કૃતિકર્મ પ્રતિક્રમણમાં અને ત્રણ સજ્ઝાયમાં-એમ સાત પૂર્વાહ્નમાં અને સાત અપરાહ્નમાં-એમ ચૌદ કૃતિકર્મ થાય છે.

કૃતિકર્મ એટલે વંદન. પ્રતિક્રમણમાં ચાર વંદન હોય. તેમાં પહેલું આલોચના માટેનું વંદન, બીજું ખામણા કરવા માટેનું વંદન, ત્રીજું આચાર્ય વગેરે સર્વ સંઘની ક્ષમાપના પૂર્વે આશ્રય કરવા માટે, અને ચોથું પચ્ચક્ખાણનું વંદન હોય છે.

સ્વાધ્યાયમાં ત્રણ વંદન હોય છે. ૧. સ્વાધ્યાય પ્રસ્થાપન વખતે ૨. સ્વાધ્યાયના પ્રવેદન વખતે અને ૩. સ્વાધ્યાય કર્યા પછીનું. એમ ત્રણ પૂર્વાહ્ને એટલે પ્રભાત વખતે સાત વંદન થાય છે.

એ પ્રમાણે અપરાહ્ને એટલે સાંજના વખતે પણ સાત વંદન થાય છે. કાલગ્રહણમાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા વગેરે વંદનનો સ્વાધ્યાયવંદનમાં જ સમાવેશ થાય છે. આ પ્રમાણે ઉપવાસિને દરરોજ ચૌદ વંદનો નક્કી હોય છે. ભોજનાર્થીને તો અપરાહ્ને એક પ્રત્યાખ્યાનવંદન વધારે કરવાનું હોય છે. એટલે પંદર હોય છે. (૬૪૮)

૭૫. ક્ષેત્રોમાં સામાયિક વિગેરે ચારિત્રોની સંખ્યા–

तिण्णि य चारित्ताइं बावीसजिणाण एरवयभरहे ।
तह पंचविदेहेसुं बीयं तईयं च नवि होइ ॥६४९॥

સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત રૂપ ત્રણ ચારિત્રો, પાંચ ભરત અને પાંચ ઐરવતમાં પહેલા અને છેલ્લા તીર્થંકરને છોડીને વચ્ચેના બાવીસ (૨૨) જિનેશ્વરોના કાળમાં તથા પાંચ મહાવિદેહમાં હોય છે. મહાવિદેહક્ષેત્ર અને મધ્યમ બાવીસ જિનના સાધુઓને બીજું છેદોપસ્થાપનીય અને ત્રીજું પરિહારવિશુદ્ધિચારિત્ર કયારે પણ હોતા નથી. પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં ભરત–ઐરવતક્ષેત્રોમાં સાધુઓને સામાયિક વગેરે પાંચ ચારિત્ર હોય છે.

૭૬. સ્થિતકલ્પ

सिज्जायरपिंडंमि य १ चाउज्जामे य २ पुरिसजेट्ठे य ३ ।
किइकम्मस्स य करणे ४ ठियकप्पो मज्झिमाणंतु ॥६५०॥ [पंचाशक १७-१०]

૧. શય્યાતરપિંડ, ૨. ચાર મહાવ્રત, ૩. પુરિસ-જ્યેષ્ઠ, ૪. કૃતિકર્મનું કરણ-આ મધ્યમ જિનોના સમયના સ્થિતકલ્પ છે.

અહીં કલ્પ એટલે સાધુઓનો આચાર (સામાચારી). તે સામાન્યથી દશ પ્રકારે છે. ૧. આચેલક્ય, ૨. ઔદ્દેશિક, ૩. શય્યાતર, ૪. રાજપિંડ, ૫. કૃતિકર્મ, ૬. વ્રત, ૭. જ્યેષ્ઠ, ૮. પ્રતિક્રમણ, ૯. માસકલ્પ અને ૧૦. પર્યુષણાકલ્પ.

આ દશ પ્રકારનો આચાર સતત સેવવાના કારણે પ્રથમ અને ચરમ જિનના સાધુઓને અવસ્થિતકલ્પ કહેવાય છે. મધ્યમજિનના સાધુઓને ચાર કલ્પ સ્થિત હોવાથી અને છ કલ્પ અસ્થિત હોવાથી દશ કલ્પની અપેક્ષાએ અનવસ્થિતકલ્પ કહેવાય છે. કહ્યું છે કે " સ્થિતકલ્પ અને અસ્થિતકલ્પ આચેલક્ય વગેરે બધાયે દશ સ્થાનોમાં છે. તેમાં પહેલો સ્થિતકલ્પ ચાર પ્રકારે છે અને બીજો અસ્થિતકલ્પ છ પ્રકારે છે.

મધ્યમજિનના સાધુઓને ચાર કલ્પ હંમેશા હોવાથી અને છ કલ્પ કચારેક હોવાથી સ્થિત, અસ્થિતકલ્પ એમ- બે પ્રકારે હોય છે.

તેઓને સ્થિતકલ્પ નીચે મુજબ છે.

મધ્યમ બાવીસ જિનોના સાધુઓ અને મહાવિદેહક્ષેત્રના સાધુઓને ૧. શય્યાતર-પિંડ, ૨. ચાર વ્રતો, ૩. પુરુષ જ્યેષ્ઠ એટલે રત્નાધિક પુરુષ, ૪. કૃતિકર્મ એટલે વંદન કરવું તે, એ ચાર પ્રકારે સ્થિતકલ્પ છે.

આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

૧. મધ્યમજિનના સાધુઓ અને મહાવિદેહક્ષેત્રના સાધુઓ પહેલા અને છેલ્લા જિનના સાધુની જેમ અવશ્યમેવ શય્યાતરપિંડનો ત્યાગ કરે છે.

૨. પરિગ્રહ વિરમણ વ્રતની અંતર્ગત જ મૈથુન વિરતિ વ્રત થતું હોવાથી ચાર મહાવ્રતરૂપ ધર્મ માને છે.

૩. પહેલા અને છેલ્લા જિનના સાધુઓને મહાવ્રત આરોપણરૂપ વડી દીક્ષાથી નાના-મોટાનો ક્રમ ગણાય છે. તેમ મધ્યમજિનના બધા સાધુઓને તો દીક્ષાના દિવસથી નાના-મોટાનો ક્રમ જાણવો.

૪. અભ્યુત્થાન અને દ્વાદશાવર્ત–એમ બંને પ્રકારનું વંદન સાધુઓને અને સાધ્વીઓએ પર્યાય વૃદ્ધિ અનુસાર કરવું. સાધ્વીઓ પર્યાય જ્યેષ્ઠા હોય તો પણ આજના દીક્ષિત સાધુને વંદન કરે પણ સાધુ વંદન ન કરે. કેમકે ધર્મ પુરુષ પ્રધાન છે અને તેમાં અનેક દોષોનો સંભવ છે.

તે આ પ્રમાણે "સ્ત્રી તુચ્છ હોવાથી તેને ગર્વ થાય, સાધુનો પરાભવ કરવામાં શંકા ન કરે. બીજા પણ કોમલ વચન વડે અપહરણ કરવામાં શક્ય હોવાથી સ્ત્રીઓમાં દોષો થાય છે."–આ આચાર સ્થાનો બધા સાધુઓને હંમેશા હોવાથી સ્થિત કલ્પ છે. (૬૫૦)

૭૭. અસ્થિતકલ્પ

आचेलक्कु १ द्देसिय २ पडिक्कमणे ३ रायपिंड ४ मासेसु ५ ।
पज्जुसणाकप्पंमि य ६ अट्ठियकप्पो मुणेयव्वो ॥६५१॥

અચેલક, ઔદ્દેશિક, પ્રતિક્રમણ, રાજપિંડ, માસકલ્પ અને પર્યુષણકલ્પ–આ છ કલ્પ સતત સેવનીય ન હોવાથી મધ્યમજિનના સાધુઓને માટે અસ્થિતકલ્પ જાણવો. તે સાધુઓ આ કલ્પોને કચારેક જ પાળે છે. (૬૫૧)

आचेलक्को धम्मो पुरिमस्स य पच्छिमस्स य जिणस्स ।
मज्झिमगाण जिणाणं होइ सचेलो अचेलो वा ॥६५२॥

અચેલકપણાનો ધર્મ પહેલા અને છેલ્લા જિનના સાધુઓને હોય છે. મધ્યમ જિનના સાધુઓને સચેલક અને અચેલક-એમ બંને ધર્મ હોય છે.

વસ્ત્રનો અભાવ અથવા જીર્ણ અને સામાન્ય વસ્ત્ર તે અચેલ. તે અચેલપૂર્વક જે ચારિત્રધર્મનું પાલન, તે આચેલક્ય. તે આચેલક્ય ધર્મ, પૂર્વ એટલે યુગાદિ દેવ અને પશ્ચિમ એટલે મહાવીર-દેવના સાધુઓનો છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

અચેલકો બે પ્રકારે છે. વિદ્યમાન વસ્ત્રવાળા અને અવિદ્યમાન વસ્ત્રવાળા.

તેમાં તીર્થંકરો, ઈન્દ્ર મહારાજે આપેલ દેવદૂષ્ય વસ્ત્ર નીકળી ગયા પછી અચેલક થાય છે. તીર્થંકર સિવાયના સાધુઓ અલ્પ મૂલ્યવાળા, સફેદ અને ખંડિત વસ્ત્રવાળા હોવાથી વસ્ત્ર હોવા છતાં પણ અચેલક કહેવાય છે.

લોક વ્યવહારમાં પણ વસ્ત્ર યુક્ત હોવા છતાં અમુક વસ્ત્રનો જો અભાવ હોય, તો અમુક વિશિષ્ટ અર્થ (કાર્ય) સાધક ન થવાથી અસત્ત્વ (અવિદ્યમાનપણાના) ભાવ વિશેષથી અચેલ એટલે વસ્ત્ર રહિતપણાનો વ્યવહાર થાય છે. જેમ કોઈક સ્ત્રીએ જૂની સાડી પહેરી હોય, છતાં વણકરને કહે કે હું નાગી ફરું છું મને સાડી આપ.

મધ્યમ બાવીસ તીર્થંકરોના સાધુઓને સચેલક ધર્મ પણ હોય અને અચેલક ધર્મ પણ હોય. કારણ કે તેઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તેમને મહામૂલ્યવાળા અને પાંચે વર્ણના બીજા કોઈ પણ વસ્ત્રો વાપરવાની રજા છે. જ્યારે પહેલા અને છેલ્લા જિનના સાધુઓ ઋજુ-જડ અને વક્ર-જડ હોવાથી મૂલ્યવાન અને રંગીન વસ્ત્રો વાપરવાની રજા નથી. પણ સફેદ ખંડિત વસ્ત્રોની રજા છે. માટે અચેલક છે. (૬૫૨)

मज्झिमगाणं तु इमं कडं जमुद्दिस्स तस्स चेवत्ति ।
नो कप्पइ सेसाणं तु कप्पइ तं एस मेरत्ति ॥६५३॥

ઔદ્દેશિકઃ-સાધુના ઉદ્દેશ સંકલ્પપૂર્વક જે બનાવ્યું હોય, તે ઔદ્દેશિક કે આધાકર્મ. તે આધાકર્મ સ્થિત-અસ્થિતકલ્પ વિચારમાં વિવક્ષા પ્રમાણે છે. મધ્યમ જિનના સાધુઓને ઔદ્દેશિક જે સાધુ વગેરેને ઉદ્દેશિને કર્યું હોય તેને જ ન ખપે. તે ઉદ્દિષ્ટ સાધુ સિવાય બાકીના સાધુઓને ખપે. તે ઔદ્દેશિક લેવું. કારણકે ઉપરોક્ત મર્યાદા ઋજુ-પ્રાજ્ઞ સાધુ અને પ્રજ્ઞાપનીય લોકોને આશ્રયિને જિનેશ્વરોએ કરી છે. જ્યારે પહેલા અને છેલ્લા જિનના તીર્થમાં તો જેને ઉદ્દેશીને આધાકર્મ કર્યું હોય, તે તેને અને બાકીના બીજા સાધુઓને પણ ન ખપે. (૬૫૩)

सपडिक्कमणो धम्मो पुरिमस्स य पच्छिमस्स य जिणस्स ।
मज्झिमयाण जिणाणं कारणजाए पडिक्कमणं ॥६५४॥

પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓનો ધર્મ, પ્રતિક્રમણ સહિત છે. જ્યારે મધ્યમ જિનના સાધુઓને કારણે હોય છે.

પ્રતિક્રમણ પહેલા અને છેલ્લા જિનના સાધુઓનો ચારિત્ર ધર્મ સપ્રતિક્રમણ એટલે ઉભય કાળ છ આવશ્યકકરણ યુક્ત ધર્મ છે. મધ્યમ જિન સાધુઓને આલોચના લાયક કોઈ વિરાધના થાય, ત્યારે શુદ્ધિ માટે પ્રતિક્રમણ હોય છે. કારણ ન હોય તો તેઓ પ્રતિક્રમણ કરતા નથી. આનો ભાવાર્થ એવો છે, કે પહેલા અને છેલ્લા જિનના સાધુઓને અતિચાર લાગે કે ન લાગે છતાં અવશ્ય સવારે અને સાંજે છ આવશ્યક રૂપ પ્રતિક્રમણ હોય છે. અને જવા આવવા કે નદી વગેરે ઉતરતાં નિયમા ઇરિયાવહિ રૂપ પ્રતિક્રમણ અવશ્ય હોય છે. કારણ કે તેઓ ઋજુજડ અને વક્રજડ હોવાથી એમને ઉપકારક છે.

મધ્યમ જિનના મુનિઓને પ્રાયઃ કરીને અતિચાર જ થતા નથી. કેમકે ઋજુ પ્રાજ્ઞ હોવાથી, ક્યારેક કંઇક અતિચારો લાગે તો તે જ વખતે રોગની ચિકિત્સાની જેમ ઉક્ત સ્વરૂપવાળા પ્રતિક્રમણને કરે છે. જેમ રોગ ઉત્પન્ન થતાં જ ચિકિત્સા કરવામાં આવે તો સુખને કરનારી થાય છે. તેમ તત્કાલ જ અતિચારની વિશુદ્ધિ માટે કરાતું પ્રતિક્રમણ સુખકારક થાય છે. (૬૫૪)

असणाइचउक्कं वत्थपत्तकंबलयपायपुंछणए ।
निवपिंडंमि न कप्पति पुरिमअंतिमजिणजईणं ॥६५५॥

પહેલા અને છેલ્લા જિનના સાધુઓને રાજપિંડમાં અશનાદિ ચાર વસ્ત્ર, પાત્ર, કંબલ અને પાદ પુંછનક ખપતું નથી.

અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ ચાર પ્રકારનો આહાર, વસ્ત્ર, પાત્ર, કંબલ અને પાદપોછનક આ આઠ વસ્તુઓ ચક્રવર્તી વગેરે રાજાઓની માલીકીની રાજપિંડમાં ગણાય છે. તે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને અનેક દોષનું કારણ હોવાથી ખપતી નથી. તે દોષો આ પ્રમાણે છે.

રાજકુલમાં ભિક્ષા જતા સાધુઓને સતત ઘણા રાજદ્વારી માણસો આવતાં જતાં ધક્કા-મુક્કીથી અથવા અમંગલની બુદ્ધિથી પાત્રા ભાંગે કે દેહ ઘાત કરે વગેરે ઉપદ્રવો થવાનો સંભવ છે. ચોર, ગુપ્તચર, હત્યારા વગેરેના શકથી રાજાનો કોપ થવાથી કુલ, ગણ કે સંઘને ઉપઘાત થાય, લોકમાં નિંદા થાય. કે ' નિંદનીય રાજપિંડ પણ આ લોકો છોડતા નથી.' રાજપિંડની નિંદનીયતાં સ્મૃતિ આદિ ગ્રંથકારોએ આ પ્રમાણે કહી છે.

' હે યુધિષ્ઠિર ! રાજપિંડથી દગ્ધ (ગૃદ્ધ) બ્રાહ્મણોનો ભીંજાઈ ગયેલ (બળી ગયેલા) બીજોની જેમ પુનર્જન્મ હોતો નથી.'

મધ્યમજિનના સાધુઓને રાજપિંડ તેઓ ઋજુ-પ્રાજ્ઞ હોવાથી અને વિશેષ પ્રકારે ઉપરોક્ત દોષોને અપ્રમત્તપણે ત્યાગ કરવા સમર્થ હોવાથી ખપે છે. જ્યારે બીજા સાધુઓ ઋજુ-જડ અને વક્ર-જડ હોવથી ઋજુ-પ્રાજ્ઞની જેમ દોષનો ત્યાગ કરતા નથી. (૬૫૫)

पुरिमेयरतित्थकराण मासकप्पो ठिओ विणिद्दिट्ठो ।
मज्झिमगाण जिणाणं अट्ठियओ एस विण्णेओ ॥६५६॥

પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓનો માસ કલ્પ સ્થિત કહેલ છે. અને મધ્યમ જિનના સાધુઓનો માસ કલ્પ અસ્થિત કહેલ છે.

પહેલા અને છેલ્લા જિનના સાધુઓનો માસ કલ્પ એટલે એક જ જગ્યાએ એક મહિના સુધી સ્થિર થવા રૂપ જે આચાર, તે અવસ્થિત કલ્પ રૂપ કહેલ છે. કારણ કે તેમને માસ કલ્પના અભાવે અનેક દોષોનો સંભવ છે. કહ્યું છે કે-

' પ્રતિબંધ (રાગ) થાય, લઘુતા થાય, લોકોપકાર ન થાય, દેશ વિદેશનું જ્ઞાન ન થાય, આજ્ઞાનું આરાધન ન થાય- આ દોષો વિહાર ન કરવાથી થાય છે.

શય્યા, શય્યાતર વગેરે વસ્તુઓમાં આસક્તિ થાય તથા લઘુતા થાય કે ' આ સાધુ પોતાનું ઘર છોડી બીજાના ઘરોમાં આસક્ત થયા-એ પ્રમાણે (લોકનિંદા) થાય તથા જનોપકાર ન થાય. એટલે જુદા જુદા દેશોમાં રહેલા ભવ્ય જનોને ઉપદેશ આપવા

દ્વારા ઉપકાર ન થાય. અથવા બીજા દેશોમાં રહેલા સુવિહિતજન એટલે મહાત્માઓને વંદન, પૂજા વગેરે ઉપચાર ન થાય. અથવા લોકો પાસેથી વંદનાદિ ઉપચાર ન મળે. અથવા સુવિહિતજન એટલે મહાત્માઓએ આચરેલ વ્યવહાર પાળ્યો ન કહેવાય. વિવિધ દેશોમાં વિચરતા તે દેશમાં ચાલતા વિચિત્ર લોક લોકોત્તર વ્યવહારનું જ્ઞાન ન થાય. તથા આગમમાં કહેલ અર્થોનું પાલન ન કરવારૂપ આજ્ઞાની વિરાધના કરી કહેવાય. કેમકે આગમમાં કહ્યું છે કે,

'मुत्तूणमास कप्पं अन्नो सुत्तंमि नत्थि विहारो' સૂત્રમાં માસકલ્પ છોડી બીજો વિહાર કહ્યો નથી. ઉપરોક્ત દોષો માસ કલ્પનો વિહાર ન સ્વીકારવાના કારણે થાય છે.

કયારેક દુકાળ આદિ સમયે કાળ દોષથી, સંયમને પ્રતિકૂળ એવા ક્ષેત્રના દોષથી કે શરીરને પ્રતિકૂળ ભોજન વગેરે પ્રાપ્તિ વગેરે દ્રવ્ય દોષ તથા ગ્લાનપણાના કારણે કે જ્ઞાન હાનિ વગેરેના કારણે જો બહિર્વૃત્તિ વડે માસકલ્પ ન કરાય, તો પણ ભાવથી વસતિ, સંથારો વગેરે બદલવાપૂર્વક અવશ્ય માસકલ્પ કરાય છે. માટે અવસ્થિત. કહ્યું છે કે,

દ્રવ્ય–ક્ષેત્ર–કાળ આદિનાં કારણે આ નિયમ ન પળાય તો ભાવથી સંથારાની જગ્યા વગેરે બદલવાપૂર્વક અવશ્ય પાળવો.

મધ્યમ જિનના સાધુઓને આ કલ્પ અનવસ્થિત છે. કારણ કે તેઓ ઋજુ–પ્રાજ્ઞ હોવાથી એક જગ્યાએ માસથી વધારે રહેવા છતાં પૂર્વોક્ત દોષોનો સંભવ નથી. કહ્યું છે કે,

મધ્યમ જિનના સાધુઓ જો દોષો ન હોય તો પૂર્વ કોડ વર્ષ સુધી એક જગ્યાએ રહે અને જીવ જંતુ તથા કાદવ વગરની વિહાર ભૂમિ હોય, તો ચોમાસામાં પણ વિચરે છે. નાનું પણ કારણ હોય, તો માસકલ્પ પૂરો થયા પહેલા વર્ષાઋતુમાં[૧] પણ વિહાર કરી જાય છે. આ પ્રમાણે મહાવિદેહક્ષેત્રમાં તથા જિનકલ્પિકોને પણ હોય છે. (૬૫૬)

पज्जोसवणाकप्पो एवं पुरिमेयराइभेएणं ।
उक्कोसेयरभेओ सो नवरं होइ विन्नेओ ॥६५७॥

પહેલા છેલ્લા અને મધ્યમ જિનના ભેદથી પર્યુષણાકલ્પ પણ ઉપરોક્ત માસકલ્પ જેવો જ જાણવો. તે ફક્ત ઉત્કૃષ્ટ અને જઘન્ય ભેદથી એ પ્રકારે જાણવો.

હવે પર્યુષણાકલ્પની વ્યાખ્યા કરે છે. પરિ એટલે સર્વથા, ઉષણા એટલે રહેવું, એક જ સ્થાને રહેવું તે પર્યુષણા. તે રૂપ જે કલ્પ તે પર્યુષણાકલ્પ.

તેની અંદર ઉનોદરી કરવી, 'નવ વિગઇનો ત્યાગ કરવો, પીઠ, પાટીયા, સંથારા

૧. વર્ષાઋતુમાં એક વિગઈથી વધુ ન વાપરવી.

વગેરે લેવા, સ્થંડિલ વિગેરેના માત્રક=વાસણોનો સંગ્રહ કરવો, લોચ કરવો, નવી દીક્ષા ન આપવી. પહેલા લીધેલ રાખ, ડગલ=માટીના ઢેફા વગેરે પરઠવી અને નવા લેવા. વર્ષાઋતુને ઉપયોગી ડબલ ઔપગ્રહિક ઉપકરણ લેવા. નવા ઉપકરણો ન લેવા. સવા યોજનથી આગળ વિહાર ન કરવો, વગેરે આ વર્ષાઋતુની સામાચારીનું પાલન કરવું તે પર્યુષણાકલ્પ છે.

પ્રથમ અને અંતિમ જિનના સાધુઓને પર્યુષણાકલ્પ અવસ્થિત છે. જ્યારે મધ્યમ જિનના સાધુઓને પર્યુષણાકલ્પ અનવસ્થિત છે. હવે આ કલ્પમાં જે ભેદ છે, તે કહે છે. આ પર્યુષણાકલ્પ ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બે પ્રકારે છે. (૬૫૭)

चाउम्मासुक्कोसो सत्तरि राइंदिया जहन्नो उ ।
थेराण जिणाणं पुण नियमा उक्कोसओ चेव ॥६५८॥

આ પર્યુષણાકલ્પ સ્થવિરકલ્પી સાધુઓને ઉત્કૃષ્ટ ચાર માસનો અને જઘન્ય સીત્તેર દિવસનો છે. અને જિનકલ્પ સાધુઓને નિયમા ઉત્કૃષ્ટ જ પર્યુષણાકલ્પ હોય છે.

ચાર માસનો જે સમૂહ તે ચાતુર્માસ. તે ચાર માસ પ્રમાણનો ઉત્કૃષ્ટ પર્યુષણા કલ્પ છે. જે અષાઢી પૂનમથી લઈ કાર્તિકી પૂનમ સુધીનો હોય છે. જઘન્યકલ્પ ભાદરવા સુદી પાંચમથી કાર્તિકી પૂનમ સુધી સીત્તેર દિવસનો હોય છે. આ પર્યુષણાકલ્પ પહેલા અને છેલ્લા જિનના સ્થવિરકલ્પી સાધુઓને અવશ્યમેવ હોય છે. અને પહેલા છેલ્લા જિનના જિનકલ્પી સાધુઓને નિયમા ઉત્કૃષ્ટ ચાર માસ પ્રમાણનો જ કલ્પ હોય છે. કારણકે તેમનો આચાર નિરપવાદ હોય છે. (૬૫૮)

૭૮. ચૈત્યપંચક

भत्ती १ मंगलचेइय २ निस्सकड ३ अनिस्सकडचेइयं ४ चावि ।
सासयचेइय ५ पंचममुवइट्ठं जिणवरिंदेहि ॥६५९॥

૧. ભક્તિચૈત્ય, ૨. મંગલચૈત્ય, ૩. નિશ્રાકૃતચૈત્ય, ૪. અનિશ્રાકૃતચૈત્ય, ૫. શાશ્વતચૈત્ય-એમ શ્રીજિનેશ્વરોએ પાંચ પ્રકારના ચૈત્ય કહેલ છે.

गिहि जिणपडिमाए भत्तिचेइयं १ उत्तरंगघडियंमि ।
जिणबिंबे मंगलचेइयंति २ समयन्नुणो बिंति ॥६६०॥
निस्सकडं जं गच्छस्स संतियं ३ तदियरं अनिस्सकडं ४ ।
सिद्धाययणं च ५ इमं चेइयपणगं विणिद्दिट्ठं ॥६६१॥

સિદ્ધાંતજ્ઞ પુરુષોએ કહ્યું છે, કે ૧. ઘરમાં જે જિનપ્રતિમા રખાય છે, તે ભક્તિચૈત્ય છે. ૨. બારણાની બારશાખ પર જે જિનબિંબ રખાય છે, તે મંગલચૈત્ય ૩. જે કોઇ પણ ગચ્છને આશ્રિત હોય તે નિશ્રાકૃતચૈત્ય. ૪. જે ગચ્છાધીન ન હોય પણ સકલ સંઘનું હોય, તે અનિશ્રાકૃતચૈત્ય, ૫. શાશ્વત સિદ્ધાયતનો–એમ પાંચ પ્રકારના ચૈત્યો કહ્યા છે.

૧. ભક્તિચૈત્યઃ–ઘરમાં યથોક્ત લક્ષણ વગેરે યુક્ત, જે જિનપ્રતિમા ત્રિકાળ પૂજા–વંદન વગેરે કરવા માટે રખાય, તે ભક્તિચૈત્ય.

૨. મંગલચૈત્ય :– ઉતરંગ એટલે ઘરના બારણાની ઉપરનો તિર્છો લાકડાની વચ્ચેનો ભાગ, તેના પર જે જિન–બિંબ કોતરવામાં કે ઘડવામાં આવે, તે મંગલચૈત્ય.

મથુરા નગરીમાં મંગલ નિમિત્તે ઘર બનાવ્યા પછી ઘરના ઉતરંગ પર પહેલા અર્હંતબિંબની પ્રતિષ્ઠા કરે છે. નહીં તો તે ઘર પડી જાય. તથા સ્તુતિઓમાં પણ કહ્યું છે કે–

" હજુ આજે પણ જ્યાં શાંતિ માટે દરેક ઘરના બારણા પર શ્રી પાર્શ્વનાથની પ્રતિમા લોકો બનાવે છે, તે મથુરા નગરીને અધન્ય લોકો જોતા નથી. "

૩. નિશ્રાકૃતઃ–જે જિનાલય જે કોઇપણ ગચ્છનું હોય, તે જ ગચ્છ ત્યાં પ્રતિષ્ઠા વગેરે કાર્યો કરી શકે (કરવા અધિકારી થાય) બીજા ગચ્છવાળો ત્યાં પ્રતિષ્ઠા વગેરે કંઈપણ કરી ન શકે, તે નિશ્રાકૃતચૈત્ય.

૪. અનિશ્રાકૃતઃ–જ્યાં બધા ગચ્છો પ્રતિષ્ઠા દીક્ષા, માલારોપણ વગેરે બધા કાર્યો કરી શકે, તે અનિશ્રાકૃતચૈત્ય.

૫. સિદ્ધાયતનઃ–શાશ્વત જિનાલયો.

આ ચૈત્યપંચક વિશેષ પ્રકારે કહ્યા છે. (૬૬૦–૬૬૧)

બીજી રીતે પણ ચૈત્યપંચક થાય છે તે બતાવે છે.

नीयाइं सुरलोए भत्तिकयाइं च भरहमाईहिं ।
निस्सानिस्सकयाइं मंगलकयमुत्तरंगंमि ॥६६२॥
वारत्तयस्स पुत्तो पडिमं कासीय चेइए रम्मे ।
तत्थ य थली अहेसी साहम्मि-चेइयं तं तु ॥६६३॥

૧. દેવલોકમાં જે ચૈત્યો છે, તે શાશ્વતચૈત્ય, ૨. ભરતરાજા આદિએ કરેલ ભક્તિચૈત્ય તે, ૩. નિશ્રાકૃતચૈત્ય અનિશ્રાકૃતચૈત્ય ૪. બારસાખ ઉપર કરેલ મંગલચૈત્ય. વારત્રકમુનિના પુત્રે સુંદર એવા ચૈત્યગૃહમાં મુનિની પ્રતિમા કરાવી અને તે જગ્યા સ્થલિ–એ પ્રમાણે પ્રસિદ્ધ થઇ તે સાધર્મિક ચૈત્ય છે.

૧. શાશ્વત જિનાલયો દેવલોક એટલે ઉપલક્ષણથી મેરૂ પર્વત ઉપર, પર્વતના કૂટો ઉપર, નંદીશ્વર, ઋચકવર વગેરે દ્વીપો અને પર્વતોમાં હોય છે.

૨. ભરત મહારાજા વગેરેએ કરાવેલ ચૈત્યો ભક્તિચૈત્ય છે. તે ભક્તિચૈત્ય.

૩. નિશ્રાકૃત અને અનિશ્રાકૃત–એમ બે પ્રકારે છે.

૪. મંગલ માટે કરેલ જે ચૈત્ય તે મંગલચૈત્ય. જે મથુરા વગેરે નગરીઓમાં બારણાની બારશાખ પર પ્રતિષ્ઠાપિત હોય છે.

૫. વારત્રક મુનિના પુત્રે રમણીય ચૈત્યમાં તે જ વારત્રક મુનિની પ્રતિમા બેસાડી અને તે સ્થાન–સ્થલિ એવી રીતે પ્રસિદ્ધ થઇ, તે સાધર્મિક ચૈત્ય છે. આનો ભાવાર્થ કથાનકથી જાણવો.

વારત્રક નામના નગરમાં અભયસેન નામે રાજાનો વારત્રક નામે મંત્રી હતો. એના ઘરે એક વખત ધર્મઘોષ નામના મુનિ ભિક્ષા માટે આવ્યા. તેની સ્ત્રીએ તે સાધુને ભિક્ષા વહોરાવવા માટે ઘી, ખાંડ મિશ્રિત ક્ષીરથી ભરેલ વાસણ ઉપાડ્યું. તે વખતે કોઇ પણ રીતે ખાંડ મિશ્રિત ઘીના ટીપા જમીન પર પડ્યા. એટલે તે ધર્મઘોષ મહાત્મા, ભગવાને કહેલ ભિક્ષાગ્રહણવિધિના વિધાનમાં ઉદ્યમી હોવાથી આ ભિક્ષા છર્દિત દોષથી દુષિત છે, માટે મને ન ખપે–એમ મનમાં વિચારી ભિક્ષા લીધા વગર ઘરમાંથી નીકળી ગયા.

મત્ત હાથી પર બેઠેલા વારત્રક મંત્રીએ મુનિને ઘરમાંથી નીકળતા જોયા અને વિચાર્યું કે મુનિએ મારે ત્યાંથી ભિક્ષા કેમ ન લીધી ? આ પ્રમાણે વિચારે છે, એટલામાં જમીન પર પડેલ ક્ષીરના ટીપા પર માખીઓ બેઠી, તેને ખાવા માટે ગરોળી દોડી, તેના વધ માટે કાચંડો દોડ્યો તેને ખાવા માટે બિલાડી દોડી, તેના વધ માટે બહારનો બીજો કૂતરો દોડ્યો. તેને મારવા માટે ત્યાં રહેનારો તેનો વિરોધી કૂતરો દોડ્યો. તે બંને કૂતરાનું યુદ્ધ થયું. ત્યારે તે બંને કૂતરાના માલિકો પોતાના કૂતરાની હારની પીડાથી બંને દોડ્યા. તે બંનેના માલિકોનો પરસ્પર લાકડીથી મહાયુદ્ધ થયું.' આ બધી હકીકત વારત્રક મંત્રીએ જોઈ. અને વિચાર્યું કે એક ઘીનું ટીંપુ માત્ર પણ જમીન પર પડવાથી જો આટલી બધી અધિકરણની પ્રવૃત્તિ થાય છે તેથી જ અધિકરણ ભીરૂ એવા મુનિએ ભિક્ષા ન લીધી. અહો ! ભગવાને કેવો સુંદર ધર્મ કહ્યો છે.

વીતરાગ ભગવાન સિવાય બીજુ કોણ આવો નિરપાય ધર્મ કહેવા માટે સમર્થ હોય તેથી મારે પણ તે જ ભગવાને કહેલ અનુષ્ઠાન આચરવું ઉચિત છે. એમ વિચારી સંસાર સુખથી વિમુખ થયેલ શુભ ધ્યાન યુક્ત જાતિસ્મરણ જ્ઞાન થવાથી, તેમને દેવતાએ આપેલ સાધુવેષ ગ્રહણ કરી લાંબો સમય સંયમ પાળી, કેવલજ્ઞાન મેળવી, કાળક્રમે સિદ્ધ થયા. તે માટે મુનિના પુત્રે ભક્તિસભર હૃદયથી દેવમંદિર કરાવી રજોહરણ, મુહપત્તિવાળી પિતાની પ્રતિમા કરાવી ત્યાં સ્થાપન કરી. અને દાનશાળા ચાલુ કરી. તે સ્થાનને સિદ્ધાંતમાં સાધર્મિકસ્થલી રૂપે કહેવાય છે. (૬૬૨–૬૬૩)

૭૯. પુસ્તકપંચક

गंडी १ कच्छवि २ मुट्ठी ३ संपुडफलए ४ तहा छिवाडी य ।
एयं पोत्थयपणगं वक्खाणमिणं भवे तस्स ॥६६४॥

ગંડિકાપુસ્તક, કચ્છપીપુસ્તક, મુષ્ટિપુસ્તક, સંપુટફલકપુસ્તક, છેદપાટીપુસ્તક –આ પ્રમાણે પાંચ પુસ્તકો જાણવા. આ પુસ્તક પંચકની વ્યાખ્યા નીચે પ્રમાણે છે. (૬૬૪)

बाहल्लपुहुत्तेहिं गंडीपोत्थो उ तुल्लगो दीहो १ ।
कच्छवि अंते तणुओ मज्झे पिहुलो मुणेयव्वो ॥६६५॥
चउरंगुलदीहो वा वट्टागिइ मुट्ठिपुत्थगो अहवा ।
चउरंगुलदीहो च्चिय चउरंसो होइ विन्नेओ ॥६६६॥
संपुडगो दुगमाई फलया वोच्छं छिवाडिमित्ताहे ।
तणुपत्तूसियरूवो होइ छिवाडी बुहा बेंति ॥६६७॥
दीहो वा हस्सो वा जो पिहुलो होइ अप्पबाहल्लो ।
तं मुणियसमयसारा छिवाडपोत्थं भणंतीह ॥६६८॥

૧. બાહલ્ય એટલે જાડાઇ અને પૃથુત્વ એટલે પહોળાઇ. એ બંને જેની સરખી હોય એટલે ચોરસ અને લાંબુ ગંડી પુસ્તક જાણવું.

૨. કરછપીપુસ્તક બંને પડખે છેડાનો ભાગ નાનો હોય અને વચ્ચેનો પહોળો હોય, અને અલ્પ જાડાઇવાળું હોય છે.

૩. મુષ્ટિપુસ્તક ચાર આંગળ લાંબુ ગોળાકારે છે. અથવા ચાર આંગળ લાંબુ અને ચાર આંગળ પહોળું એવું ચોરસ હોય છે.

૪. સંપુટફલકપુસ્તકમાં બંને પડખે ફલક એટલે પાટિયા અથવા પૂંઠા હોય છે. વેપારી લોકોનો જમા–ઉધાર કરવા માટે સંપુટ નામનું ઉપકરણ વિશેષ (નામાનો ચોપડો.)

૫. છેદપાટીપુસ્તક પાના થોડા અને સહેજ ઉંચાઇવાળો હોય છે. એમ પંડિતો કહે છે.

બીજા લક્ષણ પ્રમાણે પહોળાઈ મોટી અથવા નાની હોય અને જાડાઈ ઓછી હોય, તેને સિદ્ધાંતજ્ઞ પુરુષો છેદપાટીપુસ્તક કહે છે.

'નિશીથચૂર્ણીમાં પણ કહ્યું છે કે, બાહલ્ય (લંબાઈ) અને પહોળાઇથી સમાન ચોરસ આકારનું ગંડી પુસ્તક છે. છેડે નાનું અને વચ્ચે પહોળું અને અલ્પ જાડાઇવાળું કચ્છપી, ચાર આંગળની લંબાઇવાળું ગોળ વર્તુળાકૃતિવાળું મુષ્ટિપુસ્તક અથવા ચાર આંગળની લંબાઇવાળું ચોરસ મુષ્ટિપુસ્તક બંને બાજુ પાટીયાવાળું સંપુટ પુસ્તક, મોટી

અથવા નાની પહોળાઇવાળું અને અલ્પ જાડાઇવાળું છેદપાટી અથવા થોડા પાનાવાળું ઊંચું જે પુસ્તક તે છેદપાટી. (૬૬૫ થી ૬૬૮)

૮૦. દંડપંચક

लट्ठी १ तहा विलट्ठी २ दंडो य ३ विदंडओ य ४ नाली अ ५ ।
भणियं दंडयपणगं वक्खाणमिणं भवे तस्स ॥६६९॥

યષ્ટિ, વિયષ્ટિ, દંડ, વિદંડ તથા નાલિકા–આ પાંચ દાંડા તીર્થંકર ગણધરોએ કહ્યા છે. તે દંડપંચકનું સ્વરૂપ આગળની ગાથામાં છે. (૬૬૯)

लट्ठी आयपमाणा विलट्ठी चउरंगुलेण परिहीणा ।
दंडो बाहुपमाणो विदंडओ कक्खमित्तो उ ॥६७०॥ [ओघनि. ७३०]

लट्ठीए चउरंगुल समूसिया दंडपंचगे नाली ।
नइपमुहजलुत्तारे तीए थग्घिज्जए सलिलं ॥६७१॥

वज्झइ लट्ठीए जवणिया विलट्ठीएँ कत्थइ दुवारं ।
गट्ठिज्जई ओवस्सयतणयं तेणाइरक्खट्ठा ॥६७२॥
उउबद्धम्मि उ दंडो विदंडओ धिप्पए वरिसयाले ।
जं सोलहुओ निज्जइ कप्पंतरिओ जलभएणं ॥६७३॥

યષ્ટિદંડ :–આત્મ પ્રમાણુ એટલે સાડા ત્રણ (૩॥) હાથ પ્રમાણ છે.

વિયષ્ટિદંડ :–યષ્ટિદંડથી ચાર આગળ ન્યૂન હોય છે.

દંડ :–ખભા સુધીના હાથ પ્રમાણ હોય છે.

વિદંડ :–બગલ સુધીના પ્રમાણનો હોય છે.

નાલિકા :–યષ્ટિથી ચાર આગળ ઊંચી હોય છે. એટલે સાડા ત્રણ હાથ પ્રમાણ આત્મ પ્રમાણથી ચાર આગળ વધારે ૩ હાથ અને સોલ આંગળ અધિક હોય છે.

આ પાંચે દંડીનું જે પ્રયોજન છે. તે બતાવે છે.

નાલિકા :–નદી, સરોવર વગેરે ઉતરવાની ઇચ્છાવાળા મુનિઓ, આ પાણી ઊંડુ છે કે છીછરું–એમ જાણવા નાલિકા વડે પાણીની ઊંડાઈ માપે છે.

યષ્ટિ :–ભોજન સમયે ઉપાશ્રયમાં સાગારિક એટલે ગૃહસ્થો વગેરે ન આવે, તે માટે યષ્ટિદંડ વડે પડદો બંધાય છે.

વિયષ્ટિ:–કોઈ હલકા ગામ વગેરેમાં ચોર વગેરેથી રક્ષા માટે જેનાથી ઉપાશ્રયનું બારણું ઠોકે, જે ઠોકવાનો અવાજ સાંભળી ચોર કૂતરા વગેરે નાસી જાય, તે માટે વિયષ્ટિદંડ.

દંડ :–ઋતુબદ્ધ કાળમાં ભિક્ષા ફરતી વખતે દંડ લેવાય છે. તેનાથી ગુસ્સે થયેલા મનુષ્ય, દ્વિપદ, ગાય, ઘોડા વગેરે ચતુષ્પદો તથા શરભ વગેરે ઘણા પગવાળાને અટકાવી શકાય. અને દુર્ગ (કિલ્લા) સ્થાનમાં વાઘ, ચોર વગેરેના ભય વખતે શસ્ત્રનું કામ કરે અને વૃદ્ધ પુરુષોને ટેકારૂપે પણ થાય છે.

વિદંડ :–વર્ષાઋતુમાં વિદંડક લેવાય છે. જે દંડથી નાનો હોય છે. તેથી કપડા (કલ્પ)ની અંદર રાખી સુખપૂર્વક લઇ જવાય છે. અને અપ્કાય (પાણી)ને અડતા નથી. (૬૭૦–૬૭૩)

विसमाइ बुद्धमाणाइं दस य पव्वाइं एगवन्नाइं ।
दंडेसु अपोल्लाइं सुहाइं सेसाइं असुहाइं ॥६७४॥

વધતા પ્રમાણવાળી, વિષમ સંખ્યાવાળી ગાંઠ તથા દશ પર્વો (ગાંઠ) વાળા, એકવર્ણવાળા, પોલા નહીં એવા દાંડા શુભ છે. બાકીના દાંડા અશુભ છે.

આ દંડોનું શુભાશુભ સ્વરૂપ પ્રતિપાદન કરે છે. ઉપરોક્ત પાંચ દંડમાં ગાંઠ એકી સંખ્યા જોઇએ. એટલે એક, ત્રણ, પાંચ, સાત, નવ તથા દશ સંખ્યા પણ શુભ છે. તે ગાંઠ ઉત્તરોત્તર વધતા પ્રમાણવાળી, એક વર્ણવાળી હોય, પણ ભિન્ન રંગની તથા પોલી ન હોય પણ નક્કર હોય. આવા પ્રકારના લક્ષણવાળા પર્વો એટલે ગાંઠો યુક્ત સ્નિગ્ધ (સુંવાળા–ચીકાશવાળો), ગોળ દંડ યતિજનો માટે પ્રશસ્ત એટલે શુભકારી છે. બાકીના એટલે ઉપરોક્ત લક્ષણોથી વિપરીત સ્વરૂપવાળા પર્વો અશુભ છે.

એક વગેરે પર્વોનું શુભાશુભ ફલ ઓઘનિર્યુક્તિમાં આ પ્રમાણે કહ્યું છે. એક પર્વવાળો પ્રશંસનીય છે, બે પર્વ કલહકારી છે, ત્રણ પર્વ લાભકારી છે, ચારપર્વ મારણાંતિક છે, પાંચ પર્વવાળી યષ્ટિ માર્ગમાં કલહ નિવારિણી છે, છ પર્વવાળી આતંકકારી, સાત પર્વવાળી નિરોગકારી, આઠ પર્વ અસંપત્કારી, નવ પર્વવાળી યશકારીણી, દશપર્વી યષ્ટિ સર્વ સંપત્કરી છે. (૬૭૪)

૮૧. तृणपंचक

तणपणगं पुण भणियं जिणेहिं जियरागदोसमोहेहिं ।
साली १ वीहिय २ कोद्दव ३ रालय ४ रन्ने तणाइं च ५ ॥६७५॥

રાગ, દ્વેષ, મોહને જીતનારા જિનેશ્વરોએ ૧. કલમ શાલિ વગેરેનું શાલિપરૂ

ઘાસ, ૨. ષષ્ટિકા વગેરે વ્રીહિ (ડાંગર)નું ઘાસ, ૩. કોદ્રવ (કોદરા)નું ઘાસ, ૪. રાલક=કંગુ નામનું ધાન્ય વિશેષ તેનું ઘાસ, ૫. શ્યામાક વગેરે જંગલી ઘાસ–એમ પાંચ પ્રકારે તૃણ (ઘાસ) પંચક કહ્યું છે. (૬૭૫)

૮૨. ચર્મપંચક

अय १ एल २ गावि ३ महिसी ४ मिगाणमजिणं च ५ पंचमं होइ ।
तलिगा १ खल्लग २ वद्धे ३ कोसग ४ कित्ती य ५ बीयं तु ॥६७६॥

૧. બકરા, ૨. ઘેટા, ૩. ગાય, ૪. ભેંસ, ૫. હરણ–આ પાંચનું ચામડું અથવા બીજી રીતે ૧. તલિકા, ૨. ખલ્લક, ૩. વદ્ધા એટલે ચામડાની દોરી, ૪. કોશક એટલે ચામડાની ખોલી, ૫. કૃતિ.

૧. **અજા** એટલે બકરી એડક–ઘેટા, ગાય, ભેંસ, હરણ–આ પાંચનું ચામડું હોય છે. બીજી રીતે આ પ્રમાણે પણ **ચર્મપંચક** છે. જેમ તલિકા એટલે ઉપાનહ. એક તલિકા તળિયાવાળું, તે ન હોય તો ચાર તલિયાવાળું પણ ઉપાનહ લેવું. ન દેખાય એવા રસ્તે રાત્રે, સાર્થ સાથે જતા, દિવસે પણ માર્ગ છોડીને ઉન્માર્ગે જતા; ચોર, જંગલી પશુ વગેરેના ભયથી, જલ્દી જતાં કાંટા વગેરેથી બે પગની રક્ષા માટે તલિકા કરવામાં આવે છે. કોઈ ને કોમળ પગવાળો હોય અને ચાલવા અસમર્થ હોય તો તે પણ વાપરે.

૨. **ખલ્લક** :–પાદત્રાણ :–જેના બંને પગ વિચર્ચિકા વાયુ વડે ફાટી જાય (ચીરા પડી જાય) ત્યારે રસ્તે જતાં ઘાસ, વગેરે દ્વારા પીડા થાય. અથવા કોઈને કોમળ પગના કારણે ઠંડીથી પગની પાની વગેરે જગ્યાએ ચીરા પડે, ત્યારે તેની રક્ષા માટે પગમાં પહેરવામાં આવે છે.

૩. **વદ્ધા** એટલે વાધર, ચામડાની દોરી, તૂટેલા ઉપાનહો વગેરેને સાંધવા માટે વપરાય છે.

૪. **કોશક** એટલે ચામડાનું ઉપકરણ વિશેષ. જે કોઈના પગના નખ પત્થર વગેરેની ઠેસ લાગવાથી તૂટી ગયા હોય, ત્યારે તે કોશકમાં આંગળી કે અંગૂઠો નાખવામાં આવે છે. અથવા નખરદનિ (નેઇલકટર)ને મૂકવા માટેની ચામડાની કોથળી.

૫. **કૃતિ** એટલે રસ્તામાં દાવાનલના ભયથી ગચ્છની રક્ષા માટે જે ચામડું પાથરવામાં આવે અથવા જ્યાં ઘણી સચિત્ત પૃથ્વીકાય હોય તો પૃથ્વીકાયની યતના માટે કૃતિને પાથરીને સ્થિરતા કરવા માટે જે ચામડું ધારણ કરાય છે અથવા કોઇક વખત ચોરોએ ઉપકરણોની ચોરી કરી હોય, ત્યારે બીજા પહેરવાના વસ્ત્ર ન હોય, તો એ કૃતિ પહેરે. આ સાધુ યોગ્ય બીજું ચર્મપંચક છે. (૬૭૬)

૮૩. દુષ્યપંચક

अप्पडीलेहियदूसे तूली १ उवहाणगं च २ नायव्वं ।
गंडुवहाणा ३ ऽऽलिंगिणि ४ मसूरए ५ चेव पोत्तमए ॥६७७॥
पल्हवि १ कोयवि २ पावार ३ नवयए ४ तह य दाढिगाली य ५ ।
दुप्पडिलेहियदूसे एयं बीयं भवे पणगं ॥६७८॥

દુષ્ય એટલે વસ્ત્ર. તે અપ્રત્યુપેક્ષ અને દુષ્પ્રત્યુપેક્ષ–એમ બે પ્રકારે છે.

તેમાં જે બીલકુલ પડિલેહી ન શકાય, તે અપ્રત્યુપેક્ષ અને જેને સારી રીતે પડિલેહી ન શકાય, તે દુષ્પ્રતિપેક્ષ. તેમાં અપ્રત્યુપેક્ષિત દુષ્યપંચક આ પ્રમાણે છે.

૧ **તૂલી** :– સારૂ સંસ્કારીત રૂથી ભરેલું કે આકડાના રૂ થી ભરેલ સૂવા માટેનું ગાદલુ તે તૂલી.

૨ **ઉપધાનક** :– હંસની રોમરાજીથી ભરેલું ઓશિકું.

૩ **ગંડોપધાનિકા** :– ઓશિકાના ઉપર કપોલ, (ગાલ) પ્રદેશ રાખવા માટે જે રખાય તેને ગલ્લમસૂરિકા પણ કહેવાય છે.

૪ **આલિંગિનિ** :– જાનુ કોણી વગેરે જેના ઉપર રખાય તે આલિંગિનિ.

૫ **મસૂરક** : વસ્ત્રનું કે ચામડાનું ગોળાકારે બુરૂ વગેરે રૂ ભરીને બનાવેલ આસન વિશેષ તે મસૂરક. આ સર્વેપ્રાયેઃ કરીને વસ્ત્રના જ બનાવેલ હોય છે.

દુષ્પ્રત્યુપેક્ષિત પંચક કહે છે :– પલ્હવિ, કોયવિક, પ્રાવારક, નવતક તથા દઢગાલિ આ પાંચ દુષ્પ્રત્યુપેક્ષિત વસ્ત્ર પંચક છે. (૬૭૭–૬૭૮)

पल्हवि हत्थुत्थरणं कोयवओ रूयपूरिओ पडओ ।
दढगाली धोयपोत्ती सेस पसिद्धा भवे भेया ॥६७९॥
खरडो १ तह वोरुट्टी २ सलोमपडओ ३ तहा हवइ जीणं ४ ।
सदसं वत्थं ५ पल्हविपमुहाणमिमे उ पज्जाया ॥६८०॥

૧ **પલ્હવિ** :– હાથી પર પાથરવાનું પાથરણું. જે હાથીની પીઠ પર પથરાય છે તે ખરડ. બીજા પણ અલ્પ રોમવાળા કે ઘણા રોમવાળા જે પાથરણા હોય તે બધાનો આમાં સમાવેશ થાય છે. નિશિથચૂર્ણિમાં કહ્યું છે કે, 'જે ઊંટ પર મૂકવામાં આવે તે વડઅસ્તર કહેવાય. તે તથા બીજા પણ અલ્પ રોમવાળા કે ઘણા રોમવાળા તે બધાય પલ્હવિના ભેદો છે.

૨ **કોયવિક**– રૂ ભરેલ પટ જે વુરૂટ્ટી નામે ઓળખાય છે. તે તથા બીજી પણ જે

ગરમ રોમવાળી નેપાલની કામળી વગેરે તે બધાનો આમાં સમાવેશ થાય છે. કહ્યું છે કે, બીજી પણ જે ઉલ્બણ રોમવાળી કામળી વગેરે સર્વનો પણ આમાં જ સમાવેશ થાય છે.

૩ **દઢગાલિ**–ધૌતપોતિકા જે બ્રાહ્મણોને પહેરવાનું કપડું. તે ઉપરાંત બે સરવાળી ત્રણ સરવાળી વગેરે સૂતરની પટ્ટીનો પણ આમાં જ સમાવેશ થાય છે. કહ્યું છે કે, વિરલિ એટલે દોરડી વગેરે ઘણા ભેદોનો આમાં જ સમાવેશ થાય છે.

૪ **પ્રાવારક**–એટલે દશીવાળું વસ્ત્ર જે માણિકી (પછેડી) વગેરે છે. બીજાઓ તો પ્રાવારક એટલે મોટી કાંબળ અથવા પછેડી કહે છે.

૫ **નવતક**–એટલે જીનનું કપડું (૬૭૯–૬૮૦)

હવે પલ્હવિ વગેરે પાંચેને સારી રીતે જાણી શકાય માટે ક્રમપૂર્વક તેમના પર્યાયવાચી એટલે બીજા નામો કહે છે. ૧. ખરડ, ૨. વોરૂટ્ટી, ૩. સલોમપટ, ૪. જીન ૫. દશીવાળું વસ્ત્ર–આ પલ્હવિ વગેરેના પર્યાયવાચી નામો છે. આ બધાની વ્યાખ્યા ઉપર થઈ ગઈ છે. (૬૮૦)

૮૪. પાંચ પ્રકારના અવગ્રહ :–

देविंद १ राय २ गिहवइ ३ सागरि ४ साहम्मि ५ उग्गहे पंच ।
अणुजाणावियं साहूण कप्पए सव्वया वसिउं ॥६८१॥

દેવેન્દ્ર, રાજા, ગૃહપતિ, સાગરિક અને સાધર્મિક–એમ પાંચ પ્રકારના અવગ્રહો છે. તેથી તેમની રજા લઈને સાધુઓને રહેવું કલ્પે, નહીં તો રહેવું ન કલ્પે. (૬૮૧)

अणुजाणावेयव्वो जईहिं दाहिणदिसाहिवो इंदो १ ।
भरहंमि भरहराया २ जं से छक्खंडमहिनाहो ॥६८२॥
तह गिहवइवि देसस्स नायगो ३ सागरित्ति सेज्जवई ४ ।
साहम्मिओ य सूरी जंमि पुरे विहियवरिसालो ५ ॥६८३॥
तप्पडिबद्धं तं जाव दोण्णि मासे अओ जईण सया ।
अणणुन्नाए पंचहिवि उग्गहि कप्पइ न ठाउं ॥६८४॥

દક્ષિણ દિશાના અધિપતિ ઇન્દ્રની, ભરતક્ષેત્રમાં છ ખંડના અધિપતિ ભરત રાજાની, ગૃહપતિ એટલે દેશના નાયક રાજાની, સાગરિક એટલે શય્યાતરની અને સાધર્મિક એટલે ત્યાં જે આચાર્યે ચોમાસું કર્યું હોય, તે આચાર્યનો અવગ્રહ. આ પાંચથી ક્ષેત્રનો અવગ્રહ પ્રતિબદ્ધ છે. તે અવગ્રહ સાધુઓને હંમેશાં કાળથી બે માસ સુધીનો હોય છે. નૃપેન્દ્ર વગેરે પાંચમાંથી કોઇની પણ રજા ન હોય, તો એમના અવગ્રહમાં રહેવું કલ્પે નહીં.

તિચ્છાલોકની મધ્યમાં મેરૂ પર્વતના મધ્ય ભાગમાં ઉપર નીચેના પ્રતરરૂપ એક પ્રદેશવાળી તિર્ચ્છિ શ્રેણી છે. તે શ્રેણી વડે આખાય લોકના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધ– એમ બે ભાગ થાય છે.

દક્ષિણાર્ધની માલિકી શકેન્દ્રની હોય છે અને ઉત્તરાર્ધની માલિકી ઈશાન ઈન્દ્રની હોય છે. તેથી દક્ષિણાર્ધમાં રહેલા સાધુઓએ દક્ષિણ દિશાના એટલે દક્ષિણ લોકાર્ધના અધિપતિ શકેન્દ્રની રજા લેવી અને ઉત્તરાર્ધમાં રહેનારા સાધુઓએ ઈશાનેન્દ્રની રજા લેવી.

૨. ચક્રવર્તી વગેરે રાજાઓની જેટલા ક્ષેત્ર પ્રમાણ માલિકી હોય, તેટલા ક્ષેત્રની જે રજા લેવાય તે રાજાવગ્રહ. તે રાજાવગ્રહ તિચ્છા માગધ વગેરે તીર્થોમાં જ્યાં સુધી ચક્રવર્તીનુ બાણ જાય તેટલું, ઉંચે ક્ષુલ્લક હિમવંતગિરિ પર ચોસઠ ૬૪ યોજન અને મતાંતરે ૭૨ યોજન સુધીનો કલ્પચૂર્ણિમાં કહ્યું છે કે, 'ઉર્ધ્વમાં ક્ષુલ્લહિમવંતકુમારની મર્યાદા સુધી બાણ જાય. ત્યાં સુધીનો અવગ્રહ જે ચોસઠ અથવા ૭૨ યોજન છે.' નીચે ખાડા–કૂવા વગેરેમાં પણ સમજી લેવું. તેથી ભરતક્ષેત્રમાં ભરત ચક્રવર્તીની સાધુએ રજા લેવી જોઇએ. કેમકે ભરત ચક્રવર્તી છ ખંડના રાજા છે. ઉપલક્ષણથી તે–તે સમયે સગર વગેરે જે ચક્રવર્તી રાજા હોય, તેની રજા લેવી. એમ ઐરવતક્ષેત્રમાં રહેલા, ત્યાં–ત્યાંના ચક્રવર્તીની રજા લેવી.

૩. ગૃહપતિ એટલે દેશ મંડલનો નાયક. તેના ક્ષેત્રમાં વસતા સાધુઓએ તેની પણ રજા લેવી.

૪. સાગારિક એટલે શય્યાપતિ વસતિનો સ્વામી. તેની રજા લઈ વાડ, વરંડાથી યુક્ત ઘર વગેરેના અવગ્રહમાં રહેવું. આ તિચ્છો અવગ્રહ છે. અધઃ એટલે નીચેનો ગૃહપતિ અને સાગારિકના વાવડી, કૂવા, ભોંયરા વગેરેનો, ઊંચેનો પર્વત, ઝાડ, શિખર સુધીનો અવગ્રહ પણ સમજી લેવો.

૫. જેમનો સમાન ધર્મ હોય તે સધર્મ. તે ધર્મ આચરે તે આચાર્ય ઉપાધ્યાય વગેરે સાધર્મિક જાણવા.

જે ક્ષેત્રમાં એટલે નગરમાં આચાર્યે ચોમાસુ કર્યું હોય, તે નગરથી પાંચ ગાઉ સુધી તે આચાર્યનો ક્ષેત્રથી અવગ્રહ હોય છે. અને કાલથી તો વર્ષાકાલ પછી બે મહિના સુધી અવગ્રહ હોય છે.

દેવેન્દ્ર વગેરે પાંચ અવગ્રહોમાં દેવેન્દ્ર વગેરેની રજા વગર સાધુઓએ કયારેય પણ રહેવું ખપે નહીં. અહીં આગળ આગળના અવગ્રહથી પાછળ પાછળનો અવગ્રહ બાધિત થાય છે. રાજાના અવગ્રહથી દેવેન્દ્રનો અવગ્રહ બાધિત થાય છે. કારણકે રાજાના અવગ્રહમાં રાજાની જ પ્રધાનતા છે, દેવેન્દ્રોની નહીં. માટે ત્યાં રાજાની જ રજા લેવાની

હોય છે. દેવેન્દ્રની નહીં–એ પ્રમાણે રાજાનો અવગ્રહ પણ ગૃહપતિના અવગ્રહથી બાધિત થાય છે. તે ગૃહપતિનો અવગ્રહ પણ સાગરિકના અવગ્રહથી બાધિત થાય છે. તે સાગરિકનો અવગ્રહ પણ સાધર્મિકના અવગ્રહથી બાધિત થાય છે. (૬૮૨ થી ૬૮૪)

૮૫. બાવીસ પરિષહ

खुहा १ पिवासा २ सी ३ उण्हं ४, दंसा ५ चेला ६ रइ ७ त्थिओ ८ ।
चरिया ९ निसीहिया १० सेज्जा ११ अक्कोस १२ वह १३ जायणा १४ ॥६८५॥
अलाभ १५ रोग १६ तणफासा १७, मल १८ सक्कार १९ परीसहा ।
पन्ना २० अन्नाण २१ सम्मत्तं २२, इइ बावीसं परीसहा ॥६८६॥

૧ ક્ષુધા, ૨ પિપાસા, ૩ શીત, ૪ ઉષ્ણ, ૫ દંશ, ૬ અચેલક, ૭ અરતિ, ૮ સ્ત્રી, ૯ ચર્યા, ૧૦ નૈષેધિકી, ૧૧ શય્યા, ૧૨ આક્રોશ, ૧૩ વધ, ૧૪ યાંચા, ૧૫ અલાભ, ૧૬ રોગ, ૧૭ તૃણસ્પર્શ, ૧૮ મલ, ૧૯ સત્કાર, ૨૦ પ્રજ્ઞા, ૨૧ અજ્ઞાન, ૨૨ સમ્યક્ત્વ–એ બાવીસ પરિષહો છે.

ચારિત્રમાર્ગમાં સ્થિર રહેવા માટે અને કર્મની નિર્જરા માટે જે ચારે તરફથી સારી રીતે સહન કરાય, તે પરિષહ. તેમાં દર્શનપરિષહ અને પ્રજ્ઞાપરિષહ માર્ગ સ્થિરતા માટે છે. બાકીના વીસ પરિષહો નિર્જરા માટે છે.

આ બધાનો સંક્ષેપમાં આ પ્રમાણે ભાવાર્થ છે.

૧ ક્ષુધા :–સર્વ વેદનામાં ક્ષુધાવેદના જઠર અને આંતરડાને બાળનારી હોવાથી મુખ્યવેદના છે. તે વેદનાને આગમમાં કહેલી વિધિપૂર્વક એષણીયભક્ત વડે સમાવે અને અનેષણીયભક્તને છોડે–એ રીતે સમ્યક્ વેદના સહન કરનારને ક્ષુધાપરિષહનો વિજય થાય છે. પણ જો અનેષણીય આહાર ગ્રહણ કરે તો વિજય ન થાય. આ સમસ્ત પરિષહોમાં અતિ દુઃસહ હોવાથી એની પ્રથમ પ્રરૂપણા કરી છે.

૨ પિપાસા :– ક્ષુધાવેદનાથી પીડિત સાધુને ક્ષુધાવેદના શાંત કરવા માટે ઊંચ–નીચ ઘરોમાં ફરતા શ્રમથી તરસ લાગે છે, તેથી પિપાસા પરિષહ બીજા સ્થાને છે. એ પ્રમાણે આગળના પરિષહોમાં પણ એક બીજાના પછી કહેવામાં કારણ જાણવું.

પીવાની જે ઇચ્છા તે પિપાસા. તે પિપાસા અત્યંત વ્યાકુલતાનું કારણ હોવા છતાં પણ ઠંડા પાણીની માગણી કર્યા વગર સહન કરવું, તે પિપાસા પરિસહ. એષણીય પાણી મળે તો જીવદયા પ્રેમીએ સમગ્ર અનેષણીયના ત્યાગપૂર્વક શરીરને સાચવવું.

૩. **શીતઃ**–શીત એટલે ઠંડો સ્પર્શ, તેને સહન કરવું તે, શીતપરિષહ છે. ઘણી ઠંડી પડતી હોય ત્યારે પોતાની પાસે જૂના વસ્ત્રો હોય અને ઓઢવાનું સાધન ન હોય છતાં પણ અકલ્પ્ય વસ્ત્રોને ગ્રહણ ન કરે.

ઠંડીથી બચવા માટે આગમોક્ત વિધિપૂર્વક એષણીય વસ્ત્રોને જ ગ્રહણ કરે અને વાપરે. પરંતુ શીતથી પીડિત થઈ અગ્નિ ન સળગાવે. બીજા સળગાવેલ અગ્નિ ન વાપરે. આ પ્રમાણે રહેવાથી શીતપરિષહને જય કર્યો કહેવાય.

૪. **ઉષ્ણુઃ**–ઉનાળા વગેરે તાપ અને તે તાપથી તપેલી શિલા વગેરેનો જે પરિષહ, તે ઉષ્ણપરિષહ.

ગરમીથી તપેલો હોય તો પણ પાણીમાં ડૂબકી મારવાનું કે નહાવાનું, પંખાની હવા વગેરેને ઇચ્છે નહીં. તડકાથી બચવા માટે છત્ર વગેરે ન લે પરંતુ પડતા તડકાને સારી રીતે સહન કરે. આ પ્રમાણે વર્તતાં ઉષ્ણપરિષહ જીત્યો કહેવાય.

૫. **દંશઃ**–જે ડંખ મારે એટલે કે ખાય, તે ડાંસ, મચ્છર, માખી, માંકડ, જૂ વગેરે ક્ષુદ્રજંતુઓ. તેનો જે પરિષહ, તે દંશપરિષહ.

મચ્છર, માખી વગેરે ડંખ મારે તો પણ તે સ્થાનથી હટે નહીં કે ડાંસ વગેરેને હટાવવા માટે ધૂમાડા વગેરેથી પ્રયત્ન ન કરે. પંખા વગેરે દ્વારા તેને દૂર ન કરે. એ પ્રમાણે દંશપરિષહ જય કર્યો કહેવાય. એ પ્રમાણે બીજા પરિષહોમાં પરિષહજય સમજવો.

૬. **અચેલઃ**–ચેલ એટલે વસ્ત્ર, તેનો જે અભાવ તે અચેલ. તે જિનકલ્પિ વગેરે મુનિઓને હોય છે. બીજા મુનિઓને તો ફાટેલું, કાણાવાળું, સાંધું વસ્ત્ર પણ અચેલક રૂપે કહેવાય છે. જેમ ખરાબ શીલ હોય તો અશીલપણું કહેવાય તેમ–અલ્પ મૂલ્યવાળા અને જીર્ણવસ્ત્ર હોવા છતાં તેને અચેલ કહેવાય. તે વસ્ત્રનો જે પરિષહ તે અચેલપરિષહ.

સાંધુ ખંડિત અને મલિન વસ્ત્ર વાપરે. તેવા પ્રકારનું વસ્ત્ર ન હોય, તો 'મારી પાસે પહેલા લીધેલ વસ્ત્ર નથી. અત્યારે વસ્ત્ર વહોરાવનાર દાતા નથી–એમ દીનતા ન થાય. બીજું વસ્ત્ર મળવાની સંભાવનાથી આનંદિત ન થાય.

૭. **અરતિઃ**–સંયમ વિષયક રમણતારૂપ જે ધૃતિ તે રતિ. તેનાથી વિપરીત અરતિ. તે અરતિનો જે પરિષહ તે અરતિપરિષહ.

વિહારમાં કે સ્થિરતામાં જે અરતિ ઉત્પન્ન થાય, ત્યારે સમ્યગ્ધર્મરૂપ બાગમાં જ રમણતા કરવી. એટલે ધર્મ આરાધના કરવી.

૮. **સ્ત્રીઃ**–સ્ત્રી વિષયક રાગના કારણરૂપ તેની ગતિ, વિભ્રમ, ઇંગિતાકાર, જોઈને ચામડી લોહી, માંસ, મેદ, સ્નાયુ, હાડકા, નસો તથા ઘાથી દુર્ગંધી એવા સ્તન, આંખ, જઘન, મુખ, પેટ, સાથળ વગેરે પર મોહિત થયેલ એવો વ્યક્તિ રૂપ

માને છે. તથા હોઠ પર થૂંક વગેરે ખરાબ હોવા છતાં તેને મોહથી ચૂસે છે. સ્તન, જઘનનાં ઝરતા રસને ઇચ્છતો ન હોવા છતાં તેને મોહિત થયેલો સેવે છે. એવા તેના સ્વરૂપની ભાવનાથી સહન કરાતું હોવાથી તે સ્ત્રીપરિષહ કહેવાય છે.

આનો ભાવાર્થ એવો છે કે સ્ત્રીઓના અંગોપાંગ, જીહ્વા, હાસ્ય, કટાક્ષ વગેરેથી ચિત્તને ખેંચનારી ચેષ્ટાઓને મનથી ન વિચારે અને મોક્ષમાર્ગમાં અર્ગલા જેવી સ્ત્રીઓના વિષે કામબુદ્ધિથી નજર પણ ન નાંખે.

૯. **ચર્યા**:–ફરવું તે ચર્યા. તે દ્રવ્યથી ગામેગામ વિહાર કરવો તે અને ભાવથી એક સ્થાને રહેવા છતાં પણ અપ્રતિબદ્ધ એટલે અનાસક્ત હોવું, તે ચર્યાપરિષહ.

આળસ છોડી ગામ, નગર, કુલ વગેરેમાં અનિયત વસતિપૂર્વક નિર્મમપણે દરેક માસમાં વિચરવું જોઇએ.

૧૦. **નૈષેધિકી**:-પાપ કર્મનો અને ગમનાદિ ક્રિયાનો પ્રતિષેધ કરવો તે નિષેધ. તે નિષેધનાં પ્રયોજનવાળી જે ક્રિયા તે નૈષેધિકી.

શૂન્યાગાર એટલે ખંડિયેર, સ્મશાન વગેરેરૂપ સ્વાધ્યાય વગેરેની ભૂમિ, તેના જે પરિષહ, તે નૈષેધિકીપરિષહ. બીજા સ્થાનોમાં નિષદ્યાપરિષહ પણ કહ્યો છે. જેના પર બેસાય એટલે તે નિષદ્યા, તે સ્ત્રી, પશુ, પંડક રહિત સ્થાન તે સ્થાનમાં ઇષ્ટ-અનિષ્ટ ઉપસર્ગોને ઉદ્વિગ્નતા વગર સારી રીતે સહન કરે.

૧૧. **શય્યા** :– જેમાં સૂવાય તે શય્યા. તે ઉપાશ્રય અથવા સંથારો. તેનો જે પરિષહ તે શય્યાપરિષહ. વિષમ ભૂમિવાળો કે ધૂળના ઢગલાવાળો, અતિ ઠંડીવાળો કે અતિ ગરમીવાળો ઉપાશ્રય અથવા કોમળ, કઠીન, વગેરે હલકો ભારે સંથારો. મેળવીને ઉદ્વેગ ન કરે.

૧૨. **આક્રોશ**:-અનિષ્ટ વચનરૂપ આક્રોશ. તેનો જે પરિષહ તે આક્રોશપરિષહ તે આક્રોશપરિષહ જો સાચો હોય, તો પછી શેના ગુસ્સો કરવો ? આ મ શિખામણ આપે છે માટે મારો ઉપકારી છે. આવું ફરીવાર નહીં કરીશ.' જો જૂઠો હોય તો બીલકુલ ગુસ્સો ન કરવો. કહ્યું છે કે બુદ્ધિમાન આક્રોશ આવે ત્યારે બુદ્ધિને તત્ત્વની વિચારણામાં જોડવી કે જો સાચું છે તો ગુસ્સો શાનો ? જો જુઠું છે, તો પછી ગુસ્સો શા માટે ? વગેરે વિચારી ગુસ્સો ન કરવો.

૧૩. **વધ**:–હણવું એટલે મારવું તેના જે પરિષહ તે વધપરિષહ કોઇ દુરાત્મા હાથ, પગની લાત, ચાબુક વગેરેથી દ્વેષપૂર્વક મારે તો તેને સારી રીતે સહન કરે હૃદયને કોપથી કલુષિત ન કરે અને ત્યારે વિચારે કે આ શરીર આત્માથી ભિન્ન પુદ્ગલ સમૂહરૂપ છે. આત્માનો નાશ કરવા કોઇ શક્તિમાન નથી, આ તો મારા કરેલા કર્મનું ફળ જ પ્રાપ્ત થયું છે.

૧૪. યાચનાઃ–યાચન એટલે માગવું કે પ્રાર્થના કરવી. તેનો જે પરિષહ તે યાચના પરિષહ. સાધુને વસ્ત્ર. પાત્ર, અન્ન, ઉપાશ્રય વગેરે બધી ચીજો બીજા પાસેથી જ મેળવવાની છે. શરમથી શાલિનતાથી પણ જો માંગી ન શકતા હોય, તો પણ શરમ છોડીને કાર્ય આવી પડે ત્યારે પોતાના ધર્મકાર્યનું પાલન કરવા માટે ચતુરાઈપૂર્વક અવશ્ય યાચના કરવી.

૧૫. અલાભઃ–મેળવવું તે લાભ. અભિલષિત વિષયની (પદાર્થની) પ્રાપ્તિ ન થાય તે અલાભ. તેનો જે પરિષહ તે અલાભપરિષહ. યાચવા છતાં ન મળે તો આ પ્રમાણે વિચારે કે બીજાના ઘરમાં વિવિધ ખાદિમ–સ્વાદિમ ઘણા હોવા છતાં ઇચ્છા પ્રમાણે બીજો આપે કે ન આપે તો પણ સાધુએ ગુસ્સો ન કરવો જોઇએ, આ પ્રમાણે વિચારી પ્રસન્ન મન અને સ્વસ્થ વદનવાળો થાય.

૧૬. રોગઃ – તાવ, ખંજવાળ વગેરે રોગ તેનો જે પરિષહ તે રોગપરિષહ. તાવ, ખાંસી, દમ વગેરે રોગો હોવા છતાં ગચ્છ બાહ્ય જિનકલ્પિ વગેરે મુનિઓ ચિકિત્સા કરાવતા નથી. પરંતુ તે રોગોને સારી રીતે પોતાના કર્મના ફળનો ઉદય છે–એમ વિચારી સહન કરે. ગચ્છવાસી મુનિઓ અલ્પ–બહુત્વની વિચારણાપૂર્વક સારી રીતે સહન કરે. અથવા પ્રવચનમાં કહેલ વિધિપૂર્વક ચિકિત્સા પણ કરાવે.

૧૭. તૃણસ્પર્શ :– તૃણ એટલે ઘાસ. તૃણનો જે સ્પર્શ, તેનો જે પરિષહ તે તૃણ–સ્પર્શપરિષહ. પોલાણ વગરનું ડાભ વગેરેનુ જે ઘાસ હોય, તેને વાપરવાની અનુજ્ઞા ગચ્છવાસી અને ગચ્છ બાહ્ય મુનિઓને છે. એમાં જે મુનિઓને સૂવાની રજા મળી હોય, તેઓને તે ડાભને કંઈક ભેજ વગેરે વાળી પૃથ્વી પર પાથરી ઉપર ઉત્તરપટ્ટો પાથરી ડાભ પર સૂવે. અથવા ચોરોએ ઉપકરણની ચોરી કરી હોય કે અત્યંત જૂના થવાથી સંથારો કે ઉત્તરપટ્ટો ઘસાઈ જવાથી એકદમ પતલા થઈ ગયા હોય, તો તે ડાભ પર સૂઇ જાય. તે ડાભ પર સૂનારને કઠીન તીક્ષ્ણ ડાભની અણી વડે અત્યંત પીડા થવા છતાં પણ કઠણ ડાભ વગેરેના સ્પર્શને સારી રીતે સહન કરે.

૧૮. મલ :– મલ એટલે પરસેવાના કારણે જે ધૂળ શરીર પર ગાઢ રીતે ચોંટી હોય તે. તેનો જે પરિષહ તે મલપરિષહ. શરીર પર ચોંટેલો મેલ, ઉનાળાના તાપના કારણે પરસેવાથી ભીનો થયે ખૂબ દુર્ગંધ મારવાના કારણે ઉદ્વેગ ઉત્પન્ન થાય તો પણ તેને દૂર કરવા માટે કયારે પણ ન્હાવા વગેરેની ઇચ્છા ન કરે.

૧૯. સત્કારઃ–સત્કાર એટલે ભોજન, પાણી, અન્ન, વસ્ત્ર, પાત્ર, આપવું, ઉભા થવું, આસન આપવું, અદ્‌ભુત ગુણોની પ્રશંસારૂપ સત્કાર કરવો, તેનો જે પરિષહ તે સત્કારપરિષહ. બીજા દ્વારા પોતાના થયેલ સત્કારને જોઇ, ઉત્કર્ષથી ચિત્તને આકુલ–વ્યાકુલ ન કરે અને કોઇએ સત્કાર ન કર્યો હોય તો, ગુસ્સે ન થાય.

૨૦ પ્રજ્ઞા–જેના વડે વસ્તુતત્ત્વ જણાય તે પ્રજ્ઞા એટલે વિશિષ્ટ બુદ્ધિ, તેનો જે પરિષહ, તે પ્રજ્ઞાપરિષહ. ઘણી સારી બુદ્ધિનો વિકાસ થયેલ હોય તો અભિમાન ન કરે. પ્રજ્ઞાનો પ્રતિપક્ષીપણુ એટલે નિર્બુદ્ધિપણાથી પરિષહ થાય છે. હું કંઈ જ જાણતો નથી. હું મૂર્ખ છું, બધાથી પરાભવ પામું છું–એમ સંતાપ પામેલો તે પોતે "આ કર્મવિપાક છે." એમ માની તે સંતાપ ન કરે. તો તે પરિષહનો જય કર્યો કહેવાય.

૨૧. અજ્ઞાન–જે વસ્તુ તત્ત્વ જણાય તે જ્ઞાન. તે શ્રુતજ્ઞાનનો જે અભાવ તે અજ્ઞાન, તેનો જે પરિષહ તે અજ્ઞાનપરિષહ. "હું આગમ રહિત છું"–એમ મનમાં ખેદ ન કરે. એ અજ્ઞાનના પરિષહથી વિરુદ્ધ જ્ઞાનપરિષહ છે. તેમાં "હું સમગ્ર શ્રુતનો પારગામી છું."–એમ અભિમાન ન કરે.

૨૨. દર્શન–ક્રિયા વગેરે–ભિન્ન–ભિન્ન વાદિઓના વિચિત્ર મત સાંભળવા છતાં પણ, નિશ્ચલ ચિત્તપણે સમ્યક્ત્વને ધારણ કરતાં જે સહન કરે તે સમ્યક્ત્વપરિષહ.

આવશ્યકમાં અસમ્યક્ત્વપરિષહ કહ્યો છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે.

હું સર્વ પાપ સ્થાનોથી વિરત છું, ઉત્કૃષ્ટ તપસ્વિ છું, નિષ્પરિગ્રહી છું–છતાં પણ ધર્મ–અધર્મ, દેવ–નારક વગેરે ભાવો દેખાતા નથી માટે આ બધુ અસત્ય લાગે છે –એ અસમ્યક્ત્વપરિષહ. ત્યાં એમ વિચારે કે–પુણ્ય–પાપ, ધર્મ–અધર્મરૂપ કર્મરૂપે પુદ્ગલાત્મક છે. તેથી તેમના કાર્ય જોવાથી અનુમાન દ્વારા જાણી શકાય છે. ક્ષમા, ક્રોધ વગેરે રૂપ ધર્મ–અધર્મરૂપ પોતાના અનુભવરૂપે આત્મપરિણામ સ્વરૂપ હોવાથી પ્રત્યક્ષ છે. દેવો અત્યંત સુખમાં આસક્ત હોવાથી અને મનુષ્યલોકમાં કોઈ કાર્ય ન હોવાથી તથા દુઃષમકાળના પ્રભાવથી દૃષ્ટિગોચર થતા નથી. નારકો હંમેશાં તીવ્ર વેદનાથી દુઃખી થયેલા અને પૂર્વ કૃત દુષ્કર્મના ઉદયરૂપી મજબૂત બંધનથી બંધાયેલા હોવાથી, પરતંત્ર થયેલા અહીં શી રીતે આવે વગેરે વિચારણા કરવાપૂર્વક અસમ્યક્ત્વપરિષહનો જય થાય છે.

ક્ષુધા વગેરેથી સમ્યક્ત્વ સુધીના બાવીસ જ પરિષહો છે.

બાવીસ પરિષહોનો સમવતાર (વર્ગીકરણ) વિચારે છે. તે બે પ્રકારે છે. પ્રકૃતિ-સમવતાર અને ગુણસ્થાનકસમવતાર. તેમાં પ્રકૃતિસમવતારમાં જ્ઞાનાવરણ, વેદનીય, મોહનીય, અંતરાય આ ચાર (મૂળ) પ્રકૃતિમાં બાવીસે પરિષહોનો સમાવેશ થાય છે. (૬૮૫-૬૮૬)

પરિષહોનો કર્મમાં સમવતાર :

દંસણમોહે દંસણપરીસહો પન્નઽનાણ પદમંમિ ।
ચરમેઽલાભ પરીસહ સત્તેવ ચરિત્તમોહમ્મિ ॥ ૬૮૭ ॥
અક્કોસ અરઇ ઇત્થી નિસીહિયાઽચેલ જાયણા ચેવ ।
સક્કારપુરક્કારે એક્કારસ વેયણિજ્જંમિ ॥ ૬૮૮ ॥

જે પરિષહનો જે કર્મમાં સમાવેશ થાય છે, તે કહે છે.

મોહનીયનાં બે પ્રકાર. ચારિત્રમોહનીય અને દર્શનમોહનીય. તેમાં મિથ્યાત્વાદિ ત્રણ દર્શનમોહનીયમાં એક ફક્ત દર્શન એટલે સમ્યક્ત્વપરિષહનો સમાવેશ થાય છે. એટલે દર્શનમોહનીયના ઉદયથી દર્શનપરિષહ થાય છે.

પ્રજ્ઞા અને અજ્ઞાન પરિષહ પ્રથમ જ્ઞાનાવરણકર્મમાં આવે છે. એટલે જ્ઞાનાવરણના ક્ષયોપશમથી આ બે પરિષહો સંભવે છે.

અંતરાયકર્મમાં અલાભપરિષહનો સમાવેશ થાય છે. એટલે લાભાંતરાયના ઉદયથી અલાભપરિષહ થાય છે.

ચારિત્રમોહનીય નામના મોહનીયના ભેદમાં આક્રોશ, અરતિ, સ્ત્રી, નૈષેધિકી, અચેલક, યાંચા, સત્કાર, પુરસ્કારરૂપ સાત પરિષહોનો સમાવેશ થાય છે. એનો ભાવાર્થ એવો છે, કે ક્રોધના ઉદયથી આક્રોશપરિષહ, અરતિમોહનીયના ઉદયથી અરતિ-પરિષહ, પુરુષવેદના ઉદયથી સ્ત્રીપરિષહ, ભયકર્મના ઉદયથી નૈષેધિકીપરિષહ, જુગુપ્સાના ઉદયથી અચેલ પરિષહ, માનના ઉદયથી યાચના પરિષહ અને લોભના ઉદયથી સત્કાર પરિષહ.

અહીં સત્કાર એટલે વસ્ત્રાદિ વડે પૂજન કરવું તે અને પુરસ્કાર એટલે ઉભા થવું વિગેરે સેવા કરવી તે. અથવા જે સત્કારપૂર્વક પુરસ્કાર એટલે આગળ કરવું તે સત્કાર-પુરસ્કાર તેથી તે બંને જ સત્કાર-પુરસ્કારરૂપે છે.

અગ્યાર પરિષહો વેદનીયકર્મના ઉદયથી થતા હોવાથી વેદનીયમાં સમાવેશ થાય છે. (૬૮૭-૬૮૮)

पंचेव आणुपुव्वी चरिया ६ सेज्जा ७ तहेव जल्ले य ८ ।
वह ९ रोग १० तणफासा ११ सेसेसुं नत्थि अवयारो ॥ ६८९ ॥

પહેલાં (આગળ)નાં પાંચ ૧. ક્ષુધા, ૨. પિપાસા, ૩. શીત, ૪. ઉષ્ણ, ૫. દંશમશક તથા ૬. ચર્યા, ૭. શય્યા ૮. મલ્લ એટલે મેલ, ૯. વધ, ૧૦. રોગ અને ૧૧. તૃણસ્પર્શ-એમ અગ્યાર પરિષહો વેદનીયકર્મના ઉદયથી થાય છે. ઉપરોક્ત ચાર કર્મ સિવાયના બાકીના ચાર કર્મમાં દર્શનાવરણ, આયુષ્ય, નામ અને ગોત્રકર્મમાં પરિષહોનો સમવતાર નથી. એટલે આ ચાર કર્મના ઉદયથી પરિષહો થતા નથી. (૮૯)

પરિષહોનો ગુણસ્થાનકમાં સમવતાર :-

बावीसं बायरसंपराय चउदस य सुहुमरायम्मि ।
छउमत्थवीयरागे चउदस एक्कारस जिणंमि ॥ ६९० ॥

બાવીસે પરિષહો અનિવૃત્તિબાદરસંપરાય નામના ગુણસ્થાનક સુધી હોય છે.

ચૌદ પરિષહો સૂક્ષ્મસંપરાય નામના દશમા ગુણસ્થાનકે ઉદયમાં આવે છે. તે ચૌદ આ પ્રમાણે છે. ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, અલાભ,

રોગ, તૃણસ્પર્શ, મલ, પ્રજ્ઞા અને અજ્ઞાનપરિષહ. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે મોહનીય કર્મ ક્ષપિત કે ઉપશમિત થયેલ હોવાના કારણે ચારિત્રમોહનીયથી પ્રતિબદ્ધ સાત પરિષહો તેમજ દર્શનમોહનીયપ્રતિબદ્ધ એક પરિષહ—એમ કુલ આઠ પરિષહો હોતા નથી.

છદ્મ એટલે આવરણ. તે જેને હોય તે છદ્મસ્થ. સમસ્ત મોહના ક્ષય કે ઉપશમથી નીકળી ગયા છે રાગ-દ્વેષ જેને તે વીતરાગ. છદ્મસ્થ વીતરાગ શબ્દથી ઉપશાંત મોહ અને ક્ષીણમોહરૂપ અગ્યારમું અને બારમું ગુણઠાણું લેવાય. આ બે ગુણઠાણે પણ ઉપરોક્ત ચૌદ જ પરિષહો હોય છે.

સયોગી અયોગી કેવલીજિન તેરમા અને ચૌદમા ગુણસ્થાને છે. તેમને પરિષહના કારણરૂપ વેદનીયકર્મ જ હોવાથી એના સંબંધિત અગ્યાર પરિષહો ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, વધ, મલ, શય્યા, રોગ, તૃણસ્પર્શ હોય છે. કારણકે કેવલિઓને વેદનીયકર્મનો સંભવ છે. (૬૯૦)

પરિષહોનો કાળમાં સમવતાર:—

वीसं उक्कोसपए वट्टंति जहन्नओ य एक्को य ।
सीओसिणचरियनिसीहिया य जुगवं न वट्टंति ॥ ६९१ ॥ [उत्तरा. नि. ।८२।

ઉત્કૃષ્ટથી એક સાથે વીશ પરિષહો હોય છે. અને જઘન્યથી એક પરિષહ એકી સાથે હોય છે. શીત અને ઉષ્ણ તથા ચર્યા અને નૈષેધિકી આ પરિષહો એકી સાથે હોતા નથી.

પ્રશ્ન:—એક જીવને એકી સાથે આ પરિષહોમાંથી ઉત્કૃષ્ટ અને જઘન્ય કેટલા હોય છે?

ઉત્તર—એક જીવમાં ઉત્કૃષ્ટથી એકી સાથે વીસ અને જઘન્યથી એક જ પરિષહ હોય છે.

પ્રશ્ન—ઉત્કૃષ્ટથી એકી સાથે બાવીસ પરિષહો કેમ નથી હોતા?

ઉત્તર—શીત અને ઉષ્ણ તેમજ ચર્યા અને નૈષેધિકી આ પરિષહો એકજ સમયે એક જગ્યાએ પરસ્પર વિરોધી હોવાના કારણે હોતા નથી. જ્યાં શીતપરિષહ હોય, ત્યાં ઉષ્ણપરિષહ ન હોય. અને જ્યાં ઉષ્ણ હોય, ત્યાં શીત ન હોય. "ચર્યાપરિષહ વખતે નૈષેધિકી ન હોય અને નૈષેધિકી હોય ત્યાં ચર્યા ન હોય. આ પરિષહો એકી સાથે ન હોવાના કારણે બે પરિષહોનો અભાવ થવાથી ઉત્કૃષ્ટથી પણ બાવીસ પરિષહો એકી સાથે હોતા નથી.

પ્રશ્ન:—નૈષેધિકીની જેમ શય્યાનો પણ ચર્યાની સાથે વિરોધ કેમ ન થાય?

ઉત્તર—નિરોધ બાધા વગેરેના કારણે શય્યામાં અંગનિકા વગેરેનો સંભવ હોવાથી ચર્યાની સાથે વિરોધ આવતો નથી. જ્યારે નૈષેધિકી તો સ્વાધ્યાય વગેરેની જગ્યાએ સ્થિરતામાં જ જણાવી છે. માટે તેનો જ ચર્યાની સાથે વિરોધ છે.

તત્ત્વાર્થમાં તો ઉત્કૃષ્ટથી એાગણીસ જ પરિષહો કહ્યા છે. કેમકે ચર્યા, શય્યા અને નિષદ્યામાથી કોઈ પણ એક હોય ત્યારે બેનો અભાવ હોય છે. કહ્યું છે કે, 'ચર્યા હોય ત્યારે નિષદ્યાશય્યા હોતા નથી. નિષદ્યા હોય ત્યારે ચર્યાશય્યા ન હોય. શય્યા હોય ત્યારે ચર્યાનિષદ્યા નથી હોતા' ૬૯૧

૮૫. સાત પ્રકારની માંડલી

सुत्त १ अत्थे २ भोयण ३ काले ४ आवस्सए य ५ सज्झाए ६ ।
सथारे ७ चेव तहा सत्तेया मंडली जइणो ॥ ६९२ ॥

સૂત્ર. ૨. અર્થ, ૩. ભોજન, ૪. કાલગ્રહણ, ૫. આવશ્યક એટલે પ્રતિક્રમણ, ૬. સ્વાધ્યાય ૫. પ્રસ્થાપક, ૭. સંથારા–આ સાત માંડલી સાધુઓને હોય છે. આ માડલીમાં એક એક આયંબિલ કરવા વડે પ્રવેશ થાય છે. એમને એમ પ્રવેશ થતો નથી. (૬૯૨)

૮૬. દશ સ્થાનોનો વ્યવચ્છેદ

मण १ परमोहि २ पुलाए ३ आहारग ४ खवग ५ उवसमे ६ कप्पे ७ ।
संयमतिय ८ केवल ९ सिज्झणा १० य जंबुंमि वोच्छिन्ना ॥ ६९३ ॥

૧. મનઃપર્યવજ્ઞાન, ૨. પરમાવધિજ્ઞાન, ૩. પુલાકલબ્ધિ, ૪. આહારકલબ્ધિ, ૫. ક્ષપકશ્રેણિ, ૬. ઉપશમશ્રેણિ, ૭. જિનકલ્પ, ૮. સંયમત્રિક, ૯. કેવલજ્ઞાન, ૧૦. સિદ્ધિગમન–આ દશ વસ્તુઓ જબૂસ્વામિની સિદ્ધિ થતાં વિચ્છેદ થઇ છે.

૧. પદના એક ભાગ વડે આખુ પદ જણાય છે એ ન્યાયે મનઃપર્યવજ્ઞાન. ૨. પરમ એટલે ઉત્કૃષ્ટ (શ્રેષ્ઠ.) જેની ઉત્પત્તિ થયા પછી કેવળજ્ઞાન સુધી અવશ્ય રહેનાર અને રૂપી દ્રવ્યને જણાવનાર જ્ઞાન વિશેષ તે પરમાવધિજ્ઞાન અને તે જ્ઞાન. ક્ષેત્રથી અલોકમાં પણ લોક પ્રમાણ અસંખ્ય ખંડો જુએ. અને કાળથી અસંખ્ય ઉત્સર્પિણી. અવસર્પિણી પ્રમાણ જુએ છે ૩. પુલાકલબ્ધિ, ૪. આહારકલબ્ધિ, ૫ ક્ષપકશ્રેણી. ૬ ઉપશમશ્રેણી, ૭. જિનકલ્પ, ૮. સંયમત્રિક, (એટલે ૧. પરિહારવિશુદ્ધિ, ૨ સૂક્ષ્મસંપરાય યથાખ્યાત-ચારિત્ર.) ૯. કેવળજ્ઞાન તથા ૧૦. સિદ્ધિગમન. આ દશ પદો જબૂસ્વામિના મોક્ષ ગમન પછી અભાવ થયો છે. કેવળજ્ઞાનનું ગ્રહણ કે સિદ્ધિ [illegible] ગ્રહણ કરવાથી બંનું ગ્રહણ થઇ જાય છે કેમકે જે કેવલિ હોય છે, તે નિયમા [illegible] સિદ્ધ થાય છે. તે નિયમાકેવલી હોય છે. એ બંનું ગ્રહણ [illegible]

૧. વજ્રઋષભનારાચ નામે પહેલું સંઘયણ, ૨. સમચતુરસ્ર પહેલું સંસ્થાન અને અંતર્મુહૂર્તમાં ચૌદપૂર્વનો ઉપયોગ દ્વારા જે અનુપ્રેક્ષણ–આ ત્રણ પદાર્થોનો પણ છેલ્લા ચૌદપૂર્વી સ્થૂલભદ્રસ્વામિ સ્વર્ગ ગયા બાદ વિચ્છેદ થયો છે.

કહ્યું છે કે, સ્થૂલભદ્રસ્વામી કાળધર્મ પામ્યા બાદ પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન અને ચૌદપૂર્વનો અંતર્મુહૂર્ત્તમાં ઉપયોગ–એ ત્રણ પદાર્થો વિચ્છિન્ન થયા. (૬૯૩)

૮૭. ક્ષપકશ્રેણી

अण मिच्छ मीस सम्मं अट्ठ नपुंसित्थीवेय छक्कं च ।
पुंवेयं च खवेई कोहाईएवि संजलणे ॥ ६९४ ॥ [आव. नि. १२१]

અનંતાનુબંધી ચાર, મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ, મોહનીય, આઠ કષાય, નપુંસક અને સ્ત્રીવેદ, હાસ્યષટક, પુરુષવેદ, તથા સંજ્વલનના ક્રોધાદિ ચારને ખપાવે છે.

ક્ષપકશ્રેણી સ્વીકારનાર આત્મા આઠ વર્ષની ઉપરની ઉંમરનો, વજ્રઋષભનારાચસંઘયણ યુક્ત, શુદ્ધ ધ્યાનમાં મનને પરોવેલ, અવિરત, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્ત સંયતરૂપ કોઈપણ ગુણઠાણે રહેલ હોય તે આત્મા ક્ષપકશ્રેણી સ્વીકારે છે. અને તેમાં જો અપ્રમત્ત સંયત પૂર્વધર હોય તો શુક્લધ્યાન યુક્ત અને બાકીના ધર્મધ્યાન યુક્ત હોય છે.

આમાં પહેલા અનંતાનુબંધીની વિસંયોજના કહેવામાં આવે છે. યથાસંભવ વિશુદ્ધ પરિણામ યુક્ત અને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત એવા ક્ષાયોપશમિકસમ્યગ્દૃષ્ટિ ચારે ગતિના દેશવિરત તિર્યંચ તથા મનુષ્ય અને સર્વવિરતિધર મનુષ્ય, અનંતાનુબંધીના ક્ષય માટે યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામના કરણો કરે છે. કરણની બધી હકીકત તો કર્મપયડિ વગેરે ગ્રંથોમાંથી જાણી લેવી.

અનિવૃત્તિકરણ કરેલ આત્મા અનંતાનુબંધીની સ્થિતિને કર્મપ્રકૃતિમાં કહ્યા પ્રમાણે ઉદ્વલનાસંક્રમણ વડે નીચેની (છેલ્લી) આવલિકા માત્ર સ્થિતિ છોડી, ઉપરની બધી યે અનંતાનુબંધી સ્થિતિનો નાશ કરે છે. અને બાકી રહેલ આવલિકા માત્ર સ્થિતિને સ્તિબુકસંક્રમ વડે ભોગવાતી પ્રકૃતિઓમાં સંક્રમાવે છે, આ પ્રમાણે અનંતાનુબંધી ચારે ને ખપાવેલ આત્મા, દર્શનમોહનીયને ખપાવવા માટે યથાપ્રવૃત્તકરણ આદિ ત્રણ કરણો કરે છે.

અનિવૃત્તિકરણકાળમાં રહેલ આત્મા દર્શનત્રિકની સ્થિતિ–સત્તાને પલ્યોપમના અસંખ્યેય ભાગ પ્રમાણ જેટલી સ્થિતિ–સત્તા રહે. ત્યાં સુધી ઉદ્વલનાસંક્રમ વડે ઉદ્વેલે છે. તે પછી મિથ્યાત્વના દળિયાને સમકિત અને મિશ્રમોહનીયમાં નાંખે (સંક્રમાવે) છે. તે આ પ્રમાણે–

પહેલા સમયે થોડા. બીજા સમયે તેનાથી અસંખ્યગુણ, તેમ અંતર્મુહૂર્ત્તના (છેલ્લા) ચરમ સમયેથી આવલિકા પ્રમાણ છોડીને ઉપાન્ત્ય સમયે સંક્રમાવેલ દલિક કરતાં અસંખ્યગુણ સંક્રમાવે છે. આવલિકા પ્રમાણ બાકી રહેલ દલિકને તો સ્તિબુક-સંક્રમ વડે સમકિતમોહનીયમાં નાખે છે-એ પ્રમાણે મિથ્યાત્વને ખપાવે છે. તે પછી અંતર્મુહૂર્ત્તે મિશ્રમોહનીય ઉપરોક્ત ક્રમપૂર્વક જ સમકિતમોહનીયમાં નાખે છે. એટલે મિશ્રમોહનીયનો પણ ક્ષય થાય છે. તે પછી સમકિતમોહનીયની અપવર્તના કરે છે. જેથી અંતર્મુહૂર્ત્તમાં તે પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિની થઈ જાય. આ જ ક્રમપૂર્વક અનુભવ કરતો કરતો તે સમયાધિક આવલિકા માત્ર રહે છે. તેના પછીના સમયે તે પ્રકૃતિની ઉદ્દીરણાનો વિચ્છેદ થાય છે. એટલે તેને છેલ્લા સમય સુધી ફક્ત વિપાકોદય વડે ભોગવે છે. તે ભોગવ્યા પછીના સમયે તે ક્ષાયિકસમકિતી થાય છે.

બદ્ધાયુ આત્મા જો ક્ષપકશ્રેણીનો પ્રારંભ કરે અને અનંતાનુબંધીનો ક્ષય કર્યા પછી મરણ થવાના કારણે અટકી જાય, તો અનંતાનુબંધીના બીજરૂપ મિથ્યાત્વનો ક્ષય ન કરેલ હોવાના કારણે ફરીવાર મિથ્યાત્વના ઉદયના કારણે અનંતાનુબંધી કષાયને બાંધે છે. જેને મિથ્યાત્વ ક્ષય થયેલ હોય, તે બીજનો અભાવ હોવાથી ફરીવાર અનંતાનુબંધી બાંધતા નથી. જેને દર્શનસપ્તકનો ક્ષય કરેલ હોય, તે અપતિત-પરિણામી અવશ્ય દેવમાં જ ઉત્પન્ન થાય છે. પતિતપરિણામી તો વિવિધ બુદ્ધિ હોવાના કારણે યથાપરિણામે બધી ગતિમાં ઉત્પન્ન થાય છે.

બદ્ધાયુ પણ જો તે વખતે કાળ ન કરે (મરણ ન પામે) તો પણ દર્શનસપ્તકનો ક્ષય કરી અટકી જાય છે. પણ ચારિત્રમોહનીયનો ક્ષય કરવાનો પ્રયત્ન કરતો નથી.

પ્રશ્નઃ દર્શનસપ્તક ક્ષય કરેલ બીજી ગતિમાં જાય તો કેટલા ભવે મોક્ષે જાય?

ઉત્તરઃ ત્રણ અથવા ચાર ભવે મોક્ષે જાય. તે આ પ્રમાણેઃ જો દેવગતિ કે નરક ગતિમાં જાય, તો દેવભવ કે નરકભવના આંતરે ત્રીજા ભવે મોક્ષે જાય.

હવે તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થાય, તો અવશ્ય અસંખ્ય વર્ષના આયુષ્ય-વાળા જ થાય છે. નહીં કે સંખ્યાત વર્ષાયુવાળા મનુષ્ય તિર્યંચમાં, એટલે મનુષ્ય તિર્યંચના ભવ પછી દેવભવમાં જાય છે. અને દેવભવમાંથી ચ્યવી મનુષ્યભવમાં આવી ત્યાંથી મોક્ષે જાય એમ ચોથે ભવે મોક્ષગમન થાય.

પૂર્વ બદ્ધાયુવાળો પણ દર્શનસપ્તકનો ક્ષય કરીને જો તે વખતે કાળ ન કરે, તો કોઇક જીવ વૈમાનિકદેવોમાં જ ઉત્પન્ન થાય છે. અને કોઈક બદ્ધાયુષ્યવાન્ ચારિત્ર-મોહનીય ઉપશમાવવા માટે પણ પ્રયત્ન કરે છે (ઉપશમશ્રેણી માંડે છે.) બીજા ભવોમાં (માનવ ભવ સિવાય) બદ્ધાયુ ન માંડી શકે.

પ્રશ્નઃ દર્શનત્રિકનો ક્ષય થયા પછી, તે આત્મા સમ્યગ્દૃષ્ટિ કહેવાય કે અસમ્યગ્દૃષ્ટિ ?

ઉત્તરઃ સમ્યગ્દૃષ્ટિ કહેવાય.

પ્રશ્નઃ સમ્યગ્દર્શન (મોહનીય)ના અભાવમાં તો સમ્યગ્દૃષ્ટિપણું ઘટતું નથી.

ઉત્તરઃ આ વાત બરાબર નથી, કારણ કે અહીં મિથ્યાત્વ–મોહનીયના દળિયા, મીણ વગરના થયેલા કોદરાની જેમ દૂર થવાથી સમ્યગ્દર્શનરૂપે થયેલ છે.

આ જ સમ્યગ્દર્શનરૂપે થયેલ દળિયાનો ક્ષય થાય છે. આથી આત્મપરિણતિ સ્વભાવરૂપ, તત્ત્વાર્થ શ્રદ્ધા લક્ષણવાળું સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પણ એનો ક્ષય થતો નથી. જેમ આંખ પરથી ચીકણું સફેદ પડલ (મોતીયો) દૂર થવાથી મનુષ્યની દૃષ્ટિ વિશુદ્ધતર થાય છે. તેમ સમકિતમોહનીય દૂર થવાથી સમ્યગ્દર્શન થાય છે.

હવે જો અબદ્ધાયુ હોય અને ક્ષપકશ્રેણીનો પ્રારંભ કરે, તો દર્શનસપ્તકનો ક્ષય કરી નિયમા ચડતા પરિણામે ચારિત્રમોહનીય ખપાવવા માટે પ્રયત્ન કરે છે. અને ચારિત્ર-મોહનીયને ખપાવવા માટે પ્રયત્ન કરતો યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો કરે છે. તે આ પ્રમાણે–

યથાપ્રવૃત્તકરણ અપ્રમત્તગુણસ્થાનકે, અપૂર્વકરણ અપૂર્વકરણગુણસ્થાનકે અને અનિવૃત્તિકરણ અનિવૃત્તિબાદરસંપરાયગુણસ્થાનકે કરે છે.

તેમાં અપૂર્વકરણમાં સ્થિતિઘાત વગેરેથી અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ નામના આઠ કષાયોને એવી રીતે ખપાવે કે જેથી અનિવૃત્તિકરણ [1]અદ્ધા પ્રથમ સમયે તે પલ્યોપમના અસંખ્યેય ભાગ માત્ર સ્થિતિના થાય છે. અને અનિવૃત્તિકરણઅદ્ધાના સંખ્યેય ભાગો ગયા પછી થીણદ્ધિત્રિક, નરકગતિ, તિર્યંચગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય જાતિ, સ્થાવર, આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ, સાધારણ આ સોળ પ્રકૃતિઓને ઉદ્વલના સંક્રમ વડે ઉદ્વલના કરતા–કરતા પલ્યોપમનો અસંખ્યેય ભાગ પ્રમાણ સ્થિતિ થાય છે. તે પછી તે સોળ કર્મપ્રકૃતિઓને બંધાતી પ્રકૃતિઓમાં ગુણસંક્રમ વડે દરેક સમયે સંક્રમાવતો સંપૂર્ણપણે ક્ષય કરે છે. અહીં વચ્ચે જ અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાનાવરણ–આઠ કષાયો કે, જે પૂર્વમાં ખપાવવા માટે આરંભ કર્યો હતો, જેનો હજુ સુધી ક્ષય થયો ન હતો, તેની વચ્ચે જ પૂર્વોક્ત સોળ પ્રકૃતિ-ઓને ખપાવે છે. પછી તે આઠ કષાયોને પણ અંતર્મુહૂર્ત કાળમાં ખપાવે છે–એવો સૂત્રાદેશ છે.

બીજા આચાર્યો તો એમ કહે છે, કે પહેલા તો સોળ કર્મો જ ખપાવવાનો આરંભ કરે છે. અને વચ્ચે તો ફક્ત આઠ કષાયોને ખપાવે છે. પછી સોળ પ્રકૃતિઓને

---

૧. કાળ

ખપાવે છે. તે પછી અંતર્મુહૂર્ત્ત કાળમાં નવ નોકષાયો અને ચાર સંજ્વલનકષાયોનું અંતઃકરણ કરે છે. તેની સ્થાપના આ પ્રમાણે છે.∆

તે અંતઃકરણ કરીને નપુંસકવેદના ઉપરની સ્થિતિમાં રહેલા દલિયાને ઉદ્વલના વિધિ વડે ખપાવવાનો આરંભ કરે છે. તે પણ અંતર્મુહૂર્ત્ત કાળમાં પલ્યોપમના અસંખ્યેય ભાગ માત્ર સ્થિતિના થાય છે. તેને ત્યારપછી બંધાતી પ્રકૃતિઓમાં ગુણસંક્રમ વડે તે દલિકને નાંખે છે.

આ પ્રમાણે બંધાતી પ્રકૃતિમાં નાખતાં-નાખતાં અંતર્મુહૂર્ત્ત કાળમાં સંપૂર્ણ ક્ષય પામે છે અને નીચેની સ્થિતિના દલિયાને જો નપુંસકવેદે ક્ષપકશ્રેણી માંડી હોય, તો અનુભવીને ભોગવે છે. નહીં તો આવલિકા માત્ર તે હોય છે, તેને ભોગવાતી પ્રકૃતિઓમાં સ્તિબુકસંક્રમવડે સંક્રમાવે છે. આ પ્રમાણે નપુંસકવેદ ક્ષય પામે છે.

તે પછી અંતર્મુહૂર્ત્તકાળમાં સ્ત્રીવેદ પણ આ પ્રમાણે જ ખપાવે છે. તે પછી એકી સાથે છએ નોકષાયોને ખપાવવાનો આરંભ કરે છે. ત્યારથી લઇને તેની ઉપરની સ્થિતિના દળિયાને પુરુષવેદમાં સંક્રમાવે નહીં પણ સંજ્વલન ક્રોધમાં જ સંક્રમાવે છે. આ છ નોકષાયો પણ પૂર્વોક્ત વિધિપૂર્વક ખપાવતાં ખપાવતાં અંતર્મુહૂર્ત્ત કાળમાં સંપૂર્ણ ક્ષય કરે છે. અને તે જ સમયે પુરુષવેદનો બંધ, ઉદય, ઉદીરણાનો વિચ્છેદ થાય છે અને સમયોન બે આવલિકા પ્રમાણ સ્થિતિનું દલિક છોડી બાકીનાનો ક્ષય થાય છે. તે વખતથી એ આત્મા અવેદી બને છે.

ક્રોધ મોહનીયને ભોગવતાં-ભોગવતાં તે ક્રોધની સ્થિતિના ત્રણ વિભાગ થાય છે. ૧. અશ્વકર્ણકર્ણોદ્ધા, ૨. કિટ્ટિકરણાદ્ધા, ૩. કિટ્ટિવેદનાદ્ધા. તેમાં અશ્વકર્ણકરણાદ્ધામાં રહેલો દરેક સમયે અનંતા અપૂર્વ સ્પર્દ્ધકો ચારે સંજ્વલન કષાયોના અંતરકરણથી ઉપરની સ્થિતિમાં કરે છે.

પ્રશ્નઃ આ સ્પર્દ્ધકો શું છે ?

ઉત્તરઃ અનંતાનંત પરમાણુઓ વડે બનેલા સ્કંધોને જીવ કર્મરૂપે ગ્રહણ કરે છે. અને તે દરેક સ્કંધોમાં જે સર્વ જઘન્ય રસવાળો પરમાણુ છે; તેના રસને પણ કેવલીની બુદ્ધિથી છેદતાં (વિભાગ કરતાં) સર્વ જીવોથી અનંતગુણા રસના ભાગો થાય છે. બીજો પણ તેનાથી એક ભાગ અધિક રસવાળો એના પછીનો બે ભાગ અધિક રસવાળો એમ એક-એક ભાગ વૃદ્ધિ ત્યાં સુધી જાણવી, કે અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગે અધિક રસભાગો થાય. તેમાં જઘન્ય રસોવાળા કેટલાક પરમાણુઓ હોય છે. તેમનો જે સમુદાય તે સમાનજાતીય હોવાથી એક વર્ગણા કહેવાય છે. બીજા એક અધિક રસભાગ યુક્ત પરમાણુઓના સમુદાયની બીજી વર્ગણા, બીજા બે અધિક રસભાગયુક્ત પરમાણુઓના સમુદાયની ત્રીજી વર્ગણા, આ પ્રમાણે એક એક રસભાગ

વૃદ્ધિવાળા પરમાણુઓના સમુદાયરૂપ વર્ગણાઓ સિદ્ધોથી અનંતમે ભાગે અભવ્યથી અનંતગુણી જાણવી. આ વર્ગણાઓનો જે સમુદાય તે સ્પર્દ્ધક કહેવાય.

એક-એક પરમાણુની ઉત્તરોત્તર વૃદ્ધિથી જાણે વર્ગણાઓ સ્પર્ધા ન કરતી હોય, તેની જેમ વર્ગણાનો સમુદાય હોવાથી સ્પર્દ્ધક કહેવાય છે.

આ સ્પર્દ્ધક પછી સતત એક-એક ભાગ વૃદ્ધિવાળા રસો મળતા નથી. પરંતુ સર્વ જીવોથી અનંતગુણા વૃદ્ધિવાળા જ રસો મળે છે. તેથી પૂર્વોક્ત ક્રમ પ્રમાણે જ ત્યાંથી બીજા સ્પર્દ્ધકની શરૂઆત થાય છે. એ પ્રમાણે ત્રીજું સ્પર્દ્ધક-એમ અનંતા સ્પર્દ્ધકો સુધી કહેવું.

હવે આ સ્પર્દ્ધકોમાંથી જ વિશુદ્ધિની પ્રકર્ષતાના કારણે (પ્રથમ વગેરે વર્ગણાઓ લઈને) અનંતગુણ હીન રસવાળા પરમાણુઓ કરી પૂર્વની જેમ સ્પર્દ્ધકો કરે છે. આવા પ્રકારના સ્પર્દ્ધકો પહેલા કયારે પણ ન કરેલા હોવાથી અપૂર્વ સ્પર્દ્ધકો કહેવાય છે.

આ અશ્વકર્ણકરણકાળમાં રહેલ આત્મા પુરુષવેદને એક સમય ન્યૂન બે આવલિકા કાળમાં ગુણસંક્રમવડે ક્રોધમાં સંક્રમાવતો છેલ્લા સમયે સર્વસંક્રમ વડે સંક્રમાવે છે. આ પ્રમાણે પુરુષવેદનો ક્ષય થાય છે.

અશ્વકર્ણકરણકાળ પૂરો થાય અને કિટ્ટિકરણકાળમાં રહેલ આત્મા ચારે સંજ્વલન-કષાયોની ઉપરની સ્થિતિના દળિયાઓની કિટ્ટિઓ કરે છે. કિટ્ટિ એટલે પૂર્વસ્પર્દ્ધક અને અપૂર્વસ્પર્દ્ધકોમાંથી પ્રથમ વગેરે વર્ગણાઓ લઈને વિશુદ્ધિની પ્રકર્ષતાના કારણે અત્યંત હીન રસવાળા કરી, તેઓને એક-બે-ત્રણ આદિ વૃદ્ધિને છોડી મોટા અંતરે સ્થાપવા.

જેમકે જે વર્ગણાઓના અસત્ કલ્પનાએ અનુભાગના ભાગો એકસો એક (૧૦૧) વગેરે હોય. તેઓને જ વિશુદ્ધિના બળે દશ-પંદર વગેરે અનુભાગ ભાગોરૂપે સ્થાપે. આ કિટ્ટીઓ પરમાર્થથી તો અનંતી છે. પણ સ્થૂલજાતિ ભેદની અપેક્ષાએ બારની કલ્પના કરીએ અને એક-એક કષાયની પ્રથમા, દ્વિતીયા, તૃતીયા એમ ત્રણ-ત્રણ કલ્પવી. આ પ્રમાણે ક્રોધના ઉદયથી ખપાવવાની શરૂઆતપૂર્વક ક્ષપકશ્રેણી સ્વીકારનાર આશ્રયિ જાણવું. જો માનના ઉદયથી શ્રેણી સ્વીકારતો હોય, તો ઉદ્વલનાવિધિથી ક્રોધના ક્ષય થયા પછી બાકીના ત્રણ કષાયોની પૂર્વોક્ત ક્રમાનુસારે નવ-નવ કિટ્ટીઓ થાય છે. માયાના ઉદયથી જો શ્રેણી સ્વીકારાતી હોય, તો ક્રોધ-માનનો ઉદ્વલન વિધિવડે ક્ષય થયા પછી બાકીના બે કષાયની પૂર્વોક્ત ક્રમાનુસારે છ કિટ્ટી થાય છે. જો લોભથી શ્રેણી સ્વીકારે, તો ઉદ્વલના વિધિવડે ક્રોધાદિ ત્રણને ખપાવી લોભની ત્રણ કિટ્ટીઓ કરે છે. આ કિટ્ટી-કરણની વિધિ થઈ.

કિટ્ટીકરણઅદ્ધાનો સમય પૂરો થયા પછી ક્રોધના ઉદયે જો શ્રેણી માંડી હોય, તો ક્રોધનું પ્રથમ કિટ્ટી દલિકમાં દ્વિતીય સ્થિતિગત દલિક ખેંચી, પ્રથમ સ્થિતિરૂપ કરી,

તેને એક સમયાધિક આવલિકા પ્રમાણ શેષ રહે, ત્યાં સુધી ભોગવે છે, તે પછીના અનંતર સમયે દ્વિતીય કિટ્ટી દલિક દ્વિતીય સ્થિતિગતને ખેંચી પ્રથમ સ્થિતિરૂપ કરી, તેને એક સમયાધિક આવલિકા માત્ર કાળ સુધી ભોગવે છે– આ ત્રણે કિટ્ટી વેદનાદ્ધામાં પણ ઉપરની સ્થિતિગત દલિકને ગુણસંક્રમવડે પ્રતિસમય અસંખ્યેય ગુણ–વૃદ્ધિ વડે સંજ્વલન માનમાં નાખે છે. ત્રીજી કિટ્ટીવેદનાદ્ધાના ચરમ સમયે, સંજ્વલનક્રોધનો, બંધ, ઉદય, ઉદીરણાનો એક સાથે વિચ્છેદ થાય છે. અને તેની સત્તા પણ એક સમય ન્યૂન બે આવલિકારૂપ જે બંધાયેલ છે, તેને છોડી બીજી હોતી નથી. કેમકે બધી સત્તા માનમાં નાખી હોવાથી.

તે પછી માનનું પ્રથમ કિટ્ટી દલિકમાં દ્વિતીય સ્થિતિગત દલિક ખેંચીને પ્રથમ સ્થિતિરૂપ કરી અંતર્મુહૂર્ત્ત સુધી ભોગવે છે. અને ક્રોધના બંધ વગેરેનો વિચ્છેદ થયા પછી તેના દલિકને એક સમય ન્યૂન બે આવલિકા જેટલા સમયમાં ગુણસંક્રમવડે સંક્રમાવતો માનમાં છેલ્લા સમયે સર્વ દલિક સંક્રમાવે છે. અને માનનું પણ પ્રથમ કિટ્ટી દલિક જે પ્રથમ સ્થિતિરૂપ કરાયેલ છે, તેને ભોગવતાં તે સમયાધિક એક આવલિકા જેટલું બાકી રહે છે. તે પછી માનનાં દ્વિતીય કિટ્ટીદલિકને દ્વિતીય સ્થિતિગતમાંથી ખેંચીને પ્રથમ સ્થિતિરૂપ કરી સમયાધિક આવલિકા માત્ર કાળ પ્રમાણ રહે ત્યાં સુધી ભોગવે છે. અને તે જ વખતે માનના બંધ, ઉદય અને ઉદીરણાનો એકી સાથે વિચ્છેદ થાય છે. અને તેની સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ બદ્ધસત્તા બાકી હોય છે. કેમકે બાકીના ક્રોધના શેષ દલિકો જેમ માનમાં નાખ્યા હતા તેમ અહીં માનના શેષ દલિકો માયામાં નાખ્યા હોવાથી આટલા જ શેષ રહે છે.

તે પછી માયાની પ્રથમ કિટ્ટી દલિકને દ્વિતીય સ્થિતિગતમાંથી ખેંચીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે. અંતર્મુહૂર્ત્ત સુધી ભોગવે છે. અને સંજ્વલન માનના બંધ વગેરેનો વિચ્છેદ થયા પછી તેના દલિકને સમયન્યૂન બે આવલિકા કાળ સુધી ગુણસંક્રમ વડે માયામાં બધા દળિયા નાખે છે. અને માયાનું પણ પ્રથમ કિટ્ટી દલિકને જે દ્વિતીય સ્થિતિમાંથી ખેંચી પ્રથમ સ્થિતિરૂપ કરેલ, તેને ભોગવતા સમયાધિક આવલિકા જેટલું બાકી રહે. તે પછી માયાની બીજી કિટ્ટી દલિકને દ્વિતીય સ્થિતિગતમાંથી ખેંચીને પ્રથમ સ્થિતિરૂપે કરે અને સમયાધિક આવલિકા પ્રમાણ કાળ જેટલું બાકી રહે, ત્યાંસુધી ભોગવે. તે પછી તૃતીય કિટ્ટી દલિકને દ્વિતીય સ્થિતિગતમાંથી ખેંચીને પ્રથમ સ્થિતિરૂપ કરે અને સમયાધિક આવલિકા જેટલો માત્ર કાળ બાકી રહે, ત્યાંસુધી ભોગવે. અને તે જ વખતે માયાનો બંધ, ઉદય અને ઉદીરણાનો એકી સાથે વિચ્છેદ થાય છે. અને તેની સત્તા પણ સમય ન્યૂન બે આવલિકા બદ્ધ જેટલી જ હોય છે. બાકીની બધી સત્તા ગુણસંક્રમવડે લોભમાં સંક્રમાવી હોય છે.

તે પછી લોભની પ્રથમ કિટ્ટી દલિકને દ્વિતીય સ્થિતિગતમાંથી ખેંચી, પ્રથમ સ્થિતિરૂપે કરી, અંતર્મુહૂર્ત્ત કાળ સુધી ભોગવે છે. અને સંજ્વલન માયાના બંધ, ઉદય, ઉદીરણાનો વિચ્છેદ થયા પછી તેના દલિકને સમય ન્યૂન બે આવલિકા જેટલા કાળ પ્રમાણ ગુણસંક્રમવડે લોભમાં સર્વ સંક્રમાવે છે. અને સંજ્વલન લોભનું પ્રથમકિટ્ટીરૂપ દલિક, જે પ્રથમ સ્થિતિ કરી ભોગવતાં જે સમયાધિક આવલિકા કાળ જેટલું બાકી રહે. તે પછી લોભનું બીજું કિટ્ટીદલ દ્વિતીય સ્થિતિગતમાંથી ખેંચીને પ્રથમ સ્થિતિરૂપ કરી ભોગવે છે. અને તેને ભોગવતા તૃતીય કિટ્ટી દલિકને લઈ, સૂક્ષ્મકિટ્ટીઓ ત્યાંસુધી કરે કે જ્યાં સુધીમાં દ્વિતીય કિટ્ટી દલિકાનું પ્રથમ સ્થિતિ કરેલ દલિક સમયાધિક એક આવલિકા કાળ જેટલું બાકી રહે. તે જ સમયે સંજ્વલન લોભનો બંધ વિચ્છેદ થાય છે. અને બાદર કષાયના ઉદય અને ઉદીરણાનો વિચ્છેદ તથા અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક કાળનો યુગપત્ એટલે એકી સાથે વિચ્છેદ થાય છે.

ત્યારબાદ સૂક્ષ્મ કિટ્ટી દલિકને દ્વિતીય સ્થિતિમાંથી ખેંચીને, પ્રથમ સ્થિતિરૂપ કરે છે. અને ભોગવે છે. તે વખતે આ જીવ સૂક્ષ્મ સંપરાયી કહેવાય છે.

પૂર્વોક્ત તૃતીય કિટ્ટીની બાકી રહેલ બધી આવલિકાઓને ભોગવાતી બાવન પ્રકૃતિઓમાં રિતમુકસંક્રમ વડે સંક્રમાવે છે. પહેલી અને બીજી કિટ્ટીઓના દલિકો યથાનુક્રમે બીજી અને ત્રીજી કિટ્ટીઓમાં ભોગવાય છે. અને સૂક્ષ્મ સંપરાયી લોભની સૂક્ષ્મ કિટ્ટીઓને ભોગવતો-ભોગવતો સૂક્ષ્મ કિટ્ટીદલિકને અને સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલ દલિકને પ્રતિસમયે સ્થિતિઘાત વગેરે દ્વારા ત્યાં સુધી ખપાવે કે જ્યાં સુધીમાં સૂક્ષ્મસંપરાય (ગુણસ્થાનક) કાળના સંખ્યાતા ભાગો વીતી જઈ, એક ભાગ બાકી રહે, ત્યારપછી તે સંખ્યાત ભાગમાં સંજ્વલન લોભને સર્વ અપવર્તના કરણવડે અપવર્તી, સૂક્ષ્મસંપરાયઅદ્ધાના સમાન કરે છે અને તે સૂક્ષ્મસંપરાયઅદ્ધા હજુ પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણની રહે, ત્યારથી લઈ મોહના સ્થિતિઘાત વગેરે બંધ થાય છે પણ બીજા કર્મોના તો ચાલુ જ હોય છે.

લોભની અપવર્તિત કરેલ સ્થિતિને ઉદય, ઉદીરણાવડે ત્યાં સુધી ભોગવે, કે જ્યારે તે સ્થિતિ સમયાધિક એક આવલિકા જેટલી બાકી રહે ત્યારે ઉદીરણા અટકી જાય છે. ત્યારપછીની સ્થિતિને છેલ્લા સમય સુધી ફક્ત ઉદય વડે ભોગવીને પૂરી કરે અને તેના જ છેલ્લા સમયે જ્ઞાનાવરણ પાંચ, દર્શનાવરણ ચાર, અંતરાય પાંચ, યશ તથા ઉચ્ચગોત્ર આ સોળ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે. તથા મોહનીયનો ઉદય અને સત્તાનો વિચ્છેદ થાય છે. તેથી આ જીવ ક્ષીણકષાયી કહેવાય છે. અને તેના બાકીના કર્મોના સ્થિતિઘાત વગેરે આગળની જે ક્ષીણકષાય અદ્ધાના સંખ્યાતભાગો વીતે ત્યાં સુધી ચાલુ રહે છે. અને એક સંખ્યાત ભાગ બાકી રહે છે. તેમાં જ્ઞાનાવરણ પાંચ, અંતરાય પાંચ,

દર્શનાવરણ ચાર, નિદ્રાદ્વિક એમ સોળ કર્મોની સ્થિતિ સત્તાને સર્વ અપવર્તનાવડે અપવર્તી ક્ષીણકષાયઅદ્ધાની સ્થિતિના સમાન કરે છે. ફક્ત નિદ્રાદ્વિક સ્વ-સ્વરૂપની અપેક્ષાએ સમય ન્યૂન છે પણ સામાન્યથી કર્મરૂપે તો સમાન છે. અને તે ક્ષીણકષાયાદ્ધા હજુ અંતર્મુહૂર્ત્ત પ્રમાણની છે. ત્યારથી લઈ તે કર્મોના સ્થિતિઘાત વગેરે અટકી જાય છે. પણ બાકીના કર્મોના તો થાય જ છે. અને તે નિદ્રાદ્વિક વગર સોળકર્મોને ઉદય, ઉદીરણાવડે ભોગવતાં-ભોગવતાં જ્યારે તે સમયાધિક આવલિકા માત્ર સ્થિતિના રહે, ત્યારે તેમની ઉદીરણા વિચ્છેદ પામે છે. તે પછી આવલિકા માત્ર કાળ સુધી ઉદયપૂર્વક તે કર્મો ક્ષીણ=કષાયઅદ્ધાના દ્વિચરમ એટલે છેલ્લાના આગલા સમય સુધી ભોગવે છે. તેમાં નિદ્રાદ્વિક દ્વિચરમ સમયે સ્વરૂપ અપેક્ષાએ ક્ષીણ થાય છે. અને સત્તાની ચૌદ પ્રકૃતિઓ ચરમ સમયે ક્ષીણ થાય છે. તેના પછી અનંતર સમયે કેવળી થાય છે. (૬૯૪)

कोहो माणो माया लोहोऽणंताणु बंधिणो चउरो ।
खविऊण खवई संढो मिच्छं मीसं च सम्मत्तं ॥ ६९५ ॥

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ-આ ચાર કષાયોને એક સાથે ખપાવી નપુંસકવેદે શ્રેણી સ્વીકારનાર મિથ્યાત્વ, મિશ્ર, સમકિતમોહનીય અંતર્મુહૂર્ત્ત કાળમાં ક્રમપૂર્વક ખપાવે છે. બધી જગ્યાએ પ્રકૃતિઓના ક્ષપણાનું કાળમાન અંતર્મુહૂર્ત્ત છે. સંપૂર્ણ શ્રેણીની સમાપ્તિ સુધીનો કાળ પણ ફક્ત અંતર્મુહૂર્ત્ત જ છે. કેમકે અંતર્મુહૂર્ત્તના અસંખ્ય ભેદો છે. (૬૯૫)

अप्पच्चक्खाण चउरो पच्चक्खाणे य सममवि खवेइ ।
तयणु नपुंसगइत्थीवेयदुगं खविय समं ॥ ६९६ ॥
हासरइअरइपुंवेयसोयभयजुयदुगुंछ सत्त इमा ।
तह संजलणं कोहं माणं मायं च लोभं च ॥६९७॥

તે પછી અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ આઠ કષાયોને એકી સાથે ખપાવે છે. તે પછી નપુંસકવેદ અને સ્ત્રીવેદને એકી સાથે ખપાવે છે. અને સ્ત્રીવેદ, નપુંસકવેદનો ક્ષય થતાં, પુરુષવેદનો બંધ વિચ્છેદ થાય છે. તેને ખપાવી સાત પ્રકૃતિઓને એકી સાથે ખપાવે છે. તે આ પ્રમાણે-હાસ્ય, રતિ, અરતિ, પુરુષવેદ, શોક, ભય, જુગુપ્સા ત્યાર પછી સંજ્વલન ક્રોધ, તે પછી સંજ્વલન માન, તે પછી સંજ્વલન માયા ત્યાર બાદ સંજ્વલન લોભને ખપાવે છે. લોભની ક્ષપણામાં જે વિશેષતા છે તે આગળની ગાથામાં કહે છે. (૬૯૬-૬૯૭)

तो किट्टीकयअस्संखलोहखंडाइं खविय मोहखया ।
पावइलोयालोयप्पयासयं केवलं नाणं ॥६९८॥

માયા ખપાવ્યા પછી અસંખ્ય ખંડો રૂપ કિટ્ટી કરેલ સૂક્ષ્મ લોભને ખપાવી, સંપૂર્ણ મોહના ક્ષયથી પ્રાપ્ત થતું લોકાલોક પ્રકાશ સ્વરૂપ કેવળજ્ઞાન પામે છે. આ લોભની કિટ્ટીકરણ લોભના ઉદયે શ્રેણી સ્વીકારનારાના આશ્રયી જાણવું. જો ક્રોધના ઉદયે શ્રેણી સ્વીકારે તો, ક્રોધ વગેરે ચારેની કિટ્ટીઓ કરે છે. માનના ઉદયે શ્રેણી સ્વીકારે, તો માનાદિ ત્રણ કષાયની કિટ્ટીઓ કરે, માયાના ઉદયે શ્રેણી સ્વીકારે તો માયા લોભની કિટ્ટી કરે એમ જાણવું. (૬૯૮)

नवरं इत्थी खवगा नपुंसगं खविय थीवेयं ।
हासाइछगं खविउं खवइ सवेयं नरो खवगो ॥६९९॥

આ ક્ષપણાનો ક્રમ ગાથામાં જે કહ્યો તે નપુંસકવેદે શ્રેણી સ્વીકારનાર આશ્રયી કહ્યો છે. જો સ્ત્રીવેદે શ્રેણી આરંભનાર હોય, તો તેમાં આ વિશેષતા છે કે, તે પહેલા નપુંસકવેદને ખપાવે છે. તે પછી સ્ત્રીવેદને ખપાવે છે. અને સ્ત્રીવેદના ક્ષયની સાથે પુરુષવેદનો બંધ વિચ્છેદ થાય છે. તે પછી અવેદક તે પૂર્વોક્ત પુરુષવેદ અને હાસ્યાદિ ષટ્ક એમ સાત પ્રકૃતિઓને એક સાથે ખપાવે છે. અને બાકીની પ્રકૃતિઓ આગળ પ્રમાણે ખપાવે છે.

જો પુરુષવેદે શ્રેણી સ્વીકારનાર હોય, તો પહેલા નપુંસકવેદ, તે પછી સ્ત્રીવેદ તે પછી હાસ્યાદિ ષટ્ક ખપાવી પછી પુરુષવેદને ખપાવે છે. બાકીનું આગળ પ્રમાણે (૬૯૯)

૯૦. ઉપશમશ્રેણી

अणदंसनपुंसित्थीवेयछक्कं च पुरिसवेयं च ।
दो दो एगंतरिए सरिसे सरिसं उवसमेइ ॥७००॥

ક્રમશઃ અનંતાનુબંધી ચાર કષાયો, દર્શનત્રિક, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યષટ્ક, પુરુષવેદ, ક્રોધ વગેરે કષાય અને આંતરે સંજ્વલનં ક્રોધ વગેરે સરખા કષાયોને ઉપશમાવે છે.

ઉપશમ શ્રેણીને પ્રારંભ કરનાર અપ્રમત્તસંયત જ હોય છે. ઉપશમ-શ્રેણીની પૂર્ણાહુતિમાં જીવ અપ્રમત્તસંયત, પ્રમત્તસંયત, દેશવિરત કે અવિરતમાંથી કોઈપણ હોય છે.

બીજા આચાર્યો કહે છે કે, અવિરત, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્તસંયતમાંથી કોઈપણ અનંતાનુબંધી કષાયોને ઉપશમાવે છે. દર્શનત્રિક વગેરેને તો સંયમમાં રહેલ આત્મા જ ઉપશમાવે છે.

એમાં પહેલા અનંતાનુબંધીની ઉપશમના કરે છે. કોઈપણ અવિરત વગેરે કોઈપણ યોગમાં વર્તતા તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યામાંથી કોઈપણ શુભ લેશ્યાવાન,

સાકાર ઉપયોગવાળો, અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ સત્તાવાળો, કરણકાળના પહેલા અંતર્મુહૂર્ત્ત સુધી સતત વિશુદ્ધમાન ચિત્તવાળો હોય છે, અને આવા પ્રકારના ચિત્તવાળો પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ જ બાંધે છે. પણ અશુભ પ્રકૃતિઓ બાંધતો નથી. અને અશુભકર્મોના રસની અનંતગુણી હાનિ કરે છે અને શુભ પ્રકૃતિના રસની અનંતગુણ વૃદ્ધિ કરે છે. સ્થિતિબંધમાં પણ જે જે સ્થિતિ પૂર્ણ થતી જાય ત્યારે બીજા સ્થિતિબંધને પૂર્વ-પૂર્વ સ્થિતિબંધની અપેક્ષાએ પલ્યોપમના અસંખ્યાતભાગ હીન કરે છે. અંતર્મુહૂર્ત પૂરો થયા પછી ક્રમસર યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામ અતર્મુહૂર્ત્ત કાળવાળા ત્રણ કરણો કરે છે. ચોથો તો ઉપશાન્તઅદ્ધાનો કાળ છે. યથાપ્રવૃત્તકરણ આદિ તો સંપૂર્ણપણે કર્મ પ્રકૃતિ ગ્રંથમાંથી જાણવા.

અનિવૃત્તિકરણાદ્ધાનો સંખ્યાત ભાગ ગયા પછી, એક ભાગ બાકી રહે, ત્યારે અનંતાનુબંધીની નીચેની આવલિકા માત્ર સ્થિતિ છોડી, અંતર્મુહૂર્ત્ત પ્રમાણનું અંતઃકરણ અંતર્મુહૂર્ત્ત કાળમાં કરે છે. અને અંતરકરણના દલિકને ઉખેડી ઉખેડીને બંધાતી પરપ્રકૃતિમાં નાંખે છે અને એક આવલિકારૂપ પ્રથમ સ્થિતિના દલિકને સ્તિબુક સંક્રમ વડે ભોગવાતી પરપ્રકૃતિઓમાં નાંખે છે. અંતરકરણ કર્યા બાદ બીજા સમયે અનંતાનુબંધીની ઉપરની સ્થિતિના દલિકને ઉપશમાવવાનો આરંભ કરે છે. તે આ પ્રમાણે-

પહેલા સમયે થોડું, બીજા સમયે તેથી અસંખ્યાતગુણ, ત્રીજા સમયે તેનાથી અસંખ્યાતગુણ-એ પ્રમાણે અંતર્મુહૂર્ત્તકાળમાં દરેક સમયે ક્રમસર અસંખ્યાતગુણ અસંખ્યેયગુણ ઉપશમવાળા અનંતાનુબંધીનો સંપૂર્ણ ઉપશમ થાય છે.

ઉપશમ પામેલી પ્રકૃતિ એટલે કે ધૂળના ઢગલાને પાણીવડે સિંચી-સિંચી, ધોકા વગેરે વડે ટીપી ટીપી અતિ કઠણ કરે, તેમ કર્મરૂપી ધૂળને પણ વિશુદ્ધિરૂપી પાણીવડે સિંચી-સિંચી અનિવૃત્તિકરણરૂપ ધોકાવડે ટીપી ટીપી એવી કરે કે જેથી સંક્રમણ, ઉદય, ઉદીરણા, નિદ્ધત્ત, નિકાચના વગેરે કરણોને અયોગ્ય થાય એટલે કોઈપણ કરણ ન લાગે.

બીજા આચાર્યો તો અનંતાનુબંધીની ઉપશમના માનતા નથી. પરંતુ વિસંયોજના કે ક્ષપણા થાય એમ કહે છે અને તે પહેલા કહી ગયા છીએ.

દર્શનત્રિકની ઉપશમના કહે છે- સંયમમાં રહેલ, ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિવંત અંતર્મુહૂર્ત્ત કાળમાં દર્શનત્રિકને ઉપશમાવે છે અને ઉપશમાવીને પૂર્વોક્ત ત્રણ કરણો કરી વિશુદ્ધિથી વધતા અનિવૃત્તિકરણ અદ્ધાના સંખ્યાતા ભાગ ગયા બાદ અંતરકરણ કરે છે. અને તે અંતરકરણ કરતાં- કરતાં સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત્ત પ્રમાણની સ્થાપે છે. અને મિશ્રમોહનીય અને મિથ્યાત્વ મોહનીયની આવલિકા પ્રમાણ સ્થાપે છે. ત્રણેના દલિકોને ખોદી-ખોદીને સમકિત મોહનીયની પ્રથમ સ્થિતિમાં નાંખે

છે. મિથ્યાત્વ અને મિશ્રમોહના પ્રથમ સ્થિતિના દલિકને સમકિત મોહનીયના પ્રથમ સ્થિતિના દલિકમાં સ્તિબુક સંક્રમવડે સંક્રમાવે છે. અને સમકિતમોહનીયની પ્રથમ સ્થિતિ વિપાકોદય વડે અનુભવતા ભોગવતા ક્ષીણ થવાથી ઉપશમ સમ્યગ્દષ્ટિ થાય છે. મિથ્યાત્વ વગેરે ત્રણે દર્શન મોહનીયના ઉપરિતન દલિકની ઉપશમના પણ અનંતાનુબંધીના ઉપરિતન સ્થિતિ દલિકની ઉપશમનાની જેમ જ જાણવી.

આ પ્રમાણે દર્શનત્રિકને ઉપશમાવનાર આત્મા પ્રમત્ત અપ્રમત્ત ગુણઠાણે સેંકડો વખત આવ-જાવ કરીને ચારિત્રમોહનીયને ઉપશમાવવાની ઈચ્છાથી ફરીથી યથાપ્રવૃત્ત વગેરે ત્રણ કરણો કરે છે. પરંતુ અહિં યથાપ્રવૃત્તકરણ અપ્રમત્ત ગુણસ્થાનકે, અપૂર્વકરણ-અપૂર્વકરણ ગુણસ્થાનકે કરે અને અપૂર્વકરણ સમયે સ્થિતિઘાત વગેરે વડે વિશુદ્ધ કરીને તે પછીના બીજા સમયે અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે. અનિવૃત્તિકરણ અદ્ધાના સંખ્યાતા ભાગ ગયા પછી, દર્શનસપ્તક (સિવાય)ને છોડી મોહનીયની એકવીસ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે. તેમાં વેદ અને સંજ્વલન કષાયનો ઉદય હોય, તે બેનો પોતાના ઉદયકાળથી લઇને પ્રથમ સ્થિતિ કરે છે. અને બાકીના અગ્યાર કષાયો અને આઠ નોકષાયની આવલિકા માત્ર સ્થિતિ કરે છે. અને અંતરકરણમાં રહેલ દલિકનું પ્રક્ષેપ સ્વરૂપ ગ્રંથ વિસ્તારના ભયથી લખતા નથી.

અંતરકરણ કરીને, અંતર્મુહૂર્ત બાદ નપુંસક વેદને ઉપશમાવે છે. તે આ પ્રમાણે. પહેલા સમયે થોડું, બીજા સમયે તેનાથી અસંખ્યાતગુણ, એમ દરેક સમયે અસંખ્યગુણ અસંખ્યગુણ છેલ્લા સમય સુધી ઉપશમાવે છે. દરેક સમયે ઉપશમાવેલ દલિકની અપેક્ષાએ બીજી પ્રકૃતિઓમાં છેલ્લેથી બીજા સમય સુધી અસંખ્ય ગુણ દલિકનો પ્રક્ષેપ કરે છે. અને છેલ્લે સમયે ઉપશમાવવા યોગ્ય દલિક બીજી પ્રકૃતિઓમાં સંક્રમાવવા યોગ્ય દલિકની અપેક્ષાએ, અસંખ્યગુણ જાણવા.

નપુંસકવેદ ઉપશમાવ્યા પછી પૂર્વોક્ત વિધિપૂર્વક અંતર્મુહૂર્ત કાળમાં સ્ત્રીવેદ ઉપશમાવે છે. તે પછી અંતર્મુહૂર્ત કાળમાં હાસ્ય ષટ્ક ઉપશમાવે છે. જે સમયે હાસ્યષટ્ક ઉપશમે, તે જ વખતે પુરુષવેદનો બંધ, ઉદય, ઉદીરણાનો વિચ્છેદ થાય છે. તે પછી એક સમય ન્યૂન બે આવલિકા કાળમાં સંપૂર્ણ પુરુષવેદને ઉપશમાવે છે.

તે પછી અંતર્મુહૂર્ત કાળમાં એક સાથે અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધને ઉપશમાવે છે. અને તે જ વખતે સંજ્વલન ક્રોધનો બંધ, ઉદય અને ઉદીરણાનો વિચ્છેદ થાય છે. તે પછી સમય ન્યૂન બે આવલિકા કાળમાં સંજ્વલન ક્રોધને ઉપશમાવે છે. તે પછી અંતર્મુહૂર્ત કાળમાં અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ માનને એક સાથે ઉપશમાવે છે. તે ઉપશાંત થાય તે જ વખતે સંજ્વલનમાનનો બંધ, ઉદય, ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારપછી એક સમય ન્યૂન બે આવલિકા કાળમાં

સંજ્વલન માન ઉપશમાવે છે. ત્યારબાદ અંતર્મુહૂર્ત્ત કાળમાં અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ માયાને ઉપશમાવે છે. તે જ સમયે સંજ્વલનમાયાનો બંધ, ઉદય, ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારથી આ જીવ ફક્ત લોભમોહનીયને ભોગવનારો થાય છે.

લોભવેદનાદ્ધાના ત્રણ વિભાગો છે. ૧. અશ્વકર્ણકરણાદ્ધા, ૨. કિટ્ટીકરણાદ્ધા, ૩. કિટ્ટીવેદનાદ્ધા. તેમાં પહેલા બેનો ત્રીજો ભાગ ચાલતો હોય ત્યારે સંજ્વલન લોભની બીજી સ્થિતિમાંથી દલિકોને ખેંચી, પ્રથમ સ્થિતિરૂપ કરે છે અને ભોગવે છે. અશ્વકર્ણકરણાદ્ધામાં રહેલો પહેલા સમયે જ અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન—એમ ત્રણે લોભને એક સાથે ઉપશમાવવાનો આરંભ કરે છે. વિશુદ્ધિ વધતા અપૂર્વ સ્પર્દ્ધકો કરે છે. અપૂર્વ સ્પર્દ્ધકનો શબ્દ આગળ કહ્યા પ્રમાણે જાણવો. સંજ્વલનમાયાના બંધાદિનો વિચ્છેદ થયા પછી, એક સમય ન્યૂન બે આવલિકા કાળ બાદ સંજ્વલનમાયાનો ઉપશમ થાય છે. આ પ્રમાણે અશ્વકર્ણકરણાદ્ધા પૂરી થયા પછી, કિટ્ટીકર્ણકરણાદ્ધામાં પ્રવેશ થાય છે. ત્યાં પૂર્વસ્પર્દ્ધકો અને અપૂર્વસ્પર્દ્ધકોમાંથી દ્વિતીય સ્થિતિમાં રહેલા દલિકોને ખેંચી લઈ, દરેક સમયે અનંતી કિટ્ટીઓ કરે છે. કિટ્ટીકરણાદ્ધાના ચરમ સમયે અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ લોભને એક સાથે ઉપશમાવે છે. તે ઉપશાંત થાય તે જ સમયે સંજ્વલન લોભનો બંધ વિચ્છેદ અને બાદર સંજ્વલન લોભનો ઉદય ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારે આ જીવ સૂક્ષ્મ સંપરાયી કહેવાય છે.

તે વખતે ઉપરની સ્થિતિમાંથી કેટલીક કિટ્ટીઓ ખેંચી સૂક્ષ્મસંપરાયઅદ્ધા પ્રમાણ પ્રથમ સ્થિતિ રૂપ કરે છે અને ભોગવે છે. સૂક્ષ્મસંપરાયઅદ્ધા અંતર્મુહૂર્ત્ત પ્રમાણની છે. બાકીનું સૂક્ષ્મકિટ્ટીરૂપ કરેલ અને સમયન્યૂન બે આવલિકા રૂપ બાંધેલ દલિકને ઉપશમાવે છે. અને સૂક્ષ્મસંપરાયઅદ્ધાના છેલ્લા સમયે સંજ્વલન લોભ ઉપશાંત થાય છે. ત્યારપછીના બીજા સમયે આ જીવ ઉપશાંતમોહી થાય છે. તે જીવ ઉપશાંતમોહી તરીકે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત સુધી હોય છે. તે પછી આગળ આ જીવ નિયમા પડે છે.

ઉપશાંતમોહી જીવનું પતન બે રીતે થાય છે. ભવક્ષય અને અદ્ધાક્ષયથી.

૧. **ભવક્ષય પતન** :–શ્રેણિ વખતે જીવ મૃત્યુ પામે ત્યારે થાય છે.

૨. **અદ્ધાક્ષય પતન** :–ઉપશાંત ગુણસ્થાનકનો કાળ પૂર્ણ થયા બાદ થાય છે.

અદ્ધાક્ષયે પડતો જીવ જે પ્રમાણે ચડ્યો હોય, તે પ્રમાણે જ પડે. જ્યાં જ્યાં બંધોદયનો વિચ્છેદ થયો હતો, ત્યાં ત્યાં તે બંધ, ઉદય, અદ્ધાક્ષયે પડતાં શરૂ થાય છે. પડતાં–પડતાં છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાનક સુધી પડે છે. કોઇ વળી તેથી પણ નીચેના બે ગુણસ્થાનક સુધી પણ જાય છે. અને કોઇક સાસ્વાદનભાવ (ગુણસ્થાનક)ને પણ

પામે છે. જે ભવક્ષયે પડે છે તે નિયમા અનુત્તર વિમાનવાસી દેવોમાં ઉત્પન્ન થાય છે. અને પહેલા સમયે જ બંધન વગેરે સર્વે કરણો પ્રવર્તે છે–એ વિશેષતા છે.

એક ભવમાં ઉત્કૃષ્ટથી બે વાર ઉપશમ શ્રેણિ માંડી શકાય છે. જે એક ભવમાં બે વાર ઉપશમશ્રેણી માંડે છે, તેને નિયમા તે ભવમાં ક્ષપકશ્રેણીનો અભાવ હોય છે. જેઓ એકવાર ઉપશમ શ્રેણી માંડે છે, તેને તે ભવમાં ક્ષપકશ્રેણી પણ થાય એવો કાર્મગ્રંથિક મત છે.

આગમના અભિપ્રાયે તો એક ભવમાં એક શ્રેણી જ મંડાય છે. કહ્યું છે, કે એક ભવમાં બે વાર મોહનો ઉપશમ થાય, પરન્તુ જે ભવમાં ઉપશમ થાય છે, તે ભવમાં મોહનો ક્ષય થતો નથી.

પ્રશ્ન :– ઉપશમશ્રેણીનો આરંભ તો અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરે જ કરે છે. અને તેઓને યથાસંભવ સમકિત મોહનીય, મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની કષાયોના ઉપશમથી થાય છે. નહીં તો તેને ક્રોધાદિ પ્રકૃતિના ઉદયથી સમ્યક્ત્વ વગેરેનો લાભ થાય નહીં, તો પછી અત્યારે તેમનો ઉપશમ કેવી રીતે કહો છો ?

ઉત્તર :– આ વાત બરાબર નથી. તેને ગુણની પ્રાપ્તિ તો પ્રકૃતિના ક્ષયોપશમથી થઈ હતી, ઉપશમથી નહીં, માટે હવે ઉપશમ કરે છે.

પ્રશ્ન : ક્ષયોપશમમાં પણ ઉદયમાં આવેલ કર્મોનો ક્ષય અને અનુદયનો ઉપશમ હોય છે. અને ઉપશમ પણ આ જ પ્રમાણે છે, તો પછી ક્ષયોપશમ અને ઉપશમમાં શો ફરક છે ? જેથી તમે એમ કહો છો, કે પહેલા ક્ષયોપશમ હતો અને હવે ઉપશમ કરે.

ઉત્તર : સાચી વાત છે. ક્ષયોપશમમાં તેને આવરણ કરનાર કર્મોનો પ્રદેશોદય હોય છે. ઉપશમમાં તો પ્રદેશોદય પણ હોતો નથી.

પ્રશ્ન : જો ક્ષયોપશમ હોવા છતાં પણ મિથ્યાત્વ, અનંતાનુબંધી વગેરે કષાયોનો પ્રદેશોદય હોય, તો પછી સમ્યક્ત્વ વગેરે ગુણનો નાશ કેમ થતો નથી ? કેમકે મિથ્યાત્વ વગેરેના ઉદયથી તો સાસ્વાદન સમ્યગ્દર્શનની જેમ સમ્યક્ત્વ વગેરે આવેલા હોય તે પણ જતા રહે છે.

ઉત્તર :– આ દોષ અહીં નથી લાગતો. કેમકે પ્રદેશોદય મંદરસવાળો હોય છે અને મંદરસવાળો ઉદય પોતાના આવરણીય ગુણોનો નાશ કરવા માટે સમર્થ નથી. જેમ ચાર જ્ઞાનના સ્વામિને તો મતિજ્ઞાનાવરણ વગેરેનો વિપાકથી પણ ઉદય છે. કહ્યું છે, કે મતિજ્ઞાનાવરણ વગેરે કર્મ ધ્રુવોદયી છે. ધ્રુવોદયી પ્રકૃતિઓનો અવશ્ય વિપાકોદય જ હોય છે. વિપાકોદયની અપેક્ષાએ જ ધ્રુવોદય નામ પડ્યું છે. આથી સમસ્ત ચાર જ્ઞાનના સ્વામીઓને મતિજ્ઞાનાવરણ વગેરે પ્રકૃતિઓ મંદરસવાળી હોવાથી મતિ વગેરે જ્ઞાનના નાશકારક થતી નથી. તો પછી પ્રદેશોદયથી ભોગવાતી અનંતાનુબંધી વગેરે તો ચોક્કસ ગુણ વિઘાતક ન થાય, કેમકે તેનો ઉદય અતિ મંદરસવાળો છે.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો ઉપશમ કરે છે. ત્યારબાદ મિથ્યાત્વ, મિશ્ર અને સમકિત મોહનીયરૂપ ત્રણ દર્શનમોહનીયના ત્રણ પુંજનો ઉપશમ કરે છે. તે પછી નપુંસકવેદ, તે પછી સ્ત્રીવેદને, તે પછી હાસ્યાદિ ષટ્ક એટલે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સાને ઉપશમાવે છે. તે પછી પુરુષવેદને તે પછી બે-બે ક્રોધ અને વચ્ચે સંજ્વલન ક્રોધ વગેરેને ઉપશમાવે છે. એટલે અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન ક્રોધ યુગલને એક સાથે ઉપશમાવી પછી સંજ્વલન ક્રોધને ઉપશમાવે છે. (૭૦૦)

कोहं माणं मायं लोभमणंताणुबंधमुवसमइ ।
मिच्छत्तमिस्ससम्मत्तरूवपुंजत्तयं तयणु ॥७०१॥
इत्थिनपुंसगवेए तत्तो हासाइछक्कमेयं तु ।
हासो रई य अरइ य सोगो य भयं दुगुंछा य ॥७०२॥

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો ઉપશમ કર્યા પછી મિથ્યાત્વ, મિશ્ર, સમ્યક્ત્વ રૂપ ત્રણ પુંજને ઉપશમાવે છે. પરંતુ દર્શનત્રિકના ઉપશમ પછી તરત જ તે નપુંસકવેદ, સ્ત્રીવેદને એકી સાથે ઉપશમાવે છે. આ ઉપશમનો ક્રમ નપુંસકવેદે શ્રેણી સ્વીકારનાર આશ્રયિ જાણવો. બાકી તો અહીં આ પ્રમાણે સંપ્રદાય છે, કે સ્ત્રીવેદે કે પુરુષવેદે ઉપશમશ્રેણી સ્વીકારનાર જે જગ્યાએ નપુંસકવેદને ઉપશમાવે છે, તે દૂર છે. જો નપુંસકવેદે શ્રેણી સ્વીકારી હોય, તો નપુંસકવેદને જ ફક્ત ઉપશમાવે છે. તે પહેલા નપુંસકવેદ અને સ્ત્રીવેદ એ બન્નેને સાથે ઉપશમાવવા લાગે છે. તે ત્યાં સુધી ઉપશમાવે છે કે નપુંસકવેદની ઉદય અદ્ધાનો (કાળ) દ્વિચરમ સમય આવી જાય. તે વખતે સ્ત્રીવેદ ઉપશમી જાય છે. અને નપુંસકવેદ ફક્ત એક સમય ઉદય સ્થિતિવાળો હોય છે. બાકીનું દળ ઉપશમી જાય છે. તે ઉદય સ્થિતિ પૂરી થયા પછી, જીવ અવેદક થાય છે. તે પછી પુરુષવેદ વગેરે સાત પ્રકૃતિ એક સમયે ઉપશમાવવાનો પ્રયત્ન કરે છે. બાકીનું આગળ પ્રમાણે.

જ્યારે સ્ત્રીવેદે શ્રેણી સ્વીકારનાર પહેલા નપુંસકવેદ ઉપશમાવે પછી સ્ત્રીવેદને ઉપશમાવે છે. તે ત્યાં સુધી ઉપશમાવે છે, કે જ્યાં સુધી પોતાના સ્ત્રીવેદના ઉદયનો દ્વિચરમ સમય આવે. તે વખતે ફક્ત એક છેલ્લા સમયની ઉદય સ્થિતિ છોડીને બાકીના સર્વ સ્ત્રીવેદના દલિકને ઉપશમાવે છે. તે પછી છેલ્લો સમય વીત્યા પછી અવેદક બને છે. ત્યારપછી પુરુષવેદ, હાસ્યષટ્ક-એમ સાત પ્રકૃતિઓ એક સાથે ઉપશમાવે છે. બાકીનું આગળ પ્રમાણે.

પુરુષવેદે શ્રેણી સ્વીકારનારનું સ્વરૂપ આગળની પ્રથમ ગાથામાં કહ્યું છે. ૭૦૧-૭૦૨

तो पुंवेयं तत्तो अप्पच्चक्खाणपच्चखाणा य ।
आवरणकोहजुयलं पसमइ संजलणकोहंपि ॥७०३॥

एयक्कमेण तिन्निवि माणे माया ३ लोहतियगंपि ।
नवरं संजलणामिहलोहतिभागे इय विसेसो ॥७०४॥
संखेयाइं किट्टीकयाइं खंडाइं पसमति कमेणं ।
पुणरवि चरिमं खंडं असंखखंडाइं काऊण ॥७०५॥

તે પછી પુરુષવેદ ત્યારબાદ અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ યુગલ અને તે પછી સંજ્વલન ક્રોધનો ઉપશમ કરે છે. આ ક્રમપૂર્વક ત્રણે માન, ત્રણે માયા અને ત્રણે લોભને ઉપશમાવે છે. પરંતુ સંજ્વલન નામના લોભના કિટ્ટી વેદનાદ્ધા આદિ ત્રણ ભાગમાં જે વિશેષતા છે તે કહે છે. સંજ્વલન લોભના કિટ્ટી કરેલા સંખ્યાતા ખંડોનો દરેક સમયે ક્રમસર ઉપશમાવે છે. અને છેલ્લા ખંડના ફરી અસંખ્યાતા ખંડો કરીને દરેક સમયે એક એક ઉપશમાવે છે. (૭૦૩-૭૦૫)

अणुसमयं एक्केकं उवसामइ इह हि सत्तगोवसमे ।
होइ अपुव्वो तत्तो अनियट्टी होइ नपुमाइ ॥७०६॥
पसमंतो जा संखेयलोहखंडाइं चरिमखंडस्स ।
संखाईए खंडे पसमंतो सुहुमराओ सो ॥७०७॥
इय मोहोवसमम्मी कयम्मि उवसंतमोहगुणठाणं ।
सव्वट्ठसिद्धिहेउं संजायइ वीयरायाणं ॥७०८॥

હવે જે જે પ્રકૃતિઓનો ઉપશમન કરતા આત્મા જે ગુણસ્થાનકે હોય છે તે કહે છે. અહીં શ્રેણી સ્વીકારનાર અનંતાનુબંધી ચાર કષાય અને દર્શન મોહનીયત્રિક–એમ દર્શનસપ્તકના ઉપશમ વખતે જીવ આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકે હોય છે. તે પછી નપુંસકવેદ વગેરે પ્રકૃતિથી લઈ બાદર લોભના સંખ્યાતા ખંડોનો ઉપશમ કરે. ત્યાં સુધી અનિવૃત્તિ બાદરરૂપ નવમે ગુણસ્થાનકે હોય છે. તે પછી છેલ્લા સૂક્ષ્મ કિટ્ટીકૃત ખંડના અસંખ્યાતા ખંડોને ઉપશમાવે, ત્યારે જીવ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે હોય છે. આ પ્રમાણે મોહનીયનો ઉપશમ થવાથી ઉપશાંતમોહગુણસ્થાનક થાય છે. અને તે ઉપશાંતમોહગુણસ્થાનક વીતરાગ ભાવથી ન પડનાર માટે સર્વાર્થસિદ્ધ અનુત્તરવિમાનના કારણરૂપ થાય છે. (૭૦૬,-૭૦૮)

૯૧. સ્થંડિલભૂમિનું સ્વરૂપ :

अणावायमसंलोए १, परस्साणुवघायए २ ।
समे ३ अज्झुसिरे यावि ४, अचिरकालकयंमि ५ य ॥७०९॥

विच्छिन्ने ६ दूरमोगाढे ७, नासन्ने ८ बिलवज्जिए ९ ।
तसपाणबीयरहिए १०, उच्चाराईणि वोसिरे ॥७१०॥

૧. અનાપાત અસંલોક, ૨. બીજાને અનુપઘાતિક, ૩. સમભૂમિ, ૪. પોલાણ રહિત, ૫. અચિરકાળકૃત, ૬. વિસ્તારવાળી, ૭. દૂર અવગાઢ, ૮. અનાસન્ન, ૯. બિલ (દર) વર્જિત, ૧૦. ત્રસ, પ્રાણુ, બીજ રહિત એવી ભૂમિમાં સ્થંડિલ વગેરે પરઠવે.

૧. અનાપાત અસંલોક : જે સ્થંડિલભૂમિમાં એટલે સ્વપક્ષીય અને પરપક્ષીયનું આવાગમન ન હોય, એવી ભૂમિ તે અનાપાતભૂમિ કહેવાય. સંલોક એટલે દેખાવું તે. બીજા જોઈ ન શકે તેવી ઝાડ વગેરેથી ઢંકાયેલ ભૂમિ તે અસંલોક.

૧. અનાપાત અને અસંલોક ભૂમિ.

૨. અનાપાત સંલોકવાળી ભૂમિ.

૩. આપાતવાળી અસંલોક ભૂમિ.

૪. આપાત અને સંલોકવાળી ભૂમિ. આ ચાર ભાંગામાંથી પહેલા ભાંગામાં સ્થંડિલની રજા આપી છે. બાકીના ભાંગામાં નિષેધ છે. આ ચાર ભાંગાઓમાં છેલ્લા ભાંગાની વ્યાખ્યા કરવાથી બીજા ભાંગાઓની વિધિ-નિષેધની જાણકારી સુગમ થાય છે. માટે છેલ્લા ભાંગાની જ વ્યાખ્યા કરે છે.

આપાતવાન સ્થંડિલભૂમિ :- સ્વપક્ષઆપાતવાન અને પરપક્ષઅપાતવાન-એમ બે પ્રકારે છે. સ્વપક્ષ એટલે સાધુ અને પરપક્ષ એટલે ગૃહસ્થ. સ્વપક્ષ આપાતવાન પણ સાધુ આપાતવાન અને સાધ્વી આપાતવાન-એમ બે પ્રકારે છે.

સાધુઓ પણ બે પ્રકારે છે. ૧. સંવિજ્ઞ, ૨. અસંવિજ્ઞ. સંવિજ્ઞો ઉદ્યત વિહારી એટલે આચારસંપન્ન અને અસંવિજ્ઞો પાસત્થા વગેરે શિથિલાચારી.

સંવિજ્ઞો પણ બે પ્રકારે છે. ૧. એક સામાચારીવાળા મનોજ્ઞ અને ભિન્ન સામાચારીવાળા અમનોજ્ઞ.

અસંવિજ્ઞો પણ-બે પ્રકારે છે. ૧. સંવિજ્ઞપાક્ષિક અને ૨. અસંવિજ્ઞપાક્ષિક. સંવિજ્ઞપાક્ષિક એટલે પોતાના અનુષ્ઠાનની નિંદા કરનારા અને સુસાધુની યથોક્ત સામાચારીના પ્રરૂપક અસંવિજ્ઞપાક્ષિકો ધર્મના પરિણામ વગરના તથા સુસાધુના પ્રત્યે અભાવ રાખનારા (જુગુપ્સા કરનારા નિંદા કરનારા). કહ્યું છે, કે

તેમાં આપાત સપક્ષી અને પરપક્ષી-એમ બે પ્રકારનો જાણવો, સપક્ષી આપાત સાધુ અને સાધ્વીનો એમ-બે પ્રકારે છે. ૧. સાધુઓ અસંવિજ્ઞ અને સંવિજ્ઞ. સંવિજ્ઞો

મનોજ્ઞ અને અમનોજ્ઞ–એમ બે પ્રકારે છે. અસંવિજ્ઞો પણ બે પ્રકારે છે. સંવિજ્ઞપાક્ષિક અને અસંવિજ્ઞપાક્ષિક.



પરપક્ષ આપાત સ્થંડિલભૂમિ પણ મનુષ્ય આપાતવાળી અને તિર્યંચ આપાતવાળી–એમ બે પ્રકારે છે. અને તે બંને પણ ત્રણ ત્રણ પ્રકારે છે. ૧. પુરુષાપાતવાળી, ૨. સ્ત્રી-આપાતવાળી, ૩. નપુંસકઆપાતવાળી. મનુષ્ય પુરુષ આપાતવાનભૂમિ પણ ત્રણ પ્રકારે છે. ૧. રાજકુલવાળા દંડિક પુરુષવાળી, ૨. રાજકુળ સિવાયના મહાઋદ્ધિવાળા કે કૌટુંબિક પુરુષવાળી, ૩. સામાન્ય લોકોવાળી. આ ત્રણે પણ શૌચવાદી અને અશૌચવાદી–એમ બે–બે પ્રકારે છે.

આ પ્રમાણે સ્ત્રીઆપાત અને નપુંસકઆપાત પણ દંડિક વગેરે ભેદો વડે ત્રણ ત્રણ પ્રકારે, તેમ જ તે ત્રણ પ્રકારના પણ શૌચવાદી અશૌચવાદી –એમ બે પ્રકારે ભેદો જાણવા. કહ્યું છે કે

પરપક્ષીઆપાત પણ બે પ્રકારે. મનુષ્ય અને તિર્યંચ ભેદે જાણવો. અને તે બંનેના પણ પુરુષ, સ્ત્રી અને નપુંસક એમ ત્રણ-ત્રણ પ્રકાર જાણવા. પુરુષાપાતના દંડિક, કૌટુંબિક અને સામાન્ય લોક–એમ ત્રણ પ્રકારો અને તે ત્રણે પણ શૌચવાદી અને અશૌચવાદી ભેદે જાણવા, એ પ્રમાણે નપુંસક અને સ્ત્રીઆપાતમાં પણ જાણવું.

પરંપરા આધાર વૃક્ષ
મનુષ્ય
પુરુષ
સ્ત્રી
પ્રાકૃત
કૌટુંબિક
કુટુંબ
શૌચ
અશૌચ
ક્રિયા

તિર્યંચાપાતવાન ભૂમિ કહે છે. તેમાં તિર્યંચો દૃપ્ત એટલે દર્પવાળા (મદોન્મત્ત) અને અદૃપ્ત એટલે શાંત પ્રકૃતિવાળા–એમ બે પ્રકારે છે.

તે બંનેના પણ મૂલ્યના આધારે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ –એમ ત્રણ ત્રણ ભેદો છે. તેમાં ઘેટા વગેરે જઘન્ય, હાથી વગેરે ઉત્કૃષ્ટ અને પાડા વગેરે મધ્યમ. આ પુરુષ તિર્યંચો કહ્યા. એ પ્રમાણે સ્ત્રીતિર્યંચો અને નપુંસકતિર્યંચોનું સ્વરૂપ જાણવું. તેના દૃપ્ત અને અદૃપ્ત– એમ બે બે પ્રકારો જાણવા, તેનાં જુગુપ્સિત એટલે નિંદનીય ગધેડી વગેરે અને અજુગુપ્સિત એટલે અનિંદનીય ઘોડી વગેરે. કહ્યું છે કે,

તિર્યંચો દૃપ્ત અને અદૃપ્ત એમ બે પ્રકારે છે. તેના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ત્રણ ભેદ છે. એ પ્રમાણે સ્ત્રીતિર્યંચો અને નપુંસકતિર્યંચો છે. તે પણ નિંદનીય અને અનિંદનીય–એમ બે પ્રકારે જાણવા. આ પ્રમાણે આપાતવાન સ્થંડિલની વાત કહી.

૧. હવે સંલોકવાન્ સ્થંડિલભૂમિની વાત કહે છે. સંલોકવાનસ્થંડિલભૂમિ ફક્ત મનુષ્ય વિષયક જાણવી. મનુષ્યો, સ્ત્રી–પુરુષ અને નપુંસક– એમ ત્રણ પ્રકારે છે. અને તે દરેકના પણ દંડિક, કૌટુંબિક અને સામાન્ય પ્રજા–એમ ત્રણ-ત્રણ પ્રકાર છે. તે ત્રણે પણ શૌચવાદી, અશૌચવાદી– એમ બે–બે પ્રકારે છે. કહ્યું છે કે,

આલોક પુરુષ, સ્ત્રી અને નપુંસક, મનુષ્ય વિષયક જાણવો. તે પણ સામાન્ય પ્રજારૂપે, કૌટુંબિક અને દંડિક–એમ ત્રણ ત્રણ પ્રકારે છે. તે ત્રણેના પણ શૌચવાદી અને અશૌચવાદી એમ બે પ્રકાર છે.

આ પ્રમાણે છેલ્લા ભાંગામાં આપાત અને સંલોક છે. ત્રીજા ભાંગામાં આપાત છે અને બીજા ભાંગામાં સંલોક છે. એમ ભેદ પ્રભેદ સાથે ચતુર્ભંગી કહી.

હવે આપાતવાનસંલોકવાનસ્થંડિલભૂમિએ જવાથી જે દોષો થાય છે, તે કહે છે. સ્વપક્ષસંયત સંવિગ્ન અમનોજ્ઞનો આપાત હોય ત્યાં ન જવું. કારણ કે અધિકરણનો સંભવ છે. જેમકે આચાર્યોની પરસ્પર વિભિન્ન સામાચારી હોવાથી અમનોજ્ઞની સામાચારીમાં ભિન્નતા જોવાના કારણે શૈક્ષક (નૂતન દીક્ષિત) ને પોતાની સામાચારીનો પક્ષપાત હોવાથી–આવી સામાચારી છે જ નહીં એમ બોલવા દ્વારા ઝઘડો થાય.

પાસત્થા વગેરે અસંવિગ્નો આવતા હોય, ત્યાં પણ ન જવું. કેમકે તે પાસત્થા વગેરે ઘણા પાણીથી ગુદા પ્રક્ષાલન કરે અને તેઓને ઘણા પાણીથી ગુદા પ્રક્ષાલન કરતા જોઈને શૌચવાદી અને શિથિલ પરિણામી શૈક્ષકો (નૂતન દીક્ષિતોને) મનમાં એમ થાય કે આ લોકો પણ સાધુ છે. માટે આમની પાસે સારું રહેશે. એમ વિચારી અનુકૂળતા માટે તેઓની પાસે પણ જતા રહે.

तिर्यञ्च आपातयुक्त




સંક્લેશક મનુષ્યનો જ હોય
પુરુષ
સ્ત્રી
નપુંસક
પ્રાકૃત
કૌટુમ્બિક
દંડિક
શૌચવાદી ૭
અશૌચવાદી ૮
શૌચવાદી ૯
અશૌચવાદી ૧૦
શૌચવાદી ૧૧
અશૌચવાદી ૧૨
કૌટુમ્બિક
પ્રાકૃત
દંડિક
શૌચવાદી ૧૩
અશૌચવાદી ૧૪
શૌચવાદી ૧૫
અશૌચવાદી ૧૬
શૌચવાદી ૧૭
અશૌચવાદી ૧૮
પ્રાકૃત
કૌટુમ્બિક
દંડિક
શૌચવાદી ૧
અશૌચવાદી ૨
શૌચવાદી ૩
અશૌચવાદી ૪
શૌચવાદી ૫
અશૌચવાદી ૬

મનોજ્ઞ સાધુઓ આવતા હોય તો તો ત્યાં જવાય. સાધ્વીનો આપાત હોય તે તો સર્વથા છોડવા યોગ્ય છે. એમ સ્વપક્ષીઆપાતવાનના દોષો કહ્યા.

પરપક્ષી આપાતમાં જો પુરુષપાત સ્થંડિલભૂમિ હોય તો નિયમા ઘણું પાણી અને ચોખ્ખુ (અનાવિલ) પાણી લઇ જવું. કેમકે અતિ થોડું પાણી હોય કે ગંદુ પાણી હોય કે બિલકુલ પાણીના અભાવમાં ગયેલો હોય, તો તેઓ આ સાધુઓ અપવિત્ર છે– એમ નિંદા કરે. અથવા અપવિત્ર એવા સાધુઓને કોઇએ અન્ન પાણી વગેરે આપવા નહીં– એમ ગોચરીનો નિષેધ કરે. કોઇક નવો જ ધર્મ પામેલ શ્રાવક હોય, તો તેને વિપરિણામ થઈ જાય.

સ્ત્રી કે નપુંસકના આપાતમાં પોતાને (સાધુને) વિષે અથવા બીજા બંનેને વિષે એટલે કે સ્ત્રી અથવા નપુંસક વ્યક્તિ ઉપર શંકા આદિ દોષો થાય. સાધુ શંકાના વિષયભૂત થાય (કરાય). આ સાધુ અહીં કેમ ભટકે છે? પરની ઉપર એટલે કે સ્ત્રી અથવા નપુંસકમાં શંકા કરે કે આ પાપીઓ આ સાધુને ભોગવવા આવ્યા છે. બંનેમાં એવી શંકા કરે કે આ બંને પરસ્પર મૈથુન સેવવા અહીં આવ્યા લાગે છે.

સ્ત્રી કે નપુંસક આવતા સાધુ પોતાની ઇચ્છાથી કે સ્ત્રી નપુંસકની ઇચ્છાથી કે પરસ્પરની ઇચ્છાથી સ્ત્રી કે નપુંસક સાથે મૈથુન સેવતો હોય, તે વખતે કોઇક ગૃહસ્થ જોઈ જાય અને સાધુને પકડી રાજદરબારે લઈ જાય તો શાસનની અપભ્રાજના વગેરે થાય.

મદોન્મત્ત તિર્યંચો આવતા હોય, તો શીંગડા મારવા વગેરે દોષો થાય છે. નિંદનીય તિર્યંચ સ્ત્રી, નપુંસક આવતા હોય, તો લોકોને મૈથુનની શંકા થાય. અને કચારેક સાધુ પોતે પણ એનું સેવન કરનારો થાય.

આપાતના દોષો કહ્યા એ પ્રમાણે સંલોકમાં પણ તિર્યંચોને છોડી મનુષ્યોમાં જાણવા. તિર્યંચના જોવા (સંલોક) થી ઉપરોક્ત દોષોમાંથી કોઈ દોષ થતો નથી.

મનુષ્યોમાં સ્ત્રી, પુરુષ કે નપુંસકોને જોવાથી જે આપાતમાં દોષો કહ્યા છે, તે જ દોષો સંલોકમાં જાણવા. કદાચ આત્મ, પર અને ઉભયથી ઉત્પન્ન થયેલ મૈથુનનો દોષ ન થાય, છતાં પણ આ દોષોની સંભાવના રહે છે. જેમકે કોઇક કહે છે કે જે દિશામાં અમારો સ્ત્રી વર્ગ શૌચ માટે જાય છે. તે જ દિશામાં આ સાધુઓ પણ જાય છે. માટે નક્કી અમારી કોઈ પણ સ્ત્રીને ઇચ્છતા અથવા સંકેત આપેલી સ્ત્રીની નજર પડે ત્યાં ઉભા રહે છે. તથા નપુંસક કે સ્ત્રી વાયુના કારણે કે સ્વાભાવિક વિકૃત લિંગ જોઇને મૈથુનની ઇચ્છાથી તે સાધુને ઉપસર્ગ કરે. તેથી ત્રણેનો સંલોક છોડી દે.

આ પ્રમાણે છેલ્લા ભાંગામાં આપાતસંલોક બંનેના દોષો, ત્રીજા ભાંગામાં આપાતના દોષો, બીજા ભાંગાના સંલોકના દોષો થાય, અને પહેલા ભાંગાવાળી સ્થંડિલભૂમિમાં આપાત કે સંલોક દોષો થતા નથી માટે તેમાં સ્થંડિલ જવું જોઇએ. કહ્યું છે કે,

ત્રીજા ભાંગામાં આપાત દોષ છે. બીજા ભાંગામાં સંલોકજન્ય દોષ છે. પહેલા ભાંગામાં આપાત કે સંલોકજન્ય દોષ નથી માટે કહેલ વિધિપૂર્વક તેમાં સ્થંડિલ જવું.

૨. ઉપઘાત :-જે સ્થંડિલભૂમિ ઉડ્ડાહ (શાસનહીલના) વગેરેના કારણ રૂપે હોય તે ઔપઘાતિકસ્થંડિલભૂમિ. તે (૧) આત્મૌપઘાતિક, (૨) પ્રવચનઔપઘાતિક, (૩) સંયમૌપઘાતિક–એમ ત્રણ પ્રકારે છે.

૧. આત્મૌપઘાતિક :-બગીચા વગેરે જેમાં સ્થંડિલ-શૌચ વગેરે કરતા જુએ તો તેનો માલિક સાધુને મારે-કૂટે.

૨. પ્રવચનઔપઘાતિક :-પુરીસ સ્થાન એટલે વિષ્ટાવાળી જગ્યા. તે અશુચિમય હોવાથી નિંદનીય છે. લોકોમાં શાસનની નિંદા થાય કે આ સાધુઓ આવાં ગંદા સ્થાને જાય છે.

૩. સંયમૌપઘાતિક :-અંગારા વગેરે બાળવાનું સ્થાન. ત્યાં સ્થંડિલ કરતા અગ્નિકાયના જીવોની વિરાધના થાય છે. કેમકે અગ્નિ સળગાવનારા બીજી જીવાકુલ ભૂમિમાં અગ્નિ સળગાવવું વગેરે કરે અથવા દેવતા વગેરે નાંખે. આવી અસ્થંડિલ જીવાકુલ ભૂમિમાં શૌચ કરે, તો તે પણ સંયમોપઘાતિ થાય છે.

આવા દોષો થતા હોવાથી અનૌપઘાતિક સ્થંડિલભૂમિમાં શૌચાદિ ક્રિયા કરવી. એ પ્રમાણે બીજા સ્થાનોમાં પણ વિચારવું.

૩. સમભૂમિ :-ખાડા, ટેકરા વગરની સમભૂમિમાં શૌચ કરવો, વિષમભૂમિમાં શૌચાદિ કરવાથી પડવા વગેરેના કારણે આત્મવિરાધના થાય. વિષમભૂમિના કારણે સ્થંડિલ-માત્રું (પેશાબ)નો રેલો ચાલવાના કારણે છકાય જીવોની વિરાધના થવાથી સંયમ વિરાધના થાય.

૪. અશુષિર :-જે ભૂમિ ઘાસ વગેરેથી ઢંકાયેલ ન હોય, તે અશુષિર. ઘાસ વગેરેથી ઢંકાયેલ શુષિર (પોલી) ભૂમિમાં શૌચ વગેરે પરઠવવાનાં કારણે વીંછી, ઉંદર, સાપ વગેરે કરડવાથી આત્મવિરાધના થાય છે અને સ્થંડિલ માત્રું દર વગેરેમાં જવાના કારણે, ત્રસજીવો તથા પૃથ્વીકાય વગેરે સ્થાવરજીવોની વિરાધના થવાના કારણે સંયમ વિરાધના થાય છે.

૫. અચિરકાલકૃત :-થોડા સમય પહેલાં જ અચિત્ત થયેલ તે અચિરકાલકૃત. જે સ્થંડિલભૂમિ જે ઋતુમાં અગ્નિ સળગાવવા વગેરે કારણો દ્વારા અચિત્ત કરેલ હોય, તે ઋતુમાં તે સ્થંડિલભૂમિ અચિરકાલકૃત કહેવાય. જેમકે, હેમંતઋતુમાં અચિત્ત કરેલ ભૂમિ હેમંત ઋતુમાં જ અચિરકાલકૃત કહેવાય. પરંતુ હેમંતઋતુ વીતી ગયા પછી તે ભૂમિ ચિરકાલકૃત કહેવાય. કેમકે તે ભૂમિ તે સમય પછી સચિત્ત થવાથી કે મિશ્ર થવાથી અસ્થંડિલભૂમિ થાય છે. જ્યાં આગળ એક વર્ષાકાળ સુધી ગાયના ટોળા, પશુના ધણ

સાથે ગામ વસ્યુ હોય, તો તે ભૂમિ બાર વરસ સુધી સ્થંડિલભૂમિરૂપે રહે છે. તે પછી અસ્થંડિલ થાય છે.

૬. **વિસ્તીર્ણ** : વિસ્તીર્ણ એટલે વિસ્તારવાળી ભૂમિ: – તે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારે છે. જઘન્ય વિસ્તાર એક હાથ લાંબી–પહોળી ભૂમિ હોય તે. ઉત્કૃષ્ટ વિસ્તાર બાર યોજન પ્રમાણનો જ્યાં ચક્રવર્તીની છાવણીનો પડાવ હોય તે જાણવો. બાકીનો એટલે જઘન્ય અને ઉત્કૃષ્ટ વચ્ચેનો મધ્યમ વિસ્તાર છે.

૭. **દૂર–અવગાઢ** :–જે ભૂમિ અગ્નિતાપ વગેરેથી ચાર આંગળ સુધી નીચે અચિત્ત થઇ હોય તે જઘન્ય અને જે નીચે પાંચ વગેરે આંગળ પ્રમાણ અચિત્ત હોય, તે ઉત્કૃષ્ટ અવગાઢ. અહીં વૃદ્ધ સંપ્રદાય એવો છે, કે ચાર આંગળ ઊંડી અચિત્ત ભૂમિમાં સ્થંડિલ (ઠલ્લો) પરઠવાય પણ માત્રુ ન પરઠવાય.

૮. **અનાસન્ન** :– અનાસન્ન એટલે બગીચા વગેરેની અતિ નજીકમાં નહીં. આસન્નના બે પ્રકાર છે. દ્રવ્યાસન્ન અને ભાવાસન્ન.

દ્રવ્યાસન્ન એટલે દેવમંદિર, હવેલી (મકાન), ગામનો બગીચો, ગામ, ખેતર, રસ્તા વગેરેની નજીક સ્થંડિલ કરવું તે. આમાં સંયમોપઘાત અને આત્મવિરાધના— એમ બે દોષો છે. તે આ રીતે કે, જે દેવકુલ વગેરેની નજીકમાં સ્થંડિલ પરઠવ્યો હોય, તે દેવકુલનો (માલિક) સ્વામિ કોઇક નોકર વગેરે પાસેથી બીજી જગ્યાએ નંખાવે અને તે જગ્યાને લીંપણ કરાવે તથા હાથ ધોવડાવે તેમાં સંયમવિરાધના થાય. તેમજ તે ઘર વગેરેનો માલિક ગુસ્સે થઈ મારકૂટ પણ કરે તો આત્મવિરાધના થાય.

ભાવાસન્ન-એટલે જ્યાં સુધી જરા પણ (સ્થંડિલ) સંજ્ઞા ન આવે ત્યાં સુધી રહેવું તે ભાવાસન્ન. તે ભાવાસન્ન થાય માટે સ્થંડિલભૂમિએ ઉતાવળથી જતો હોય, તે વખતે કોઈક ધૂર્ત સાધુની સ્થંડિલની શંકા જાણી ધર્મ પૂછવાના બહાને અધવચ્ચે ઉભા રાખે. તેથી શંકા રોકી રાખવાના કારણે મરણ કે માંદગી થવાનો અવશ્ય સંભવ હોવાથી આત્મવિરાધના થાય છે. સંજ્ઞા જો ન રોકે તો લોકની આગળ રસ્તામાં જ સ્થંડિલ કરવાનો પ્રસંગ આવે અથવા તો જાંઘ વગેરે લેપાવાથી બગડે તો પ્રવચન વિરાધના થાય. તથા પડિલેહ્યા વગરની ભૂમિએ શૌચ કરવાથી સંયમવિરાધના થાય છે.

૯. **બિલવર્જિત** :– બિલવાળી સ્થંડિલભૂમિમાં શૌચ કરવાથી જો સ્થંડિલ માત્રુ દરમાં પેસે, તો તેમાં રહેલ કીડી વગેરે જીવોનો નાશ થાય છે. એટલે સંયમ વિરાધના થાય. સાપ વગેરે કરડવાથી આત્મ વિરાધના થાય.

૧૦. **ત્રસ, પ્રાણ, બીજ રહિત** :– સ્થાવર અને ત્રસ જીવો રહિત ભૂમિ. ત્રસ સ્થાવર જીવવાળી ભૂમિમાં શૌચ કરવાથી સાધુને સંયમવિરાધના અને આત્મવિરાધના થાય છે. એમાં ત્રસ અને સ્થાવર જીવોનો નાશ થતો હોવાથી સંયમ વિરાધના થાય છે.

કીડી, મંકોડા વગેરે ત્રસ જીવોના કરડવા વગેરે ઉપદ્રવથી આત્મવિરાધના થાય. અતિ તિક્ષ્ણ ગોખરુ, કાંટા વગેરે સ્થાવર જીવો વડે પગ વિંધાવાથી, કાદવ વગેરે વડે પગ લપસવાથી પડવાના કારણે આત્મવિરાધના થાય છે.

ઉપરોક્ત આ દશ પદો એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ અને દશ વડે સંયોગ કરવા. અને તેઓના ભાંગા કરી તેનો સરવાળો કરવાથી ૧૦૨૪ ભાંગા થાય. ભાંગા કરવા માટેની રીત નીચે પ્રમાણે:-

આ દશ પદોના બે, વગેરે સંયોગિક ઈચ્છિત ભાંગા લાવવા માટે, તેટલા પ્રમાણની બે સંખ્યા ઉપર અને નીચેની લાઈનમાં નીચે મુજબ સ્થાપવી. એટલે કે એકથી દશ સુધીના આંક પૂર્વાનુપૂર્વી ઉપરની લાઈનમાં લખવા. તેની નીચેની લાઈન પશ્ચાનુપૂર્વીથી દશથી એક સુધીના આંક લખવા તે આ પ્રમાણે.

૧ — ૨ — ૩ — ૪ — ૫ — ૬ — ૭ — ૮ — ૯ — ૧૦

૧૦ — ૯ — ૮ — ૭ — ૬ — ૫ — ૪ — ૩ — ૨ — ૧

૧ — ૧૦ — ૪૫ — ૧૨૦ — ૨૧૦ — ૨૫૨ — ૨૧૦ — ૧૨૦ — ૪૫ — ૧૦

હવે નીચેની લાઈનના છેડા પર એકડા ઉપર જે દશનો આંક છે. તેના એકના સંયોગે દશ ભાંગા જાણવા. આમાં કરણ ગાથાનો કોઈ ઉપયોગ નથી થયો પણ બે વગેરે સંયોગીક ભાંગા લાવવા માટે જ તેનો ઉપયોગ કરવાનો છે. તેથી નીચેની લાઇનનો એકડાની પછી જે બેની સંખ્યા છે, તેના વડે ઉપરની લાઇનનો જે પશ્ચાનુપૂર્વીથી દશનો આંક છે, તેનો ભાંગાકાર કરવો એટલે પાંચ જ જવાબરૂપે આવશે. કેમકે દશને બે એ ભાંગતા પાંચ જ થાય છે. હવે નીચેની લાઈનની બેની સંખ્યા વડે ઉપરની લાઈનની પહેલી દશરૂપ સંખ્યાને ભાંગતા આવેલાં પાંચ વડે, બેના આંકની ઉપરની જે સંખ્યા નવ છે. તેને પાંચથી ગુણતા ૪૫ થાય છે. આ પ્રમાણે ગણીને સંયોગ ભાંગા કરવા.

જેમકે દ્વિકસંયોગી ભાંગા પીસ્તાલીસ થયા. હવે ત્રિકસંયોગી ભાંગા લાવવા માટે નીચેની લાઇનમાં બેના આંક પછીની ત્રણની સંખ્યાની ઉપરની આઠ રૂપ સંખ્યાની અપેક્ષાએ પડેલા પીસ્તાલીસ રૂપ સંખ્યાનો ભાંગાકાર કરે એટલે પંદરનો ભાંગાકાર આવે. એટલે પીસ્તાલીસને ત્રણે ભાંગતા પંદર આવે. તે પંદર વડે નીચેની લાઈનની જે ત્રણનો આંક છે. તેની ઉપરનો આંક જે આઠ છે, તેને ગુણવો. તેનો ગુણાકાર કરતા એકસો વીસ થાય છે. આટલા ત્રિકસંયોગી ભાંગા થયા.

નીચેની લાઈનમાં રહેલ ત્રણની સંખ્યા પછીના ચારના આંક ઉપર રહેલ સાતના આંકના બદલે પહેલા એકસો વીસ આંક વડે તેના ઉપર રહેલ સાતના આંકડા બદલે પહેલા એકસોવીસના આંકનો ભાંગાકાર કરવો એટલે ત્રીસનો જવાબ આવશે. કેમ કે એકશોવીસને ચારે ભાંગતા ત્રીસ જ થાય છે. હવે ત્રીસ વડે ચારના ઉપર રહેલ જે સાતનો

આંક છે. તેને ગુણતાં બસો દશ (૨૧૦) થયા. આ ચતુષ્ક સંયોગી ભાંગા થયા. એ પ્રમાણે પાંચ વગેરેના સાંયોગિક ભાંગા લાવવા.

આ પ્રમાણે કરતાં દશના સંયોગે એક ભાંગો થાય છે.
એકના સંયોગે દશ–ભાંગા. (૧૦)
બેના સંયોગે પિસ્તાલીસ. (૪૫)
ત્રણના સંયોગે એકસો વીસ. (૧૨૦)
ચારના સંયોગે બસો દશ (૨૧૦)
પાંચના સંયોગે બસો બાવન. (૨૫૨)
છના સંયોગે બસો દશ. (૨૧૦)
સાતના સંયોગે એકસોવીસ (૧૨૦)
આઠના સંયોગે પિસ્તાલીસ (૪૫)
નવના સંયોગે દશ. (૧૦)
દશના સંયોગે એક ભાંગો.

આ બધા ભાંગાનો સરવાળો કરતા કુલ ૧ભાંગા એક હજાર ત્રેવીસ (૧૦૨૩) અશુદ્ધસ્થંડિલભૂમિના થાય છે. (૧૦૨૪) એક હજાર ચોવીસમો ભાંગો શુદ્ધ છે. જો કે તે ભાંગો કરણ વડે આ ભાંગાઓમાં નથી આવતો, છતાં પણ એની અંદર ઉમેરી ભાંગાની સંખ્યા પૂરી કરવી. જેથી બધા ભાંગાઓની ગણત્રી કરતાં છેલ્લે શુદ્ધ ભાંગો આવે છે. કહ્યું છે કે,

દશ (૧૦), પિસ્તાલીસ (૪૫), એકસો વીસ (૧૨૦), બસો દશ (૨૧૦), બસો બાવન (૨૫૨). બસોદશ (૨૧૦), એકસો વીસ (૧૨૦), પિસ્તાલીસ (૪૫), દશ (૧૦) એક–આ બધા ભાંગાઓ એક સંયોગી વગેરેના થાય છે અને એક શુદ્ધ ભાંગો મળવાથી એક હજારને ચોવીસ ભાંગા થાય છે. (૭૧૦)

૧÷ ૧૦=૧૦×૧= ૧૦, ૨÷૧૦=૫×૯=૪૫, ૩÷૪૫=૧૫×૮=૧૨૦=૧૭૫
૪÷૧૨૦=૩૦×૭=૨૧૦, ૫÷૨૧૦=૪૨×૬=૨૫૨, ૬÷૨૫૨=૪૨×૫=૨૧૦=૬૭૨
૭÷૨૧૦=૩૦×૪ ૧૨૦, ૮÷૧૨૦=૧૫×૩=૪૫ ૯÷૪૫=૫×૨=૧૦=૧૭૧
૧૦÷ ૧૦ = ૧×૧ = ૧ = ૧

અશુદ્ધ સ્થંડિલના ભાંગા૧૦૨૩
શુદ્ધ સ્થંડિલનો ભાંગો ૧

કુલ ભાંગા ૧૦૨૪

૯૨. ચૌદપૂર્વના નામો

उप्पायं पढमं पुण एक्कारसकोडिपयपमाणेणं ।
बीयं अग्गेणीयं छन्नउई लक्खपयसंखं ॥७११॥
विरियप्पवायपुव्वं सत्तरिपयलक्खलक्खियं तइयं ।
अत्थियनत्थिपवायं सट्ठीलक्खा चउत्थं तु ॥७१२॥
नाणप्पवायनामं एयं एगूणकोडिपयसंखं ।
सच्चप्पवायपुव्वं छप्पयअहिएगकोडीए ॥७१३॥
आयप्पवायपुव्वं पयाण कोडी उ हुंति छत्तीसं ।
कम्मयप्पवायगवरं असीइ लक्खहिय पयकोडी ॥७१४॥
नवमं पच्चक्खाणं लक्खा चुलसी पयाण परिमाणं ।
विज्जप्पवाय पनरस सहस्स एक्कारस उ कोडी ॥७१५॥
छव्वीसं कोडीओ पयाण पुव्वे अवंझणामंमि ।
छप्पन्न लक्ख अहिया पयाण कोडी उ पाणाऊ ॥७१६॥
किरियाविसालपुव्वं नव कोडीओ पयाण तेरसमं ।
अद्धत्तेरसकोडी चउदसमे बिंदुसारम्मि ॥७१७॥

૧. **ઉત્પાદ** :–જેમાં સર્વ દ્રવ્ય પર્યાયોના ઉત્પાદ (ઉત્પત્તિ)ને આશ્રયિને પ્રરૂપણા છે, તે ઉત્પાદ નામે પહેલું પૂર્વ. તેના અગ્યાર કરોડ પદ છે. જેનાથી અર્થનો બોધ થાય તે પદ. એવું પદનું લક્ષણ હોવા છતાં તથા પ્રકારના સંપ્રદાયનો અભાવ હોવાથી તે પદનું પ્રમાણ (લક્ષણ) સારી રીતે જણાતું નથી.

૨. **અગ્રાયણીય** :–જેમાં સર્વ દ્રવ્યો અને પર્યાયોની તથા જીવ વિશેષોની અગ્ર એટલે પરિમાણનું વર્ણન કરાયું હોય, તે અગ્રાયણીય નામે બીજુ પૂર્વ છે. અગ્ર એટલે પરિમાણ, તેનું અયન એટલે જાણકારી (જ્ઞાન) તે અગ્રાયન–તે અગ્રાયણીય પૂર્વમાં છન્નુ (૯૬) લાખ પદો છે. (૭૧૧)

૩. **વીર્યપ્રવાદ** : જેમાં કર્મવાન કે કર્મ રહિત જીવોનું અને અજીવોના વીર્ય (બળ)ની પ્રરૂપણા કરાયેલ છે, તે વીર્યપ્રવાદ નામનું ત્રીજુ પૂર્વ છે. તેના ૭૦ લાખ પદો છે.

૪. **અસ્તિનાસ્તિપ્રવાદ** :–લોકમાં ધર્માસ્તિકાય વગેરે જે વસ્તુઓ વિદ્યમાન છે. અને ગધેડાના શીંગડા વગેરે જે વિદ્યમાન નથી. અથવા સ્યાદ્વાદ અભિપ્રાયે દરેક વસ્તુ

સ્વસ્વરૂપે અસ્તિરૂપે છે અને પર સ્વરૂપે નાસ્તિરૂપે છે—એ પ્રમાણે જેમાં પ્રરૂપણા કરાયેલ છે. તે અસ્તિનાસ્તિપ્રવાદ નામે ચોથું પૂર્વ છે. તેના (૬૦) સાઠ લાખ પદો છે.

૫. જ્ઞાનપ્રવાદ :—મતિ વગેરે પાંચે પ્રકારના જ્ઞાનોનું ભેદ પ્રભેદ સહિત સ્વરૂપ જેમાં વર્ણવ્યું છે, તે જ્ઞાનપ્રવાદ નામે પાંચમું પૂર્વ છે. અને તેમાં એક પદ ન્યૂન એક કરોડ પદો છે. એટલે (૯૯,૯૯,૯૯૯) નવ્વાણુ લાખ, નવ્વાણુ હજાર, નવસો નવ્વાણું પદ પ્રમાણ છે.

૬. સત્યપ્રવાદ :—સત્ય એટલે સંયમ અથવા સત્ય વચન. તેના ભેદ અને એના વિરોધી પક્ષના વર્ણનવાળું સત્યપ્રવાદ નામનું છઠ્ઠું પૂર્વ છે. તેમાં એક કરોડ ને છ પદ છે.

૭. આત્મપ્રવાદ :—જે પૂર્વમાં આત્મા એટલે જીવનું અનેક નયો વડે સ્વરૂપ કહેવાયું છે, તે આત્મપ્રવાદ નામનું સાતમું પૂર્વ છે. તેના છત્રીસ કરોડ પદો છે.

૮. સમયપ્રવાદ :—સમય એટલે સિદ્ધાંતના, તેનાં અર્થ એટલે પદાર્થો. તેને જ અહીં કર્મરૂપે માન્યા છે. તેથી કર્મનું સ્વરૂપ જે પૂર્વમાં કહેવાયું છે, તે સમયપ્રવાદ નામે આઠમુ પૂર્વ છે. બીજા ગ્રંથોમાં કર્મપ્રવાદ—એમ પણ નામ કહ્યું છે. ત્યાં પણ જ્ઞાનાવરણ વગેરે આઠ પ્રકારના કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ વગેરે ભેદો અને ઉત્તર ભેદોનું જેમાં વર્ણન છે. તેમાં એક કરોડ એંસી લાખ પદ છે. (૭૧૪)

૯. પ્રત્યાખ્યાનપ્રવાદ:—જે પૂર્વમાં બધાયે પચ્ચક્ખાણોનું ભેદો સહિત સ્વરૂપ કહેવાયું છે, તે નવમું પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ છે. તેના ચોર્યાસી લાખ પદો છે.

૧૦. વિદ્યાનુપ્રવાદ:—જેમાં અનેક વિદ્યાઓ, વિદ્યાના અતિશયો, સાધનાનુકૂળતા અને સિદ્ધિની શ્રેષ્ઠતા વર્ણવવામાં આવેલ છે. તે વિદ્યાનુપ્રવાદ નામે દશમું પૂર્વ છે. તેના અગ્યારકરોડ પંદર હજાર પદ છે. (૭૧૫)

૧૧. અવંધ્ય :—વંધ્ય એટલે નિષ્ફળ. અવંધ્ય એટલે સફળ. જે પૂર્વમાં બધાયે જ્ઞાન, તપ આરાધનાનાં સંયોગોનું શુભ ફળના કથનપૂર્વક અને અપ્રશસ્ત પ્રમાદ વગેરેના સર્વે અશુભ ફળોનું વર્ણન છે, તે અવંધ્ય. બીજાઓ કલ્યાણ એમ બીજું નામ કહે છે. એનો પણ અર્થ આ જ છે. આ પૂર્વના પદોનું પ્રમાણ છવ્વીસ કરોડ છે.

૧૨. પ્રાણાયુ:—જેમાં જીવોના પાંચ ઇન્દ્રિય, ત્રણ બલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય-રૂપ પ્રાણોનું અનેક પ્રકારે વર્ણન છે. તે પ્રાણાયુ નામનું બારમું પૂર્વ છે. એમાં એક કરોડ છપ્પન લાખ પદો છે.

૧૩. ક્રિયાવિશાલ:—જેમાં કાયિકી વગેરે ક્રિયાઓનું ભેદો સહિત વિસ્તારપૂર્વક વર્ણન કરેલ કરેલ છે. તે ક્રિયાવિશાલ નામે તેરમું પૂર્વ છે. તેમાં નવ કરોડ પદો છે.

૧૪. બિંદુસાર :—લોક એટલે શ્રુતલોકરૂપ જગતમાં અથવા અક્ષરના ઉપર જેમ બિંદુ હોય તેમ શ્રુતલોકમાં સારરૂપ અને સર્વ અક્ષરોના સંયોગની લબ્ધિના કારણરૂપ સર્વોત્તમ જે પૂર્વ છે, તે લોક બિંદુસાર. તેના સાડાબાર કરોડ પદ છે. (૭૧૬થી૭૧૭)

સમવાયાંગની ટીકામાં પદોનું પ્રમાણ બીજી રીતે પણ જોવામાં આવે છે.

पढमं आयारंगं अट्ठारस पयसहस्सपरिमाणं ।
एवं सेसंगाणि वि दुगुणादुगुणप्पमाणाइं ॥७१८॥

પ્રશ્ન:–પૂર્વ શબ્દનો અર્થ શું થાય છે?

ઉત્તર:–તીર્થંકરો તીર્થની સ્થાપના વખતે સૌ પ્રથમ ગણધરોને સર્વ સૂત્રના આધારરૂપ પૂર્વમાં રહેલા સૂત્રાર્થ જણાવે છે. તેથી પૂર્વો કહેવાય છે. પણ ગણધરો શ્રુત રચના કરતી વખતે આચારાંગ વગેરેના ક્રમપૂર્વક રચીને એને સ્થાપે છે.

મતાંતરે અરિહંતોએ પહેલા કહેલા પૂર્વગત સૂત્રાર્થને ગણધરો શ્રુતરૂપ પ્રથમ રચે છે અને પછી આચારાંગ વગેરે રચે છે.

પ્રશ્ન :–તમે આ પ્રમાણે કહો છો પણ આચારાંગનિર્યુક્તિમાં सव्वेसिं आयारो (બધામાં આચારાંગ પ્રથમ છે) એ ગાથા કહી છે. તેનું શું કરશો?

ઉત્તર :–આચારાંગનિર્યુક્તિમાં જે આચારાંગ પ્રથમ જણાવ્યું છે, તે સ્થાપના એટલે શ્રુતની ગોઠવણીને આશ્રયિને જાણવું. પણ રચના આશ્રયિ નહીં. અહીં આગળ અક્ષરરચના આશ્રયિને પૂર્વોને પ્રથમ કહ્યા છે.

પદ સંખ્યાના પ્રસંગને પામી આચારાંગ વગેરે અંગોના પદોની સંખ્યા કહે છે. ૧. પહેલું આચારાંગ ૧૮૦૦૦ પદ પ્રમાણ છે. એ પછીના સુયગડાંગ વગેરે અંગોનું પ્રમાણ એકબીજાથી ડબલ ડબલ જાણવું. તે આ પ્રમાણે–

૧. આચારાંગ ૧૮,૦૦ પદ, ૨. સુયગડાંગ ૩૬,૦૦૦ પદ, ૩. ઠાણાંગ ૭૨,૦૦૦ પદ, ૪. સમવાયાંગ ૧,૪૪૦૦૦ પદ, ૫. ભગવતિસૂત્ર ૨,૮૮૦૦૦, ૬. જ્ઞાતાધર્મ ૫,૭૬૦૦૦, ૭. ઉપાસકદશાંગ ૧૧,૫૨૦૦૦,૮. અંતકૃતદશાંગ-૨૩,૦૪૦૦૦,૯.અનુત્તરોપપાતિક ૪૬,૦૮૦૦૦ ૧૦. પ્રશ્નવ્યાકરણ ૯૨,૧૬૦૦૦, ૧૧. વિપાકસૂત્ર-૧,૮૪,૩૨,૦૦૦ પદ પ્રમાણ છે.

પ્રશ્ન :– પૂર્વાચાર્યોએ પૂર્વની વ્યુત્પત્તિ આ પ્રમાણે કરેલ છે. 'પૂર્વ' करणात् पूर्वाणिः આથી નક્કી થાય છે કે ગણધર ભગવંતોએ ક્રમાનુસારે પ્રથમ પૂર્વો રચ્યા છે. અને પૂર્વોમાં સમસ્ત શ્રુતજ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. એવો કોઇ વિષય કે વસ્તુ નથી કે જે પૂર્વમાં ન કહી હોય. તો પછી બીજા અંગો કે અંગબાહ્ય શ્રુત રચવાની શી જરૂર છે?

ઉત્તર :– આ જગતમાં જીવો વિવિધ પ્રકારના છે. તેમાં જે અલ્પ બુદ્ધિવાળા જીવો હોય, તેઓ અતિ ગંભીર એવા પૂર્વોનો અભ્યાસ કરવા સમર્થ થતા નથી. તથા સ્ત્રીઓને એમના તુચ્છત્વ વગેરે દોષ–બહુલતાના કારણે પૂર્વના અભ્યાસનો અધિકાર નથી. કહ્યું છે કે–

તુચ્છ, ગારવયુક્ત, ચંચલ ઈન્દ્રિયવાળી અને ધૃતિમાં પણ દુર્બલ હોવાથી સ્ત્રીઓને અતિશયવંત અધ્યયનો અને ભૂતવાદ એટલે પૂર્વોનો અભ્યાસ હોતો નથી.

અહીં અતિશયવંત અધ્યયન વિશિષ્ટ ચમત્કારવાળા અતિશયવંત ઉત્થાન શ્રુત વગેરે વિવિધ શાસ્ત્રો અને ભૂતવાદ એટલે દૃષ્ટિવાદ સમજવું.

આથી અલ્પ બુદ્ધિવંતો અને સ્ત્રીઓના ઉપકાર માટે બારીના અંગો અને અંગ બાહ્યશ્રુતની રચના કરી છે. (૭૧૮)

૯૩. નિર્ગ્રંથ

पंच नियंठा भणिया पुलाय १ बउसा २ कुसील ३ निग्गंथा ४ ।
होइ सिणाओ य ५ तहा एक्केक्को सो भवे दुविहो ॥७१९॥

ગ્રંથ એટલે ગાંઠ. મિથ્યાત્વ વગેરે આંતરગાંઠ અને ધર્મોપકરણને છોડી ધન વગેરે બાહ્યગાંઠ. તેનાથી જે રહિત તે નિર્ગ્રંથ એટલે સાધુઓ. તે પાંચ પ્રકારે કહ્યા છે. ૧. પુલાક, ૨. બકુશ, ૩. કુશીલ, ૪. નિર્ગ્રંથ, ૫. સ્નાતક. આ પુલાક વગેરે બધામાં સામાન્યથી ચારિત્રનો સદ્ભાવ હોવા છતાં પણ મોહનીયકર્મના ક્ષયોપશમ વગેરેની વિચિત્રતાના કારણે ભેદો બતાવ્યા છે. તે પુલાક વગેરે દરેકના બે-બે ભેદો છે. આ બે બે ભેદોનું વર્ણન ગ્રંથકાર પોતે આગળ કરશે. (૭૧૯)

गंथो मिच्छत्तधणाइओ मओ जे य निग्गया तत्तो ।
ते निग्गंथा वुत्ता तेसि पुलाओ भवे पढमो ॥ ७२० ॥

કષાય-વશ આત્મા વડે જે ગુંથાય એટલે બંધાય, તે ગ્રંથ એટલે ગાંઠ અથવા તો આત્માને કર્મ વડે જે બાંધે તે ગાંઠ. તે ગાંઠ અભ્યંતર અને બાહ્ય-એમ બે પ્રકારે છે. તેમાં મિથ્યાત્વ વગેરે ચૌદ પ્રકારે અભ્યંતર ગાંઠ છે. અને ધન વગેરે દશ પ્રકારે બાહ્ય ગાંઠ કહી છે. માટે આ બે પ્રકારની ગાંઠમાંથી જે નીકળી ગયા છે એટલે રહિત થયા છે. તેઓને નિર્ગ્રંથ કહ્યા છે. તે નિર્ગ્રંથોના પાંચ ભેદોમાં પ્રથમ ભેદ પુલાક છે. (૭૨૦)

અભ્યંતર ગ્રંથિ:-

मिच्छत्तं वेयतियं हासाई छक्कगं च नायव्वं ।
कोहाईण चउक्कं चउदस अब्भिंतरा गंथा ॥७२१॥

મિથ્યાત્વ, વેદત્રિક, હાસ્યષટ્ક, ક્રોધાદિ ચાર-આ ચૌદ પ્રકારની અભ્યંતરગ્રંથિ જાણવી.

હવે ચૌદ પ્રકારની અભ્યંતરગ્રંથિ કહે છે. ૧. તત્ત્વના અર્થની અશ્રદ્ધારૂપ મિથ્યાત્વ, ૨. પુરુષવેદ, ૩. સ્ત્રીવેદ, ૪. નપુંસકવેદ-એમ ત્રણ વેદ, ૫. હાસ્ય, ૬. રતિ, ૭. અરતિ, ૮. ભય, ૯. જુગુપ્સા, ૧૦. શોક.

(૧૧ થી ૧૪) ક્રોધ–માન–માયા અને લોભ. એમ ચાર કષાય મળીને ચૌદ અભ્યંતરગ્રંથી છે. હાસ્ય એટલે આશ્ચર્ય વિસ્મય વગેરેમાં મોઢાના ખીલવારૂપ (વિકાસરૂપ)છે.

રતિ એટલે અસંયમમાં પ્રીતિ અને અરતિ એટલે સંયમમાં અપ્રીતિ.

ઈહલોક વગેરે સાત પ્રકારના ભયો.

ઇષ્ટ વિયોગથી માનસિક દુઃખરૂપ શોક.

અસ્નાનથી મેલા શરીરવાળા મુનિની જે હિલના તે જુગુપ્સા. કહ્યું છે કે, અસ્નાન વગેરે કારણે સાધુને તિરસ્કારે (અરૂચી દાખવે) તે જુગુપ્સા.”

બાહ્યગ્રંથિ–

खेत्तं वत्थुं धणधन्नसंचओ मित्तनाइसंजोगो ।
जाणसयणासणाणि य दासा दासीउ कुवियं च ॥७२२॥

ક્ષેત્ર, વાસ્તુ એટલે મકાન, ધન, ધાન્યનો સંચય (સંગ્રહ), મિત્ર, જ્ઞાતિજનનો મેળાપ, વાહન, શયન, આસન, દાસ, દાસી, કુપ્ય એટલે ઘરવખરી—એમ દશ પ્રકારે બાહ્યગ્રંથિ છે.

ક્ષેત્ર એટલે સેતુ વગેરે ખેતરો, વાસ્તુ=ખાત વગેરે મકાન, સોનુ, ચાંદી વગેરે ધન, ચોખા વગેરે ધાન્ય, તે ધન–ધાન્યનો સંગ્રહ, સાથે મોટા થયેલ હોય તે મિત્ર, સગા-વહાલા, સજ્જનો તે જ્ઞાતિજનો, મિત્ર જ્ઞાતિજનોનો મેળાપ, પાલખી વગેરે વાહનો, પલંગ વગેરે પથારી, સિંહાસન વગેરે આસનો અને દાસ, દાસી, તથા વિવિધ પ્રકારની ઘરવખરીરૂપ કુપ્ય.

અહીં ધન–ધાન્યનો સંચય અને મિત્ર જ્ઞાતિજનોનો સંયોગરૂપ બે પ્રકાર અને ક્ષેત્ર વગેરે આઠ પ્રકાર. એમ દશ પ્રકારે બાહ્યગ્રંથિ છે.

૧. પુલાક–

धन्नमसारं भन्नइ पुलायसद्देण तेण जस्स समं ।
चरणं सो हु पुलाओ लद्धीसेवाहि सो य दुहा ॥७२३॥

પુલાક શબ્દથી નિઃસાર, અસાર જે ધાન્ય કહેવાય છે. તે અસાર ધાન્ય સમાન જેનું ચારિત્ર છે તે પુલાકચારિત્રવાન કહેવાય છે. તે પુલાક ચારિત્ર લબ્ધિ અને સેવા–એમ બે પ્રકારે છે.

પુલાકશબ્દનો નિઃસાર અનાજ એવો અર્થ થાય છે. ચોખા કાઢી લીધા પછી બચેલ ડાંગરના જે ફોતરા, તે પુલાક કહેવાય. તે પુલાક સમાન જે સાધુનું ચારિત્ર હોય, તે પુલાકસાધુ કહેવાય. આનો ભાવાર્થ એવો છે, કે તપ અને શ્રુતના કારણે અથવા સંઘ વગેરેનું પ્રયોજન ઉભું થાય તો સૈન્ય સહિત ચક્રવર્તિ વગેરેને પણ ચૂરી નાંખવાની લબ્ધિ

વડે જીવનાશનો ઉપયોગ કરનારા અથવા જ્ઞાન વગેરેના અતિચાર સેવવા વડે સમસ્ત સંયમના સારનો નાશ કરી ડાંગરના ફોતરાની જેમ નિઃસાર ચારિત્રવાળા જે હોય તે પુલાક કહેવાય.

તે પુલાકલબ્ધિ અને સેવાના આસેવન વડે બે પ્રકારે છે. લબ્ધિપુલાક અને સેવાપુલાક.

લબ્ધિપુલાક :- ઈન્દ્રની ઋદ્ધિ સમાન સમૃદ્ધિને બનાવવાની લબ્ધિ વિશેષથી યુક્ત હોય તે લબ્ધિપુલાક. કહ્યું છે કે, સંઘ વગેરેના કાર્ય ઉત્પન્ન થયે, જેઓ ચક્રવર્તિને પણ ચૂરી નાંખવાની લબ્ધિથી યુક્ત હોય, તે લબ્ધિપુલાક જાણવા.

બીજા આચાર્યો કહે છે કે જે આસેવનથી જ્ઞાનપુલાક હોય તેને જ આવા પ્રકારની લબ્ધિ હોય છે. તે જ લબ્ધિપુલાક છે. તેના સિવાય બીજો કોઈ હોતો નથી.

૧. સેવાપુલાક :- જ્ઞાનપુલાક, દર્શનપુલાક, ચારિત્રપુલાક, લિંગપુલાક, યથાસૂક્ષ્મ-પુલાક-એમ સેવાપુલાક પાંચ પ્રકારે છે.

૧. તેમાં સ્ખલિત, મિલિત વગેરે અતિચારો વડે જ્ઞાનાશ્રયિ આત્માને જે અસાર કરે, તે જ્ઞાનપુલાક.

૨. એ પ્રમાણે કુદૃષ્ટિનું સંસ્તવ કરવા દ્વારા દર્શનપુલાક.

૩. મૂળગુણ અને ઉત્તરગુણમાં અતિચાર લગાડવા વડે ચારિત્ર વિરાધવાથી ચારિત્રપુલાક.

૪. યથોક્ત સાધુના લિંગને એટલે સાધુવેષને વધારે ઓછો કરનાર અને નિષ્કારણ અન્ય-લિંગ કરનાર લિંગપુલાક.

૫. કંઈક પ્રમાદથી મન વડે અકલ્પ્ય ગ્રહણ કરવાથી યથાસૂક્ષ્મપુલાક.

બીજા ગ્રંથોમાં આ પ્રમાણે પણ કહ્યું છે કે, ઉપરના જ્ઞાન આદિ ચારેમાં જે થોડી થોડી વિરાધના કરે તે યથાસૂક્ષ્મપુલાક. (૭૨૩)

૨. બકુશ-

उवगरणसरीरेसुं बउसो दुविहो दुहावि पंचविहो ।
आभोग १ अणाभोए २ संवुड ३ असंबुडे ४ सुहुमे ५ ॥७२४॥

ઉપકરણ અને શરીર વિષયક બકુશ-બે પ્રકારે હોવા છતાં પણ ૧. આભોગ, ૨. અનાભોગ, ૩. સંવૃત્ત, ૪. અસંવૃત્ત, અને ૫. સૂક્ષ્મ-એમ પાંચ પ્રકારે છે. (૭૨૪)

બકુશ, શબલ, કર્બુર એટલે કાબરચિતરો-આ બધા બકુશના પર્યાયો છે. આવા પ્રકારનું ચારિત્ર અતિચારના કારણે શુદ્ધિ અને અશુદ્ધિ વડે મિશ્રિત હોવાથી બકુશ-ચારિત્ર છે. તે ચારિત્ર ઉપકરણવિષયક અને શરીરવિષયક-એમ બે પ્રકારે હોવાથી ઉપકરણબકુશ અને શરીરબકુશ કહેવાય છે.

ઉપકરણ બકુશ એટલે અકાળે જ ધોયેલ ચોલપટો, ચાદર વગેરે ચોકખા વસ્ત્ર વાપરવાનો (પ્રિય) શોખીન, તથા પાત્રા, દાંડા વગેરે વિભૂષા માટે તેલ વગેરે દ્વારા ચકચકિત કરીને વાપરનાર ઉપકરણબકુશ કહેવાય છે.

વિશિષ્ટ કારણ વગર હાથ, પગ, મોઢું ધોવું, આંખ, કાન, નાક વગેરે અવયવોમાંથી મેલ દૂર કરવો, દાંત સાફ કરવા, વાળ ઓળવવા વગેરે શરીરની શોભા માટે કરે તો શરીરબકુશ કહેવાય.

આ બે પ્રકારના બકુશ પણ સામાન્યથી પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણેઃ ૧ આભોગ-બકુશ, ૨. અનાભોગબકુશ, ૩. સંવૃત્તબકુશ, ૪. અસંવૃત્તબકુશ, ૫. સૂક્ષ્મબકુશ.

આભોગબકુશ એટલે સાધુઓ માટે શરીર ઉપકરણની વિભૂષા એ અયોગ્ય છે. એવી સમજપૂર્વક જે ઉપયોગ કરે તે આભોગબકુશ.

૨. સહસાત્કારથી એટલે અનુપયોગથી જે શરીર કે ઉપકરણની વિભૂષા કરનાર હોય તે અનાભોગબકુશ.

૩. લોકોમાં જેના દોષો પ્રસિદ્ધ નથી તે સંવૃત્તબકુશ.

૪. લોકોમાં જેમના દોષો પ્રસિદ્ધ છે તે અસંવૃત્તબકુશ.

૫. કંઈક પ્રમાદથી આંખનો મેલ વગેરે જે દૂર કરે, તે સૂક્ષ્મબકુશ. આ પ્રગટ અને અપ્રગટ બકુશપણું મૂલ અને ઉત્તરગુણ-એમ બન્નેને આશ્રયિને સમજવું.

આ બકુશો સામાન્યથી ઋદ્ધિ અને યશને ઈચ્છનારા, શાતાગારવવાળા, અવિવિક્ત પરિવારવાળા છેદ યોગ્ય સબલ ચારિત્રથી યુક્ત સમજવા.

ઋદ્ધિ એટલે ઘણા વસ્ત્રપાત્રને લેગું કરનારા, અને યશ એટલે આ સાધુઓ ગુણવાન છે, વિશિષ્ટ પ્રકારના સાધુઓ છે વગેરે એવા પ્રકારની ખ્યાતિ ગુણપ્રશંસા વગેરેની ઈચ્છાવાળા હોય છે.

અવિવિક્તપરિવાર એટલે અસંયમથી જુદા ન પડેલા એટલે સમુદ્રકેન (સાબુ) વગેરે વડે જાંઘને ઘસનારા. તેલ વગેરે વડે શરીરને સાફ કરનારા, કાતર વડે વાળ સુધારનારા (શણગારનાર) આવો પરિવાર જેને હોય, તે અવિવિક્તપરિવારવાળા કહેવાય.

શાતા એટલે સુખ. તેમાં ગૌરવ એટલે આદરવાળા, સુખશીલીયા એટલે રાત્રિ-દિવસ દરમ્યાન કરવાના અનુષ્ઠાનોમાં અત્યંત અપ્રમત્તપણે પ્રયત્નશીલ ન હોય.

સર્વ કે દેશ છેદપ્રાયશ્ચિત્ત યોગ્ય શબલ એટલે અતિચારોથી કલુષિત જે ચારિત્ર તેને ધારણ કરનારા તે છેદ યોગ્ય શબલચારિત્રવાન કહેવાય. (૭૨૪)

૩ કુશીલ :-

आसेवणा कसाए दुहा कुसीलो दुहावि पंचविहो ।
नाणे १ दंसण २ चरणे ३ तवे ४ य अहसुहुमए ५ चेव ॥ ७२५॥

કુશીલ, આસેવના અને કષાય-એમ બે પ્રકારે હોવા છતાં પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને યથાસૂક્ષ્મ-એમ પાંચ પ્રકારે પણ છે.

મૂલોત્તરગુણની વિરાધનાથી અને સંજ્વલનકષાયના ઉદયથી જેમનું શીલ એટલે ચારિત્ર. દૂષિત છે, તે કુશીલ કહેવાય. તે આસેવનાકુશીલ અને કષાયકુશીલ-એમ બે પ્રકારે છે.

આસેવના એટલે સંયમની જે વિપરીત આરાધના, તેના વડે જે કુશીલ તે આસેવનાકુશીલ.

સંજ્વલનક્રોધ વગેરે કષાયના ઉદયથી જે કુશીલ, તે કષાયકુશીલ.

કુશીલ બે પ્રકારે હોવા છતાં પણ પ્રતિસેવના કુશીલના પાંચ પ્રકાર છે. ૧. જ્ઞાન-કુશીલ, ૨. દર્શનકુશીલ, ૩. ચારિત્રકુશીલ, ૪. તપકુશીલ અને ૫. યથાસૂક્ષ્મકુશીલ.

તેમાં જે જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપવડે પોતાની આજીવિકા ચલાવે (પોતે જીવે) તે. તે પ્રતિસેવક કહેવાય. બીજા આચાર્યો તપની જગ્યાએ લિંગ કહે છે. આ મહાત્મા સારા તપસ્વી છે વગેરે પ્રશંસાથી જે સંતુષ્ટ થાય, તે સૂક્ષ્મપ્રતિસેવક.

કષાયકુશીલ, પણ જ્ઞાનકષાયકુશીલ, દર્શનકષાયકુશીલ, ચારિત્રકષાયકુશીલ, તપકષાય-કુશીલ, સૂક્ષ્મકષાયકુશીલ-એમ પાંચ પ્રકારે છે.

જે જ્ઞાન, દર્શન અને તપને સંજ્વલન ક્રોધ વગેરે કષાયને આધીન થઈ એટલે તેમાં ઉપયોગવંત થઈ પોત પોતાના વિષયમાં (સ્વાર્થમાં) વાપરે (ઉપયોગ) કરે, તે કષાયકુશીલ કહેવાય.

કષાયાધીન થઈ જે કોઇને પણ શ્રાપ આપે, તે ચારિત્રકષાયકુશીલ, મનથી જે ક્રોધ વગેરે કરે, તે સૂક્ષ્મકષાયકુશીલ. અથવા સંજ્વલનક્રોધ વગેરે કષાયોને આધીન થઈ જે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને વિરાધે એટલે અતિચારોથી મલિન કરે, તે જ્ઞાનાદિ કષાયયુક્ત-કુશીલ સૂક્ષ્મકષાયકુશીલ તો ઉપર પ્રમાણે છે. (૭૨૫)

૪. નિર્ગ્રંથ :-

उवसामगो १ य खवगो २ दुहा नियंठो दुहावि पंचविहो ।
पढमसमओ १ अपढमो २ चरम ३ अचरमो ४ अहासुहुमो ५ ॥७२६॥

ઉપશામક અને ક્ષપક-એમ બે પ્રકારે નિર્ગ્રંથ હોવા છતાં પણ ૧. પ્રથમસમયી, ૨. અપ્રથમસમયી, ૩. ચરમસમયી, ૪. અચરમ-સમયી અને ૫. યથાસૂક્ષ્મ-એમ પાંચ પ્રકારે છે.

મોહનીય કર્મરૂપ ગાંઠ જેમાંથી નીકળી ગઈ છે, તે નિર્ગ્રંથ. તે ઉપશાંતમોહ અને ક્ષીણમોહ-એમ બે પ્રકારે છે.

કહ્યું છે કે, તે ઉપશાંતકષાયવાળા અને ક્ષીણકષાયવાળા છે.

ઉપશાંત એટલે મોહનીયકર્મને જેના વડે સંક્રમણ ઉદ્વર્તન વગેરે કરણોને અયોગ્ય રૂપે કરી, ઉપશમભાવને પ્રાપ્ત કરાવાય, તે ઉપશાંતમોહ.

જેમનો મોહ ક્ષય પામી ગયો છે, તે ક્ષીણમોહ. સૂક્ષ્મસંપરાયઅવસ્થામાં સંજ્વલન લોભને સંપૂર્ણ ખપાવીને બિલકુલ મોહનીયકર્મનો અભાવ પ્રાપ્ત કરવો તે.

તે નિર્ગ્રંથ બે પ્રકારે હોવા છતાં પણ પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે ૧. પ્રથમ સમયના નિર્ગ્રંથ, ૨. અપ્રથમ સમયના નિર્ગ્રંથ, ૩. ચરમ સમયના નિર્ગ્રંથ, ૪. અચરમ સમયના નિર્ગ્રંથ, ૫. યથાસૂક્ષ્મનિર્ગ્રંથ.

અંતર્મુહૂર્ત પ્રમાણ નિર્ગ્રંથ કાળના સમય સમૂહમાં જે પ્રથમ સમયે નિર્ગ્રંથપણાને પામે છે, તે પ્રથમ સમય નિર્ગ્રંથ.

૨. પ્રથમ સિવાયના બીજા સમયે વર્તતા નિર્ગ્રંથો અપ્રથમસમયનિર્ગ્રંથ. પ્રથમ–અપ્રથમ સમય નિર્ગ્રંથની પ્રરૂપણા પૂર્વાનુપૂર્વીની અપેક્ષાએ છે.

૩. ચરમ એટલે છેલ્લા સમયે રહેલા નિર્ગ્રંથો, ચરમસમયનિર્ગ્રંથ.

૪. છેલ્લા સમય સિવાય બાકીના સમયે રહેલ નિર્ગ્રંથો અચરમનિર્ગ્રંથ. ચરમ સમય, અચરમસમય નિર્ગ્રંથની પ્રરૂપણા પશ્ચાનુપૂર્વીની અપેક્ષાએ છે.

૫. યથાસૂક્ષ્મનિર્ગ્રંથ એટલે પ્રથમ વગેરે સમયની અપેક્ષા (વિવક્ષા) વગર સામાન્ય બધાયે સમયમાં વર્તતા તે યથાસૂક્ષ્મનિર્ગ્રંથ. આ નિર્ગ્રંથનાં ભેદો અમુક વિવક્ષાને આધીન છે.

पाविज्जइ अट्ठसयं खवगाणुवसामगाण चउपन्ना ।
उक्कोसओ जहन्नेणेक्को व दुगं व तिगमहवा ॥७२७॥

ઉત્કૃષ્ટથી ક્ષપક એકસો આઠ (૧૦૮) અને ઉપશામક ચોપ્પન (૫૪) હોય છે. જઘન્યથી એક, બે અથવા ત્રણ હોય છે.

ઉપશાંતમોહી અને ક્ષીણમોહી આત્માઓ એક એક સમયમાં કેટલા હોય છે, તે કહે છે. એક સમયે સાથે પ્રવેશ કરેલ ક્ષીણમોહી આત્માઓ ઉત્કૃષ્ટથી એકસો આઠ (૧૦૮) હોય છે અને ઉપશામક આત્માઓ ઉત્કૃષ્ટથી ચોપ્પન (૫૪) હોય છે. જઘન્યથી તો ક્ષાયક અને ઉપશામક એક, બે અથવા ત્રણ હોય છે. આનો ભાવાર્થ એવો છે કે,

ક્ષીણમોહી આત્માઓ કયારેક હોય છે, તો કયારેક નથી પણ હોતા. કારણ કે ક્ષપકશ્રેણીનું ઉત્કૃષ્ટથી છ મહિનાનું અંતર હોવાથી સતત એમની વિદ્યમાનતા હોતી નથી. માટે જ્યારે હોય, તો એકી સાથે એક સમયમાં ક્ષપકશ્રેણીમાં જઘન્ય એક વગેરેથી લઈ ઉત્કૃષ્ટથી ૧૦૮ નો જ પ્રવેશ થાય છે વધારે નહીં. ગાથામાં એક સમયમાં એકી સાથે પ્રવેશેલ આત્માઓને આશ્રયિને જણાવ્યું છે. જુદા જુદા સમયે પ્રવેશેલ આશ્રયિ ઉત્કૃષ્ટથી

શત પૃથક્ત્વ હોય છે, તે આ રીતે. અંતર્મુહૂર્ત પ્રમાણ કાળવાળી ક્ષપકશ્રેણીમાં એક સમયે એકી સાથે એકથી એકસો આઠ સંખ્યા પ્રમાણ જીવો મોહને ખપાવવા પ્રવેશે છે. અન્ય સમયે પણ એ પ્રમાણે, બીજા સમયે પણ એ પ્રમાણે એટલા પ્રવેશે-એમ જુદા જુદા સમયે પ્રવેશેલા જીવોનો સરવાળો કરતાં સંપૂર્ણ અંતર્મુહૂર્ત પ્રમાણ કાળવાળી ક્ષપક શ્રેણીમાં સામાન્યથી પદરે કર્મભૂમિ આશ્રયિ કયારેક શત પૃથક્ત્વ ક્ષીણમોહી જીવો હોય છે. તે પછી ક્ષપકશ્રેણીનો સાતત્યનો અભાવ થાય છે.

પ્રશ્ન:-અંતર્મુહૂર્ત પ્રમાણ ક્ષપકશ્રેણીના કાળમાં અસંખ્યાતા સમયો હોય છે. તેમાં દરેક સમયે જો એક જીવ પ્રવેશે, તો પણ અસંખ્યાતા થાય તો પછી દરેક સમયે એકસો આઠ પ્રવેશે તો શી વાત કરવી ?

ઉત્તર:-જો દરેક સમયે જીવનો પ્રવેશ હોય, અસંખ્યાત સમયમાં અસંખ્યાતા થાય, પણ એમ થતું નથી. અસંખ્યાતા સમયોમાંથી કેટલા સમયોમાં જ તેમનો પ્રવેશ થાય છે, તેમ અતિશય જ્ઞાની ભગવંતે જોયેલ છે. અને ગર્ભજ મનુષ્યો પણ અસંખ્યાત નથી પણ સંખ્યાતા જ છે. અને તેમાં પણ ચારિત્રધારીને આ શ્રેણી હોય છે. ચારિત્રધારી ગર્ભજમનુષ્ય સિવાય બીજું કોઇ ક્ષપકશ્રેણી સ્વીકારતું નથી.

ઉપશાંત મોહી જીવો પણ કયારેક હોય છે, તો કયારેક નથી હોતા. ઉપશમ શ્રેણીનો ઉત્કૃષ્ટથી વિરહ (અંતર) કાળ વર્ષ પૃથક્ત્વ પ્રમાણ છે. તેમાં જ્યારે ઉપશામકો હોય છે, તો જઘન્ય એક વગેરે અને ઉત્કૃષ્ટથી ચોપ્પન (૫૪) જીવો એક સમયમાં ઉપશમશ્રેણી સ્વીકારે છે, વધારે નહીં. જુદા જુદા સમયે ઉપશમશ્રેણી સ્વીકારેલા ઉત્કૃષ્ટથી સંખ્યાતા હોય છે. તે આ પ્રમાણે-

અંતર્મુહૂર્ત પ્રમાણકાળવાળી ઉપશમશ્રેણીમાં એકી સાથે એક સમયમાં એકથી ઉત્કૃષ્ટ ચોપ્પન (૫૪) સુધી જીવો પ્રવેશે છે. તે બીજા સમયે પણ એટલા પ્રવેશે અન્ય સમયે પણ એટલા પ્રવેશે-એમ જુદા જુદા સમયે પ્રવેશેલ બધા જીવોનો સરવાળો કરતાં સંપૂર્ણ અંતર્મુહૂર્ત પ્રમાણ ઉપશમશ્રેણીના કાળમાં સામાન્યથી સંપૂર્ણ મનુષ્યક્ષેત્રમાં કયારેક ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપશાંત મોહી જીવો મળે છે. તે પછી ઉપશમશ્રેણીના નિરંતર કાળનો અભાવ થાય છે. ઉપશમશ્રેણીમાં અસંખ્યાતા જીવો કેમ ન હોય વગેરે પ્રશ્નનો જવાબ ક્ષપકશ્રેણી પ્રમાણે જાણી લેવો. (૭૨૭)

૫. સ્નાતક :-

सुहझाणजलविसुद्धो कम्ममलावेक्खया सिणाओत्ति ।
दुविहो य सो सजोगी तहा अजोगी विणिद्दिट्ठो ॥७२८॥

કર્મરૂપી મેલની અપેક્ષાએ તેને શુભ ધ્યાનરૂપી પાણીવડે દૂર કરી સ્નાન કરેલ તે સ્નાતક. તે સયોગી અને અયોગી-એમ બે પ્રકારે જણાવેલ છે.

ઘાતીકર્મરૂપ મલના પડોને દૂર કરવાની અપેક્ષાએ શુભ એટલે પ્રશસ્ત શુક્લધ્યાન રૂપી પાણી વડે તે મેલને દૂર કરી, વિશુદ્ધ નિર્મલ થયેલ હોવાથી સ્નાતક કહેવાય છે.

સંપૂર્ણ ઘાતીકર્મરૂપી મેલના પડોને ધોઈ નાંખ્યા હોવાથી જાણે સ્નાન ન કરેલ હોય, તેની જેમ હોવાથી સ્નાતક કહેવાય છે, એટલે કેવળજ્ઞાની. તે સયોગીકેવળી અને અયોગીકેવળી –એમ બે પ્રકારે છે.

જે મન–વચન–કાયાના વ્યાપારવાળા હોય, તે સયોગી અને જેમને મન–વચન–કાયાનો વ્યાપાર સર્વથા નાશ પામી ગયો છે; તે અયોગીકેવળી. (૭૨૮)

આ પુલાક વગેરે નિર્ગ્રંથોનાં વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના पन्नवाणवेय (શ. ૨૫. ઉ. ૬–સૂત્ર ૭૫૧) સૂત્રમાં કહેલ છત્રીસ દ્વારોનો વિચાર કરેલ છે. તેમાંથી ઘણું ઉપયોગી હોવાથી અને બાકીના દ્વારોના ઉપલક્ષણથી પ્રતિસેવના નામનું દ્વાર કહે છે.

मूलुत्तरगुणविसया पडिसेवा सेवए पुलाए य ।
उत्तरगुणेसु बउसो सेसा पडिसेवणारहिया ॥७२९॥

પુલાક અને કુશીલ મૂળગુણ અને ઉત્તરગુણ વિષયક પ્રતિસેવના (અતિચાર) આચરે, બકુશ ઉત્તરગુણમાં પ્રતિસેવના આચરે છે. બાકીનાને પ્રતિસેવના હોતી નથી.

પ્રાણાતિપાત–વિરમણ વગેરે મૂળગુણો છે અને પિંડવિશુદ્ધિ વગેરે ઉત્તરગુણો હોય છે. તેની જે સેવા એટલે સમ્યગ્ આરાધના અને પ્રતિ એટલે વિપરીત, માટે પ્રતિસેવા એટલે વિરાધના. પુલાકની અને કુશીલ સાધુઓની પ્રતિસેવના મૂલગુણોની કે ઉત્તરગુણોમાંથી કોઈની પણ હોય છે. તત્ત્વાર્થભાષ્યમાં કહ્યું છે કે–

"પાંચ મૂળગુણો અને છટ્ઠું રાત્રિભોજનવિરમણને પરાભિયોગ (બીજાના આગ્રહથી) કે બલાત્કારે વિરાધનાર પુલાક હોય છે. કેટલાકને મતે તો ફક્ત મૈથુનને જ વિરાધનાર હોય છે, બીજા વ્રતો નહીં. પ્રતિસેવના કુશીલ મૂળગુણોને નહિ વિરાધતો ઉત્તરગુણોમાં કંઈક વિરાધના કરે છે."

બકુશ ઉત્તરગુણોને જ વિરાધનારો હોય છે, મૂળગુણોને વિરાધનારો હોતો નથી. બાકીના કષાય–કુશીલ, નિર્ગ્રંથ સ્નાતક, પ્રતિસેવના વગરના છે, એટલે મૂળગુણ, ઉત્તરગુણનો અવિરાધક જ હોય છે.

અહીં આગળ પુલાક વગેરેને જે મૂળગુણ ઉત્તરગુણ વિરાધક હોવા છતાં પણ નિર્ગ્રંથપણું કહ્યું છે, તે સંયમ સ્થાનો જઘન્ય, જઘન્યતર, ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટતર વગેરે અસંખ્ય ભેદે હોવાથી અને ચારિત્રની પરિણતિ એના આધારે હોવાથી કહ્યું છે. આ પાંચેના દરેકના ચારિત્રપર્યાયો પણ અનંતા છે. કહ્યું છે કે, હે ભગવંત! પુલાકના કેટલા ચારિત્રપર્યાયો પ્રરૂપ્યા છે ?

હે ગૌતમ! અનંતા ચારિત્રપર્યાયો કહ્યા છે. એમ સ્નાતક સુધી જાણી લેવા. (૭૨૯)
હવે આ પુલાક વગેરે કેટલા કાળ સુધી હોય છે? તે કહે છે.

निग्गंथसिणायाणं पुलायसहियाण तिण्ह वोच्छेओ ।
समणा बउसकुसीला जा तित्थं ताव होहिंति ॥७३०॥

નિર્ગ્રંથ, સ્નાતક અને પુલાક-એ ત્રણ નિર્ગ્રંથોની 'मण परमोही पुलाए' ગાથાના વચનાનુસારે જંબૂસ્વામિ પછી એ ત્રણેની ઉત્પત્તિ ન હોવાથી એ ત્રણેનો વિચ્છેદ થયો છે. બકુશ અને કુશીલ સાધુઓ જ્યાં સુધી તીર્થ હશે ત્યાં સુધી રહેશે 'बकुश कुसीलेहिं वट्टए तित्थं' બકુશ કુશીલ વડે તીર્થ ચાલે છે. (૭૩૦)

૯૪. શ્રમણ-પંચક

निग्गंथ १ सक्क २ तावस ३ गेरुय ४ आजीव ५ पंचहा समणा ।
तम्मी निग्गंथा ते जे जिणसासणभवा मुणिणो ॥७३१॥
सक्का य सुगयसीसा जे जडिला ते उ तावसा गीया ।
जे धाउरत्तवत्था तिदंडिणो गेरुया ते उ ॥७३२॥
जे गोसालगमयमणुसरंति भन्नंति ते उ आजीवा ।
समणत्तणेण भुवणे पंचवि पत्ता पसिद्धिमिमे ॥७३३॥

શ્રમણો પાંચ પ્રકારે છે. તે આ મુજબ: ૧. નિર્ગ્રંથ, ૨. શાક્ય, ૩. તાપસ, ૪. ગૈરુક, ૫. આજીવક આ પાંચ શ્રમણોમાં.

૧. જે નિર્ગ્રંથો છે, તે જિનશાસનના મુનિ એટલે સાધુઓ છે.
૨. શાક્યો બુદ્ધના શિષ્ય એટલે બૌદ્ધ સાધુઓ છે.
૩. જટાધારી વનમાં રહેનારા પાખંડીને તાપસ કહ્યા છે.
૪. જે ભગવા વસ્ત્રધારી ત્રિદંડ રાખનારા પરિવ્રાજકો ગૈરુક છે.
૫. જે ગોશાલાના મતને અનુસરનારા સાધુઓ તે આજીવક કહેવાય છે.-આ પાંચે જગતમાં શ્રમણરૂપે પ્રસિદ્ધિ પામેલ છે. (૭૩૧-૭૩૨-૭૩૩)

૯૫. ગ્રાસેષણા-પંચક

संजोयणा १ पमाणे २ इंगाले ३ धूम ४ कारणे ५ चेव ।
उवगरणभत्तपाणे सबाहिरऽब्भंतरा पढमा ॥७३४॥

૧. સંયોજના, ૨. પ્રમાણ, ૩. અંગાર, ૪. ધૂમ્ર, ૫. કારણ.-એ પાંચ

દોષોમાં પ્રથમ સંયોજના ઉપકરણવિષયક, અને ભક્તપાનવિષયક છે. તે બંનેના પણ બાહ્ય અને અભ્યંતર-એમ બે ભેદો છે.

સંયોજના, પ્રમાણુ, અંગાર, ધૂમ્ર અને કારણ-એ પાંચ ગ્રાસેષણાના (ભોજન મંડલીના) દોષો છે. ગ્રાસ એટલે ભોજન, તેના વિષયક એષણા એટલે શુદ્ધ અશુદ્ધની વિચારણા, તે ગ્રાસેષણા. તેના પાંચ દોષો છે. તેમાં પાંચ દોષોની અપેક્ષાએ પ્રથમ સંયોજનાનું સ્વરૂપ કહે છે.

૧ સંયોજના :-

સંયોજના એટલે ભેગું કરવું, એકઠું કરવું. એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે ઉંચા પ્રકારનું બનાવવા માટે મેળવવું તે સંયોજના. તે ઉપકરણ વિષયક અને ભક્તપાન વિષયક -એમ બે પ્રકારે છે. અને તે બન્નેના બાહ્ય અને અભ્યંતર-એમ બે-બે ભેદ છે.

ઉપકરણ વિષયક બાહ્ય સંયોજના આ પ્રમાણે છે. કોઈક સાધુએ કોઇના ઘરેથી સારો ચોલપટ્ટો વગેરે મેળવીને વિભૂષા માટે તે ચોલપટ્ટા સાથે શોભે તેવી ચાદર-કપડો માંગી વસ્તિની બહાર જ પહેરે તે બાહ્યઉપકરણસંયોજના.

વસ્તિમાં સ્વચ્છ ચોલપટ્ટો પહેરી તેના ઉપર શોભા માટે તેને અનુરૂપ સ્વચ્છ કોમળ ચાદર-કપડો પહેરે તે અભ્યંતરઉપકરણસંયોજના.

ભક્તપાનસંયોજના :- ભિક્ષા માટે ફરતા ખીર વગેરે અનુકૂળ દ્રવ્યોની સાથે રસની લાલસાથી ખાંડ વગેરેથી સ્વાદિષ્ટ બનાવવા માટે ઉપાશ્રયની બહાર મેળવે તે બાહ્ય-ભક્તપાનસંયોજના

અભ્યંતર ભક્તપાનસંયોજના વસ્તિમાં આવી ભોજન વાપરતી વખતે ખીરમાં ખાંડ વિગેરે મેળવે તે. તે ત્રણ પ્રકારે છે. (૧) પાત્રવિષયક, (૨) કવલવિષયક, (૩) મુખવિષયક-

(૧) ભોજનના સમયે જે દૂધ વગેરેને ખાંડ વગેરે દ્રવ્ય સાથે રસની લાલસાથી એક જ પાત્રમાં મેળવીને રાખે. જેમ દૂધમાં ખાંડ નાંખે તે પાત્રસંયોજના.

(૨) ખાવા માટે હાથમાં સુંવાળી વગેરેના કોળિયાને ખાંડ વગેરે સાથે મેળવે. એટલે સુંવાળીને ખાંડ વગેરે લગાડે તે કવલ સંયોજના.

(૩) જ્યારે મોટા માંડા પુડલા વગેરેને મોઢામાં નાખી પછી ઉપર ગોળ વગેરે ખાય. તે મુખસંયોજના.

આમાં અપવાદ કહે છે. સાધુઓના ઘણા સંઘાટકોને ઘણું ઘી વગેરે મળ્યું હોય તે વાપર્યા પછી પાછળથી થોડું વધે, તે વધેલા ઘીને ખપાવવા માટે ખાંડ વગેરેની સાથે સંયોજન કરવામાં દોષ ન લાગે.

કારણકે વધેલું ઘી વગેરે ખાંડ વગેરે દ્રવ્ય સિવાય બીજા માંડા વગેરે દ્રવ્યની સાથે સાધુઓ ધરાયેલ (તૃપ્ત) હોવાના કારણે ખાઈ ન શકે. ઘી વગેરે પરઠવવું પણ

યોગ્ય નથી, કેમકે ઘી વગેરે ચીકાશવાળા પદાર્થ હોવાથી પરઠવ્યા પછી કીડી વગેરે જીવોનો નાશ થવાનો સંભવ છે. (જ્ઞાન) બિમાર સાધુને સાજા કરવા માટે સંયોજના કરે અથવા ભોજનની અરૂચીવાળાઓ, ઉત્તમ આહાર વાપરનારા અને સુખી કુટુંબમાંથી આવેલ રાજપુત્ર વગેરે સાધુઓના માટે સંયોજના વગરના આહારથી હજુ ટેવાયેલા ન હોય, તેવા નૂતન દીક્ષિત, શૈક્ષક વગેરેના માટે રસગૃદ્ધિથી પણ સંયોજના કલ્પે છે. (૭૩૪)

कुक्कुडिअंडयमेत्ता कवला बत्तीस भोयणपमाणे ।
राएणाऽऽसायंतो संगारं करइ सचरित्तं ॥७३५॥

કુકડીના ઈંડા પ્રમાણ બત્રીસ કોળીયા જેટલું ભોજનનું પ્રમાણ છે. રાગપૂર્વક ખાવાથી પોતાના ચારિત્રને અંગાર સમાન કરે છે.

૨ પ્રમાણ :– કુકડીના ઈંડા પ્રમાણ બત્રીસ કોળિયા ભોજનનું પ્રમાણ છે. કુકડીનું પ્રમાણ બે પ્રકારે છે. દ્રવ્યકુકડી અને ભાવકુકડી. તેમાં સાધુનું શરીર જ કુકડી છે અને તેનું મુખ ઈંડુ છે. માટે ભોજન કરતી વખતે આંખ, ગાલ, હોઠ, ભ્રમર, જરા પણ વિકૃત ન થાય-એ રીતે કોળિયો મોઢામાં પેસે તેવો કોળિયો, તે કોળિયાનું પ્રમાણ છે. અથવા કુકડી એટલે મરઘી તેના ઈંડા પ્રમાણ કોળિયાનું પ્રમાણ.

જેટલા પ્રમાણ આહાર ખાવાથી ન્યૂનતા એટલે ભૂખ પણ ન રહે અને વધારે એટલે પેટ સજ્જડ ન થઇ જાય, તે રીતે પેટ રહે અને સંતોષ રહે, જ્ઞાન–દર્શન–ચારિત્રની વિશિષ્ટ ધૃતિ પ્રાપ્ત થાય અને એની વૃદ્ધિ થાય, તેટલા પ્રમાણનો આહાર, તે ભાવકુકડી કહેવાય છે. તેનો જ બત્રીસમો ભાગ તે ઈંડુ. તે ઈંડા પ્રમાણનો કોળિયો. તે બત્રીસ કોળિયા પુરુષનો, અઠ્ઠાવીસ કોળિયા સ્ત્રીનો અને ચોવીસ કોળિયા નપુંસકનો આહારપ્રમાણ છે.

તંદુલવૈચારિકમાં કહ્યું છે કે, "બત્રીસ કોળિયા પુરુષનો, અઠ્ઠાવીસ કોળિયા સ્ત્રીનો અને અને નપુંસકનો ચોવીસ કોળિયા પ્રમાણ આહાર છે. અધિક આહાર કરવાથી ન પચે તો રોગ, ઉલ્ટી અને મૃત્યુ થાય છે.

પિંડનિર્યુક્તિમાં કહ્યુ છે કે, અતિઘણું, અતિ પ્રમાણ ભોજન ખાધા પછી ન પચવાથી રોગ, ઉલ્ટી અને મૃત્યુ થાય છે.

૩ અંગાર :

રાગપૂર્વક અન્નની અથવા તેના દાતાની પ્રશંસા કરવા વડે નિર્દોષ પ્રાસુક ભોજન વાપરવાથી પોતાના ચારિત્રને સાધુ અંગારાવાળુ કરે છે. કેમકે ચરણરૂપી ઈંધણ માટે તે અંગારરૂપ છે.

અંગાર બે પ્રકારે છે. દ્રવ્યાંગાર અને ભાવાંગાર.

દ્રવ્યથી : અગ્નિથી બળેલ બેર વગેરે વનસ્પતિનાં ટુકડા તે દ્રવ્યઅંગાર.

ભાવથી - રાગરૂપી અગ્નિ વડે બળેલું ચરણરૂપી ઈંધણ તે ભાવઅંગાર.

જેમ બળેલ ઈંધણ ધૂમાડો નીકળી ગયા પછી અંગારો કહેવાય. એ પ્રમાણે અહીં પણ ચરણરૂપી ઈંધણને રાગરૂપ અગ્નિ વડે બળેલો અંગારો કહેવાય. તેથી ભોજનમાં રહેલ વિશિષ્ટ ગંધ, સ્વાદ, રસ વગેરેને આધિન થવાથી, તેમાં મૂર્ચ્છિત થયેલ સાધુ અહો શું મીઠું છે! અહો શું સુંદર ભરેલ છે! અહો સ્નિગ્ધ છે! સરસ પકાવેલ છે! સરસ રસવાળુ છે! વગેરે પ્રશંસાથી જે અંગારાવાળું કરે તે અંગાર કહેવાય. (૭૩૫)

૪ ધૂમ્ર :

भुंजंतो अमणुन्न-दोसेण सधूमगं कुणइ चरणं ।
वेयणआयंकप्पमुहकारणा छच्च पत्तेयं ॥७३६॥

દ્વેષથી બરાબ આહાર કરતી વખતે સધુમ એટલે ધુમાડા સહિત ચારિત્રને કરે છે, વેદના, આતંક વગેરે છ કારણો દરેક ભોજનમાં જાણવા.

દ્વેષપૂર્વક અન્નનો અથવા તેના દાતારની નિંદાકરવાપૂર્વક અમનોજ્ઞ એટલે બેસ્વાદ આહાર વાપરે, તો ચારિત્રને ધુમાડાવાળું કરે છે. કેમકે નિંદાત્મક મલિન ભાવરૂપી ધુમાડાવડે મિશ્રિત હોવાથી.

ધુમાડો દ્રવ્ય અને ભાવ-એમ બે પ્રકારે છે. તેમાં અર્ધ બળેલ લાકડાનો ધુમાડો દ્રવ્યધૂમ છે. અને દ્વેષરૂપી અગ્નિથી ચારિત્રરૂપી ઈંધણને (બળતણ) બાળતો નિંદાત્મક જે કલુષિત ભાવ, તે ભાવધૂમ્ર છે.

જેમ અંગારાપણાને પામ્યા પહેલાનું જે બળતું ઈંધણ તે સધુમ કહેવાય-એમ દ્વેષરૂપી અગ્નિ વડે બળતું ચરણરૂપી ઈંધણ પણ સધુમ કહેવાય. માટે ભોજન સંબંધી બરાબ રસ, ગંધ અને સ્વાદથી તદ્વિષયક વ્યાકુળ ચિત્તવાળાને-એમ થાય કે અરે! કેવું બરાબ, કેવું કોહવાય ગયેલું, કાચું છે, મસાલા વગેરે સંસ્કાર વગરનું છે, મીઠા વગરનું છે વગેરે નિંદાનાં વશથી ધુમાડા સહિત જે ચારિત્ર તે સધૂમચારિત્ર કહેવાય છે.

વેદના વગેરે છ કારણોથી ભોજન કરનાર અને આતંક એટલે રોગ વગેરે છ કારણોથી ભોજન ન કરનાર, પુષ્ટ કારણ હોવાથી તીર્થંકરની આજ્ઞાનો આરાધક છે. નહીં તો રાગ વગેરે ભાવોના કારણે આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. (૭૩૬)

ભોજનના છ કારણો :-

वेयण १ वेयावच्चे २ इरियट्ठाए य ३ संजमट्ठाए ४ ।
तह पाणवत्तियाए ५ छट्ठं पुण धम्मचिंताए ६ ॥७३७॥

(૧) વેદના, (૨) વૈયાવચ્ચ, (૩) ઇર્યાસમિતિનું પાલન, (૪) સંયમ, (૫) પ્રાણવૃત્તિ. (૬) ધર્મચિંતા, એ છ કારણે ભોજન કરવું.

(૧) બધી વેદનાઓમાં ભૂખ મુખ્ય હોવાથી ભૂખને સહન કરી ન શકાય. કહ્યું છે કે 'ક્ષુધા સમાન વેદના નથી' માટે ક્ષુધારૂપી વેદનાને સમાવવા ભોજન કરે.

(૨) ભૂખના કારણે ગુરુ વગેરેની વૈયાવચ્ચ ભક્તિ કરી ન શકે માટે તેને વૈયાવચ્ચ કરવા માટે ભોજન કરવું પડે.

(૩) નિર્જરાને ઇચ્છનારા ઇર્યાસમિતિને ઇચ્છે છે, તેથી ઇર્યાસમિતિના પાલન માટે ભોજન કરે. કેમકે ભૂખથી પીડાયેલ આંખે અંધારા આવતા હોવાથી આંખ વડે જોઈ ન શકે તો ઇર્યાસમિતિનું પાલન શી રીતે થાય ?

(૪) ભૂખથી પીડાયેલ પડિલેહણ, પ્રમાર્જના વગેરે સંયમનું પાલન કરવા સમર્થ ન થાય. આથી સંયમની વૃદ્ધિ માટે ભોજન કરે.

(૫) શ્વાસોશ્વાસ વગેરે દશ પ્રાણોના પાલન માટે એટલે ધારણ કરવા માટે અથવા જીવવા માટે (આયુષ્ય ટકાવવા) ભોજન કરે. કેમકે અવિધિથી પોતાના આત્માના પ્રાણોને પણ નુકશાન કરનારને હિંસા લાગે છે. આથી કહ્યું છે કે, 'મમત્વ રહિત, ભાવિત જિન વચનવાળા આત્માને પોતાનો જીવ કે બીજાનો જીવ-એવો કોઈ વિશેષ ભેદ હોતો નથી. માટે પરની અને પોતાની એમ બંનેની પીડાનો ત્યાગ કરે.

(૬) ધર્મચિંતા એટલે ધર્મધ્યાન ધ્યાવવા માટે અથવા શ્રુતધર્મચિંતા એટલે ગ્રંથ પરાવર્તન, વાચન ચિંતન વગેરેરૂપ શ્રુતચિંતા માટે ભોજન કરે આ બંને પ્રકારના ધર્મધ્યાન, કે શ્રુતચિંતારૂપ ધ્યાન ભૂખથી વ્યથિત મનવાળો ન કરી શકે. કેમકે ભૂખ્યાને આર્તધ્યાનનો સંભવ હોય છે. (૭૩૭)

હવે ભોજન ન કરવાના આતંક વગેરે છ કારણો કહે છે.

आयंके १ उवसग्गे २ तितिक्खया बंभचेरगुत्तीसु ३ ।
पाणिदया ४ तवहेऊ ५ सरीरवोच्छेयणट्ठाए ६ ॥७३८॥

(૧) આતંક એટલે રોગ, (૨) ઉપસર્ગની તિતિક્ષા.(૩) બ્રહ્મચર્યગુપ્તિનું પાલન, (૪) જીવદયા, (૫) તપ, (૬) શરીરના ત્યાગ આદિનાં કારણે ભોજનનો ત્યાગ કરે.

(૧) આતંક એટલે તાવ વગેરે રોગ થયો હોય, ત્યારે ભોજન ન કરે. કેમકે પ્રાયઃ ઉપવાસ કરવાથી તાવ વગેરે રોગોનો નાશ થાય છે. કહ્યું છે કે–

પવન, શ્રમ, ક્રોધ, શોક, કામ, ઘાથી ઉત્પન્ન થયેલ સિવાયના બાકીના જ્વર આદિનું બળ લાંઘણથી નાશ પામે છે.

(૨) દેવ, મનુષ્ય, તિર્યંચો વડે કરાયેલ ઉપસર્ગોની તિતિક્ષા એટલે સારી રીતે સહન કરવા માટે ભોજનનો ત્યાગ કરે.

ઉપસર્ગો અનુકૂળ અને પ્રતિકૂળ એમ બે પ્રકારે છે. તેમાં માતા, પિતા, સ્ત્રી વગરના સ્વજનોએ કરેલ ઉપસર્ગ અનુકૂલઉપસર્ગ છે. તેઓ સ્નેહ વગેરેના કારણે દીક્ષા છોડાવવા માટે કચારેક આવે, ત્યારે આ ઉપસર્ગ છે–એમ માની ભોજન ન કરે. કેમકે તેઓ સાધુને ઉપવાસ કરતા જોઈ, સાધુનો નિશ્ચય જાણીને મરણ વગેરેના ભયથી સાધુને છોડી દે.

ગુસ્સે થયેલ રાજા વગેરે દ્વારા કરાયેલ ઉપસર્ગ પ્રતિકૂલઉપસર્ગ છે. તેમાં પણ ભોજન ત્યાગ કરે. સાધુને ઉપવાસ કરતા જોઇ, રાજા વગેરે પણ દયા આવવાથી પ્રાયેઃ છોડી દે.

(૩) બ્રહ્મચર્યગુપ્તિના પાલન માટે એટલે મૈથુનવિરમણવ્રતની રક્ષા માટે ઉપવાસ કરે. કેમકે ઉપવાસ કરવાથી કામવાસના ઘણી દૂર થાય છે. કહ્યું છે કે, 'આહાર વગરના આત્માની વિષયવાસના દૂર થાય છે.'

(૪) પ્રાણિદયા એટલે જીવદયાના રક્ષણ માટે. વરસાદ પડતો હોય, ધુમ્મસ હોય, સચિત્ત રજની વૃષ્ટિ થતી હોય, ઝીણી ઝીણી દેડકીઓ, મસી, કુંથુવા વગેરે જીવાતોવાળી જમીન પર જીવદયા માટે ફરવાનું છોડીને ભોજન ન કરે.

(૫) તપ કરવા માટે એટલે એક, બે, ત્રણ ઉપવાસથી લઈ છ મહિના સુધીના ઉપવાસ કરે, ત્યારે ભોજનનો ત્યાગ કરે. શરીરના વ્યવચ્છેદ એટલે અનશન કરે ત્યારે. શિષ્યો બનાવવા વગેરે સમસ્ત પોતાની ફરજ પૂરી થયા પછી પાછલી વયમાં સંલેખના કરવાપૂર્વક જાવજ્જીવના અનશનનું પચ્ચક્ખાણ કરવા યોગ્ય આત્માને કરીને ભોજનનો ત્યાગ કરે.

(૬) શિષ્ય બનાવવા વગેરે ફરજો પૂરી કર્યા વગર યુવા કે પ્રૌઢ અવસ્થામાં શરીર ત્યાગ માટે અનશન પચ્ચક્ખાણ કરવાથી જિનાજ્ઞા ભંગનો પ્રસંગ આવે છે. સંલેખના વગર અનશન કરે, તો આર્તધ્યાન વગેરેનો સંભવ છે. કહ્યું છે કે–

શરીરની સંલેખના કર્યા વગર એકદમ અનશન સ્વીકારી લેવાથી અચાનક ધાતુઓનો ક્ષય થયા છે, તેથી છેલ્લા સમયે જીવને આર્તધ્યાન થઈ જાય છે.' આવા કારણોની વિચારણા આગળની જેમ જ સમજવી. (૭૩૮)

૯૬. પાણી અને ભોજનની સાત એષણા

संसट्ठ १ मसंसट्ठा २ उद्धड ३ तह अप्पलेविया ४ चेव ।
उग्गहिया ५ पग्गहिया ६ उज्झियधम्मा ७ य सत्तमिया ॥७३९॥

(૧) સંસૃષ્ટા, (૨) અસંસૃષ્ટા, (૩) ઉદ્ધૃતા, (૪) અલ્પલેપિકા, (૫) અવગૃહિતા, (૬) પ્રગૃહિતા અને (૭) ઉજ્ઝિતધર્મા–એ સાત ગ્રહણૈષણા છે.

સિદ્ધાંતની ભાષામાં પિંડને ભક્ત કહેવાય છે. તેને ગ્રહણ કરવાના પ્રકાર તે પિંડૈષણા. તે સાત પ્રકારે છે. (૧) અસંસૃષ્ટા, (૨) સંસૃષ્ટા, (૩) ઉદ્ધૃતા, (૪) અલ્પલેપિકા, (૫) અવગૃહિતા, (૬) પ્રગૃહિતા, (૭) ઊજ્ઝિતધર્મા. આ સાતે એક બીજાથી ઉત્તરોત્તર અતિ વિશુદ્ધ હોવાથી—આ પ્રમાણે ક્રમ બતાવ્યો છે. ગાથામાં જે પહેલા સંસૃષ્ટા લેવામાં આવી છે. તે ગાથાના છંદભંગના ભયથી લીધેલ છે. સાધુઓ બે પ્રકારના છે. ગચ્છવાસી અને ગચ્છબાહ્ય. તેમાં ગચ્છવાસી સાધુઓને સાતે પ્રકારની પિંડૈષણાની (અનુજ્ઞા) છૂટ છે. જ્યારે ગચ્છબાહ્ય સાધુઓ માટે પહેલી બે અગ્રહણ છે. અને પાછળની પાંચમાંથી બેનો અભિગ્રહ કરે. (૭૩૯)

આ સાતે ભિક્ષાની વ્યાખ્યા ગ્રંથકાર પોતે જ કરે છે.

तंमि य संसट्ठा हत्थमत्तएहिं इमा पढम भिक्खा १ ।
तव्विवरीया बीया भिक्खा गिण्हंतयस्स भवे २ ॥ ७४० ॥

પ્રથમ સંસૃષ્ટાભિક્ષા-હાથ અને માત્રક (વાસણ) વડે ગ્રહણ કરતા થાય છે. બીજી ભિક્ષા પહેલી ભિક્ષાથી વિપરીતપણે ગ્રહણ કરતા થાય છે.

૧. **સંસૃષ્ટાભિક્ષા** : હાથ અને માત્રક એટલે વાસણ વડે થાય છે. એટલે કે છાશ ઓસામણ વગેરે ખરડાયેલ હાથ વડે અને ખરડાયેલ માત્રક એટલે વાટકી વગેરે વડે ભિક્ષા ગ્રહણ કરનાર સાધુને સંસૃષ્ટા નામે પહેલી ભિક્ષા થાય છે. આ ભિક્ષા બીજી હોવા છતાં પણ મૂળ ગાથાની અપેક્ષાએ પ્રથમ છે.

સંસૃષ્ટ અને અસંસૃષ્ટ, સાવશેષ અને નિરવશેષ દ્રવ્યો વડે આઠ ભાંગા થાય છે. તેમાં સંસૃષ્ટ—હાથ, સંસૃષ્ટ—માત્રક, સાવશેષ—દ્રવ્ય—એ આઠમો ભાંગો ગચ્છબાહ્ય સાધુઓને પણ ખપે છે. બાકીના ભાંગાઓ ગચ્છવાસી સાધુઓને સૂત્ર-હાનિને વગેરે કારણાશ્રયીને ખપે છે.

૨. **અસંસૃષ્ટાભિક્ષા** : અસંસૃષ્ટ હાથથી અસંસૃષ્ટ માત્રક (ભાજન) વડે ભિક્ષા ગ્રહણ કરનાર સાધુઓને અસંસૃષ્ટા ભિક્ષા થાય છે. અહીં પણ અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટ માત્રક, સાવશેષદ્રવ્ય અથવા નિરવશેષદ્રવ્ય હોય, તેમાં નિરવશેષદ્રવ્યમાં પશ્ચાત્કર્મનો દોષ લાગે છે. છતાં પણ ગચ્છમાં બાલ-વૃદ્ધ વગેરે હોવાથી તેનો નિષેધ નથી. આથી સૂત્રમાં તેની ચિંતા કરેલ નથી. (૭૪૦)

नियजोएणं भोयणजायं उद्धरियमुद्धडा भिक्खा ३ ।
सा अप्पलेविया जा निल्लेवा वल्लचणगाई ४ ॥ ७४१ ॥

પોતે કરેલ ભોજનને મૂળ વાસણમાંથી બીજા વાસણમાં કાઢવું તે ઉદ્ધૃતા નામે ત્રીજી ભિક્ષા છે. વાલ, ચણા વગેરે લેપ વગરની ભિક્ષા તે અલ્પલેપ નામે ભિક્ષા છે.

૩. ઉદ્ધૃતા ભિક્ષા : પોતાના પ્રયત્નથી જ બનાવેલ ભોજનને મૂળ થાળી વગેરે વાસણમાંથી બીજી થાળી વગેરે વાસણમાં કાઢવું, તે ઉદ્ધૃતા. તેને સાધુ ગ્રહણ કરે તો ઉદ્ધૃતાનામે ત્રીજી ભિક્ષા થાય.

૪. વાલ, ચણા, પૌંઆ, પૂડલા વિગેરે લેપ વગરની નિરસભિક્ષા. અલ્પ શબ્દ અભાવ વાચક અર્થમાં છે, માટે અલ્પલેપા એટલે લેપવગરની અથવા અલ્પલેપા એટલે પશ્ચાત્કર્મ વગેરેથી ઉત્પન્ન થયેલ કર્મસંબંધ જેમાં થોડો છે, તે અલ્પલેપા.

આચારાંગસૂત્રમાં કહ્યું છે કે, પાત્રામાં ગ્રહણ કર્યા પછી જેમાં અલ્પ પશ્ચાત્કર્મ વગેરે અલ્પપર્યાયજાત એટલે થોડા રેસા વગેરે છોડવાના હોય, તે અલ્પલેપા. અહીં પૌંઆ વગેરે ગ્રહણ કરે છતે પશ્ચાતકર્મ આદિ અલ્પ થાય છે. તથા પર્યાય જાત પણ અલ્પ હોય છે. (૭૪૧)

भोयणकाले निहिया सरावपमुहेसु होइ उग्गहिया ५ ।
पग्गहिया जं दाउं भुत्तुं व करेण असणाई ६ ॥ ७४२ ॥

ભોજન સમયે શરાવડા વગેરે કાંસાના વાસણમાં મૂકી રાખેલ હોય તે અવગૃહિતાભિક્ષા. જે આપવા માટે કે ખાવા માટે હાથમાં લીધેલ ભોજન (અશન) વગેરે તે પ્રગૃહિતા.

૫. અવગૃહિતા ભિક્ષા : ભોજન સમયે શરાવડા તથા કાંસા વગેરેના વાસણમાં ખાવાની ઈચ્છાથી જે ભાત વગેરે કાઢેલ હોય, તેને ગ્રહણ કરનાર સાધુની ભિક્ષા અવગૃહિતા નામે પાંચમી ભિક્ષા થાય છે.

આમાં આપનારે પહેલા પાણીથી હાથ કે વાસણ ધોયા હોય અને તે હાથ કે વાસણમાંનું પાણી સૂકાઈ ગયું હોય તો ભિક્ષા લેવી ખપે. જો થોડી પણ ભિનાશ હોય તો ન ખપે.

૬. પ્રગૃહિતા ભિક્ષા : ભોજન વખતે ખાનારાઓને પીરસવા માટે પીરસનારાએ તપેલા વગેરેમાંથી ચમચા વગેરે દ્વારા ભોજન કાઢયું હોય પણ ખાનારાને આપ્યું ન હોય અને સાધુને આપે અથવા ખાનારાઓ ખાવા માટે પોતાના હાથમાં જે અશન વગેરેનો કોળીયો લીધો હોય, તે સાધુને આપે તો પ્રગૃહિતા નામની છઠ્ઠી ભિક્ષા થાય છે. (૭૪૨)

भोयणजायं जं छड्डणारिहं नेहयंतिदुपयाई ।
अद्धच्चत्तं वा सा उज्झियधम्मा भवे भिक्खा ॥७४३॥

જે ભોજન નાંખી દેવા યોગ્ય હોય અને દ્વિપદ એટલે કોઇ પણ માણસ આદિ ઇચ્છતા ન હોય, તે અથવા અડધું ફેંકી દીધું હોય તે ભિક્ષા ઉજ્ઝિતધર્મા થાય છે.

૭. **ઉજ્ઝિતધર્મા ભિક્ષા :** જે ભોજન ખરાબ હોવા વગેરેના કારણે, નાંખી દેવા યોગ્ય હોય અને બીજા દ્વિપદ એટલે બ્રાહ્મણ, શ્રમણ, અતિથિ, ભિખારી વગેરે લેવા ન માંગતા હોય. અથવા ભોજન અડધું ફેંકી દીધું હોય, તે ભોજન લેવાથી સાધુને ઉજ્ઝિતધર્મા નામની સાતમી ભિક્ષા થાય છે.

આ સાત પિંડૈષણામાં સંસૃષ્ટ વગેરે અષ્ટભંગી કહેવી. પરંતુ ચોથી ભિક્ષામાં જુદાપણું છે. કેમકે તે અલેપ હોવાથી સંસૃષ્ટ આદિનો અભાવ છે. (૭૪૩)

પાણૈષણા :

पाणेसणावि एवं नवरि चउत्थीए होइ नाणत्तं ।
सोवीरायामाइं जमलेवाडत्ति समयुत्ती ॥ ७४४ ॥

પાણૈષણામાં પણ એ પ્રમાણે જ જાણવું. પરંતુ ચોથી પાણૈષણામાં ભિન્નતા છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે, સૌવિરક-કે અનાજ ધોયેલ કાંજીનું પાણી, ઓસામણ, ઉનું પાણી કે આચામ્લાદિ વગેરે અલેપકૃત છે.

હવે પાણૈષણાસપ્તક કહે છે. પાણૈષણા પણ એ પ્રમાણે સંસૃષ્ટ વગેરે સાત પ્રકારે જાણવી. પરંતુ ફક્ત ચોથી અલ્પલેપા હોવાથી એમાં ભિન્નતા છે. જેથી સિદ્ધાંતમાં કહેલ સૌવિરક એટલે કાંજી, ઓસામણ, આદિ શબ્દથી ગરમ પાણી, ચોખાનું ધોવણ વગેરે અલેપ કૃત કહેલ છે. બાકીના શેરડીનો રસ, દ્રાક્ષનું પાણી, આમલીનું પાણી, વગેરે લેપકૃત છે, તે પીવાથી સાધુને કર્મનો લેપ થાય છે. (૭૪૪)

૯૭ ભિક્ષાચર્યાની વિધિ

उज्जु १ गंतुं पच्चागइया २ गोमुत्तिया ३ पयंगविही ४ ।
पेडा य ५ अद्धपेडा ६ अब्भितर ७ बाहिसंबुक्का ८ ॥७४५॥

ભિક્ષાચર્યા વિષયક વિધિ એટલે માર્ગવિશેષ. તે માર્ગો આઠ છે. (૧) ઋજુ, (૨) ગત્વાપ્રત્યાગતિ, (૩) ગોમુત્રિકા, (૪) પતંગવિથિ, (૫) પેટા, (૬) અર્ધપેટા, (૭) અભ્યંતરશંબુકા, (૮) બાહ્યશંબુકા

ठाणा उज्जुगईए भिक्खंतो जाइ चलइ अनडंतो ।
पढमाए १ बीयाए पविसिय निस्सरइ भिक्खंतो २ ॥७४६॥

૧. કોઈક સાધુ પોતાની વસતિથી સીધા માર્ગે એક જ હારમાં રહેલ ઘરોમાં ભિક્ષા લેતો જાય, તે છેલ્લા ઘર સુધી જઈને પછી ભિક્ષા માટે ન ફરતાં સીધો ઉપાશ્રયે પાછો વળી જાય, તે ઋજુગતિ ભિક્ષાવિધિ છે.

૨. ભિક્ષા માટે ફરતાં એક હારમાં રહેલ ઘરની લાઈનમાં પેસી બીજી સામેની લાઈનમાં ભિક્ષા લેતો લેતો પાછો નીકળી જાય. આનો ભાવ એવો છે કે ઉપાશ્રયેથી સાધુ નીકળી એક જ હારમાં રહેલા ઘરોમાં ભિક્ષા લેતો શેરીના છેડા સુધી જઈને પાછા ફરતા બીજી હારમાં રહેલા ઘરોમાં જે ભિક્ષા ગ્રહણ કરે, તે ગત્વાપ્રત્યાગતિકા છે.

આની વ્યુત્પત્તિ એવી છે. જઈને પાછા આવવાપણું જેમાં છે. તે ગત્વાપ્રત્યાગતિ. બીજા આચાર્યો એમ કહે છે કે, ઋજ્વી ગતિથી વિપરીતપણે છે તે ગત્વપ્રત્યાગતિકા.(૭૪૬)

वामाओ दाहिणगिहे भिक्खिज्जइ दाहिणाओ वामंमि ।
जीए सा गोमुत्ती ३ अड्ढवियड्ढा पयंगविही ४ ॥ ७४७ ॥

૩. ડાબી બાજુના ઘરેથી જમણી બાજુના ઘરે, જમણી બાજુના ઘરેથી ડાબી બાજુના ઘરે, જે ભિક્ષા લે, તે ગોમૂત્રિકાભિક્ષાવિધિ છે. આ ભિક્ષાવિધિ સામસામી ઘરોની હાર હોય, ત્યારે એક ઘરમાં જઈને ફરી બીજી હારમાં જાય. પછી તેમાંથી સામેની હારમાં જાય. આ પ્રમાણે ક્રમ છે.

૪. અર્દ્ધ વિતર્દ્ધ એટલે અનિયત ક્રમે જે ભિક્ષા માટે ફરે, તે પતંગવિથિ. પતંગ એટલે પતંગીયુ. તેની ફૂલ પર ઉડવાની જે પદ્ધતિ તે પતંગવિથિ. પતંગીયાની ઉડવાની પદ્ધતિ અનિયત ક્રમવાળી એટલે અનાશ્રિત ક્રમવાળી હોવાથી તે ભિક્ષાવિધિ પતંગવીથિકા કહેવાય છે. (૭૪૭)

चउदिसि सेणीभमणे मज्झे मुक्कंमि भन्नए पेडा ५ ।
दिसिदुगसंबद्धस्सेणिभिखणे अद्धपेडत्ति ६ ॥ ७४८ ॥

૫. પેટા એટલે કપડા વગેરે મૂકવા માટે બનાવેલ લાકડાની પેટી. જે લોકપ્રસિદ્ધ છે. તે ચોરસ હોય છે. એટલે અભિગ્રહ વિશેષધારી સાધુ ગામ વગેરે ક્ષેત્રમાં ઘરોને પેટીની જેમ ચોરસ કલ્પીને તેમાં વચ્ચે રહેલા ઘરો છોડી દે. અને ચારે દિશામાં એક હારમાં રહેલા ઘરોમાંથી સમશ્રેણી ભિક્ષા લે, તે પેટાભિક્ષાવિધિ કહેવાય છે.

૬. જે બે દિશામાં રહેલા ઘરની શ્રેણીમાંથી ભિક્ષા લે, તે અર્ધપેટા. એટલે પેટીના અડધા આકાર સમાન ઘરની હારમાંથી ભિક્ષા લેવી તે અર્ધપેટા. (૭૪૮)

अब्भिंतरसंबुक्का जीए भमिरो बहिं विणिस्सरइ ७ ।
बहिसंबुक्का भन्नइ एयं विवरीयमिक्खाए ८ ॥ ७४९ ॥

શંબૂક એટલે શંખ. શંખમાં રહેલ આંટાની જેમ ફરવાનું હોય, તે શંબૂકાવિથિ. એ બે પ્રકારે છે. અભ્યંતરશંબૂકા અને બાહ્યશંબૂકા.

૭. જેમાં ક્ષેત્રના મધ્યભાગમાંથી શંખના આંટાની જેમ ભિક્ષા ફરતા ફરતા બહાર નીકળે, ક્ષેત્રના બહારના ભાગે આવે, તે અભ્યંતરશંબૂકા.

૮. બાહ્યશંબૂકા અભ્યંતરશંબૂકાથી વિપરીતપણે જેમાં ભિક્ષા માટે ફરવાનું હોય છે. એટલે ક્ષેત્રના બહારના ભાગથી ભિક્ષા માટે ફરતાં ફરતાં અંદરના ભાગે આવે, તે બાહ્યશંબૂકા છે. કહ્યું છે કે,

અભ્યંતરશંબૂકા અને બાહ્યશંબૂકા. તેમાં અભ્યંતરશંબૂકામાં શંખની નાભિ સમાન આકૃતિવાળા ક્ષેત્રોમાં અંદરથી શરૂઆત કરી ફરતાં ફરતાં બહાર નીકળે. બાહ્યશંબૂકામાં એનાથી વિપરીત જાણવું.

પંચાશકની ટીકામાં કહ્યું છે કે, 'શંબૂકવૃત્તા એટલે શંખની જેમ વર્તુળાકારે (ગોળાકારે) ફરવું. તે બે પ્રકારે છે, પ્રદક્ષિણાવર્તે અને અપ્રદક્ષિણાવર્તે.'

અહીં બીજા ગ્રંથોમાં 'ઋજ્વીભિક્ષા વિધિ ગત્વાપ્રત્યાગતિમાં સમાવી લેવા દ્વારા અને બંને શંબૂકા એક જ ગણવા દ્વારા છ ભિક્ષાવિધિઓનું પ્રતિપાદન કરેલ છે.(૭૪૯)



ગાથા ૧ થી ૭૪૯

દ્વાર ૧ થી ૯૭

પ્રવચન સારોદ્ધાર

ભાગ પહેલો

સંપૂર્ણ



ભરત પ્રિન્ટરી, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૧. ફોન : ૩૮૭૯૬૪